# સમયસાર વૈભવ

ભાગ-૮



પ્રકાશક

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

ॐ

परमात्मने नमः

# સમયસાર વૈભવ

શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૮)

(ગાથા-૧૨૬ થી ૧૫૫, શ્લોક-૬૫ થી ૧૦૫,
પ્રવચન-૨૧૩ થી ૨૪૨)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

વિક્રમ સંવંત
૨૦૭૪


વીર સંવંત
૨૫૪૪

ઈ. સન
૨૦૧૭

**પ્રકાશન**
**માગશર વદ ૮, તા.૧૦-૧૨-૨૦૧૭, રવિવાર**
**શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ પદારોહણ દિન**

**પ્રાપ્તિ સ્થાન**
**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**
**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

## પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર


આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૮ શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય પદારોહણ દિને પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

## સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૧૩ | ૦૩-૦૧-૧૯૬૭ | શ્લોક-૪૫,૪૬, ગાથા-૧૨૬ | ૦૦૧ |
| ૨૧૪ | ૦૪-૦૧-૧૯૬૭ | ગાથા-૧૨૬-૧૨૭ | ૦૧૭ |
| ૨૧૫ | ૦૫-૦૧-૧૯૬૭ | ગાથા-૧૨૭ | ૦૩૨ |
| ૨૧૬ | ૦૬-૦૧-૧૯૬૭ | ગાથા-૧૨૭ થી ૧૨૯ | ૦૪૬ |
| ૨૧૭ | ૦૭-૦૧-૧૯૬૭ | શ્લોક-૬૭,ગાથા-૧૨૮ થી ૧૩૧ | ૦૬૦ |
| ૨૧૮ | ૦૮-૦૧-૧૯૬૭ | ગાથા-૧૩૦ થી ૧૩૬ | ૦૭૩ |
| ૨૧૯ | ૦૯-૦૧-૧૯૬૭ | ગાથા-૧૩૨ થી ૧૩૮ | ૦૮૮ |
| ૨૨૦ | ૧૦-૦૧-૧૯૬૭ | ગાથા-૧૩૭ થી ૧૪૦ | ૧૦૨ |
| ૨૨૧ | ૧૧-૦૧-૧૯૬૭ | ગાથા-૧૩૯ થી ૧૪૨ | ૧૧૩ |
| ૨૨૨ | ૧૨-૦૧-૧૯૬૭ | ગાથા-૧૪૨, શ્લોક-૬૯-૭૦ | ૧૨૭ |
| ૨૨૩ | ૧૩-૦૧-૧૯૬૭ | શ્લોક-૭૧ થી ૯૧ | ૧૪૦ |
| ૨૨૪ | ૧૪-૦૧-૧૯૬૭ | ગાથા-૧૪૩, શ્લોક-૯૨ | ૧૫૪ |
| ૨૨૬ | ૧૬-૦૧-૧૯૬૭ | ગાથા-૧૪૪ | ૧૬૮ |
| ૨૨૭ | ૧૭-૦૧-૧૯૬૭ | ગાથા-૧૪૪,શ્લોક-૯૨ થી ૯૫ | ૧૮૧ |
| ૨૨૮ | ૧૮-૦૧-૧૯૬૭ | શ્લોક-૯૫ થી ૯૭ | ૧૯૬ |
| ૨૨૯ | ૧૯-૦૧-૧૯૬૭ | શ્લોક-૯૭ થી ૧૦૦ | ૨૧૦ |
| ૨૩૦ | ૨૦-૦૧-૧૯૬૭ | ગાથા-૧૪૫, શ્લોક-૧૦૦-૧૦૧ | ૨૨૫ |
| ૨૩૧ | ૨૧-૦૧-૧૯૬૭ | ગાથા-૧૪૫ | ૨૪૧ |
| ૨૩૩ | ૦૧-૦૫-૧૯૬૭ | ગાથા-૧૪૫, શ્લોક-૧૦૦-૧૦૧ | ૨૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૩૪ | ૦૨-૦૬-૧૯૬૭ | ગાથા-૧૪૫ | ૨૭૨ |
| ૨૩૫ | ૦૩-૦૬-૧૯૬૭ | ગાથા-૧૪૫થી૧૪૭, શ્લોક-૧૦૨ | ૨૮૮ |
| ૨૩૬ | ૦૪-૦૬-૧૯૬૭ | ગાથા-૧૪૭ થી ૧૫૦ | ૩૦૫ |
| ૨૩૭ | ૦૫-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૦૩-૧૦૪, ગાથા-૧૫૧ | ૩૨૨ |
| ૨૩૮ | ૦૬-૦૬-૧૯૬૭ | ગાથા-૧૫૧ | ૩૩૯ |
| ૨૩૯ | ૦૭-૦૬-૧૯૬૭ | ગાથા-૧૫૧ થી ૧૫૩ | ૩૫૩ |
| ૨૪૦ | ૦૮-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૦૫, ગાથા-૧૫૩-૧૫૪ | ૩૭૦ |
| ૨૪૧ | ૦૯-૦૬-૧૯૬૭ | ગાથા-૧૫૪ | ૩૮૬ |
| ૨૪૨ | ૧૦-૦૬-૧૯૬૭ | ગાથા-૧૫૪-૧૫૫ | ૪૦૧ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૮)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના શબ્દશઃ પ્રવચનો)**

**માગશર વદ ૮, મંગળવાર તા. ૩-૧-૧૯૬૭**
**શ્લોક-૪૫, ૬૫, ગાથા-૧૨૬, પ્રવચન-૨૧૩**

સમયસાર, જીવ-અજીવ અધિકાર. છેલ્લે ૪૫મો કળશ છે એમાં. જીવ અજીવનો છેલ્લો. એનો ભાવાર્થ બે પ્રકારે કહે છે. એમ કહ્યું હતું ને? જ્ઞાનની કરવતરૂપી વારંવાર અભ્યાસ કરતાં જીવ અને અજીવ પ્રગટ જુદાં થાય છે. એના બે પ્રકાર વર્ણવે છે. બે પ્રકારો.

'**ભાવાર્થ :- ઉપર કહેલા જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં...**' એટલે કે રાગાદિ તે અજીવ અથવા પર છે અને જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે સ્વ છે. એમ બેની વચ્ચેનો જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં '**જ્યાં જીવ અને અજીવ બંને સ્પષ્ટ ભિન્ન સમજાયા...**' ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ છે એમ અને રાગાદિ પર છે એનું લક્ષ છૂટીને શુદ્ધ સ્વરૂપનું ભાન થયું કે '**તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો-**' શું કહ્યું સમજાણું? શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા અને રાગાદિ, કર્મ આદિ શરીરાદિ, ભાવકર્મ, દ્રવ્યકર્મ જડ, નોકર્મ એ બધા ભિન્ન અને આત્મસ્વરૂપ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પોતાના આત્માથી સ્વભાવ અભિન્ન, એમ બેની વચ્ચેનો જ્ઞાનનો અભ્યાસ કરતાં, અંતર એકાગ્ર થતાં તુરત જ આત્માનો નિર્વિકલ્પ નામ રાગમિશ્રિત વિચાર છૂટીને દૃષ્ટિ સ્વભાવ ઉપર જતાં રાગ વિનાની નિર્વિકલ્પ દૃષ્ટિનો અનુભવ થયો. સમજાણું કાંઈ?

'**નિર્વિકલ્પ અનુભવ થયો-**' આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અભેદ, એના ઉપર દૃષ્ટિ કરતાં, રાગ અને તેનાથી લક્ષ છોડતાં જીવ-અજીવની ભિન્નતા સમ્યગ્દર્શનનો અનુભવમાં નિર્વિકલ્પ અનુભવ થતાં ભિન્નતા પ્રગટ દેખાણી. કહો, સમજાણું આમાં? '**સમ્યગ્દર્શન થયું. (સમ્યગ્દષ્ટિ**

**આત્મા...'** હવે જાણે છે એની વિશેષતા કહે છે. **'શ્રુતજ્ઞાન વડે વિશ્વના સમસ્ત ભાવોને સંક્ષેપથી અથવા વિસ્તારથી જાણે છે...'** આત્મા નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ જ્ઞાનના પ્રકાશમાં અનુભવ થયો અને આનંદનું વેદન થયું. એ પ્રથમ સમ્યગ્દર્શનમાં જીવ અને અજીવની ભિન્નતાની પહેલી ભૂમિકા (પ્રગટ થઈ). કહો, સમજાણું આમાં? ત્યારે જે શ્રુતજ્ઞાન થયું એ સંક્ષેપમાં કે વિસ્તારમાં બધાને જાણવાની તાકાત રાખે છે. અને ખરેખર જોઈએ તો વિશ્વને પ્રત્યક્ષ જાણવાનો એનો સ્વભાવ છે. **'માટે તે વિશ્વને જાણે છે એમ કહ્યું) એક આશય તો એ પ્રમાણે છે.'** પહેલી કડીના કળશના બે આશય કાઢ્યા. **'જીવ અને અજીવ બન્ને સ્પષ્ટ ભિન્ન સમજાયા કે તુરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો...'** એમાં હતું ને, (જીવ) અજીવ ભિન્ન પ્રગટપણે જુદા ન થયા ત્યાં તો જ્ઞાતા (થઈ ગયો), એમાંથી બે પ્રકાર કાઢ્યા.

પહેલાં તો તદ્દન જુદા ન પડ્યા, મોક્ષની દશા .. તે પહેલાં આત્માના અંતર્મુખ સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં નિર્વિકલ્પ આત્માનો અનુભવ થતાં રાગાદિ જુદાં પડ્યા અને આત્માના સમ્યગ્જ્ઞાન-શ્રુતજ્ઞાનનું પ્રગટપણું થયું. એ શ્રુતજ્ઞાન સંક્ષેપમાં કે વિસ્તારથી બીજા બધા પદાર્થને જાણવાનો સ્વભાવ રાખે છે. અથવા નિશ્ચયથી જોઈએ તો એનો સ્વભાવ જ આખા લોકાલોકને જાણવું એવો એનો સ્વભાવ છે. એ સ્વભાવ પ્રગટ થયો. સમજાણું આમાં?

**'બીજો આશય આ પ્રમાણે છે : જીવ-અજીવનો અનાદિ જે સંયોગ તે કેવળ જુદો પડ્યા પહેલાં...'** (એટલે) તદ્દન છૂટો પડ્યા પહેલા, મોક્ષ થયા પહેલા **'ભેદજ્ઞાન ભાવતાં ભાવતાં...'** પરથી જુદો અંતરમાં ભાવતાં **'અમુક દશા થતાં નિર્વિકલ્પ ધારા જામી'** અમુક એટલે વિકલ્પ છૂટતાં સ્વરૂપની દૃષ્ટિની એકાગ્રતા થતાં **'જેમાં કેવળ આત્માનો અનુભવ રહ્યો;...'** માખણની વાત આ તો છેલ્લી છે ને જીવ-અજીવની? સમજાણું કાંઈ?

પ્રથમ સમ્યગ્દર્શન થતાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની સન્મુખતાની એકતામાં રાગાદિ ભિન્ન પડીને એકલો શુદ્ધ અનુભવ થયો અને તેથી તેના જ્ઞાનમાં લોક-અલોકાદિ જાણવાનો શક્તિનો પણ વિકાસ થયો. એમ કહ્યું. અહીંયાં પ્રથમ સમ્યગ્દર્શનના કાળમાં અંતર સ્વરૂપ અનુભવ થતાં બે જુદા પડી ગયા. એ મોક્ષ થયા પહેલા સર્વથા જુદા પડ્યા પહેલા પણ એકવાર અનુભવમાં પૂરો (જુદો પડી ગયો). અબુદ્ધિપૂર્વક રાગ હતો એ ભલે હો. પણ સ્વરૂપમાં એકાગ્ર થતાં બુદ્ધિપૂર્વક રાગની એક્તા તૂટી, સ્વભાવની એકતા થાય તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા. બધા કહે, આપણે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન (નથી). સમ્યગ્દર્શન નથી એ? ભગવાનભાઈ! દેવ-

ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો તો સમકિત છે તમારે. નવ તત્ત્વનું એક .. સમકિત.. એમ નહિ. અહીં તો નવ તત્ત્વમાંથી તારવીને એકલો જ્ઞાયકભાવ અંતર દૃષ્ટિમાં આવે અને અનુભવમાં નિર્વિકલ્પ દશા થાય અને સાથે આનંદનું વેદન જણાય ત્યારે તે આત્મા જડથી જુદો માન્યો એમ કહેવામાં આવે છે.

**'અને તે શ્રેણિ અત્યંત...'** પછી સ્થિર દૃષ્ટિ થતાં.. પછી ક્રમે ક્રમે અંદર સ્થિર થયો. સમ્યગ્દર્શન થયું શુદ્ધ સ્વરૂપનો અનુભવ, એમ થતાં પછી સ્થિર થવા માંડ્યો અંદરમાં. ગુણધારા નામ એકાગ્રતાની ધારા વહેવા લાગી. **'આગળ વધતા કેવળજ્ઞાન પ્રગટ થયું.'** બે જીવ-અજીવ તદ્દન જુદા (થઈ ગયા). છેલ્લો છે ને અધિકાર? **'પછી અઘાતીકર્મનો નાશ થતાં જીવદ્રવ્ય અજીવથી કેવળ ભિન્ન થયું. જીવ-અજીવના ભિન્ન થવાની આ રીત છે.'** કહો, સમજાણું આમાં? .. જીવ વિકાર અને અજીવ વિકાર નથી આવતું શ્વેતાંબરમાં? જીવતત્ત્વ અને શું કહે છે? જીવ વિચાર. આ જીવ વિચારનું ... એમ કે જીવ વિચાર શીખી લ્યો, અજીવ વિચાર શીખી લ્યો. એ નહિ કહે છે. એ બધી વાતું અનંત વાર કરી. એ પણ જીવ વિચાર સાચો નથી. એ તો અશુદ્ધ મલિન પર્યાયવાળો છે અને એકેન્દ્રિય છે, બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય એમાં શું થયું? અનંત વાર નિગોદ જીવ છે એમ જાણ્યું તો પણ શું થયું? અને પોતે અશુદ્ધ છે એવા ખ્યાલમાં આવ્યો તો પણ શું થયું? એ પણ ખરેખર અશુદ્ધનું જ્ઞાન પણ સાચું નથી.

શુદ્ધ એવો ચૈતન્ય અનંત ગુણનો ભંડાર પૂર્ણાનંદ પ્રભુ, અંતર્મુખ વળતાં એની ચૈતન્યની મહાસત્તાની સાથે પર્યાયનું એકત્વ થતાં જે અનુભવ નિર્વિકલ્પ થયો, તેથી જીવ અને અજીવ બે પહેલી ભૂમિકાએ જુદા પડ્યા. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. પછી સ્વરૂપમાં સ્થિર થતાં થતાં જ્યાં એકદમ કેવળ થયું (ત્યાં) જીવ અને અજીવ તદ્દન જુદાં પડી ગયા. આ રીતે જીવ અને અજીવ બેની ભિન્નતાનું વર્ણન છેલ્લા કળશમાં પૂરો અધિકાર થતાં વર્ણવ્યું.

**'આ પ્રમાણે જીવ અને અજીવ જુદા જુદા થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયા.'** જીવ પૂર્ણ શુદ્ધ થઈને મોક્ષ ગયો. અજીવતત્ત્વ છૂટી ગયું. નાટક નાટકની ઉપમા આપી છે ને આમાં. જીવ-અજીવ અધિકારમાં **'પહેલાં રંગભૂમિસ્થળ કહી...'** નાટકમાં હોય છે ને પહેલાં? શું કહેવાય? અખાડો, રંગભૂમિ. જીવ-અજીવ. ...માં હતા ને પહેલાં .. **'ત્યાર પછી ટીકાકાર આચાર્યે એમ કહ્યું હતું કે નૃત્યના અખાડામાં જીવ-અજીવ બન્ને એક થઈને...'** ભેગા થઈને આવ્યા હતા. **'પ્રવેશ કરે છે અને બન્નેએ એકપણાનો સ્વાંગ રચ્યો છે.'** ભેગા જાણ્યાં. લાકડા. રાગ અને આત્મા, શરીર અને આત્મા બે એક

હોય જાણે ભેગું.

**'ત્યાં, ભેદજ્ઞાની સમ્યગ્દષ્ટિ પુરુષે...'** પુણ્ય-પાપના રાગ અને દેહાદિ ઇન્દ્રિયો, એનાથી જુદો ભેદજ્ઞાની સમ્યગ્દષ્ટિએ **'સમ્યગ્જ્ઞાન વડે તે જીવ-અજીવ બન્નેની તેમના લક્ષણભેદથી પરીક્ષા કરીને...'** રાગાદિનું લક્ષણ આકુળતા છે, ભગવાન આત્માનું લક્ષણ અનાકુળ અથવા જ્ઞાન છે. **'બંનેને જુદા જાણ્યા તેથી સ્વાંગ પૂરો થયો...'** બે જુદા પડી ગયા. આત્મા આત્મામાં રમણતામાં પૂરો થઈ ગયો. રાગાદિ, અજીવ આદિ છૂટા પડી ગયા. **'બન્ને જુદા જુદા થઈને અખાડાની બહાર નીકળી ગયા. આમ અલંકાર કરીને વર્ણન કર્યું.'** લ્યો! સમજાણું કાંઈ? હવે એનો સરવાળો જરી હિન્દીમાં કરે છે.

**'જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂઢ ન આતમ પાવૈં,**
**સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ ભિન્ન ગહે નિજભાવ સુદાવૈં;**
**શ્રી ગુરુકે ઉપદેશ સુનૈ રુ ભલે દિન પાય અજ્ઞાન ગમાવૈં,**
**તે જગમાંહિ મહંત કહાય વસૈં શિવ જાય સુખી નિત થાવૈં.'**

**'જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ મૂઢ ન આતમ પાવૈં,...'** ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ જીવ અને પુણ્ય-પાપના ભાવ અને શરીર, વાણી બધું અજીવ. બેને ભેગા માનીને મૂઢ આત્માને પામી શકતો નથી. સમજાણું કાંઈ? સંભળાય છે? એ લાવ્યા છે ને એટલે. સંચો લાવ્યા છે. કહો, સમજાણું આમાં? **'જીવ-અજીવ અનાદિ સંયોગ મિલૈ લખિ...'** બે મળ્યા જાણીને. જાણે બે ભેગા હોય. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અને પુણ્ય-પાપ અને શરીર, કર્મ જાણે એક હોય એમ **'સંયોગ મિલૈ લખિ...'** સંયોગના મળેલા દેખીને, જાણીને **'મૂઢ ન આતમ પાવૈં,...'** જુદો આત્મા તે પામતો નથી. એ રાગ ને પુણ્ય ને શરીરની ક્રિયા એ હું, એ વડે મને આત્મ થાશે અને એ મારો આત્મા, શરીરનો આત્મા, વાણી તે આત્મા, કર્મ તે આત્મા, દયા-દાનના પરિણામ તે આત્મા.

મુમુક્ષુ :- જીવિત શરીરથી ધર્મ થાય.

ઉત્તર :- ધર્મ-બર્મ ક્યાં હતો? પણ શું થાય? એને શું કરે? એની એને ગમ ન પડે ત્યાં સુધી એને બીજે રસ્તે ગોતે. રસ્તો બીજો છે નહિ.

પોતે પરમાત્મસ્વરૂપ શુદ્ધ આનંદઘન જ્ઞાનકંદ અરૂપી હોવા છતાં પદાર્થનું પુર-સ્વરૂપનું પુર છે એ. પદાર્થ છે, વસ્તુ છે. અને તે પણ એક અખંડ શુદ્ધ ચૈતન્ય પદાર્થ, એને અને રાગ ને કર્મ ને શરીરને જ્યાં સુધી અંતરમાં એક માને ત્યાં સુધી મૂઢ આત્મા જુદો પામી શકે નહિ. ત્યાં સુધી મૂઢ અજ્ઞાની રહે છે. ચાહે તો મુનિ થાય, મહાવ્રત પાળે પણ મૂઢ છે ઈ. કારણ કે મહાવ્રત આદિના વિકલ્પ છે તે મારું સ્વરૂપ છે, એનાથી મારું કલ્યાણ માને

છે, એ જડ અને ચૈતન્યને જુદા પાડી શકતો નથી. સમજાણું કાંઈ?

**'સમ્યક્ ભેદવિજ્ઞાન ભયે બુધ...'** પણ સમ્યગ્જ્ઞાન થયે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના અંતરના સન્મુખના વલણથી **'બુદ્ધ...'** જ્ઞાની **'ભિન્ન ગહે...'** આત્માને જુદો ગહે. **'નિજભાવ સુદાવૈ;...'** પોતાના ભાવના દાવના પેચથી શુદ્ધ ચૈતન્યને પકડે. હું આનંદ શુદ્ધ તે આત્મા, બાકી બીજું એમાં છે નહિ. એમ અંતરની કળા દ્વારા દાવ-પેચ, જુઓ! સુદાવ-દાવ નાખ્યો. શું કહે તમારે આ પાસા નાખે એને? દાવ કહે છે ને દાવ? દાવ કહે છે ને. પાસા નાખે છે ને રમતમાં. આ પાસા નાખ્યા અંદર-દાવ. સુદાવ. ભગવાન આત્મા અંતર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પ્રકાશનો પુંજ, એના ઉપર અંતર દૃષ્ટિ કરતાં બેની ભિન્નતાને જાણે છે.

**'શ્રી ગુરુકે ઉપદેશ સુનૈ...'** દેશનાલબ્ધિ જ્ઞાનીની સાંભળે કે ભાઈ! તું તો આત્મા શુદ્ધ છો ને. કુંદકુંદાચાર્યે કહ્યું ને? અમને અમારા ગુરુએ શુદ્ધ આત્મતત્ત્વનો ઉપદેશ અનુગ્રહપૂર્વક કૃપા કરીને અમને આપ્યો. ભગવાન આત્મા અંદર શુદ્ધ છે, ભાઈ! આ મલિનતાનો વિકલ્પ-દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ઉઠે એ બધો મલિન ભાવ પર છે. એ આત્મા નહિ અને એનાથી આત્મા ટકતો અને નભતો નથી. એમ **'શ્રી ગુરુકે ઉપદેશ સુનૈ રુ ભલે દિન પાય...'** એની યોગ્યતા ... સુદાવ. **'દિન પાય અજ્ઞાન ગમાવૈં,...'** રાગની એક્તા અને શરીરની એક્તા તૂટી અને સ્વભાવની એક્તા કરે ત્યારે અજ્ઞાનને ટાળે.

**'તે જગમાંહિ મહંત કહાય...'** તે દુનિયામાં મહંત નામ મહાત્મા કહેવાય. મહાત્મા કહેવાય. સમ્યગ્દૃષ્ટિથી માંડીને મહાત્મા કહેવાય. સમજાણું કાંઈ? બીજા બધા અધમ આત્મા કહેવાય. **'વસૈં શિવ જાય...'** પછી શિવ એટલે નિરુપદ્રવ કલ્યાણમૂર્તિ દશા પ્રગટ કરી મોક્ષ પામે. **'સુખી નિત થાવૈં.'** સાદિઅનંત આનંદના અનુભવમાં રમે. **'સુખી નિત થાવૈ.'** સદા કાળ આનંદમાં રમે એવી દશાને પામે છે. લ્યો, આ જીવ-અજીવ અધિકાર પૂરો થયો.

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં જીવ-અજીવનો પ્રરૂપક પહેલો અંક સમાપ્ત થયો.'** લ્યો. કર્તા-કર્મ અધિકાર આપણે ચાલે છે. હવે ૬૫મો કળશ. ૬૫ કળશ. ૧૨૫ ગાથા થઈ રહી અને ૬૫મો કળશ આવે છે. ૧૨૫ ગાથા થઈ રહી. એ પહેલી વંચાઈ ગઈ હતી. કારતક વદ બારસે. આ કળશ આવ્યો ૬૫મો.

શું કહે છે? જુઓ! આ કર્તાકર્મ અધિકાર. પોણા ત્રણ મહીને શરૂ થઈ ગયો હતો. વંચાઈ ગયો હતો. બંસીધરજી પંડિતજી હતા ને એટલે સવાર-બપોર બેય એ વાંચ્યો. સમયસાર સવારે પહેલો અધિકાર અને આ બીજો. **'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :'** શું કહે છે આમાં?

स्थितेति जीवस्य निरन्तराया
स्वाभावभूता परिणामशक्तिः।
तस्यां स्थितायां स करोति भावं
यं स्वस्य तस्यैव भवेत्स कर्ता।।६५।।

અહીંયાં કર્તાકર્મ અધિકાર છે. એટલે આત્મા જે ભાવને કરે તેનો તે કર્તા છે. એ અહીં સિદ્ધ કરે છે. આત્મા રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ કરે તેનો એ કર્તા છે. કર્મ એ ભાવનો કર્તા નથી. સમજાણું કાંઈ? અજ્ઞાની અજ્ઞાનભાવમાં પોતાના સ્વભાવથી વિપરીત પુણ્ય અને પાપના ભાવ એ વિકારી ભાવને કરે એ અજ્ઞાની પોતાના પરિણમન શક્તિની લાયકાતથી કરે છે. કર્મને લઈને નહિ એ સિદ્ધ કરવું છે અહીં. ઘણાને ઈ છે ને, કર્મને લઈને વિકાર થાય.. કર્મને લઈને વિકાર થાય. એ અહીં ના પાડે છે. કર્મ પરપદાર્થ છે એને લઈને તારામાં વિકાર ન થાય. કહો, સમજાણું આમાં?

'**આ રીતે જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ.**' બહુ દલીલથી (સિદ્ધ) કર્યું છે. પહેલા વાત આવી ગઈ છે બધી. ... ૬૫ કળશ. ૬૫ કળશ. સમજાણું કાંઈ? ૧૨૫ ગાથા થઈ ગયા પછી. '**આ રીતે જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ.**' એટલે શું કીધું ત્યાં? કહેવાઈ ગયું છે. આત્મા વિકારપણે પરિણમે છે એ પોતાની શક્તિથી પરિણમે છે કે પરથી પરિણમે છે? ૬૫ કળશ છે ને? સમજાણું? આત્મા વિકારપણે ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષપણે થાય છે એ પોતાની શક્તિને લઈને થાય છે કે શક્તિ વિના થાય છે? જો પોતાની શક્તિ વિના થાય તો બીજો એને શક્તિ આપી શકે નહિ અને શક્તિથી થાય તો બીજાની એને જરૂર નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જરૂર નથી એમ કહે છે. ઈ નહિ, એ માટે તો આ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મનો ઉદય કર્મમાં રહ્યો. કર્મની પર્યાયનો કર્તા કર્મ. તારી પર્યાયનો કર્તા તું.

મુમુક્ષુ :- પુદ્‌ગલકર્મ ..

ઉત્તર :- અહીં જીવની વાત છે. ... હતા ને. જીવની વાત છે ને? જીવ પોતે જો વિકારપણે પરિણમતો હોય તો કર્મ પરિણમાવે એની જરૂર રહેતી નથી. અને ન પરિણમવાની શક્તિ હોય તો બીજો એ શક્તિ આપે એ પણ બનતું નથી. એ સિદ્ધ કર્યું છે.

જડ ક્રોધનો ઉદય હોય, એ જીવને ક્રોધપણે પરિણમતો ન હોય અને ક્રોધપણે પરિણમાવે એમ બનતું નથી. એને વાંચીને એમ કહે છે. હીરાભાઈનું યાદ આવ્યું. જીવ પોતાના દ્રવ્ય-

ગુણ-પર્યાયની શુદ્ધતાને ભૂલીને વર્તમાન દશામાં.. એ વિકારની વાત છે અત્યારે. પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ અને પરમાનંદની મૂર્તિ આત્મા છે એને ભૂલીને, પરનું લક્ષ કરીને પોતે જ પોતાની યોગ્યતાથી પુણ્ય-પાપના, કામ-ક્રોધના પાપભાવ પોતે કરે છે તેનો તે કર્તા છે. એને કર્મ બિલકુલ કરાવતું નથી. જો કરવાની યોગ્યતા હોય તો પરની જરૂર નથી અને કરવાની યોગ્યતા ન હોય તો કોઈ યોગ્યતા પર આપી શકતી નથી. કહો, સમજાણું કાંઈ?

વિકાર કરે છે એનો કર્તા જીવ પોતે છે. કર્મ નહિ. કર્મ અમને વિકાર કરાવે એ તો બહુ મૂઢ છે, કહે છે. દોષ કર તું અને નાખો કર્મની માથે. આવો અન્યાય, અનીતિ જિનઆજ્ઞા માને તો સંભવે નહિ. સમજાણું કાંઈ? એ બધા વાંધા ઉઠ્યા ત્યાં (સંવત) ૨૦૧૩ની સાલમાં. આ તો જ્યાં ત્યાં ગોતી ગોતીને આવું કહે છે, પણ બધી ઊંધી શ્રદ્ધા છે એમ કહે છે. આહાહા..! આહાહા..! સમજાણું કાંઈ? મોટી ચર્ચા ચાલી હતી ૨૦૧૩માં ત્યાં સમ્મેદશિખર. વિકાર સહેતુ છે કે નિરહેતુ છે? આ પ્રશ્ન ઉઠ્યો. જુઓ! આ બેઠા પંડિતો. કીધું, વિકાર નિરહેતુ નિરપેક્ષ પોતાથી થાય છે. નિશ્ચયથી. ખળભળાટ.. ખળભળાટ. આહાહા..! પકડાણા. એવું લાગ્યું સૌને.. બધાને, હોં! મૂકો બહાર વાત હવે. એય..! વિકાર દશા પરની અપેક્ષા વિના થાય, પરની અપેક્ષા વિના થાય. એ પરની અપેક્ષા વિના થાય તો એ સ્વભાવ થઈ જાય. એ સ્વભાવ થઈ જાય એ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. શોભાલાલભાઈ! એ બધા ... શાસ્ત્રો,.. મોટી ચર્ચા ચાલી હતી ત્યાં. તમે નહોતા નહિ? ભાઈ હતા. હતા? નહોતા. એ .. રાતે ત્યારે હતા. પાંચ હજાર કીધા પછી અગિયાર હજાર. .. ચામર ઢાળવાના અગિયાર હજાર થશે. દસ વર્ષ પહેલાની વાત છે. સમજાણું? આપણે તો પહેલાવહેલા શેઠને જોયેલા. મૂછ મોટી મોટી. ...ભાઈ બેઠા હતા ને. અહીં બેઠા હતા. ... આ ચર્ચા (થઈ હતી). કમરો છે ત્યાં. વ્યાખ્યાન ચાલતું હતું એની સામે કમરો છે. ત્યાં એક કલાક ચર્ચા ચાલી. એક કલાક દસ મિનિટ. મોટી ચર્ચા. વિકાર-વિકાર. વિકાર સહેતુક છે કે નિરહેતુક? કીધું, નિશ્ચયથી નિરહેતુક છે. પરની અપેક્ષા છે નહિ. આ ૬૨મી ગાથા, પંચાસ્તિકાયની. ખળભળાટ-ખળભળાટ. એ.. સોનગઢિયા... એ વાત મૂકી પછી ત્યાં સાહૂ શાંતિપ્રસાદ પાસે. કલકત્તા. ઉઠાવ પ્રશ્ન. જુગરાજજીને ત્યાં આહાર કરતા હતા. આહાર કરીને બેઠા હતા ત્યાં આવ્યો ... પત્ર લઈને. ... આ પ્રશ્ન આવ્યો છે. મેં કીધું, એ પ્રશ્નનો ઉત્તર આપી દીધો છે. આ તો .. સાહૂ શાંતિપ્રસાદ હોય તો અમારે શું? પછી બેઠા. નહિ? પહેલા જરી બેઠા. લાવ્યા હતા કાગળ. જુગરાજજી બેઠા હતા. ... પત્ર છે કે વિકાર સહેતુક છે..? મેં કીધું, નિરહેતુક છે નિશ્ચયથી એ ઉત્તર અપાઈ ગયો છે દાંડી પીટીને. સમજાણું કાંઈ? પણ એવા કાંઈ સમજે નહિ.

અહીં આચાર્ય મહારાજ એ જ કહે છે કે, ભાઈ! આત્માની તે સમયની પર્યાયમાં-અવસ્થામાં

વિકાર થવાની શક્તિની પોતાની યોગ્યતાથી વિકાર કરે છે કે પરને કારણે કરે છે? અમે કહીએ છીએ કે પરને કારણે કરે અને પોતાની શક્તિ નથી તો પર એને શક્તિ આપી શકે નહિ. અને પોતાની શક્તિથી વિકારપણે પરિણમે તો તેને નિમિત્તના ઉદયની જરૂર નથી. પરની અપેક્ષાની જરૂર નથી. એમ આ સિદ્ધાંત પોકાર કરે છે. સમજાણું કાંઈ? હવે એટલી હજી સ્વતંત્રતા વિકારની ન બેસે, એને આત્મા નિર્મળાનંદ શુદ્ધ ભિન્ન છે એ વાત તો કોઈ રીતે બેસે નહિ. સમજાણું કાંઈ? ભારે તકરાર પણ. ઓહોહો..!

અહીં કહે છે કે, '**આ રીતે જીવની...**' માથે બધું ઘણું કહેવાઈ ગયું છે, જુઓ! સમજાણું? '**પુદ્ગલકર્મ ક્રોધાદિક છે તે સ્વયં અપરિણમતા જીવને ક્રોધાદિભાવે પરિણમાવે કે સ્વયં પરિણમતાને? પ્રથમ, સ્વયં અપરિણમતાને પર વડે પરિણમાવી શકાય નહિ; કારણ કે (વસ્તુમાં) જે શક્તિ સ્વતઃ ન હોય તેને અન્ય કોઈ કરી શકે નહિ. અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.**' પહેલી ગાથામાં આવે છે. શક્તિ એટલે પર્યાય, હોં! વળી પાછી શક્તિ એટલે ગુણ એમ નહિ. વર્તમાન... છોટાભાઈ! છે કે નહિ એમાં? તે દિ' હતા કે નહિ છેલ્લા? કારતક સુદ બારશ. આ છેલ્લી ગાથાનું ચાલ્યું હતું.

અહીં વિકારની વાત ચાલે છે, હોં! આત્મા પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાનના વિકાર ભાવ કરે એ આત્મા પોતાની યોગ્યતાની શક્તિની લાયકાતથી કરે છે. કર્મને લઈને નહિ, સંયોગને લઈને નહિ, નોકર્મને લઈને નહિ. સમજાણું કાંઈ? '**આ રીતે જીવની...**' એ સ્વભાવભૂત છે, એ જાતનો સ્વભાવ. વિકાર કરવાનો સ્વભાવભૂત પરિણમન શક્તિ '**નિર્વિઘ્ન સિદ્ધ થઈ.**' '**निरन्तराया**' છે ને? અંતરાય નથી જેને કોઈ. '**निरन्तराया**'.

'**એ સિદ્ધ થતાં, જીવ પોતાના જે ભાવને કરે છે...**' જુઓ! પોતાના જે ભાવને કરે છે. જે જાતનો ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શુભ-અશુભભાવ. જે ભાવને. '**પોતાના જે ભાવને...**' એ ભાષા આમ વાપરી છે. એક કોર કહે, વિકાર જીવનો નહિ. એ કઈ અપેક્ષાએ? એ તો સ્વભાવની દૃષ્ટિ કરતાં વિકારની પર્યાય પોતાથી નથી એમ દૃષ્ટિ કરતાં વિકારનો કર્તા નથી. પણ જ્યાં હજી સ્વભાવનું ભાન જ નથી અને વિકાર કરે છે અને એ વિકાર કર્મની ઉપર નાખે તો મોટો ગુનેગાર છે. બિનગુનેગાર નથી, બે ગુનેગાર-ડબલ ગુનેગાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરે અને માને કે પરથી થાય. મરીશ. દોષ કરે તું અને નાખે કર્મ ઉપર.

ભાઈ! એવા કર્મનો ઉદય આવ્યો, શું કરે? બાપા! ઢાંક્યા કર્મ એવા આવે અંદરથી. અમારે શું વિકાર કરવો છે? વિકાર અમારે કરવો છે? પણ અંદરથી આવે છે. થાય કર્મના ઉદયને લઈને. ભાઈ! કરવો નથી અને થાય એમ ત્રણ કાળમાં બને નહિ, એમ કહે છે અહીં. કહો, સમજાણું આમાં? લ્યો! અમારે કાંઈ વિકાર કરવો નથી. પણ વિકાર કરવો નથી અને વિકાર થાય એમ ત્રણ કાળમાં બને નહિ. વિકાર થાય છે એ કરીને કર્તા થઈને થાય છે. સમજાણું કાંઈ?

'**જીવ પોતાના જે ભાવને કરે છે તેનો તે કર્તા થાય છે.**' શુભ-અશુભ રાગ, પુણ્ય-પાપના ભાવ જેવા જીવ સમયે સમયે કરે તેનો તે આત્મા કર્તા અને તે તે વિકારી ભાવ તેનું કાર્ય નામ કર્મ કહેવામાં આવે છે. આ એનું કામ છે. કર્મ બાંધવું એનું કામ નથી. આ જડાદિના કામ, વેપાર-ધંધાના, શરીરને હલાવવા એ એનું કામ નથી. એનું કામ જ નથી, એમ કહે છે. શોભાલાલભાઈ!

મુમુક્ષુ :- કરવું કે ન કરવું?

ઉત્તર :- શું કરે પણ? કરી શકતો નથી પણ શું કરે? પરનું શું કરે? ધૂળ? એ તો પર સ્વતંત્ર છે. શરીર, હાલવું, ચાલવું, વાણી. કર્મના રજકણો કર્મરૂપે થવા એ આત્માનું કાર્ય છે જ નહિ. એ તો જડનું કાર્ય છે. સમજાણું કાંઈ? શરીર ચાલે, આ વાણી બોલે ઈ આત્માનું કાર્ય નથી, જડનું કાર્ય છે. આત્માનું કેવું?

આત્માનું (કાર્ય) તો જે ભાવને કરે... એમ છે ને? '**પોતાના જે ભાવને કરે છે તેનો તે કર્તા થાય છે.**' સમજાણું કાંઈ? કર્તા-કર્મ અધિકાર છે. કર્તાનું કર્મ છે એ વિકારી(ભાવ). વિકાર એ એનું કામ છે, વિકાર એ એનું કામ છે. વિકાર કરે તેનો કર્તા પોતે છે માટે વિકારી ભાવ તેનું કામ છે. બીડી-બીડી વાળવાનું અને લેવા-દેવાનું નહિ, એમ કહે છે. પૈસા-બૈસા આવે સવારમાં કહે, લાવો, પચ્ચીસ હજાર આવ્યા.. એ નહિ. એમાં જે મમતાના પરિણામ થયા તેનો એ કર્તા છે. ઈંજેક્શન-બિંજેક્શનનો નહિ. ઈંજેક્શન એને દીધું, મેં આમ કર્યું, મેં બરાબર આંગળી પકડી આમ કરીને. નસ મેં બરાબર પકડી લીધી હતી, નહિતર તો શું થાત.. એ નહિ. એ કામ આત્માનું છે જ નહિ, એમ કહે છે. આ તો દાખલો. શોભાલાલભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં કર્યું હતું? ધૂળ કરી હતી? માન્યું હતું. અત્યાર સુધી આ બધું કર્યું એ ક્યાં ગયું? કે દિ' કર્યું હતું? માન્યું હતું. આહાહા..!

ભાઈ! તારી સત્તાના અસ્તિત્વમાં તું કર કે કો'કના હોવાપણામાં તું પેઠા વિના પરનું

કર? પરના હોવાપણામાં તું ક્યાં જા છો? અને તારા હોવાપણામાં પર ક્યાં આવી જાય છે કે જે પર તારા કામ કરે અને તું એના કામ કર? તારું હોવાપણું પરમાં જાતું નથી તો તારા હોવાપણે ત્યાં કામ થાય, બને કેમ? આત્મા શરીરમાં જાય છે ભેગો પરના રજકણમાં કે શરીરના કામ કરે? એ તો જુદે જુદા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નરમ ક્યાં.. બે જુદા જ છે, મડદા અને ચૈતન્ય. આ તો અમૃતસ્વરૂપ ભગવાન છે અને આ તો મૃતક કલેવર છે. જીવ છે ત્યાં સુધી તેજ દેખાય છે. ... એ વળી બીજું છે ... સમજાણું કાંઈ? આ દેખાય એ. ઓલો તો ચૈતન્યપ્રકાશ અરૂપી જ્ઞાનઘન છે. એને લઈને શરીરમાં કાંઈ કામ થાય (એમ) ત્રણ કાળમાં થાતું નથી. આંખની પાંપણ હલે એ આત્માનું કામ નથી, એમ કહે છે.

વસ્તુ છે એને વસ્તુ રૂપે જાણવી પડશે ને? ભગવાન આત્મા પોતાના હોવાપણામાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં હોવાપણામાં છે. તો પોતાના હોવાપણામાં પર્યાયનું કાર્ય પોતામાં થાય. પોતાનું કાર્ય પરથી થાય અને પરના કાર્ય આનાથી થાય, એ બને ક્યાંથી ત્રણ કાળ ત્રણ લોકમાં? સમજાણું કાંઈ? કર્મના રજકણોનું બાંધવું, જ્ઞાનાવરણીનું બાંધવું એ આત્માનું કામ નથી એમ કહે છે. એ તો જ્ઞાનાવરણીને નિમિત્ત રૂપે થાય એવા છ ભાવોનો કર્તા થાય. જ્ઞાનની અશાતના આદિ એવા ભાવનો કર્તા થાય. પણ જ્ઞાનાવરણી બાંધે આત્મા, એનું કામ આત્મા કરે એમ બનતું નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

જે ભાવથી જ્ઞાનાવરણી બંધાય નિમિત્તમાં, જ્ઞાનની અશાતાના કરે, જ્ઞાનનો વિરોધ કરે, જ્ઞાનીની .. કરે, જ્ઞાનીનો અવર્ણવાદ બોલે, અનાદર કરે એવા ભાવ એ જીવ કરે. પણ એ ભાવ કર્યા માટે જ્ઞાનાવરણી કર્મ પણ આત્મા બાંધે (એમ નથી). ન બાંધે, એમ કહે છે. જ્ઞાનાવરણી તો રજકણ જડ છે. એ પોતે બંધાય એને કારણે. સમજાણું કાંઈ? (લોકોએ) ઈશ્વરકર્તા ખોસ્યો ત્યારે આણે વળી પરનો કર્તા ખોસ્યો. એ તો બેય એકનું એક થઈ ગયું. ઈશ્વર કર્તા કાઢી નાખ્યો તો ઈશ્વર કર્તા જગતને... ત્યારે કહે, હું કર્મનો કર્તા, શરીરનો કર્તા. આ તો પાછુ એનું એ થઈ ગયું વળી. આ અનંતા રજકણો જડનો કર્તા તું એટલે ઓલો ઈશ્વર જગતનો કર્તા અને તું આનો કર્તા. બે એક થઈ ગયા. માંગીલાલજી! શું છે? એવી વાત છે. પરની દયા પાળવી એ નથી પાળી શકતો? આહાહા..! અહીં ના પાડે છે. ભાવ કરી શકે છે, શુભભાવ. પણ એ પરની દયા પાળવાનું કામ આત્મા કરે (એમ નથી). કેમ કે એ તો પરદ્રવ્ય ભિન્ન છે. પરના કાર્ય આત્મા કરે? એમાંથી અત્યારે કેટલાક એમ કહે છે, નહિ, ભિન્નનું કામ ન કરે એમ માને તે જૈન નથી, મિથ્યાદૃષ્ટિ છે. આણે વળી એમ લખ્યું

છે, કૈલાસચંદ્રજીએ. પરદ્રવ્યનો કર્તા માને એ તો મિથ્યાદષ્ટિ છે, ભાઈ! કૈલાસચંદજીએ લખ્યું. ... પરદ્રવ્યનો કર્તા તો .. પરદ્રવ્યનો કર્તા (માને) તો એ મિથ્યાદષ્ટિ કહે છે. ત્યારે ઓલો કહે કે પરદ્રવ્યને કર્તા ન માને તો જૈન દિગંબર નથી. પંડિતે પંડિતમાં .. અહીંને નામે, હોં! બધું ... અહીંની હા પાડે તો ત્યારે ઓલો કહે, એ તો સોનગઢની વાત થઈ. સોનગઢની છે કે સાચી છે? મફતનો શેનો મંડ્યો?

મુમુક્ષુ :- ત્યાં પૈસા આપે છે.

ઉત્તર :- પૈસા આપે છે, પાછા એમ કહે. પૈસા પડ્યા હશે અહીં. કહો, સમજાણું કાંઈ?

દ્રવ્ય સત્ પોતાનું, ગુણ સત્ પોતાના અને પર્યાય તે સમયની, તે ક્ષણની, તે પ્રકારે સત્ થઈને પરિણમે છે. આહાહા..! આવી વાતું છે, ભાઈ! એ વિકારનો કરનાર તું, ભાઈ! એનો મેળ ન કર ત્યાં સુધી તારી પર ઉપરથી પરાશ્રય બુદ્ધિ ખસશે નહિ અને વિકારનો કર્તા કર્મને માન્યો અને કહે કે હું જ્ઞાતાદષ્ટા છું, એ કોઈ દિ' બની શકે નહિ. એમ કે વિકારનો કર્તા ઈ. હવે આને જ્ઞાતા-દષ્ટા તો સ્વભાવની દૃષ્ટિ થઈ. હજી તો વિકાર જ પર કરાવે ત્યાં સ્વભાવની દૃષ્ટિ કરવાનો વખત રહ્યો ક્યાં તને? સમજાણું કાંઈ? આમ તો વાતું કરે, આત્મા જ્ઞાતા-દષ્ટા છે, આત્મા આમ છે, આત્મા અકર્તા છે. રાગનો ક્યાં કર્તા છે? રાગ તો કર્મથી થાય છે. ઠીક! પહેલેથી જ તું કર્મથી રાગ થાય એ કર્તા માન અને તું કહે છે કે હું જ્ઞાતા-દષ્ટા છું. એ રાગ વિનાની દૃષ્ટિ કરવાનો તને અવસર મળ્યો અને રાગ કરવાનો અવસર ઓલાને આપ્યો-કર્મને. બેય ક્યાંથી આવ્યું આ?

વિકાર જે ક્ષણિક છે એનો કર્તા ઠરાવ્યો કર્મને અને રાગ વિનાનો હું છું એની દૃષ્ટિ કરનારો તું. પણ ક્યાંથી આવ્યો આ? એ રાગમાંથી ઓલો ખસવા દે ત્યારે ને તને. કર્મ પ્રમાણે રાગ થશે એટલે ખસવા દેશે નહિ તને દૃષ્ટિ કરવા. એમ માનનારને.. જે એમ માને છે કે વિકાર મારાથી થાય છે, પરથી નથી. તો વિકારનું કર્તવ્ય ક્ષણિક છે અને મારો સ્વભાવ શુદ્ધ ત્રિકાળ છે. વિકારના કર્તાપણાની દૃષ્ટિ છોડી, સ્વભાવની દૃષ્ટિ કરું તો રાગનો જ્ઞાતા થઈ જાઉં. એમ એને અવકાશ છે. રાગનો કર્તા સ્વતંત્ર વિકારનો માને એને અકર્તા થવાના પ્રસંગનો અવકાશ છે. સમજાણું કાંઈ? પણ પર જ એનો કર્તા માને ત્યારે પર ખસે ત્યારે અકર્તા થાય, એ વિના થાય નહિ.

**'જીવ પોતાના જે ભાવને...'** જે ભાવને. એમ શબ્દ છે ને? સમજાણું? **'स करोति भावं यं स्वस्य तस्यैव भवेत्स कर्ता' 'તેનો તે કર્તા થાય છે.'**

**'ભાવાર્થ :- જીવ પણ પરિણામી છે;...'** પરિણામી પાછો એનો અર્થ શું કરે? કે એ તો બદલનાર છે એમ કહ્યું છે. પણ વિકારનું થવું તો કર્મને લઈને (માને). પણ એ

અહીં ક્યાં માંડી છે? પોતે જે ભાવે વિકારને પરિણમે છે તે ભાવનો તે કર્તા છે. **'તેથી પોતે જે ભાવરૂપે પરિણમે છે તેનો કર્તા થાય છે.'** લ્યો, ૧૨૫મી થઈ ગઈ. હવે.

**'જ્ઞાની જ્ઞાનીમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છે :-'** ૧૨૬.

**जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स।**
**णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स।।१२६।।**

**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.**

જે ભાવ, હોં! ભાવ. એ કર્મનો. એની ટીકા.

**'ટીકા :- આ રીતે આ આત્મા સ્વયમેવ...'** લ્યો! સ્વયમેવ શબ્દ છે. ઓલામાં પણ સ્વયમેવ (હતું). **'પરિણામસ્વભાવાવળો છે...'** સ્વયમેવ પરિણામસ્વભાવ એટલું. **'તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ-કર્મપણાને પામેલાનો-કર્તા તે થાય છે...'** શું કહે છે? ભગવાન આત્મા પોતાની મેળાએ બદલવાના, પરિણમવાના, રૂપાંતર થવાના સ્વભાવવાળો છે. છતાં એ જ ક્ષણે પોતાના જે પર્યાયને તે ક્ષણે જે પોતાની દશાને તે દશાને, તે ભાવને કરે છે તે પર્યાયનો કર્મપણાને પામેલાનો-તે પર્યાય તેના કાર્યપણાને પામેલાનો તે જીવ કર્તા તે વિકારનો થાય છે. એ ભાવનો થાય છે. સામાન્ય વાત છે. સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત છે.

**'આ રીતે આ આત્મા સ્વયમેવ...'** પોતાની મેળાએ **'પરિણામસ્વભાવવાળો છે તોપણ પોતાના જે...'** પર્યાયને કરે. ભાવ એટલે પર્યાય. સામાન્ય વ્યાખ્યા કરી. પરિણામસ્વભાવવાળો-બદલવાના સ્વભાવવાળો હોવા છતાં તે તે સમયે જે જે ભાવને કરે છે તે તે પર્યાયનો, ભાવનો એટલે તે પર્યાયનો એટલે તે પર્યાયરૂપી કાર્યને પામેલાનો તે કર્તા થાય છે. **'(અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તેનો કર્તા છે).'** લ્યો! સમ્મુચય વાત કરી. ઈ સામાન્ય વાત છે. હવે જ્ઞાન-અજ્ઞાનનો ભેદ પાડશે. સમજાણું કાંઈ? એ તો સિદ્ધાંત સિદ્ધ કર્યો. પાઠમાં તો ફક્ત **'कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स'** એની વ્યાખ્યા કરી. પહેલી લીટીની. પહેલી લીટીની વ્યાખ્યા.

હવે બીજી લીટીની. **'તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે...'** લ્યો! પહેલો સિદ્ધાંત સિદ્ધ કર્યો એક લીટીમાં. આત્મા પોતે પોતાથી, જુઓ! કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. પરિણામ બદલવાના ઉત્પાદ-વ્યય થવાના સ્વભાવવાળો છે. તોપણ તે ક્ષણે જે પોતાના જે પર્યાયને, ભાવને.. સામાન્ય વાત છે. વિકારી કે અવિકારી. જે ભાવને કરે છે તે વર્તમાન

પર્યાયનો એટલે તે કાર્યપણાને પામેલાનો તે જીવ તેનો તે કર્તા વર્તમાન ભાવનો થાય છે. આ સમ્મુચય વાત સામાન્ય અનાદિઅનંત. સમજાણું કાંઈ? પરને લઈને કાંઈ નહિ અને પરને કરે કાંઈ નહિ. પરને લઈને કાંઈ નહિ ને પરને કરે કાંઈ નહિ.

પોતે જ બદલવાના સ્વભાવવાળો હોવાથી જે જે ભાવને તે તે દશામાં કરે તે તે ભાવ તેના કર્મપણાને પામેલું તેનો તે આત્મા કર્તા થાય. બરાબર છે? કર્મ એટલે કાર્ય. કીધું ને. કર્મ એટલે કાર્ય. જે ભાવ થયો તે તેનું કાર્ય. વિકારી કે અવિકારી. અહીં તો સમ્મુચય વાત છે. જે વર્તમાન ભાવ. ભાવ એટલે પર્યાય, પર્યાય એટલે વિકાર, વિકાર કે અવિકાર વર્તમાન દશા, પરિણમવાવાળો હોવા છતાં વર્તમાન દશામાં જે પ્રકારના ભાવ કરે છે તે ભાવ તેનું કર્મ છે. કર્મ એટલે કાર્ય. તે કર્મપણાને-કાર્યપણાને પામેલો તે જીવ તેનો કર્તા થાય છે. સમજાણું કાંઈ?

હવે '**તે ભાવ...**' હવે એનો ભંગ પાડે છે. પહેલા સામાન્ય સિદ્ધાંત કહ્યો. '**જ્ઞાનીને જ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.**' લ્યો! શું કહે છે? ભગવાન આત્મા વર્તમાન દશાના ભાવને કરતો થકો તે ભાવ તેનું કામ છે-કર્મ છે-કાર્ય છે-તે કાર્યને પામતો આત્મા તે ભાવની પર્યાયનો કર્તા છે. એ સિદ્ધાંત કહ્યો. હવે જ્ઞાનીને.. જ્ઞાનીને જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એના ઉપર દૃષ્ટિ છે. પુણ્ય-પાપનો રાગ, કર્મ અને શરીર અને એક કોર આત્મા-બેનો જેને અંતર વિવેક છે.

'**તે ભાવ...**' તે એટલે તે પર્યાય. પહેલા કીધું કે તે પર્યાય તેના પામેલાનો કર્તા જીવ. હવે જ્ઞાનીને શું? કે તે પર્યાય, તે પર્યાય. વર્તમાન કરેલી જ્ઞાનીની પર્યાય, '**જ્ઞાનીને જ્ઞાનમય જ છે.**' તે પર્યાય જે વર્તમાન અવસ્થા કરે તે તેનું કાર્ય છે એમ કહ્યું, તે અવસ્થા જ્ઞાનીને જ્ઞાનમય જ છે. સમજાણું કાંઈ? ફરીને કહીએ છીએ, હોં! એક-બે વારમાં આમ નહિ (સમજાય). પહેલું એમ કહ્યું હતું ને કે તે ભાવનો કર્તા- ... કર્તા છે. હવે એ ભાવ ક્યો? કે તે પર્યાય જ્ઞાનીને વર્તમાન પરિણમતા કાર્યને, એવા ભાવને એ જ્ઞાનીને તે ભાવ જ્ઞાનમય જ છે. કેમ કે સમ્યગ્દૃષ્ટિએ રાગ અને શરીર અને દેહથી ભિન્ન આત્માને જાણ્યો છે. તેથી તેનું જ્ઞાનમય જ વર્તમાન પરિણમન છે. રાગ નહિ. રાગ થાય તેનું જ્ઞાન અને જ્ઞાનનું જ્ઞાન. એવા જ્ઞાનમય પર્યાયનો જ્ઞાની કર્તા છે. ફરીને હોં! હજી. આ તો સિદ્ધાંતો છે ને!

વસ્તુ... શું કીધું? અંદર જુઓ! '**(સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ...**' ધર્મીને પુણ્ય-પાપનો રાગ, કર્મ અને શરીર એ બધા પરદ્રવ્ય છે. એનાથી ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ ભિન્ન જે જ્ઞાનીને ભાસ્યું છે, તેથી તેને તે ભાવ જ્ઞાનમય જ

છે. પુણ્ય-પાપના ભાવ, કર્મ અને શરીર નોકર્મ-ત્રણ. એનાથી ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમય પરમાનંદમય શુદ્ધ (છે) એવું સમ્યક્ દૃષ્ટિમાં જ્ઞાનીને ભાસ્યું છે. તેથી તેનો તે સમયનો જે ભાવ તે બધો જ્ઞાનમય છે. રાગમય નથી, વિકારમય નથી પણ જ્ઞાનમય છે. સમજાણું કાંઈ?

પહેલાં એમ કહ્યું હતું ને ત્યાં? '**તોપણ પોતાના જે ભાવને કરે છે તે ભાવનો જ-કર્મપણાને પામેલાનો-કર્તા...**' તે ભાવ જ્ઞાનીને તે દશા, તે ભાવ તે કર્મ નામ કાર્ય, તે જીવનું જ્ઞાનીનું તે કાર્ય જ્ઞાનમય જ છે. જ્ઞાનીને તે કાર્ય બધું જ્ઞાનમય છે. કેમ કે જ્ઞાની-ધર્મીને વિકારના પરિણામ, કર્મ અને શરીરથી જુદો આત્મા ભાસ્યો છે, જ્ઞાન સ્વરૂપે શુદ્ધ ભાસ્યો છે તેથી તેના તે ભાવ જ્ઞાનમય જ બધા થાય છે. જ્ઞાનીને રાગમય ભાવ થતાં નથી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે, જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા છે. એ જે ભાવે પરિણમે તેનો એ કર્તા. ત્યારે જ્ઞાયકભાવ છે અને પરભાવ હું નથી, એવા ભાનમાં ધર્મીને એ જ્ઞાનસ્વભાવ જ્ઞાયકભાવ વર્તમાન પર્યાયમાં જ્ઞાન અને શ્રદ્ધા ને શાંતિપણે પરિણમે છે. અજ્ઞાનીનું પછી લેશે. સમજાણું કાંઈ?

પહેલો તો સિદ્ધાંત એ કહ્યો ને કે આત્મા બદલવાના સ્વભાવવાળો હોવા છતાં તે સમયે જે ભાવને, જે પર્યાયને, જે કાર્યને, જે દશાને કરે તેના કર્મપણાના કાર્યપણાને પામેલો આત્મા તે કાર્યનો કર્તા થાય છે. આ સિદ્ધાંત. ત્યારે જ્ઞાનીનો તે ભાવ, જે ભાવપણે પરિણમતો તે તેનું કર્મ અને કાર્ય તેનો એ કર્તા, એમ આપે સિદ્ધ કર્યું. તો જ્ઞાનીને? ધર્મીનું કાર્ય શું? શરીર, વાણી, મનના કાર્ય એના? એ તો નહિ. કારણ કે એનાથી જુદો જાણ્યો છે. પુણ્ય-પાપના ભાવોના કામ? ના. એ તો એનાથી જુદો આત્મા જાણ્યો છે. કહો, સમજાય છે કાંઈ? આ દયાના ભાવ એ જ્ઞાનીનું કાર્ય? ના. એનાથી જુદો આત્મા છે. સમજાણું કાંઈ? વિજયમૂર્તિજી! આ બધું લખવું, કરવું, બોલવું, ચાલવું, વળી કહે કે એ કામ એનું નહિ, લ્યો! કોણ પણ બોલે? સાંભળને!

વસ્તુ જે છે આત્મા એ બદલવાના સ્વભાવવાળો છે. આ એક સિદ્ધાંત. તદ્દન કૂટસ્થ નથી. જેમ શિખર હોય અને હલે નહિ એમ નથી. પાણી પાણીપણે રહીને તરંગો ઉઠે છે. પાણીમાં તરંગ ઉઠે છે. એ તરંગ જેવા ભાવને ત્યાં થાય તે તરંગમાં તે તરંગરૂપી કાર્યનો તે પાણી કર્તા છે. હવે એમાં જે તરંગ, જેનું તરંગ, નિર્મળ પાણી ઉપર જેની દૃષ્ટિ છે એનું તરંગ નિર્મળરૂપી કામ કરે છે. સમજાણું કાંઈ? એમ ધર્મીને આત્માની સામાન્ય વાત કરી કે ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ કૂટસ્થ નિત્ય છે અને વર્તમાન બદલવાના, રૂપાંતર થવાના, પરિણમવાના, ઉત્પાદ-વ્યય થવાની યોગ્યતાવાળો જીવ છે. છતાં તે ઉત્પાદ જેનો થાય તે કાર્યનો કર્તા તે કાર્યના પામેલો જીવ, તે કાર્યને પામે, એ ઉત્પાદના ભાવને પામેલો

જીવ તેનો એ કર્તા છે.

હવે જ્ઞાનીનો ઉત્પાદ શું છે? એમ કહે છે, ભાઈ! આહાહા..! ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. જ્ઞાનીનો ઉત્પાદ પર્યાય-કાર્ય-ભાવ, એ બધા એક અર્થમાં છે. એ ભાવ એટલે તે ઉત્પાદ જે પરિણમવાના સ્વભાવવાળો જીવ છે તે પર્યાય જ્ઞાનીને, જ્ઞાનીને જ્ઞાનમય જ છે. ધર્મી જીવની દૃષ્ટિ પુણ્ય-પાપના રાગ અને કર્મથી જુદી પડી છે અને રહી છે દૃષ્ટિ શુદ્ધ જ્ઞાનમયમાં. તેથી તે આત્મા તેનો ભાવ, તેનો ઉત્પાદ, તેની દશા એકલી જ્ઞાનમય એટલે કે રાગમય નહિ, જ્ઞાનમય શ્રદ્ધા, જ્ઞાનમયનું જ્ઞાન અને જ્ઞાનમયની સ્થિરતા એ ત્રણ પર્યાયનું એકરૂપી જ્ઞાનમય કાર્ય તે તેનો કર્તા છે. સમજાણું કાંઈ? રાજમલજી! આ તો લોજિકથી વાત છે.

ચૈતન્યપ્રભુ અનંત શક્તિ-ગુણ આદિ સંપન્ન ધ્રુવપણે હોવા છતાં એનો ઉત્પાદ અને વ્યયપણે પરિણમવું, બદલવું તેનો થવાનો સ્વભાવ છે. હવે બદલવાનો સ્વભાવ છે તો જે રીતે બદલ્યાનો ભાવ થયો તે ભાવ તેનું કાર્ય. કાર્ય નામ કર્મ, કર્મ નામ દશા. તે કર્મનો તે આત્મા કર્તા છે. એ સામાન્ય વ્યાખ્યા કરી.

હવે જ્ઞાનીને... એટલે સામાન્ય વ્યાખ્યા પહેલી થઈ. સિદ્ધાંત સિદ્ધ કર્યો. પરની સાથે કાંઈ સંબંધ નથી અહીં. જ્ઞાનીને ભગવાન આત્મા શુદ્ધનયના સ્વભાવથી સન્મુખ થયેલો જ્ઞાની, અશુદ્ધતાથી વિમુખ થયેલો જ્ઞાની, પુણ્ય-પાપ અને કર્મ, શરીર જે અશુદ્ધ છે તેનાથી વિમુખ થયેલી દૃષ્ટિ અને સ્વભાવની સન્મુખ થયેલી દૃષ્ટિ, એવો જે સમ્યગ્દૃષ્ટિ ધર્મી, એના પરિણામ સ્વસન્મુખ છે માટે વિકારથી વિમુખ અને પૃથક્ છે માટે તેના સ્વસન્મુખના પરિણામમાં એકલા જ્ઞાનમય એટલે કે રાગમય નહિ, સ્વભાવમય જ્ઞાન, દર્શન, શાંતિ, ચારિત્ર, રમણતા વગેરે જ્ઞાનમય એના કાર્ય છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? એય..! કિરીટ! આ બધી લોજિક-બોજિકથી વાત થાય છે, હોં! તારા .. નથી. સમજાય છે આમાં? આહાહા..! કેટલી સીધી અને સરળ છે!

આમ વસ્તુ છે-પદાર્થ છે, એ પદાર્થ એકરૂપે ન રહેતા, પર્યાયમાં બદલવાનું કાર્ય કરે છે. એટલો સિદ્ધાંત. બદલવાનું કાર્ય કરે માટે તે બદલનાર કર્તા અને બદલવાનું કાર્ય તે તેનું કર્મ. કર્મ એટલે કાર્ય. ત્યારે હવે બદલનાર જ્ઞાનીનું બદલવું થાય, એનો ભાવ-કર્મ-કાર્ય-ક્યુ? સમજાણું કાંઈ? જ્ઞાનીનો ભાવ તે રાગ અને કર્મથી ભિન્ન પડેલો ભાવ છે. કારણ કે રાગ અને વિકારથી એકત્વ ભાવ હોય તે તો અજ્ઞાની છે. રાગ અને વ્યવહાર વિકલ્પ જે છે એનાથી ભિન્ન પડેલો સ્વરૂપની અંતર સન્મુખ દૃષ્ટિવાળો ભાવ તે જ્ઞાનીનો ભાવ તે જ્ઞાનમય છે. કેમ કે સ્વરૂપ સન્મુખ દૃષ્ટિ હોવાથી, વિકારથી વિમુખ દૃષ્ટિ હોવાથી તેની પર્યાયમાં જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, આનંદનું પરિણમન (થાય) તે તેનું કર્મ નામ કાર્ય છે. તેવા કાર્યને પામેલો

આત્મા તે કાર્યનો આત્મા કર્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, ન્યાલભાઈ! સમજાય છે કે નહિ? હુશિયાર છે. .. ફરી જાય છે. આહાહા..!

જુઓ! આ શ્લોકની શરૂઆત થઈ હવે કર્તાકર્મની. સળંગ થઈ ગયું સળંગ હવે. જીવ-અજીવ (અધિકાર) પૂરો થઈ ગયો. કર્તાકર્મની ગાથા આપણે ઉપાડી હતી પહેલી. ૧૨૬થી ચાલુ થાય છે હવે અહીં. સમજાણું કાંઈ? ૧૨૬ ગાથા છે ને? છ+બે આઠ ને એક નવ. ૧૨૬ ગાથા શરૂ થઈ. કહો, સમજાણું આમાં? શું કહે છે? આમાં પુનરુક્તિ લાગે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એટલે એને સમજવા માટે વારંવાર ભાવ આવે ત્યારે માંડ પકડાય એને.

આત્મા કામ તો કર્યા વિના રહેતો નથી. કેમ કે તે પરિણમવાવાળો છે માટે. આ સિદ્ધ (કર્યું). હવે એનું કામ કરે છે ખરો, એ એનું કામ છે. એ કામ એનું કર્મ છે. અને કર્મપણાને પામેલો કોણ? કે આત્મા. માટે તે કર્મનો એ કર્તા છે. ત્યારે જ્ઞાનીનું કર્મ શું અને એનો કર્તા કોણ? કે જ્ઞાનીનું કર્મ રાગથી ભિન્ન પડેલું જ્ઞાન છે માટે જ્ઞાનીનું કાર્ય તો જ્ઞાન, શ્રદ્ધા શાંતિ, આનંદ એ એનું કાર્ય છે. કારણ કે એ કાર્યને પામેલો આત્મા તેનો એ આત્મા કર્તા છે. ધર્મી રાગ અને પુણ્ય અને શરીર આદિનો કર્તા નથી. એ વિશેષ કહેશે, લ્યો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૯, બુધવાર તા. ૪-૧-૧૯૬૭**
**ગાથા-૧૨૬-૧૨૭, પ્રવચન-૨૧૪**

આ કર્તા-કર્મ અધિકાર. ૧૨૬ ગાથા. ફરીને ટીકા ૧૨૬ની.

'**ટીકા :- આ રીતે આ આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવાળો છે...**' આ કર્તાકર્મનો અધિકાર (છે). જ્ઞાની શેનો કર્તા છે અને અજ્ઞાની શેનો કર્તા છે એનું વર્ણન છે. આત્મા પોતાની મેળાએ પરિણામ બદલવાના સ્વભાવવાળો હોવા છતાં પોતાના જે ભાવને કરે છે, જે ભાવને કરે છે તે ભાવનો તે કાર્યપણાને પામેલાનો કર્તા તે થાય છે. અહીં કર્તા સિદ્ધ કરવું છે. કર્મને સિદ્ધ કરશે ૧૨૭માં. આ કર્તા સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આત્મા નિત્ય ધ્રુવ છે અને વર્તમાન પરિણામ સ્વભાવી છે. એવો હોવા છતાં વર્તમાન જે જાતના ભાવ કરે તે ભાવરૂપી કર્મને પામતો તે કર્મનો તે કર્તા થાય છે. કહો, સમજાણું આમાં?

તે ભાવનો એટલે કે '**કર્મપણાને પામેલાનો-**' જે જાતના ભાવે પોતે પરિણમે છે તે ભાવનું કર્મપણું થયું. કર્મ એટલે કાર્ય થયું. એ કાર્યપણાને પામેલાનો કર્તા થાય છે. કાર્યપણાને પામેલાનો તે કર્તા થાય છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યનો કોઈ કર્તા-ફર્તા છે નહિ. શરીર, વાણી, મન, કર્મ એનો આત્મા કર્તા છે નહિ. એટલે એ વાત તો અહીંયાં લીધી નથી. ફક્ત આત્મા નિત્ય ધ્રુવ અને પરિણામી, નિત્ય-પરિણામી, ટકતો-બદલતો, ટકતો-બદલતો સ્વભાવવાળો છે. બદલવાના સ્વભાવવાળો હોવા છતાં તે કાળે જે ભાવના પર્યાયને કરે તે ભાવ તેનું કાર્ય થાય છે. એ કાર્યપણાને પામેલો તે કાર્યનો તે આત્મા કર્તા થાય છે. કહો, સમજાણું? એ સિદ્ધાંત. '**(અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે...**' એટલે કાર્ય. '**અને આત્મા તેનો કર્તા છે).**'

હવે '**તે ભાવ...**' એટલે જે કર્મ કહ્યું-કાર્ય કહ્યું-દશા કહી '**તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે...**' ધર્મીને તે ભાવ નામ કર્મ નામ કાર્ય તે જ્ઞાનીને જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, આનંદમય, શુદ્ધતામય કાર્ય છે. એ તો જ્ઞાનમયની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? ધર્મી જીવને આત્મા અને રાગ વચ્ચેનું ભેદજ્ઞાન થયું છે. સમજાણું કાંઈ? જે બહિર્મુખ રાગ અને વિકલ્પનો કર્તા હતો એ બહિર્મુખ દૃષ્ટિમાં હતો. અંતર્મુખ દૃષ્ટિ ચૈતન્યના શુદ્ધ સ્વરૂપના પરિણમનની દૃષ્ટિ થઈ એથી જ્ઞાનીને જે ભાવ છે એટલે જે કર્મ છે એટલે જે કાર્ય છે તે જ્ઞાનીનું જ્ઞાનમય જ કર્મ નામ કાર્ય હોય છે. જ્ઞાનીનું કાર્ય-કર્મ-દશા-બધી જ્ઞાનમય જ હોય છે. એટલે? કેમ? પાછું કારણ આપે છે.

'**કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે (સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી છે.**' હવે વિકારભાવ, એનો સ્વભાવભાવ બેની એક્તા ટળીને ભિન્નતા ભાસી છે. સમજાણું કાંઈ? વસ્તુ સ્વભાવ ચૈતન્ય શુદ્ધ સ્વભાવ અને વિરૂદ્ધ ભાવ વિકાર, બેમાં સ્વપરની એક્તા ટળીને સ્વપરની વિવેકતા-ભિન્નતા-ભાસી છે. સમજાણું કાંઈ? તે ભાવ ધર્મીને જ્ઞાનમય-ધર્મમય જ છે.

ધર્મી જીવ ચોથા ગુણસ્થાનથી જે કાંઈ રાગ અને વિકારથી ભિન્ન પડેલા આત્માનું જ્ઞાન થયું, તેથી તે ધર્મી જીવને તેની દશામાં જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, આનંદમય એની પર્યાય થઈ. એ પહેલું કાર્ય છે એ અત્યારે સિદ્ધ નથી કરવું. એ કાર્યનો એ કર્તા છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? તે કર્તા થાય છે એ સિદ્ધ કરવું છે ને? કર્મ તો પછી કહેશે હજી. કર્મ આમાં લીધું ખરું, કર્મનો આ કર્તા થાય. પણ એનું કર્મ કોણ? એ પછી કહેશે. એ સ્પષ્ટતા અત્યારે નથી. સમજાણું કાંઈ?

અહીં તો કર્તાપણાને સિદ્ધ કરવું છે. ધર્મી જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, રાગ અને પુણ્ય-પાપ હું નહિ. શરીર, વાણી, લક્ષ્મી તો ક્યાંય રહી ગયા પણ અંદરમાં જે વિકાર જે આસ્રવતત્ત્વ છે, અજીવતત્ત્વથી તો ભિન્ન છે પણ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના શુભાશુભભાવ જે આસ્રવતત્ત્વ છે, એનાથી પણ ધર્મીની દષ્ટિ આસ્રવથી જુદી પડી અને જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય છું એમ આસ્રવ અને સ્વભાવ વચ્ચેનું ભેદજ્ઞાન થવાને કારણે સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને તે જ્ઞાનમય જ ભાવ તેના કાર્યનો તે કર્તા થાય છે. ઝીણું ભારે, ભાઈ! વીતરાગ માર્ગ જગતને સમજવો (બહુ કઠણ). શોભાલાલજી! આ બીડીના કામ નહિ, કહે છે. અજ્ઞાનીના પણ નહિ અને જ્ઞાનીના પણ નહિ. એ બીડીના આ બધા શું કહેવાય? કારખાના કહેવાય, કારખાના.

એક આ શરીરના રજકણ ચાલે એ પણ જ્ઞાન એ કામ અજ્ઞાની કે જ્ઞાની એકેયનું નહિ. ફક્ત જ્ઞાની અને અજ્ઞાનીના કાર્યમાં ફેર કેમ છે? શેમાં? એના ભાવમાં. જ્ઞાનીને પુણ્ય અને પાપના પરસન્મુખની લાગણીથી સ્વસન્મુખ થવાથી, પરસન્મુખની લાગણી અને સ્વસન્મુખનો ભાવ બે ભિન્ન ભાસે છે. ભિન્ન ભાસે છે. ચૈતન્ય સ્વરૂપ આ વસ્તુ છે એવી અંતર્મુખ દૃષ્ટિ થઈ છે એથી રાગ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો શુભરાગ અને સ્વભાવ બેનો સ્વપરનો.. કહ્યું ને? '**સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક...**' વડે. પર એટલે વિકારી ભાવ અને સ્વ એટલે આત્મસ્વભાવ. એના વિવેક વડે, એની જુદાઈ વડે ધર્મીને ધર્મમય ભાવ, જ્ઞાનમય ભાવ કેમ થાય છે? કે સ્વપરની જુદાઈને કારણે પુણ્ય-પાપનો રાગ અને સ્વભાવ શુદ્ધ બેની અંતરમાં વિવેકતાને કારણે, ભિન્નતાને કારણે, જુદાઈને કારણે, ભેદજ્ઞાનને

કારણે.

'**(સર્વ પરદ્રવ્યભાવોથી) ભિન્ન...**' શરીરની ક્રિયા અને દેહની, કર્મની ક્રિયા અને રાગની ક્રિયા એ બધાથી ભિન્ન '**આત્માની ખ્યાતિ...**' આત્માની પ્રસિદ્ધિ '**અત્યંત ઉદય પામી છે.**' શક્તિરૂપે જે આત્મા શુદ્ધ છે એની અંતર દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ જીવને હોવાથી તે જ્ઞાનમય, આનંદમય છે એવા આત્માની પ્રસિદ્ધિ પર્યાયમાં પ્રગટ થઈ છે. ભારે ઝીણું, ભાઈ! વીતરાગ માર્ગને એવો લોકોએ કરી નાખ્યો છે, જાણે સાંભળ્યો જ ન હોય. આ તે કાંઈ કોનો માર્ગ હશે? વીતરાગનો હશે, ભાઈ? દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો. જાવ. એ ધર્મ.

મુમુક્ષુ :- ... ક્રિયા થાય છે એ દેખાય છે.

ઉત્તર :- ક્યાં દેખાય છે? ધૂળમાંય દેખાતી નથી. માને છે ઈ. એય..! ન્યાલભાઈ! આહાહા..! દેખનારો-જાણનારો ભગવાન આત્મા. હવે એ પોતે દેખે કે આ રાગ એ મારું કામ છે અને આ કામ છે, વિકાર એ મારું કામ છે, પર મારું કામ છે એ તો દૃષ્ટિ મિથ્યા છે. સમજાણું કાંઈ? લોકો તેથી બિચારા નવરા નથી થાતાં. એક તો નવરા થાય ત્યાં આ વાત સાંભળી જાય નહિ. અરે..! આવી શી વાત? આવે માર્ગ હશે? ભાઈ! માર્ગ જ આ છે, ભાઈ! શરણભૂત બીજો કોઈ માર્ગ છે નહિ.

અહીં તો કહે છે, ધર્મી એને કહીએ, ધર્મ કરનારનો ભાવ ધર્મીનો એવો હોય કે જેને પરસન્મુખના શુભ-અશુભ રાગના ભાવથી કૃત્રિમ ક્ષણિક વિકારી દશાથી, અકૃત્રિમ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ જેને અંતરમાં વિવેકથી, ભેદથી ભિન્ન ભાસ્યો છે. ઓહોહો..! સમજાણું કાંઈ? તેથી તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે. એટલે કે તે ધર્મી જીવને શુદ્ધ ચૈતન્ય સ્વભાવ રાગ અને વિકારથી ભિન્ન ભાસવાથી, પોતાના શુદ્ધ સ્વભાવ ઉપરની દૃષ્ટિને કારણે ધર્મીને શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પર્યાયરૂપ ભાવ જેને અહીં જ્ઞાનમય ભાવ કહ્યો છે, એ ભાવ જ્ઞાનમય જ છે એને. ધર્મી રાગ અને દેહની ક્રિયામય છે જ નહિ. એનાથી જુદો પડી ગયો છે. સમજાણું કાંઈ? છે? કીધું ને, જુદો છે. કીધું ને, છે કીધું ને.

એના અંતર સ્વભાવની દૃષ્ટિ થતાં એ રાગ અંતરમાં સાથે આવ્યો નથી. અંતર્મુખ ચૈતન્ય સ્વભાવ, શુદ્ધ ચૈતન્ય, ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ આત્મા (છે) એવી અંતર દૃષ્ટિ થતાં સમ્યક્ દૃષ્ટિમાં રાગ અંતરની પર્યાયમાં સાથે આવ્યો નથી, તેમ તેના વસ્તુના દ્રવ્ય-ગુણમાં નથી. સમ્યગ્દૃષ્ટિ જીવને વિકલ્પના રાગથી પોતાના સ્વભાવનું એકરૂપ શુદ્ધ છે એવું ભિન્ન ભાસન હોવાથી તેનો ભિન્ન, પરથી ભિન્ન પડેલો ભાવ તે જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય પરિણમે છે. તેથી તેને તે ભાવ બધો જ્ઞાનમય છે. રાજમલજી! સમજાણું કાંઈ?

જ્ઞાની લડાઈ કરતો હોય, હાથીને હોદ્દે બેઠો હોય. હજારો માણસો... કહે છે કે ભાઈ! એ ક્ષણે પણ એને ઉઠેલો દ્વેષનો અંશ, તેનાથી દૃષ્ટિ પાછી વળી ગયેલી જ હોય છે પહેલેથી. એ દૃષ્ટિમાં ચૈતન્ય સ્વરૂપ જ અંદર અભેદપણે પરિણમ્યું છે. સમજાય છે કાંઈ? તેથી જ્ઞાનીને તે કાળે થતો દ્વેષ, એનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન એક સમયે સ્વપરપ્રકાશક જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, આનંદમય, સ્વરૂપની રચનાના સામર્થ્યમય કાર્ય તે એનું જ્ઞાનનું કાર્ય છે. પણ ત્યારે એને પ્રાપ્ત કેમ કરવો? કાંઈક સાધન હશે કે નહિ? એમ રાડું પાડે છે. આ પ્રાપ્ત કરવું. બીજું કોઈ સાધન જ નથી. રાગ અને સ્વભાવને બેને ભિન્ન પાડી સ્વરૂપ સન્મુખ થઈ રાગથી વિમુખ થવું એ એની ધાર્મિક ક્રિયા છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... ન્યાય પણ સાથે આપ્યો છે બહુ સીધો.

'**આત્મા સ્વયમેવ પરિણામસ્વભાવવાળો છે...**' એટલું. તો પણ વર્તમાન પરિણામને જે કરે છે તે પરિણામરૂપી કાર્ય, એ પરિણામરૂપી કર્મ, એને પામેલો તે આત્મા, તે પરિણામનો તે કર્તા થાય છે. કહો, સમજાણું કાંઈ? આમાં તો બહુ સાદી અને સીધી ભાષા છે. પણ ભાવ તો જે હોય એ હોય. બીજા આવે ક્યાંથી? કહો, ન્યાલભાઈ! ઝીણું પડે કે જાડું પડે પણ વસ્તુ તો આ છે. વસ્તુ કહી. સમજાણું?

'**(અર્થાત્ તે ભાવ આત્માનું કર્મ છે...**' કર્મ છે એમ લીધું ને કૌંસમાં? '**અને આત્મા તેનો કર્તા છે**).' અહીં સિદ્ધ કર્તા કરવો છે. '**તે ભાવ જ્ઞાનીને...**' સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને હો, પાંચમે હો કે છઠ્ઠે મુનિ હો એને તે જ્ઞાનીને '**તે ભાવ જ્ઞાનીને જ્ઞાનમય જ છે...**' ચોથે ગુણસ્થાને હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ છે. પણ એ રાગ અને સ્વભાવની ભિન્નતા ભાસવાથી પોતાના નિશ્ચય સ્વરૂપની દૃષ્ટિમાં તે રાગ ભેળો આવતો નથી. તેથી જ્ઞાનીને રાગ અને પોતાનું સ્વપરનું જ્ઞાન ભેદ હોવાથી તેને જ્ઞાનમય ભાવ, શ્રદ્ધામય ભાવ, શાંતિમય ભાવ, સ્થિરતામય ભાવ એને બધાને જ્ઞાનમય ભાવ કહ્યો છે. એ જ્ઞાનમય ભાવ જ તેને થાય છે.

'**કારણ કે તેને સમ્યક્ પ્રકારે...**' સાચાપણે. એટલે? ખરેખર ભેદજ્ઞાન થયું છે. એમ. વિકાર અને આત્મા જુદો એવું એક લક્ષ કર્યું છે કે ધારણા કરી છે એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? પણ ખરેખર ભગવાન આત્માને પુણ્ય-પાપના ભાવથી-અજીવ ભિન્ન જ્યાં ભાસ્યો છે એ કારણે '**આત્માની ખ્યાતિ...**' જુદો રાગથી ભાસતાં આત્માની પ્રસિદ્ધિ અત્યંત પ્રગટ થઈ છે. આત્મા પ્રસિદ્ધ થયો છે. જે રાગ ને પુણ્યમાં એકત્વ માનતો ત્યાં આત્મા પ્રસિદ્ધ નહોતો. ત્યાં તો વિકાર પ્રસિદ્ધ હતો. સમજાણું કાંઈ? બહુ સિદ્ધાંત સત્ય છે.

**'અને તે ભાવ...'** ક્યો ભાવ? કે આત્મા સ્વયમેય પરિણામસ્વભાવવાળો-બદલવાના સ્વભાવવાળો હોવા છતાં જે ભાવને કરે છે, જે ભાવને કરે છે તે ભાવ તેના કાર્યપણાને પામેલાનો તે કર્તા. એ જ ભાવ અજ્ઞાનીને તે અજ્ઞાનમય જ છે. જેણે પુણ્ય અને પાપના ભાવ જે વિકાર અને ત્રિકાળી શુદ્ધ સ્વભાવ, બેને એક માન્યા છે એવો જે અજ્ઞાની,... સમજાણું કાંઈ? આસ્રવતત્ત્વ અને આ સ્વભાવ તત્ત્વ, બેને એક માન્યા છે એવો જે અજ્ઞાની એને એ પરિણમતા એ ભાવ કેવો થયો? અજ્ઞાનમય જ છે. ચાહે તો એને દયા, દાન, વ્રતના પરિણામ હોય તો પણ તે બધા અજ્ઞાનમય જ છે. કારણ કે તે પરિણામમાં તેની રુચિ અને બુદ્ધિ છે અને રાગથી ભિન્ન આત્મા તેને ભાસતો નથી. સમજાણું કાંઈ? એણે કાળ ગુમાવ્યો આમ ને આમ અને માણસ થઈને પણ એમ ને એમ ગુમાવ્યો. મૂઢ થઈને ચાલ્યો જશે પાછો. સમજાણું કાંઈ? મૂઢ થયેલો કદાચિત પુણ્ય બાંધશે તો સ્વર્ગમાં જઈને મૂઢ થઈને વેદશે એટલે મિથ્યાત્વપણે વેદશે. વળી પાછો મૂઢ થઈને હેઠે ચાલ્યો જશે. સમજાણું કાંઈ? આહાહા..!

એ ભાવ એટલે કે પરિણમેલો, થયેલો આત્મામાં ભાવ અજ્ઞાનીને કેવો છે? કે અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે. એ પુણ્ય અને પાપના વિકલ્પ છે તે બધા અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો ભાવ નથી. એમાં આત્માનો જ્ઞાનભાવ નથી. એવા વિકારી પરિણામ ઉપર દૃષ્ટિ હોવાથી અને તેને પોતાનો માનતો હોવાથી એને બધા પુણ્ય અને પાપના વિકલ્પો જ ભાવ ઉત્પન્ન થાય છે. અજ્ઞાન એટલે આત્માના જ્ઞાનભાવનો જેમાં અભાવ છે. સમજાણું કાંઈ?

**'કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...'** ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત શુદ્ધ છે અને વિકારી પરિણામ મેલા છે. એ બેની ભિન્નતાનું ભાન નહિ હોવાથી, બેનો વિવેક કરવાની તાકાત નહિ હોવાથી, એ **'ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે.'** અજ્ઞાનીને તો એ પુણ્ય-પાપ જ ભાસે છે. આત્મા ભાસતો નથી. એ કોઈપણ ક્રિયાકાંડમાં પડ્યો હોય વ્રત, નિયમ, દયા, દાન, ભક્તિ, પૂજામાં તો એને પરિણામ વિકારના અજ્ઞાનમય, જેમાં જ્ઞાન નથી, એ એને ભાસે છે. અને એ ભાસે તેનો એ કર્તા છે. શોભાલાલભાઈ! બહુ સીધી વાત છે. પણ ઝીણી. ઝીણી હોય પણ ભાવ તો જે હોય એ હોય. આહાહા..! આ લોકોને એવું આકરું પડે છે. એય..! આ તો એકાંત થઈ જાય.. એકાંત. પણ એકાંત એટલે સત્ય. સાંભળને હવે. સમજાણું કાંઈ? પણ કાંઈક આ કરીએ, વ્યવહાર કરીએ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરતા કરતા આગળ જવાય નિશ્ચયમાં. અહીં કહે છે કે એ વ્રતના વિકલ્પ આદિથી જુદો પડ તો આગળ જવાય, નહિતર

જવાય એવું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વચમાં આવે...

ઉત્તર :- વચમાં આવે એટલે? જડ વચમાં આવે એટલે એને .. એમ? રાગ આવે એ તો જડ છે. એ તો પર છે.

ભગવાન આત્મા રાગથી ચિદાનંદની જ્યોત સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ ભિન્ન છે. એવા રાગ અને સ્વભાવની બેની એકતા ભાસી છે, ભિન્નતા ભાસી નથી. એવા અજ્ઞાનીને ભિન્ન આત્માની ખ્યાતિ (અસ્ત થઈ ગઈ છે). કારણ કે પુણ્ય-પાપ જ પોતાપણે ભાસે છે. પુણ્ય-પાપનો જ કર્તા ભાસે અને પુણ્ય-પાપ જ મારું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? અરે..! એવી વાત એને કાને ન પડે. જન્મ્યા જૈનમાં અને જૈનની સાચી વાત કાને ન પડે.

મુમુક્ષુ :- જન્મ્યા..

ઉત્તર :- ક્યાં જન્મ્યો છે? શેમાં ધૂળમાં જન્મ્યો છે? જૈન કોને કહે છે એ વાત કાને પડે નહિ, જન્મ્યો ક્યાં છે? અજૈનમાં જન્મ્યો છે. એ તો મિથ્યાદૃષ્ટિ (છે). સમજાણું કાંઈ? અરેરે..! ભારે વાતું, ભાઈ!

આત્મા એટલે શાંત અને સમરસી વસ્તુ અને પુણ્ય-પાપના વિકલ્પો એટલે વિષમભાવ વિકાર. એ વિષમભાવ વિકાર અને ચૈતન્ય સમરસી ભાવ, બેની જેને એક્તા ભાસી છે, બેની જુદાઈ ભાસી નથી. જુદાઈ કરી નથી, ભેદજ્ઞાન કર્યું નથી માટે ભાસતી નથી. પાછું એમ હોં! ભેદ-વિવેક કર્યો નથી. કર્યો નથી. નહિ હોવાને લીધે ભિન્ન આત્મા.. એ રાગ અને વ્રતનો વિકલ્પ છે પુણ્ય-પાપનો એનાથી ભિન્ન આત્મા, એની પ્રસિદ્ધિ અજ્ઞાનીને દૃષ્ટિમાં આવી નથી. '**અત્યંત અસ્ત થઈ ગઈ છે.**' આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ રાગથી ભિન્ન છે એ દૃષ્ટિ એને આથમી ગઈ છે. આત્માની પ્રસિદ્ધિ અવરાઈ ગઈ છે, ઢંકાઈ ગઈ છે. કહો, એમાં છે કે નહિ? છોટાભાઈ! એમાં છે? બરાબર છે? આ બધા રાડેરાડ પાડે છે. એ સોગનઢથી આવું.. હવે સાંભળને, તને ખબર ન મળે જૈન શું કહે છે.

જૈન એટલે અજ્ઞાન અને રાગ-દ્વેષને જીતવું. રાગ અને દ્વેષના વિકલ્પો, પુણ્યના દયા, દાનના આવે એનાથી ખસી, સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ જૈન સમકિતી કહેવામાં આવે છે. કહો, સમજાણું? એને જૈન પરમેશ્વર જૈન કહે છે. રાગવાળા એ જૈન. રાગની ક્રિયા કરે, રાગ મારો એને માને જૈન. (એ તો) અજૈનને જૈન (માન્યા). કહો, ધર્મચંદજી! અત્યાર સુધી હાંક્યું હતું ને એમ બધું? એમ જ ગાડી ચાલે છે. આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના સ્વભાવનું પુર અને વિકાર ક્ષણિક કૃત્રિમ દશા, બેની જેણે ભિન્નતા, જુદાઈ, વિવેક કર્યો નથી એને કારણે તેને વિકારની પર્યાય ભાસતા, વિકારની

વર્તમાન દશા ઉપર રુચિ અને પરિણમન હોવાથી, તેને આત્મા રાગ વિનાનો ભગવાન આત્મા તેને અસ્ત-આથમી ગયો છે. આત્મા ત્યાં આથમી ગયો છે. જ્ઞાનીને આત્મા ઊગ્યો છે. સમજાય છે કાંઈ? એક પંચેન્દ્રિય દેડકું હોય આવડું, પણ જ્યાં અંતર ભેદજ્ઞાન થયું છે તો કહે છે કે ભાઈ! એ જ્ઞાનમય ભાવ છે. દેડકું કૂદે, પાણી પીવા જાય એ બધી ક્રિયાઓનો જાણનાર છે, અંદર રાગ થાય છે એને પણ આત્મા એમાં ભળીને રાગને જાણતો નથી. રાગથી ભિન્ન પડીને પોતાના જ્ઞાનને જાણતો રાગને જાણે એ દ્વિરૂપતા જ્ઞાનની સ્વપરપ્રકાશકની દશામય જ્ઞાન છે એનું. આહાહા..! સમજાણું કાંઈ?

મહાદિગંબર સાધુ, હજારો રાણીને ત્યાગી હોય. સમજાય છે? પંચ મહાવ્રતના અને કોઈ જીવને દુઃખ ન દેવા એવા પરિણામ (પાળતો હોય). પણ એ પરિણામ રાગ છે અને આત્મા ભિન્ન છે એનો અંતર વિવેક નથી તો એ મૂઢ અજ્ઞાની પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળનાર, કહે છે કે એના ભાવ બધા અજ્ઞાનમય છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જ્ઞાનીને તો સ્વપરનું ભેદજ્ઞાન થયું છે...'** ચોથા ગુણસ્થાનથી માંડીને જ્ઞાની કહેવામાં આવે છે. ધર્મીને કહો, જ્ઞાનીને કહો, સાધક, મોક્ષના સાધક જીવ કહો, એને તો સ્વપરનું ભેદજ્ઞાન, જુદાનું જ્ઞાન ભેદજ્ઞાન, ભેદજ્ઞાન (થયું છે). ભેદજ્ઞાન તે આત્મજ્ઞાન. આહાહા..! **'તેથી તેને પોતાના જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે;...'** અહીં કર્તાપણું સિદ્ધ કરવું છે. અહીં કર્તાપણું બતાવવું છે ને. કર્મપણાને પામેલો આત્મા કર્તા છે એમ સિદ્ધ કરવું છે. અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી, તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તાપણું છે. અહીં કર્તાપણું સિદ્ધ કરવું છે. જ્ઞાની-અજ્ઞાની કર્તા કોનો? કે આત્મા વસ્તુ છે અને પરિણમે છે તો પરિણમવું-પરિણામ એ કાર્યપણાને પામેલો એનો એ કર્તા. તો જ્ઞાની ક્યા પરિણામને પ્રાપ્ત છે? કે જ્ઞાનમય પરિણામને પ્રાપ્ત છે તેનો એ કર્તા (છે). અજ્ઞાની અજ્ઞાનમય રાગ અને દ્વેષ પરિણામને પામતો તેનો તે કર્તા (છે). સમજાણું કાંઈ?

**'જ્ઞાનમય ભાવથી શું થાય છે...'** હવે કર્મ બતાવે છે. **'અને અજ્ઞાનમય ભાવથી શું થાય તે હવે કહે છે :-'** ૧૨૭.

**अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि।**
**णाणमओ णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि।।१२७।।**
**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

કર્મ શબ્દે એના પરિણામ, હોં! જડ કર્મની અહીં વાત નથી. સમજાણું?

મુમુક્ષુ :- અજ્ઞાની આઠ કર્મ બાંધે.

ઉત્તર :- ઈ વાત જ ક્યાં? આઠ (કર્મ) બાંધવાની વાત જ કે દિ' હતી? આહાહા..!

અહીં તો આત્મા ત્રિકાળી અનંત ગુણનો પિંડ પ્રભુ, એને બદલવાના પરિણામ તે તેનું કાર્ય. એ બદલવાનું પરિણામ તે તેનું કર્મ. અજ્ઞાનીનું બદલવું સ્વસ્વભાવના ભેદ અને પરના ભેદ વિના છે. માટે તેનું કર્મ તો પુણ્ય અને પાપ તે અજ્ઞાનીનું કર્મ છે-અજ્ઞાનીનું કાર્ય છે. જ્ઞાનીને સ્વભાવ અને રાગથી ભિન્ન પડેલું જ્ઞાન છે. માટે જ્ઞાનીને શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ આદિ પરિણામ તે તેનું કર્મ છે. કહો, સમજાણું કાંઈ?

'**ટીકા :- અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' જુઓ! કારણ સાથે મૂકતા જાય છે. મિથ્યાદષ્ટિ છે કેમ? અજ્ઞાની છે એ કેમ? અજ્ઞાનપણું રહ્યું છે કેમ? કે '**સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...**' સાચા પ્રકારે વિકાર અને સ્વભાવની જુદાઈનું ભાન નહિ હોવાથી. આ એનો હેતુ મૂક્યો. કહો, દેવીરામજી! .. ભાન નથી. .. એવા રાજી થઈ જાય. સાધન છે ને. રાડ ઈ પોકારે છે બધા. આ બધું જે કહ્યું છે, આ ... 'દાન શિયળ તપ ભાવ' આવે છે ને? આપણે આવ્યું નહિ? આવી ગયું. ધર્મના ચાર પ્રકાર-દાન, શિયળ, તપ, ભાવ. પણ ઈ દાન, શિયળ, તપ ક્યારે? પરને દાન દેવાનો ભાવ એ શુભ છે, શરીરનું બ્રહ્મચર્ય પાળવું એ શુભ છે. આ અપવાસ-બપવાસ કરવા એમાં રાગ મંદ કર તો એ શુભ છે અને ભાવ એટલે એ શુભ છે. એ શુભના પ્રકાર છે. ધર્મનો પ્રકાર નથી. આહાહા..! આવા ને આવા. ધર્મના ચાર પ્રકાર ભગવાને ધર્મ કહ્યો. દાન શિયળ તપ ભાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ શુભ. કીધું ને. આવ્યું ને? આપણે આવી ગયું છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. પુરુષાર્થસિદ્ધમાં આવી ગયું છે. આવ્યું છે? હે જીવ! જિન ધર્મ કીજિયે. આ દયા છે ને? .. એટલે 'હે જીવ જિન ધર્મ સેવીયે, જૈન ધર્મ દાન, શિયળ, તપ, ભાવ એ ધર્મના ચાર પ્રકાર.' હાંકે ગાડા. બિચારા સાંભળનારને ખબર ન મળે, કહેનારને ખબર ન મળે. ભાઈ! એ દાન પરને દેવાનો ભાવ છે, જીવદયાનો ભાવ અભયદાનનો, આહાર દેવાનો ભાવ, ઔષધ દેવાનો ભાવ. સમજાય છે? અભય દેવાનો ભાવ, પુસ્તકાદિ (દેવાનો) એ બધો ભાવ શુભ છે. એ તો રાગ છે, ધર્મ નથી. વ્યવહાર ધર્મ છે. નિશ્ચય ધર્મનું ભાન હોય તો એને વ્યવહાર ધર્મ પુણ્યબંધન કહેવામાં આવે. નિશ્ચયનું જ્યાં ભાન નથી એને તો એકલો વ્યવહાર(જ) નિશ્ચય થઈ પડ્યો. આવ્યું ને સવારમાં?

મુમુક્ષુ :- માન કષાય...

ઉત્તર :- એ વળી તો તો પાપ જ બાંધે. માન કષાય કરે તો પાપ બાંધે. આ તો

માનકષાય નહિ. પણ આહાર, ઔષધ, અભય દાન કરે. ૨૦-૨૫ લાખ ખરચે. જૈનશાળા, પાઠશાળા, વિદ્યાશાળા ... એમાં રાગ મંદ છે તો શુભ છે. શરીરનું બ્રહ્મચર્ય પાળે મન-વચન-કાયાએ, હોં! શુભરાગથી. તો એ શુભરાગ છે. પુણ્ય રાગ વિકાર છે. દાન, શીલ, તપ. ઈચ્છા કંઈક ઓછી કરે. આહાર આદિ ખાવામાં મંદ. તો એ તપ પણ શુભરાગ છે. ધર્મ નહિ, ધર્મ નહિ, ધર્મ નહિ. અને ભાવ. એમાં વૃત્તિ ઉઠી છે રાગની મંદતા એ શુભભાવ. એ શુભભાવ અને આત્મા બેને અજ્ઞાનીએ એક માન્યા છે. જુઓ!

**'સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે...'** એ વિકારી પરિણામ અને ત્રિકાળી શુદ્ધ સ્વભાવને બેને એક માન્યા હોવાથી, બેને જુદા નહિ માનવાને લીધે **'ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી,...'** એ રાગના વિકલ્પથી ભગવાન નિર્વિકલ્પ જ્ઞાનસ્વરૂપ સમરસી પ્રભુ ભિન્ન છે તેની એને આત્માની પ્રસિદ્ધિ. આત્મપ્રસિદ્ધિ. આ ટીકાનું નામ જ આત્મપ્રસિદ્ધિ છે. આ ટીકાનું નામ આત્મપ્રસિદ્ધિ-આત્મખ્યાતિ (છે). એ આત્મખ્યાતિ આવ્યું ને અંદર? ટીકાનું નામ જ આત્મખ્યાતિ છે.

ભગવાન આત્મા શુભરાગથી પણ ભિન્ન છે એવું અજ્ઞાનીને ભાન નથી. એના વિવેક જ્યોતિ અસ્ત થઈ ગઈ છે. **'અજ્ઞાનમય ભાવ જ હોય છે,...'** એને બધા અજ્ઞાનમય (ભાવ હોય છે). વ્રત, તપ, દાન, દયા, પૂજા, ભક્તિ, જાત્રા જે કાંઈ ભાવ (થાય) એને બધો રાગમય છે અને એ અજ્ઞાનમય (છે). રાગ એટલે અજ્ઞાન છે. એ આત્માનું જ્ઞાન નથી. આત્માનો સ્વભાવ એમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? સમ્મેદશિખરની જાત્રા એક, બે, ત્રણ કરે તો થઈ જાય. .. ઓલા કહે, કલ્પસૂત્ર ૨૧ વાર વાંચે, સાંભળે.. હવે મરી જાને ૨૧ વાર શું અનંત વાર સાંભળ ને, એ બધો શુભ વિકલ્પ છે. ત્યાં ક્યાં ધર્મ હતો? સમૂળગું મિથ્યાત્વ પાકું કરે સાંભળીને. આહા..! શું થાય પણ?

અહીં તો કહે છે, શાસ્ત્રને ભણે અગિયાર અંગ તોપણ પરલક્ષી જ્ઞાન છે તે બંધનું જ કારણ છે એમ કહે છે. એ આ પરલક્ષીનો વિકલ્પ ઉઠ્યો છે અને રાગની મંદતા .. વિકાસ છે. એનાથી પણ ભિન્ન આત્મા છે એવો વિવેક જેને નથી એને ક્ષણે ક્ષણે બધા મિથ્યાત્વના જ ભાવ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મિથ્યાત્વની બીક નહોતી.

ઉત્તર :- બીક નહોતી. આ ઠીક કાઢે છે. મિથ્યાત્વની બીક નહોતી. એ તો મિથ્યાત્વ એટલે કાંઈ નહિ. આપણે આ કરીએ છીએ એ ધર્મ કરો. મિથ્યાત્વનું પાપ જ પાપ સંસાર છે. પછી રાગ-દ્વેષ રહ્યા એ તો અલ્પ પરિમિત અલ્પ કાળમાં ટળી જવાના. સમજાણું કાંઈ? એ તો આપણે આવી ગયું નહિ? મિથ્યાત્વનું પાપ. મિથ્યાત્વ એ આત્માના પરિણામ ....

પુરુષાર્થસિદ્ધિ ઉપાય. સવારમાં આવે છે. શું કરે? શેઠિયાઓ અને ત્યાગીઓ અને પંડિતો ત્રણેય સલવાઈ ગયા છે. શેઠિયાઓ પૈસા-બૈસા ખરચી એનાથી જાણે ધર્મ થઈ જશે. ત્યાગીઓ જાણે કે અમે આ ત્યાગ કર્યો છે અને અમે પાળીએ છીએ એમાં ધર્મ થાશે. પંડિત જાણે અમે ભણ્યા છીએ. સમજ્યાને? એમાં અમારે ધર્મ થશે. ત્રણેયમાં ધર્મ નથી, સાંભળને હવે. એય..!

એ કહે છે કે જે પર તરફનો શુભરાગ અને પર તરફનું જ્ઞાન અને પર તરફની શ્રદ્ધા અને પર તરફનો આચરણમાં વિકલ્પ, એનો અને આત્માના સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની પ્રસિદ્ધિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી અજ્ઞાનમય ભાવ જ હોય છે. એના બધા (ભાવ) અજ્ઞાન જ હોય છે. જાવ. ક્ષણે ક્ષણે રાગ એ મારું કર્તવ્ય છે. આ કર્તાકર્મ છે ને? અજ્ઞાનીને પુણ્ય-પાપના વિકલ્પ અને નિર્વિકલ્પ ચૈતન્યની બેની એક્તા ભાસી છે, ભિન્નતા ભાસી નથી. તેથી તેને ક્ષણે અને પળે જ્યાં જ્યાં વિકલ્પ ઉઠે તે મારું કામ છે, એ મારું કર્તવ્ય છે, એ મારી ફરજ છે, એ મારે કરવા જેવું છે, એમ માનીને ક્ષણે ક્ષણે તે મિથ્યાત્વને જ પોષે છે. મિથ્યાત્વના જ ભાવ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આવું બધું કરીએ છીએ. એય..! ભગવાનભાઈ! આટલું બધું અત્યાર સુધી શું કર્યું છે આ? પોષા કર્યા, પડિકમણા કર્યા, ચોવિહાર કર્યા, કંદમૂળ છોડ્યા, આ કેરી ન ખાધી, રસ છોડ્યા. એય..! ન્યાલભાઈ! પણ કાંઈ પણ બાહ્ય ત્યાગનો કાંઈક દોકડો તો ખરો કે નહિ કાંઈક? નહિતર એકાંત થઈ જશે. એય..! ભાઈ! તને ખબર નથી, બાપુ! બાહ્ય ત્યાગ છે ને ... જેને હજી મિથ્યાત્વ છે એ પહેલો ત્યાગ કર્યો નથી તે પહેલાં અવ્રતનો ત્યાગ ક્યાંથી આવ્યો? અને અવ્રતના ત્યાગ વિના સંયોગ છૂટ્યા એ વ્યવહારથી પણ કહેવામાં તારે માટે ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? પણ પહેલો ત્યાગ તો મિથ્યાત્વનો જોઈએ. બરાબર છે? મિથ્યાત્વ કોને કહેવું એની હજી ખબર ન મળે અને થઈ ગયો ત્યાગી, વ્રતી થઈ ગયો. પણ ક્યાંથી થઈ ગયો તું? ધર્મચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેમાં? આસ્રવ એમાં નથી આવતું? પાપમાં મિથ્યાત્વ નથી આવતું?

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચ આસ્રવ છે. પાંચ બંધના કારણ છે એ નથી આવતું? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. મિથ્યાત્વ, અવ્રત. પ્રમાદ, કષાય અને યોગ પાંચ બંધના કારણ. નવા કર્મ બંધાય એમાં પાંચ કારણ છે. એ પાંચેય આસ્રવ છે. એમાં પહેલો મિથ્યાત્વ આસ્રવ છે. હવે મિથ્યાત્વ આસ્રવ કોને કહેવો એની ખબર ન મળે અને થઈ ગયા વ્રત અને સંયમી અને ત્યાગી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, અજ્ઞાનીને એ રાગ અવ્રતના પરિણામ કે વ્રતના પરિણામ કે સ્વભાવ, એના ભિન્નતાના ભાન વિના તેને અજ્ઞાનમય... જોયું! અજ્ઞાનમય ભાવ જ હોય છે. એકલો મિથ્યાત્વ-રાગ-દ્વેષ-અજ્ઞાનમય ભાવ છે બધો. રાગ ઉત્પન્ન થાય એ સ્વરૂપનો સ્વભાવ એમાં નથી. તે રાગ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. પણ જ્ઞાનનો અભાવ છે એવા અજ્ઞાનમય ભાવ જ અજ્ઞાનીને થાય છે અને એમાં માને છે કે હું એટલે મિથ્યાત્વ ભેગું છે. સમજાણું કાંઈ?

'**અને તે હોતાં...**' શું હોતાં? અજ્ઞાનીને સ્વ અને પરનો સાચો ભેદ-વિવેક નહિ હોવાને લીધે. ભગવાન આત્મા પુણ્ય પરિણામથી જુદો ભાસ્યો નથી તેથી. આત્માની પ્રસિદ્ધિ આથમી ગઈ હોવાથી. એ કારણે. '**અજ્ઞાનમય ભાવ જ હોય છે, અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' જુઓ! કારણ આપ્યું. ઓલામાં ભેદ નહિ હોવાથી કીધું હતું. હવે અસ્તિ લીધી. પહેલા કીધું, ભેદજ્ઞાન નહિ હોવાથી અજ્ઞાનમય છે. '**અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' સ્વ નામ જ્ઞાયક સ્વભાવ અને પર નામ વિકલ્પ રાગ, દયા, દાન આદિ એના એકત્વના અધ્યાસને લીધે, બેના એકપણાની ટેવને લીધે, બેના એકપણાની શ્રદ્ધાને લીધે '**જ્ઞાનમાત્ર એવા પોતામાંથી (આત્મસ્વરૂપમાંથી) ભ્રષ્ટ થયેલો,...**' સમજાણું કાંઈ?

'**અને તે હોતાં (હોવાથી), સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...**' બહુ સરસ વાત! મીઠી અને ટૂંકી. ભાઈ! એ વિકારી ભાવ જે થયા એ અજ્ઞાનમય છે અને એને એ અજ્ઞાનમય હોતાં સ્વપરના એકપણાની ટેવ, અધ્યાસ-અધ્યાસને લઈને, ટેવાઈ ગયેલાને લીધે, જ્ઞાનમાત્ર એવો જે પોતાનો (સ્વભાવ), જ્ઞાનસ્વરૂપ ભગવાન એકલો જ્ઞાનમય, આનંદમય, શાંતમય, શ્રદ્ધામય '**એવા પોતામાંથી ભ્રષ્ટ થયેલો,...**' છે એ. રાગભાવ, પુણ્યભાવ, પુણ્ય-પાપના વિકલ્પને પામેલો અને ભેદજ્ઞાનને નહિ પામેલો અને બેની એકતાને પામેલો તે જ્ઞાનમાત્ર એવા પોતામાંથી. જુઓ! '**જ્ઞાનમાત્ર એવા પોતામાંથી..**' પોતે સ્વરૂપ. આત્મા કેવો છે? કે ચૈતન્યમાત્ર, જ્ઞાનમાત્ર શુદ્ધ સ્વભાવમાત્ર આત્મા (છે). '**એવા પોતામાંથી ભ્રષ્ટ થયેલો, પર એવા રાગદ્વેષ સાથે એક થઈને...**' પર એવા.. જોયું! જ્ઞાનમાત્ર એવો પોતે અને પર એવા રાગદ્વેષ. બેની વ્યાખ્યા કરી.

(પહેલાં) સ્વપર-સ્વપર કહ્યું હતું. ભેદ નથી. વળી સ્વપરની એક્તા થઈ. તો સ્વપર છે શું ત્યારે? કે '**જ્ઞાનમાત્ર એવા...**' પોતાનો સ્વભાવ. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સૂર્ય. શાંત વીતરાગી શ્રદ્ધા, શાંત આદિ સ્વરૂપ એવો જે જ્ઞાનમાત્ર આત્મભાવ, એનાથી ભ્રષ્ટ થયેલો અને પર એવા પુણ્ય-પાપના રાગ દ્વેષ સાથે એક થઈને, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, કામ, ક્રોધના

વિકલ્પ સાથે '**એક થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે...**' જેને આત્માનું ભિન્નપણું ભાસ્યું નથી તેથી 'વિકારમાં હું છું' એવું ભાસ્યું છે. ભારે વાત, ભાઈ!

શુભ-અશુભરાગ જે પર છે એમાં એક થઈ ગયેલો છે અજ્ઞાની. એને લઈને '**જેને અહંકાર પ્રવર્ત્યો છે...**' કારણ કે આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ છે શુદ્ધ, એમાંથી તો ભ્રષ્ટ થયો છે. રાગ સાથે એકત્વમાં આવી ગયો છે. એથી એને પુણ્યના પરિણામ જે કાંઈ થયા-દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એમાં જેને અહંકાર પ્રવર્ત્યો છે. આ હું... આ હું.. આ હું... આ મારું કામ. વીતરાગની વાત જગતને એવું આકરું પડે. કહો, સમજાણું આમાં? બાપુ! વીતરાગમાર્ગ તે વીતરાગભાવથી પ્રગટ થાય કે વીતરાગમાર્ગ કોઈ રાગથી પ્રગટ થાય? તો વીતરાગ માર્ગ કહેવો કોને?

જ્ઞાનમાત્ર એવો જે પોતાનો ભાવ. જ્ઞાનમાત્ર શબ્દે રાગ નહિ. જ્ઞાન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર, સ્વચ્છતા, વિભુતા એવા શુદ્ધ જ્ઞાનની સાથે અવિનાભાવવાળા અનંત શુદ્ધભાવ, એવો જે જ્ઞાનમાત્ર આત્મા, એમાંથી તો ભ્રષ્ટ થઈ ગયો. શું કહે છે સમજાય છે કાંઈ? અજ્ઞાની એને કહીએ કે જે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમાનંદની મૂર્તિ છે, એને પોતાના સ્વરૂપને વિકારથી ભિન્ન ન માનતા, જે કંઈ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ થયા તેમાં પોતે અજ્ઞાની હુંપણે માની રહ્યો છે. આહાહા..! આવી વાતું ભારે! આ શરીર-બરીર તો ક્યાંય જડ રહી ગયા બહાર. કર્મ તો ક્યાંય રહી ગયા જડ. ફક્ત અહીં પોતે જ્ઞાનાનંદ ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ છે. એને અને દયા, દાન, વ્રત, ભક્તિના જે પરિણામ ઉઠ્યા છે એ શુભરાગ છે. એ રાગને પોતાનો માની અને રાગમાં એકત્વ થઈ અને રાગ તે હું છું એમ અજ્ઞાની માની રહ્યો છે. આહાહા..!

એવો '**જેને અહંકાર પ્રવર્ત્યો છે...**' જુઓ! ભાષા છે. જેને ભગવાન આત્મા પુણ્ય-પાપના શુભરાગથી ભિન્ન ચૈતન્ય છે એવી જેને અંતરદૃષ્ટિ ઉઘડી નથી, એ ચાહે સો ગમે તેમાં પડ્યો હોય. ત્યાગી થયો હોય, ભોગી થઈને પડ્યો હોય પણ એને જે શુભ અને અશુભરાગ આવે છે એ શુભરાગમાં અહંકારપણે પ્રવર્તે છે. સમજાણું કાંઈ? શોભાલાલજી! આ પૈસા-બૈસાનું તો ક્યાંય ગયું, હોં! તમારા બધા પચાસ લાખ ને સાંઈઠ લાખ ને કરોડ ને ધૂળ, એ તો એક કોર પડ્યા રહ્યા.

મુમુક્ષુ :- ઘરે રહ્યા?

ઉત્તર :- એને ઘરે. પૈસાના ઘરે પૈસા. અહીં ક્યાં ગરી ગયા હતા? શરીર પણ જડમાં રહી ગયું. જડમાં. માટી છે આ તો ધૂળ છે, અજીવતત્ત્વ છે.

અહીં તો ફક્ત અંદરમાં શુભ અને અશુભ બે પ્રકારના રાગ થાય છે. એ રાગને પોતાના

સ્વરૂપ માને છે અને રાગમાં અહંકાર કરે (છે કે) એ રાગ મારું કર્તવ્ય છે. એ અજ્ઞાનીનો વિકારભાવ છે, એ અજ્ઞાનમય ભાવ છે, એને અધર્મનો લાભ છે. આવી આકરી વાત છે. બાપુ! વીતરાગમાર્ગ એવો છે. એ સર્વજ્ઞ પરમેશ્વર ત્રણ કાળનું જેને જ્ઞાન છે, એણે જે આત્મા (જોયો તે આવો છે). ભાઈ! આ આત્મા તારો એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે એવું જ્યાં સુધી ભાન નહિ કર ત્યાં સુધી રખડવાનું તારું મટશે નહિ. ચોર્યાશીના ધોકા ખાવા છે બધા. સમજાય છે કાંઈ? એ કહે છે.

જેને '**પર એવા રાગદ્વેષ...**' શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા બિચારા. આ તો જડ, માટી, ધૂળ. પુણ્ય અને પાપના ભાવ થાય તે આત્માના સ્વભાવથી પર છે, જુદા છે. એવા પર એવા... એય..! હિંમતભાઈ! સમજાય છે આમાં કાંઈ? માંડ કો'ક દિ' સાંભળે. બે-ચાર વર્ષે આવે એમાં આવું આવે એમાં ક્યાં પકડવું? આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર સર્વજ્ઞદેવ ઈન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાન ફરમાવે છે કે ભાઈ! અજ્ઞાની તું કેમ રહ્યો? ચાર ગતિમાં રખડવાના ભવના બીજડાં તેં કેમ સેવ્યા? કે જે પુણ્ય અને પાપના ભાવ છે તે મારા છે એવો અહંકાર તને વર્તે છે એ તારો મિથ્યાત્વ ભાવ છે. એ મિથ્યાત્વ ભાવમાં અનંતા શરીરને પરિભ્રમણ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? કોળાના બીજમાં મોટા કોળા આવા પાકે એની તાકાત છે બીજમાં. કોળા સમજો છો? સાકર કોળા નથી થતા? શું કહે છે તમારે? શું કહે છે? કોળા કહે છે અમારે. એના બીજ નાના હોય છે. .. હોય છે આવડા.

ભગવાન કહે છે કે ભાઈ! તને ખબર નથી. ભગવાન ચૈતન્ય જ્ઞાનમય જ્યોત છે. એની સાથે તું પુણ્ય-પાપના પરિણામને એકપણે માનીશ તો એ મિથ્યાત્વરૂપી બીજડામાં અનંતા ભવ કરવાની તાકાત છે. એમાં અનંતા ભવમાં નરક અને નિગોદ પણ આવી જશે. સમજાણું કાંઈ? એ વાત, ભગવાને કહેલી વાત તેં સાંભળી નથી. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (થયું છે). ભાઈ! પરમેશ્વર એમ ફરમાવે છે, ભાઈ! તું અજ્ઞાની કેમ રહ્યો? અને અજ્ઞાનને કારણે તેં શું કર્યું? તેં કર્યા વિકારના ભાવ. પુણ્ય-પાપના ભાવ તેં અજ્ઞાનમયથી કર્યા અને એમાં તને વર્ત્યો અહંકાર કે આ હું છું. એને લઈને આવ્યો પોતે '**હું ખરેખર રાગી છું,...**' જુઓ! અજ્ઞાનીને તે રાગ થયો તે હું, રાગ મારો અને રાગ મારું કામ. બસ! આ એની મૂઢતા. અનાદિની મૂઢતા. ભલે ત્યાગી થાય, ભોગી થાય, બાવો થાય, સાધુ થાય. પણ મૂઢ એના રાગ પરિણામ છે દયા-દાનના એને પોતાના માને છે એ જ એનો મિથ્યાત્વભાવ ચાર ગતિમાં રખડવાનું બીજડું છે. સમજાણું કાંઈ? ભારે! છે? એમાં છે કે નહિ? ક્યાં છે?

**'એવો પોતે...'** **'જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે...'** ભગવાન ચૈતન્યસૂર્ય છે. પરમેશ્વર સર્વજ્ઞદેવે તો આત્મા નિજ સત્તાએ શુદ્ધ આનંદકંદ જોયો છે અને એવો એ છે. અજ્ઞાની અનાદિ કાળથી એને ન જાણતા, ન માનતા, એના તરફની સન્મુખતા નહિ કરતાં, એકલા વિકારી પરિણામને પોતાના માની અહંકાર પ્રવર્ત્યો (કે) હું રાગી છું. હું આત્મા આનંદ છું એમ નહિ. હું તો રાગને કરનાર છું. મેં રાગ કર્યો અને હું રાગનો કરનાર છું. હું મેલો છું. નિર્મળાનંદ ભગવાન ભિન્ન છે એની એને શ્રદ્ધા નથી. આકરી વાત છે આ.

ગૃહસ્થાશ્રમમાં પણ જ્યાં સુધી પુણ્ય-પાપના ભાવ અને આત્મા ભિન્ન ન માને, ભિન્ન ન જાણે ત્યાં સુધી તેનું મિથ્યાત્વ ટળે નહિ અને મિથ્યાત્વ ટળ્યા વિના તેના જન્મ-મરણના ફેરા આવે નહિ. આહાહા..! એમ અહીં પરમેશ્વર ફરમાવે છે સંત કુંદકુંદાચાર્ય અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત જંગલવાસી. પરમેશ્વર ત્રિલોકના નાથ એમ કહે છે કે ભાઈ! તું અજ્ઞાની કેમ રહ્યો? તું સંસારમાં રખડનાર કેમ રહ્યો? કે તેં રાગાદિ જે પરિણામ કર્યા, શુભ હોં! દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ જે શુભ, એ મારા અને એ મારું કર્તવ્ય છે તેથી તું મૂઢ રહ્યો. તેથી તારા બધા ભાવ મિથ્યાત્વના થયા અને મિથ્યાત્વના ભાવ એ સંસારમાં રખડવાના ભાવ છે. એય..! ધર્મચંદજી!

આ હું. એમ શબ્દ છે ને? ભાઈ! જુઓ! આ રાગ થયો ને રાગ? **'આ હું ખરેખર રાગી છું,...'** એ રાગ મારું કર્તવ્ય છે, રાગ મારું કામ છે, રાગ મારી ફરજ છે એવું અજ્ઞાની માનીને રાગ હું છું એમ માન્યું છે. એનું નામ ભગવાન મિથ્યાદૃષ્ટિપણું અને અજ્ઞાની કહે છે. **'હું દ્વેષી છું (અર્થાત્ આ હું રાગ કરું છું, દ્વેષ કરું છું)...'** આ હું દ્વેષ છું. દ્વેષ અણગમો થયો ને જરી, દ્વેષ હું છું. **'એમ (માનતો થકો) રાગી અને દ્વેષી થાય છે.'** ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે તે જ્ઞાની થતો નથી, આત્મા થતો નથી, આત્મા થતો નથી. પુણ્ય-પાપના ભાવથી આત્મા જુદો આત્મા થતો નથી. પણ પુણ્ય-પાપના ભાવવાળો હું એવો એ રાગી-દ્વેષી થાય છે. સમજાણું કાંઈ?

**'તેથી અજ્ઞાનમય ભાવને લીધે...'** તેથી અજ્ઞાનમય ભાવને લીધે ભગવાન આત્માની ચૈતન્યસૂર્યની જાતના ભાન વિના એ વિકારના પરિણામ જેટલા શુભ અને અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના થયા એ બધા **'અજ્ઞાનમય ભાવને લીધે અજ્ઞાની પોતાને...'** અજ્ઞાની પોતાને અને **'પર એવા રાગદ્વેષરૂપ કરતો થકો...'** **'અજ્ઞાની પોતાને પર એવા રાગ-દ્વેષરૂપ કરતો થકો કર્મોને કરે છે.'** કેવી વાત! મહાપ્રભુ શાંતરસનો દરિયો ભગવાન આત્મા છે. સમરસી સ્વરૂપ પ્રભુ આત્મા છે. વીતરાગ સ્વભાવનો પિંડ છે. એવા સ્વભાવનું ભાન નહિ કરીને અને તેનાથી ભ્રષ્ટ થયેલો, પુણ્ય અને પાપના પરિણામપણે હું છું એમ

માનીને અજ્ઞાનમય ભાવો રાગદ્વેષ એને કરીને તેનો તે કર્તા થાય છે. અહીં તો કર્મોને કરે છે એમ સિદ્ધ કરવું છે. એવા રાગ અને દ્વેષ પરિણામરૂપી કર્મ, એને અજ્ઞાની કરે છે. પરનું તો ત્રણ કાળમાં કાંઈ કરતો નથી. સમજાણું કાંઈ? છેલ્લો સરવાળો.

કરે શું અજ્ઞાની? અંદર પુણ્ય-પાપના ભાવમાં એકત્વ થઈને આ મારા, કામ એટલું કરે છે. એ સિવાય ફુદરડી ફેરવવાની તાકાત આત્મામાં ત્રણ કાળમાં બીજી નથી. શરીર હલવવું, પૈસા દેવા-લેવા એ આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. અજ્ઞાની કે જ્ઞાની. કેમ કે એની સત્તામાં જે હોય, એના હોવાપણામાં હોય એને કરે. આ વસ્તુ કાંઈ એના હોવાપણામાં નથી. આ તો ભિન્ન ચીજ છે. એના હોવાપણામાં પોતાના સ્વરૂપને ભૂલી, શુદ્ધ ચૈતન્ય આનંદને ભૂલી અને પુણ્ય અને પાપના રાગમાં પોતાપણે માની અને એવા કાર્યપણાને કરે છે એ અજ્ઞાનીનું કાર્ય છે. અજ્ઞાનીનું કાર્ય છે. અજ્ઞાનીનું શરીરનું કામ કે બીજાને લેવાદેવાનું કામ એ કામ એનું છે નહિ. એ બધા જડના કામ જડથી થાય. એમાં અજ્ઞાની માને છે કે મેં આ કામ કર્યા. એવો જે અજ્ઞાનનો ભાવ, મિથ્યાત્વનો ભાવ એ ચાર ગતિમાં રખડવાનો ભાવ છે. જ્ઞાનીને એ ભાવ હોતો નથી. એ પછી કહેશે. અજ્ઞાનીને આવો ભાવ અનાદિનો છે.

જ્ઞાનીને પુણ્ય-પાપના ભાવ હોવા છતાં મારી ચીજ એનાથી ભિન્ન છે, હું તો ચૈતન્ય જ્યોત છું. એવા ભાનમાં જ્ઞાનમયના ભાવને કરતો તેના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામને કરતો જ્ઞાતા-દૃષ્ટા તેનું કાર્ય છે. જ્ઞાનીનું રાગાદિ કાર્ય છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૦, ગુરુવાર તા. ૫-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૨૭, પ્રવચન-૨૧૫**

આ સમયસાર અધિકાર છે. સમયસાર એટલે આત્માનો અધિકાર. એમાં કર્તાકર્મ અધિકાર. અજ્ઞાનીનું કાર્ય શું અને જ્ઞાનીનું કાર્ય શું? કર્તાકર્મ અધિકાર છે ને? અજ્ઞાની કર્તા થઈને શું કાર્ય કરે? અને ધર્મી કર્તા થઈને શું કાર્ય કરે? એ અધિકાર છે. અજ્ઞાનીની વાત આવી ગઈ છે.

'**જ્ઞાનીને તો,...**' જ્ઞાની એને કહીએ, ધર્મી એને કહીએ કે જે આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે, આ આત્મા જે છે એ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે, એવા આત્માની જેણે શરીર, વાણી, મન તો આ જડ-માટી-ધૂળ છે પણ અંદરમાં શુભ અને અશુભ રાગ વિકલ્પ જે મલિન ભાવ પરસન્મુખના પુણ્ય અને પાપના, શુભ અને અશુભના જે રાગભાવ (થાય) એ મલિન છે. એનાથી ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ ભિન્ન છે. એવું જેને આત્મજ્ઞાન થયું છે એટલે કે જેને ધર્મની દશા, ધર્મી એવો જે આત્મા, અનંત ગુણનો શાંતરસનો કંદ પ્રભુ, એનું જેને પુણ્ય-પાપના રાગથી બહિર્મુખની જે લાગણી શુભ-અશુભભાવ છે, એનાથી (ભિન્ન) અંતર્મુખ ચૈતન્ય શુદ્ધ તરફ વળતાં એ રાગ અને વિકારથી ભિન્નપણું ચૈતન્યનું સ્વપણું રાગથી ભિન્ન જેને ભાસ્યું છે એને ધર્મી કહીએ, તેને જ્ઞાની કહીએ, તેને સુખી કહીએ.

મુમુક્ષુ :- સુખી એને કહેવાય?

ઉત્તર :- તે સુખી. કેમ હશે? ધર્મચંદજી! એય..! શોભાલાલજી! આ પૈસા-બૈસાવાળા સુખી હશે કે નહિ? ધૂળમાંય સુખ નથી. મૂઢ માને છે.

સુખ તો આત્મભાનમાં છે. આત્મા પોતે સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત જ્ઞાન ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય શાંતરસનો પિંડ આત્મા છે. એની એને અનંત કાળથી ખબર નથી. કેમ કે એની અનાદિની દૃષ્ટિ પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ ઉઠે તેનું વર્તમાન દશાનું વલણ એ વિકાર ઉપર છે. અને વિકાર ઉપર હોવાથી તેને વિકારપણું તે હું અને ત્રિકાળ સ્વરૂપ વિકારથી ભિન્ન ચિદાનંદ તે હું નહિ, એવી અંતરમાં પ્રતીતિના ભાનને કારણે અજ્ઞાનીને એકલું વિકારનું વેદન એટલે દુઃખનું વેદન છે. શોભાલાલજી!

મુમુક્ષુ :- કેટલા કલાક?

ઉત્તર :- ચોવીસે કલાક. કલાક કેટલા શું? આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનની, ચૈતન્યસૂર્યની મૂર્તિ છે. ચૈતન્યમૂર્તિ આત્મા છે. ચૈતન્યપ્રકાશ

અને અતીન્દ્રિય આનંદ જેનો નિત્યાનંદ સ્વભાવ છે. એવો જે આ આત્મા, એનું જેને ભાન નથી, એને તો વર્તમાનમાં બાહ્ય પદાર્થના લક્ષે ઉત્પન્ન થયેલા શુભ અને અશુભ, પુણ્ય અને પાપના ભાવ, તેને પોતાનું કાર્ય અને કર્તવ્ય માની તેનો કર્તા થઈ અને તે વિકારને દુઃખી થઈને વેદે છે. ભારે વ્યાખ્યા ભાઈ ઝીણી! સમજાણું કાંઈ?

ચાહે સો રાજા હો, ચાહે સો સ્વર્ગનો દેવ હો, કીડો હો, કાગડો હો કે નરકમાં નીચે નારકી હો. પણ ભગવાન આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ ધ્રુવ નિત્યાનંદ આદિ-અંત વિનાનું જે ચૈતન્યતત્ત્વ, એવા શુદ્ધ સ્વભાવનું જેને અંતર ભાન નથી, દૃષ્ટિ નથી, પુણ્ય અને પાપના રાગથી જેણે પોતાને પરથી ભિન્ન પાડ્યો નથી, પર નામ પુણ્ય અને પાપના રાગ છે તેનાથી ભગવાન જ્ઞાનાનંદ ભિન્ન છે, એવું જેણે ભેદજ્ઞાન નામ પરથી ભિન્નપણાનું ભાન કર્યું નથી, તે વિકારને પોતાનો માનીને ચાર ગતિમાં દુઃખી થઈ રહ્યો છે. ભારે વ્યાખ્યા ભાઈ આકરી જગતને. ખાતા-પીતા લહેર કરતા દેખાય ને. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારના પગાર (હોય). એય..! પગાર એટલે એ તો ધૂળ છે બહારની. એને ભગવાન આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ ધ્રુવ શાંતરસનો પિંડ અનાદિ અનંત નિત્યાનંદ ધ્રુવ, એવું જેને અંતર્મુખ થઈને પ્રતીતિના અંતર ભરોસા ભાવના આવ્યા નથી, એને આ પુણ્ય-પાપના ભાવના ભરોસે ચડ્યો અનાદિથી દુઃખી થઈ રહ્યો છે. બરાબર હશે? રાજમલજી! એય..!

ત્યારે સુખી કોણ છે? એટલે કે ધર્મી કોણ છે? એટલે કે જ્ઞાની કોણ છે? એ ત્રણેનો એક જ અર્થ છે. સુખી કહો, જ્ઞાની કહો કે ધર્મી કહો. '**જ્ઞાનીને તો,...**' જુઓ! પહેલો શબ્દ પડ્યો છે એની વ્યાખ્યા છે. '**સમ્યક્ પ્રકારે સ્વપરના વિવેક વડે...**' ધર્મી જીવને હું એક આનંદ અને જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય છું, શાશ્વત સત્ છું, અણકરાયેલો અકૃત્રિમ પદાર્થ છું. છે.. છે. એવો અણકરાયેલ અકૃત્રિમ જ્ઞાનાનંદ સ્વરૂપ તે હું છું. તે સ્વ છે. અને પુણ્ય-પાપના વિકલ્પોની વૃત્તિઓ જે લાગણી ઉઠે છે તે કૃત્રિમ, અકૃત્રિમ ત્રિકાળી પદાર્થના સ્વભાવથી વિરૂદ્ધ વિકૃતભાવ છે. એનો જેને વિવેક વડે, એ વિકારની લાગણીઓ કૃત્રિમ અને અકૃત્રિમ જ્ઞાનાનંદ બેની વચ્ચેનો વિવેક-જુદાપણાના ભાન વડે, '**ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી,...**' જગતને આ વાત ક્યાં. અત્યારે હા હોની હરિફાઈ એવી ચાલે છે. હા.. હોની હરિફાઈ. ઓલો કહે કે આમ રળું, ઓલો કહે કે ધૂળ રળું, ઓલો કહે કે પાંચ લાખ રળું, ઓલો કહે, દસ (રળું) ઓલો કહે દસ .. ઓલો કહે, પાંચ .. છું. ... અમે તો આમ હુશિયાર છીએ. ધૂળેય નથી, સાંભળને હવે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, એને સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણ શુદ્ધ અને આનંદ જોયો છે આત્મામાં. એવા આનંદ સ્વરૂપને અને રાગાદિ વિકલ્પ ઉઠે દયા, દાન,

વ્રત, ભક્તિ, તપ, પૂજાનો રાગ, એ રાગને અહીંયાં પર કહેવામાં આવે છે. કેમ કે ક્ષણિક છે, મલિન છે, કૃત્રિમ, નવી ઊપજ છે. નવી ઊપજ છે. અને સ્વ જે જ્ઞાનાનંદ મૂર્તિ એ સ્વ છે, નવીન ઉત્પત્તિ નથી, ધ્રુવ છે, અનાદિઅનંત છે. સમજાણું કાંઈ આમાં? એ બે- સ્વ અને પરનો જેને વિવેક, વિવેક નામ ભિન્નતા, વિવેક વડે એટલે બેની એક્તા તોડીને વિવેક-ભિન્ન પડ્યો છે. ભિન્ન આત્માની ખ્યાતિ (ઉદય થઈ છે).

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ અને આ રાગ તે વિકલ્પ તે ભિન્ન છે. એ રાગથી આત્માની અંતર સ્વભાવ શક્તિનું સત્ત્વ ભિન્ન પાડીને જેને આત્માની પ્રસિદ્ધિ (થઈ છે) કે હું તો શુદ્ધ અને આનંદ છું. એમ જેને આત્માની અત્યંત ઉદય નામ પ્રસિદ્ધિ પ્રગટ થઈ છે એને ધર્મી કહીએ, એને જ્ઞાની કહીએ, એને સુખી કહીએ. વ્યાખ્યા આવી, ભાઈ! સમજાણું કાંઈ? એય..! માંગીરામજી! શું છે? શું માગવું છે? આત્મા? આહાહા..!

પ્રભુ! તને તારી ખબર નથી. એને ખબર નથી. એ શું છે? મહાન ચૈતન્ય પદાર્થ જગતના તેજનો તેજક-બતાવનાર. જગતના પ્રકાશને પ્રકાશનાર ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે અને જે કાંઈ સુખ કહીએ એ સુખ એટલે આનંદ તો એના સ્વભાવમાં પ્રદેશે પ્રદેશે ઠાંસીને ભર્યો છે. આ વાત..! જેને ભગવાન અસંખ્ય પ્રદેશ કહે છે. પરમેશ્વર સર્વજ્ઞદેવ અસંખ્ય (પ્રદેશ કહે છે). એમાં આખો અતીન્દ્રિય એક આનંદરસ, જ્ઞાનરસ અને શાંતરસ એટલે ચારિત્ર એવા રસનું સ્વરૂપ જે ભગવાન આત્મા છે, એને જેણે શુભઉપયોગ શુભરાગ-દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઉઠે છે એ શુભરાગ છે. એનાથી જેણે આત્માના સ્વભાવને વિવેક વડે કરીને સ્વસન્મુખ થઈને, રાગથી ભિન્ન પડીને ભિન્ન આત્માની પ્રસિદ્ધિ અંતર દૃષ્ટિમાં કરી છે તેને જ્ઞાની કહેવામાં આવે છે. ભલે એ ચોથા ગુણસ્થાનમાં હોય. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં હોય.

મુમુક્ષુ :-

ઉત્તર :- ... એમ કે બાયડી-છોકરા, પૈસા .. સુખ સાધન.. આ સુખના સાધન છે ધૂળ બધી. શોભાલાલજી! ત્યાં મકાન નથી, હોં! પાંચ-પાંચ, છ-છ લાખના આરસપહાણના. ત્યાં નથી જરીએ. અતીન્દ્રિય આનંદ અંદર છે. ખબર ક્યાં છે? હું કોણ છું? સત્નું સત્ત્વ શું છે? વસ્તુ એ સત્ છે આત્મા. સત્ છે તેનું સત્ત્વ, એનું સત્પણું, ભાવપણું, શુદ્ધપણું, ધ્રુવપણું શું છે? એ સત્ છે એનું સત્ત્વ તો એકલું જ્ઞાન અને આનંદનું એનું સત્ત્વ છે. સમજાણું કાંઈ? ...

ધર્મને બહાને તો કંઈક બિચારા ધર્મ કરો, ધર્મ કરો (બોલે). પણ ક્યાં ધર્મ કરવો ખબર છે તને? ધર્મ ક્યાં થાતો હશે એનું ભાન ન મળે. ડુંગરે થાતો હશે? દેરાસરમાં થાતો હશે?

મકાનમાં થાતો હશે? ક્યાં થાતો હશે? એ તો શુભભાવ હોય છે ત્યારે એનું લક્ષ પર ઉપર જાય એનું નામ પુણ્યભાવ છે. ધર્મ એ નથી. સમજાણું કાંઈ?

ભગવાન સ્વપરના પ્રકાશ વડે ભિન્ન આત્માની ખ્યાતિ નામ પ્રસિદ્ધિ (પામે છે.) જે અનાદિથી પુણ્ય અને પાપના મલિન વિકલ્પોમાં જ પોતાપણું માનીને તે હું છું એમ પ્રસિદ્ધિ વિકારની હતી એ સંસાર હતો, એ દુઃખી હતો, એ ભ્રાંતિમાં પડેલો હતો. ચાહે સો એ ત્યાગી થયેલો હોય, બાયડી-છોકરા છોડીને બેઠો હોય, વનમાં ગયો હોય પણ અંદરમાં શુભ-અશુભ રાગની લાગણી સાથે જેને એકત્વબુદ્ધિ આત્મામાં છે તે મિથ્યાદષ્ટિ અજ્ઞાની મૂઢ સંસારી પ્રાણી છે. સમજાણું કાંઈ?

છ ખંડના રાજમાં પડ્યો દેખાય, પણ જેણે અંતર ભગવાન ચિદાનંદની જ્યોતને પુણ્ય-પાપના રાગના પરસન્મુખની લાગણીથી સ્વ સ્વભાવ શુદ્ધ એના સ્વસન્મુખની એકાગ્રતાથી, જેણે રાગ અને વીતરાગ આત્માનું સ્વરૂપ બેને જુદા પાડ્યા છે. એને આત્માની પ્રસિદ્ધિ અત્યંત ઉદય પામી છે. આત્મા છે તેવો પ્રસિદ્ધપણાને પામ્યો છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ છું. પવિત્ર છું, આનંદ છું, જ્ઞાયક છું. એમ જ્યાં રાગના વિકલ્પની પરસન્મુખની લાગણીથી ખસી, સ્વ ચૈતન્યના સન્મુખમાં એકાગ્ર થતાં આત્મા જે સ્વભાવે છે તેની શક્તિની વ્યક્તતા પર્યાયમાં પ્રગટ થતાં આત્મા પ્રસિદ્ધિને પામે છે. હું શાંત છું, જ્ઞાતા છું, દષ્ટા છું, આનંદ છું એવું જ્યાં અંતરમાં ભાન થયું એને આત્મપ્રસિદ્ધિ પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કઈ જાતની આ તે ધર્મની વ્યાખ્યા? આ તો બિચારા બહારથી કાંઈક કરતા હોય થોડું ઘણું, પાપની દુકાન છોડીને ચાલો, પૂજા કરીએ, ચાલો ભક્તિ કરીએ, દયા પાળીએ, દાન કરીએ બે-પાંચ-દસ લાખનું. લ્યોને. ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને હવે. ત્યાં રાગ છે. ધર્મ કેવા એમાં?

ધર્મ તો એ રાગના વિકલ્પની લાગણીની કૃત્રિમતાથી (ભિન્ન) અકૃત્રિમ ચૈતન્યના સ્વભાવનો સ્પર્શ કર, એને રાગથી ભેદ પાડીને ચૈતન્યના સ્વભાવની ધ્રુવતામાં વર્તમાન દશાને એકતા કરવાથી એનું પ્રસિદ્ધપણું પામે (કે) હું તો જ્ઞાન છું, આનંદ છું, શાંતિ છું. એવું ધર્મીને, એવું જ્ઞાનીને દશામાં આત્માના શુદ્ધ સ્વભાવની, રાગથી ભિન્ન પડવાના કારણે શાંતિની પ્રસિદ્ધિ આત્મામાં દશામાં થાય છે. એને ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. બાકી એકડા વિનાના થોથા- મીંડા. સમજાણું કાંઈ? આ વાત. એક જણો કહેતો, આવો ધર્મ ક્યાંથી ગોતી કાઢ્યો? અમે બધા કરીએ છીએ અત્યાર સુધી એ નહિ અને આ વળી શું? પણ તમે કરો છો શું એનું ભાન જ ક્યાં છે તમને કે ધર્મ કરીએ છીએ. રોકે ક્યાંથી? આત્મામાં છે એ. સમજાણું કાંઈ?

તેને '**ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે,...**' અહીં વજન વધારે છે. શું કહે છે? કાર્ય બતાવવું છે ને? કર્તાનું કાર્ય. કર્તા રચનાર, બનનારનું બનેલું કાર્ય. ભગવાન આત્મા રાગ અને વિકલ્પથી ચૈતન્યના સ્વભાવને ભિન્ન જાણતા તે કર્તા એવો આત્મા, એની દશામાં રાગથી ભિન્ન પડેલી આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપી જ્ઞાનમય ભાવ તેનું કાર્ય છે. સમજાણું કાંઈ? આ વાત પણ... કહો, સમજાય છે કે નહિ? એય..! અમૃતલાલભાઈ! આ માંડલા-બાંડલામાં હતું કે નહિ આવું? ક્યાં ગયા, અમરચંદભાઈ આવ્યા છે કે નથી? નથી આવ્યા? અમૃતલાલભાઈ આવ્યા છે. માંડલે હતા કે નહિ? એ આવતા અહીંયાં. કાલે તો હતા. અહીં પાઠશાળા શીખવે છે. આ પાઠશાળા કોઈ જુદી જાતની છે. સમજાણું કાંઈ?

કહે છે, ભાઈ! ભગવાન! તું તો ચૈતન્યની મૂર્તિ છોને, ભાઈ! અને રાગાદિ તારામાં કાંઈ પણ થતાં એ પરના લક્ષે થયેલી મલિન દશા છે. એ મલિનતાની સન્મુખ અંદર જોઈને તું અનાદિ કાળથી રખડી રહ્યો છો. એ મલિનતાના પરિણામથી, કૃત્રિમ દશાથી (ભિન્ન પડી) અંતર સ્વરૂપમાં જતાં નિર્મળાનંદનું ભાન થતાં તેને મલિનથી (ભિન્ન) નિર્મળ સ્વભાવની શક્તિ, એની એકાગ્રતા થતાં વ્યક્ત રૂપે શાંતિ અને આનંદની પ્રસિદ્ધિ થાય એને આત્માની પ્રસિદ્ધિ કહે છે. આત્માની પ્રસિદ્ધિ થતાં શું થયું? કે જ્ઞાનમય ભાવ. '**જ્ઞાનમય ભાવ જ હોય છે.**'

વાત એવી છે કે જ્ઞાનીને પણ જે રાગાદિ આવે, વ્રતાદિનો વિકલ્પ, દયા આદિનો વિકલ્પ રાગ (આવે), છતાં જ્ઞાનીની દૃષ્ટિનું ધ્યેય ચૈતન્ય શુદ્ધ ઉપર હોવાથી તેને જ્ઞાનની દશા, શ્રદ્ધાની દશા, શાંતિની દશા પ્રગટ થાય છે એ બધા ભાવ જ્ઞાનમય છે. રાગમય નહિ. સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે. એવી બહુ ભાષા ઝીણી નથી. ભાવ છે ઝીણા. ભાષા એવી કોઈ શાસ્ત્રની અટપટી બહુ ઝીણી એવી નથી આ. ભાષા શાસ્ત્રની બહુ ગૂઢ હોય છે. અહીં જુઓ, જ્ઞાનમય ભાવ (કહ્યું છે). લ્યો શું સમજવું? આ ભાષા શાસ્ત્રની. અંતર કરવી એમ કહે છે. જ્યાં છે ત્યાં શોધ. જ્યાં છે ત્યાં ગોત, જ્યાં છે ત્યાં જા. એ રાગમાં તું નથી અને પરમાં તું નથી. આહાહા..!

ભગવાન આત્માને તો સંબોધીને કહે છે, પ્રભુ! તારી પ્રભુતા તો નાથ અંદર આનંદકંદ અને શુદ્ધતામાં તારી પ્રભુતા છે. એ પુણ્ય અને પાપના વિકલ્પમાં તારી પ્રભુતા નહિ. એ તો પામરતા છે. બહારની ચીજમાં તો ક્યાંય અડ્યો જ નથી એને .. ધૂળ શરીર, વાણી, કર્મ અને માટી. બાયડી-છોકરા, હવેલા ને હજીરા. હજીરા એટલે સમજ્યાને? મકાનો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. હોય છે ને. એય..! હજીરા સમજ્યા? આ લોટીયા વ્હોરાના હજીરા હોય છે. મરે પછી એને દાટે. એને હજીરા કહે છે. આ એવો (છે) ભાન વિનાના મડદા. પાંચ લાખના મકાનમાં પડ્યો તો હજીરામાં પડ્યો છે. ભાન ક્યાં છે? શાસ્ત્ર તો કહે છે કે આત્માના ભાન વિનાના મૃતક કલેવર જેવા છે. એને જીવના જીવનની ખબર નથી એટલે બધા મરેલા છે, એમ કહે છે. એને ઘરે મોટા પાંચ-છ લાખના મકાન છે, લ્યોને. શોભાલાલને. શોભાલાલને મોટું ... છ લાખનું મકાન પાંચ લાખનું. ઓલા દસ-દસ લાખના તમારે. તમારા મામાને ગોવામાં શાંતિલાલ ખુશાલ. દસ-દસ લાખના બે મકાન. ચાલીસ કરોડ રૂપિયા અને એક લાખની ઊપજ. મૃતક કલેવર જેવા છે. એય..! આ કઈ જાતની નિશાળ હશે આવી?

બાપુ! આ તત્ત્વજ્ઞાનની નિશાળની વ્યાયામશાળા જુદી જાતની છે. આની વ્યાયામ જ જુદી જાતની છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એવા જ્ઞાનીનો .. જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એવી જે જ્ઞાનની શક્તિનો જેની દશામાં પૂર્ણ વિકાસ થઈ ગયો છે, એવા આત્માએ ત્રણ કાળ ત્રણ લોક જોઈને આ આત્માનો ધર્મ કેમ થાય એમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે. ત્યારે અહીંયાં સ્ત્રી હોય છે, બાયડી-છોકરા હોય છે. ના. એનામાં હતો જ નહિ. કારણ કે એનાથી ય જુદો પડેલો છે. એમાં દેખાવા છતાં જુદો પડેલો છે. એમાં રાગ થાય છે જરી એનાથી જુદો પડેલો છે. ધર્મી રાગમાં નથી તો બાયડી, છોકરા અને શરીરમાં, મકાનમાં છે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. અજ્ઞાની પણ પરમાં શરીરમાં કે ધૂળમાં નથી. આ તો પર ચીજ માટી-ધૂળ છે. ફક્ત એણે માનેલું છે કે પુણ્ય અને પાપના ભાવમાં હું છું. વિકૃત ભાવો થાય તેમાં છું એવું માનેલું છે એટલે વિકારભાવમાં છે. પરમાં તો .. શરીરમાં, કર્મમાં, સ્ત્રી, કુટુંબ, મકાન, હજીરામાં એ અજ્ઞાની પણ નથી. અજ્ઞાની હોય તો ક્યાં વસ્યો છે? એના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનાદર કરી અભાનમાં શુભ અને અશુભ રાગના વિકલ્પમાં તે વસ્યો છે, ત્યાં ટક્યો છે. એ અજ્ઞાનીનો વાસ છે. સમજાણું કાંઈ? આહાહા..! કઈ જાતની વાત આ? બાપુ! સાચા ઘરની વાત આ છે. બાકી બધા ડિંગેડીંગ ચાલે છે જગતમાં. સમજાણું કાંઈ? એમાં વળી શરીર કાંઈક સુંદર હોય ૨૫-૩૦ વર્ષનું. એમાં પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ મુડી હોય અને આબરૂ હોય, બુદ્ધિ કાંઈક હોય તો થઈ રહ્યું. હું પહોળો ને શેરી સાંકડી. થઈ ગયું જાણે બધું. ધૂળમાંય નથી, સાંભળને હવે. મરી ગયો છો તું. એમ કહે છે અહીં તો. ... બરાબર છે?

અરે..! ચૈતન્યના ભાવપ્રાણનું જીવન જેનું, જ્ઞાન અને આનંદના હોવાપણે જેના જીવન છે એવા જીવનને જાણ્યા નહિ અને હું જીવું છું, એ તો કહે છે કે મડદું છો તું. આહાહા..!

એય..! શોભાલાલજી! ગણતરી જુદી જાતની, હોં! આ. ભાઈ! પ્રભુ! તારું ચૈતન્ય સ્વરૂપ અંદર છે, ભાઈ! તારામાં તો શાંતિ અને અતીન્દ્રિય અનાકુળ શાંતરસ બેહદ-હદ વિનાનો જેનો સ્વભાવ છે એના સ્વભાવની શક્તિની હદ શી? માપ શું? એવું તારું અંતર, તે શરીર પ્રમાણે આત્મા હોવા છતાં તેની શક્તિ અને સ્વભાવનું સામર્થ્ય તો અનંત છે. એના જ્ઞાનસ્વભાવનું, શ્રદ્ધાસ્વભાવનું, શાંતિસ્વભાવનું, આનંદસ્વભાવનું, અસ્તિત્વસ્વભાવનું આદિ એનું સામર્થ્ય અનંત છે. એવો આ ભગવાન આત્મા એ રાગ અને પુણ્ય-પાપની લાગણી જે કૃત્રિમતા જેની એક ક્ષણની દશામાં કૃત્રિમ ઉત્પન્ન થાય છે, જેની ઊપજ નવી છે. આ વસ્તુ નવી નથી. એવી નવી કૃત્રિમ ઊપજથી... આની તો વાત જ નથી. આ તો હાડકા જડ-માટી છૂટે છૂટા છે. આત્માને અડ્યા પણ નથી અને આત્મામાં ચોંટ્યા પણ નથી. આહાહા..! આ તો ચોસલું જુદે જુદું. .. થઈને ચાલ્યા જાય. આ ક્યાં એનું છે? આ તો માટી-ધૂળ છે. સમજાણું કાંઈ?

ભગવાન કર્તાકર્મની વ્યાખ્યા કરે છે. ભગવાન આત્મા પોતાની સ્વરૂપ સંપદાની રાગથી ભિન્ન પડીને સંભાળ કરી એથી તેની વર્તમાન દશામાં બધા જ્ઞાનમય જ ભાવ થાય છે. કેમ? કે તે રાગથી જુદો પડેલો આત્મા તેની પ્રતીત અને જ્ઞાનમાં વર્તતો હોવાથી, તેના સ્વભાવની શક્તિની જે વ્યક્તતા પ્રગટ થાય એ બધી જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, આનંદમય, વીર્યમય એવી નિર્મળ પર્યાયમય બધી દશા ઉત્પન્ન થાય છે. એ જ્ઞાનીનું કર્મ નામ કાર્ય છે. એ જ્ઞાનીનું કર્મ એટલે કાર્ય છે. અને એ કાર્યનો કર્તા આત્મા જ્ઞાની છે. આહાહા..! વાત જ ક્યાંનો ક્યાંય ઉપાડીને મૂકે.

હવે અહીં તો બધા કહે, આ બધું અમે કરીએ. ધમાલ ધંધા કરીએ, ... કરીએ, આ કરીએ, હોળી કરીએ, .. કરીએ. આ બધા ધંધા હુશિયાર બહુ કેટલા કરે. લ્યો. પાંચ-પાંચ, દસ-દસ કરોડની મૂડી હોય તો કેટલું કરતા હશે? અઢી-અઢી કરોડના સંચા તમારે શાંતિલાલ પાસે. અઢી-અઢી કરોડના સંચા, ... લોઢાના .. શું કહેવાય એ? મેંગેનીઝ. ત્યાં લોઢામાં નીકળ્યું છે એને. લીધી હશે જમીન ઘણાં વર્ષ પહેલાં, એમાંથી નીકળ્યું. એક દિ'ની લાખ. .. લાખમાં. ભગવાનનું લક્ષ શું છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ?

ભાઈ! તને તારી ખબર નહિ, બાપુ! અને તું તારી ખબર વિનાનો તું ડાહ્યો કહેવાય, એ શી રીતે બને? સમજાણું કાંઈ? તને તારી ખબરું ન મળે કે તું કોણ ને કેવો ને ક્યાં ને કેમ છો? અને તને ડાહ્યો કહેવો? કેમ કહીએ? ગાંડો છો. આહાહા..! એય..! દસ-દસ હજારના પગાર લાવતો હોય, પચાસ-પચાસ લાખની ઉપજ હોય મહિને-મહિને. મૂરખ છો કહે છે. બાપા! એ તો પરચીજ છે, ભાઈ! તારી ચીજને એને કાંઈ સંબંધ અને મેળ ક્યાંય

.. છે જ નહિ. ફક્ત તારી દશામાં તેં કરેલા શુભ અને અશુભ રાગના ભાવ, એની સાથે એક સમયનો .. નાખેલો છે તેં. એનાથી ભિન્ન પડ ત્યારે તને ... ડાહ્યો કહેવાય. બાકી રાગ અને પુણ્યના એકત્વમાં પડ્યો અને ઉઘાડ જ્ઞાનનો ગમે તે જાતનો હોય, વિદ્વાન મોટો કહેવાય, દસ-દસ લાખ માણસને આમ .. આહાહા..! ... બેરિસ્ટર મોટા હોય કે નહિ?

અહીં તો કહે છે, પ્રભુ! એ ચૈતન્યની જાતની ભાતની તને ભાન નથી અને એકલા એ પુણ્ય અને પાપના વિકલ્પમાં રોકાઈ ગયો, તેના ઉઘાડને અમે જ્ઞાન કહેતા નથી. એને તો અમે ગાંડપણ અને પાગલ કહીએ છીએ, કહે છે. આરે..રે..! ભારે ભાઈ! એય..! માંગીરામજી! બાદશાહ નીકળે તો આમ જોવે. ઘોડાગાડી અને મોટરું. બબ્બે લાખની મોટરું ધોળી સફેદ, એમાં ઓલો બેઠો હોય ને. ખમ્મા.. ખમ્મા.. પણ તું તને ખમ્મા કરનાર ન જાણ્યો માટે પાગલ છો, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મી, એક ગરીબ ઘરે હોય. પાંચ રૂપિયા મહિને પેદા કરવાની શક્તિ ન હોય. એક રોટલો અને છાશ લઈને સંતોષ કરીને અનાજથી પેટ ભરતો હોય. પણ જેણે વિકારના પરિણામથી કૃત્રિમ ક્ષણના દોષથી નિર્દોષ ભગવાનને જુદો પાડીને જાણ્યો, એની પાસે બધી જ્ઞાન, શ્રદ્ધા, શાંતિની પર્યાયનું કાર્ય એની પાસે છે. એની પાસે મૂડી અને કાર્ય એ છે. એને રાગ થાય એ એનું કાર્ય નથી, તે બહારના કાર્ય તો જ્ઞાનીના છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને? બધું તો અંદર... શું છે આ?

**'અને તે હોતાં,...'** અને તે હોતાં એટલે શું? જ્ઞાનીને જ્ઞાનમય ભાવ હોતાં, હોય છે. એને આ શરીરાદિ જણાવા છતાં શરીર સંબંધીનું જ્ઞાન આત્મામાં થાય છે. રાગાદિ હોવા છતાં રાગ સંબંધીનું જ્ઞાનમાં રહ્યો એટલે જ્ઞાનમાં રહેતા રાગ સંબંધીનું જ્ઞાન અને આત્મા સંબંધીનું જ્ઞાન, રાગ ભિન્ન છે એવી શ્રદ્ધા અને આત્મા અખંડ છે એવી શ્રદ્ધા, એવી શ્રદ્ધા ને જ્ઞાનમય ભાવ જે થાય છે તે હોતાં **'સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે...'** સ્વ એટલે જ્ઞાનમય, શાંતમય, આનંદમય ભાવ અને રાગમય, વિકારમય, મલિનમય, પરલક્ષીમય ભાવ એ બેના નાનાત્વ. નાનાત્વ એટલે નાનાપણું, નાનાપણું એટલે જુદાપણું, જુદાપણું એટલે અનેકપણું. સમજાણું કાંઈ?

**'તે હોતાં, સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે...'** ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત છે તેનું જ્ઞાન અને આ રાગ તે ભિન્ન છે એનું જ્ઞાન, એ બેના અનેકપણાની નાનાત્વના અનેકપણાના વિજ્ઞાનને લઈને, અનાદિથી બેને એકપણાનું માન્યું હતું જ્ઞાન એ અજ્ઞાન હતું, એ મિથ્યાત્વ હતું, એ ભ્રમ હતો. આહાહા..! સમજાણું કાંઈ? **'સ્વપરના નાનાત્વના વિજ્ઞાનને લીધે...'** બેના જુદાપણાના અનેકપણું, એકપણે આ બે નહિ પણ અનેકપણે. જ્ઞાન તે જ્ઞાનસ્વરૂપ,

રાગ તે રાગસ્વરૂપ, એમ '**વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતામાં સુનિવિષ્ટ...**' ભગવાનસ્વરૂપ ચૈતન્ય છું એમાં જેની દૃષ્ટિ ઠરી છે.

'**જ્ઞાનમાત્ર એવા પોતામાં...**' સ્વરૂપ ચૈતન્યનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એવું પોતાનું જ્ઞાન. એવા જ્ઞાનમાત્ર, એવી સ્વભાવની શ્રદ્ધા માત્ર, એવા સ્વભાવની શાંતિની સ્થિરતામાત્ર, એ બધાને અહીંયાં જ્ઞાનમાત્ર ભાવ કહેવામાં આવે છે. એમાં રાગ નહિ. '**જ્ઞાનમાત્ર એવા પોતામાં...**' એવા પોતામાં. '**સુનિવિષ્ટ (સમ્યક્ પ્રકારે સ્થિત) થયેલો,...**' ચાહે તો દુકાન ઉપર બેઠો હો, ચાહે તો લડાઈમાં ઊભો દેખાય જ્ઞાની, પણ જેણે અંતરમાં રાગ અને સ્વભાવની વહેંચણી અંતરમાં કરી નાખી છે એટલે કે વિવેક અને ભેદજ્ઞાન થયું છે. એથી તે જ્ઞાની સમ્યક્ પ્રકારે પોતાના જ્ઞાન સ્વભાવમાં સ્થિત છે. સમજાણું કાંઈ? સુનિવિષ્ટ છે. સુનિવિષ્ટ. સુ-સમ્યક્ પ્રકારે નિવિષ્ટ-વાસ કર્યો, સ્થિત છે એમાં. આ કેવી વાત! અજબગજબની વાતું છે. કો'ક કહે, આ એલ.એલ.બી. એમ.એ.ની વાતું છે. કેવળજ્ઞાનની વાતું નથી આ. આ તો હજી પહેલો સમ્યક્દૃષ્ટિ થવાના કાળની વાત છે. સમજાણું કાંઈ? પહેલા ધર્મની, સુખની, સ્વતંત્રતાની શરૂઆતનો પહેલો એકડો અહીંથી શરૂ થાય છે. આહાહા..!

છ કાયની દયા પાળે. કોણ પાળે? પ્રભુ! એ પર જીવ છે. એની સ્થિતિએ તે રહે છે. સ્થિતિ પૂરી થાય એટલે છૂટી જાય. તારો અધિકાર પરમાં ક્યાં હતો? તું શું કર પરનું? ભાઈ! તારા શરીરના રજકણોમાં પણ ધોળા વાળ આવે એને અટકાવી ન શકે. કેમ કે એ તો જડની સ્વતંત્ર દશા (છે). બાપુ! તને તારા તત્ત્વથી ભિન્ન તત્ત્વ ભિન્ન કામ કરી રહ્યા છે એની ખબર નથી. આહાહા..! આ શરીર, આ હાથ .. માટી છે આ તો. એની અવસ્થાના કાળમાં એની અવસ્થા થાય. એને કારણે થાય છે, કાંઈ કારણે થાય નહિ. એ તારા રાખ્યા રહે અને તારા કર્યા કરે? એ તો એને કારણે રહે અને એને કારણે સ્થિતિ પૂરી થાય એટલે છૂટી જાય. સમજાણું કાંઈ? શરીરને પણ રાખવાની તારી તાકાત નથી. કેમ કે એ તો પરપદાર્થની અવસ્થા છે. એ અવસ્થાને તો એ જડ કરે. તું કરી શકે નહિ. તો પછી પરની દયા હું પાળી શકું, પરને હું રાખી શકું, બાયડી-છોકરાને નભાવું, કુટુંબને અને દેશને નભાવું. એ એક માન્યતા છે ભ્રમની અજ્ઞાનીની. સમજાણું કાંઈ?

ધર્મી જીવ... આહા..! આ તે કઈ જાતનો ધર્મ પણ આ! 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' બોલે ખરા. મંગળિક બોલે ને. જ્યારે સામાયિક કરે ત્યારે. ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં. શું છે એના અર્થની ભાન ન મળે કાંઈ. કેમ માંગીરામજી! બહુ જ ટૂંકામાં ઘણું તત્ત્વનું સત્ત્વ અલ્પ શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. ભગવાન! તું તો ચૈતન્યસ્વરૂપ છો ને, પ્રભુ! જાગનાર જાણનાર. જાગીને જાણનાર તારો સ્વભાવ છે. અટકવું રાગમાં અને રાગ

એ તારું સ્વરૂપ નથી. એવું જે જ્ઞાનસ્વરૂપ, રાગ અને વિકલ્પથી પર્યાયબુદ્ધિથી ... ખસી અને સ્વભાવબુદ્ધિ થઈ એથી તે જ્ઞાની પોતાના જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, ... એમાં સુનિવિષ્ટ થયેલો, સમ્યક્ પ્રકારે સ્થિત થયેલો '**પર એવા રાગદ્વેષથી પૃથગ્ભૂતપણાને લીધે...**'

'**પર એવા રાગદ્વેષથી પૃથગ્...**' એ વિકલ્પ ઉઠે છતાં તેને પોતામાં મેળવતો નથી. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપની વૃત્તિઓ થાય, એનાથી પૃથગ્ભૂતપણાને લીધે. તેનાથી જુદા પૃથક્. પૃથક્પણાના જુદાને લઈને '**નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, એના ભાન દ્વારા નિજ શક્તિના સ્વભાવના તત્ત્વના બળ દ્વારા જેને રાગ ઉપરથી અહંકાર નિવૃત્ત થયો છે. એ વ્યવહાર વિકલ્પ ઉઠે તેનો અહંકાર નાશ થઈ ગયો છે. આહાહા..! આ તો વ્યવહારરત્નત્રયમાં હું છું એનો નાશ થઈ ગયો છે, એમ કહે છે. એય..! હવે આ કહે, વ્યવહારરત્નત્રય નિશ્ચયનું કારણ છે અને એ પરંપરા ધર્મ છે. અરે..! તત્ત્વનો તો જગતે લોપ કરી નાખ્યો. વ્યવહાર કરો, રાગ કરો, કરતા કરતા નિશ્ચય થશે.

અહીં કહે છે, વ્યવહાર જે રાગ (તે) જ્ઞાનીને પૃથક્પણે ભાસે છે. '**પૃથગ્ભૂતપણાને લીધે નિજરસથી જ જેને અહંકાર નિવૃત્ત થયો છે...**' શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના અહંપણાના ભાન દ્વારા રાગમાં અહંપણું જેને નિજ સ્વભાવથી જ છૂટી ગયું છે. આ ભારે ત્યાગ. કહો, સમજાણું આમાં? નજર નાખી પડે નહિ ત્યાં. કેમ કે કોઈ દિ' નજર ક્યાં નાખવી એની રીત સમજ્યો નથી. ક્યાંથી નજર ખસેડી અને ક્યાં નજરને નાખવી એની રીત કોઈ દિ' સમજ્યો નથી. આ જ્યાં નજરે (પડ્યો)... કહે છે, રાગ અને વિકલ્પથી જ્યાં જુદો અંતર જણાણો અંદર, ત્યારે જે જ્ઞાનીને, ધર્મીને જ્ઞાનમયભાવથી એને નિજરસ શક્તિથી રાગપણે હું છું એ વાત ઊડી ગઈ છે. હું તો જ્ઞાન અને શુદ્ધપણે આનંદપણે છું. સમજાણું કાંઈ?

ચક્રવર્તી છ ખંડનો રાજા હોય, અરે..! ઈન્દ્ર હોય શક્રેન્દ્ર પહેલા દેવલોકનો સ્વામી. ૩૨ લાખ વિમાન છે. પણ ભેદજ્ઞાન છે અંદરમાં, હોં! સ્વભાવની શક્તિના સત્ત્વનો અંતર આનંદના ભરોસે, સ્વભાવના પ્રતીતના ભાનને કારણે એ રાગમાં હું છું, એ શુભરાગ હોં! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો શુભરાગ કે પંચ મહાવ્રતના વિકલ્પ અહિંસા, સત્ય, દત્તનો રાગ, એનાથી જેને નિજ સ્વભાવના સામર્થ્યથી જેને રાગપણે, રાગમાંથી અહંકાર નિવૃત્ત થઈ ગયો છે. સમજાય છે? કેટલાકને .... સાંભળે ત્યારે હા પાડ્યા વિના છૂટકો નથી એવી વાત છે આ. એને સાંભળવાનું મળે નહિ ને એમ ને એમ ચાલ્યો જાય. ચૈતન્યપ્રભુ કોણ છે? વિકાર કોણ છે? સંયોગી ચીજ કોણ છે? પૃથક્-પૃથક્ શું છે એનું ભાન નહિ અને પૃથક્ કરીશ શી રીતે તું? સમજાણું કાંઈ? ધૂળધોયો પણ જ્યારે સોનાને બંગડીના ... કટકીને જુદી પાડે

છે. બંગડી હોય છે ને બંગડી? એમાં હોય છે ને પીળા આટા જેવા. ભુક્કો થઈને બટકીને કટકી કટકી થઈ જાય. એ સોના જેવી લાગે. લાગે કાચની. પણ આમ જ્યાં તોળે તો હળવી લાગે. અને સોનાની આટલી કટકી પણ તોલદાર લાગે. સમજાય છે કાંઈ? ધૂળધોયા. આ સોનીની દુકાન પાસે પડ્યું હોયને ઝીણું-ઝીણું-ઝીણું? ધૂળધોયા આવે. એ ધૂળમાં આમ.. આમ.. કરેને ઓલું ધાર ધારવાળું હોય ને એ આમથી લઈ લે અને હળવું હોય એ આમ લઈ જાય. સમજાણું કાંઈ? એમાં બાયડીયું ઓલા .. છે ને? એના ફોતરા હોય ને એ આમ બહાર નીકળી ઉડી જાય. હળવા ફક. ... અને અંતર ... નીચે છે. હળવી ચીજ હોય એ ઉડી જાય. આમ મારે ઓલો રહી જાય આમ.

એમ ભગવાન ચૈતન્ય ધ્રુવ ધાતુ અને પુણ્ય-પાપના વિકલ્પ ફોતરા. બેની જેને અંતરથી ભિન્નતા ભાસી છે એને ફોતરામાં અહંકાર રહેતો નથી. આહાહા..! ન્યાલભાઈ! આ વળી આવો પણ કેવી જાતનો ધર્મ? ભાઈ! તમે કહો છો કે ઓલા ૫૦ વર્ષથી, ૬૦ વર્ષથી .... સાંભળને! ન સાંભળ્યું હોય તો આ પહેલું સાંભળ. (અગાઉ) જે સાંભળ્યું તે ખોટું, આ સાંભળવું તે સાચું. સમજાણું કાંઈ? ત્રણ કાળ ત્રણ લોકમાં સત્ય માર્ગ આ છે. એ સિવાય કોઈ બીજી રીતે કહેતા હોય તો ઊંધે રસ્તે, આડે માણે ભરે છે. ઊંધે ભરે તો .. રહે. સીધું ભરે તો .. દસ શેર આધું રહે, ઊંધું ભરે તો થોડું રહે, આડો ભરે તો દાણો પણ ન રહે. એમ આત્મા અને પર શું છે તેની ભિન્નતાનું ભાન નથી અને પર વસ્તુને લઈને આત્માને કલ્યાણ અને ધર્મ માને છે એ આડે માણે ભરે છે બધા. સમજાણું કાંઈ? શોભાલાલજી! માણું સમજો છો? અનાજ ભરવાનું માપ હોય છે કે નહિ? શું કહે છે તમારે? અમારે માણું કહે, પાલી કહે, સવાયું કહે. પાલી હોય છે ને. દસ શેરની. ઊંધું ભરે તો બે રહે, આડું નાખે, આમ નાખે તો દાણો પણ ન રહે. મગનો દાણો પડી જાય, એકેય ન રહે.

એમ વસ્તુનું સત્ત્વ શું છે, વિકાર શું છે, સંયોગ ઈ શું છે તેના ભાન વિના એને સમ્યગ્દર્શન થાય નહિ, એને આત્મામાં ટકવું કોઈ દિ' થાય નહિ. નિકળવાની ચીજને પોતાની માને, રાખવાની ચીજનો અનાદર કરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આવે અજ્ઞાનીને અજ્ઞાન છે. .. નથી ત્યાં એને. માને છે.

'**નિજરસથી જ જેને...**' ધર્મીને પોતાના આત્માના શાંતરસરૂપી તત્ત્વના ભાન દ્વારા અહંકાર, જેને પુણ્ય-પાપના વિકલ્પમાંથી અહંકાર, અહંપણું-'તે હું' એવું નિવૃત્ત થયું છે. અને જ્ઞાનાનંદ હું તેવું તેને દૃઢ અંદર અનુભવમાં આવી ગયું છે. આહાહા..! '**એવો પોતે ખરેખર**

**કેવળ જાણે જ છે,...**' લ્યો! એવો ધર્મી પોતે. પોતે સમજો છો ને? અપના. અમારી ભાષા કાઠિયાવાડી છે એટલે પોતે. હિન્દીમાં તો અપને કો '**ખરેખર કેવળ જાણે જ છે,...**' ભગવાન આત્મા જાણનાર-દેખનાર હું છું, રાગ અને વિકલ્પ તે હું નથી. એવું માની પોતાને જ્ઞાતા-દૃષ્ટા જાણતો, રાગ ને વિકલ્પમાં હુંપણું છોડતો, તેનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એમ જ્ઞાતાપણે-દૃષ્ટાપણે જાણે જ છે.

'**રાગી અને દ્વેષી થતો નથી...**' આહાહા..! જે પુણ્ય-પાપના રાગ કૃત્રિમ, ક્ષણિક જે બહિરલક્ષે ઉત્પન્ન થયા, તેનો જ્યાં અહંકાર નિવૃત્ત થયો છે અને ત્રિકાળી જ્ઞાનાનંદમાં જેની દૃઢતા અનુભવમાં થઈ છે, એ રાગી-દ્વેષી થતો જ નથી. અને રાગ-દ્વેષ જરી હોય તો એ રાગી-દ્વેષી નથી. જ્ઞાની એને જાણનાર જ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગી-દ્વેષી થતો નથી તો વીતરાગ થાય ત્યારે હોય. એમ કહે પાછા. હવે સાંભળને. એ તો વીતરાગ તો તદ્દન સ્થિરતા પૂરી થઈ ગઈ. અહીં તો સ્વ-પર બે છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ રાગાદિ હોવા છતાં, પુણ્યભાવ હોવા છતાં તેનામાં હુંપણું નથી. કેમ કે રાગથી ભિન્નપણાની આત્મખ્યાતિ પ્રસિદ્ધિ થઈ છે. તેથી પોતાના હુંપણાના ભાનમાં, રાગમાં હુંપણું ધર્મીને આવતું નથી. તો પછી આ શરીર મારું, બાયડી મારી, છોકરા મારા એ તો એને ત્રણ કાળમાં હોતા નથી.

'**રાગી અને દ્વેષી થતો નથી (અર્થાત્ રાગ અને દ્વેષ કરતો નથી);...**' એટલે કે રાગ-દ્વેષના વિકલ્પો હોવા છતાં તેના તરફથી ભિન્ન પડેલો ચૈતન્ય સ્વભાવ, એને દૃષ્ટિમાં લીધેલો અને તેની દશામાં તેનું જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિના કાર્યપણે પરિણમેલો તે રાગ-દ્વેષને કરતો નથી. પણ રાગ-દ્વેષ થાય તેને પોતાના જ્ઞાનમાં રહીને જાણે છે. ભારે વાતું! સમજાણું? અગ્નિની જ્વાળામાં જઈને અગ્નિને નથી જાણતો. એમ જાણે આંખ? એને જુદી રાખીને આંખ જાણે છે કે આ અગ્નિ છે. એમ ધર્મી પોતાના શુદ્ધ સ્વભાવના (ભાનમાં રહીને) રાગરૂપી કષાયની અગ્નિ જે ઉત્પન્ન થાય, તેમાં ભળીને તેને નથી જાણતો. તેમાં અહંપણું છૂટીને સ્વભાવમાં અહંપણું આવ્યું છે, એમાં રહીને પોતાને અને પરને જાણે છે. કહો, રાજમલજી! આ લોજિકથી વાત છે કે નહિ? વકીલ ને મોટા એને.. એ બધા સમજવા જેવા હોય. આ તો ભગવાન સર્વજ્ઞના ઘરના નિયમો છે. કેવળજ્ઞાની પરમેશ્વર તીર્થંકરદેવ, જેને એક સમયના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ થઈ ગયા. એના વસ્તુના નિયમો કાયદાઓ, એ કાયદામાં અભંગપણું હોય. કોઈ દિ' ભંગ પડે નહિ. સમજાણું કાંઈ?

કર્તાકર્મ છે ને? ધર્મી રાગ-દ્વેષનું કાર્ય પોતાનું સ્વીકારતો નથી, એમ કહે છે. ધર્મી રાગ અને દ્વેષનું જ્ઞાન કરતો અને પોતાનું જ્ઞાન કરતો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામનું કાર્ય સ્વીકારે છે.

રાગ મારું કાર્ય એમ ધર્મી સ્વીકારતો નથી. આહાહા..! અરે..! પણ તું ક્યાં છો? ... અરૂપી મહાન પદાર્થ, એવા પદાર્થને રાગથી જ્યાં ભિન્ન પડીને ભાળ્યો ને ભાસ્યો ને જોયો ને અનુભવ્યો એથી જ્ઞાનીના કાર્ય તો જ્ઞાનમય, શ્રદ્ધાની, શાંતિની નિર્મળ દશા થઈ તે તેનું કામ અને તે તેનો કર્તા. રાગના પરિણામ વ્યવહારરત્નત્રય તેમાં હોય, તે તેનો કર્તા અને તે તેનું કાર્ય હોતું નથી. સમજાણું કાંઈ?

રાડે રાડ નાખે. મોક્ષમાર્ગ બે (છે). આજે બહુ આવ્યું છે. રાડું પાડે છે. પાડો બાપા! સોગનઢને નામે. કરો તો કરો, બાપુ! વસ્તુ તો જેમ છે એમ છે. પોકાર કર કે ના પાડ પણ એમાં કાંઈ બીજું ચાલે એવું નથી. વ્યવહાર એક મોક્ષમાર્ગ છે, નિશ્ચય મોક્ષમાર્ગ છે. બે ન માને એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, એકાંત છે. આવું ખૂબ લખે. જેટલા શબ્દ આવડે એટલા લખ્યા છે. સમાજને સમતોલ... તમારે નહિ ઓલા? માંગીલાલ પાટની ખૂબ લખે છે. ... જ્યાં સુધી એના ખ્યાલમાં એ વાત છે, ... જે ખ્યાલ છે એ વાતને સત્ય માને એટલે એમ આવે ને. ભાઈ! આ વાત જ આખી કોઈ રાગ અને વિકલ્પાતીત વાત છે, રાગાતીત વાત છે .. આત્માની. એની વાતનો જ્યાં ખ્યાલ ન હોય એટલે અજ્ઞાનીને તો એમ જ લાગે છે. આ બધી રાગની ક્રિયા, દયા, દાન, વ્રત છે એ કાંઈ મોક્ષનો માર્ગ નથી? એમ અજ્ઞાની માને છે એટલે એને હા પડે છે.

અહીં કહે છે કે એ મોક્ષનો માર્ગ તો નથી, આકુળતા છે પણ એ આકુળતાનું કાર્ય જ્ઞાનીનું નથી. લે. પરમેશ્વર પાસે જા, પોકાર કર કે બાપુ! તમે પણ આમ કેમ માન્યું? જાય શેનો? આહાહા..!

**'રાગી અને દ્વેષી થતો નથી; તેથી જ્ઞાનમય ભાવને લીધે...'** ધર્મીને તો રાગ થાય તેનું જ્ઞાન છે. રાગ(પણે) થવું એને નથી. આહાહા..! કેમ કે આત્માનું સત્ એનું સત્ત્વ એ કાંઈ રાગપણું નથી. સત્ એવો આત્મા, એનું સત્ત્વ એ તો આનંદ અને જ્ઞાનપણું છે. એના ભાનને લઈને વર્તમાન ધર્મીને જ્ઞાન, શ્રદ્ધા, શાંતિમય તેનું કાર્ય છે. **'તેથી જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને પર એવા રાગદ્વેષરૂપ નહિ કરતો થકો...'** ધર્મી પોતાના આત્માના સ્વભાવને પર એવા પુણ્ય-પાપના વિકલ્પ અને રાગને, એવા પર રાગને નહિ કરતો થકો, પોતાને રાગ-દ્વેષ રૂપે નહિ પરિણમાવતો, પોતાને રાગ-દ્વેષ રૂપે નહિ કરતો **'કર્મોને કરતો નથી.'** એ શુભાશુભભાવને કરતો નથી. એ કર્મને .... કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કર્મ સાથે હોય પણ એને પછી કહે કે આને લઈને કર્મ બાંધે છે એમ છે ને? ... સમજાણું કાંઈ? એવી વાત છે. વ્યાખ્યાન-ભાષણ કહેવું હોય તો એકદમ ફટ

ફટ ચાલે. ભાઈ! સાંભળ તો ખરો, બાપા! વસ્તુની સ્થિતિ છે એમ આવે. બાપા! એનો કાંઈ પ્રોફેસર હોય તો કરી શકે એવું નથી આ.

કહે છે કે, ધર્મી જીવને... ધર્મ વસ્તુનો સ્વભાવ. વસ્તુ આત્મા. એનો સ્વ-ભાવ જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે. એવા વસ્તુના સ્વભાવનું ભાન હોવાથી ધર્મીને તે સ્વભાવની દશા પ્રગટ થયેલી હોવાથી તે તેનું કાર્ય અને તે પણે પરિણમતો તેને દેખાય છે. રાગપણે પરિણમું છું અને રાગ મારું કાર્ય છે તે જ્ઞાનીને રહેતું નથી. મોટા મોટા મકાન કરે છે. આ પાંચ લાખના હોલ કરે છે. એ કર્યા વિના થતા હશે? કોણ કરે? પુદ્‌ગલ કરતા હશે? આ ચૈતન્ય એનામાં કરતો હશે પુદ્‌ગલનું? અરે..! તને ખબર નથી. જડ તો પરમેશ્વર છે, જડેશ્વર છે. રજકણ પોતાની શક્તિથી ત્યાં પર્યાયપણે-અવસ્થાપણે-કાર્યપણે-પરિણમી રહ્યું છે, તારે કારણે નહિ.

જ્ઞાની પોતાને પર એવા રાગ-દ્વેષરૂપ નહિ કરતો થકો, શુભાશુભ પરિણામરૂપી કાર્ય તેને કરતો નથી. સાત લીટીમાં તો આખો તત્ત્વનો સાર આવ્યો. આહાહા..! કહો, મીઠાલાલજી! પંડિતો આવીને પછી (એમ કહે), એય.. આમ છે ને તેમ છે. સોનગઢિયા આમ કહે છે. ભાઈ! કહે ઈ કહે. સાંભળને. બાપુ! આ તો ત્રણ કાળ ત્રણ લોકમાં ન ફરે એવી વાત છે. તું આજ માન, કાલ માન, પછી માન. આ માન્યે તને સુખી થવાનો રસ્તો છે. બાકી બધા દુઃખીના રાહ અને પંથ છે. આહાહા..! સુખી થવું હોય તો આ માનવું પડશે. બીજી કોઈ ચીજ છે નહિ. ભલે બહારમાં બધા દેખાય સોજા ચડેલા સુખી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી સુખી. અગ્નિ સળગતી હોય એને. પૈસાની કેમ વ્યવસ્થા કરવી? કેમ કરવું? કુટુંબમાં આમ કરવું, ફલાણું આમ કરવું, ઢીંકણું આમ કરવું. અરે..! હોય તો પણ શું? એ બહારના તરફના વિકલ્પની જાળ જ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? શુભ કે અશુભ બેય, હોં! એવા ભાવને જ્ઞાની પોતામાં માનતો નથી એથી પોતામાં કરતો નથી એથી તેને પોતામાં ભેળવતો નથી. એથી પરને અને સ્વને પોતાના જ્ઞાનમાં રહીને જાણવાના કાર્યને કરતો જાણવાનો કર્તા થાય છે. જાણવાના કારણનો કર્તા થાય પણ રાગનો કર્તા થતો નથી. આહાહા..! સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નક્કી કોણ કરે? નક્કી કર્યું છે નેએણે ઊંધું. ઊંધું નક્કી કર્યું છે કોણે? કરાવ્યું છે કોઈએ? એણે ઊંધું કર્યું, એણે સવળું એને કરવું છે. જ્યારે કરશે તો એ કરશે. બાકી કર્યા વિના એને છૂટકો નથી. જો સુખી અને ધર્મ કરવો હોય તો. સમજાણું કાંઈ? પછી અજ્ઞાની અને જ્ઞાનીની વાત ચાલશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૧, શુક્રવાર તા. ૬-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૨૭ થી ૧૨૯, પ્રવચન-૨૧૬**

૧૨૭નો ભાવાર્થ. શું કહે છે? જ્ઞાનમય ભાવથી શું થાય અને અજ્ઞાનમય ભાવથી શું થાય? એની ટીકા થઈ ગઈ છે. ધર્મીને ધર્મભાવથી શું થાય? અને અધર્મીને અધર્મભાવથી શું થાય? એની વ્યાખ્યા છે.

'**ભાવાર્થ :- આ આત્માને ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો...**' કર્મ છે ને જડ? એનો જ્યારે ઉદય આવે છે, ક્રોધ, માન, માયા, લોભની પ્રકૃતિનો. '**ઉદય આવતાં, પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે.**' ચૈતન્ય જ્ઞાન ઉપયોગમય છે અને ઉપયોગમય પ્રકૃતિના નિમિત્તમાં જે પાક આવતાં એમાં મલિનતાનો ઉપયોગ પરિણમે છે કર્મમાં જોડાવાથી, એથી ઉપયોગમાં રાગ-દ્વેષની મલિનતા જણાય છે.

'**અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નહિ હોવાથી...**' એ મલિનતા અને ચૈતન્ય ઉપયોગ શુદ્ધ ભિન્ન છે એનું ભાન નહિ હોવાથી. શુભાશુભ રાગની મલિનતા અને ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ઉપયોગ, બેનું અજ્ઞાનીને જુદાપણું નહિ હોવાથી '**તે એમ માને છે કે આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે-**' કેમ કે જ્ઞાનના ઉપયોગને બહિર્બુદ્ધિએ કર્મના પાકના ફળમાં જોડાવાથી, એના ઉપયોગમાં રાગ અને દ્વેષ ભાસે છે, તે હું છું એમ અજ્ઞાનીને બેસે છે. સમજાણું કાંઈ?

'**આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ કરતો...**' એટલે શુભ અને અશુભ રાગ જે જ્ઞાનમાં જણાય છે તે જાણનારો તે જુદો અને આ વસ્તુ જુદી એવું જેને અંતર જ્ઞાન નથી, એના જ્ઞાનના અંતર વેપારમાં એ રાગદ્વેષમય જ હું છું એવું ભાસતા '**અજ્ઞાની પોતાને રાગીદ્વેષી કરે છે;...**' એટલે રાગ-દ્વેષ તે હું તેમ તેનો કર્તા થઈને એ કાર્ય મારું એમ સ્વીકારે છે. ઝીણી વાત છે. સમજાણું કાંઈ? સમજાણું કે નહિ? માંગીરામજી!

ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધઉપયોગ સ્વરૂપ છે એ તો. એમાં અંતર શુદ્ધ ચૈતન્ય ઉપયોગપણે ન માનવાથી અજ્ઞાનીને પર ઉપર લક્ષ હોવાથી, કર્મની પ્રકૃતિના પાકના કાળમાં તેના ઉપર રસ અને લક્ષ હોવાથી ઉપયોગમાં તે રાગ અને દ્વેષ અથવા ક્રોધ અને માયારૂપ થયો, આમ એને ઉપયોગ ભાસે છે. એ રાગ અને દ્વેષમય ઉપયોગ તે હું, એનાથી ભિન્ન ભેદજ્ઞાન નથી કે આ શુદ્ધ ચૈતન્ય આત્મા તે હું અને રાગ તે મલિન પર્યાય મારા સ્વભાવથી ભિન્ન છે એવું અજ્ઞાનીને ભાન નહિ હોવાથી.. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ હોવાથી, રાગ અને દ્વેષના

પરિણામ કર્મના પાકમાં જોડાતા અંદર ઉપયોગમાં જે ભાસે એ જ રાગ-દ્વેષ હું છું એમ અજ્ઞાનીને ભેદજ્ઞાન વિકારથી સ્વભાવની જાતનું જુદાપણું નહિ ભાસવાથી એ રાગ-દ્વેષ હું છું એમ માને છે. તેથી તે રાગ-દ્વેષનો કર્તા થાય છે. પોતાની ચીજ માને તેનો કર્તા થાય. સમજાણું કાંઈ? શરીર, વાણી, મનની અહીં વાત નથી, કર્મની વાત નથી, એ પરવસ્તુ (છે). એનું તો કાર્ય આત્માને છે નહિ.

કર્મના સંગે કરેલો ઉપયોગ, તેમાં મલિનતાના રસનો પાક થતાં એ ઉપયોગ જ જાણે-ચૈતન્ય જ જાણે મલિન થઈ ગયો અને ઉપયોગ એટલે કે એના વેપારમાં જ એનું લક્ષ છે એથી એને રાગદ્વેષ હું થઈ ગયો, મારું સ્વરૂપ જ રાગ અને દ્વેષ છે એમ અજ્ઞાનીને ભાસતા તે રાગ-દ્વેષનો કર્તા થાય છે. એ રાગ-દ્વેષ તેનું કાર્ય થાય છે. બહુ ઝીણું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરની અહીં વાત જ નથી. અહીં તો ઉપયોગમાં જે રાગ અને દ્વેષની મલિનતા કર્મના પાક તરફના લક્ષથી જે ઉપયોગમાં રાગ-દ્વેષનો મલિન ભાવરૂપ ભાગ દેખાણો એ જ હું છું એમ તેનામાં દૃષ્ટિ પડી છે. સમજાણું કાંઈ?

'**તેથી તે કર્મોને કરે છે.**' કર્મ એટલે પુણ્ય અને પાપના રાગભાવ તે જ મારો ઉપયોગ તે હું. માટે તે વિકારના પરિણામને કરે છે. '**આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે.**' એવા અજ્ઞાનમય ભાવને લઈને કર્મબંધન થાય છે. વિકારી પરિણામ ભાવરૂપે બંધાય છે એને નિમિત્ત પામીને નવા કર્મ પણ બંધાય છે. અજ્ઞાનીને. ભારે ઝીણું. એમાં ઉપયોગની રમત છે. જાણવા-દેખવાનો જે ઉપયોગ એમાં એ રાગ-દ્વેષ ભાસતા એના તરફના જ અસ્તિત્વનો સ્વીકાર હોવાથી રાગ-દ્વેષના વિકલ્પથી ભિન્ન ચીજ જે નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય છે, તેનું ભેદજ્ઞાન નહિ હોવાને લીધે એ રાગ-દ્વેષનો ઉપયોગ થયો તેટલો તે હું છું, એમ અજ્ઞાનીને ભાસતા એ વિકાર પરિણામને કરે છે અને તેનો તે કર્તા થાય છે. અને તે કર્તા થઈને કરતું કર્મ નવા બંધનું નિમિત્ત થાય છે. સમજાય છે?

'**જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી...**' ધર્મીને સ્વભાવ અને સ્વભાવવાન અભેદ છે એવી અંતરમાં ગુણ-ગુણીની એકતાના ભાનને લઈને રાગની એકતા જ્યાં તૂટી છે માટે તે એમ જાણે છે કે '**જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે તે જ મારું સ્વરૂપ છે-**' લ્યો! અહીં તો આ લીધું. શુદ્ધઉપયોગ. એય..! રાડેરાડ નાખે ઓલા. શુદ્ધઉપયોગ તો આઠમે હોય. નીચે હોય નહિ. શુદ્ધઉપયોગનું કહ્યું છે સામાયિક આદિ કાળમાં. આદિ કાળમાં ... છે ત્યાં. સામાયિક આદિ કાળ. એ તો ભાવના કરે છે. ભાવક ભાવને કરે. પણ એથી કાંઈ સંયમ ભાવ થઈ ગયો? એમ કહે છે. એ તો કહે, ભાવના એટલે એ તો પરિણમન છે એનું. સમગ્ર ભાવ

રૂપે નથી આવતું? આવે છે ને? ... શ્લોક નહિ? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. અસમગ્રભાવરૂપે નિશ્ચય રત્નત્રયને ભાવે છે એવો પાઠ છે. ભાવે છે એટલે પરિણમે છે. એવો પાઠ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. સમજાણું? આવે છે. ... એણે વળી ભાવના એમ કર્યું છે. ૨૧૧મી ગાથા.

**असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धो यः।**
**स विपक्षकृतोऽवश्यं मोक्षोपायो न बन्धनोपायः।।२११।।**

અપૂર્ણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ રત્નને ભાવતો. ગૃહસ્થ, હોં! '**असमग्रं भावयतो**' એનો અર્થ કર્યો કે ભાવના કરનાર પુરુષને. એમ અર્થ છે. ઓલામાં ... થનાર છે એમ છે. '**भावयतो**' એટલે જે આત્માની શુદ્ધ ચૈતન્ય દર્શન-જ્ઞાન અને રમણતા એની '**असमग्रं**' નામ પૂર્ણતા નથી. એવી પરિણતિને કરતો ધર્મી સમકિતી '**रत्नत्रयमस्ति कर्मबन्धो यः। स विपक्षकृतोऽवश्यं**' જે એને કર્મબંધન થાય છે તે રત્નત્રયનો મોક્ષમાર્ગથી વિપક્ષ નામ વિપરીત રાગ છે તેનાથી થાય છે. એ '**मोक्षोपायो**' રત્નત્રય તો મોક્ષનો ઉપાય છે. '**न बन्धनोपायः।।**' એમ છે અર્થ તો. એણે બીજો અર્થ કર્યો, આણે બીજો અર્થ કર્યો. શુભરાગ સાથે છે એ મોક્ષનું જ કારણ છે. રત્નત્રય છે ને માટે મોક્ષનું કારણ છે. બંધનું કારણ નથી. એવો અર્થ કર્યો. ... અને એના પછી તો ગાથા આવે છે. '**येनांशेन सुद्दष्टिस्तेनांशेनास्य बन्धनं**' જેના અંશે રાગ તેના અંશે બંધન. જેટલો શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના સ્વભાવ આશ્રયે નિર્મળતા પ્રગટી એ તો અબંધ પરિણામ છે. મોક્ષમાર્ગ કહો કે અબંધ પરિણામ કહો. જેટલો રાગ રહે છે એ બંધનું કારણ છે. રત્નત્રય નિર્મળ એ બંધનું કારણ નથી. રાગ રહ્યો તે અબંધનું કારણ નથી. રાગ તો બંધનું કારણ છે. શું થાય? જ્યાં ત્યાં ફાંફાં નાખી ઊંધે રસ્તે જાણે માર્ગ મળી જાય. બે શબ્દ લીધા એમાંથી '**असमग्रं भावयतो**' ભાવે છે. ભાવે છે એટલે? અસમગ્ર રત્નત્રય નથી તો ભાવે છે? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે... અહીં આવ્યું ને? '**જ્ઞાનમાત્ર શુદ્ધ ઉપયોગ છે...**' ભલે શુદ્ધોપયોગરૂપ જ્ઞાતા જ્ઞેય... જ્ઞાતામાં એકાકાર ન હોય પણ જેને અંતર શુદ્ધ સ્વભાવ તરફની દૃષ્ટિનું પરિણમન છે તેટલું એને શુદ્ધ આચરણરૂપ પરિણમન છે. સમજાણું કાંઈ? ચૈતન્ય મહા સ્વરૂપ શુદ્ધ સ્વભાવ, એનું જ્યાં રાગના વિકલ્પથી ભિન્ન ભાન થતાં ધર્મીને જ્ઞાન સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ આદિ સ્વભાવ, એની અંદર એકાગ્રતા અને આચરણ (થયા છે) તેને અહીંયાં શુદ્ધોપયોગ કહ્યો છે.

'**જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી...**' એ પર તરફના વલણવાળી વૃત્તિ ઉઠે અને સ્વ તરફના વલણવાળી પરિણતિ છે, બેની જુદાઈનું ભાન હોવાને લીધે તે એમ જાણે છે કે જ્ઞાનમાત્ર

શુદ્ધ આચરણ છે તે જ મારું સ્વરૂપ છે. શુદ્ધ ઉપયોગ કહો કે શુદ્ધ વેપાર કહો. મારો શુદ્ધ વેપાર છે તે જ મારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? તત્ત્વ હાથ લાગે નહિ, .. હોય નહિ, અંદર બેસે નહિ એટલે પછી બીજા રસ્તા કાઢે. એમ રસ્તા કાંઈ નીકળે? રસ્તા હોય એ રહેશે. સમજાણું કાંઈ?

ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ પ્રભુ અને અશુદ્ધતાના વિકલ્પો પુણ્ય-પાપના બે વચ્ચે વહેંચણી થઈ ગઈ છે કે એ હું નહિ, આ શુદ્ધ હું છું. એવા શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા રૂપી જ્ઞાનીને શુદ્ધ આચરણરૂપ ભાવ હોય છે, તે જ મારું સ્વરૂપ છે અને તે જ હું છું. કહો, સમજાણું કાંઈ? રાગ હું નહિ, કર્મ હું નહિ, શરીર હું નહિ, બહારની ચીજોની તો વાત ક્યાં રહી?

**'રાગદ્વેષ છે તે કર્મનો રસ છે-'** પર તરફના રાગભાવથી ભિન્ન પડેલો ભાવ, સ્વ તરફના ભાવથી. રાગથી ભિન્ન પડેલો ભાવ એમ જાણે છે કે આ રાગ જે જણાય છે કર્મના રસ મારા સ્વભાવનો પાક નથી. એ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એનો એ પાક થયો નથી. એ કર્મના રસ છે. મારું સ્વરૂપ નથી. રાગ થયો, વ્યવહાર રત્નત્રય આદિનો રાગ છે એ મારું સ્વરૂપ નથી. આહાહા..! મોટો ફેર. શું થાય? એની જાતની એને મહત્તા ન આવે ત્યાં સુધી પરની મહત્તા અંતરથી ખસે નહિ. ક્યાંક માનીને સંતોષમાં રહેવું તો જોઈએને? નથી કાંઈ કરતા એમ કેમ કહો છો? કરીએ છીએ કાંઈક. શું કરે છે? રાગ છે ને. પણ પ્રશસ્ત રાગ છે ને? પણ પ્રશસ્ત રાગ એ કૃત્રિમ વિકાર એના તરફના વલણવાળો ભાવ તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કારણ કે એના તરફના વલણનો એકલો ભાસ અને ભાવ એ તો મલિન છે. મલિન છે તે કૃત્રિમ, ક્ષણિક છે, ઉપયોગના ભાસનથી એણે માની લીધું કે આ જ હું છું. કેમ કે ભેદજ્ઞાનની કળાની ખબર નથી. રાગથી (ભિન્ન પડી) અંતર્મુખ થવું, બહિર્મુખના રાગથી (ભિન્ન પડી) અંતર્મુખ થવું એવું જે ભેદજ્ઞાનના અભાવને લીધે રાગીને રાગમય છું એમ માની રાગનો કર્તા થાય છે. જ્ઞાનીને તે **'મારું સ્વરૂપ નથી.'** એમ જ્ઞાની જાણે છે. ચૈતન્ય શુદ્ધ વેપારવાળો આત્મા, ચૈતન્ય શુદ્ધ ધ્રુવ, તેની અંતર નજરવાળો આત્મા, શુદ્ધ સ્વભાવના ભાવના વેપારવાળો આત્મા, તે રાગ હું છું એમ માનતો નથી. કહો, સમજાણું કાંઈ?

**'આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ નહિ કરતો...'** આ રીતે શુદ્ધ ચૈતન્યના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનના ભાવને કરતો, રાગાદિ ભાવને પોતામાં ન મેળવતો, ન કરતો, ન કર્તા થતો, ન મારા સ્વરૂપમાં માનતો, **'અહંબુદ્ધિ નહિ કરતો જ્ઞાની પોતાને રાગીદ્વેષી કરતો નથી,...'** આત્માના શુદ્ધ સ્વભાવમયમાં રાગ-દ્વેષને મેળવતો નથી, કરતો નથી, તેમાં એકરૂપ થતો નથી.

સમજાણું કાંઈ?

**'કેવળ જ્ઞાતા જ રહે છે;...'** ધર્મીનો તો સ્વભાવ જ એવો છે. જ્ઞાનસ્વરૂપ અને શુદ્ધ સ્વરૂપ તે મારો સ્વભાવ છે એમ ભાન (થઈ) રાગથી વિવેક પડેલો, ભિન્ન પડેલો ભાવ એ પોતાના સ્વરૂપમાં જ્ઞાતા જ છે. હું તો જાણનાર-દેખનાર છું. રાગ એ મારા સ્વરૂપમાં નથી અને રાગનો હું કર્તા નથી. મારા સ્વરૂપમાં હોય તેનું કાર્ય મને થાય અને તેનો હું કર્તા. સમજાય છે કાંઈ? ધર્મીને પોતાના સ્વરૂપમાં તો જ્ઞાન-દર્શન અને આનંદ છે. રાગ સ્વરૂપમાં નથી, રાગ તો પરરૂપ છે એમ જાણે છે. એથી જેના સ્વરૂપમાં જે દૃષ્ટિ પડી છે અને જે સ્વરૂપ એનું છે, તેના તે પરિણામ જ્ઞાતા-દૃષ્ટાના થયા તે આત્માનું કાર્ય અને તેનો તે કર્તા. સ્વભાવ સન્મુખના વલણવાળો ભાવ રાગને સ્વમાં મેળવતો નથી પણ રાગનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. સમજાણું કાંઈ? સમજાણું ભાઈ? માંગીરામજી! આવો ધર્મ છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ સામાયિકની વાત ચાલે છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ છે તેમ રાગથી ભિન્ન પડીને અંતરનો અનુભવ દૃષ્ટિ થઈ, તો સ્વરૂપમાં તો શુદ્ધતા અને શાંતિ જ પડી છે. તો એ શુદ્ધતા અને શાંતિ ઉપર દૃષ્ટિના પરિણમનને લઈને એનું પરિણમન જ શુદ્ધ રૂપે જ થાય છે. અને શુદ્ધ રૂપે પરિણમન તે પરિણમનનો કર્તા આત્મા અને તે કાર્ય મારું એમ ભેદ પાડીને કહેવું હોય તો કહેવાય. પણ દયા, દાન, વ્રત આદિના પરિણામ તે મારું કાર્ય અને હું કર્તા, ધર્મીને એ રાગ પોતાના સ્વરૂપમાં ભાસતો નથી. તેથી સ્વરૂપના કાર્યનો કરનાર તે રાગનો કરનાર છે નહિ. સમજાણું કાંઈ? આ તો રાગ ન થાય તેની વાત છે. જ્યારે ન થાય.. એને લઈને હોં ત્યાં. એ તો રાગ જ્યાં ન થાય એની વાત છે. એ રાગ ન થાય ક્યાં? કે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ છે ત્યાં રાગ થતો નથી એમ અહીં કહે છે. સાંભળને! ન થાય એટલે શું?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પણ પૂર્ણ ચૈતન્યમૂર્તિ શુદ્ધ છે. એની અંતરમાં રાગથી પૃથક્ થઈને બહિર્મુખની વલણ દશા ગઈ, અંતર્મુખ દશા થઈ તો એના સ્વરૂપમાં રાગ છે જ નહિ. એને રાગ જ નથી. કારણ કે રાગ બિલકુલ ન થાય એ બિલકુલ નથી અત્યારે. સ્વરૂપમાં નથી માટે બિલકુલ નથી. સાંભળને! સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકનો જ્ઞાનનો સૂર્ય પ્રભુ, એમ અંતરમાં દૃષ્ટિ આવતાં સ્વરૂપમાં તો જ્ઞાન, દર્શન અને શાંતિ છે. એ સ્વરૂપમાં પરિણમનાર તો પોતાના સ્વરૂપની શુદ્ધતાનો જ કર્તા છે. જેના સ્વરૂપમાં જ રાગ નથી તે તેનો કર્તા કેમ થાય? અજ્ઞાનીએ તો સ્વરૂપ જ રાગ છે એમ માન્યું છે. રાગથી ભિન્ન ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિમાં લીધું નથી, ભેદજ્ઞાન કર્યું નથી. એથી એના સ્વરૂપમાં એ

પુણ્ય-પાપના વિકલ્પ તે સ્વરૂપ છું, તેથી તે સ્વરૂપના કાર્યનો કર્તા થાય છે. આહાહા..! એય..! રાજમલજી! કુચામણમાં આ ક્યાં સમજાય? આ શું કહે છે?

મુમુક્ષુ :- ... આ પાછું એને લાયક ન હોય.

ઉત્તર :- એ તો એને લાયક ન હોય. આ તો અહીંની વાત ત્યાં આવે?

**'કેવળ જ્ઞાતા જ રહે છે;...'** કેવળ જ્ઞાતા જ રહે છે. એટલે કોઈ એમ કહે કે એકલો જ્ઞાતા હોય અને રાગ બિલકુલ દશામાં ન હોય એની વાત છે. એ કેવળ જ્ઞાતા જ છે, એની દશામાં રાગ છે જ નહિ. સમ્યગ્જ્ઞાન થતાં પુણ્ય-પાપના રાગથી ચૈતન્ય સ્વરૂપ જુદું ભાસન થતાં સ્વરૂપમાં રાગ છે જ નહિ. તેથી તે શુદ્ધ સ્વરૂપનો કર્તા-કરનાર, શુદ્ધ સ્વરૂપ કરનાર શુદ્ધ સ્વરૂપના જ કાર્યને કરે છે. એટલે જ્ઞાતા દૃષ્ટાના કાર્યને કરે છે. આહાહા..!

અહીં તો હજી પરદ્રવ્યનો કર્તા ન માને તો દિગંબર જૈન નહિ (એમ કહે છે). ગજબની વાતું ચાલે છે ને. ઓહોહો..! કાળ શું .. છે. ... એ જાતનું પરિણામ છે આડા થવાના અરે..! કોઈ પ્રાણીને એવા ભાવથી ભવિષ્યમાં દુઃખ થાય એ કાંઈ સારું છે? બાપુ! તારા શુદ્ધ સ્વરૂપના માહાત્મ્ય વિના એવા રાગનો કર્તા થાય તો કહે છે કે એ રાગનું સ્વરૂપ જ આત્માનું માનીને શુભરાગ જે આવ્યો કૃત્રિમ એના ઉપર જેની દૃષ્ટિ છે, રાગથી ભિન્ન ચૈતન્ય મહાપ્રભુ એનું જેને ભાન નથી, એ જ રાગને પોતાના સ્વરૂપનો માનીને શુભરાગનું કાર્ય માને છે. મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. એય..! વિજયમૂર્તિ! એમ કહે છે તમારામાંથી પંડિત લોકો. ભાઈ! ... એ તત્ત્વના .. થશે. અત્યારે થાય છે એનો ખ્યાલ નથી આવતો.

સંયોગો જ્યારે પ્રતિકૂળ આવે તો એમાં આમ રાડ નાખે કે આ ન થાય. ... આચાર્ય મહારાજ કહે છે, અરે..! અમારા દુશ્મનને પણ કુલિંગ ન હશો, હોં! કુંદકુંદાચાર્ય મૂલાચારમાં કહે છે. કુલિંગનો ભાવ અને એમાં ધર્મ માને એ ન હો. કારણ કે એમાં દુઃખી થશે. વર્તમાન દુઃખી છે, ભવિષ્યે દુઃખી થશે. ભાઈ! આ બહારનું કોઈ તને સહાયક થશે નહિ. સમજાણું કાંઈ? એ વિકારને પોતાના સ્વરૂપનો માનીને એને ધર્મ માન્યો એ પણ ભાવ કુલિંગ છે. એ ચૈતન્યનું લિંગ નથી. આહાહા..! આત્માના આનંદ આગળ એ ... નથી. આ વિકારનું એકલું થવું તે એકલું દુઃખનું લક્ષણ, એકલા દુઃખમાં ડૂબી ગયો.

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આખો શુદ્ધ ચૈતન્ય પ્રભુ, તેને અંતરમાં દૃષ્ટિમાં લેતાં રાગથી ભિન્ન પડેલું તત્ત્વ એ રાગના કાર્યનો સ્વીકાર કેમ કરે? એ રાગ સંબંધી અને પોતા સંબંધીનું જ્ઞાન સ્વતઃ સ્વભાવને આશ્રયે પરિણમેલું તે જ્ઞાનનો તે કર્તા થાય છે. અથવા સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રને એ સ્વભાવને આશ્રયે થયેલા પરિણામ, તેનો તે કર્તા અને તે તેનું જ્ઞાનીને કર્મ નામ કાર્ય છે. વ્યવહાર રાગ થયો એ પણ જ્ઞાનીનું કાર્ય છે નહિ. આહાહા..!

આ કાર્ય માને તો આખો આત્મા જ મલિન છે અને મલિન કાર્ય થયું એવું થયું. સમજાણું કાંઈ? રાગ મારું સ્વરૂપ જ છે એટલે હું જ મલિન છું. એમ થઈ ગયું ને? પુણ્યના પરિણામ, વિકારી ભાવ તે મારું સ્વરૂપ છે એમ માનનાર જ રાગનો કર્તા થાય છે. હું એવો જ છું. કહ્યું ને માથે? '**મલિન સ્વાદ આવે છે.**' તે રાગ-દ્વેષવાળો જ હું છું, એ જ મારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એને પોતાના શુદ્ધ સ્વરૂપનું તત્ત્વ જે આખું સત્ત્વ એ તો દૃષ્ટિમાં લેતો નથી. એથી તેને રાગાદિના પરિણામ જ મારા સ્વરૂપે છે એમ એને ભાસે છે. ક્યાંક અસ્તિત્વ તો માનવું જોઈએ ને? શુદ્ધ સ્વરૂપે શુદ્ધ ભાસ ન થયો તો એને આ અશુદ્ધપણે છું તે હું છું એ માન્યા વિના કોઈ રીતે છૂટકો નથી. એ શુભ પરિણામ મારા છે, રાગ મારો છે એમ માનનારો પોતાના સ્વરૂપને જ મેલું માને છે. મેલું માનનાર મેલ પરિણામનું કાર્ય સ્વીકારે છે. સમજાણું કાંઈ? ભારે આકરું. ભગવાનભાઈ! એને ક્યાં એના પોષા, પડિક્કમણામાં આ વાત હતી ક્યાંય? નહોતી? પોષા પડિક્કમણામાં સંવર-નિર્જરા થાય, લ્યો. અરે..! ભગવાન! ભાઈ! નામ આપી દે એટલે કાંઈ કોથળીમાં ઝેર ભરી અને સાકર નામ આપે તો ઝેર મીઠા થઈ જાય? ભાઈ! ... પ્રભુ! જ્યાં સમતાનો સમરસ પ્રભુ, ચારિત્રનો પિંડ કહો કે સમરસ પ્રભુ આત્મા કહો. એવો સમરસ રાગથી ભિન્ન ભાસ્યા વિના, એની દૃષ્ટિ થયા વિના એ શેમાં ઠરશે? અને ઠર્યા વિના સમરસના પરિણામ સામાયિકના આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? વિકલ્પ ઉઠાવે ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં... ... એ તો વિકલ્પ છે, રાગ છે. રાગ તે વિષમભાવ છે. રાગથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપમાં આત્મા જ્ઞાનમૂર્તિ અથવા ચારિત્રમૂર્તિ એટલે સમરસી સ્વરૂપ એવું રાગના વિકલ્પથી, શુદ્ધથી ભિન્ન ભાસ્યા વિના એની દૃષ્ટિ સ્વભાવની શાંતિ ઉપર ઠર્યા વિના, એને સ્વભાવમાં શાંતિ અને સામાયિક-સમતા આવશે ક્યાંથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...બેસી રહે

ઉત્તર :- કોણ બેસી રહ્યો છે? ક્યાં બેઠો છે? રાગમાં બેઠો છે.

જેમાં એની દૃષ્ટિ છે એ વિકલ્પ ઉઠ્યો છે કે આ કરું છું, આ કરું. ત્યાં એની દૃષ્ટિ છે. આ વિકલ્પ વિનાની ચૈતન્ય અંદર અંતર્મુખ વસ્તુ છે એમાં તો બેઠો નથી. એમાં છે નહિ. બેઠો છે ક્યાં? રાગમાં બેઠો છે. શરીર ભલે આમ હોય કે આમ હોય એમાં ક્યાં .. છે? .... કાંઈક તો લાભ હશે કે નહિ એને? પણ નામ સામાયિક આપ્યાં અને ભાવમાં તો ભાન ન મળે. ભાનમાં આવ્યું શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સામાયિકની. ૨૪ કલાક ચાલે ને ભાઈ? ૨૪ કલાકમાં ૩૦ સામાયિક થાય.

બે ઘડીની સામાયિક ખરી ને. ત્યાં બોટાદમાં થતાં. ૩૦ સામાયિક, ૩૫ સામાયિક, ૪૦ સામાયિક. સવારે ચાર વાગ્યે ઉઠે તે બીજે દિ' આખો કરે. આખો દિ' તો કરે પાછી. ચાર વાગ્યાથી માંડી ચોવીસ કલાક અને ચાર.. ૨૮ કલાક. ૨૮ કલાકની બે ઘડીની સામાયિક ગણી લ્યો કેટલી થઈ? સૂવે નહિ, રાત્રે સૂવે નહિ, સૂવે નહિ, ભાઈ! પોપટભાઈ હતા એ કરતા. ...ના પોપટભાઈ હતા. શું કર્યું? સામાયિકનો .. .. ૩૦ સામાયિક. એક કલાકની સવા થઈ એટલે ૨૪ કલાકની ૩૦, ૨૮ કલાકની ૩૫. ૩૫ સામાયિક. આહાહા..! મિથ્યાત્વને સેવ્યું છે. સાંભળને!

આત્મા રાગમાં તો પડ્યો છે. પુણ્ય-પાપના વિકલ્પની એકતામાં પડ્યો છે. એકતામાં ઠરીને ત્યાં બેઠો છે. અને બેઠો છે રાગમાં. રાગથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ જે સમરસ સ્વરૂપ છે એની તો દૃષ્ટિની ખબર નથી. એની દૃષ્ટિ કરીને એમાં ઠરવું એનું નામ સામાયિક છે. ૨૮-૨૮ કલાક બેસે .. સ્થાપે, .. સ્થાપે, .. હેઠે સ્થાપે અને .. એમાં આત્માને શું પણ? એ તો જડ છે, માટી-ધૂળ. આહાહા..! એવી ચકરાવે ચડ્યો છે ને જીવ. અનાદિ કાળથી એમ ને એમ એણે કાળ ગુમાવ્યો. ટાણા આવ્યા ત્યારે કર્યા નહિ અને જ્યારે ટાણા નથી ત્યારે કરવાનું.. એકેન્દ્રિય, બે ઇન્દ્રિયમાં... થઈ રહ્યું. માંડ માંડ.. ત્રસમાં તો બે હજાર સાગર રહે માંડ. એમાં જો એણે કામ ન કર્યું તો પછી ક્યાંય કરવાનો અવસર એને નથી. સમજાણું કાંઈ?

બાપુ! પરદ્રવ્યની સાથે તારે શું સંબંધ છે? બીજા શું માનશે અને બીજા શું કહેશે? બીજા શેમાં મને ગણશે? એમાં ગણાતા તું કાંઈ ગણતરીમાં આવી જા એમ છો? દુનિયા ગણે માટે તું ગણતરીમાં આવી જા એમ છો? અને દુનિયા ન ગણે તો ગણતરીમાં આવ્યો એ ન ગણતરીમાં થઈ જા એવો છો?

કહે છે કે '**તેથી તે કર્મોને કરતો નથી.**' એટલે? ધર્મી જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપને ઓળખતો, પુણ્ય-પાપના રાગથી આસ્રવતત્ત્વથી ભિન્ન પડેલા ચૈતન્યને જાણતો, જ્ઞાની જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિને કાર્યને એ કરે છે. '**આ પ્રમાણે જ્ઞાનમય ભાવથી કર્મબંધ થતો નથી.**' તેથી જ્ઞાનીને બંધન જ નથી. ભાવબંધન નથી અને દ્રવ્યબંધન પણ નથી. એમ કહે છે, લ્યો!

'**હવે આગળની ગાથાના અર્થની સૂચનારૂપ કાવ્ય કહે છે :-**'

ज्ञानमय एव भावः कुतो भवेत् ज्ञानिनो न पुनरन्यः।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः।।६६।।

'**અહીં પ્રશ્ન છે કે જ્ઞાનીને કેમ જ્ઞાનમય જ ભાવ હોય...**' ધર્મીને-જ્ઞાનીને તો

જ્ઞાનમય જ ભાવ હોય. અશુભ રાગ, રાગાદિ હોય તો કેમ? **'અને અન્ય ન હોય?'** એનું શું કારણ? ધર્મીને તો ધર્મમય જ ભાવ હોય. જ્ઞાનીને તો દરેક કામમાં નિર્જરા જ થાય, એમ કહે છે. **'અજ્ઞાનીને કેમ સર્વ ભાવ અજ્ઞાનમય જ હોય?'** જ્ઞાનીને કેમ જ્ઞાનમય ભાવ હોય? ધર્મદૃષ્ટિ થઈ, સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે એને એકલા ધર્મમય જ ભાવ હોય અને અન્ય એટલે અધર્મ ન હોય અને અજ્ઞાનીને કેમ સર્વ અધર્મ ભાવ જ હોય અને જ્ઞાનમય ધર્મ ભાવ ન હોય? એમ કહે છે. આ શ્લોકમાં જ કહે છે. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મીને ભોગનો વિકલ્પ હો પણ ત્યાં આગળ તે કાળે પણ રાગથી ભિન્ન સ્વરૂપનું શુદ્ધમાં આનંદનું ભાન હોવાથી તે રાગનો પણ કર્તા ન થવાથી, સ્વરૂપમાં ન મેળવતા હોવાથી, તેના જ્ઞાતા-દૃષ્ટાપણે રહેતો, પોતાના શુદ્ધ સ્વભાવને કારણે અશુદ્ધતાની નિર્જરા થતી જાય છે. અશુદ્ધતા છૂટતી જાય છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કાળે પણ મિથ્યાત્વની અશુદ્ધતા ક્ષણે ક્ષણે વધતી જાય છે. સમજાણું કાંઈ?

**'આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે :-'**

**णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो।**
**जम्हा तम्हा णाणिस्स सव्वे भावा हु णाणमया।।१२८।।**
**अण्णाणमया भावा अण्णाणो चेव जायदे भावो।**
**जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स।।१२९।।**

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.**
**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.**

આહાહા..! મહા ટંકોત્કીર્ણ સિદ્ધાંત.

**'ટીકા :- ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી...'** અર્થાત્ જેને અંદર પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડેલા ચૈતન્ય સ્વભાવનું જેને ભાન નથી. એને તો એ દયા, દાન, વ્રત, વિકલ્પ જે ભક્તિ આદિ ઉઠે એ જ મારા છે અને એ મારું કર્તવ્ય છે, એવો જે અજ્ઞાનભાવ એ **'અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈપણ ભાવ થાય...'** દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને જાત્રાનો ભાવ **'તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો...'** સમજાણું કાંઈ?

પહેલામાં જ્ઞાનની ગાથા આવી. અજ્ઞાનની બીજી ગાથા છે. ઉત્તર પહેલા અજ્ઞાનની લીધી.

શું કીધું? આત્મા પવિત્ર ચૈતન્યધામ શુદ્ધ વીતરાગ સમરસી તત્ત્વ, એ પુણ્ય-પાપના વિકલ્પો જે ઉઠે છે શુભ-અશુભભાવ એને પોતાના માનતો પોતાના આવા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને ન જાણતો, ન માનતો, ન અનુભવતો, ન ઠરતો, અજ્ઞાનીને શુભ પરિણામ થયા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, જાત્રા, એવા શુભભાવ તે અજ્ઞાનમય ભાવ છે. કેમ કે રાગમાં જ્ઞાનસ્વભાવભાવ નથી. તેને અજ્ઞાનમય ભાવને પોતાના માનતો, અજ્ઞાનમય ભાવમાંથી, એ અજ્ઞાનમય દશામાંથી '**જે કોઈપણ ભાવ થાય...**' ચાહે સો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હો. પંચ મહાવ્રતનો રાગ હો, એ '**અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો...**' અજ્ઞાનના ભાવને છોડતો નથી. અજ્ઞાનમય જ છે બધો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તીવ્ર-મંદ થયો એનાથી ફેર...

ઉત્તર : તીવ્ર-મંદ પણ ફેર શું? એમાં સ્વભાવ ક્યાં આવ્યો? મંદ રાગ પણ જેની એકતાબુદ્ધિમાં તીવ્ર મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? મહાપાપ તો એ છે ભેગું. મંદ રાગ, કષાય મંદ થયો પણ એનું લક્ષ જ ત્યાં એકત્વબુદ્ધિ છે. એ મારું કર્તવ્ય છે અને એ મારો ભાવ છે. કેમ કે એ રાગથી ભિન્ન સ્વરૂપ છે એનું તો ભાન નથી. એય..! સ્વરૂપચંદજી! પ્યાલા ફાટી જાય એવું છે આમાં તો. શું કહે છે આ તે? ઓલા રાડ્યું ન પાડે.. થાય કે નહિ? એય..! ...લાલજી! ... ભાઈ! બાપુ! આ તો તારા ઘરની વાત છે. ભાઈ! તને ખબર નથી. તારા ઘરમાં, પ્રભુ! તારા ઘરમાં તો સમતારસનો પિંડ પડ્યો છે. તારા ઘરમાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો છે. તારા ઘરમાં તો બેહદ જ્ઞાનનું સત્ત્વ પડ્યું છે. એવા સત્ત્વનો જ્યાં અંતર્મુખ થઈને સ્વીકાર નથી, એને પુણ્ય અને પાપના જે કાંઈ વિકલ્પ ઉઠે તેનો અસ્તિ તરીકે સ્વીકાર છે, એવો જે અજ્ઞાનભાવ, મિથ્યાત્વભાવ, એમાં જેટલા ભાવ થાય એ બધા અજ્ઞાનમય જ ભાવ એને હોય છે. સમજાણું કાંઈ? કંટાળો લાગે માણસને કેટલાકને કે આ કઈ વાત કરે છે? આ તે માર્ગ ભગવાનનો આવો હશે? આવો ભગવાને કહેલો હશે? ભગવાન એટલે તું આત્મા. સાંભળને. તારો મહિમાવાળો આનંદ અને શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એના ઉપર જેની દૃષ્ટિ અને એકત્વ નથી એને રાગ સાથે એકત્વ છે. એ રાગ સાથે એકત્વ છે તો એવો અજ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવના કારણમાંથી બધે મિથ્યાત્વભાવ જ ઉત્પન્ન થાય છે. કહો, સમજાણું કાંઈ?

દાખલો આપશે. સોનામાંથી સોનું થાય. લોઢામાંથી લોઢું થાય. ભાઈ! કહે છે, ભાઈ! ફક્ત દૃષ્ટિ ફેરે બધી વાત ફેર છે. જ્યાં વસ્તુ ચૈતન્ય સ્વરૂપ (મોજૂદ છે), એ પુણ્ય અને પાપના આસ્રવતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે એમ ન જાણતા, એનાથી મને લાભ થાય છે એટલે

એ જ મારું સ્વરૂપ છે એમ માન્યું છે એણે. શુભરાગથી પણ મને કલ્યાણ થશે, મારું હિત થશે, મને મોક્ષ થશે, મને ધર્મ (થશે). એમ માનનારો રાગને જ ચૈતન્યસ્વરૂપ માને છે. જેનાથી લાભ માને એને ભિન્ન કેમ જાણે? અને ભિન્ન ન જાણે માટે તે રાગની બુદ્ધિવાળો અજ્ઞાની રાગના ભાવ જેટલા થાય તેટલા બધા શુભ-અશુભ અજ્ઞાનમય જ છે એને તો. એને ધર્મનો એક અંશ પણ એમાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિગોદ ગયો છે તો નિગોદ થયું તો શરીર થયું એમાં અંદર ક્યાં પડ્યો? એક જાય નિગોદમાં એક જાય દેવમાં આટલો ફેર પડે. પણ શું પડ્યું એમાં? ગતિ ક્યાં ફરે છે. ગતિ તો જે ગતિ છે સ્વભાવ તરફ નથી અને રાગ ઉપર ગતિ છે. એમાં ગતિ પણ ક્યાં ફરી છે? બહારની ગતિ ફરી એ ગતિ ક્યાં? ચાર ગતિના કારણરૂપ રાગ તે ગતિમાં તેનું ગમન છે. એય..! ... ગતિ એટલે .. સ્વર્ગના દેવ એટલે શું, કર્મના સંયોગ એટલે શું? એમાં ઈ ક્યાં અડે છે અંદર?

એની દૃષ્ટિમાં તો જે રાગભાવ છે તે જ મારું કર્તવ્ય છે (એમ છે). કર્તાકર્મ (અધિકાર) છે ને? શુભરાગ છે એ મારું કર્તવ્ય છે અને એનો હું કરનાર છું એટલે એ જ મારું સ્વરૂપ છે. જેનો કર્તા થાય, પોતાના સ્વરૂપને માને તો કર્તા થાય. એવો માનનાર એને ગમન તો રાગમાં અને એકાકાર વિકારમાં છે. એવી જ્યાં દૃષ્ટિ અજ્ઞાનમય છે એના જેટલા ભાવો થાય, જપ, તપ, ભક્તિ, પૂજા, દાન, જાત્રા બધો અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય છે. જરીએ તેમાં જ્ઞાનસ્વભાવ ધર્મ અંશ ઉત્પન્ન થતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આવે છે. .. ભાવાર્થમાં. ... એમ આવે છે. અસ્થિ, લિંગ હાડકાની ..માં .. શેમાં? રાગમાં. અસ્થિ, લિંગ આ તો જડ, માટી, ધૂળ છે. હાડકા. હાડકા હોય છે અને પછી હોયને ચરબી. વળગીને રહે ચરબી. ... એના ... ... આત્મામાં ક્યાં રાગ સ્વભાવમાં રક્ત છે? કહો, સમજાણું કાંઈ? મહિના-મહિનાના, બબ્બે મહિનાના અપવાસ કરે પાણી ન પાય. સુકાઈ જાય ત્યાં. કહે છે કે એ બધો અજ્ઞાનમય ભાવ છે. કેમ કે ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા રાગથી ભિન્ન એવા શુદ્ધ સ્વરૂપનું અસ્તિત્વ જેની દૃષ્ટિમાં આવ્યું નથી અને રાગથી ભિન્ન ભગવાન અનાદિ અનંત શુદ્ધ રાગથી ભિન્ન છે. એવું અંદર સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન નથી એને તો એકલા રાગમાં એકત્વ થતાં રાગ જ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાનનો સ્વભાવ રાગનો નથી અને એ રાગ ને વિકાર તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ, સ્વભાવનો અભાવ છે. સ્વભાવના અભાવપણે પોતાને માનનાર એવો જ ભાવ તેને ક્ષણે ક્ષણે ઉત્પન્ન

થાય છે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો. એકલો અજ્ઞાનમય જ ભાવને ઉત્પન્ન કરનાર છે.

અરે..! પણ આવું ભલે હો. પણ કાંઈક સાધન હશે કે નહિ એને પ્રગટ કરવાનું? એ હજી રાડ નાખે છે. એય..! હિંમતભાઈ! ભગવાન! એ જ અહીં કહે છે. ભાઈ! એ રાગ એ સાધન નથી. રાગથી તો જુદું પાડવું એ અંતરનું સાધન છે. એને ઠેકાણે તું (રાગને) સાધન માન તો રાગની એક્તાબુદ્ધિ તારી છોડી અજ્ઞાન કોઈ દિ' ખસશે નહિ. આહાહા..! ભારે આકરું, ભાઈ! સમજાણું કાંઈ?

'**ખરેખર...**' '**यतो**' એ (શબ્દ) પડ્યો છે ને? '**यतो ह्यज्ञानमयाद्भावाद्यः**' સંસ્કૃત છે. '**यतो ह्यज्ञानमयाद्भावाद्यः कश्चनापि भावो भवति स सर्वोऽप्यज्ञानमयत्वमनतिवर्तमानोऽज्ञानमय एव स्यात्,** આહાહા..! ભગવાન આત્મા જાણનાર-દેખનાર આનંદમય મૂર્તિ, તેને અંતરમાં રાગ અને વિકલ્પથી ભિન્ન પાડ્યો નથી તત્ત્વને અને ભિન્ન છે. ભિન્ન છે તેને ભિન્ન પાડ્યો નથી તત્ત્વને અને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન છે છતાં તેને એકપણે માનીને તેનાથી મને લાભ થાશે એમ માનનારને તે મિથ્યાત્વભાવ અજ્ઞાનમય ભાવ છે.

'**ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય...**' જોયું! કોઈ પણ ભાવ થાય. ચાહે તો અશુભ, વિષય વાસનાનો હો કે ચાહે તો શુભ દયા, દાન, વ્રતનો હો. '**તે સઘળોય...**' અરે..! વીતરાગમાર્ગ બાપા! દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. સર્વજ્ઞનો પંથ તે ધર્મ સુશરણ જાણી, 'આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' સર્વજ્ઞ પરમેશ્વરે તો વીતરાગ સ્વરૂપ આત્મા છે એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તેને ભગવાને તો ધર્મ કહ્યો છે. અજ્ઞાનીને એની ખબર નહિ હોવાથી, અંતરમાં સ્વભાવની શુદ્ધતાથી વિપરીત એવો અશુદ્ધભાવ ઉત્પન્ન થતાં, એ જ મારું સ્વરૂપ છે, તે મારું કર્તવ્ય છે, તે મારું કામ છે, તેનો હું કર્તા છું, તેમાં હું છું, એમ અજ્ઞાનમય ભાવ થયેલો એમાંથી જેટલા ભાવ ઉત્પન્ન થાય, જ્યાં જાય અને જેટલા ભાવ થાય એ બધા અજ્ઞાનમય જ થાય છે. જાય એટલે કોઈ ક્ષેત્રે રહે અને ભાવ પોતાના ભાવમાં. અજ્ઞાનમય રાગમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ બધા ઉત્પન્ન થાય છે. દેવીલાલજી! ભારે આકરું છે.

અરે..! પ્રભુ! તેં પ્રભુનો મારગ સાંભળ્યો નથી, ભાઈ! પ્રભુનો એટલે તારો. સમજાણું કાંઈ? વીર્ય ઊંધા, જ્ઞાન ઊંધું, શ્રદ્ધા ઊંધી. એણે બહારથી સંતોષ માનીને કાંઈક થાશે ધર્મ એમ માનીને એમ ને એમ અનંત કાળ ગુમાવ્યો. સાધુ થઈને, ત્યાગી થઈને, પંચ મહાવ્રતના પરિણામ ... લ્યોને. બહારમાં, હોં! અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય. એ પણ બધો શુભરાગ.

અને તેનાથી મને લાભ માનનાર તે જ મારું સ્વરૂપ તેમ માનીને તેને અજ્ઞાનમય ભાવ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. ચાહે તો સમવસરણમાં બેઠો હોય અજ્ઞાની તો તેને ઓલા શુભરાગથી મને લાભ થાય એવી માન્યતાવાળાને ક્ષણે ક્ષણે રાગ અને મિથ્યાત્વની જ ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ?

'**ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી...**' ભાવ એટલે પર્યાય અહીં. '**જે કોઈપણ ભાવ...**' એટલે પર્યાય થાય છે '**તે સઘળોય અજ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો...**' એ રાગની એકતામાં થયેલા જેટલા ભાવો બધા અજ્ઞાનમયને નહિ છોડતા, મિથ્યાત્વભાવને નહિ છોડતા '**અજ્ઞાનમય જ હોય છે,...**' બધો અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ રાગને ધર્મ માનનારને રાગની એકતાવાળું સ્વરૂપ માનનાર એવો એ દ્રવ્યલિંગી નગ્ન મુનિ દિગંબર જંગલમાં વનવાસમાં રહેતો હોય તો પણ એને બધા ક્ષણે ક્ષણે અજ્ઞાનમય જ ભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..!

'**તેથી અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનમય હોય છે.**' સવારે કહ્યું હતું ને કે વ્યવહાર છોડવો નહિ. એય..! રાગાદિ છે એને એ જાણે. પણ મારા સ્વરૂપમાં નથી એમ જાણે. સ્વરૂપમાં નથી એમ જાણવું એ નિશ્ચય છે અને અહીં છે એમ જાણવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? અહીં તો એક ઘા ને બે કટકા. આ રાગની ક્રિયા અંદરની શુભની પોતાની માને છે એટલે અજ્ઞાનમય ભાવ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. એમાં જરીએ ધર્મનો અંશ કે સંવર અને નિર્જરાનો એક અંશ પણ એમાં છે (નહિ) તે સઘળોય.

'**અજ્ઞાનીના ભાવો બધાય અજ્ઞાનય હોય છે.**' સમજાણું કાંઈ? અઘાતિની પુણ્ય પ્રકૃતિનો અર્થ શું? શુભરાગથી અઘાતિ પુણ્ય બંધાય એ પરમાણુનો પલટો બીજી જાતનો. આત્મામાં પલટો ક્યાં આવ્યો? અજ્ઞાનમય ભાવ છે બધા. મિથ્યાત્વ બંધાણું, રાગની એકત્વબુદ્ધિમાં દૃષ્ટિમાં અને એની સાથે શુભભાવ હોય તો અઘાતિમાં પુણ્ય બંધાણું. એમ બંધાણુંમાં બધો સંયોગ છે એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો ભાઈ માર્ગ એવો છે, જ્ઞાનીનો માર્ગ. 'હરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ.' 'હરિનો માર્ગ છે શુરાનો...' બાપુ! એ રાગ અને વિકલ્પથી પણ જ્યાં ભિન્ન તત્ત્વ છે એમ ભાન કરવાનો પ્રભુનો માર્ગ છે. આત્માનો એ માર્ગ છે.

'**અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય...**' ભાષા જુઓ! શુભરાગ અને અશુભરાગથી ભિન્ન પડેલો ભગવાન જેના અંતરમાં ભેદજ્ઞાન છે એને તો બધા જ્ઞાનમય જ ભાવ છે. જ્ઞાનમય પર્યાયમાંથી જે કોઈ પણ પર્યાય થાય, વિષય વાસના હોય તો પણ તે કાળે તેના સંબંધીનો જ્ઞાનમય જ ભાવ તેને થાય છે. આહાહા..! અજ્ઞાનીને રાગની એકતાબુદ્ધિના જે કાંઈ વ્રતાદિના પરિણામ (થાય) તે અજ્ઞાનમય છે. આ જ્ઞાનીને અશુભ

વાસનાનો વિકલ્પ આવ્યો પણ દૃષ્ટિ ત્યાં નથી, દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર હોવાથી તેને દરેક પર્યાય સમ્યગ્જ્ઞાન અને દર્શનની પર્યાય શુદ્ધતાપણે પરિણમે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે સઘળોય જ્ઞાનમયપણાને નહિ ઉલ્લંઘતો...**' ચાહે તો લડાઈની વાસના ઊભી થઈ હોય, ભોગની વૃત્તિ ઉત્પન્ન થઈ હોય. ભગવાન આત્મા તે ક્ષણે પણ તે વૃત્તિના રસથી ભિન્ન પડેલો નિજ આત્મરસ, એવા આનંદરસને જાણતો-અનુભવતો જ્ઞાની-સમ્યગ્દૃષ્ટિ એને બધા જ્ઞાનમયપણાને લીધે. જ્ઞાનમય એટલે? આત્માની શાંતિમય, શ્રદ્ધામય, જ્ઞાનમય એ બધા જ્ઞાનમય ભાવ કહેવાય. તે જ્ઞાનને ઓળંગતો નથી, એમ રાગરૂપ થતો નથી. '**જ્ઞાનમય જ હોય છે.**' '**તેથી જ્ઞાનીના ભાવો બધાય જ્ઞાનમય હોય છે.**' લ્યો! ધર્મીના બધા ભાવ ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામરૂપ હોય છે. અજ્ઞાનીના બધા પરિણામ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન રાગમય જ હોય છે. કહો, સમજાણું કાંઈ? વિસ્તાર કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૨, શનિવાર તા. ૭-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૨૮થી ૧૩૧, શ્લોક ૬૭, પ્રવચન-૨૧૭**

.. બધું જ્ઞાનમય છે. કર્મ એટલે કાર્ય. જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતા જુદી જાતનું છે. કેમ કે જ્ઞાની એટલે ધર્મી, એની દૃષ્ટિમાં ચૈતન્ય સ્વભાવ શુદ્ધ આવ્યો છે અને પુણ્ય-પાપના રાગથી ભેદજ્ઞાન સ્વસન્મુખ થયું છે. સમજાણું? એથી '**જ્ઞાનીનું પરિણમન...**' એટલે જ્ઞાનીનું કાર્ય '**અજ્ઞાનીના પરિણમન કરતાં...**' અજ્ઞાનીનું તો પુણ્ય-પાપના શુભાશુભભાવમાં પોતાની બુદ્ધિ છે એથી તે અજ્ઞાનીનું પરિણમન, એનું કાર્ય '**જ્ઞાનીનું પરિણમન અજ્ઞાનીના પરિણમન કરતાં જુદી જ જાતનું છે.**' સમજાણું કાંઈ?

'**અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે,...**' કેમ કે આત્મા પુણ્ય-પાપના શુભાશુભભાવથી ભિન્ન છે એવું અંતર્મુખનું સ્વસ્વભાવમાં એકમેકનું જ્ઞાન નથી અને શુભાશુભરાગનું એકત્વપણાનું જ્ઞાન છે એ અજ્ઞાન છે. અજ્ઞાનીનું પરિણમન એટલે કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો, અંતર્મુખ સ્વભાવનો આદર નથી અને જેને એ શુભ-અશુભભાવનો જ બહિર્મુખથી થયેલા ભાવ, એનો જ્યાં આદર છે, એના બધા કાર્યો અજ્ઞાનમય છે. પરિણમન એટલે બધું એનું કાર્ય અજ્ઞાનમય છે.

મુમુક્ષુ :- અજ્ઞાનમય એટલે?

ઉત્તર :- અજ્ઞાનમય એટલે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ વિકલ્પ આદિ મારા છે એવા મિથ્યાત્વભાવનું જ એને પરિણમન છે. સમજાય છે કાંઈ?

અજ્ઞાનીનું પરિણમન અજ્ઞાનમય છે. એટલે કે શુદ્ધ ચૈતન્યના સ્વભાવથી વિરૂદ્ધ જે વિભાવ-શુભ અને અશુભરાગ, એની સાથે એકત્વબુદ્ધિ હોવાથી, એટલે કે પર્યાયબુદ્ધિ, ઊલટી બુદ્ધિ, અંશ વર્તમાન રાગબુદ્ધિ હોવાથી, તેમાં એકત્વપણાને પામેલો, ગમે તે પ્રકારનો વ્રતનો, નિયમનો વિકલ્પ હો એ બધું અજ્ઞાન જ છે અજ્ઞાનીને. સમજાણું કાંઈ? જ્ઞાનીનું જ્ઞાનમય છે. ધર્મીનું, આત્મા શુદ્ધ ચૈતન્ય શરીર, કર્મથી તો જુદો પણ પુણ્ય-પાપના ઉપાધિ ભાવથી પણ જુદું તત્ત્વ દૃષ્ટિમાં, જ્ઞાનમાં, અનુભવમાં આવેલું હોવાથી, જ્ઞાનીને કોઈપણ પ્રકારે અશુભ વાસના આદિ હોય કે શુભ વિકલ્પ હોય એ સંબંધીનું પોતાનું જ્ઞાન જ જ્ઞાતાપણે કામ કરે છે. કહો, સમજાણું આમાં?

'**તેથી અજ્ઞાનીના ક્રોધ, માન,...**' માયા, લોભ ભાવ હો કે '**વ્રત, તપ...**'ના રાગની મંદતાના વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિના ભાવ હો '**ઈત્યાદિ સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા...**' નથી. વિકારની એક્તાબુદ્ધિમાં થયેલા ભાવો બધા વિકારમય એટલે અજ્ઞાનમય

છે. અજ્ઞાનને ઓળંગતા નથી. સમજાણું કાંઈ? રાડ નાખી જાય. પહેલે, બીજે, ત્રીજે ગુણસ્થાને પાપી જીવ. ચોથેથી અંતરાત્મા પુણ્ય જીવ. પુણ્ય જીવ તે અંતરાત્મા અને અંતરાત્માથી પરમાત્મા પુણ્યથી થાય એવું આવે. એય..!

અહીં કહે છે કે પુણ્ય એટલે શુભરાગ, એનું જેને અંતરમાં એકત્વપણું છે, સ્વભાવ એને ભિન્ન ભાસ્યો નથી એટલે જેમાં એનું ભાસન છે તે જ જાતનું એનું પરિણમન છે. વિકારમય પરિણમન છે. પછી કષાયની મંદતા, વ્રત, તપ, નિયમ, નામ, સ્મરણ, ભક્તિ, પૂજા, જાત્રા કોઈપણ ભાવ થાય તે તેની રાગની એક્તાબુદ્ધિને ઓળંગતા નથી. તેથી તે બધા અજ્ઞાન એટલે જ્ઞાન સ્વભાવના ભાવનો જેમાં અભાવ છે. એવા બધા વિકારમય એકલા પરિણામ અજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિકલ્પ. બેય વિકલ્પ રાગ છે. એ ક્રોધનો ત્યાગ અને રસના ત્યાગનો ત્યાં એમ કહે છે. તપનો શું? એમાં લખ્યું છે, જુઓ!

'**ક્રોધ, માન, વ્રત, તપ...**' છે એમાં? એક અશુભ અને શુભના બે પ્રકાર છે. ક્રોધ, માન, માયા, લોભ હોય તો અશુભ છે અને કષાયની મંદતાનો કોઈ વ્રતનો ભાવ, તપનો ભાવ. તપમાં અનશન, ઉણોદરી, નામ સ્મરણ, ભક્તિ, પૂજા બધું આવી જાય છે, એવા જે રાગની મંદતાના ભાવ કે રાગની તીવ્રતાના ભાવ '**સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા...**' નથી. કેમ કે એ રાગથી પૃથક્ ચૈતન્યની જાતને અંતર્મુખ થઈને જાણી, જોઈ, અનુભવી નથી. એથી એના અનુભવમાં, વેદનમાં એકલો રાગ જ વર્તે છે. એ રાગ પછી શુભ હો કે અશુભ બધું.. આત્માના ચૈતન્ય સ્વભાવથી વિરૂદ્ધ ભાવનું અજ્ઞાનપણાનું એને એકલું વેદન છે. કહો, માંગીરામજી! વ્રત, તપ તો નિર્જરાના કારણ છે. વ્રત સંવર અને તપ નિર્જરા અને ક્રોધ, માન, માયા, લોભ તે પાપ. તપ એટલે અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ કોઈપણ વિકલ્પ ઉઠાવે છે રાગની મંદતાનો. અપવાસ કરું, આઠ અપવાસ કરું એવો મંદતાનો રાગ વિકલ્પ છે. અને એ રાગની સાથે ચૈતન્ય શુદ્ધ સ્વભાવનો પિંડ છે તેની એક્તાબુદ્ધિ છે. એથી તેના ભાવમાં બધો મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ જ ઉત્પન્ન થાય છે. ભારે આકરું કામ. સમજાણું?

'**સર્વ ભાવો અજ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી અજ્ઞાનમય જ છે.**' પુણ્ય-પાપના ભાવ કષાયમય છે અને કષાયનો રંગ જેને અંદર એકત્વબુદ્ધિએ ચડ્યો છે એને જ જેને ભાસ્યું છે, એને જ જેણે ભાળ્યું છે અને એમાં જેની બુદ્ધિ છે, એમાં જેની રુચિ છે અને એમાં જેનું પરિણમન છે. સમજાણું કાંઈ? મોટા મંદિરો કરાવે લાખો-કરોડોના. શુભભાવ. પણ એની દૃષ્ટિ ત્યાં શુભભાવ ઉપર છે, એકલી શુભ ઉપર છે અને શુભમાં એકત્વબુદ્ધિ

છે એટલે સ્વભાવથી ભિન્નતાના અજ્ઞાનભાવનું બધું ઉત્પન્ન થાય છે. આકરું લાગે માણસને. વીતરાગમાર્ગ એનાથી ઊલટો માર્ગ એને બેસવો કઠણ હજી. આમ હોય કે નહિ? આમ એવું તો હોય કાંઈ?

**'અને જ્ઞાનીના સર્વ ભાવો...'** ધર્મીને આત્મામાં શુદ્ધ ચૈતન્યનું પુણ્ય-પાપના રાગથી અધિકપણું, જુદાપણું, પૂર્ણપણું, પરથી ભિન્નપણે ભાસ્યું છે. તેથી તેના સ્વભાવની સન્મુખના ભાવ બધા જ્ઞાનજાતિને ઓળંગતા નથી. ચાહે તો તેને લડાઈનો ભાવ જ્ઞાનીને આવે કે અશુભ વાસના હોય પણ એ વાસનાથી તે કાળે પણ અધિક ચૈતન્ય શુદ્ધ છે તેવી જાતના ભાનના પરિણમનમાં તેને તો શ્રદ્ધા, શાંતિ અને જ્ઞાનમયની જ દશા થાય છે. સમજાણું કાંઈ?

આ કર્તાકર્મ અધિકાર ચાલે છે. જ્ઞાનીનું કાર્ય બધું જ્ઞાનમય છે. અજ્ઞાનીનું કાર્ય બધું અજ્ઞાનમય છે. એમ અહીં સિદ્ધ કરવું છે. આ દુનિયા સાથે મેળ ખાય એવું નથી. આહાહા..! આનંદઘનજી એક ફેરી લખે છે કે જો ધર્મીનો અભિપ્રાય બધા સમાજને અને સારા સંસારની સાથે મેળ ખાતો હોય તો એ અભિપ્રાય ધર્મીનો સાચો નથી. કેમ કે દુનિયાના અભિપ્રાય સાથે આનો અભિપ્રાય સંસારથી મુક્ત થવાનો સ્વભાવની દૃષ્ટિનો થયો એવો અભિપ્રાય જગતને બેસે અને એ ઠીક લાગે તો એ તારો અભિપ્રાય જ સાચો નથી. મોહનભાઈ!

લોકની માન્યતાથી, અનાદિની સમાજની માન્યતાથી વિરૂદ્ધ જ હોય. અને એ વિરૂદ્ધથી સરખું બીજાને લાગે તો તો અભિપ્રાય જ તારો સાચો નથી. સાચાને અને ખોટાને મેળ કેમ ખાય? એમ કહે છે. એય..! ન્યાલભાઈ! એમ આનંદઘનજી એકમાં લખે છે. ચોપડી નાની છે ને. ચોવીસીની ચોપડી એક છે એમાં મોઢા આગળ લખે છે.

ભાઈ! ધર્મીના કાર્ય બધા સ્વભાવના શુદ્ધતાના ભાનવાળા છે અને પવિત્રતાનું ધામ જેની દૃષ્ટિમાં પરિણમ્યું છે. એવું રાગ અને વિકલ્પથી વિમુખ અને સ્વભાવથી સન્મુખના પરિણામ એ બધા સ્વભાવમય નામ રાગ વિનાના જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, વીર્યમય, આનંદમય, સ્વચ્છતામય, પૃથક્તામય એવા બધા જ્ઞાનીના પરિણામ બધા જ્ઞાનમય છે. આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. વિજયમૂર્તિજી! શાંતિથી (સમજવા જેવું છે).

જેની દૃષ્ટિમાં જ ચૈતન્ય સ્વભાવની અધિકતા ભાસી નથી અને જેને પુણ્યના શુભરાગની જ્યાં અધિકતા, મહત્તા, મહિમા, વિશેષતા ભાસે છે તેની મિથ્યાદૃષ્ટિમાં બધા મિથ્યાભાવ જ ઉત્પન્ન થાય છે. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ રાગથી, વિકલ્પથી. અશુદ્ધ નિશ્ચયનય કહો કે વ્યવહાર કહો સદ્ભુત, અસદ્ભુત કહો, એવા એનો વિષય જે વિકાર, એનાથી ભિન્ન પડેલું ચૈતન્યનું જ્ઞાન તારા ચૈતન્યનો જેને પૂર્ણાનંદનો અનંત ગુણના કંદનો અભેદનો જ્યાં સ્વીકાર છે પરિણમનમાં, એનું પરિણમન બધું સમ્યગ્જ્ઞાન અને શાંતિમય

જ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નહિ હોવાથી જ્ઞાનમય જ છે.'**

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि।**
**सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते।।६७।।**

એમાં જ છે, જ્ઞાનીનો ભોગ. સમજ્યા? એમાં જ છે ઘણું કરીને. જોયું નથી હમણાં. શું છે આ? કર્તાકર્મ. પુણ્ય-પાપ પહેલા. ... એની પહેલા આવી ગયું ને? એ.

જ્ઞાનવંતકો ભોગ નિર્જરા હેતુ હૈ,
અજ્ઞાનીકો ભોગ બંધ ફલ દેતું હૈ.
યહ અચરજકી બાત હિયે નહિ આવહી,
પૂછે કોહુ શિષ્ય ગુરુ સમજાવહી.

બનારસીદાસે આનો શ્લોક કર્યો છે. પહેલાનો હોં! એની પહેલાનો. 'જ્ઞાનવંત કો ભોગ નિર્જરા હેતુ હૈ, અજ્ઞાની કો ભોગ બંધ ફલ દેતું હૈ. યહ અચરજકી વાત હિયે નહિ આવહી, પુછે કોહુ શિષ્ય ગુરુ સમજાવ હી.' હવે જ્ઞાનીનું ... એ આવ્યું ને? ૬૭. હવે એનો.

દયા-દાન-પૂજાદિક વિષય-કષાયાદિક,
દોઉ કર્મબંધ પૈ દુહૂકો એક ખેતુ હૈ.

હવે જુઓ, અહીંયાં દયાની વ્યાખ્યા આમ કરી છે તો ઓલો કહે દયાથી ધર્મ થાય. ભગવાન.. ભગવાન..! કોણ જાણે શું કરે છે? આ સમાજ અત્યારે સાધારણ છે. સમજાને કાંઈ ખબર ન મળે. વાડ વેલાને ખાય. વાડ વેલાને ખાય સમજો છો? શું કહે છે તમારામાં? વેલને ખાય. વાડ ખાય એ. બનારસીદાસ આ શ્લોકનો અર્થ કરે છે.

દયા-દાન-પૂજાદિક વિષય-કષાયાદિક,
દોઉ કર્મબંધ પૈ દુહૂકો એક ખેતુ હૈ.
ગ્યાની મૂઢ કરમ કરત દીસૈ એકસે પૈ,

એક સાથે અજ્ઞાની અને જ્ઞાની આમ કરતા હોય ..

પરિનામભેદ ન્યારૌ ન્યારૌ ફલ દેતુ હૈ.
ગ્યાનવંત કરની કરૈ પૈ ઉદાસીન રૂપ,
મમતા ન ધરૈ તાતૈં નિર્જરાકૌ હેતુ હૈ.
વહૈ કરતૂતિ મૂઢ કરૈ પૈ મગનરૂપ,
અંધ ભયૌ મમતાસૌં બંધ-ફલ લેતુ હૈ.

આ શ્લોક ૬૭. '**દયા-દાન-પૂજા આદિ પુણ્ય અને વિષય કષાયાદિ પાપ દોનોં કર્મબંધન હૈ. દોનોં કા ઉત્પત્તિ સ્થાન એક હૈ.**' ક્ષેત્ર એક છે-વિભાવ. '**દોનોં પ્રકાર કે કર્મોંકે કરને મેં સમ્યગ્જ્ઞાની ઔર મિથ્યાજ્ઞાની એક સે દિખતે હૈં.**' એક સરખા દેખાય. ઓલો પૂજા કરતો હોય, ઓલો ભક્તિ કરતો હોય, ઓલો પૂજા કરતો હોય. '**પરંતુ ઉનકે ભાવોમેં અંતર હોને સે ફલ ભિન્ન ભિન્ન હોતા હૈ. જ્ઞાનીની ક્રિયા વિરક્તભાવ સહિત...**' રાગથી રહિત જ્ઞાતાપણાની ક્રિયામાં એ રાગનું જ્ઞાન કરે છે. '**અહંબુદ્ધિ રહિત હોતી હૈ ઈસલિયે નિર્જરા કા કારણ હૈ, વહી ક્રિયા મિથ્યાત્વી જીવ વિવેક રહિત તલ્લીન હોકર અહંબુદ્ધિ સહિત કરતે હૈં.**' રાગક્રિયા મારી છે અને એનાથી મને લાભ થાય. '**ઈસલિયે બંધ ઔર ઉસકે ફલકો પ્રાપ્ત હોતા હૈ.**' લ્યો! કહો, સમજાણું?

'**જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનથી નીપજેલા હોય છે...**' ૬૭મો શ્લોક. ધર્મી જીવની,.. ધર્મી કહો કે જ્ઞાની કહો. ધર્મી જીવની દૃષ્ટિ આત્મા શુદ્ધ ચૈતન્ય ઉપર વિકારના વિકૃત ભાવથી ભિન્ન પડેલી, સ્વભાવના અંતર્મુખ પરિણમેલી દૃષ્ટિ હોવાથી '**સર્વ ભાવો...**' ચાહે સો અંદર વિષય-કષાયના ભાવ આવો કે વ્રત-તપનો વિકલ્પો હો. સબ (સર્વે) જ્ઞાનીને જ્ઞાન નીપજેલા છે. કેમ કે કારણ દૃષ્ટિ જ્ઞાન ઉપર પડી છે, સ્વભાવ ઉપર પડી છે. તેથી તેને સ્વભાવનું જ પરિણમન તે કાળે ક્ષણે ક્ષણે થાય છે.

'**અને અજ્ઞાનીના સર્વ ભાવો અજ્ઞાનથી નીપજેલા...**' શુદ્ધ સ્વરૂપના અંતરની દૃષ્ટિ ને રુચિના પરિણમન વિના રાગની એક્તાના પુણ્ય-પાપના વિકલ્પમાં જે એકલા અસ્તિત્વ બુદ્ધિમાં પડ્યો છે, અંતર્મુખ સ્વભાવનો જ્યાં સત્કાર નથી પણ બાહ્ય બુદ્ધિએ થયેલા વિકારનો જ્યાં આદર અને એકતા છે, એના બધા ભાવો વ્રત, તપ, નિયમ, પૂજા એવા બધા વિકલ્પો અજ્ઞાન ભાવથી જ ઉત્પન્ન થયેલા છે. સમજાણું કાંઈ? બહારમાં તો રહેવા ન દે આવું કહે તો. એવું લખ્યું છે અંદર, ખુબ આજ આવ્યું છે. જૈન ગેજેટમાં. .. કરીને એ વાત. પુણ્યથી તો પવિત્ર થાય. પૂજ્યપાદ સ્વામી કહે છે. ક્યા પુણ્યથી પવિત્રતા? નિશ્ચય પુણ્ય પવિત્રતા. આત્માનો સ્વભાવ છે એ પુણ્ય. વ્યવહાર પુણ્ય તો આ પાપનો ઘટાડો થાય એ વ્યવહાર છે.

ભગવાન આત્મામાં જ્યાં એના ક્ષેત્રમાં, એના સ્વભાવમાં જ્યાં વિકાર જ જેનામાં નથી તે વિકાર ઉત્પન્ન ક્યા ક્ષેત્રમાંથી કરે? સ્વભાવ નથી એટલે પર્યાયબુદ્ધિમાં, પર બુદ્ધિમાં એ ઉત્પન્ન કરે છે. એ વિકારમય દૃષ્ટિને લઈને વિકારમય ભાવો ક્ષણે ક્ષણે બધા ઉત્પન્ન થાય છે. ચાહે તો વ્રતના પરિણામ હોય, બ્રહ્મચર્યના પરિણામ હોય શુભભાવ, એ બધા અજ્ઞાનમય જ ભાવ આત્માના જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ ભાવ છે બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહેવાય વ્યવહારે. વ્યવહારે કહેવાય એથી શું? પવિત્ર થઈ ગઈ? ઉપચારથી કીધું. સમજાણું કાંઈ?

'**હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-**' એ ભાવને.

**कणयमया भावादो जायंते कुंडलादओ भावा।**
**अयमयया भावादो जह जायंते दु कडयादी।।१३०।।**
**अण्णाणमया भावा अणाणियो बहुविहा वि जायंते।**
**णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति।।१३१।।**
**જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,**
**પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.**
**ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.**

આહાહા..! ભારે. દૃષ્ટિ ફેરે સૃષ્ટિ. સમજાણું?

'**ટીકા :- જેવી રીતે પુદ્‌ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં,...**' પુદ્‌ગલના સ્કંધો, પરમાણુનો જથ્થો, રજકણનો પિંડ એના બદલવાના સ્વભાવવાળો તે સ્કંધ પરમાણુનો પિંડ હોવા છતાં '**કારણ જેવાં કાર્યો થતાં હોવાથી,...**' જે જાતનું કારણ હોય તેવું તે કાર્ય થાય.

દૃષ્ટાંત. '**સુવર્ણમય ભાવમાંથી, સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા...**' સોનાની લગડી લઈને દાગીનો કરવા માંડ્યો. એ દાગીનો થવા માંડ્યો, તો સોનું કારણ છે તો એના કાર્ય પણ સોનામય જ થાય. '**સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા એવા સુવર્ણમય...**' ભાવમાંથી. સોનામય ભાવમાંથી. સમજાણું? '**સુવર્ણજાતિને નહિ ઉલ્લંઘતા...**' સોનાની જાતને નહિ ઓળંગતા. '**એવા સુવર્ણમય કુંડળ આદિ ભાવો જ થાય...**' કુંડળ, કડા સોનાના કારણે (થાય). સોનું છે માટે એના કાર્ય પણ સોનાના જ થાય. સમજાણું કાંઈ? '**પરંતુ લોખંડમય કડાં આદિ ભાવો ન થાય,...**' શેર સોનું લીધું. શેર સોનું. એ શેર સોનામાં થવા માંડ્યા દાગીના. એમાંથી દાગીના કાંઈ સોનાના થતા હશે? કે એ તવેથા અને કડાયા થાતા હશે એમાંથી? તવેથા સમજો છો? કૃપાળ. ઓલા લુહારિયા નથી આવતા? લુહારિયા કરે ને? .. નાખી દીધા હોય ઉકરડામાં નાખ્યા હોય એ લઈ આવીને .. ઓલું કરે. લુહારિયા બહુ પહેલા આવતા પીત્તળના. સોની સોનાની લગડી લઈને બેઠો. તો એ સોનું કારણ છે તો એના કાર્યરૂપે જેટલા દાગીના થાય એ બધા સોનામય થશે. કે લોઢામય થશે? '**લોખંડમય કડા આદિ ભાવો ન થાય,...**' સુવર્ણમય ભાવવાળા દાગીના (સુવર્ણમય થાય). દાગીના સમજો છો? જેવર.

દાગીના-જેવર સુવર્ણમયથી સુવર્ણમય દાગીના-જેવર થાય છે. સુવર્ણમય કારણ અને કાર્ય લોઢામય થાય એમ નથી.

**'લોખંડમય ભાવમાંથી, લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા...'** લોખંડનો લઠ્ઠો લીધો એક શેર, બે શેર. એમાંથી કરવા માંડ્યું તો લોઢાના કડા અને તાવેથા ને ... કરે ને? કળીયું કરે .. ઘી કાઢવાની મોટી લોઢાની કળીયું-કળીયું.

મુમુક્ષુ :- ... જોવાય મળે નહિ.

ઉત્તર :- ન મળે. લોઢાનો ચમચો લ્યો. લોઢાની ચમચી લ્યો, લોઢાનો ચીપીયો, ચીપીયો લ્યો. લોઢાનો તો હોય છે કે નહિ? લોઢાનો કાંટો કાઢવાનો આ કરો, આ કરો. લોઢાના કારણમાંથી લોઢાના દાગીના થાય. લોઢાના વાસણો થાય. લોઢું કારણ જેમાં એના વાસણો લોઢાના થાય. આ સ્ટીલ લ્યોને સ્ટીલ. એક મોટું સારું .. તો સ્ટીલના કારણમાંથી થાય તો બધા સ્ટીલના વાસણો થાય.

મુમુક્ષુ :- સ્ટીલ એટલે લોઢું.

ઉત્તર :- એ લોઢું જ છે. એ સ્ટીલ લોઢું જ છે ને. સ્ટીલના વાસણમાંથી સ્ટીલ થાય. સોનાના દાગીના થઈ જાય ઉજળું છે માટે?

**'લોખંડમય ભાવમાંથી,...'** જોયું! લોખંડમય ભાવમાંથી **'લોખંડજાતિને નહિ ઉલ્લંઘતા એવા લોખંડમય કડાં આદિ ભાવો જ થાય...'** લોઢાના કડા ને એ નથી આવતા? પાતળા કડા લોઢાના કડા. આ મંત્ર-બંત્ર જપે અને નાખે છે કડા, નહિ? લોઢાનું કડું નાખે. લોઢું .. આપે. લોઢાના કડા એ હોય છે. એના સરિયા, એના કડા ચાર ખૂણાના લોઢા. લોઢામાંથી લોઢાના થાતા હશે કે લોઢું લીધું અને એમાંથી થવા માંડ્યા સોનાના? કહો, સમજાણું કાંઈ? આહાહા..! **'પરંતુ સુવર્ણમય કુંડળ આદિ ભાવો ન થાય;...'** પાંચ શેર લોઢું લઈને બેઠો અને એમાંથી સોનાના દાગીના થાય એમ બને? લોઢાના બને બધા. **'તેવી રીતે...'** એ દૃષ્ટાંત થયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સિદ્ધાંત તો અંતરમાં રાખ્યા છે બધા.

**'જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો હોવા છતાં,...'** ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ બદલવાના, પરિણમવાના, રૂપાંતર થવાના વર્તમાન સ્વભાવવાળો હોવા છતાં **'કારણ જેવાં જ કાર્યો થતાં હોવાથી, અજ્ઞાનીને-કે જે પોતે અજ્ઞાનમય ભાવ છે...'** અજ્ઞાનીની રુચિ તો રાગ અને પુણ્યના પરિણામમાં પડી છે. વિકાર જે સ્વભાવથી વિરૂદ્ધ ભાવ એવા વિભાવ એમાં એની રુચિ છે, તેમાં તેનું પોતાપણું માન્યું છે, તેને જ સ્વભાવ રૂપે હું છું

એમ માન્યું છે. એવા અજ્ઞાનમય ભાવ છે.

**'અજ્ઞાનીને કે જે પોતે અજ્ઞાનમયભાવ છે તેને-અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા...'** એ ક્ષણે ક્ષણે રાગની એકતાના જ પરિણામ, મિથ્યાત્વના જ એને ઉત્પન્ન થાય છે. પછી શુભરાગ હો કે અશુભરાગ હો. રાગ પોતે જ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એના સ્વભાવમાં જ્ઞાન નથી. રાગ પોતે પોતાને જાણતો નથી, રાગ તે આત્માના જ્ઞાન સ્વભાવને જાણતો નથી. એવો જે શુભ કે અશુભ બેય અજ્ઞાનમય ભાવ, એમાં જેની એકત્વબુદ્ધિ પડી છે એવા અજ્ઞાનીના અજ્ઞાન ભાવમાંથી, **'અજ્ઞાનમય ભાવમાંથી, અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા એવા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય...'** ઓહોહો..!

ભગવાનની વાણી સાંભળતો હોય તો પણ ત્યાં રાગની એક્તાબુદ્ધિ પડી છે તો એને અજ્ઞાન જ ઉત્પન્ન થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા ત્રિકાળ એક સમયમાં સચ્ચિદાનંદ શુદ્ધ આનંદકંદ, એનો જ્યાં આદર અંતર્મુખમાં નથી એને બહિર્મુખમાં પુણ્ય-પાપના વિકલ્પોના રાગમાં આદર પડ્યો છે એવા અજ્ઞાનીને અજ્ઞાનમયભાવ છે. તેથી અજ્ઞાનમય ભાવમાંથી કારણ અજ્ઞાનનું છે એમાંથી અજ્ઞાનજાતિને નહિ ઉલ્લંઘતા અનેક પ્રકારના અજ્ઞાનમય ભાવો જ થાય છે. એને તો ક્ષણે ક્ષણે વિકારની જાતના ભાવ બધા થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય,...'** એકલા વિકારમય જ ભાવો તે અજ્ઞાનીને અજ્ઞાનના થાય છે. એને અવિકારી સ્વભાવનો એક અંશ પણ એ ભાવ થાય નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? **'અને જ્ઞાનીને-કે જે પોતે જ્ઞાનમય ભાવ છે...'** ધર્મીને 'હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું' એવું બહિર્મુખ રાગના વિકલ્પના ભાવથી (ભિન્ન) અંતર્મુખ જ્ઞાનના પરિણામ થયેલા હોવાથી જ્ઞાનીને તે જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતિમય, આનંદમય, સ્થિરતામય, સ્વચ્છતામય, પ્રભુતામય એવી બધી પર્યાયો જ્ઞાનીને તો જ્ઞાનમય જ થાય છે. સમજાણું કાંઈ? આંતરો કોણે તોડ્યો? કહે છે. દૃષ્ટિએ તોડ્યો. દૃષ્ટિ જ્યાં શુદ્ધ સ્વરૂપનો સ્વીકાર કરીને પરિણમી, એનું જ્ઞાનમય જ બધું થાય. આ દ્વેષનો અંશ આવ્યો તો પણ તે વખતે સ્વભાવ સન્મુખનું જ પરિણમન છે તો જ્ઞાનમય જ ભાવ થાય. એને દ્વેષમય ભાવ નથી. ભારે વાત આકરી. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને આમ દયા, પરોપકારનો ભાવ, બીજાને કાંઈક દઉં, બીજા આમ સુખી થાય, એવો રાગ એને અભિમાન છે કે હું બીજાને સુખી કરી શકું છું. આ રાગ આવ્યો છે એ મને સારો આવ્યો છે એવો જે ભાવ છે તે મિથ્યાદૃષ્ટિને બધા વિકારભાવ જ ઉત્પન્ન થાય છે. દુનિયાથી ભારે ઊંધું, ભાઈ! કહો, ..ભાઈ! શી રીતે આ દુનિયામાં રહેવું? આ તો બધા મોટા મોટા માંધાતા નામ ધરાવતા હોય એની સાથે મેળ ખાય એવું

નથી. આહાહા..!

દૃષ્ટિએ જ્યાં આત્માનો શુદ્ધ સ્વભાવનો અંતર્મુખ સ્વીકાર કર્યો અને રાગનો હોવાવાળો ભાવ હોવા છતાં જેના અંતરમાં જેણે મેળવ્યો, ભેળવ્યો નહિ એવા જ્ઞાનીને તો બધા ક્ષણે ક્ષણે એકલા જ્ઞાનમય જ ભાવ, નિર્જરામય જ ભાવ છે એમ કહે છે. એ નિર્જરામય ભાવ એટલે અશુદ્ધતા ટળતી જાય અને શુદ્ધતા વધતી જાય એવો જ જ્ઞાનીનો જ્ઞાનમય ભાવ છે. આહાહા..! અરે..! એણે આત્માને લૂંટ્યો છે ને અનાદિથી. પોતાના પવિત્ર શુદ્ધ સ્વભાવનો જ્યાં અંતર્મુખ રુચિ અને દૃષ્ટિ નથી, એને બહિર્મુખના વિકલ્પો થયા પછી શુભ કે અશુભ, એના પ્રેમના પાકમાં પડ્યો અજ્ઞાનીને બધા વિકારમય, અજ્ઞાનમય કારણ હોવાથી બધા ભાવમાં અજ્ઞાનપણું જ પ્રસરી રહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લુંટાણો એ. રાગ અને દ્વેષની પોતે એકતાબુદ્ધિ કરી અને સ્વભાવ લુંટાઈ ગયો. આવો ચૈતન્ય સ્વભાવ નિર્મળ દશા એ સ્વકાળમાં એને દ્રવ્યની નિર્મળ પર્યાય થવી જોઈએ. વસ્તુ નિર્મળ, તેની સ્વપર્યાય, એના દ્રવ્યની ખરેખર દૃષ્ટિના કારણે તો સ્વકાળ શુદ્ધ હોવો જોઈએ. એવી શુદ્ધ પર્યાય ન થતાં અજ્ઞાનમાં રાગની એકતાને કારણે અશુદ્ધ પર્યાય થઈ ત્યાં ભગવાન આત્મા લુંટાઈ ગયો છે.

ભગવાન.. આમાં કહેશે આમાં. આત્મામાં સમકિતના પાંચ ચોર છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચાર એ આ સમકિતના ચોર છે. સમજાણું? પુરુષાર્થસિદ્ધિઉપાય છે ને આ? કેટલામાં છે એ? ... મોક્ષનો માર્ગ ... ચોર છે ચોર. મિથ્યાત્વ ભાવ એ આત્માની સંપદા લુંટાઈ છે ત્યાં. અનંતાનુબંધીના ચાર મિથ્યાત્વની સાથે સંબંધ ધરાવનારા ક્રોધ, માન, માયા, લોભ અનંતાનુબંધીના હોં! એ આત્માની શુદ્ધ સંપદાના લુંટારા છે, ચોર છે. એને જ પોતાના માની બેઠો છે ઈ. રાગ મારો છે એ મિથ્યાત્વભાવ છે. એ રાગ મારો છે એમાં ઠર્યો છે એ અનંતાનુબંધીનો રાગ. સમજાણું કાંઈ?

કહે છે, '**પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય,...**' અજ્ઞાનીને લુંટારા ભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! પ્રેમ કરીને લુંટાય છે ઈ, હોંશે-હોંશે. શુભભાવ અને અશુભ વિકારી ભાવ, એમાં પ્રેમ કરીને વ્યભિચાર છે. પ્રેમ કરીને લુંટાય છે. આ મારું હિત છે અને આ હું છું, એનાથી મારું હોવાપણું પ્રગટશે, થશે. એવા જે મિથ્યાત્વભાવ અને અનંતાનુબંધીનો ભાવ એ આત્માના શુદ્ધ સ્વભાવની સમ્યક્ દૃષ્ટિને લૂંટે છે. સમજાણું કાંઈ? તેથી તેને જ્ઞાનમય ભાવો ન થાય, અજ્ઞાનમય ભાવ થાય એને. રાગનો અંતર પ્રેમ આકુળતા-આકુળતા છે તેનો પ્રેમ. અનાકુળ આત્માનો આનંદ છે તેનો એને પ્રેમ નથી.

શુભ-અશુભ રાગ તે દુઃખમય છે. આત્માના આનંદની ઊલટી દશાનો ભાવ છે. એને પોતાનું હિત એમાં છે એમ માનીને બેઠો છે. અનંત કાળ એણે એમાં ગાળ્યો છે. એ ચોરને શાહુકાર માન્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવે ને ચોર લોકો? લાવો ભાઈ, બે હજારના દાગીના લાવો, તમને દસ હજાર કરી દઉં. સમજાણું? પહેલા બે હજારના લઈ જાય. પછી આપે જુઓ, આ ચાર હજાર કર્યા. હવે લાવો દસ હજાર. તો દસ હજાર જાય. ઓલા બેના ચાર આપ્યા. દસ હજાર લે તો છ હજાર વયા જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગાથા કેટલામી છે? ગાથા-૧૨૪. પરિગ્રહ ત્યાગવાનો ઉપાય. બરાબર છે. ઓલો મિથ્યાત્વ પરિગ્રહ છે ને?

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય તે પરિગ્રહ છે. એ પરિગ્રહ છે. બહારનો પરિગ્રહ નહિ. રાગને એકપણે માનવું એ મિથ્યાત્વ પરિગ્રહ છે અને રાગનું આચરણ તે ઠીક છે એવો અંદરમાં અસ્થિરતાનો ભાવ જે અનંતાનુબંધીનો ભાવ છે. તેથી કહ્યું જોયું? ૧૨૪.

**तत्त्वार्थाश्रद्धाने निर्युक्तं प्रथममेव मिथ्यात्वम्।**
**सम्यग्दर्शनचौराः प्रथमकषायाश्च चत्वारः।।१२४।।**

'**પહેલાં જ તત્ત્વાર્થના અશ્રદ્ધાનમાં જેને સંયુક્ત કર્યા તેવા...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય શુદ્ધ આનંદસ્વરૂપ, એવી જે શ્રદ્ધા એનાથી વિમુખ કર્યા છે. એટલે '**અશ્રદ્ધાનમાં જેને સંયુક્ત કર્યા તેવા મિથ્યાત્વ અને સમ્યગ્દર્શનના ચોર ચાર પહેલા કષાય અર્થાત્ અનંતાનુબંધી, ક્રોધ, માન, માયા અને લોભ છે.**' આ સમ્યગ્દર્શનના એ પાંચ ચોર છે, લ્યો. અંદર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પરિગ્રહ.. ન્યાય છે. કેમ કે પરિગ્રહ જે અભ્યંતર છે ને ચૌદ પ્રકારના? પરિગ્રહ પકડ્યા છે. મિથ્યાત્વ, અનંતાનુબંધી, કષાય એ પરિગ્રહ છે. સ્વરૂપ નથી એનું. પકડ્યા છે પકડ્યા એણે. લુંટારાને પકડ્યા. એ સમ્યગ્દર્શનના ચોર છે. સમજાણું કાંઈ?

'**પહેલાં તત્ત્વાર્થના મિથ્યાશ્રદ્ધાનમાં સંયુક્ત કર્યા છે અર્થાત્ પહેલો મિથ્યાત્વ નામનો અંતરંગ પરિગ્રહ છે અને પહેલી ચોકડી અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એ ચાર છે. આ રીતે સમ્યગ્દર્શનના એ પાંચ ચોર છે. જ્યાં સુધી એનો નાશ થતો નથી ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી.**' માટે તે પાંચને પરિગ્રહરૂપી ચોર કહ્યો છે. ચોરને પકડ્યા છે એણે. બહુ સારી વાત લીધી છે, હોં! '**પહેલાં જ્યારે શ્રાવક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ અને અનંતાનુબંધી ચોકડીનો નાશ**

કરે છે.'

આનંદઘનજીએ કહ્યું ને? દ્વેષ અરોચક ભાવ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યનો પિંડ-દળ, એ જેને રુચતો નથી અને રાગ અને વિકલ્પ જેને રુચે છે, પુણ્ય પણ રુચે છે એને આત્મા પ્રત્યે દ્વેષ વર્તે છે. આત્મા પ્રત્યે એને ક્રોધ વર્તે છે. સમજાણું? અનાદિની અપેક્ષાએ પાંચ લીધા છે. ...

કહે છે, આત્માનો જ્યાં શુદ્ધ પરમાત્મ સ્વરૂપનો જ્યાં સ્વીકાર જ નથી અને જ્યાં રાગનો સ્વીકાર છે, ત્યાં આગળ મિથ્યાત્વભાવ છે અને સાથે અનંતાનુબંધીનો કષાય છે. એથી તે અજ્ઞાનીના અજ્ઞાનભાવ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના અજ્ઞાનભાવને કારણે જે કાંઈ ભાવ થાય એ બધા અજ્ઞાનમય જ થાય છે. કારણ કે તે અજ્ઞાનમય કારણમાંથી અજ્ઞાનમય કાર્ય થાય છે. સમજાણું કાંઈ?

'**પરંતુ જ્ઞાનમય ભાવો ન થાય.**' એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા શુભાશુભ રાગની એકતાબુદ્ધિના અજ્ઞાનભાવમાંથી બિલકુલ જ્ઞાનભાવ થાય નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનમય ભાવો ન થાય. આહા..! '**અને જ્ઞાનીને-કે જે પોતે જ્ઞાનમય ભાવ છે...**' ધર્મીને તો હું ચૈતન્ય જ્ઞાનમય છું એવું અંતર પરિણમન છે. રાગથી, શુભરાગ હો કે અશુભરાગ હો, એ ક્ષણિક કૃત્રિમથી (ભિન્ન) અકૃત્રિમ ચૈતન્યમૂર્તિનો આદર હોવાથી અંતર્મુખ દૃષ્ટિ પરિણમી છે તેથી તેનો જ્ઞાનભાવ જ પ્રગટેલો છે. શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એટલે ચારિત્રનો અંશ એ બધો જ્ઞાનમય જ છે.

'**તેને-જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા...**' તે તે ક્ષણે ધર્મીને તે તે પ્રકારનો કોઈ રાગ અને દ્વેષનો અંશ પરના લક્ષે જે કંઈ થયો હોય તેના સ્વલક્ષના આદરમાં જ્ઞાનમય ભાવની જ ઉત્પત્તિ થાય છે. વિકારની ઉત્પત્તિ જ્ઞાનમય ભાવમાં, નિશ્ચયભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનીને... જ્ઞાની તો ચોથેથી લેવા છે અહીંયાં. એમ નથી કે આ વાત છે છઠ્ઠા ફલાણાની, છઠ્ઠા .. આવે છે ને જયસેનાચાર્યમાં? એ બધા .. ચોથું-પાંચમું ગુણસ્થાન. એ તો મુખ્યપણે એનું છે. ગૌણપણે આ (છે). એમાં પણ લખ્યું છે. અહીં તો જ્ઞાની-અજ્ઞાનીની જ મૂળ વાત છે.

જ્ઞાનીને કે જે આત્મા... જ્ઞાની શબ્દે કાંઈ શાસ્ત્ર જાણ્યા છે અને આ જાણ્યા માટે આ જ્ઞાની એમ નથી કાંઈ. આત્મા ચૈતન્ય જ્યોતનું જ્યાં અંતર્મુખ થઈને જ્ઞાન અને ભાન જ્યાં રાગથી ભિન્ન પડીને અનુભવ થયો, બસ! એ જ્ઞાનીને જ્ઞાનની પર્યાય ભલે ક્ષયોપશમપણે ઓછી હોય પણ છે બધી જ્ઞાનમય પર્યાય. આહાહા..! ચાહે સો એ દ્વેષના અંશમાં લડાઈમાં ઊભો હોય કે ચાહે તો રાગના અંશમાં વાસનામાં ઊભો હોય, ઊભો હોય એમ દેખાય,

હોં! ઊભો છે નહિ. દેખાયને એને એમ લોકો દેખેને કે આ જુઓ. સચેત-અચેત ભોગવે. જ્ઞાની સચેત-અચેત ભોગવે. એની નિર્જરા થાય છે. ભોગવે વળી ક્યાંથી લાવ્યા? આ દુનિયા દેખે છે ને? આ ખાય જુઓ! આ લીલોતરી ખાય, દાગીના મોટા પહેરે, મોટા મકાનમાં રહે, સુંવાળા ગાદલામાં સૂવે. લોકો ભાળે છે ને. એથી કહ્યું કે સચેત-અચેતને ભોગવતો જ્ઞાની, વૈરાગ્ય-રાગથી ભિન્ન પડેલી દૃષ્ટિ વૈરાગ્યને કારણે એને તો ક્ષણે ક્ષણે નિર્જરા નામ શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ?

અજ્ઞાની જંગલમાં વસતો હોય, વનમાં વસતો હોય, હજારો રાણીની અનુકૂળતાનો ત્યાગ કરીને બેઠો હોય. નગ્નપણે હોય, અઠ્ઠાવીશ મૂળગુણ પાળતો હોય, છતાં તેને રાગની મંદતા ઉપર જ જેની દૃષ્ટિ અને એ મારું હિત અને એ મારું સ્વરૂપ, એમાં જે પડ્યો તેને તે ક્ષણે પણ અજ્ઞાનમય જ ભાવ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી કઈ જાતનો આ ધર્મ? ઓલા કહે, અધ્યાત્મીઓએ આમ કાઢ્યું. બાપા! અધ્યાત્મીઓ શું કહે છે? એ અધ્યાત્મીઓ એવા સંતો, મુનિઓ અધ્યાત્મી હતા. અધ્યાત્મવાળાએ અત્યારે નખ્ખોદ કાઢી નાખ્યું. ભારે ભાઈ! તો કહે આચાર્યને બાપા. અધ્યાત્મવાદ એટલે સ્વરૂપની સિદ્ધિનો પ્રગટ ભાવ તે અધ્યાત્મવાદ છે. આત્માને આશ્રયે પ્રગટેલી નિર્મળ દશા તે અધ્યાત્મભાવ છે. સમજાણું કાંઈ?

‘**જ્ઞાનીને-કે જે પોતે જ્ઞાનમય ભાવ છે...**’ પોતે જ્ઞાનની, સ્વરૂપની સાથે અભેદ ભાવ છે. રાગથી ભેદ ભાવ છે અને સ્વરૂપ સાથે અભેદ છે. તેથી ધર્મીને ‘**તેને-જ્ઞાનમય ભાવમાંથી, જ્ઞાનની જાતિને નહિ ઉલ્લંઘતા...**’ જ્ઞાનની જાત, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ શાંતિ, આનંદ, સ્વચ્છતા એવી જ્ઞાનની જાતને તે ઓળંગતા નથી. ‘**એવા સર્વ જ્ઞાનમય ભાવો જ થાય પરંતુ અજ્ઞાનમય ભાવો ન થાય.**’ જુઓ! રાગમય તો બિલકુલ છે જ નહિ. મય ક્યાં છે એને? સમજાણું કાંઈ? ‘**અજ્ઞાનમય ભાવો ન થાય.**’

અજ્ઞાનીને જ્ઞાનમયનો એકેય અંશ ન થાય અને જ્ઞાનીને રાગમયનો એકેય અંશ ન થાય. એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય આનંદની ડલ્લી, આનંદનો કંદ પ્રભુ છે. એ જ્યાં અંતર દૃષ્ટિમાં પડ્યો ને આવ્યો ને અનુભવ થયો. કહે છે કે એના જ્ઞાનમયભાવમાં તો બધા સમ્યગ્જ્ઞાનમય અભેદ શુદ્ધતામય ભાવ પ્રગટે. રાગમયભાવ તે ઉત્પન્ન થતા જ નથી. ઓહો..! વ્યવહારના વિકલ્પો હોય છતાં, કહે છે કે એને એ ઉત્પન્ન થતાં જ નથી. જુઓ તો ખરા. એય..!

વ્યવહારરત્નત્રયના વિકલ્પ રાગ હો અને અશુભ રાગાદિ હો. પણ તેના ઉપર તેનો અસ્તિત્વનો સ્વીકાર નથી. પોતે તેનાથી ભિન્ન પડ્યો છે, જ્ઞાનમય ચૈતન્ય જ્યોતિ સમ્યગ્દર્શનમાં. તેથી

તેની દશામાં એકલા સમ્યક્ શુદ્ધતામય ભાવ જ ઉત્પન્ન થાય છે. એને રાગ ઉત્પન્ન થતો જ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને અરાગનો એકેય અંશ ઉત્પન્ન થતો નથી. એમ કહે છે. દૃષ્ટિએ દોલત છે. દૃષ્ટિ રાગનો સ્વીકાર કરીને પડી એને એકલો અજ્ઞાનમય ભાવ ઉત્પન્ન થાય. દૃષ્ટિ સ્વભાવનો સત્કાર કરીને પરિણમી એને એકલો જ્ઞાનમયભાવ થાય. બે એક જ વાત લીધી. થોડો આ થાય અને આ થોડો એમ બે વાતેય નથી. લ્યો! અજ્ઞાનીને એકલો અજ્ઞાન ભાવ. જ્ઞાનીને થોડો રાગ? ના... ના. એ રાગનો સ્વસન્મુખમાં જાણનાર રહે છે માટે તે સંબંધીના જ્ઞાનનો જ ભાવનો કર્તા છે. રાગનો કર્તા નથી. કર્તાકર્મ અધિકાર છે ને? છે કે નહિ પણ એમાં? જુઓને! અજ્ઞાનમય ભાવો.

**'ભાવાર્થ :- જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય છે.'** સમજાણું? **'એ ન્યાયે જેમ લોખંડમાંથી લોખંડમય કડાં વગેરે વસ્તુઓ થાય છે...'** લોઢાના કડા થાય, તાવેથા, ખુરપા, છરી, ચીપીયો, પાવડી **'અને સુવર્ણમાંથી સુવર્ણમય આભૂષણો થાય છે,...'** સોનામાંથી તો સોનાના દાગીના થાય. **'તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનમય ભાવ હોવાથી...'** અજ્ઞાનીને તો રાગમય ભાવ હોવાથી **'તેને (અજ્ઞાનમય ભાવમાંથી) અજ્ઞાનમય ભાવો જ થાય છે...'** રાગમય જ મલિનભાવ... મલિનભાવ.. રાગમય અજ્ઞાનમય મિથ્યાત્વમય જ ભાવ થાય છે. સમજાણું કાંઈ? **'અને જ્ઞાની પોતે જ્ઞાનમય ભાવ હોવાથી...'** જ્ઞાની તો જ્ઞાનમય અભેદ સ્વભાવનો સ્વીકાર હોવાથી **'તેને (જ્ઞાનમય ભાવમાંથી) જ્ઞાનમય ભાવો જ થાય છે.'** જ્ઞાનમયભાવમાંથી જ્ઞાનમય ભાવ થાય. સમજાણું કાંઈ? અજ્ઞાનમાંથી અજ્ઞાન થાય અને જ્ઞાનમાંથી જ્ઞાન થાય.

**'અજ્ઞાનીને શુભાશુભભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી...'** આ એનો સિદ્ધાંત મૂક્યો. સમજાણું? મિથ્યાદૃષ્ટિમાં અસત્ય દૃષ્ટિમાં જે રાગાદિ પોતાના સ્વરૂપમાં નથી, એવા રાગાદિ શુભ કે અશુભભાવને આત્મબુદ્ધિથી હોવાથી એમાં આત્મબુદ્ધિ છે. એ મારા છે. એ મને લાભદાયક છે, એનાથી મારો ઉદ્ધાર થશે. એવી **'શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.'** આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અને સમ્યગ્દૃષ્ટિને... જુઓ! અવરિતિથી માંડીને. **'અવિરત સમ્યગ્દૃષ્ટિ(-જ્ઞાની)ને જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે...'** ત્રણ કષાયના ભાવ પ્રવર્તે છે. **'તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી, તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે.'** ઓલો પોતાનું સ્વરૂપ માને છે એને લાભનું (કારણ માને છે) અને આ ઉપાધિ માને છે. એટલે એનું જ્ઞાન કરે છે પણ એને પોતામાં મેળવતો નથી. માટે જ્ઞાનીના જ્ઞાનમય અને અજ્ઞાનીના અજ્ઞાનમય (ભાવ) આ કારણે ઉત્પન્ન થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૩, રવિવાર તા. ૮-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૩૦ થી ૧૩૬, પ્રવચન-૨૧૮**

આ કર્તાકર્મ અધિકાર. કર્તાકર્મ અધિકાર. અહીંથી લ્યો, જુઓ '**અજ્ઞાનીને...**' નીચે છે લીટી. '**શુભાશુભ ભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.**' આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ નથી અને જ્યાં પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ થાય છે, તેનું એને આત્મબુદ્ધિપણે સ્વામીપણું વર્તે છે. કેમ કે આત્મા રાગથી ભિન્ન છે એવું જ્યાં ભાન નથી ત્યાં એ પુણ્ય અને પાપપણે જ આત્મબુદ્ધિ વર્તે છે.

મુમુક્ષુ :- આત્મબુદ્ધિએ વર્તે છે એટલે?

ઉત્તર :- આત્માપણે માને છે, એ આત્મા છે એમ માને છે. શુભાશુભભાવ એ જ આત્મા. કારણ કે આત્મા શુભાશુભભાવથી રહિત એ તો દૃષ્ટિમાં આવ્યો નથી. અનુભવમાં લીધું નથી, જ્ઞાનમાં જ્ઞેય એને કર્યો નથી. સમજાણું કાંઈ? એથી શુભ અને અશુભભાવ આત્મબુદ્ધિએ હોવાથી. તે જ આત્મા છે. એમ. શુભ અને અશુભભાવ એ જ મારા છે, એ મારું કર્તવ્ય છે અને એ મારા કરેલા કામ છે. '**તેના સર્વ ભાવો અજ્ઞાનમય જ છે.**' જેટલા એને ભાવ થાય, શુભ-અશુભ બધું અજ્ઞાનમય (છે). એમાં જ્ઞાનસ્વભાવ શુદ્ધતાનો એક અંશ પણ એમાં નથી.

'**અવિરત સમ્યગ્દૃષ્ટિ(-જ્ઞાની)ને...**' ત્યારે કોઈ કહે કે પણ ગૃહસ્થાશ્રમમાં રહેલ સમ્યગ્દૃષ્ટિ અવિરતિ છે. એને તો ઘણો હજી રાગાદિ છે. '**જોકે ચારિત્રમોહના ઉદયે ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે...**' તેને કર્મના નિમિત્તમાં વર્તમાન પર્યાયમાં ક્રોધ, માન, માયા, લોભ ત્રણ પ્રકારના કષાય પરલક્ષે વર્તે છે. '**તોપણ તેને તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી,...**' આત્માપણું નથી. કેમ કે રાગથી ભિન્ન ચૈતન્ય શુદ્ધનું સ્વામીપણું ભાસ્યું છે. રાગથી ભિન્ન ચૈતન્ય સહજાત્મસ્વરૂપ અંતર દૃષ્ટિમાં ભાસ્યું છે. તેથી એ પુણ્ય-પાપનો સ્વામી આત્મબુદ્ધિએ એને માનતો નથી. સમજાણું? શુભ-અશુભરાગ એ મારા છે એમ નથી માનતો. આત્મબુદ્ધિ નથી. એટલે કે આત્માના છે અને આત્માને લાભકારક છે એમ જાણ્યું નથી. કેમ કે રાગથી ભિન્ન ચૈતન્ય, શુદ્ધ ચૈતન્યના ભાનને લઈને શુભાશુભ પરિણામમાં આત્મબુદ્ધિ નથી.

'**તે તેમને પરના નિમિત્તથી થયેલી ઉપાધિ માને છે.**' ધર્મી જીવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવના ભાનને લઈને વિકારના પરિણામ નિમિત્તના કારણે (થયેલી) ઉપાધિ માને છે.

સ્વભાવનું-એ મારું કાર્ય નથી. કહો, સમજાણું આમાં? **'તેને ક્રોધાકિ કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે-'**

મુમુક્ષુ :- એ તો બધાયને ખરી જાય છે.

ઉત્તર :- ખરી જાય છે નહિ. અહીં તો સ્વભાવ સન્મુખ છે અને આત્મબુદ્ધિ નથી માટે ખરી જાય છે. અજ્ઞાનીને તો આવેલા ખરી જાય પણ એમાં આત્મબુદ્ધિ એમાં રાગદ્વેષની આત્મબુદ્ધિ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન-દર્શનનો પિંડ પ્રભુ, એવી જે દૃષ્ટિ અંતરમાં જ્ઞાયકભાવના સહજાત્મ સ્વરૂપના સ્વામીપણે દૃષ્ટિ થઈ છે, એને કર્મના નિમિત્તથી થતાં વિકારોમાં સ્વામીપણું, આત્મબુદ્ધિપણું નહિ હોવાથી તેને તે ખરેખર ખરી જાય છે. સમજાણું કાંઈ?

**'આગામી એવો બંધ કરતા નથી...'** ભવિષ્યમાં એવું બંધન એને થતું નથી **'કે જેથી સંસારનું ભ્રમણ વધે;...'** સંસાર ભ્રમણ વધે એવું છે નહિ. અલ્પ રાગાદિનો બંધ અલ્પ સંસાર અને અલ્પ ભવની સ્થિતિ પડે છે. એને અનંત સંસાર વધે એવો ભાવ છે જ નહિ. સમજાણું આમાં? શશીભાઈ! **'કારણ કે (જ્ઞાની) પોતે ઉદ્યમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી...'** એટલે શું? કે એને પ્રેમ નથી, વિકાર કરું અને વિકારમાં લાભ એવો પ્રેમ નથી. પ્રેમ તો શુદ્ધ આનંદસ્વરૂપ આત્મામાં જેની પ્રીતિ-રુચિ જામી છે. એને વિકારના પરિણામનો પ્રેમ નથી, હોંશ નથી. રુચિ નથી કે આ કરવા લાયક છે એવી રુચિ નથી. તેથી તે ઉદ્યમી થઈને એટલે કે રુચિ થઈને, પ્રેમ કરીને, પોષાણ કરીને ઠીક છે એમ કરીને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી. **'અને જોકે ઉદયની બળજોરીથી પરિણમે છે...'** એટલે કે એને કર્મના નિમિત્તના વલણમાં પુરુષાર્થની નબળાઈને લઈને રુચિ અને હોંશ એમાં ન હોવા છતાં વિકારરૂપે જરી થાય છે.

મુમુક્ષુ :- જરીક...?

ઉત્તર :- એ જરી છે, જરીક છે. ઉદયની બળજોરીથી પરિણમે બહુ થોડા. શું કહ્યું? વલ્લભદાસભાઈ! બહુ થોડા.

આત્મા ચૈતન્ય અને આનંદની મૂર્તિ (છે), એવું જ્યાં પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડેલા તત્ત્વને ભાસ્યું, અનુભવ્યું, જાણ્યું. એને આત્માના આનંદની રુચિને લઈને આનંદના કાર્ય કરવાનો ભાવ ઉદ્યમ છે. એને રાગ અને પુણ્ય-પાપભાવ કરવાનો, કરું એ ચીજ છે એવી બુદ્ધિ હોંશ અને રુચિ નથી. તેથી જરી કર્મના નિમિત્તમાં પોતાના પુરુષાર્થની બળજોરી કમ છે એથી એને ઉદયની બળજોરી કીધી. સ્વભાવનું બળ એટલું નથી કે જે ઠરી શકે. એથી જરી કર્મના નિમિત્તમાં ત્યાં રાગાદિ પરિણામ થઈ જાય છે.

'**તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી;...**' હું ચૈતન્ય જ્ઞાન અને આનંદ છું એ ભૂલીને પુણ્ય-પાપના, ક્રોધ, માન, માયાના ભાવપણે ધર્મી થતો નથી. અજ્ઞાનીને આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છે એની ખબર નથી. એથી એ જે કાંઈ રાગાદિ કરે તેને પ્રેમથી, રુચિથી, આત્મબુદ્ધિથી વિકાર કરે છે. તેથી તેને ખરેખર કર્મબંધનના ખરેખર કારણ થાય છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે...**' જેણે આનંદનો સ્વાદ લીધો છે સમ્યગ્દૃષ્ટિએ, જ્ઞાનીએ. ધર્મી એને કહીએ કે જેને આત્મા સચ્ચિદાનંદ આનંદસ્વરૂપ છે એનો એને અંતરમાં સ્વાદ અને એને જ્ઞેય બનાવીને અંદર શુદ્ધ પરિણતિ થઈ છે. શુદ્ધ પરિણતિ એટલે અવસ્થા. એવી દશામાં આનંદના સ્વાદ આગળ એને નિરંતર જ્ઞાનનું જ સ્વામીપણું જ્ઞાનમાં વર્તે છે. આનંદ અને જ્ઞાન તે જાણવું... જાણવું... જાણવું... અને આનંદ તે મારું અને તેનો હું સ્વામી. એમ ધર્મીને સુખી થવાના પંથે પડેલો સ્વતંત્રતાના સ્વભાવના ઢંઢેરા પીટ્યા અંદરમાં. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનની ખાણ, આનંદની મૂર્તિ હું છું. એવું જ્યાં અંતરમાં વિકારની રુચિ છોડી, પરમાત્મસ્વરૂપ પોતાનું તેની દૃષ્ટિ થઈ એને તો પોષાણમાં, પ્રેમમાં, હોશમાં આનંદની જ હોંશ વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું છે આ સમયસાર. સવાર કરતા અત્યારનો વિષય ઝીણો છે.

મુમુક્ષુ :- સવારે પણ ઝીણો લાગતો હતો.

ઉત્તર :- સવારે કાંઈ ઝીણો નહોતો. એમ તો ભાઈ અમારે કહેતા હતા. .. અમે અજાણ્યા પણ કાંઈક સમજાણું. સમજાણું કાંઈ? સવારનો વિષય જરી સ્પષ્ટ થતો હતો. અત્યારનો તો તદ્દ્ન માખણ છે.

આ આત્મા, આત્મા વસ્તુ છે ને? પદાર્થ છે ને? તત્ત્વ છે ને? તો એ વસ્તુ જેમ કાયમ છે, એમ એનામાં કાયમી જ્ઞાન અને આનંદ આદિ શક્તિઓ, સ્વભાવ, સત્ત્વ પડ્યું છે. વસ્તુ સત્ છે એનું સત્ત્વ. સત્ત્વ એટલે ભાવ. જ્ઞાન જાણવું-દેખવું, આનંદ, શાંતિ, ચારિત્ર સમરસ સ્વભાવ, એવા એમાં ભાવો પડ્યા છે. ત્રિકાળ સ્વભાવ. વસ્તુ જેમ ત્રિકાળ એમ એના સ્વભાવ ત્રિકાળ. એમાં ધર્મીની દૃષ્ટિ ત્રિકાળ સ્વભાવવાન ઉપર પડવાથી, ધર્મીની દૃષ્ટિ ત્રિકાળ સ્વભાવવાન ઉપર પડવાથી, અંતર દૃષ્ટિ જવાથી ત્રિકાળ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે તેવું તેના દૃષ્ટિમાં આનંદના સ્વાદનું ભાન વર્તે છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીએ એ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, ત્રિકાળ સ્વભાવ એવી અંતર દૃષ્ટિ કરી નથી. એને તો વર્તમાન પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ એ મારા કર્તવ્ય અને હું એનો કર્તા ને એ મારો આત્મા, હું એનો અને એ મારા. એવી બુદ્ધિએ પુણ્ય-પાપના,

આકુળતાના, દુઃખદાયક ભાવનો કર્તા થઈ અને તે દુઃખદાયક ભાવ તેનું કાર્ય થાય છે. સમજાણું કાંઈ?

અને એનાથી ધર્મીની દૃષ્ટિ વિકારના કૃત્રિમ, ક્ષણિક, અલ્પ કાળ રહેવાવાળા એવા વિકારો, પરવસ્તુ તો ભિન્ન રહી ગઈ, વિકારની પણ જ્યાં રુચિ છૂટીને અંતર્મુખ ચૈતન્ય સ્વભાવ જે ત્રિકાળી જ્ઞાન અને આનંદનો કંદ છે, એમાં અંતર દૃષ્ટિ, રુચિનું ભાન થવાથી એને આનંદના સ્વાદવાળો આત્મા (સ્વાદમાં આવ્યો છે અને) એના સિવાય પુણ્ય-પાપના ભાવમાં એને પ્રેમ ઊડી ગયો છે. સમજાણું કાંઈ? માંગીરામજી! સમજાય છે? હવે ગુજરાતી સમજે છે. હિન્દીવાળા હવે થોડું થોડું ગુજરાતી સમજો તો અમારે ગુજરાતી ચાલે અહીંયાં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ અને વસ્તુમાં વસેલી શક્તિઓ, સ્વભાવો, ગુણો, સત્ત્વપણું અનંત. અનંત એટલે? અનંત કાળ રહે એ તો ઠીક, પણ સંખ્યાએ એની સંખ્યા સ્વભાવની અનંત છે. જે આત્મા અનાદિ અનંત રહે છે, એમ એનો સ્વભાવ, શક્તિઓ, સત્ત્વ, ગુણો અનાદિઅનંત રહે છે. અને એવા અનાદિઅનંત ગુણનો ધરનાર ગુણી, એના ઉપર ગુણી ઉપર દૃષ્ટિ થતાં, પર્યાયમાં એક્તા દ્રવ્ય ઉપર આવતાં તેને આત્માના જ્ઞાયકભાવનું, શાંતભાવનું ભાન થાય છે. આ આત્મા જ આનંદમૂર્તિ છે. એકલો જ્ઞાનનો સાગર છે. એકલી શ્રદ્ધા સંપન્ન અને એકલી સમરસી સત્ત્વવાળું તત્ત્વ છે. એમ જ્યાં ભાન, ધર્મદૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં ભલે ચોથે ગુણસ્થાને થાય, તો પણ તેને હવે પુણ્ય અને પાપમાં મીઠાશ અને પ્રેમ રહેતો નથી.

દૂધપાકના સ્વાદ આગળ જુવારના ફોતરાના રોટલાનો સ્વાદ એને સારો લાગતો નથી. જુવાર હોય છે ને જુવાર. જુવારમાં એક લાલ જુવાર હોય છે. લાલ સમજો છો? ધોળીના ફોતરા હજી કાંઈક મીઠા હોય. લાલ જુવાર હોય છે. જુવાર સમજો છો? આ રોટલી નથી કરતા? લાલ જુવાર. એના ફોતરા બહુ કસ વિનાના હોય છે. ફોતરી-છીલકા. ઉપરના છીલકા. પણ જેને દૂધપાક, દૂધપાક સમજો છો? તમારે ખીર કહે છે, અમારે દૂધપાક કહે છે. અમારે ખીર એને કહે કે એક શેર દૂધમાં પા શેર ચોખા નાખે તો ખીર. એક શેર દૂધ અને એક રૂપિયાભાર ચોખા તો દૂધપાક. દૂધપાક અને ખીરમાં ફેર છે અમારે કાઠિયાવાડમાં. તમારે બધાને ખીર કહે છે. હિન્દુસ્તાનમાં. એક મણ દૂધ હોય અને પાછળ એક દસ શેર ચોખા નાખે તો એ ખીર થાય. પણ મણ દૂધમાં એક રૂપિયે એક શેર એક રૂપિયાભાર એક શેર ચોખા (નાખીને) એ દૂધને કઢે ત્યારે દૂધપાક કહેવાય. દૂધનો પાક. એ દૂધપાકનો સ્વાદ જેણે ચાખ્યો હોય એને એ જુવારના ફોતરાના રોટલાની મીઠાશ લાગતી નથી. કહો, બરાબર છે? ગરીબ માણસને બિચારાને એ રોટલા મળે તો બહુ સારું.

એક વિઠ્ઠલગઢમાં ગયા હતા. વિઠ્ઠલગઢ છે વિરમગામ પાસે. વિઠ્ઠલગઢ છે એક. ત્યાં અમે પહેલા ગયા. ગમે ત્યાં ભિક્ષા માટે જઈએ તો રોટલો એવો મળી ગયો. સાધારણ બિચારા માણસ. ઈ મળે તો એ લે. ગરીબ માણસને તો એવો રોટલો તો ઓહોહો..! એમ લાગે. જેણે દૂધપાકના સ્વાદ ચાખ્યા,...

એમ અજ્ઞાનીને આત્મા ત્રિકાળ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એવી તો જેને દૃષ્ટિ અને અંતર અનુભવ છે નહિ. અજ્ઞાની બહિર્દૃષ્ટિમાં જેટલો વર્તમાન શુભ અને અશુભ રાગ અને વિકાર કરે, બસ, એ એનું કર્તવ્ય અને એ પોતાનું સ્વરૂપ અને એ આત્મબુદ્ધિ. એના આકુળતાના સ્વાદમાં અનાકુળ આત્મા કોણ છે એની અજ્ઞાનીને ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ દાખલો સૂત્ર આપે છે. સિદ્ધાંત માટે આપે છે કે દાખલો દાખલા માટે છે?

અજ્ઞાનીને આ દેહ, વાણી, મન એક કોર રાખો. આ તો માટી જડ છે. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત અનંત બેહદ સ્વભાવ જેનો શાંત, આનંદ, અસ્તિત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અથવા પ્રભુત્વ, સ્વચ્છતા, એવી શક્તિઓ જેનો સ્વભાવ અમાપ અપરિમિત શક્તિનો પિંડ એ આત્મા છે. એવા આત્માની જ્યાં અંતર દૃષ્ટિ થઈ, ત્યાં આત્મામાં રહેલી જેટલી શક્તિઓ છે તેનો એક અંશે તેની દશામાં વ્યક્તતા, પ્રગટતા અંશની થાય. ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને એ અંતરના અનંત ગુણો માંહ્યલો એક અંશ પણ પ્રગટરૂપે છે નહિ. એક જ્ઞાનનો અંશરૂપે પ્રગટરૂપે છે પણ તે જ્ઞાન પરનું જ્ઞેય કરે છે. એથી એ જ્ઞાન પણ મિથ્યારૂપે થાય છે. સમજાણું કાંઈ?

એથી અહીં કહે છે કે એ '**ઉદયની બળજોરીથી પરિણમે છે...**' એટલે શું બળજોરીની વ્યાખ્યા? કે આત્મા શુદ્ધ ચૈતન્યના સ્વરૂપનું અંતર સંપદા ચૈતન્યની ઋદ્ધિ, એવી જ્યાં અંતર્મુખ દૃષ્ટિમાં ઋદ્ધિ સંપદા આવી, હવે એ સંપદાને જ પર્યાયમાં-દશામાં વધારવાનો જ્ઞાનીનો ભાવ હોય છે. પણ પુરુષાર્થની નબળાઈને લઈને કાંઈક ક્રોધ, માન, માયા, લોભ જ્ઞાનીને થાય તેની એને રુચિ નથી, પ્રેમ નથી. એને બાથ ભીડતો નથી કે આ મારા છે. બાથ ભીડતો નથી સમજો છો? ભેટ. ભેટે છે નાના બાળકને? સમજાણું કાંઈ?

'**તોપણ જ્ઞાતાપણું ચૂકીને પરિણમતો નથી;...**' ભલે રાગાદિ થાય. પણ મારી ચીજ છે એ તો શુદ્ધ અને આનંદ છે, એવું ચૂકીને તે વિકારપણે ધર્મી થતો નથી. અજ્ઞાની પોતાના શુદ્ધ સ્વરૂપને અનાદિથી ચૂકેલો, પુણ્ય અને પાપમાં ભ્રષ્ટ રહીને સ્વભાવથી ભ્રષ્ટ થયેલો, પુણ્ય-પાપના કાર્યને-ભાવને કરતો એ જ મારું સ્વરૂપ છે તેમ માને છે. તેથી તે વિકારરૂપે જ

પરિણમે છે, થાય છે પરિણમે છે એટલે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં...'** ધર્મીનું ધણીપતું એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ દૃષ્ટિમાં, જ્ઞાનમાં, રમણતામાં જેમાં રમે એ વસ્તુ લીધી છે, તેથી તેનું ધણીપતું સ્વભાવમાં છે. **'તેથી તે ક્રોધાદિભાવોનો અન્ય જ્ઞેયોની માફક...'** તેથી અંતરમાં જરી ક્રોધ, માન, માયા થોડા થાય, થોડા થાય એમ શબ્દ વાપર્યો. તે **'જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે,...'** જેમ આ લાકડું છે એમ જાણે છે. તેમ એ રાગ છે એમ જાણે છે. સમજાણું કાંઈ?

**'કર્તા નથી.'** ધર્મી જીવ ચૈતન્યના શુદ્ધ આનંદ સ્વભાવના ભાનના કાળમાં એને પોતાના સ્વભાવના સ્વાદને ચૂકીને, રાગનો સ્વાદ લેવાનો ભાવ નથી, તેથી તે રાગને રચું એવો એ કર્તા નથી. તેથી તે જ્ઞાનીનો રાગ તે એનું કાર્ય નથી. સમજાય છે કાંઈ? ભારે ઝીણું. ઓલા તો કહે, નહિ. આમ કરાય. પરનું કરી શકાય, પરનું કરી શકાય. આ ઘણાં કામ કરીએ છીએ આખો દિ'. શરીરને હલાવીએ, રાખીએ, આમ થાય. દાખલો દીધો હતો ને સવારમાં, નહિ? ધીરૂભાઈએ. ગયા ધીરૂભાઈ? પક્ષઘાત થાય ત્યારે કરી શકે છે? ત્યારે એનો અર્થ થયો કે એ શરીરની ક્રિયા આત્મા કરી શકતો નથી. અંદર પડ્યો હોય તો ઉં... આમ કરે. એ તો શરીરના રજકણોમાં એ જાતની અવસ્થા થવાના કાળે રજકણને કારણે થાય છે. આત્માને કારણે નહિ. પણ એને ભ્રમ પડી ગયો. ચૈતન્યની જાત જ્ઞાનમૂર્તિ છે એ ચીજો થતી તેને જાણનારો છે. થતી તેને કરનારો નથી. આહાહા..! મોટો ભ્રમ પડ્યો છે ને અનાદિથી.

**'આ રીતે જ્ઞાનીના સર્વ ભાવો જ્ઞાનમય જ છે.'** ધર્મી જીવના બધા ભાવો, તે કાળે તેને ત્યાં રાગાદિના, ક્રોધાદિના ભાવ હોવા છતાં તેનાથી પોતાની રુચિને પાછી વાળી છે અને રુચિને સ્વભાવનો આશ્રય દીધો છે. રુચિને સ્વભાવનો આશ્રય દીધો છે. એથી એને રાગનો આશ્રય તેને રુચિમાં આવતો નથી. કહો, જયંતિભાઈ!

**'હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છે :- '**

**अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।**
**द्रव्यकर्मनिमित्तानां भावनामेति हेतुताम्।।६८।।**

અટપટા શબ્દો છે જરી. આહાહા..!

**'શ્લોકાર્થ :- અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને...'** જેને આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્યધામ છે, પદાર્થ જ પોતે પરમ સ્વરૂપે, આનંદસ્વરૂપે છે. વસ્તુના મૂળ સ્વરૂપમાં વિકૃતપણું કેવું? દુઃખપણું કેવું? અલ્પપણું કેવું? વિપરીતતાપણું કેવું? એવો આ આત્મા, એના સ્વભાવના ભાન વિના વિપરીત એવા અજ્ઞાન ભાવોની ભૂમિકામાં વ્યાપીને. એ તો અજ્ઞાનના ભાવ-પુણ્ય-પાપના ભાવમાં વ્યાપી રહેલો છે, પ્રસરી રહેલો છે.

પુણ્ય અને પાપના કાર્ય જ મારા છે એમાં ખપી રહ્યો છે.

એ '**દ્રવ્યકર્મના નિમિત્ત જે ભાવો...**' જે પૂર્વના કર્મનું જડપણું, તેના નિમિત્તમાં થતાં અજ્ઞાનીના ભાવ '**તેમના હેતુપણાને પામે છે...**' એ અજ્ઞાનભાવના કારણપણાને પામે છે. કહો, સમજાણું કાંઈ? '**દ્રવ્યકર્મના નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે.**' દ્રવ્યકર્મના નિમિત્તરૂપ ભાવોનો હેતુ બને છે. એમ કહે છે. દ્રવ્યકર્મનો હેતુ બને છે એમ નહિ. એવું અટપટું છે.

ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ, શુદ્ધ સર્વજ્ઞ સ્વરૂપ, સર્વજ્ઞ સ્વરૂપ. સર્વજ્ઞ એટલે એ તો જ્ઞાનસ્વભાવવાળો એટલે જ્ઞાનમાં અપૂર્ણતાનો (અભાવ) એટલે સર્વને જાણવાના સ્વભાવવાળું એ તત્ત્વ છે. એવા તત્ત્વની જ્યાં ખબર નથી એથી તેની વર્તમાન હાલતમાં-દશામાં રાગ અને પુણ્ય-પાપની રુચિથી પરિણમેલો અજ્ઞાની ભાવ કે જે અજ્ઞાનભાવમાં પૂર્વના કર્મ નિમિત્ત છે. એવા અજ્ઞાનભાવનો અજ્ઞાની હેતુ થાય છે. સમજાણું કાંઈ?

'**અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં વ્યાપીને...**' પોતાના શુદ્ધ સ્વરૂપને એ વસ્તુની જાતની ભાતને ન જાણતો, અજ્ઞાનપણે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પોની વિકૃત દશાને પોતાપણે માનતો, એવું જે અજ્ઞાનપણું તે અજ્ઞાનભાવમાં અજ્ઞાની વ્યાપ્યો નામ પ્રસર્યો છે. એ '**દ્રવ્યકર્મના નિમિત્તે જે ભાવો...**' એ પૂર્વના જડકર્મનું નિમિત્ત. અહીં અશુદ્ધ ઉપાદાન પોતામાં વિકારપણે થયા '**તેમના હેતુપણાને પામે છે.**' જૂના જડકર્મ તો નિમિત્ત છે. કેમકે એનું લક્ષ પર ઉપર છે. સ્વભાવ ઉપર અજ્ઞાનીનું લક્ષ નથી. તેથી પર ઉપર લક્ષને લઈને નવા અજ્ઞાનના રાગ-દ્વેષના ભાવ થયા એમાં પરવસ્તુ નિમિત્ત થઈ. એ નિમિત્તપણાથી થયેલા એટલે પોતાની અશુદ્ધ શક્તિથી થયેલા, પર્યાયમાં, એવા વિકારી ભાવનો અજ્ઞાની કારણ થાય છે. કેમ કે અવિકારી સ્વભાવ તેની દૃષ્ટિમાં છે નહિ. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! છે કે નહિ એમાં?

'**આ જ અર્થ પાંચ ગાથાઓથી કહે છે :-**' એય..! દેવાનુપ્રિયા! આ તો વકિલાત પણ જુદી જાતની આ.

**अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।**
**मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्तं।।१३२।।**
**उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं।**
**जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।।१३३।।**
**तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।**
**सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।।१३४।।**
**एदेसु हेतुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।**

परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं।।१३५।।
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।
तइया दु होदि हेदू जीवो परिणामभावाणं।।१३६।।

નીચે હરિગીત.

**અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.**
**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**
**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.**
**શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો,**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.**
**આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,**
**તે અષ્ટવિધ જ્ઞાનાવરણ ઈત્યાદિ ભાવે પરિણમે; ૧૩૫.**
**કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,**
**આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.**

જુઓ! '**જીવનિબદ્ધ બને ખરે,...**' જડ બંધાય તે ખરે. આ ભાષા આવે ત્યાં ભડકે એય.. નિશ્ચય.

'**ટીકા :–...**' ટીકા ક્યાં આવી? ક્યાંથી શરૂ થઈ? ક્યાંથી થઈ? બોલો. હિન્દી લીધું હિન્દી? અચ્છા. '**તત્ત્વના અજ્ઞાનરૂપે...**' તત્ત્વ નામ વસ્તુ સ્વરૂપ. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એવું તત્ત્વ, એના અજ્ઞાનરૂપે. વસ્તુ સ્વરૂપની અન્યથા પ્રાપ્તિ-ઉપલબ્ધિ રૂપે. શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનું તત્ત્વ છે, સત્ત્વ છે. એની અણપ્રાપ્તિ, એટલે કે એનાથી અનેરી પ્રાપ્તિ. સ્વરૂપની નહિ પ્રાપ્તિ, પણ વિપરીત પ્રાપ્તિ. એ '**જ્ઞાનમાં સ્વાદરૂપ થતો...**' જ્ઞાનમાં એ જણાતો. '**અજ્ઞાનનો ઉદય છે.**' એ સમુચ્ચય અજ્ઞાન કીધું. અહીં જડની વાત છે અત્યારે હોં! એ બધું અજ્ઞાન જડ. સમજાણું કાંઈ? એક કોર ભગવાન જ્ઞાનસ્વરૂપી, એક કોર જડ તે અજ્ઞાન રૂપી.

'**મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો–કે જેઓ કર્મના હેતુઓ છે તેઓ–તે મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.**' અજ્ઞાન એ પણ જ્ઞાનાવરણીનો ઉદય, મિથ્યાત્વ એ દર્શનમોહનો ઉદય, કષાય એ ચારિત્રનો ઉદય. એ બધા પુદ્‌ગલના પરિણામ તે અજ્ઞાન છે. એમાં જ્ઞાનસ્વભાવ નથી. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વ, અસંયમ,...**' અત્યાગભાવ એવો ઉદય જડનો, હોં! કષાય, ક્રોધ, માન, માયા, ઉદય અને યોગ એનો ઉદય '**કે જેઓ**

**(નવાં) કર્મના હેતુઓ છે...'** જૂના કર્મ ચાર એક સામાન્યપણે અજ્ઞાન. એ અજ્ઞાનના પેટા ભેદ ચાર. મૂળ તો અજ્ઞાન પુદ્ગલનો ઉદય અજ્ઞાન છે. એ ઉદયનો અજ્ઞાનભાવ જડનો એના ચાર પ્રકાર. મિથ્યાત્વ, કષાય અને અસંયમ લઈ લેવું. એ કર્મના હેતુઓ છે. નવા આઠ કર્મના એ ચાર હેતુઓ છે. અટપટી છે એ. શું કીધું?

ભગવાન આત્મા, અહીં સિદ્ધ કરવું છે કે ભગવાન આત્મા કોઈ વિકારનો હેતુ પણ નથી અને નવા બંધને નિમિત્ત થાય એવું એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય અબંધસ્વરૂપી આત્મા, અબંધસ્વરૂપ વસ્તુ છે. એ પોતે વિકારનો હેતુ નથી. અને વિકારનો હેતુ નથી તેથી તે કર્મના નિમિત્તમાં હેતુ થાય એવો એનો ભાવ હોતો નથી. એથી અહીંથી વાત ઉપાડી છે કે ભગવાન આત્મા એનાથી ભિન્ન જે કર્મ, કર્મ જડ. જેને અહીંયાં અજ્ઞાન કહ્યું છે. અજ્ઞાન. એમાં જ્ઞાન અને શ્રદ્ધા આદિનો ભાવ નથી. એ અજ્ઞાનના ચાર પ્રકાર. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ-ઉદય કે જે અજ્ઞાનમય ચાર ભાવો છે.

**'તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે;...'** તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપે થતો જણાણો. મિથ્યા દર્શનમોહ જડનો ઉદય છે. **'અવિરમણરૂપે (અત્યાગભાવરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે;...'** અચારિત્ર. એ કષાયનો ઉદય છે. મોહ, મોહ હોં! અને **'કલુષ (મલિન) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે;...'** એ જડ કષાય.

**'શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિ...'** શુભમાં પ્રવૃત્તિ, અશુભથી નિવૃત્તિ એવા **'વ્યાપારરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે. આ પૌદ્ગલકિ મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં...'** શું કહે છે? એ જૂના કર્મ જે દર્શનમોહ, ચારિત્રમોહ, શરીર નામ પ્રકૃતિ આદિ યોગમાં. દર્શનમોહ-ચારિત્રમાં એ ત્રણેય આવી ગયા. મિથ્યાત્વ, અસંયમ અને કષાય. અને યોગમાં નામ કર્મ શરીરનો ઉદય. એ બધા ચારેય પરમાં નિમિત્ત રૂપે, પરમાં આને નિમિત્ત રૂપે પર વસ્તુ છે. એવા **'પૌદ્ગલિક મિથ્યાત્વાદિના ઉદયો...'** પુદ્ગલના દર્શનમોહ આદિ આઠ કર્મ માંહ્યલો એક દર્શનમોહનો ઉદય, ચારિત્રમોહનો ઉદય. એમાં આવી ગયું કે કષાય નથી. અને યોગનો ઉદય-શરીર, નામકર્મનો ઉદય. એવા ચાર ભાવો હેતુભૂત થતાં **'જે કાર્મણ વર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે,...'** એ પૂર્વના ચાર અજ્ઞાનભાવ નિમિત્તભૂત થતાં નવા કર્મની વર્ગણાઓ જ્ઞાનાવરણાદિથી સ્વયમેવ પરિણમે છે. પોતાના કારણે એ આઠ કર્મ પરિણમે છે. સમજાણું કાંઈ?

**'તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય...'** એ તો ત્યાંથી ઉપાડી છે વાત. સમય તો એક જ છે. કર્મનો જડનો ઉદય થઈને ચાર ભાવ જે થયા

એ નવા કર્મના બંધનમાં હેતુ નામ નિમિત્ત થાય છે. નવા કર્મ તો પોતાના પર્યાયથી સ્વયમેવ પરિણમે છે. એ જૂના ચાર કર્મની જાત નવા કર્મને નિમિત્ત છે એટલી વાત અહીં સિદ્ધ કરી. **'તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી...'** ત્યારે જીવ તે સમયે પોતાના શુદ્ધ ચૈતન્યના સ્વરૂપના અજ્ઞાનને લઈને, **'સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...'** આનંદ અને રાગના એકપણાના અભ્યાસ અને બુદ્ધિને, ટેવને લઈને **'તત્ત્વ-અશ્રદ્ધાન આદિ...'** એ તત્ત્વના અશ્રદ્ધાન એવો જીવનો ભાવ, મિથ્યાત્વભાવ, અસંયમભાવ, કષાયભાવ, યોગના કંપનનો ભાવ, **'પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.'** સમજાણું કાંઈ?

વસ્તુ, આત્મા વસ્તુ તરીકે ચિદ્‌ઘન આનંદકંદ વસ્તુ પદાર્થ (છે). એનું જ્યાં ભાન નથી ત્યાં જીવને એ કાળે જૂના કર્મ જે અજ્ઞાનભાવરૂપ જડ છે એના જે ચાર પ્રકારો થયા, મિથ્યાત્વ, અસંયમ, કષાય, યોગ જડ હોં! જડ. એ નવા આઠ કર્મને બાંધવામાં હેતુ થયા. એ કાળે નવા કર્મ બંધાણા, જૂના કર્મનું નિમિત્ત એ જ કાળે જીવ પોતાના સ્વભાવને ભૂલી અને અતત્ત્વ શ્રદ્ધાન રાગાદિપણે પરિણમે છે એ પોતાના અજ્ઞાનભાવનો હેતુ જીવ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હળવે-હળવે કહીએ છીએ. આ કાંઈ ઉતાવળથી નથી. કેમ?

જુઓ! આ ન્યાયથી તો (કહેવાય છે). અહીં તો સિદ્ધ કરવું છે કે આત્મા પોતે વિકારનું સ્વરૂપ છે નહિ. હવે એ અજ્ઞાનભાવપણે જ્યારે પરિણમે છે પોતાના સ્વરૂપને ભૂલીને, તે કાળે પૂર્વના કર્મ છે ઉદય આવેલા જડ, એ નવાને નિમિત્ત થાય છે, હેતુ થાય છે. તે કાળે જીવ પોતાના વિકારનો હેતુ થાય છે. છે એમાં? જુઓ! સમયસાર બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

ઉદયને ઓલા નિમિત્ત નવા કર્મને જૂનાનો હેતુ કીધો અને પોતે પોતાના અજ્ઞાનભાવનો હેતુ કીધો. અજ્ઞાનભાવ કર્યો હેતુ, ત્યારે પછી ઓલા જૂના કર્મ નવાને નિમિત્ત થયા. એક સમયે ત્રણેય થાય છે એમ કહે છે. સમજાય છે કે નહિ? કોઈ દિ' સાંભળ્યું ન હોય એમાં. કર્મ શું ને જૂનો ઉદય શું ને વળી નવા બંધાય શું, વળી આત્મા અજ્ઞાનભાવનો હેતુ શું? કહો, સમજાણું આમાં? નિમિત્તરૂપે થાય છે. એમ કીધું. સ્વભાવ ક્યાં છે એમાં? આહાહા..!

શું કહ્યું? ફરીને. જે આ આત્મા છે ને પદાર્થ-વસ્તુ, એમાં તો અનંતી શક્તિનું સત્ત્વ રૂપ એ તત્ત્વ (છે). હવે એવા આત્માને સાથે પૂર્વના બાંધેલા જડ કર્મો આઠ જોડે પડ્યા છે. એ જડમાં બેનો ઉદય થતાં એટલે એક મોહનો ઉદય અને એક નામકર્મનો. મોહના ઉદયમાં

બે. એક દર્શનમોહ અને એક ચારિત્રમોહ. એટલે દર્શનમોહ અને ચારિત્રમોહ જડનો ઉદય થતાં અને ઓલો યોગમાં શરીર, નામકર્મ ઉદય થતાં એ ઉદયો પાક નવા આઠ કર્મને બાંધવામાં નિમિત્ત થાય છે. નવા આઠ કર્મ પોતાને કારણે બંધાય છે, પરિણમે છે. પણ તેને ઓલા જૂના કર્મ જે આવ્યા એ એને કારણ થાય છે. પણ એ કારણ ક્યારે થાય છે? કે તે કાળે જીવ પોતાના સ્વરૂપને ભૂલી અને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ મારા એમ માનીને અજ્ઞાનભાવે પરિણમે છે, ત્યારે જૂના કર્મ નવાને નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ!

એ કહે ને સર્વજ્ઞ છે, સર્વજ્ઞ. પણ સર્વજ્ઞ શેમાં હોય સર્વજ્ઞ? કે કોઈ સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ દ્રવ્ય, સર્વ શક્તિ, સર્વ દશાઓ એવી ચીજને જાણતો હોય તો સર્વજ્ઞ હોય. સમજાણું? એ ચીજ જ જેનામાં નક્કી નથી એને સર્વજ્ઞ હોઈ શકે નહિ. સમજાય છે આમાં? આ વસ્તુ છે બધી એને અહીં સિદ્ધ કરે છે. એમ કોઈ કહે કે સર્વજ્ઞ છે. ... બધું જાણનાર છે. બધું જાણનારમાં એનું ક્ષેત્ર કેટલુ છે એવું પણ એના ખ્યાલમાં આવે. તો ક્ષેત્ર કેટલું જેના અભિપ્રાયમાં-જેના મતમાં ક્ષેત્ર કેટલું છે એની ખબર નથી, એમાં કાળ કેટલો એની ખબર નથી. જેના મતમાં દ્રવ્યો અનંત છે એની ખબર નથી. અનંત સિદ્ધ કરી શકતા નથી. જેના અભિપ્રાયમાં એક એક દ્રવ્યમાં અનંત શક્તિઓ છે એ સિદ્ધ કરી શકતા નથી. જેના મતમાં એક એક દ્રવ્યની અનંતી પર્યાય છે તે સિદ્ધ કરી શકતા નથી. એવા જીવમાં સર્વજ્ઞપણું એના મતમાં હોઈ શકે જ નહિ. અહીં ભાઈ સમજાય છે આમાં? આ ત્રણ અટપટું લે છે એ વસ્તુ છે એમ કહે છે ઈ.

અન્યમતમાં સર્વજ્ઞ ન હોય એનું કારણ શું? આ બધી ચીજો આ રીતે છે બધું, એ બધાનું જેને (જ્ઞાન) નથી એને બધાનું જ્ઞાન કરનારો એમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? હોય નહિ. જેને એમ કહો કે બધાનો જાણનાર. બધામાં શું શું આવે? બધામાં તો અનંત જીવો આવે, અનંત અજીવ આવે, એક એક જીવ અને અજીવના અનંત ગુણો આવે, એની અનંતી દશા આવે. સમજાણું કાંઈ? એ જીવનું ક્ષેત્ર કેટલું અને બીજું બધું ક્ષેત્ર કેટલું? એમ આવે. રજકણોનું ક્ષેત્ર કેટલું અને બધા રજકણોનું ક્ષેત્ર કેટલામાં એમ આવે અને અમુક ક્ષેત્ર વિનાનું બીજું ક્ષેત્ર છે. જેમાં રહે છે એ વિનાનું ક્ષેત્ર કેટલું? બધું છે કે નહિ? બધું છે કે નહિ? જેના મતમાં આવા અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, અનંત કાળ, અનંત ભવ, અનંત ભાવ જેણે માન્યા જ નથી, જેનામાં જે હોય નહિ એનામાં એ સર્વજ્ઞદશા પ્રગટ થનારો જીવ હોઈ શકે નહિ. જુઓને! આ અટપટી કેટલી વાત કરે છે! એક કોર આઠ કર્મને સિદ્ધ કરે છે. આઠ કર્મમાં ઉદય બેનો જ સિદ્ધ કરે છે. કારણ કે બંધનના, નવા બંધનમાં બે જ કારણ છે. સમજાણું કાંઈ? એક દર્શનમોહ, એક ચારિત્રમોહ અને નામકર્મ. હવે આ આઠમાં

પણ બંધના ત્રણ જ કારણ છે. બીજી રીતે લ્યો તો મોહ અને નામ(કર્મ) એટલે બે. સમજાણું આમાં કાંઈ?

પહેલું તો બંધન જેને છે, મુક્તિનો ઉપાય કહેવો છે કે નહિ? તો હવે જેને બંધન હોય એને મુક્તિનો ઉપાય કહે કે નહિ? તો એ બંધન છે શું? પરરૂપે. ભાવબંધ તો આ કહે છે. દ્રવ્યબંધ તો આઠ કર્મના રજકણો, જ્ઞાનાવરણી આદિ રજકણો છે. એ અનંત રજકણો છે. એનો અનંતો એક સમયમાં પાક છે. એના પાકમાં પણ ચાર જ પાક નવા બંધમાં કારણ થાય. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીયનો ઉદય નવા બંધમાં કારણ ન થાય. દર્શનાવરણીયનો ઉદય બંધમાં કારણ ન થાય. વેદનીયનો ઉદય બંધમાં કારણ ન થાય, નામ, ગોત્ર, અંતરાયનો ઉદય બંધમાં કારણ ન થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શીખવું કેટલું?

ઉત્તર :- કાંઈ શીખવાનું નથી. બહું થોડું છે. પણ આંકડાનું ભાન ન મળે ને. સંસારમાં કેટલું શીખે છે આંકડા ખોટેખોટા-ગપ્પાગપ. મોટા મોટા બી.એ. અને એલ.એલ.બી.ના પૂંછડા વળગાડે છે ત્યાં. આમ-આમ. આંકડા-આંકડા ગણતરી. ક્યાં ગયા? કામાણી ગયા લાગે છે.

અહીંયાં ગામમાં છોકરો છે એક નવ વર્ષનો. તે દિ' હતો .. નવ વર્ષનો. કરોડો-અબજોના ગણિત કહે. કરોડો અબજોના. ચોપડી બે ભણે લો. પૂર્વનો એ જાતનો ઉઘાડ લઈને આવ્યો છે. કરોડો-અબજોનો, હોં! અમારી પાસે લાવ્યા હતા. ત્રણ વર્ષ પહેલા ગયા હતા. આંકડીયા. રવાણીના. પંચ કલ્યાણક થવાના છે ને. અબજોના, હોં! ભણેલ છે કેટલું? બે ચોપડી. આંકડા એક.. સમજ્યાને શું કહેવાય? ખટારો. એક ખટારાના એક હજાર અને સાડી પાંત્રીસ રૂપિયા તો પાંચ હજાર ખટારાના કેટલા? એ પૂછે બીજાને. બીજો પ્રોફેસર કહે, પણ અમે આંકડો ગણીને કહીએ. તમે કહો જોઈ. ફટ. શોભાલાલજી! ખેતી-કણબીનો પુત્ર. કણબી. ખેતી. કૃષિકાર. પહેલું .. ત્રણ વર્ષ પહેલા. પાણી, પાણી ખેતરમાં પાણી પાય ને ક્યારામાં? પાણી પાણી પાયને. પાણી પાતો હતો ત્યાં હું ત્યાં ગામમાં હતા તો ભાઈ ગયેલા. રવાણી. ભાઈ! ચાલ મહારાજ પાસે. બતાવું તને. એ લાવ્યો હતો બિચારો. સાદી ચોરણી પહેરેલી સાધારણ. પણ એ ગણતરીમાં એટલો કે પ્રોફેસરો એની પાસે પાણી ભરે. બીજું કાંઈ ભાન ન મળે, હોં! એવી જાતની એક ક્ષયોપશમના જ્ઞાનની એક કળાની જાત છે. એવી કળા કરતા કરતા એ કેવળજ્ઞાનની કળા જેનામાં પ્રગટે છે... આહાહા..! આટલામાં વિસ્મય આવે જગતને. સમજાય છે આમાં? આહાહા..! આવું કહે! પ્રોફેસરો બધા અંગ્રેજીવાળા મોટા મોટા પદ પર ગયેલા. અમે તો કાગળ ઉપર આંકડા મૂકીને પછી કહી શકીએ કે ભાઈ આમ છે. આમ જરી કાંઈ કરે. એ જાતનો, એ જગતને અજ્ઞાનની કળાનો અંશ પણ જ્યાં વિસ્મય પમાડે છે, તો જેના

અંતર સમ્યગ્જ્ઞાનની કળા અને એમાં કેવળજ્ઞાનની કળા. આહાહા..! એને તો બધું.. બધું.. એટલે સર્વજ્ઞ બધું ... આહાહા..! એ જાણેલી વાતમાં તત્ત્વોની વાત કહે છે.

કહે છે કે, ભાઈ! તું એક આત્મા છો ને. એમાં એક જૂના કર્મ આઠ પડ્યા છે. સમજાય છે? એ જૂના કર્મ છે આઠ, એમાં બે જ કર્મ નવા બંધમાં કારણરૂપે, નિમિત્તરૂપે નીવડે છે. મોહ કર્મ અને નામ. બસ. છ નહિ. એટલે મોહમાં આવી ગયું મિથ્યાત્વ, અસંયમ અને કષાય. બધા આવી ગયા. એ નવા કર્મને નિમિત્ત રૂપે થાય છે અને નવા કર્મ પોતાના સ્વયં શક્તિથી તે કાળે રજકણોમાં કર્મ થવાની પર્યાયની લાયકાત જેની જેની છે તે પ્રમાણે તે પરિણમે છે. સ્વયમેવ તેથી શબ્દ વાપર્યો છે. '**સ્વયમેવ અજ્ઞાનથી...**' છે ને? ઓલામાં પણ સ્વયમેવ હતું. આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે. એમ હતું.

એક એક સમયની એ રજકણની પર્યાય ઉત્પાદરૂપ જે સવારે કીધી, એ રજકણો કર્મની પર્યાયપણે સ્વયમેવ થાય છે. અને જૂના કર્મ ઉદય એની મેળાએ એનો કાળ આવ્યો એટલે થાય છે. તે કાળે જીવ પોતે પોતાના સ્વરૂપને ભૂલીને રાગ-દ્વેષ અને વિકારના પરિણામને પોતાના માનીને અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અસંયમપણે પરિણમે છે. એ ભાવનો હેતુ જીવ થાય છે. ત્યારે જૂના કર્મ નવાને હેતુ થાય છે. સમજાણું કાંઈ?

આ બધું જેણે પ્રત્યક્ષ જોયું છે. સમજાણું? નીચે તો મતિ-શ્રુતમાં પરોક્ષ છે. પણ આ બધું જેણે પ્રત્યક્ષ જોયું છે એક સમયમાં. મતિ-શ્રુતમાં એ બધું જણાય છે. બધું જણાતું નથી એમ નહિ. પરોક્ષ (જણાય છે). ત્યારે એક કળામાં બધું જણાય એટલે પ્રત્યક્ષ. આહા..! એ સર્વજ્ઞ પરમેશ્વર, જેને અરિહંત કહેવામાં આવે છે. અરિહંત. જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષ રૂપી વેરીને હરિ-નાશ કરી અને જેણે પોતાની જ્ઞાનકળા પૂર્ણ પ્રગટ કરી. જેવો શક્તિ સ્વભાવ હતો એવી વ્યક્તતા પૂરી કરી. એ સર્વજ્ઞનું કહેલું સંતો કહે છે. કાંઈ સંતોએ પ્રત્યક્ષ જોયું નથી. કર્મને જોયા નથી રજકણ. આ તો મતિશ્રુતવાળા છે. પરોક્ષરૂપે એના ધ્યાનમાં, ભાઈ! તું આત્મા છો. આત્મા એને જૂના કર્મ જે બંધાયેલા છે એમાંથી જ્યારે એનો પાક... સત્તા પડી ત્યાં સુધી ભલે રહો. એ કાંઈ નવા બંધનું કારણ થાય નહિ. કર્મ કર્મરૂપે સત્તાના પર્યાયરૂપે પડ્યા ત્યાં સુધી નવા બંધમાં નિમિત્ત થાય નહિ. એ સત્તામાં પડેલા પાકમાં આવ્યા. ઉદયમાં આવ્યા. ત્યારે તે છે જડની પર્યાય. અહીં એને અજ્ઞાનની દશા કીધી. અજ્ઞાનભાવ કીધો એને. આત્માનો જ્ઞાનભાવ નથી તેથી તે અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાનભાવ જેને મિથ્યાત્વ, અસંયમ અને કષાય અને યોગ કીધો. એ નવા આઠ કર્મ રજકણના નવા બંધાય છે તેને તે હેતુ થાય છે. પણ એ હેતુ થાય છે ક્યારે? જીવ પોતે પોતાના સ્વરૂપને ચૂકીને રાગ અને દ્વેષપણે પરિણમે અજ્ઞાનભાવે ત્યારે પોતાના પરિણામનો પોતે હેતુ થાય છે. ત્યારે જૂના

કર્મ નવાને હેતુ કહેવાય છે. સમજાણું કાંઈ?

પોતાના અજ્ઞાનભાવનો જ્યાં ભાવ જ થતો નથી જ્ઞાનીને, એથી એને જૂના કર્મ નવાને બંધમાં હેતુ થતા નથી એટલે કે એને બંધ જ નથી એમ સિદ્ધ કરે છે. ભાઈ! આહાહા..! મૂળ તો એ સિદ્ધ કરવું છે. ભગવાન આત્મા.. આહાહા..! શું પણ રીત એની! ચૈતન્ય પ્રભુ જ્યાં શુદ્ધ શ્રદ્ધા સંપન્ન સંપદાને ભાસી, કહે છે કે એને અજ્ઞાનભાવમાં હેતુ થતો નથી. એ તો શુદ્ધભાવનો હેતુ છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની શુદ્ધ પરિણમનનું કારણ છે. સમજાણું કાંઈ? કેમ કે શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય છે એની જ્યાં દૃષ્ટિ અને ભાન થયું, ત્યાં તેના શુદ્ધ પરિણામનું એ કારણ છે. અજ્ઞાનીને એ વસ્તુની ખબર નથી એટલે અશુદ્ધ પરિણામનું કારણ છે. એને જૂના કર્મ ઉદય આવે અને નવાને હેતુ થાય એવું જ્ઞાનીને રહેતું નથી. એને તો જૂના કર્મ આવે ખરી જાય છે. સમજાણું કાંઈ?

જૂના કર્મ નિમિત્ત નવાને થાય. કોને? કે જેને જીવ સ્વભાવનું ભાન નથી અને ભાન વિનાના ભાવ જેણે પુણ્ય ને પાપને પોતાના કરી આત્મબુદ્ધિએ પરિણમ્યો છે, એવા વિકારનું કારણ જે આત્મા થાય એને જૂના કર્મ નવા બંધનમાં હેતુ થાય. જ્ઞાનીને જૂના કર્મ એના નથી તેથી નવાને બંધન થાય એવું એમાં છે નહિ. કેમ કે જૂનાને હેતુરૂપ નિમિત્ત રૂપે નવાને થાવું એવો અહીં અજ્ઞાનભાવ નથી. એટલે જ્ઞાનીને નવા અને જૂના સાથે કાંઈ સંબંધ છે નહિ.

મુમુક્ષુ :- ડિગ્રી ટુ ડિગ્રી..

ઉત્તર :- એ તો અજ્ઞાની છે. એમેય નથી. અજ્ઞાનીને કર્મના ઉદય પ્રમાણે વિકાર થાય એ અહીં કાઢી નાખ્યું. જૂના કર્મ પાક થઈને નવાનું નિમિત્ત થાય એટલી વાત કરી છે. જૂના કર્મ પ્રમાણે વિકાર થાય એ તો અહીં વાત લીધી જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા શું લીધી? જુઓને!

એક તો '**મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં...**' જૂના. નવા '**કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે,...**' નવા રજકણો કર્મની અવસ્થારૂપે પોતાની તે કાળની દશાને કારણે તે આઠ રૂપે પરિણમે. કર્મ. '**તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી...**' તે કાળે જીવ સ્વયમેવ પોતાના અજ્ઞાનથી. એટલે ઓલું પૂર્વનું નિમિત્ત છે માટે થયું, અહીં એ વાત લેવી જ નથી. પૂર્વનું નિમિત્ત તો નવાને બાંધવામાં નિમિત્ત થયું એમ કહે છે. આહાહા..! પૂર્વનો પાક નવામાં નિમિત્ત થયો. પૂર્વનો પાક આના વિકારને નિમિત્ત થયો એ વાત લેવી નથી. સ્વયમેવ સ્વતંત્ર પરિણમે એ માટે લેવું છે. આહાહા..! સમજાણું

કાંઈ?

'**સ્વયમેવ અજ્ઞાનથી...**' સ્વયમેવ અજ્ઞાનથી. સ્વયમ-એવ. પોતાથી નિશ્ચય. પોતાના શુદ્ધ સ્વરૂપના અજ્ઞાનને લઈને, પુણ્ય-પાપના ભાવના અજ્ઞાનભાવને કરતો, '**એકત્વના...**' સ્વપરના એકત્વ એટલે શુદ્ધને-રાગને એકત્વપણે વ્યાપતો '**તત્ત્વ-અશ્રદ્ધાન આદિ...**' પોતાનો જે તત્ત્વ-અશ્રદ્ધાન એ અજ્ઞાનભાવ છે. કષાય અજ્ઞાનભાવ છે. પોતાનો હોં! એવા '**અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.**' નવાને હેતુ થાય એમ ન લીધું. જૂના આને હેતુ થાય એમ ન લીધું. આહાહા..! સમજાણું કાંઈ? કર્તાકર્મ સિદ્ધ કરવું છે તો એ કર્મ નવાનું નિમિત્ત થાય કર્મ એનું સ્વતંત્ર. એ નિમિત્ત થાય અને અહીં કર્મ થાય એમ નથી લેવું. એટલે સ્વયમેવ અજ્ઞાનભાવે પરિણમે છે ત્યારે જૂના નિમિત્ત નવાને થાય એને પોતાના પરિણામનું નિમિત્ત પોતે થાય છે. સમજાણું કાંઈ? આ રીતે સંસારનું બંધન અનાદિથી ચાલ્યું આવે છે. એની વિશેષ વાત ભાવાર્થમાં લેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૪, સોમવાર તા. ૯-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૩૨ થી ૧૩૮, પ્રવચન-૨૧૯**

ભાવાર્થ છે, જુઓ!

'**ભાવાર્થ :- અજ્ઞાનભાવના ભેદરૂપ જે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદયો...**' કર્મના ચાર પ્રકારના ઉદય. જડ-જડ. દર્શનમોહનો ઉદય, ચારિત્રમોહનો ઉદય, નામ કર્મનો ઉદય. તે ચારેય અજ્ઞાનભાવ છે. એમાં જ્ઞાનભાવ નથી. '**તે પુદ્‌ગલના પરિણામ છે...**' એ અજીવના, પુદ્‌ગલના પરિણામ ચાર છે. '**અને તેમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપે જ્ઞાનમાં આવે છે.**' જ્ઞાનમાં તેનું ભાન થાય. અતત્ત્વભાવ, અવિરતભાવ, કષાયભાવ એવું ભાન થાય. છે એ બધા પુદ્‌ગલના પરિણામ. ઉદય આવ્યા એ.

'**તે ઉદયો નિમિત્તભૂત થતાં,...**' એ તો વચ્ચે એક વાત કરી. ચાર-દર્શનમોહનો ઉદય કર્મનો, ચારિત્રમોહનો એમાં ત્રણેય આવી ગયા. અવિરત, કષાય અને દર્શનમાં મિથ્યાત્વ, એ ત્રણ થઈ ગયું મોહમાં. અને નામકર્મ. એ ત્રણેય કર્મના પરિણામ સત્તાપણે હતા એના પાકપણે ઉદય આવ્યો. એ ચારેય અજ્ઞાનભાવ છે. જડના પરિણામ છે. કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને?

આત્મા જડના પરિણામને કરતો નથી અને જડ પરિણામ જીવના વિકારભાવને કરતો નથી. સમજાણું કાંઈ? એ અહીં કર્તાકર્મ સિદ્ધ કરવું છે. એથી કહે છે કે જે ચાર કર્મના ઉદય પાકપણે વિકાર થવામાં નિમિત્ત છે એ વાત અહીં લીધી નથી. સમજાણું? અહીંયાં કર્તાકર્મપણું સિદ્ધ કરવું છે ને એટલે એ નિમિત્ત છે એમ પણ લીધું નથી. એ ચાર કર્મના ઉદયભાવ જે જડ છે, અચેતન છે, પુદ્‌ગલના પરિણામ છે તેથી તે અજ્ઞાન છે. એનો ખ્યાલ જ્ઞાનમાં આવે એ તો ભાવ થઈ ગયો. પણ એ ભાવ અહીં લેવો નથી. એ વસ્તુ આમ છે એવું જ્ઞાનમાં આવે. વસ્તુ છે એ જડમાં. ચારેય ભાવ જડના (છે). સમજાણું કાંઈ?

'**તે ઉદયો નિમિત્તભૂત થતાં,...**' એ ચાર જડનો ઉદય નિમિત્તભૂત થતાં જીવને વિકારી પરિણામ થાય એમ અહીં નથી લેવું. એ નિમિત્તભૂત થતાં કાર્મણવર્ગણારૂપ નવા પુદ્‌ગલો, આઠ કર્મને યોગ્ય જે અવસ્થા થવાને લાયક રજકણો જે છે એ '**સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે...**' નિમિત્તભૂત થતાં એમ સિદ્ધ કર્યું. પૂર્વના ચાર કર્મનો ઉદયભાવ નિમિત્ત પૃથક્, નવા બંધાય છે એનાથી આ પૃથક્ ઉદય છે ભિન્ન. એ ભિન્ન છે તે નિમિત્ત થતાં નવા કર્મના રજકણો કાર્મણવર્ગણારૂપે જે છે એ સ્વયમેવ કર્મની પર્યાયપણે પોતાથી પરિણમે છે. ઉપાદાન તો એનું પોતાનું છે. જૂના કર્મ તો એને નિમિત્ત કહેવામાં આવે છે.

સમજાણું કાંઈ?

**'નવાં પુદ્ગલો સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે અને જીવ સાથે બંધાય છે;...'** લ્યો, સમજાણું કાંઈ? છે ને? જીવ નિબદ્ધ છે. જ્યારે જીવમાં નિબદ્ધ થાય. એમ છે ને શબ્દ? એમ પાઠ છે ને મૂળ? **'कर्मवर्गणागतं ज्ञानावरणादिभावैरष्टधा स्वयमेव तत्खलु कर्मवर्गणागतं जीवनिबद्धं'** એમ શબ્દ છે. છેલ્લી ગાથા ૧૩૬. એટલે વાત એમ કરે છે કે જૂના કર્મ જે ચાર છે, ચાર એટલે ચાર પ્રકાર, આમ આઠ ભલે હોય, એનો ઉદય અજ્ઞાનભાવ છે. ચૈતન્ય જ્ઞાનભાવથી વિરૂદ્ધ ભાવ તે જડનો ઉદયભાવ છે. એ નિમિત્ત થતાં નવા આઠ કર્મની પર્યાયો પોતાની મેળાએ, આઠ છે માટે નહિ એમ કહે છે, એ તો નિમિત્ત છે. નવા જ્ઞાનાવરણાદિ દર્શનમોહાદિ, ચારિત્રમોહાદિ કે નામ કર્માદિ એ કર્મને યોગ્ય વર્ગણાઓ જે પોતાની અવસ્થાને કર્મરૂપે સ્વયમેવ થાય છે. એ થયા તે જીવની સાથે નિમિત્તરૂપે સંબંધ થયો. નિબદ્ધ થયા. જીવ સાથે એક ક્ષેત્રાવગાહે સંબંધ થયો. કોનો? નવા કર્મનો. સમજાણું કાંઈ?

**'અને તે સમયે જીવ પણ સ્વયમેવ પોતાના અજ્ઞાનભાવથી...'** તે ક્ષણે જીવ પણ જૂના કર્મનો પાકનો સમય જે છે તે જ સમયે નવા કર્મ પોતાની સ્વયં પર્યાયથી પરિણમીને જીવ સાથે વ્યવહાર નિમિત્ત સંબંધ થાય છે. તે જ સમયે જીવ પોતાના અજ્ઞાનભાવરૂપ રાગ અને દ્વેષાદિ, મિથ્યાત્વાદિ ભાવરૂપે જીવ થાય છે. તે વિકારી પરિણામનો આત્મા હેતુ થાય છે. સમજાણું કાંઈ? **'તે સમયે જીવ પણ સ્વયમેવ...'** દેખો! ઓલા બંધાણા નવા માટે નહિ, જૂના ઉદય આવ્યા માટે નહિ. એમ. જૂના કર્મ જીવને વિકારમાં નિમિત્ત થયા એમ નથી લેવું. એ નિમિત્ત તો નવાને થયા એમ લેવું. અને નવા પોતાની પર્યાયે પરિણમતા બંધાણા. એ કાળે જીવ પોતાના સ્વયમેવ રાગ અને દ્વેષ અને મિથ્યાત્વ ભાવે પરિણમતો, પોતાના વિકારી પરિણામનો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવનો આત્મા હેતુ થાય છે. સમજાય છે કાંઈ આમાં?

આસ્રવમાં તો બીજું કહ્યું. છે ને? જૂના કર્મ નવા બંધાવામાં નિમિત્ત છે અને એનો હેતુ આત્માના રાગ-દ્વેષ. એ તો ત્યાં આસ્રવભાવનું સિદ્ધ કરવું છે. જૂના આઠ કર્મ એનો ઉદય તે આસ્રવ-દ્રવ્યઆસ્રવ. એ દ્રવ્યઆસ્રવ નવા કર્મમાં નિમિત્ત છે અને એ દ્રવ્યઆસ્રવને જીવના મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ નિમિત્ત છે. આસ્રવ અધિકારમાં એમ લેશે. આસ્રવના અધિકારમાં એમ લેશે. કારણ કે આસ્રવ એ જૂના દ્રવ્યકર્મનો ઉદય એ દ્રવ્યઆસ્રવ છે. એ નવા દ્રવ્યઆસ્રવને નિમિત્ત થાય છે. પણ તેને પણ એ દ્રવ્યઆસ્રવના જે પૂર્વનો ઉદય જે કર્મનો છે એને પણ નિમિત્ત આત્માનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ થાય છે. ત્યાં આસ્રવની

વ્યાખ્યા લેવી છે એટલે આ શૈલી લીધી. અહીં કર્તાકર્મની લેવી છે એટલે કર્તા સ્વતંત્ર અજ્ઞાની પોતાના વિકાર પરિણામનો હેતુ કર્તા થાય છે. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? એય..! પંડિતજી! વિજયમૂર્તિ! શું કીધું? સમજાયું તો શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે જ નહિ. એમ છે જ નહિ. પકડી ન શક્યા. એ તો પૂર્વનું શીખેલી ભાષા બોલ્યા. આ ભાવ ન આવ્યો. સમજાણું કાંઈ?

અહીંયાં આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એને ભૂલીને મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામનો આત્મા હેતુ થાય છે. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને જૂના કર્મ જે છે એ નવા કર્મને હેતુ થાય છે. કહો, સમજાણું આમાં? બે વસ્તુ છે. અહીંયાં કર્તાકર્મ સિદ્ધ કરવું છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ નિર્મળ આનંદધામ હોવા છતાં તેની તેને ખબર નથી તેથી પોતાના સ્વભાવના અભાનમાં તે મિથ્યાત્વભાવ, રાગ મારું કર્તવ્ય છે, પરના કાર્ય હું કરું છું. પરમાં સુખ છે, મારા પરિણામ વિકારી થાય એમાં સુખ છે, એવો જે મિથ્યાત્વભાવ પોતે જીવ કરે છે. એ મિથ્યાત્વભાવનો હેતુ જીવ થાય છે. કર્મ નિમિત્ત થાય છે એમ નહિ. એ ભાવનો હેતુ જીવ થાય છે. એનું કર્તાકર્મપણું સિદ્ધ કરવું છે.

મિથ્યાત્વ પરિણામ જે અહીંયાં શુભભાવ થાય એ મને હિતકર છે, અશુભભાવ મને સુખરૂપ છે, પરની ચીજોમાં મને સુખ મળે છે, પરની ચીજો પ્રતિકૂળ થતાં મને પર ચીજો દુઃખ દે છે, એવો જે મિથ્યાત્વભાવ એ મિથ્યાત્વભાવનો હેતુ કોણ? એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એ મિથ્યાભાવ જે કરે તેનો હેતુ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? આ કોઈ એવો બોલ નથી કે એમ ને એમ પૂર્વની ભાષા બોલવી. નવી નવી ચીજ છે. ઠંડા માણસ છે. પકડી શકે નહિ. અભ્યાસ નહિ, અભ્યાસ નહિ. સમજાણું કાંઈ? ...ભાઈ! તમને નહિ પૂછીએ. મુંઝાશો નહિ. આ પાછા પૂછે તો ...

આમાં આ તો સીધી વાત છે. અહીંયાં કર્તાકર્મની વ્યાખ્યા સિદ્ધ કરવી છે કે ભાઈ, આ વિકાર જે થાય છે એનો કર્તા કોણ? કારણ કોણ? અને એ વિકાર કર્મ-કાર્ય છે એનું કોણ કરનાર છે? સમજાય છે? એથી વાત તો પૂર્વની લીધી કે જૂના કર્મ જે છે એનો પાક આવ્યો, અજ્ઞાનનો. એ અજ્ઞાન છે બધા જડ એ. એ અજ્ઞાન કર્મ હેતુ થાય છે નવા અજ્ઞાન કર્મ જે પરમાણુની પર્યાય તેને હેતુ થાય છે. એ જ સમયે જીવ પોતાના મિથ્યાત્વ અને રાગદ્વેષના ભાવને હેતુ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધું ને પહેલેથી વાત કરી.

જીવ શુદ્ધ હોવા છતાં. એ તો વાત કરી. પોતાના શુદ્ધભાવનું જ્યાં ભાન નથી એને અંતરમાં અશુદ્ધતાના વિકારી ભાવનો હેતુ એ જીવ થાય છે. એ વિકારના ભાવ જીવ કરે છે. જીવનું કાર્ય છે. તેથી તે કાર્યનો કર્તા અથવા હેતુ આત્મા છે. કહો, સમજાણું આમાં? આસ્રવ અધિકારમાં બીજી રીત છે. આની શૈલી છે પણ શૈલી બીજી છે. થોડી વધારે અને હેતુ. ત્યાં આસ્રવ સિદ્ધ કરવો છે.

આસ્રવ બે પ્રકારના. જીવનો મિથ્યાત્વ અને રાગદ્વેષ ભાવ એ ભાવઆસ્રવ. જૂના કર્મનો ઉદય એ દ્રવ્યઆસ્રવ અને નવા કર્મ આવે એ પણ દ્રવ્યઆસ્રવ. આસ્રવ સમજાય છે? આવવું. તો આત્મામાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ હોવા છતાં તેના અભાનને લઈને ભ્રમ ઉત્પન્ન કરે છે કે હું કાંઈક સુખી પરને લઈને છું, પરને લઈને દુઃખી છું. એવો જે મિથ્યાત્વભાવ ઊભો કરે છે એ ભાવઆસ્રવ છે. સમજાય છે? જીવમાં. એ ભાવઆસ્રવ જૂના કર્મ જે દ્રવ્ય આસ્રવપણે ઉદય પામ્યા, એ નવા કર્મને નિમિત્ત થાય. પણ એ દ્રવ્યકર્મના ઉદયને જીવનો મિથ્યાત્વ અને રાગદ્વેષ નિમિત્ત થાય ત્યારે ઓલા નવાને જૂના નિમિત્ત થાય છે. નહિતર નિમિત્ત થાતા નથી. એમ સિદ્ધ કરવું છે. ત્યારે આસ્રવ કહેવાય. સમજાણું કાંઈ?

વાત તત્ત્વની અહીં છે. સમજાણું કાંઈ? સવારે વાત થઈ હતી ને, ભાઈ! જરી. પાછી નહિ? છેલ્લી થઈ હતી. ભાઈ! આ નવ તત્ત્વમાં ક્યાં ઉતર્યા? વ્યાપ્ય-વ્યાપક અને ભાવ્યભાવક. એ પાછું અંદર ઓલાને પૂછ્યું હતું. તરત જ. .. આવ્યો. એમ જ છે, મેં કીધું. અહીંયાં આપણે વાત થઈ અને મેં પૂછ્યું, કીધું, નવ તત્ત્વમાં આત્માનું કાર્ય શું અને ભાવ્ય શું? ત્યારે કહે, બંધ આસ્રવ અને ભાવ બંધ એ આત્માનું વ્યાપ્ય, એ આત્માનું કર્મ. અને સંવર-નિર્જરા અને મોક્ષ આત્માનું ભાવ્ય-ભોગવવા યોગ્ય વસ્તુ. છે એ કર્મ. આહાહા..! શું કહ્યું સમજાણું? એ કહ્યું, હોં! તરત. મેં કીધું, ધારે છે એ વાત. અહીંયાં આપણે વાત થઈ હતી જરી થોડી છેલ્લે. કીધું, આ નવ તત્ત્વમાં ઉતરે કે નહિ? આ વ્યાપ્ય-વ્યાપક અને ભાવ્ય-ભાવક ને શું કીધું? અને એ વાત છે ને આપણે ૨૭ ગાથામાં. પંચાસ્તિકાય. પ્રભુ કર્તા આસ્રવ છે ને. ત્યાં લીધું છે અમૃતચંદ્રાચાર્યે કે આત્મા વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય ધાતુ. એનું શુભ અને અશુભ પરિણામ, આસ્રવ અને અટકવું એ ભાવબંધ. એ એનું કર્મ છે. કર્મ એટલે કાર્ય છે. ભાવકર્મ છે ઈ. અને સંવર, નિર્જરા અને મોક્ષ પણ જીવનું ભાવકર્મ છે.

એ જીવનું સંવર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું જે ભાવકર્મ એ જીવનું ભાવકર્મ છે. સંવર, નિર્જરા એટલે મોક્ષનો માર્ગ અને મોક્ષ. એ જીવનું કર્મ છે. જીવનું કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જીવનું કાર્ય છે અને મોક્ષ દશા પણ જીવનું કાર્ય છે. અને આસ્રવ અને બંધ પણ જીવનું કાર્ય છે. ત્યાં સામાન્ય વાત કરવી છે ને? પણ ક્યારે? જ્યારે નવ તત્ત્વની

અંદર વ્યાપ્ય-વ્યાપક લઈએ તો વ્યાપ્ય તે પુણ્ય-પાપના ભાવ અને બંધભાવ અને સંવર-નિર્જરા અને મોક્ષ એ પણ વ્યાપ્ય છે અને વ્યાપક આત્મા છે. એ આત્મા પોતે પોતાના પુણ્ય-પાપનો આસ્રવભાવ અરૂપી વિકાર અને ભાવબંધ તેનું વ્યાપ્ય છે. વ્યાપ્ય એટલે? વ્યાપ્ય આવ્યું હતું ને આમાં? વ્યાપ્તિની ક્રિયાનું કર્મ. જે પુણ્ય-પાપ અને રાગ-દ્વેષનો ભાવ જીવ વિના ન હોય અને જીવ ન હોય ત્યાં આ હોય નહિ. એમ સંવર-નિર્જરા અને મોક્ષ એ પર્યાય જીવ વિના ન હોય અને જીવ ન હોય ત્યાં એ હોય નહિ.

એટલે ત્યાં એમ કહ્યું કે, ભગવાન આત્મા અનંત અનંત શુદ્ધિનું ચૈતન્ય ગુણધામ હોવા છતાં તેનું પર્યાયરૂપી કાર્ય શું? એનું કામ શું? કે એ પુણ્ય અને પાપના ભાવ, મિથ્યાત્વના ભાવ, પુણ્ય-પાપના ભાવ અને અટકવું એવો ભાવબંધ. એ એનું કાર્ય અજ્ઞાન દશામાં. જ્ઞાન દશામાં એનું કર્મ નામ કાર્ય-વ્યાપ્ય સ્વભાવ ચૈતન્યમૂર્તિની સન્મુખતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તે જીવનું વ્યાપ્યરૂપી કર્મ-કાર્ય, એનું વ્યાપક કર્તા જીવ. આ નવ તત્ત્વમાં ઉતાર્યું. માંગીરામજી! નવ તત્ત્વની ખબર ન મળે હજી. જૈનમાં જન્મ્યા પણ નવ તત્ત્વ શું અને આ વળી વ્યાપ્ય-વ્યાપક ક્યાંથી કાઢ્યું હશે?

હવે એમાં ભાવ્ય-ભાવક જો ઉતારવું હોય તો પણ એ. આસ્રવ અને બંધનો ભાવ જે હરખ-શોકનો છે એ જીવનું ભાવ્ય છે-ભોગવવા યોગ્ય છે. એનો આત્મા ભોક્તા છે. અજ્ઞાનભાવમાં. અને જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના સ્વભાવને આશ્રયે પ્રગટ થઈ ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા મોક્ષદશા એ જીવનું ભાવ્ય છે, ભોગવવા યોગ્ય છે. જીવ એનો ભોક્તા છે. સમજાણું કાંઈ? એ એક પ્રકાર કહ્યો.

આસ્રવનો બીજો પ્રકાર. ભાવ્ય અને કર્મ વ્યાપ્ય ભાવઆસ્રવનો જીવ છે અને તે આસ્રવભાવ વિકારી જૂના કર્મને તે ભાવ નિમિત્ત થાય છે. ત્યારે જૂનું કર્મ નવાને નિમિત્ત થાય છે. જૂનું કર્મ આને નિમિત્ત થાય છે એમ ન લીધું, ભાઈ! આમ નિમિત્ત છે. આ એને નિમિત્ત છે.

મુમુક્ષુ :- ... ઉદય હોય તો

ઉત્તર :- એમાં ક્યાં છે? પણ એ અહીંથી આમ લેવું છે ને. ઉદય હોય ત્યાં એ ભાવ થાય એવું તો કાંઈ છે નહિ. પણ અહીં ભાવ થયો, વિકારનો કરે ત્યારે જૂના કર્મને હેતુ થાય છે. તેથી જૂનું કર્મ નવાને હેતુ થાય છે. સમજાણું કાંઈ? કેટલી વાત યાદ કરવી આમાં? એ વાતમાં એની એ છે. નવ તત્ત્વની રમતું છે આ બધી. કહો, માંગીરામજી! આ નવ તત્ત્વની વાત છે.

એક જણો કહે, સમયસાર તો પંદર દિ'માં વાંચ્યું. હમણાં વળી કો'ક કહેતો હતો, ત્રણ દિ'માં વાંચ્યું. ત્રણ દિ'માં સમયસાર. હવે તમારા મહારાજ ૨૫-૨૫ વાર વાતું કરે. ત્રણ

દિ'માં વાંચી ગયો સમયસાર. એય..! ન્યાલભાઈ! ઠીક છે, ભાઈ!

બાપુ! સમયસાર એટલે કે આત્મા અને આત્માની દશારૂપી એનું કાર્ય. એ શું છે એનું એમાં વર્ણન છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં અનંત અનંત જ્ઞાન, દર્શન, શાંતિ અને આનંદનો એ તો ભંડાર છે. એના ભંડારમાં કાંઈ વિકાર નથી ભર્યો. સમજાય છે કાંઈ? પણ એ સમયની એક પર્યાયમાં પર્યાયબુદ્ધિએ, રુચિમાં અટકીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ કરે છે તે જીવ એનો હેતુ થાય છે તેથી તે જીવનું કાર્ય છે. એ ત્યાં પંચાસ્તિકાયમાં પણ જીવનું કર્મ કહ્યું, આસ્રવમાં પણ એ, નવાને જૂનાને નિમિત્ત એનો વિકારી પરિણામ ત્યાં હેતુ કહ્યો. અહીં પણ વિકારી પરિણામનો હેતુ આત્મા છે એમ કહ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ૩૩ વર્ષથી વંચાય છે તો પણ...

ઉત્તર :- ૩૩ સાગર સુધી ઓલો ચર્ચા કરે છે તો પણ પાર પડતું નથી. અંદર સ્થિર થઈ જાય ત્યારે કેવળજ્ઞાન થાય. આહાહા..!

ભાઈ! આત્મા એટલે... ઓહોહો..! એની બાજીની રમત અજ્ઞાનની અને એની જ્ઞાનની બાજીની રમતું, આ એના બધા ખેલના ખેલની વ્યાખ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એને સમજવામાં વાત લેવી નથી અને એને કાંઈક એના સત્તામાં, એના હોવામાં કાંઈ ક્રિયા થાય ઊંધી-સવળી એની તો એને કાંઈ ખબર નથી. આમ પરની સત્તામાં કાંઈક હું કરું, લઉં ને છોડું ને મૂકું ને એનાથી મને કલ્યાણ થાય અને મને પાપ થાય. એવી જે વાત એ દૃષ્ટિ તદ્દન વિપરીત અને પરાધીન દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પરને છોડું તો ધર્મ થાય. પરને ગ્રહું તો પાપ થાય. જુઓ! બુદ્ધિ વિપરીત.

અહીં તો કહે છે.. ઓલો આવ્યો છે કે નહિ? .. હમણા હતો. તું હતો કે નહિ? હમણાં વાત થઈ ત્યારે. હતો? એ તો અહીં બેસે છે. એણે અંદર જવાબ આપ્યો હતો. આપણે અહીં વાત થઈ ને (પછી) મેં પૂછ્યું હતું. નવ તત્ત્વમાં કીધું, નવ તત્ત્વમાં કર્મ ક્યું? કર્મ ક્યું? કોને કર્મ કહેવું વ્યાપ્ય? ... એય..! શોભાલાલભાઈ! આમાં કાંઈ ઉંમરની જરૂર નથી. એને ગરજની જરૂર છે. સમજાણું કાંઈ? એમ કહ્યું કે નવ તત્ત્વ છે કે નહિ? નવ તત્ત્વમાં આસ્રવ, બંધ આવે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, અસ્રવ, બંધ. હવે આત્માનું કર્મ ક્યું? કર્મ એટલે કાર્ય ક્યું? સવારમાં ચાલ્યું હતું. એ નવ તત્ત્વમાં ક્યું આવે? નવ તત્ત્વમાં એ આસ્રવ અને બંધ એ આત્માનું કાર્ય છે. અજ્ઞાનભાવમાં. વ્યાપ્ય છે-ભાવ્ય છે. ભોગવવા યોગ્ય આસ્રવ અને બંધ ભાવકર્મ છે તે એનું કર્મ છે અને હરખ-શોકના જે આસ્રવ બંધના ભાવ છે તે જીવનું ભાવ્ય છે. અને એ ભાવ્યનો ભોક્તા આત્મા છે અને વ્યાપ્યનો વ્યાપક

આત્મા છે. નવમાં ઉતારવું હતું ને? સમજાણું કાંઈ?

કહે છે, શું કેમ તત્ત્વાર્થરૂપ થઈ રહ્યા છે? તત્ત્વાર્થ શ્રદ્ધાન વિપરીત અભિપ્રાયથી રહિત. એમ કહ્યું ને? તત્ત્વાર્થની શ્રદ્ધા પાપના વિપરીત અભિપ્રાયથી રહિત. એને સમ્યગ્દર્શન કહે છે. ત્યારે વિપરીત શ્રદ્ધા કેવી અને કેમ થાય છે એની વ્યાખ્યા કરે છે. સમજાણું કાંઈ? કે જે કાંઈ પુણ્ય અને પાપના મલિન પરિણામ છે એ મને હિતકર છે એવી જે શ્રદ્ધા તે મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ એ આત્માનું કાર્ય છે અને આત્મા તેનો કર્તા છે. સમજાણું કાંઈ?

અહીંયાં કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને? કહે છે કે, ભાઈ! તારી હોવાપણાની દશામાં, તારા હોવાપણાના અસ્તિત્વમાં... અસ્તિત્વ ત્રણ પ્રકારે થયું-ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. એમાં એ આત્મા છે. પોતાના ઉત્પાદ-વ્યય અને ધ્રુવમાં આત્મા છે. હવે જ્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં છે, એ ત્રણ અંશમાં આત્મા છે, ચોથા અંશમાં એ પરમાં નથી, ત્યારે હવે એનામાં ઉત્પાદ વ્યય કેવો થાય છે? કે વિકારમય થાય છે. એ વિકારમય પરિણામનું કારણ કોણ? વિકારના મિથ્યાત્વ અને રાગદ્વેષનો ઉત્પાદ થાય તેનો હેતુ કોણ? એ સિદ્ધ કરે છે કે એ હેતુ આત્મા છે, કર્મ નથી. સમજાણું કાંઈ?

અને જૂના કર્મનો પાક અજીવ પરિણામ, જે પુદ્‌ગલના પરિણામ એ દ્રવ્યઆસ્રવરૂપ દ્રવ્યબંધરૂપ એનો પાક નવા કર્મના બંધનમાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે? કે નવા કર્મનું કાર્ય જૂના કર્મનું કાર્ય નહિ. નવા કર્મની પર્યાયનું કાર્ય એ જૂના કર્મનું નહિ. કારણ કે જૂનું કર્મ તો હેતુ થયો. નિમિત્ત થયો. નવું કર્મ જે છે એ પોતાની પર્યાયપણે પરિણમતું એનું એ કાર્ય છે અને પુદ્‌ગલ એ પરમાણુ તેના કર્તા છે. સમજાણું કાંઈ? એ અજીવની વાત સિદ્ધ કરી. અજીવ તત્ત્વનું આવું સ્વરૂપ છે.

હવે જીવમાં? એ આસ્રવને અધિકારે તો કહ્યું કે ભાઈ! જૂના જે કર્મ અજીવ પર્યાય છે એ અજીવ તત્ત્વ છે. એ નવા આઠ કર્મને અજીવતત્ત્વને નિમિત્ત થાય છે. અને તે નિમિત્તને પણ જીવના વિપરીત શ્રદ્ધાના પરિણામ જે આસ્રવ, બંધના પરિણામ તે નવાને અથવા જૂનાને તે નિમિત્ત થાય. નિમિત્ત થાય ત્યારે નવા કર્મનું નિમિત્ત થાય છે. નહિતર નિમિત્ત થાતું નથી. નહિતર ઉદય આવીને ખરી જાય. સમજાણું કાંઈ?

ભાઈ! આ તો.. આ કાંઈ એવી વાત નથી કે બહુ એમાં... એની રુચિ જોઈએ એને. આ શું છે આ? કઈ રીતે છે? એમ સમજવાની ધગશ જોઈએ. આ કોઈ કાંઈ વાર્તા નથી કે વાર્તા યાદ રહી જાય. આ તો ભાવ યાદ અંદર રહેવા જોઈએ. કહે છે...

અહીં તો એ સિદ્ધ કરે છે કર્તાકર્મ છે એટલે. કે ભગવાન આત્મા એની સાથે બંધાયેલા

પૂર્વના કર્મ છે જડ અજીવતત્ત્વ. એ અજીવતત્ત્વનો પાક થયો જે દર્શનમોહનો ઉદય, ચારિત્રમોહનો ઉદય, નામકર્મનો ઉદય. એ બધી અજીવ પર્યાય છે. એ અજીવતત્ત્વ છે. અજીવની પર્યાય અજીવતત્ત્વ છે. એ અજીવ પર્યાય નવા કર્મની પર્યાયને નિમિત્ત થાય છે. નવું કર્મ બંધાય એ પણ અજીવની પર્યાય નવી કર્મની પર્યાય. એ નવી પર્યાયનું કાર્ય એનો કર્તા એ નવા રજકણો છે. એને ઓલા જૂના કર્મની પર્યાય નિમિત્ત થાય છે. અને આત્મા પોતાના વિકારી પરિણામનું પોતે નિમિત્ત કારણ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના ઉપર જ આવ્યું છે. ઓલામાં એના ઉપર જ આવ્યું છે એ. એમાં હેતુ કહ્યો હતો પરને. આમાં હેતુ કહ્યો સ્વને. જૂના કર્મનો ઉદય અજ્ઞાનભાવ જડનો નવા જડ કર્મની પર્યાયને હેતુ કહ્યો હતો-નિમિત્ત. એનું ઉપાદાન તો સ્વતંત્ર સિદ્ધ જ કર્યું એનું કાર્ય. એ કાંઈ જૂના કર્મ કર્તા અને નવા કર્મની પર્યાય કર્મ, એમ છે નહિ. સમજાણું કાંઈ?

હવે અહીંયાં તો જીવમાં જે વિકારી પરિણામ થાય તેનો હેતુ કોણ? કર્મ હેતુ છે? કે નવા કર્મ બંધાય માટે, બંધાવાના છે માટે એણે અહીં કરવું પડે છે એમ છે? સમજાણું કાંઈ? એમ નથી. જીવ તે ક્ષણે જૂના કર્મના પાકના કાળમાં નવા કર્મને નિમિત્ત પાક થાય છે તે કાળે જીવ જ પોતે પોતાના સ્વભાવને ભૂલી અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામનો જીવ પોતે હેતુ થાય છે. સમજાણું કાંઈ?

**'અને તે સમયે જીવ પણ...'** અહીં જીવ સાથે બંધાય છે એમ કહ્યું ને? પાઠમાં છે. કોણ તે સમયે જીવ પણ? જીવ સાથે બંધાય છે કોણ? નવા કર્મ. નવા. જૂનાનો તો પાક થઈને ઉદય આવ્યો એટલું, બસ. હવે નવા કર્મ જે બંધાય છે જીવ સાથે આમ એક ક્ષેત્રાવગાહ આવે છે. એક ક્ષેત્રાવગાહ. ત્યારે જીવ તે સમયે પોતાના જ અજ્ઞાનને કારણે રાગ અને દ્વેષ અને મિથ્યાત્વભાવના પરિણામનો જીવ પોતે જ કારણ થાય અને હેતુ થાય છે. કહો, સમજાણું આમાં? **'અને તે સમયે જીવ પણ...'** જીવ પણ એટલે શું? ઓલા જૂના નિમિત્ત થયા અને નવા બંધાણા અને જીવ પણ **'સ્વયમેવ...'** સ્વયમેવ, સ્વયમ-એવ-પોતાના જ કારણે પોતાના જ્ઞાનભાવથી. ઓલો જડનો અજ્ઞાનભાવ અને આ ચૈતન્યનો અજ્ઞાનભાવ. બેય જુદી જાત છે. જડનો અજ્ઞાનભાવ એટલે કે એ પુદ્‌ગલની પર્યાયમાં છે અજ્ઞાનભાવ. આ અજ્ઞાનભાવ અરૂપી અને ઓલો અજ્ઞાનભાવ રૂપી. સમજાણું કાંઈ?

અહીં તો નવ તત્ત્વની યથાર્થતા શું છે, એને જેમ છે તેમ બરાબર આત્માના ભાનસહિત ઓળખવી એની વ્યાખ્યા ચાલે છે આ. તો જેને હજી નવ તત્ત્વની યથાર્થતા શું છે એની ખબર ન મળે એને આત્માની શ્રદ્ધા સમ્યક્ થાય શી રીતે? સમજાણું કાંઈ?

**'અને એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું...'** જુઓ! **'કારણ પોતે જ થાય છે.'** આ તો હેતુ આપ્યો. કારણ પોતે જ થાય છે. અહીં કર્મ સિદ્ધ કરવું છે. એ વિકાર પોતે પોતાને ભૂલી વિપરીત અભિપ્રાય ઊભો કરે છે અને ઈષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષભાવ ઊભો કરે છે એનું કારણ આત્મા થાય છે. સમજાણું કાંઈ? આવી વાત સ્પષ્ટ ચોખ્ખી (છે) પણ હજી ગડબડ.. ગડબડ... ગડબડ (કરે). પરનો કર્તા ન માને એ દિગંબર જૈન નહિ. ગજબ છે! કોઈ પૂછનાર છે? કોઈ પંડિતની છાપ, કોઈ શેઠિયાની છાપ કે કોઈ કાંઈ છે? શું ગડબડ ચાલી? ઓહોહો..! સમજાણું કાંઈ? એય..! રાજમલજી! શું આ તમે બધા શેઠિયા થયા તો શું થયું તમારું? કાંઈ છાપ તો હાલી નહિ બહારમાં. કોઈ કોઈનો કર્તા નથી. આહાહા..! બાપુ! પ્રભુ! તને આવા ટાણા મળ્યા. અને ટાણે જો ગુમાવ્યું છે દુનિયાની ઓલા માટે. તારી માન્યતાની વિપરીતતાને કારણે મૂળ તો એવું (થાય છે).

અરે..! સ્વતંત્ર પર્યાય દરેક દ્રવ્યની એને કારણે ઉત્પાદ થાય. તો અહીં કહે છે કે વિકારના ઉત્પાદ કારણમાં પોતે આત્મા છે. કર્મના ઉત્પાદના પર્યાયમાં પુદ્ગલ પોતે કારણ છે. એમાં તું કારણ નથી અને તારા વિકારી પરિણામના કારણમાં બીજો કર્મ નથી. લે, એમ સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વાદિનો ઉદય થવો,...'** એ જડની વાત છે. મિથ્યાત્વ એટલે દર્શનમોહ જડનો પાક થવો, ચારિત્રમોહનો પાક થવો, નામ કર્મનો શરીરનો પાક થવો એ પુદ્ગલના અજ્ઞાનના જડના પરિણામ અંદર પર્યાય છે. **'નવા પુદ્ગલોનું કર્મરૂપે પરિણમવું...'** એ નવા રજકણોની અવસ્થારૂપે પુદ્ગલોનું થવું એ નવા કર્મની અવસ્થાનું કાર્ય છે. **'તથા બંધાવું,...'** ભેગું લીધું. ઓલું નવું થવું અને બંધાવું એમ છે ને? નિબદ્ધ. એનું પરિણમવું અને જીવ સાથે આવવું.

**'અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવોરૂપે પરિણમવું-...'** અને જીવ પોતે પોતાનો તત્ત્વ સ્વભાવ રાગ-દ્વેષથી ભિન્ન છે, પરના પરિણામથી ભિન્ન છે એમ ન માનતા રાગ અને દ્વેષના પરિણામ તે મારા, સ્વ-પરની એકતાના. માથે આવ્યું હતું ને? સ્વ-પરના એકત્વના અધ્યાસને લીધે. એમ હતું. **'જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...'** પોતાના અધ્યાસને લઈને. રાગ અને સ્વભાવ બે ભિન્ન છે. આસ્રવ, રાગ અને ચૈતન્ય ભિન્ન છે એનો ભાસ ન થતાં બેની એક્તાના અધ્યાસને લઈને અજ્ઞાનથી પોતે તે મિથ્યાત્વભાવને રાગ-દ્વેષભાવને જીવ કારણ હેતુ થાય છે. કહો, સમજાણું કાંઈ? આ તો યાદ રહી જાય એવી વાત છે. આ તો આઠ વર્ષના બાળકને પણ સમજાય એવું છે. આ તો આ ભાષા ક્યાં મોટી કોઈ અંગ્રેજી અને કોઈ મોટી મોટી છે? સમજાણું કાંઈ? એય..! શોભાલાલજી!

ભાઈ! તારી કેળવણી ક્યાં ગઈ છે? એમ કહે છે. તું રાગ અને મિથ્યાત્વને કેળવવામાં ગયો એ તારું કાર્ય છે. તેં નથી કેળવ્યું કર્મ જૂનું ઉદય લાવ્યો, નથી તેં કેળવ્યું નવું કર્મ તેં બાંધ્યું. જૂના કર્મને ઉદય તું નથી લાવ્યો એમ કહે છે. એ નવા કર્મના કાર્યને તેં કેળવ્યું છે બંધાવામાં તેં કર્યું નથી. એવી તકરાર.. આ મૂળમાં વાંધા એ છે. એય..! સોનગઢિયા કહે છે, કર્મને લઈને વિકાર નહિ. વીતરાગ કહે છે કે કર્મને લઈને વિકાર છે. હવે આ મોટી તકરાર. એય..! સુજાનમલજી! ભાઈ! સોનગઢને રહેવા દે. ભગવાન આમ કહે છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ એમ પોકાર કરે છે, ભાઈ! વસ્તુનું સ્વરૂપ એમ પોકાર કરે છે. સમજાણું કાંઈ?

મિથ્યાત્વાદિ દર્શનમોહનું નિમિત્તપણે કર્મ પડ્યું છે એમાં પાક થવો. નવા કર્મનું થવું અને બંધાવું. અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવરૂપે પરિણમવું. જોયું! પોતાના. **'એ ત્રણેય એક સમયે જ થાય છે;...'** ત્રણનો એક સમય છે. ત્રણનો ભિન્ન કાળ નથી. છતાં તે ત્રણેના ભિન્ન ભિન્ન કાર્ય છે. સમય એક છતાં ત્રણેના ભિન્ન ભિન્ન કાર્ય છે. સમજાણું કાંઈ? જૂના કર્મનો પાક થવું તે જૂના કર્મનું કાર્ય, નવા કર્મનું પરિણમવું તે નવા કર્મનું કાર્ય. પર્યાયરૂપે. જીવનું વિકારરૂપે પરિણમવું એ જીવનું કાર્ય. ત્રણેના કાર્ય જુદા છે.

મુમુક્ષુ :- સમય એક.

ઉત્તર :- સમય એક. સમય તો અનંત જીવનો એક જ છે. આ બધું પરિણમન તો એક સમયે બધાનું એકસાથે જ છે. કહો, માંગીરામજી! આહાહા..! અરે..! ભગવાન! આવી સત્‌ની વાત, સત્‌નું હોવાપણું આ રીતે છે. એમ કહે છે. જીવમાં વિકારનું હોવાપણું એના કારણને લઈને છે. જીવના કારણને લઈને હોવાપણું છે. પરના કારણને લઈને હોવાપણું નથી. એમ સિદ્ધ કરે છે.

**'કોઈ કોઈને પરિણમાવતું નથી.'** લ્યો ઠીક! જુઓ! એમાં ત્રણેય આવી ગયા. જૂના કર્મને જીવ લાવતો નથી પાકમાં. જૂના કર્મ નવાને બંધાવામાં ઉપાદાન થતા નથી એટલે નિમિત્ત થાય એટલે એને કારણે નવા બંધાય છે. જીવ પોતાના સ્વભાવને ભૂલીને વિકારનું કાર્ય પોતે પોતાથી કરે છે. લ્યો! ત્રણેયની સ્વતંત્રતા સિદ્ધ કરી. કહો, બરાબર છે? આમાં કાંઈ ના પડાય એવું છે? એય..! કાંતિભાઈ! આહાહા..! સાદું અને સીધું સત્ય છે. એના ભાવમાં એને ભાસન થવું જોઈએ. વિપરીત માન્યતાનું જે શલ્ય છે ને? એ શલ્ય પણ તેં કરેલું છે તારે કારણે, એમ કહે છે. કર્મનો ઉદય છે માટે... ઓલા એમ કહે છે. .. કે નિમિત્તથી કાંઈ થાય નહિ. આવા આવા નિમિત્તો કર્યા. ભગવાનના પણ નિમિત્ત અમને મળ્યા. સમવસરણમાં ભગવાન તમને મળ્યા. તો નિમિત્તથી કાંઈ થયું નહિ એમ તમે દલીલ કરો છો તો અમારી દલીલ છે કે એ વખતે પણ દર્શનમોહનો ઉદય હતો નિમિત્ત. તેથી ત્યાં

સમકિત પામ્યો નહિ, લે એમ કહે છે. એય..! કહે છે કે નહિ? આહાહા..! ઈ પણ ભગવાન છે ને! ઊંધો પડ્યો પણ, ઊંધો પડ્યો એ પરમેશ્વર છે ને? આહાહા..!

કહે છે કે તમે નિમિત્તથી ન થાય... નિમિત્તથી ન થાય.. ભગવાન પાસે ગયો તો ન થયું, સમવસરણમાં ગયો તો પણ ન થયું. સારા સંતના સમાગમ થયા તો પણ ન થયું. એ નિમિત્ત ના પાડો છો, પણ અંદર એક કર્મ જડ છે. એના નિમિત્તને લઈને ત્યાં સમ્યગ્દર્શન થતું નથી. એને લઈને મિથ્યાત્વ થાય છે. અહીં એ માટે તો યાદ કર્યું છે. એય..! અહીં તો કહે છે કે કર્મનો દર્શનમોહનો ઉદય નવાને નિમિત્ત થયો. ઉપાદાન નહિ. તેને કારણે. આત્મા પોતાના મિથ્યાત્વભાવને કારણ થયો. જૂના કર્મ નહિ. નવા બંધાણા માટે નહિ, જૂના ઉદય આવ્યા માટે નહિ. સમજાણું કાંઈ?

અરે..! કોણ કોને કહે? કોણ કોને સમજાવે? એની લાયકાત વિના આ ગડ એને કેમ બેસે? તકરાર (કરે). સહેતુક છે કે નિરહેતુ છે? વિકાર સહેતુક છે કે નિરહેતુ છે? આ પ્રશ્ન મોટો ઉઠેલો, (સંવત) ૨૦૧૩ની સાલ. દસ વર્ષ પહેલાં. ઈસરી. ઈસરી નહિ પણ શું કહેવાય? મધુવન. નિરહેતુ છે કીધું. વિકાર પોતાથી નિશ્ચયથી પોતે પરની અપેક્ષા વિના કરે છે. એય..! ગડબડ... ગડબડ. આહાહા..! પકડાણા. બરાબર પકડાણા. લખો. વિકાર નિરહેતુક નિશ્ચયથી કહે છે. લખો. આ શું કહે છે ત્યારે આ શું કહે છે? ત્યાં તો પંચાસ્તિકાયની ગાથા મૂકી હતી. ૬૨મી. આ શું કહે છે? પૂર્વના કર્મનો હેતુ માટે જીવ વિકારનો હેતુ થાય છે એમ તો કહ્યું નથી અહીં. નવા કર્મ બંધાવાને લાયકથી બંધાણા માટે આને વિકાર કરવો પડ્યો એમ એ હેતુ આના થતા નથી, જૂના હેતુ થતા નથી. તેમ આ વિકાર જૂનાને નિમિત્ત થાય એમ અહીં કહ્યું નથી. ભાઈ! આહા..! જૂના ઉદયવાળાને આ મિથ્યાત્વ નિમિત્ત થાય એમ કહ્યું નથી. મિથ્યાત્વ છે માટે ઉદય આવવો. અથવા નવા કર્મ બંધાણા. સમજાય છે? એને આ મિથ્યાત્વ નિમિત્ત થાય છે એમ કહ્યું નથી. આહાહા..! નવા દર્શનમોહના પર્યાય બંધાણા એને પૂર્વનો દર્શનમોહનો ઉદય નિમિત્ત કીધો છે. અહીંયાં મિથ્યાત્વ ભાવ તેને નિમિત્ત કીધો નથી. અને મિથ્યાત્વભાવને દર્શનમોહનો ઉદય નિમિત્ત છે એમ કહ્યું નથી. દર્શનમોહનો ઉદય નવા દર્શનમોહને નિમિત્ત થાય એમ કહ્યું છે. શું કહ્યું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરાવે શું? કરાવે એનો અર્થ કે એની દલીલ પહેલી ગઈ છે આપણે ૧૬માં. કે આત્મા મિથ્યાત્વપણે પરિણમતાને ક્રોધાદિ પરિણમાવે છે જડ ક્રોધ કે વગર પરિણમાવનારને પરિણમાવે છે? જો મિથ્યાત્વાદિ ક્રોધરૂપે પરિણમતો ન હોય તો એ શક્તિ બીજો આપી શકે એમ બને નહિ. અને પોતાથી ક્રોધ અને મિથ્યાત્વપણે પરિણમતો હોય તો બીજાની

અપેક્ષા તે પરિણમવામાં જરૂર નથી. એ તો વાત આવી ગઈ. ૧૧૬થી ૧૨૧. સમજાણું? અરે..! આ તકરાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કર્મ .. અવસ્થા.

એ તો ત્યારે એમ પ્રશ્ન ઉઠ્યો. ત્યાં .. વ્યાખ્યા .. તો પછી એમ કે આસ્રવ, બંધ છે એ ભાવ્ય અને આત્મા ભાવક. સમજાય છે ને? એ કોને માટે? ખરેખર તો અજ્ઞાનીને માટે વિકારી પરિણામ ભાવ્ય-ભોગવવા યોગ્ય અને આત્મા ભોગવવાને લાયક. ધર્મીને આત્મદૃષ્ટિ શુદ્ધ ચૈતન્યની થઈ છે તેથી તેના નિર્મળ પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા તે ભાવ્ય છે, તેનો એ ભોક્તા છે. એ ભાવ્ય વિકાર અને તેનો આત્મા ભાવક, સમ્યગ્જ્ઞાનમાં નથી. અજ્ઞાનમાં વિકારી પરિણામ ભાવ્ય અને એનો ભોક્તા તે અજ્ઞાનભાવમાં છે.

એક પ્રશ્ન ઉઠ્યો ત્યાં. મૂળ એનો વ્યાપક કોણ? એય..! સમજાણું કાંઈ? ઓલા વિકારી પરિણામ થયા એનો વ્યાપક કોણ? કે એ ખરેખર સ્વભાવદૃષ્ટિમાં તે આત્મા વિકારનો વ્યાપક નથી તેથી તેને કર્મનું વ્યાપક કહીને કાઢી નખાવવા માગે છે. આહાહા..! એ ૭૫ (ગાથામાં) આવ્યું. સમજાણું કાંઈ? એ પ્રશ્ન અમે કર્યો હતો. વ્યાપ્ય-વ્યાપકનો. અંદર? અહીં અહીં આ ફરતા વખતે. ... હોં જરી. ખરેખર વસ્તુ સ્વભાવની દૃષ્ટિ થઈ તો દ્રવ્ય છે તે વ્યાપક થયું ત્યારે એની પર્યાય વ્યાપ્ય તો સ્વભાવવાળી પર્યાય વ્યાપ્ય હોય. વિકારી પર્યાય વ્યાપ્ય ન હોય. કારણ કે એ નીકળી ગયેલી પરની છે માટે. સ્વભાવ અને સ્વભાવની પર્યાયમાંથી નીકળી ગયેલી છે. ત્યારે નીકળી ગયેલી નીકળવા યોગ્ય જે કર્મ છે તેનું એ વ્યાપ્ય થઈને નીકળી જાય છે. સમજાણું કાંઈ?

સ્વભાવમાં રાગની એક્તાબુદ્ધિ ગઈ છે અને કર્મ સાથે એક્તાબુદ્ધિ ગઈ છે. તેથી જ્યારે વિભાવની એક્તાબુદ્ધિ સ્વભાવમાંથી ગઈ અને કર્મથી એક્તાબુદ્ધિ ગઈ. એટલે સ્વભાવની પર્યાય સાથેની એક્તાબુદ્ધિ રહી એટલે ઓલો રાગ જેમ એક્તાબુદ્ધિ ગઈ એ બધું ગયું વ્યાપક કર્મ અને વ્યાપ્ય એ. આત્મા એમાં ન રહ્યો. સમજાણું કાંઈ? '**તે ત્રણેય એક સમયે જ થાય છે.**'

'**સૌ સ્વતંત્રપણે...**' ભાષા જુઓ! કર્તા સિદ્ધ કરવું છે ને? '**સૌ સ્વતંત્રપણે પોતાની મેળે જ પરિણમે છે,...**' કર્તા કોને કહીએ? સ્વતંત્રપણે કરે તે કર્તા. તો જીવ પોતાના આનંદ સ્વભાવને ભૂલી પરમાં સુખ છે એવો જે મિથ્યાત્વભાવ, એ જીવ સ્વતંત્રપણે કરે છે. કર્તા સ્વતંત્રપણે કરે છે. નવા કર્મ કર્મરૂપે પુદ્ગલો પરિણમે છે એ પણ પુદ્ગલો સ્વતંત્રપણે પરિણમે છે. આણે વિકાર કર્યો માટે પરિણમે છે એમ નથી. જૂના કર્મ ઉદય આવ્યા માટે

તે નવા કર્મ પરિણમે છે એમ નથી. તેમાં કર્તાપણાનું સ્વતંત્રપણું રહેતું નથી. સમજાણું કાંઈ?

**'તે ત્રણેય એક સમયે જ થાય છે; સૌ...'** સૌ એટલે જૂના કર્મનું પરિણમન, નવાનું પરિણમન, જીવના વિકારનું પરિણમન. **'પોતાની મેળે જ પરિણમે છે, કોઈ કોઈને પરિણમાવતું નથી.'** ત્યાં પરિણમાવતું કહ્યું હોય તો એનો અર્થ એ કે પરિણમે છે તેને નિમિત્ત કહેવામાં આવતાં તે પરિણમાવે છે એવું કહેવામાં આવે છે. સમયસારમાં આવે છે આ. ૮૦-૮૧-૮૨ ગાથા. કહો, સમજાણું કાંઈ?

આ ભિન્ન સિદ્ધ કરે છે. દ્રવ્યો અને દ્રવ્યની પર્યાય દ્રવ્યની દરેક પર્યાય ભિન્ન છે. એવું જ તત્ત્વ છે. એવું જ તત્ત્વ જ્યાં સુધી દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એની યથાર્થ દૃષ્ટિ જીવના સ્વભાવ ઉપર પડે નહિ. સ્વભાવ ઉપર પડે નહિ. જ્યાં સુધી વિપરીત દૃષ્ટિ હોય ત્યાં સ્વભાવ ઉપર જાય ક્યાં? ક્યાંક પણ શલ્ય રહી ગયું... સમજાય છે? કે આ ભાવ પરે કરાવ્યો, પરની પર્યાય હું કરું. સમજાણું કાંઈ? એવું પણ જ્યાં મિથ્યાત્વ શલ્ય રહ્યું, એની દૃષ્ટિ મિથ્યાત્વને ટાળવાની ન રહે. એટલે સ્વભાવ ઉપર જાય નહિ. સમજાણું કાંઈ?

હવે **'જીવથી જુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :-'** ૩૭ અને ૩૮ લ્યો.

**जइ जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मपरिणामो।**
**एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा।।१३७।।**
**एक्कस्स दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण।**
**ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो।।१३८।।**

**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,**
**તો જીવ ને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.**
**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,**
**જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.**

શું સિદ્ધ કરવું છે આમાં? કે કર્મની પર્યાય ક્ષણે ક્ષણે જે થાય છે એ કર્મના પરિણામનો કરનારો પુદ્‌ગલ છે. આત્મા નહિ. કેમ કે જીવના પરિણામથી તે પુદ્‌ગલના પરિણામ તદ્દન જુદા છે. સમજાણું કાંઈ? જીવે જ્ઞાનાવરણીય આદિ બંધાયેલા છ કારણો સેવ્યા. બંધાયેલા ભાવ. તો એ ભાવને લઈને જ્ઞાનાવરણીયના પરિણામ થાય છે એમ નથી. કારણ કે જીવના પરિણામથી જ્ઞાનાવરણીયની જે પર્યાય થઈ તે પરિણામ પુદ્‌ગલના આ પરિણામથી તદ્દન જુદા થયા છે. સમજાણું કાંઈ?

જીવને એ આયુષ્ય બંધાવાના પરિણામ થયા. પરિણામ હોં! એ વખતે જે આયુષ્ય

બંધાય છે, સ્વર્ગના આયુષ્યનો દાખલો. સમજાય છે? તો સ્વર્ગના આયુષ્યના પરમાણુની પર્યાય એ જીવના ભાવ જે હતા આયુષ્ય બંધાવામાં નિમિત્ત, એ પરિણામથી આયુષ્ય બંધાવાના પરિણામ તદ્દન જુદા છે. સમજાણું કાંઈ? એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૫, મંગળવાર તા. ૧૦-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૩૭ થી ૧૪૦, પ્રવચન-૨૨૦**

કર્તાકર્મ અધિકાર છે આ. ૧૩૭ અને ૧૩૮. શું કહે છે? અહીંયાં એ વાત સિદ્ધ કરવી છે કે ભાઈ! આત્મા જે છે એ પોતે જ્યારે પોતાના સ્વરૂપના ભાન વિના મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ પર્યાયપણે-પરિણામપણે દ્રવ્ય પરિણમે એ કાળે પુદ્ગલ પણ ત્યાં દ્રવ્ય દર્શનમોહનીયપણે પરિણમે છે. ચારિત્રમોહપણે પર્યાય દ્રવ્ય પુદ્ગલના પરિણામ, પુદ્ગલમાં એ દ્રવ્ય પરિણામપણે પરિણમે છે. એનો કર્તા આત્મા નથી. સમજાય છે? માથે શ્લોક આવ્યો હતો ને? જીવથી જુદું પુદ્ગલ દ્રવ્યનું પરિણામ છે.

અંતરમાં આ આત્મા વર્તમાન કંઈ પરિણામ કરે રાગ-દ્વેષના, એથી એ નિમિત્ત અને એ પુદ્ગલ તે કાળે કર્મના પર્યાય પરિણામપણે પરિણમે તેમાં આત્મા એનો કર્તા નથી. જો આત્મા એનો કર્તા થાય તો જીવ પુદ્ગલરૂપે થઈ જાય. એમ કોઈ દિ' બનતું નથી. કહો, સમજાણું આમાં? પરિણમન એટલે અવસ્થાનું થવું તો સમ કાળે છે બેયનું. કોનું? આત્મા પોતે રાગદ્વેષ રૂપી અજ્ઞાનભાવે થાય, એ જ કાળે પુદ્ગલના દ્રવ્યો પોતાની તે સમયની કર્મની પર્યાય પરિણામપણે થાય. સમય બેનો એક છે. એકબીજાને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. છતાં તે પરિણામનો આત્મા કર્તા એવો કર્તાકર્મ સંબંધ નથી. કહો, સમજાય છે? જુઓ! આ ક્ષણે ને પળે આ દેહના પરિણામ (થાય), એ જ ક્ષણે રાગ થાય અને એ ક્ષણે...

મુમુક્ષુ :-

ઉત્તર :- અહીં તો કહેવું છે કે જેવા એ અજ્ઞાનભાવે રાગદ્વેષના પરિણામ કરે એટલા જ પ્રમાણમાં ત્યાં પુદ્ગલ દ્રવ્ય એની પર્યાયપણે પરિણમતા એને આ આ છે એવી તો એને ખબર નથી. જીવે અજ્ઞાન અને રાગ-દ્વેષ કર્યા એવા પુદ્ગલ પર્યાયપણે કર્મપણે પરિણમનારને અહીંયાં નિમિત્ત રાગ-દ્વેષ છે એવી ખબર છે એને? છતાં એના પ્રમાણમાં થાય. પહેલી એ વાત લીધી. પછી જીવની લીધી. જીવના પરિણામ પુદ્ગલ ન કરે એ પછી લેશે. પહેલા તો પુદ્ગલના પરિણામ જીવ કરતો નથી એમ સિદ્ધ કરે છે પહેલા.

ભાઈ! તારું તત્ત્વ જે આત્મા એ ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકસ્વરૂપ છે. શુદ્ધ ચૈતન્ય. એનું અંતરમાં ભાન કર્યું નથી, અભાનને લઈને અજ્ઞાનરૂપ જે કંઈ પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગ (થાય) તે બધા અજ્ઞાનરૂપ પરિણામ છે. આત્મામાં શુદ્ધ સ્વભાવમાં પરિણામ નથી. સમજાય છે કાંઈ? એ પરિણામ પણ જ્યારે પુદ્ગલના પરિણામપણે પરિણમતા પુદ્ગલને કર્તાપણે આ

પરિણામ નથી. અને એવો જ કોઈ સમયનો તે પુદ્‌ગલના પર્યાયનો સ્વભાવ (છે) કે તેના જેવા એ વિકાર કર્યા, છ પ્રકારનું જ્ઞાનાવરણીય બંધાય તેવા ભાવ જીવે કર્યા. સમજાણું કાંઈ? એટલા પરિણામનું નિમિત્ત અને જ્ઞાનાવરણીય પુદ્‌ગલ દ્રવ્યના જ્ઞાનાવરણીયપણે કર્મપણે પર્યાયપણે પરિણમવું તે તે પરમાણુની પર્યાયનું સ્વતંત્ર કાર્ય (છે) અને તે પરિણામનો સ્વતંત્ર તે પુદ્‌ગલ કર્તા છે. સમજાણું કાંઈ? આવી સ્થિતિમાં આ શરીરાદિના પરિણામને હું કરું, વાણીની અવસ્થાને હું કરું, ઘણું કહે છે કે મિથ્યા અભિપ્રાયનું બળ છે ત્યાં. જોર છે. શોભાલાલભાઈ!

પદાર્થો તો વર્તમાન સમયે જ પર્યાયપણે પરિણમતા હોય છે. પદાર્થો આત્મા કે પુદ્‌ગલાદિ વર્તમાન પોતાની પર્યાયપણે-અવસ્થાપણે-હાલતપણે થતાં પરિણમતા હોય છે. અહીં તો દાખલો કર્મનો આપ્યો છે. ભાઈ! તારા જેવા પરિણામ થયાં એવા જ પરિણામપણાનું નિમિત્ત (પામી), એટલા જ પ્રમાણમાં ત્યાં જ્ઞાનાવરણીય પરમાણુ પુદ્‌ગલ દ્રવ્ય, જ્ઞાનાવરણીયપણે એના પર્યાયપણે પરિણમે એ પર્યાયના પરિણામનો આત્મા કર્તા નથી. સમજાણું કાંઈ? તો પછી આ જગતના બધા તારાથી અન્ય પદાર્થો, તારા પરિણામના કાળે ત્યાં તેનું પરિણમન થાય, તારા પરિણમનને કાળે એ પરિણમન એના કાળે થાય એમાં એ પરિણમનના પર્યાયનો હું કર્તા નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, જુઓ! શબ્દ કેવા લીધા છે!

'**જો પુદ્‌ગલદ્રવ્યને...**' આ શબ્દ લીધો છે પહેલો. પુદ્‌ગલ એ દ્રવ્ય છે, વસ્તુ છે. પરમાણુઓ કર્મ થવાને પર્યાયપણે થવાને લાયકવાળા પુદ્‌ગલદ્રવ્ય. એટલા લીધા છે પહેલા. '**પુદ્‌ગલદ્રવ્યને...**' અંદર જ્ઞાનાવરણીયપણે પરિણમવાને લાયક એવા પુદ્‌ગલદ્રવ્ય. એવા '**પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના...**' તે પુદ્‌ગલદ્રવ્યને કર્મરૂપી પર્યાયના થવાના કાળમાં.. સમજાણું કાંઈ? આહાહા..! કેટલી સ્વતંત્રતા છે! કર્તા છે ને અહીંયાં? જગતને એવા પંડિતોએ પણ પીંખી નાખી છે વાત. પરદ્રવ્યના કાર્ય ન કરે, જીવ ન કરી શકે (એમ માને) તો એ જૈન નહિ. પ્રભુ! શું કહે છે? ભાઈ! આ સમાજના માણસને ખબર ન મળે બિચારાને.

અનંત અનંત પદાર્થ છે. દરેક પદાર્થનું પોતાની અવસ્થાપણે પરિણમવું થાય છે. એમાં તે પરિણામ પોતાના કરનાર એ બીજાના પરિણામોને કેમ કરે? સમજાણું? અહીંયાં તો આમ નિમિત્ત નૈમિત્તિક બરાબર સંબંધ છે, એના પરિણામનો કર્તા નથી. એવી વાત પહેલા લીધી છે. આહાહા..! એ જ્ઞાનની અશાતનાના જીવે ભાવ કર્યા, જ્ઞાન પામવાના વિઘ્નના ભાવ કર્યા, જ્ઞાન સમ્યક્‌ની જેણે અંદર અશાતના કરી, તત્ત્વજ્ઞાનનો જેણે અંતરમાં વિરોધ કર્યો, એવા ભાવ જીવ કરી શકે છે. કેમ કે તે કર્તા થઈને તે કાળે, તે પરિણામપણે પરિણમી શકે છે. એ કર્તા જીવનું અજ્ઞાનની ભૂમિકામાં તે વિકારી પરિણમનું કર્મરૂપે પરિણમવું તે સ્વતંત્રપણે

કરી શકે છે. સમજાણું કાંઈ? પણ એ પરિણામના કાળે પુદ્‌ગલદ્રવ્ય જે જગતની ચીજ છે એ કર્મપરિણામમાં, એની જે કર્મની પર્યાય થાય, પુદ્‌ગલના કર્મની પર્યાય થાય, કર્મની અવસ્થા થાય, કર્મના પરિણામ થાય, કર્મના પરિણામ-પુદ્‌ગલમાં કર્મના પરિણામ થાય; પુદ્‌ગલ તો સાધારણ છે એમાં કર્મના પરિણામ થાય... આહાહા..! એના નિમિત્તભૂત એવા. જ્ઞાનાવરણીયના પરિણામ જે કર્મના થયા, જ્ઞાનાવરણીયના પરિણામ હોં! પુદ્‌ગલના થયા. પુદ્‌ગલમાં જ્ઞાનાવરણીયના પરિણામ થયા, પુદ્‌ગલમાં દર્શનાવરણીયના પરિણામ થયા, પુદ્‌ગલમાં વેદનીય શાતા, અશાતાના પરિણામ થયા. પુદ્‌ગલમાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના પરિણામ પુદ્‌ગલના પરિણામ થયા. એમ આયુષ્યના પરિણામ પુદ્‌ગલમાં થયા. એમ નામના, ગોત્રના, અંતરાયના. એવા પુદ્‌ગલમાં પુદ્‌ગલના, દ્રવ્યના, જે કર્મરૂપ પરિણામમાં નિમિત્તભૂત એવા રાગાદિ અજ્ઞાન પરિણામે પરિણમેલા.

રાગ-દ્વેષ અજ્ઞાન પરિણામ. ભાષા જુઓ! ભગવાન આત્મા પોતાના ચૈતન્ય સ્વરૂપનો શુદ્ધ સ્વભાવ એ પણે પરિણમતો નથી એથી તેને કર્મના પરિણામના પરિણામ કાળે પોતાના અજ્ઞાનભાવને પરિણામ કરે તેટલું તેને નિમિત્ત થાય છે. જ્ઞાની તો કર્મ પરિણામપણે પરિણમે તેને નિમિત્ત જ નથી. એને કર્મપણે થવું એવું એની પાસે હોતું નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે કે '**પુદ્‌ગલદ્રવ્યને,...**' અજીવ પુદ્‌ગલ પદાર્થ છે કે નહિ? અને તેને કર્મની પર્યાયના નિમિત્તભૂત, પુદ્‌ગલમાં કર્મરૂપી પરિણામ, જ્ઞાનાવરણીયની પ્રકૃતિ, એની સ્થિતિ, એનો અનુભાગ, એના પ્રદેશો. એના પુદ્‌ગલમાં કર્મ પરિણામમાં એ તો એટલું લીધું. એનું નિમિત્તભૂત...નિમિત્તભૂત હોં! '**એવા રાગાદિ-અજ્ઞાન પરિણામે...**' એને નિમિત્તભૂત થનારા જીવના રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ બધાને અજ્ઞાન પરિણામ કહ્યા છે. કેમ કે એમાં જ્ઞાન સ્વભાવ આવ્યો નથી. સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ એનો અંતર અનુભવ સમ્યક્‌દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર (થયા) એ તો કર્મના પરિણામને નિમિત્ત થાય (એવા) એ પરિણામ નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો આઠ કર્મના પુદ્‌ગલો કર્મરૂપે પર્યાય પરિણમે ત્યારે જીવના નિમિત્તભૂત તેને થતાં રાગાદિ અજ્ઞાન પરિણામ. શુભ કે અશુભ રાગ એ બધા અજ્ઞાન પર્યાય છે. જીવની અજ્ઞાન પર્યાય છે, અજ્ઞાન પરિણામ છે. જીવ દ્રવ્યનું... જેમ ઓલા પુદ્‌ગલ દ્રવ્યનું કર્મ પરિણામ થયું, એમ આ જીવદ્રવ્યનું રાગ-દ્વેષપણે થવું એ અજ્ઞાન પર્યાય થઈ. સમજાણું કાંઈ? આહાહા..!

'**એવા રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા...**' જુઓ! કર્તા થઈને કાર્ય કરે છે ને? આત્મા, અહો..! સ્વભાવની સંપદાને નહિ પ્રાપ્ત થતો; ચૈતન્ય આનંદ ને જ્ઞાયક અનાકુળ સ્વભાવનું સ્વરૂપ જીવદ્રવ્ય, એના સ્વભાવને નહિ પ્રાપ્ત થતાં પરિણામ, સ્વરૂપના અજ્ઞાનભાવે

પરિણમતા જે કાંઈ શુભ કે અશુભરાગ (થાય) એ બધા અજ્ઞાનપણે પરિણમેલા વિકારી ભાવ, એ પુદ્‌ગલ જે કર્મપણે પરિણમે છે એને આ પરિણામ નિમિત્ત છે. પુદ્‌ગલના પરિણામપણે જીવ પરિણમતો નથી. જો પુદ્‌ગલના પરિણામપણે જીવ પરિણમે તો જીવ થઈ જાય જડ. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**જો પુદ્‌ગલદ્રવ્યને, કર્મપરિણામના...**' પુદ્‌ગલને પણ કર્મ પરિણામ છે. પરિણામ છે. પુદ્‌ગલને પરિણામ હોય કે જીવને હોય? હોય. છએ દ્રવ્યને હોય પરિણામ. પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, હાલત કહો, દશા કહો. જીવને જ પરિણામ હોય અને પુદ્‌ગલને ન હોય એમ હોય નહિ. પરિણામ ન હોય તો ઉત્પાદ-વ્યય નથી તો એ દ્રવ્ય પણ ન રહે. સમજાણું કાંઈ? '**પુદ્લદ્રવ્યને, કર્મપરિણામના...**' કર્મ રૂપી પરિણામના. એ એક કોર વસ્તુ છે. એને '**નિમિત્તભૂત...**' લ્યો, અહીં તો નિમિત્તભૂત કીધું. પછી ત્યાંથી કાઢતા હશે કે ઉપાદન કર્તા નહિ પણ નિમિત્ત કર્તા. પણ ભગવાન! અહીં નિમિત્તભૂત કહેતા શું કહે છે? અરે..! ભગવાન! અહીં તો એ કરતો નથી, બે જુદા પરિણામ થાય છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

આયુષ્યના પરિણામ. કર્મ પુદ્‌ગલદ્રવ્ય આયુષ્યપણે પરિણમતા એના પરિણામપણે પરિણમતા પુદ્‌ગલ એને નિમિત્તભૂત જીવે, આયુષ્ય બાંધવામાં નિમિત્ત એવા પોતે પરિણામ કર્યા. સ્વર્ગમાં જવાના યોગ્ય જેવા પરિણામ એવા કર્યા. એ ભાવે પરિણમ્યો. અહીં તો અજ્ઞાનીની જ વાત લેવી છે, ભાઈ! જીવને સ્વર્ગના પરિણામ થાય બંધ એ બધું જ્ઞાન અને જ્ઞાતા ધર્મમાં તો જ્ઞેયમાં જાય છે. આહાહા..! એનો સ્વામી નથી, એની દશામાં એ નથી. આયુષ્યના પરિણામ વિકૃતભાવ એ આ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ અને જ્ઞાનમાં અને સ્થિરતામાં એ જે ભાવે આયુષ્ય બંધાય નિમિત્ત, એ પરિણામ તેની દશામાં જ્ઞાનીને નથી. દશા બહારના પરિણામ તેને તો જ્ઞેય તરીકે જ્ઞાની જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એથી કહ્યું કે એ '**રાગાદિ-અજ્ઞાનપરિણામે પરિણમેલા જીવ...**' એ અજ્ઞાનીની દશામાં રાગાદિ પરિણામ થયા એવો જીવ. એમ. સમજાણું કાંઈ? એની '**સાથે જ...**' બસ. એટલું અહીં લેવું. રાગાદિ પુણ્ય-પાપના પરિણામપણે, વિકારી પરિણામપણે, અજ્ઞાનપણે પરિણમેલો. પરિણામે પરિણમેલા, એવી પર્યાયપણે પરિણમેલો જીવ. એ પહેલા. એની સાથે. એટલે કે કર્મના જે પરિણામ થયા અને જીવે પોતાના અજ્ઞાનભાવના રાગાદિ પરિણામ થયા, બે ભેગા થઈને થાય છે? સાથે તમે ભેગા મળીને થયા? ભેગા મળીને થાય છે? એક સમયે નથી થતાં? એક સમયે થાય એટલે શું પણ? એક સમયે તો બધાના એક સમયે થાય, આખા અનંતા દ્રવ્યના. એથી કાંઈ ભેગા મળીને થયા?

આ શરીર આમ છે. આ પર્યાય થઈ, જુઓ! પરમાણુની આ પર્યાય થઈ. અને જીવને અંદર જ્ઞાનપર્યાય થઈ કે આ હાલે છે એમ જાણ્યું. સમજાણું? ભેગા થઈને પરિણામ થયા કે નહિ આના? શરીરના અને જીવના?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અલગ અલગ છે? કાળ તો એક જ છે. કાળ (એક) હોવા છતાં બેના પરિણામ ભિન્ન છે. આના પરિણામનો કર્તા જીવ નથી અને જીવના પરિણામનો કર્તા પુદ્‌ગલ નથી. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલ દ્રવ્યને કર્મની પર્યાયને નિમિત્તભૂત થતાં એવા રાગાદિ અજ્ઞાનપરિણામે પરિણમેલો જીવ, એની સાથે કર્મના પરિણામ ભેગા થઈને ત્યાં '**કર્મરૂપે પરિણામ થાય છે–**' ભેગા થઈને કર્મરૂપે થાય છે '**એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે...**' દાખલો આપ્યો છે, હોં! એમાં વળી કુતર્ક કરે. એમાંય કાઢે પાછું. ખરેખર તો હળદરના પરિણામ હળદરમાં થયા છે, ઓલાના પરિણામ એના થયા છે. આ તો દૃષ્ટાંત દેવો છે ને? અહીં તો લાલ થયા છે ને. હળદરના પરિણામ પીળા હતા અને ફટકડીના ધોળા હતા, એ આમ પાછા લાલ થયા ને? એ અવસ્થાનો કાળ નહોતો, એ તો પછી બીજી અવસ્થા થઈ ગઈ.

'**જેમ ભેળાં થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ...**' બન્નેને એમ શબ્દ છે ને? બેનું એક થઈને એમ ક્યાં છે? '**બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે...**' બન્નેને. કોને બન્નેને? હળદરનું લાલ રંગ પરિણામ અને ફટકડીનું લાલ રંગ પરિણામ. બન્નેને લાલ રંગ પરિણામ થાય છે. પણ બન્ને, હોં! બે એક થઈને ભેગા એમ નહિ. '**ભેળાં થયેલા હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપ પરિણામ થાય છે...**' જુઓ! આ શાક ખાય ને. અડે છે ને લૂગડાને? શાક પડી જાય છે. પીળું-પીળું. પછી એમાં જરી સાબુ લગાડે તો લાલ થઈ જાય છે. થઈ જાય છે કે નહિ? .. સાબુનો ભાગ ફટકડી કહેવાય અને ... હળદર. એ બન્નેને એ સાબુ પણ લાલ રંગપણે પરિણમ્યો છે અને ઓલો પીળો પણ લાલ રંગપણે પરિણમ્યો છે. એમ છે. સાબુની જે પર્યાય થઈ અંદર એ પણ લાલ રંગે પરિણમી છે અને ઓલો પીળો છે એ પણ લાલ રંગે પરિણમ્યો છે. પણ બે ભેગા નહિ. બન્ને પરિણમ્યા છે લાલ રંગે એટલું. બેનું એક સમયે લાલ રંગનું પરિણમન છે.

'**તેમ પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.**' તેમ પુદ્‌ગલના પરિણામ અને જીવના પરિણામ બન્નેને કર્મ એટલે જીવ પણ જડરૂપે થઈ જાય. કર્મના પરિણામપણે પરિણમેલું પુદ્‌ગલ, એમ જીવ પણ તે પણે પરિણમે તો જીવ જડ થઈ જાય. તો જીવ કોઈ દિ' જડ થતો નથી. કર્મના પરિણામ એ જડ છે. આઠ કર્મના પર્યાય એ જડ છે,

અજીવ છે, મૂર્ત છે. એના પરિણામ અને જીવના એને નિમિત્તભૂત થતાં અજ્ઞાન પરિણામ, ભેગા થઈને જીવ પરિણામ એમાં ભળીને કરે તો જીવ પોતે જડની પર્યાયરૂપે થઈ જાય. એમ કોઈ દિ' બનતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના જ છે. જીવના પરિણામ રાગ-દ્વેષ ભિન્ન છે. આત્મા એ પણે પરિણમ્યો નથી. અહીં તો જીવના પરિણામથી પુદ્ગલના પરિણામ ભિન્ન સિદ્ધ કરવા છે. પછી પુદ્ગલના પરિણામથી જીવના પરિણામ (ભિન્ન છે એ) પછી સિદ્ધ કરશે. સમજાણું કાંઈ?

અરે..! આવો કાળ, સમય માંડ છૂટવાના કાળ આવ્યા. એમાં... આહાહા..! એમાં પણ એને ...માં રોકાવું. વાદ-વિવાદ ને ઝઘડા. ભાઈ! માંડ વખત મળ્યો, હોં! એમાં આ કરવાનું કાંઈ કરે. સ્વંત્રપણે કરવાનું તો સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા કરવાની છે. એ સ્વતંત્રપણે પરિણામ કર્મના સ્વતંત્ર અને મારા સ્વતંત્ર એમ હજી નક્કી ન કરે, એને સ્વતંત્ર ત્રિકાળી દ્રવ્ય તરફની દૃષ્ટિ સ્વતંત્રપણે કેમ કરી શકે એ? હજી વર્તમાન પરિણામ વિકારના મારા અને જડના પરિણામ જડના. એ વિકાર કાળે જડ તેટલા પ્રમાણમાં પરિણમ્યું છતાં તેના પરિણામમાં મારો હાથ-અધિકાર જરીએ નથી. જો એના અધિકારમાં હોઉં તો જડની પર્યાય અજીવ છે, જીવ પણ અજીવ થઈ જાય, જીવ અજીવ થઈ જાય. એમ કોઈ દિ' બને નહિ. આહાહા..!

શરીરની આ ઈન્દ્રિયો, આ હાથ આમ કામ કરે. એમાં એને એમ થઈ જાય, આ પરિણામ, આ પરિણામ મારાથી થાય છે. તો કહે છે કે ભાઈ! તું ત્યાં જડ થઈ ગયો? એ પરિણામ તો જડના છે. એ જડના પરિણામ તારાથી થયા? બે ભેગા મળીને થયા? જીવ અને શરીરના પરિણામ બે ભેગા મળીને (થયા)? ભેગા કાળ છે એક. કાળ એક છતાં કાંઈ બે ભેગા પરિણામ થયા? તારા પરિણામ તેં કર્યા, એના પરિણામ એના થયા અને એનાથી મજા પડે છે. આ શું તને થાય છે? સમજાણું કાંઈ?

શરીર સ્પર્શને કાંઈક અડ્યું, કાંઈક આમ થયું. .. શેરડીનો રસ ગયો, માખણ ગયું. ભાઈ! એ પરિણામ તો પુદ્ગલના પરિણામ થયાં. અને એ તારા પરિણામમાં થયું હોય તો તને એ સંબંધીનો મીઠાશનો રાગ થયો. પણ એ રાગને લઈને એ પરિણામ થયા અને એ પરિણામને લઈને તને રાગની મીઠાશ એને લઈને આવી? સમજાણું કાંઈ?

પોતાની ચતુરાઈ બતાવવામાં શરીરના અંગોની-અવયવોની હાલત થાય એથી મારી ચતુરાઈ જગત જાણે. કહે છે કે ભાઈ! એ જડના પરિણામના કાળે જડ થયા છે. એ દ્વારા તારા ચતુરાઈના પરિણામ ત્યાં આવ્યા હતા? કે તું એ દ્વારા તારી ચતુરાઈ બીજાને જણાવવા માગે છે? શું થયું તને? સમજાણું કાંઈ? તું તારા પરિણામ, એ શરીરની ચેષ્ટા થઈ, આમ

થઈ એ બધી પર્યાયમાં તારા પરિણામ ભળ્યા છે? રહ્યા છે? એ ભલે એની પર્યાયમાં એના કાળે થઈ છે. કાળ તારો એ ભલે. પણ તારા પરિણામ ત્યાં ને ત્યાં રહ્યા છે. ક્યાંય ગયા નથી. એની ચેષ્ટા શરીરની જે કાંઈ થઈ, તેના પરિણામમાં તું ગયો નથી. તે પરિણામપણે તું થયો નથી. તો તે દ્વારા હું કાંઈક અધિક છું એમ માન્યું એ તો ભ્રમ છે. સમજાણું કાંઈ? વાત ભારે.

'**જેમ ભેળા થયેલાં હળદર અને ફટકડી બન્નેને લાલ રંગરૂપે...**' બન્ને રૂપે જુદા પરિણમે છે હોં એ. છતાં રંગ લાલ બેનો એક થયો. બસ. '**પુદ્‌ગલદ્રવ્ય અને જીવ બન્નેને કર્મરૂપ પરિણામ આવી પડે.**' પુદ્‌ગલના પરિણામ અને જીવના પરિણામ બેય કર્મરૂપે થઈ જાય એમ તો બનતું નથી. પુદ્‌ગલદ્રવ્યના જે આઠ કર્મના પરિણામ અને જીવના પરિણામ એ એનામાં ભળી જાય તો જીવ પુદ્‌ગલ પરિણામને પામે.

'**પરંતુ પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મરૂપ પરિણામ તો થાય છે;...**' પણ એમ થતું નથી. ભાઈ! પુદ્‌ગલ દ્રવ્યને ઉત્પાદ-વ્યયનો સ્વતંત્ર એનો કાળ ... ધ્રુવપણું તો બેયનું છે. જીવનું અને પુદ્‌ગલનું. જો ચૈતન્ય પોતાના રાગ-દ્વેષના પરિણામને કરે, પરમાણુ તેના પરિણામપણે કર્મરૂપે થયા, એમાં '**પુદ્‌ગલદ્રવ્યને એકને જ કર્મરૂપ પરિણામ તો થાય છે;...**' એ જીવના પરિણામમાં પુદ્‌ગલ પરિણામ આવી જાય છે એમ નથી. અથવા પુદ્‌ગલના પરિણામમાં જીવના પરિણામ આવી જાય છે એમ નથી. એ તો આઠ કર્મના પરિણામપણે પરિણમ્યો તો પુદ્‌ગલ પરિણમ્યું છે. એમાં જીવ તો પરિણમ્યો નથી. એમાં જીવ તો પરિણમ્યો નથી. એમાં. તારામાં તું રાગ અને અજ્ઞાનપણે પરિણમ્યો છો. આહાહા..! ... આહાહા..!

'**તેથી જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ...**' જે પુદ્‌ગલના કર્મના પરિણામને નિમિત્તભૂત છે તે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ. જુઓ! શુભ-અશુભરાગ બધો, હોં. એકલો અશુભ એમ નહિ. શુભ-અશુભ રાગ એવા જે અજ્ઞાન પરિણામ એટલે કે.... ધર્મ પરિણામ જે છે એ તો કર્મના પરિણામમાં નિમિત્ત ન હોઈ શકે. અધર્મ પરિણામ કર્મના નિમિત્તરૂપે હોઈ શકે. બરાબર છે? '**જીવનું રાગાદિ-અજ્ઞાનપરિણામ કે જે કર્મનું નિમિત્ત છે...**' કર્મના પરિણામ થયા એમાં જીવના રાગ-દ્વેષના અજ્ઞાન પરિણામ ચૈતન્યના સ્વભાવના અભાવરૂપ વિકારી ભાવ જે કર્મના પરિણામ થાય તેને નિમિત્ત છે. પણ '**તેનાથી જુદું જ પુદ્‌ગલકર્મનું પરિણામ છે.**' પણ તે પરિણામ જીવના પરિણામથી, આઠ કર્મના પરિણામની પર્યાય જીવના પરિણામથી જુદું જ પરિણામ છે. બે ભેગા નથી. કહો, આટલી વાત કરે છે છતાં... એક એક ગાથામાં સ્પષ્ટતા. ઓહોહો..! .. રાખવું છે. .. સમજાણું? આ હું શાસ્ત્ર લખું છું, એ બહાને હું બહાર પ્રસિદ્ધિમાં આવું છું. હું ભાષણ કરી શકું છું. વક્તાપણે હું બહાર પડી શકું છું. બહાર પડી

ગયો વાણીમાં? આહાહા..! સમજાણું?

કહે છે કે ભાઈ! જે પરિણામ પુદ્ગલના, વાણીના, શરીરના લખવાના જે આદિ થયા એ પુદ્ગલના પરિણામ તો તે કાળે તેના પરિણમનથી પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે. તારા પરિણામ જે ભલે ચેષ્ટા તને થઈ કે હું આમ કરું, આમ બચાવું એ પરિણામ તો એનાથી જુદા અહીં રહી ગયા છે. અને એનાથી જુદા પરિણામ ત્યાં થઈ ગયા. તારા ચેષ્ટાના રાગાદિના પરિણામથી પુદ્ગલ કર્મના પરિણામ તો જુદા જ રહી ગયા. એમ અહીં પણ તારા રાગાદિની ચેષ્ટાના પરિણામથી શરીરની પર્યાય, વાણીની પર્યાય, આ લાડવા ભાંગવા-તૂટવા-ખાવાના એ બધી પર્યાયો તારા પરિણામથી તો જુદી જ રહી ગઈ. સમજાણું કાંઈ?

'**તેનાથી જુદું જ પુદ્ગલકર્મનું પરિણામ છે.**' જુઓ! ત્યાંથી લીધું હતું ને? '**પુદ્ગલદ્રવ્યને કર્મપરિણામના નિમિત્તભૂત...**' અહીં કીધું પુદ્ગલ કર્મનું એ પરિણામ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય,. અભિપ્રાય.. આઠેય કર્મ પુદ્ગલ કર્મપણે પરિણમ્યા એ તો તારા જીવના પરિણામથી તદ્દન જુદું પરિણામ છે. એ જુદા પરિણામનો તું કર્તા નથી. અજ્ઞાનભાવે પણ તું કર્તા નથી, એમ કહે છે. અજ્ઞાનભાવના પરિણામ રાગદ્વેષના કર, પણ અજ્ઞાનભાવે પુદ્ગલના પરિણામનો તું કર્તા નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- જો પુદ્ગલ દ્રવ્ય અને જીવ ભેળાં થઈને...**' ભેળાં એટલે બે ભેગા થઈને કાર્ય કરે. એમ. '**ભેળાં થઈને કર્મરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો બન્નેને કર્મરૂપ પરિણામ ઠરે.**' તો જીવને જડના પરિણામ ઠરે અને પુદ્ગલને પણ જડના પરિણામ ઠરે. બેયને પુદ્ગલના પરિણામ ઠરે. '**પરંતુ જીવ તો જડ કર્મરૂપે કદી પરિણમી શકતો નથી;...**' ભગવાન આત્મા ભૂલો પડ્યો તો અજ્ઞાનભાવે પરિણામ કરે. પણ કર્મના પરિણામપણે તો એ પરિણમી શકતો નથી. જડની પર્યાયપણે કેમ પરિણમે?

'**જીવ તો જડકર્મરૂપે કદી થઈ શકતો નથી; તેથી જીવનું અજ્ઞાનપરિણામ કે જે કર્મને નિમિત્ત છે તેનાથી...**' કર્મ એ જ પરિણામ છે. એમ. એટલે શબ્દ ન લીધો. કર્મ એ જ પુદ્ગલનું પરિણામ છે. '**અજ્ઞાનપરિણામ કે જે કર્મને...**' એટલે એ પરિણામ થયા કર્મ એ. પુદ્ગલના પરિણામને કે જે અજ્ઞાન પરિણામ કે જે કર્મ એટલે પુદ્ગલના પરિણામને નિમિત્ત છે, '**તેનાથી જુદું જ પુદ્ગદ્રવ્યનું કર્મપરિણામ છે.**' જુઓ! આટલી બધી અંદરની વાતું કરે, હવે એ શું અમારે કામની?

ભાઈ! કહે છે કે તારા જેવા ભાવ થયા ને અજ્ઞાનપણે વિકારના, એના જ પ્રમાણમાં હદ પ્રમાણે મર્યાદાએ પરમાણુઓને આમ તારી પરિણામની ખબર નથી, છતાં એ પરમાણુમાં એ કાળે એ જ પર્યાય પરિણમવાની લાયકાત હોય તે કર્મપણે પરિણમે છે. છતાં તે પ્રકારના

તે પરમાણુ તે પ્રકારે પરિણમતા પરિણામનો તું કર્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો જીવના પરિણામથી પુદ્‌ગલનું પરિણામ જુદું ઠરાવ્યું. છે એમ.

હવે '**પુદ્‌ગલદ્રવ્યથી જુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છે :-**' ઓહો..! સંતોએ જંગલમાં રહીને એવા એક નિમિત્તથી થતાં વિકલ્પ, પરમાણુ આ પણે (ચારિત્રપણે) પરિણમી ગયા. સમજાણું કાંઈ? ૧૩૯ અને ૧૪૦.

**जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादि।**
**एवं जीवो कम्मं च दो वि रागादिमावण्णा।।१३९।।**
**एकस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं।**
**ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो।।१४०।।**
**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.**
**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદય નિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

ઓહોહો..! કેમ કે પોતાની અવળાઈ મૂકી નથી ને એટલે એને ગમે ત્યાંથી આખા સમયસારમાંથી પણ ઊંધું કાઢે. શું થાય? દૃષ્ટિ એવી સૃષ્ટિ છે ને. પર્યાય તો જેવી દૃષ્ટિ છે એવી ઉત્પન્ન થાય. એ પ્રમાણે એના બધા ભાવો એના લક્ષમાં આવે. .. આ તમે કહો છો કે તમે પુણ્યને હેય-હેય કરો છો તો છોડીને બતાવો તો ખરા. પુણ્યને હેય હેય ઠરાવો છો તો હેય.. પંડિત કૈલાસચંદ્રજીને કહ્યું હતું ને? તમે એકવાર આ બધું ભોગવો છો, આ લો છો. પુણ્યના ફળ છોડીને બતાવો તો તમને ખબર કહેવાય કે હેય છે. ઠીક! ભાઈ! તો તો પંડિતો પુણ્ય હેય છે એમ ત્યારે જ કહી શકે કે એ બધો છોડીને બેસે ત્યારે. પણ શાસ્ત્રકાર તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને પણ પુણ્ય હેય હોવા છતાં એના ફળનું હેયપણું હોવા છતાં તેને શુદ્ધઉપયોગ થયા વિના શુભભાવ છૂટતો નથી. એ સંયોગ પણ છૂટતો નથી. તો પછી એનો અર્થ થયો કે હેય તો છોડી દે, બધું છૂટી જાય તો હેય માનવું. ત્યારે હેય કહેવું. એ પહેલા હેય કહેવું નહિ. આ પંડિતની રીત ક્યાંથી આવી? એમ લખ્યું છે. આ દસ વર્ષ, બાર વર્ષ પહેલા તો આ ચર્ચા નહોતી. ત્યારે તો તમે જે ટીકાઓ કરી એમાં એમ લખ્યું છે કે પુણ્ય-પાપ હેય છે. પણ આ વિવાદ ઉપડ્યો ત્યારથી તમને વાંધા ઉઠ્યા હવે. ત્યારે ઓલો કહે, ના. હેય કહો તો તમે છોડીને બતાવો. ભાઈ! એથી એને જ્યાં સુધી રાગ છૂટે નહિ, ત્યાં સુધી એનું સ્વામિ(પણું) માનવું? એમ તમે કહેવા માગો છો? શું કહેવા માગો છો? ઉપાદેય માનો તો તો મિથ્યાદૃષ્ટિપણું છે, ત્યાં સુધી તારે રહેવું

છે. શું કરવું છે તારે? દૃષ્ટિ ફેરવવી છે કે સ્થિરતા પૂર્ણ થાય ત્યારે દૃષ્ટિ ફરે? ત્યારે એ રાગને હેય કહેવાય? ... એનો અર્થ કે નિશ્ચય ... હેય છે. એમ કહો તો દ્રવ્ય છોડી દો ત્યારે હેય કહેવાય. ... હેય છે. ... ત્યારે કહે છે, શરીર છૂટ્યા વિના હેય-હેય કર્યા કરો છો? છોડીને બતાવો એક વાર. અરે..! ભગવાન! પહેલી દૃષ્ટિ ફર્યા વિના એને હેય તરીકે શી રીતે સ્વીકારશે? અને છે છતાં હેય છે એમ હોય તો હેય કહેવાય. નથી જ્યારે ત્યારે તો ઠરી ગયો, સ્થિર થયો એટલે કાંઈ રહ્યું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

સમાધાન :- .. ત્યારે કહેવાય. ... સમજાણું કાંઈ?

રાગ છે. આ સર્પ છે, લ્યો. પણ છોડવા જેવો છે. આમ નજર પડી ઈ ભેગો છોડવા જેવો છે. પણ છોડવા જેવો છે (એમ નક્કી કર્યું) એટલે નીકળી ગયો? ઘરમાંથી કાઢી નાખ્યો? પછી પકડવાની વ્યવસ્થા કરીને (કાઢે). પણ પહેલો તો આ કાઢ. નક્કી કર્યા વિના છોડવા જેવો છે (એમ ક્યાંથી આવ્યું?) છોડવા જેવો ત્યારે જ કહેવાય કે જ્યારે બહાર કાઢી નાખે ત્યારે. એનો અર્થ શું પણ? પહેલી હેયબુદ્ધિ આવે.

... મોટો સર્પ નીકળ્યો અંદરમાંથી. ... પગ પડ્યો ત્યાં ... સર્પ પકડાણો નહોતો. ગારુડી થાતા હશે. ગારુડી નહિ? સર્પ. ગારુડી. પહેલેથી કાઢો, કાઢો નથી કરતા? કાઢો, બાપા! નીકળે ત્યારે પકડાય ને? ... આવ્યો, આવ્યો ને પાછો ગયો. ...

હેયપણું તો પહેલેથી છે. એમ સમ્યગ્દર્શનમાં રાગ અને બધી વસ્તુ હેયપણે જ્ઞેય છે. સ્વરૂપમાં સ્થિર થતાં તે હેયપણે છૂટી જશે. પણ હજી સ્થિરતા થઈ નથી અને તમે હેય ન માનો તો સમ્યગ્દર્શન નહિ થાય. છૂટવાયોગ્યને પહેલેથી છોડવાયોગ્ય ન માને, છૂટવાયોગ્યને પહેલેથી છોડવાયોગ્ય ન માને તો ... સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભાઈ! પરિણામ ત્યાં થાય છે. પુદ્ગલના, હોં! પણ તારે માટે તેનું તે કાર્ય નથી. આમાં તે કાર્ય થતું નથી અને તેં તે કર્યું નથી. પરિણામ થાય છે ને ત્યાં? થાય છે માટે તો (તે) કર્તા. પણ થાય છે માટે નથી કર્તા, એમ કહે છે. એનામાં થાય છે, તે કાળે થાય છે, તે કાળે તારા રાગાદિના પરિણામ છે એનું નિમિત્ત થયું છતાં ત્યાં થાય તેનો તું કર્તા નથી. સમજાણું કાંઈ?

એમ જીવના રાગ-દ્વેષાદિના પરિણામ કર્મના તે કાળે, ઉદય છે તે કાળે થાય છે. ... સમજાણું કાંઈ? એ વખતે પણ કર્મનો ઉદય છે. દર્શનમોહનો, ચારિત્રમોહનો આદિ. એ જ સમયે કર્મમાં પાક છે તે ... પાઠ એમ જ છે ને? જુઓને! '...' એમ છે ને? કારણ કે પાક છે ને ત્યા. ... કરવું એમ નથી કહ્યું. '**જો જીવને,...**' હવે અહીં લીધું. પહેલામાં

પુદ્‌ગલદ્રવ્યને એમ હતું. જીવદ્રવ્યને-જીવને '**રાગાદિ અજ્ઞાનપરિણામ...**' રાગ-દ્વેષના અજ્ઞાન પર્યાય થયા એને '**નિમિત્તભૂત...**' કોણ? '**એવું જે...**' '**નિમિત્તભૂત એવું જે ઉદયમાં આવેલું પુદ્‌ગલકર્મ...**' સમજાણું કાંઈ? આમ તો ... એ નહિ. અજ્ઞાનનું નિમિત્તપણે બાહ્ય થાય ત્યારે એને ઉદય કહેવાય ને? ત્યારે નિમિત્ત કહેવાય ને? નિમિત્ત ક્યારે? સત્તામાં પડ્યા ઈ નિમિત્ત કે પરિણમેલા નિમિત્ત શી રીતે કહેવું? કર્મ સત્તામાં પડ્યું છે એ ઉદયમાં આવ્યું. એટલે? જીવને... ત્યારે એમ કહે, ઉદયમાં આવ્યું ત્યારે અહીં કેમ થયું? માટે એને લઈને અહીં થયું. ... ઉદય આવે ત્યારે પરિણમે ... એનો અર્થ શું? એ ઉદયને લઈને પરિણમે છે એમ બતાવવું છે? સમજાણું કાંઈ?

... (અવાજ ખરાબ છે).

**માગશર સુદ ૧, બુધવાર તા. ૧૧-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૩૯ થી ૧૪૨, પ્રવચન-૨૨૧**

ભાવાર્થ. ૧૩૯ અને ૪૦નો ભાવાર્થ.

'**ભાવાર્થ :- જો જીવ અને પુદ્ગલકર્મ ભેળાં થઈને...**' જીવ અને કર્મ બે ભેગા થઈને '**રાગાદિરૂપે પરિણમે છે...**' એટલે વિકારની દશારૂપે કર્મ અને આત્મા ભેળાં થઈને ભેગા થઈને પરિણમે '**એમ માનવામાં આવે તો બન્નેને રાગાદિરૂપ પરિણામ ઠરે.**' તો તો આત્માને રાગ-દ્વેષ દોષ ઠરે અને કર્મને પણ રાગ-દ્વેષ દોષનું સ્વરૂપ ઠરે. જડને પણ ચૈતન્યના વિકારનું કરવાપણું ઠરે. સમજાણું કાંઈ?

'**પરંતુ પુદ્ગલકર્મ તો રાગાદિરૂપે (જીવરાગાદિરૂપે) કદી પરિણમી શકતું નથી;...**' શું કહ્યું સમજાણું? આત્મા વિકારને કરે છે પુણ્ય-પાપને, રાગ-દ્વેષને, મિથ્યાત્વને. એ પોતે જ એકલો પોતાથી કર્મના ઉદયથી ભિન્નપણે પોતાના પરિણામે પરિણમે છે. જો કર્મ ભેગા થઈને રાગ-દ્વેષ અને મિથ્યાત્વને કરાવે તો તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણામ જેવું ચૈતન્યનું છે એવું જડનું ઠરે. તો જડ આ જીવના રાગાદિરૂપે પરિણમી જાય. જીવ તો અરૂપી છે, પેલું તો રૂપી છે. રૂપી અરૂપીમાં આવી જાય એમ બને નહિ. સમજાણું કાંઈ?

'**કદી પરિણમી શકતું નથી;...**' પુદ્ગલ કર્મનો ઉદય જે કર્મની પર્યાય છે જડ, તે આત્માના રાગ અને દ્વેષરૂપી વિકાર, એ રૂપે કર્મનો ઉદય થઈ શકતો નથી. થઈ શકતો નથી. થઈ શકતો નથી. એમ. થઈ શકતો નથી એમ પહેલું સિદ્ધ કરવું છે. પછી જુદું છે. સમજાણું કે નહિ? આત્મા પોતાની સત્તામાં ચૈતન્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એને ભૂલીને પોતાની દશામાં ભ્રમણા અને રાગ-દ્વેષની દશા કરે. એકલો કરે. અને કર્મનો ઉદય પણ ભેગો આવીને કરે તો વિકારી પરિણામનું કાર્ય જડનું ઠરતાં જડ જીવની દશારૂપે થઈ જાય. પણ એમ તો કોઈ દિ' બને નહિ. સમજાણું કાંઈ? આ સૂક્ષ્મ વાતને... સમય સમયની ભિન્નતા કર્મ અને આત્માના વિકારીને છે એમ ભેગું સિદ્ધ કરે છે.

આ જગતની દશા આત્મા સિવાય અનંત પુદ્ગલો, એનું સ્વતંત્ર લખવું, બોલવું, હાલવું, ચાલવું એ બધી પર્યાયો સ્વતંત્ર જડની થાય છે. આત્મા એમાં ભેગો ભળીને કરે તો જીવના પરિણામને જડનું પરિણામ આવી પડે. બે ભેગા થઈને કરે છે કે નહિ? કાલે પ્રશ્ન આવ્યો હતો. બે ઉપાદાન થઈને એક કાર્ય થાય કે નહિ? બે ઉપાદાનથી એક કાર્ય. હા. થાય. બે પરમાણુ ઉપાદાન ભેગા થઈને ત્રીજી અવસ્થા કરે, જુઓ એક કાર્ય. બેનું એક છે. એવું કહ્યું

હતું ત્યાં. આરે..! ગજબ! જૈનદર્શનમાં. ઈ તો અહીં એક પરમાણુમાં બે અવસ્થા છે બે ગુણની, એમ બીજામાં ચાર (છે). અહીંથી ચારપણે આ પરિણમ્યું અને ત્યાં પરિણમ્યું, પણ એ તો બીજો સમય થઈ ગયો. એ સમય બીજો થયો. આ સમય તો રહ્યો નહિ. અને એ સમયમાં ચારપણે જે પરિણમ્યો એનું પરિણામ ભિન્ન છે. એનું ઉપાદાન આ પરમાણુ છે. એ ચારપણે પરિણમવાનું ઉપાદાન ઓલો પરમાણુ છે. કહો, આવું છે આ. સમજ્યાને? પ્રશ્ન છે આમાં. એનો ઉત્તર આપ્યો છે. ભાઈ! ઊંધું તે તમને ... 'ક્યા એક કાર્ય કે દો ઉપાદાન કારણ હો સકતે હૈં? ક્યા દો દ્રવ્યોંકી એક પર્યાય હો સકતી હૈ? હાં. એક કાર્ય કે દો ઉપાદાન કારણ હો સકતે હૈં.' એ.. દેવાનુપ્રિયા! એક પરિણામના કર્તા (બે) દ્રવ્ય... કોણ જાણે શું કરે છે? છે? શોભાલાલજી! કહ્યું છે, એમાં છે.

'એક પરિણામ કે ન કર્તા દ્રવ્ય દોહી.' છે ને? ઉપર છે. 'દોહી પરિણામ એક દ્રવ્ય ન કરતું હૈ.' બેય ખુલાસો કર્યો છે. બેય બરાબર કરે છે. પંચાસ્તિકાય ગાથા ૧૦૦ની ટીકા આપી છે. અને મોટી... આરે..! ગજબ કરે છે ને! ... જયસેનાચાર્યમાં પણ છે, આમાં અમૃતચંદ્રાચાર્યમાં નથી. કોણ જાણે.. આ શું છે? પંચાસ્તિકાય છે ને? જયસેનાચાર્યે ૧૬મી ગાથામાં લખ્યું છે, કે આવી રીતે ક્યાં.. ભારે કરી, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જુદી વસ્તુ છે. એને લઈને શું છે? અનેક દ્રવ્ય આમ છે. આમાં છે. પણ એ તો અનેક દ્રવ્ય મળીને પર્યાય ભિન્ન ભિન્ન સમાન જાતિ છે અને અસમાન... એમ કહે છે. છે ખરું, આમાં છે. ... શું કહ્યું?

એક જીવ છે અને આ શરીર છે. જુઓ! તો આ શરીરની પર્યાય છે અવસ્થા એ જડ છે અને આત્માની અવસ્થા છે એ ચૈતન્યની વિકારી છે. તો એ બે ભેગા થઈને રાગ કરે છે? બે ઉપાદાનનું એક કાર્ય છે? આ મોટા ભણેલા કહે છે, એક છે. ભૂલી જાય છે. ... બહુ કરે એટલે એક, બે, ચાર થઈ ગયા. પહેલા થાય ત્રણ અને પછી થાય ચાર, એમ?

અહીં એમ કહે છે. એ જ કહે છે. આવ્યું છે એ જ બરાબર છે, જુઓ! કે આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ અનાકુળ આનંદકંદ આત્મા તો છે. એના સ્વભાવના ભાન વિના એ અનાદિ સ્વરૂપનું અજ્ઞાન છે અને પરમાં તેની ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ છે. એથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણાની વિકારી અવસ્થાને, દુઃખરૂપ દશાને કરે છે. તો એ દુઃખરૂપ દશા જીવ એકલો કરે છે. કર્મનો ઉદય કર્મની પર્યાયને કરે-એની અવસ્થાને. ભેગો આની પણ અવસ્થાને કરે તો તો જડની પર્યાયને ચૈતન્યની પર્યાયપણું આવી જાય, તો જડ ચૈતન્ય થઈ જાય. તો એમ કોઈ દિ' બનતું નથી. એમ કરીને કહે, બે પરમાણુ ભેગા થઈને સ્કંધની એક પર્યાય

થઈ ને? ક્યાં,... બન્ને ભિન્ને ભિન્ન છે. આવા ને આવા કોણ જાણે શું.. આગળ ચાલતા જાય છે, એમ ને એમ હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પાડો, બસ.

અહીં તો કહે છે કે ભાઈ! એ તારા બે પરમાણુ તો એકકોર રહી ગયા. એક એક પોઈન્ટ રજકણ છે એ પોતાના ઉપાદાનથી ત્યાં તેની પર્યાયને કરે છે. બીજો રજકણ એના ઉપાદાનથી કરે છે. બે ઉપાદાનનું એક કાર્ય છે એમ ત્રણ કાળમાં હોતું નથી. ઓલું તો એમ હતું કે ઉપાદાન-નિમિત્ત બે થઈને કાર્ય કરે એ હતું. હવે અહીં તો બે ઉપાદાન થઈને એક કાર્ય કરે. ત્યાં સુધી આવ્યું છે હવે. ઓહોહો..! જીવને પણ બેની એક બુદ્ધિ કરી છે ને.

અહીં તો કહે છે કે, જીવ પોતે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ જ્ઞાનની મૂર્તિ આત્મા તો છે. ચૈતન્ય ધાતુ જાણક, આનંદ, શાંતિ એટલે ચારિત્ર-સમભાવ, એવા સ્વભાવનો એ તો પિંડ, રસકંદ છે. એ અનાદિથી ભૂલેલો છે. અનાદિથી ભૂલેલો છે અને એ ભૂલની મિથ્યાત્વ અને રાગ-દ્વેષની દશા, પરને હું કરું, પરથી મારામાં થાય એવો મિથ્યાત્વભાવ અને ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિનું રાગનું પરિણમન કે દ્વેષનું, જીવ પોતે એકલો પરની અપેક્ષા વિના કરે છે. સમજાણું કાંઈ?

‘**પરંતુ પુદ્‌ગલકર્મ તો રાગાદિરૂપે કદી પરિણમી શકતું નથી;...**’ પુદ્‌ગલનો ઉદય એના ચારિત્રમોહના, ચારિત્રમોહપણાનો જે રાગાદિ હોય જડનો એ પણે થાય, પણ જીવના રાગાદિપણે પુદ્‌ગલની પર્યાય થાય એમ કોઈ દિ’ બનતું નથી. કહો, બે ભેગા થઈને કામ થયું કે નહિ? આ એક લાકડું છે, જુઓ! એક આંગળીએ નહિ રહી શકે બરાબર, જુઓ! અહીં લટકી જશે. બે આંગળીએ રાખશો તો આમ થઈ જશે. એક થાશે તો આમ પડી જશે, લટકી જશે. આ લખવાનું હોય લખવાનું, લ્યો! એક આંગળી આમ છોડી દઈને લખવા માંડો. લખાશે? બે આંગળી ભેગી થાય ત્યારે લખાય. પણ આ એક આંગળી છોડી, લ્યો! ભાઈ! એમ નથી. એ આંગળી છે એની વર્તમાન અવસ્થા આંગળી રજકણે કરી છે. આ આંગળીએ આંગળીની કરી છે અને આણે એની કરી છે. ત્રણ ભેગા થઈને આ કામ થાય છે એમ છે નહિ. આહાહા..! એક હાથે થાય તો .. લ્યો. ... કરવો પડે જરી, સમજ્યાને? પાઘડીવાળા, ખબર છે ને? કલોલનો છે. એક હાથે ... એક હાથે .. રાખે અને આમ .. અહીં તો કહે કે એ બધી વાત ખોટી છે. એક હાથ પણ નહિ અને બે હાથ પણ નહિ.

એ પરમાણુ જે લૂગડાના કપડાના છે એનો સ્વતંત્ર પર્યાય ત્યાં થઈને સ્કંધનો એ પર્યાય ત્યાં થાય છે. હાથને લઈને નહિ, બીજા હાથને લઈને નહિ, આંગળીને લઈને નહિ. આહાહા..!

આ ભારે ભાઈ! કહો, આમ છેડો રહી ગયો હોય તો નાખે કે નહિ પાછળ? થોડા થોડો.

મુમુક્ષુ :- કોણ નાખે?

સમાધાન :- એનો હાથ નાખે. આહાહા..! ભારે વાત, ભાઈ! આ દુનિયાથી જુદું બહુ. પણ છેડો થોડો વધ્યો હોય તો ત્યાં એમ લટકવા દે? ચડાવી દે. એમ એક આંગળી કામ કરે? અહીં કહે છે, આંગળી પણ કરતી નથી અને માથું પણ કરતું નથી, સાંભળને હવે! એ વખતના તે એક એક પરમાણુ પોતાની પર્યાયને બીજાની અપેક્ષા રાખ્યા વિના, બે ભેગા થયા વિના એકલો પોતાની પર્યાયને કરે છે. કહો, માંગીરામજી! શું કહે છે? માંગીરામજીને ત્યાં પૂછે છે, ત્યાં શું કહે છે? સોનગઢમાં શું કરે છે? .. કરે છે શું? ત્યાં એમ કહે છે કે એક ખૂણામાં દ્રવ્યકર્મ, એક ખૂણામાં ભાવકર્મ, એક ખૂણામાં નોકર્મ, એક ખૂણામાં આત્મા એમ કરે છે ત્યાં. ચાર ખૂણા. શું કરે છે? ત્યાં એમ બતાવે છે એક બાજુ જડકર્મ, એક બાજુ ભાવકર્મ, એક બાજુ નોકર્મ, એક બાજુ આત્મા. અરે..! ભગવાન! બાપુ! એમ જ છે, ભાઈ! તને ખબર નથી.

ચૈતન્ય સ્વરૂપ આનંદકંદ છે. એની વિકારી દશા તે કૃત્રિમ એક ક્ષણની છે અને કર્મ અને શરીરનો સંબંધ તો એક સમયનો આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. છતાં કોઈ કોઈના કાર્ય કોઈથી થતાં નથી. આહાહા..! ભારે વાત! એ વાત આવી છે. અહીં કહે છે, પુદ્‌ગલકર્મ રાગાદિ રૂપે... તો બે થઈને કરતું હશે એમ કહે છે. ત્યાં જયસેનાચાર્યે દાખલો આપ્યો છે ને? હળદર અને ફટકડી થઈને લાલ રંગ થાય છે. પણ એ બંને ભિન્ન ભિન્ન થાય એમ કહે છે. ત્યાં પણ હળદરનો બીજે સમયે લાલ થયો, ફટકડીનો બીજે સમય લાલ થયો. પણ લાલે લાલ બે ભિન્ન થયા છે. બે ભેગા થઈને લાલ થયા છે એમ નથી. અરે.. અરે..! પ્રભુ! ભારે કરે છે.

**'તેથી પુદ્‌ગલકર્મનો ઉદય કે જે રાગાદિપરિણામને નિમિત્ત છે...'** જડકર્મનો ઉદય દર્શનમોહાદિ, ચારિત્રમોહાદિ એ આત્મા વિકારપણે થાય તેમાં એ કર્મનો ઉદય નિમિત્ત છે. **'તેનાથી જુદું જ જીવનું પરિણામ છે.'** એ કર્મના ઉદયની જડ પર્યાયથી આત્માના વિકારી પરિણામ તદ્દન કર્મના ઉદયથી જુદા પરિણામ છે. નિમિત્તની વ્યાખ્યા-બીજી ચીજ છે એટલી વાત. પણ એને લઈને અહીં વિકારી છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'આત્માનાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે-તે હવે નયવિભાગથી કહે છે :-'** આટલી વાત કરીને હવે વિકલ્પનું બતાવીને વિકલ્પ છોડાવવા માગે છે.

**जीवे कम्मं बद्धं पुट्ठं चेदि ववहारणयभणिदं।**
**सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं।।१४१।।**

**છે કર્મ જીવના બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;**
**પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

ત્યારે એમ કહેવામાં આવ્યું કે અશુદ્ધનિશ્ચયથી જીવ વિકાર પરિણામનો કર્તા છે અને પરકર્મ એને કરે છે તે વ્યવહારનયથી કહેવામાં આવે છે. ત્યારે કહે, એ અશુદ્ધનિશ્ચયનય નિશ્ચય નથી, વ્યવહાર છે. એ અશુદ્ધ નહિ, નિશ્ચયથી તો અબદ્ધ છે. પણ એ તો દ્રવ્યની અપેક્ષાએ અબદ્ધ કહેવું છે. ઓલું તો પર્યાયની અપેક્ષાએ... ભાઈ! પરને આશ્રયે વિકાર કરે છે એ નિશ્ચય છે. એમ અહીં પહેલું સિદ્ધ એ કર્યું છે. હવે તો આમ તદ્દન નિશ્ચય અબદ્ધ છે એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

કર્મ જીવને વિકાર કરાવે એમ કહેવું એ નિમિત્તનું વ્યવહારનું કથન છે. એટલે કે એમ નથી પણ નિમિત્ત છે. જીવ પોતે જ પોતાના પરિણામને અશુદ્ધ નિશ્ચયથી ત્રિકાળની અપેક્ષાએ તેને વ્યવહાર કહેવાય. પણ પરની અપેક્ષાએ અશુદ્ધનિશ્ચય તેનો નિશ્ચય વિકાર કરવાનો ભાવ એનાથી થયો માટે અશુદ્ધ નિશ્ચય કહેવાય. એમ જ્યારે સિદ્ધ કરવું હોય ત્યારે કહે, નહિ. નિશ્ચયથી તો અબદ્ધ છે. તમે નિશ્ચયથી બદ્ધ કહો તો વ્યવહારથી બદ્ધ છે. પણ કઈ અપેક્ષા છે એની? ઓહોહો..! સમજાણું?

'**ટીકા :- જીવ...**' ભગવાન આત્મા... ૧૪૧. '**અને પુદ્‌ગલકર્મના...**' પુદ્‌ગલ એ કર્મ છે જડ. કર્મ છે તો પુદ્‌ગલની એક પર્યાય છે. '**પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી...**' એને નિમિત્ત કર્મનો સંબંધ છે એવી એક બંધની અવસ્થાથી જોતાં '**તેમને તે કાળે ભિન્નતાનો અભાવ હોવાથી...**' એને બંધ પર્યાય છે. ખરેખર તો બંધ પર્યાય છે આમ. એટલું. બંધની પર્યાય છે તેને નિમિત્તપણે જડ કર્મ છે. એને સંબંધથી જોતા તેનો અત્યંત અભિન્નતાનો અભાવ છે. કારણ કે અત્યંત અભિન્ન પર્યાયમાં ક્યાં છે? પર્યાયમાં તો રાગદ્વેષ છે અને પર્યાયમાં કર્મની સાથે નિમિત્ત સંબંધ છે. પર્યાયદૃષ્ટિએ વ્યવહારનયે અસદ્‌ભુત વ્યવહારનયે કર્મનો સંબંધ છે. અને અશુદ્ધ નિશ્ચયનયે ભાવ વિકારનો સંબંધ છે. તેને સદ્‌ભુત વ્યવહાર પણ એના અંશની અપેક્ષાએ કહીએ. એની સાથે વિકારનો સંબંધ છે.

'**જીવમાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે એવો વ્યવહારનયનો પક્ષ છે.**' વ્યવહારનયથી એમ જણાય કે આ બદ્ધપણું છે એટલું. ધ્યાન રાખજો! '**જીવના અને પુદ્‌ગલકર્મના અનેકદ્રવ્યપણાથી...**' અનેક દ્રવ્યપણાથી. હવે દ્રવ્ય જુદા લીધા છે. ઓલું તો બંધની પર્યાયનું સમીપપણું ભાઈ, લીધું છે. '**જીવના અને પુદ્‌ગલકર્મના અનેક દ્રવ્ય...**' જીવ જુદું દ્રવ્ય છે, પુદ્‌ગલકર્મ જુદું દ્રવ્ય છે. એને '**અનેક દ્રવ્યપણાથી જોતાં...**' દ્રવ્યના જુદાપણાથી જોતાં '**તેમને અત્યંત ભિન્નતા હોવાથી...**' કર્મને અને રાગના સંબંધને આત્માને બિલકુલ જુદાઈ છે. સમજાણું

કાંઈ?

**'તેમને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે.'** નિશ્ચયનય કહે છે કે સ્વઆશ્રય દૃષ્ટિ, દ્રવ્યની દૃષ્ટિએ કહે છે કે એ આત્મા રાગ અને કર્મના સંબંધ વિનાનો છે. વ્યવહારનય કહે છે કે રાગ અને કર્મના સંબંધવાળો છે. બેય ભેગું લીધું. સાંભળ્યું ને? વાત થઈ હતી થોડી. અમારે પંડિત તો .. કાંઈ બોલ્યા નહિ. બેય બેય. ભાવકર્મ છે એ પણ ખરેખર બંધ છે એ વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ. અને કર્મનો સંબંધ કહેવો એ અસદ્ભુત વ્યવહારનયે વર્તમાન અસદ્ભુત વ્યવહારનયનો સંબંધ છે. વસ્તુદૃષ્ટિએ જોઈએ તો ભાવબંધ પણ નથી અને દ્રવ્યબંધ પણ નથી. સમજાણું કાંઈ?

**'પણ તેથી શું?'** આહાહા..! અહીં સુધી આવ્યો તો પણ શું? કહે છે. શું કહે છે? બીજી તો વાત એક કોર રહી ગઈ. બીજાને બચાવી શકું, મારી શકું એ તો તારામાં છે નહિ. બીજા તને બચાવે કે મારે એવું પણ તારામાં પરથી છે નહિ. હવે તારામાં આટલું આવ્યું કે આ કર્મનો સંબંધ અને વિકારનો સંબંધ છે એક નયે, વર્તમાન પક્ષની દૃષ્ટિએ. અને ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ તેને રાગ અને પરનો સંબંધ નથી. એટલું આવ્યું. તો પણ તેથી શું? એમાં એને સમ્યગ્દર્શન ક્યાં થયું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. એમ કહે છે ઈ. એથી શું? એથી આત્માનું કાર્ય શું સિદ્ધ થયું? સમજાણું કાંઈ?

**'જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે, એમ હવે ગાથામાં કહે છે :-'** લ્યો! આત્મા એને કહીએ, શુદ્ધ આત્માની પ્રાપ્તિ એને કહીએ કે આ કર્મનો સંબંધ અને રાગનો સંબંધ છે એવો એક પક્ષ વિકલ્પ છે. એ અને એક આત્મા કર્મના સંબંધ વિનાનો છે નિશ્ચયથી એવો પણ એક વિકલ્પ જે પક્ષ છે, પક્ષ છે. પક્ષ, હોં! પક્ષ છે કે હું અબદ્ધ છું.. અબદ્ધ છું એવો એક રાગનો પક્ષ. એ પક્ષથી આત્માનું હિત શું? સમજાણું કાંઈ? પરનું તો ક્યાંય રહી ગયું એક કોર. પરનું કરું, પરની દયા પાળું, પરનું હિત કરી દઉં, પરને સુધારી દઉં, પરને બગાડી દઉં, પરથી ભલુ-ભૂંડુ મારામાં થાય, એ તો ક્યાંય રહી ગયું. એ તો છે નહિ.

ભલુ-ભૂંડાનો અર્થ કે પરપદાર્થની ક્રિયા થાય છે એ મને સુખરૂપ છે. એથી મને સુખરૂપ થાય છે. અને પરની ક્રિયા થાય તેમાં મને દુઃખરૂપ છે. એ વાત જ ખોટી છે. પરના કારણે સુખી નથી અને પરને કારણે દુઃખી નથી. એની કલ્પનામાં માન્યું છે કે મને આને લઈને

ઠીક પડ્યું અને આ ઠીક નહિ અને આ ઠીક. હવે એ વાતને અહીં તો જતી કરી. હવે અહીં તો પોતામાં સંબંધના બે પ્રકાર લીધા. પરના સંબંધની વાત તો છોડી દીધી. સમજાણું કાંઈ? જુઓ! કર્તાકર્મમાં ક્યાં લાવ્યા!

ભાઈ! આ આત્મા છે ને, એ અનંત ગુણ સંપન્ન મુક્ત સ્વરૂપ (છે). દ્રવ્યથી દ્રવ્ય જુઓ તો મુક્ત સ્વરૂપ જ છે. એટલે કે એને રાગ અને કર્મનો સંબંધ વસ્તુને છે નહિ. વસ્તુ જોઈએ, દ્રવ્ય જોઈએ, પદાર્થ જોઈએ તો એ પદાર્થને રાગ, દયા, દાન, પુણ્ય-પાપના વિકલ્પો એ તો ક્યાંય ગયા. અહીં તો હું બદ્ધ છું એવો જે વિકલ્પ-બદ્ધ છું, એ પણ નિશ્ચયથી તો છે નહિ. વ્યવહારથી પરની અપેક્ષા આવી અને રાગ અને કર્મથી સંબંધ છે એવો એ સત્ છે. એમાંયે આત્માને લાભ નથી. અને અબદ્ધ છે આત્મા, પરથી ભિન્ન છે એવો પણ અબદ્ધનો એક વિકલ્પ જે રહી ગયો પક્ષનો, એથી પણ આત્માનું હિત શું? સમજાણું કાંઈ? આહા..!

'**પણ તેથી શું?**' એમ છે ને? '**ततः किम्**' એમ શબ્દ છે. માથે સંસ્કૃત (છે). આટલા સુધી આવ્યો પણ તેથી આત્માનું હિત શું? અને આત્માની શાંતિ એમાં ક્યાં આવી? એટલે કે આટલે આવ્યો છતાં એને ધર્મ ક્યાં આવ્યો? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! ૧૪૨.

**कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं।**
**पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो।।१४२।।**

નીચે હરિગીત.

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**
**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે.૧૪૨.**

આહાહા..! કર્તાકર્મમાં લાવી લાવીને ક્યાં લઈ ગયા, જુઓ! એનો સરવાળો લાવ્યા અહીં.

'**ટીકા :- જીવમાં...**' અસ્તિરૂપે-વસ્તુરૂપે છે પણ એને કર્મનો બદ્ધ છે. સંબંધ છે, સંબંધ છે. '**એવો જો વિકલ્પ...**' એવો જે વિકલ્પ નામ રાગનો અંશ, કષાયનો અંશ. સમજાણું કાંઈ? એ પણ એક કષાયનો અંશ છે. '**તથા જીવમાં કર્મ અબદ્ધ છે...**' જીવમાં જીવ દ્રવ્યને-વસ્તુને કર્મનો સંબંધ જ નથી. સંબંધ છે એવો એક વિકલ્પ અને સંબંધ નથી એવો એક રાગનો વિકલ્પ એ પણ કષાયનો એક અંશ છે. સમજાણું કાંઈ?

'**તે બન્ને નયપક્ષ છે.**' એ નયનો પક્ષ છે. નિશ્ચયનો અબદ્ધસ્પૃષ્ટનો વિકલ્પ, વ્યવહારનો બદ્ધસ્પૃષ્ટનો વિકલ્પ. આટલું જ્યાં સુધી છે ત્યાં સુધી તો એ રાગનું કાર્ય આત્મા કર્તા અને રાગ કાર્ય એનું, એવા નયપક્ષમાં (રહે છે) તો ત્યાં સુધી તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આમ કર્મના સંબંધમાં વિકારપણે છે કે સંબંધપણે છે એટલે એક

રાગનો અંશ એ વ્યવહારનયના પક્ષનો. અને સંબંધ વિનાનો છે, અબદ્ધ છે, અબદ્ધ છે, દ્રવ્ય અબદ્ધ છે એવો પણ એક રાગના પુણ્યનો શુભરાગનો વિકલ્પ. છે આ બધો શુભરાગ, હોં! સમજાણું કાંઈ? પણ આત્મા એ શુભરાગરૂપે ક્યાં છે? બેય વિકલ્પ શુભરાગ છે, એમ કહે છે. કષાયનો અંશ છે બેય. બહુ ઝીણું. માણસને (એમ થાય) આ બધું? હજી માંડ માંડ દયા પાળતા હોય, ભક્તિ કરતા હોય, પૂજા કરતા હોય, વ્રત પાળતા હોય એમાંથી કહે છે કે એ બધા તારા રાગ છે. એ ધર્મ નથી. સાંભળ! એ તો ધર્મ નથી પણ આત્માના આગણાંમાં આવી અને એના સંબંધીના બે પ્રકારના રાગના અંશો રૂપ વિકલ્પ, આ સંબંધમાં છું અને સંબંધ રહિત છું. બસ! આટલે આવ્યો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત ચૈતન્યરસકંદ પ્રભુ, એને પર્યાયમાં સંબંધ છે કર્મનો કે રાગનો, વસ્તુમાં સંબંધ નથી, વસ્તુને સંબંધ નથી. એટલે આંગણે આવ્યો ત્યાં પણ એ વિકલ્પ અને રાગનો અંશ છે. એ કાંઈ સમ્યગ્દર્શન નથી, એને આત્મા કહેતા નથી. અહીં ઉભો હોય ત્યાં સુધી એને આત્મા કહેતા નથી, એમ કહે છે. રાજમલજી! એને હજી ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન કહેતા નથી, એમ કહે છે. એને ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ કહેતા નથી. સમ્યગ્દૃષ્ટિમાં તો વિકલ્પરહિત આત્મા દૃષ્ટિમાં અનુભવમાં આવે એવો એ આત્મા છે. આવા વિકલ્પવાળો આત્મા નથી. સમજાણું કાંઈ?

**'જે તે નયપક્ષને અતિક્રમે છે (–ઓળંગી જાય છે, છોડે છે),...'** પણ તે બદ્ધ છે એવું જ્ઞાન વ્યવહારે રાગ સહિતનું જ્ઞાન અને અબદ્ધ છે એવું રાગસહિતનું જ્ઞાન, પરલક્ષીમાં રાગસહિત ઉભો છે એને ઓળંગી જાય છે. **'તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો...'** અબદ્ધ છે, બદ્ધ છે. અહીં તો આગળ કહેશે કે બદ્ધ નથી એવો નિશ્ચયથી તો અમે કહેતા આવ્યા છીએ. પણ આ તો અબદ્ધ છે એવો વિકલ્પ છોડ, નહિતર અનુભવ નહિ થાય એમ કહે છે. એ આગળ કહેશે. સમજાણું કાંઈ? આ છે એમના જ અર્થમાંથી. કર્મથી બંધાયેલામાં. ભાવાર્થ છે ભાવાર્થમાં. ઓલા ભાવાર્થમાં. વ્યવહારનયને ગૌણ કરીને, શુદ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. એ તો પહેલેથી અમે કહેતા આવ્યા છીએ કે કર્મ અને રાગને ગૌણ કરી આત્મા પરથી ભિન્ન છે. એ તો પહેલેથી કહેતા આવ્યા છીએ. સમજાણું? પણ હવે એ આત્મા વ્યવહારપક્ષથી છૂટો બતાવ્યો પણ નિશ્ચયપક્ષથી અબદ્ધ છે.. અબદ્ધ છે એવા પક્ષમાં પણ વિકલ્પમાં જો ઊભો રહ્યો તો આત્મા હાથ નહિ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાંય .. થયો નથી જરીયે. ... સવારમાં આવ્યું ને? ... થયો નથી હજી આ વિકલ્પ છે ત્યાં સુધી, એમ કહે છે. ભેદજ્ઞાનમાં આવ્યું નહોતું? ભેદજ્ઞાનમાં પરદ્રવ્યથી

ભિન્ન પરદ્રવ્યથી ભલા-ભુંડા થવાની બુદ્ધિથી રહિત થયેલો, એમાં વિકલ્પ રહ્યો નહિ.

કહે છે કે ભાઈ! ભગવાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરે જે આત્મા જોયો એ આત્મા એવો જોયો એવો છે. કેવો? કે જે અબદ્ધ અને બદ્ધના રાગરહિત એ આત્મા છે. સંબંધ અને સંબંધ રહિત. સંબંધ તો નથી ખરેખર અને સંબંધ રહિત, સંબંધ રહિત એવો જે રાગનો અંશ વિકલ્પ છે ત્યાં સુધી એને રાગનું કાર્ય મારું અને હું એનો કર્તા, ત્યાં રોકાણો છે ઈ. સમજાણું કાંઈ?

'**તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો...**' અબદ્ધ છું તેવા વિકલ્પને પણ ઓળંગતો થકો. ઓળંગું છું એ પણ એક વિકલ્પ (છે). એમ નહિ. ઓળંગ્યો થકો. હું સાધુ છું એવો પણ એક વિકલ્પ, એને ઓળંગીને, ભારે વાત, ભાઈ! કહો, માંગીરામજી! શું છે? વાત સાંભળી છે પહેલા ત્યાં ક્યાંય? અહીંયા સાંભળી? ક્યાંય નથી આવી વાત? અરે..! ભાઈ! તું તારામાં છો એવા વિકલ્પમાં પણ તું નથી. આહાહા..! હું એક અબદ્ધ છું... અબદ્ધ છું... અબદ્ધ છું... અબદ્ધ છું... એટલે કે મુક્ત છું. બદ્ધ છું વ્યવહારથી, મુક્ત છું અબદ્ધ નિશ્ચયથી. પણ મુક્ત છું એવો પણ એક વિકલ્પ ઉઠે છે ત્યાં સુધી એને મુક્ત દ્રવ્યની પર્યાય નથી. વિકારી પર્યાય છે તેમાં પોતાનું અસ્તિપણું માન્યું છે. સમજાણું કાંઈ? આ તો હજી પૂજા, ભક્તિ, દયા, દાન, વ્રત એવા પરિણામ કરતાં કરતાં એને મોક્ષ થાય, એને સમ્યગ્દર્શન થાય. આવું કરે તો સમ્યગ્દર્શન થાય ને. પહેલું સાધન તો જોઈએ ને (એમ) કહે છે. અરે..! ભગવાન! એ ક્યાં સાધન હતા? અહીં તો અબદ્ધસ્વરૂપ (છું) એવો વિકલ્પ પણ સાધન નથી, એમ કહે છે. આહાહા..!

કાલે જ આવ્યો હતો સાધુ. બહુ નામ સાંભળેલું ખરું ને. જ્યાં વાત ચાલવા માંડી... કીધું, ભાઈ! માર્ગ બીજો છે. આ બધું કરતાં કરતાં.. વ્રત પાળીએ છીએ ને આ કરીએ છીએ, એ બધું ખોટું છે. વ્રત-ફ્રત છે જ નહિ. સમ્યગ્દર્શન વિના વ્રત હોય નહિ. સ્વરૂપ ક્યાં છે એના ભાન વિના સ્થિરતા એમાં હોય નહિ. માટે આ બધા સાધન છે અને એનાથી પમાય એ ભ્રમમાં પડેલો છે. ના, ના. એ તો સાધન (છે), સાધન કરતાં કરતાં (થાય). એકદમ થઈ જાય છે? અરે..! ભગવાન! આવ્યો તો ખરો હિંમત કરીને. પહેલે દિ' આવ્યો ત્યારે વખત નહોતો. બીજે દિ' આવ્યો. આ વાત ક્યાં..

સમરસી સ્વરૂપ આત્મા છે. આત્મામાં ચારિત્રગુણ છે એટલે સમરસી વીતરાગ સ્વરૂપે પ્રભુ આત્મા છે. અત્યારે હોં! એમાં આ અબદ્ધ સ્વરૂપ એવો વિકલ્પ છે એ તો રાગ છે. બદ્ધ છું એ તો કાઢી નાખ્યું, પહેલેથી કરતા આવ્યા છે. અબદ્ધ છે... અબદ્ધ છે... અબદ્ધ છે... મુક્ત છે, શુદ્ધ છે, એક છે, અભેદ છે, એવો પણ વિકલ્પ નામ રાગનો અંશ રહે

છે તો એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. કેમ કે વિકલ્પ એ રાગનો અંશ એ વસ્તુમાં નથી. એથી વસ્તુની પ્રાપ્તિ એ રાગનું લક્ષ છોડીને અંતર અભેદ ચૈતન્યનું પરિણમન કરે ત્યારે તેને નિર્વિકલ્પતા થાય છે. એ નિર્વિકલ્પતા તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ છે. ઓહોહો..! સમજાણું કાંઈ? મોટા સમાજમાં તો સાંખ્યા જાય નહિ. આ બધું માન્યું હોય ... એય..! ઝઘડા ભગવાન સાથે કર, ભાઈ! આહા..!

અરે..! પ્રભુ! શું કરે છે? ભાઈ! એ ચૈતન્ય વસ્તુ છે એ તો જ્ઞાયકનો ગોળો, શાંતરસનો પિંડ, આનંદનો કંદ એ છે. એમાં આ અબદ્ધ એવા વિકલ્પનો અંદર અવકાશ ક્યાં છે? એકલું ઠરેલું ઠરેલું બિંબ શાંત આત્મા, અબદ્ધ એવો વિકલ્પ પણ ત્યાં એને નડે છે. ખટકે છે ઈ. શાંતિને પ્રાપ્ત થવામાં એ વિકલ્પ પણ ખટકે છે. ખટકે સમજાય છે? ખટકે છે. ખટકવું. ખટકે શબ્દ નથી તમારામાં? ખટકવું. હિન્દી છે. ખટકે છે, ખટકે છે.

ભગવાન આત્મા આહાહા..! કેટલી એને ધીરજ જોઈએ! કેટલી એને અભિમાનતા રહિત જોઈએ. સ્વભાવને સંભાળવા જવામાં કેટલી ધીરજ જોઈએ. સમજાણું કાંઈ? અબદ્ધ છું એવું ક્ષયોપશમજ્ઞાનમાં આવ્યું, વિકલ્પ આવ્યો. જુઓ! જ્ઞાનમાં આવ્યું. એવો ખ્યાલ આવ્યો જ્ઞાનમાં. અબદ્ધ છું. એ ખ્યાલ અને ખ્યાલ સહિતનો વિકલ્પ, બેયને ઓળંગીને અંતર જા ત્યારે નિર્વિકલ્પ થા, એમ કહે છે. સમજાણું કાંઈ? નય છે ને? જ્ઞાનનો અંશ છે ને? એની સાથેનો વિકલ્પ છે. જ્ઞાનમાં આ અબદ્ધ છે.. અબદ્ધ છે.. એવો ક્ષયોપશમભાવ, એની સાથેનો વિકલ્પ અબદ્ધ છું. કહે છે કે એ દિશાને ફેરવ. એ દિશા પર તરફની છે, એ દિશા પર તરફની છે તેમાં સ્વ તરફની દશામાં એ કારણ નથી. સમજાણું કાંઈ?

**'તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો...'** એ પણ પરસન્મુખનું જ્ઞાન અને પરસન્મુખનો વિકલ્પ છે. બેય છે ત્યાં સુધી એને મનના સંગનો સંબંધ છે. સમજાણું કાંઈ? એવા સંબંધને અતિક્રમ્યો થકો. એનું લક્ષ છોડીને ભગવાન સમરસી અભેદ સ્વરૂપ છે, તેને લક્ષે ગયો થકો નિર્વિકલ્પ, **'પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...'** આ વાત કેટલાક એવું કહે છે કે આ તો કોઈ બારમા ગુણસ્થાનની વાત છે. અરે..! ભગવાન! અત્યારે કર્તાકર્મ અધિકારની વાત છે. કર્તાકર્મ છોડાવે છે પરનું એ ભૂમિકાની તો વાત છે. શું થાય? સમ્યગ્દર્શન તો એવું માની લીધું કે આપણે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, જાવ સમકિત.

અહીં તો કહે છે કે એ તો સમકિત નહિ પણ એ દેવ-ગુરુ-શાસ્ત્ર એક કોર રહી ગયા. આત્મા અબદ્ધ છે-અબદ્ધ છે એમ જે ભગવાને કહ્યું નિશ્ચયથી. એવું જ્યાં લક્ષ કરીને પણ, જેનો પક્ષ રહી જાય છે રાગમાં કે હું અબદ્ધ છું... અબદ્ધ છું... અબદ્ધ છું... ત્યાં સુધી પણ તેની ભૂમિકામાં મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? જે તે નયપક્ષને ઓળંગે છે. જે

જીવ તે નયપક્ષને છોડે છે, જે તે નયપક્ષને છોડે છે '**તે જ સકળ વિકલ્પને અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ,...**' એટલે ઓલા રાગ વિનાનો. વસ્તુ શું? એક '**વિજ્ઞાનઘનસ્વભાવરૂપ...**' વિજ્ઞાનઘન, જ્ઞાનઘન, જ્ઞાનરસ, જ્ઞાન પૂર્ણ. એ '**વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે.**' સાક્ષાત્ નિર્વિકલ્પ વેદન થાય ત્યારે એને સાક્ષાત્ આત્માને અનુભવ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેને આ હજી ખબરુંય નથી કે આ રીતે વિકલ્પ અબદ્ધનો હોય ત્યાં સુધી ધર્મદષ્ટિ નથી. એવું સાંભળવા મળતું નથી, હવે એને ધર્મ થાય એમ માનવું છે. કહો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે અત્યારે ખોટું પડ્યું. અત્યાર સુધી તો થાતું હતું. એકલું .. કાઢે છે. અત્યાર સુધી થાતું હતું. હવે ખોટું થયું. પણ થાતું હતું ખોટું. આહાહા..!

દિવ્ય શક્તિવાન હું છું એવો વિકલ્પ પણ તને નુકસાનકારી છે, એમ કહે છે. આહાહા..! ત્યાં હજી રાગના પક્ષમાં ઉભો છે. ભગવાન આત્મા તો પક્ષાતિક્રાંત છે. તે સાક્ષાત્ સમયસાર થાય છે. આત્મા આત્માપણે પરિણમ્યો, રાગ રહિત નિર્વિકલ્પ થઈને ઠર્યો, એને આત્મા કહેવામાં આવે છે. રાગસહિત હતો ત્યાં સુધી આત્મા નહિ. રાગનો કર્તા થઈને વિકલ્પના પક્ષમાં હતો ત્યાં સુધી આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી મોટા મોટા કામ કરવા છે. પાણીના આમ ફેરવવા છે ને ડુંગરા તોડવા છે. બધું જીવ કરે છે. સમજાણું કાંઈ? અરે.. ભગવાન!

મુમુક્ષુ :- બે ઉપાદાન થઈને એક કાર્ય કરે.

ઉત્તર :- બે ઉપાદન થઈને એક કામ કરે. પાછું એક. આ તો બધું ખોટું પડી ગયું છે. બે દ્રવ્યની એક પર્યાય? કહે, હા. બે દ્રવ્યની એક પર્યાય. પાછી સિદ્ધ કરશે આગળ. બે દ્રવ્યની એક પર્યાય. બે ઉપાદાન થઈને એક કાર્ય (થાય). જાગ્યા છે ને પણ. પ્રભુ! કોઈ ન મળે. હાજરી ન મળે, જગતની એટલી લાયકાત ન મળે. વીતરાગના માર્ગમાં આવું ચાલે? પણ ચાલે છે ને? માર્ગમાં નથી ચાલતું, હોં! બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન પરમેશ્વર અરિહંતને, એવા પરમેશ્વરને જાણવા, માનવા એ તો કહે છે કે એવો એ જે છે એ આત્મા છે. તો હું કોણ? વિકલ્પ વિનાનો આત્મા છે એમ પરિણમીને પરિણમે ત્યારે તેને આત્મા કહેવામાં આવે છે. એને ભગવાને આત્મા એવો જોયો છે એનો. કે આનો આત્મા આવો છે. એવો એણે જાણ્યો અને જોયો ત્યારે એને આત્મા થયો. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ, જેના કેવળજ્ઞાનમાં 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' આવે છે ને? સાંજ-સવાર બોલે બહુ મંગળિકમાં. હોંકે રાખે

ગાડા. અર્થની કાંઈ ખબર ન મળે. એય..! માંગીરામજી! કેટલા વર્ષ થયા? ૫૦-૫૦ વર્ષથી શીખ્યા હશો ચત્તારી મંગલં, અરિહંતા મંગલં. પણ એટલે શું?

ભાઈ! અરિહંતનું જે સ્વરૂપ છે પૂર્ણ વીતરાગદશા, પૂર્ણ કેવલદશા એ અરિહંતનું સ્વરૂપ છે. એના જેવો હું થવાને લાયક છું એવી ક્યારે દૃષ્ટિ થાય? એ વિકલ્પથી રહિત થઈ દ્રવ્યની અંતર દૃષ્ટિ દ્રવ્યને સ્પર્શે, નિર્વિકલ્પ થાય ત્યારે એને થાય કે હું સર્વજ્ઞ થવાને લાયક હું આત્મા (છું). અલ્પજ્ઞ અને રાગ રહેવાને માટે હું લાયક છું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કેમ કે ભગવાન આત્મા એકલો વિજ્ઞાનઘન કેમ કીધો અહીંયાં? ઓલો વિકલ્પ છે ને એ તો આમ અસ્થિરતા કરે છે. હું અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું, અભેદ છું, એવો જે વિકલ્પ રાગ નયપક્ષ છે ને, એ આત્મામાં ચળપણું, અસ્થિરપણું લાવે છે. એ અસ્થિરપણું એ કાંઈ એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એવા વિકલ્પને જે અતિક્રમ્યો થકો પોતે નિર્વિકલ્પ **'એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને...'** વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને. ઓલો વિભાવ હતો. વિકલ્પ જે હતો એ વિભાવ હતો, રાગ હતો. આટલું બધું છૂટી જાય તો થઈ રહ્યું. વીતરાગ થઈ જાય કેવળી. અત્યારે એ વાત ક્યાં છે? અહીં તો વસ્તુની રાગરહિત વસ્તુ છે તેવી દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો. હજી રાગ બાકી છે. પણ બાકી છે આમાં (સ્વરૂપમાં) નથી એમ અનુભવમાં આવ્યો. હવે પછી સ્વરૂપમાં આ આવો છે, એમાં ઠરતા ઠરતા પેલી અસ્થિરતા ટળીને એકલો વીતરાગ થઈ જશે. પણ આવો જ્યાં અનુભવ નથી ત્યાં વીતરાગ થવાના પ્રયાણ અને પંથ જ જ્યાં નથી. સમજાણું કાંઈ? '**(વિશેષ સમજાવવામાં આવે છે કે)-** ' બહુ મુદ્દાની રકમ છે, શોભાલાલજી! સવારમાં આમ કાનપુરમાં ૨૫-૨૫ હજાર, ૫૦-૫૦ હજાર સવારથી સાંજ સુધી આવે ત્યાં થનગનાટ થનગનાટ. લાવો, લાવો, લાવો. .. લાખ રૂપિયા લઈ જાવ, .. એમ કહે. ભારે પણ. હુશિયાર ઘણાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત એ છે. એ તો એને કારણે ચીજ આવે, એને કારણે જાય. આત્મા તો જાણનારો તે કાળે તે પ્રકાર જાય-આવે છે તેનું તે પ્રકારે જ્ઞાન કરનારો છે. એ રાગ છે ઈ એના સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ ભગવાન એવા અબદ્ધ આદિ વિકલ્પથી પણ છૂટીને સ્વરૂપને સ્પર્શે, રાગમાં સ્પર્શે છે ત્યાં સુધી આત્મા નહિ, કારણ કે રાગ તે અણાત્મા છે. અણાત્મા આવો આત્મા, આવો હું આત્મા એમ વિકલ્પના પક્ષમાં રહે ત્યાં સુધી પણ એ અણાત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? સાક્ષાત્ સમયસાર એમ લીધું. સાક્ષાત્ એટલે કેવળજ્ઞાન થઈ ગયું. સમયસાર દ્રવ્ય તો હતું. પર્યાયમાં સમયસાર થયો એમ કહે છે હવે. વસ્તુ તો હતી. વસ્તુ તો વસ્તુ

છે ત્રિકાળ જેમ છે એમ છે. પણ પર્યાયમાં-અવસ્થામાં રાગનું કર્તૃત્વ સ્વીકારીને ત્યાં ઊભો હતો ત્યાં સુધી સમયસારનું પરિણમન સાક્ષાત્ નહોતું. શક્તિરૂપે, દ્રવ્યરૂપે, ગુણરૂપે તો છે જ, પણ એનો પત્તો લાગ્યો જ્યાં ત્યારે એને સમયસાર.. ઓહો..! આ સાક્ષાત્ સમયસાર પ્રભુ એકલો વિજ્ઞાનઘન સ્વરૂપ છે. એવી નિર્વિકલ્પ દૃષ્ટિ થવી અને તેમાં આત્માનો અનુભવ થવો એને ભગવાન સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ કહે છે. કહો, સમજાણું કાંઈ?

આવા સમ્યક્ ચૈતન્યના પૂર્ણ સ્વભાવના જાગૃતિની નિર્વિકલ્પ દશાના ભાન વિના જે કાંઈ કરવામાં આવે એનું કર્તાબુદ્ધિપણું ટળે નહિ અને સ્વરૂપની પ્રાપ્તિ થાય નહિ. લાખ કરતો હોય. વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, દાન કરે, શાસ્ત્ર રચે, શાસ્ત્ર બનાવે. વિકલ્પથી. બનાવે શું, વિકલ્પ (કરે). એમાં આત્મા નથી, ભાઈ! સમજાણું કાંઈ?

**'જે જીવમાં કર્મ બદ્ધ છે એમ વિકલ્પ કરે છે...'** ભગવાન વસ્તુ છે, વસ્તુ છે. મહાસત્તા સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ, એને કર્મનો સંબંધ છે એવો એક રાગનો વિકલ્પ કરે છે. **'તે જીવમાં કર્મ અબદ્ધ છે એવા એક પક્ષને અતિક્રમતો હોવા...'** એક પક્ષમાં ઉભો છે વ્યવહારમાં. નિશ્ચયપક્ષ એનામાં અત્યારે નથી. **'છતાં વિકલ્પને અતિક્રમતો નથી;...'** નિશ્ચય એક પક્ષને છોડતો છતાં, નિશ્ચયનો એક પક્ષ અબદ્ધ છું એના લક્ષમાં અત્યારે નથી. વ્યવહારના પક્ષમાં છે વિકલ્પમાં. છતાં નિશ્ચયનો વિકલ્પ નથી, છતાં તે વિકલ્પાતીત થયો નથી. સમજાણું કાંઈ?

**'અને જે જીવમાં કર્મ અબદ્ધ છે...'** જરીએ .. વાત. અહીં તો પક્ષમાં હું વિકલ્પ છું એટલો પક્ષ છે. ત્યાં એ કાળે અબદ્ધના પક્ષનો વિકલ્પ નથી. એટલે જાણે અબદ્ધના પક્ષને જાણે ઓળંગી ગયો છે. એ ખરેખર ઓળંગી નથી ગયો, એમ કહે છે. અહીં ઊભો છે. બદ્ધ છું... બદ્ધ છું. સંબંધ છું... સંબંધ છું... સંબંધ છું... ત્યાં ઊભો છે. સમજાણું કાંઈ? **'એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી;...'** બેય એક સાથે લેશે હોં હજી.

**'અને જે જીવમાં કર્મ અબદ્ધ છે એમ વિકલ્પ કરે છે તે પણ જીવમાં કર્મ બદ્ધ છે એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં....'** અબદ્ધસ્પૃષ્ટના રાગને છોડતો નથી. **'વળી જે જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે એમ વિકલ્પ કરે છે તે,...'** એકસાથે. એ પ્રમાણ લ્યે છે એકસાથે. બદ્ધ છે-સંબંધ છે, સંબંધ નથી. સંબંધ છે, સંબંધ નથી. **'વળી જે જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે એમ વિકલ્પ કરે છે તે, તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો,...'** અબદ્ધ પક્ષને છોડતો નથી,

બદ્ધના પક્ષને છોડતો નથી. **'વિકલ્પને અતિક્રમતો નથી.'** તેથી તે રાગને છોડતો નથી. રાગના પક્કડમાં પકડાઈ ગયેલો છે. આહાહા..!

**'તેથી જે સમસ્ત નયપક્ષને અતિક્રમે છે...'** તેથી જે બધા બદ્ધ અને અબદ્ધ એવા વિકલ્પના લક્ષને, પક્ષને છોડે છે **'તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે;...'** એ તે પ્રકારના રાગથી છૂટી, રાગ વિનાનું સમરસી તત્ત્વ નિર્વિકલ્પ, એવા નિર્વિકલ્પના તત્ત્વને પહોંચે છે, અનુભવે છે, સ્પર્શે છે, વેદે છે. તેને આત્મા થયો, આત્મા પ્રસિદ્ધ થયો એમ કહેવામાં આવે છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. અબદ્ધ અને બદ્ધના પક્ષમાં ઊભો છે ત્યાં સુધી આત્મખ્યાતિ નથી. સમજાણું કાંઈ?

**'જે સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે-અનુભવે છે.'** જે અબદ્ધ અને બદ્ધ બેય પ્રકારના પક્ષના રાગને છોડી સ્વરૂપમાં અંતર પેસે છે એને આત્મા પ્રાપ્ત થાય છે. એ આત્માને અનુભવે છે. એ આત્મા નિર્વિકલ્પ શાંતરસ છે તેને પ્રાપ્ત થાય છે. એને સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહેવામાં આવે છે. અહીંથી શરૂ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૩, ગુરુવાર તા. ૧૨-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૪૨, શ્લોક-૬૯-૭૦, પ્રવચન-૨૨૨**

૧૪૨. એનો ભાવાર્થ. કર્તાકર્મ.

'**ભાવાર્થ :- જીવ કર્મથી બંધાયો છે તથા નથી બંધાયો-એ બન્ને નયપક્ષ છે.**' અહીં તો કહે છે કે આત્મામાં આ કર્મથી સંબંધ રાગાદિ સંબંધ છે એવો એ જ્ઞાનમાં રાગનો પક્ષ છે અને આત્મા જ્ઞાયકસ્વરૂપ અબદ્ધ છે એવો એ જ્ઞાનના નયમાં રાગનો પક્ષ, એ પણ જીવને નુકસાનકારી છે. સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ જે શુદ્ધ સ્વરૂપ વીતરાગ સ્વરૂપ છે આત્મા. એમાં બે નયના જ્ઞાનના પક્ષનો રાગ પણ આત્માને એ કાર્ય મારું અને એનો હું કર્તા. ત્યાં રોકાય ત્યાં સુધી એને આત્માનું જ્ઞાન, વીતરાગી દૃષ્ટિ, સમ્યગ્દર્શન ન થાય. સમજાણું કાંઈ?

આ જાતનું જ્ઞાન કે જીવ વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્ય છે, પરમાનંદની મૂર્તિ છે. એને કર્મનો સંબંધ છે એવો એક વિકલ્પ વ્યવહારનયનો. અને એને સંબંધ નથી, સંબંધ નથી. એકલો જ્ઞાયકભાવ છે એવા અબદ્ધ સ્વભાવનું જ્ઞાન અને એ સંબંધીનો વિકલ્પ. '**તેમાંથી કોઈએ બંધ પક્ષને પકડ્યો, તેણે વિકલ્પ જ ગ્રહણ કર્યો.**' બંધ છે એણે પણ રાગ પક્ષ, પર તરફના જ્ઞાનના ખ્યાલવાળો એક રાગ, એને પકડ્યો. '**કોઈએ અબંધપક્ષ પકડ્યો.**' અબંધ છું, શુદ્ધ છું, ઘણાં બોલ આવશે. વસ્તુ અબંધ છે. વસ્તુ સ્વરૂપ જે ચૈતન્ય છે એ અબદ્ધસ્વરૂપ જ છે. પણ અબદ્ધસ્વરૂપ છે એ બદ્ધથી રહિત છે એમ તો પહેલેથી કહેતા આવ્યા છે. પણ આ બદ્ધપક્ષની સાથે અબદ્ધપક્ષ લેવાનું (કારણ એ) વિકલ્પને અહીં છોડાવવા માગે છે.

'**અબંધપક્ષ પકડ્યો, તેણે પણ વિકલ્પ જ ગ્રહણ કર્યો;...**' આત્મા શુદ્ધ ચૈતન્ય અબંધ સ્વરૂપ છે એવો એ ખ્યાલ કરીને એમાં રાગનો પક્કડ કર્યો. ત્યાં રોકાણો રાગમાં. '**અને કોઈએ બન્ને પક્ષ પકડ્યા,...**' બંધ અને અબંધ બેય રાગના પક્ષને પકડ્યા. જુઓ! આ ધર્મ કેમ અટક્યો છે એની વાત કરે છે. શાસ્ત્રના જાણપણા પણ કર્યા અનંત વાર, કષાયની મંદતા અનંત વાર કરી. સમજાણું કાંઈ? અને બીજાને દેખાડ્યું કે હું કાંઈક જાણું છું, જાણનાર છું એવું દેખાડ્યું. ત્યાં સુધી તો તીવ્ર મિથ્યાત્વ છે.

અહીંયાં કહે છે કે અહીંયા રોકાણો છે અબદ્ધ છું એમાં. બદ્ધ છું એ વિકલ્પ પણ મિથ્યાત્વ છે. વસ્તુ પોતે સાંભળીને એના જ્ઞાનમાં આવી કે આ વસ્તુ છે એ અબંધ છે.

એ વસ્તુ પદાર્થ છે અબંધ છે. એમ એના જ્ઞાનમાં રાગના પક્ષ દ્વારા એ પક્ષ કર્યો. તો પણ તેનું કાર્ય સિદ્ધ થયું નહિ. સમજાણું કાંઈ?

**'અને કોઈએ બન્ને પક્ષ પકડ્યા, તેણે પણ પક્ષરૂપ વિકલ્પનું જ ગ્રહણ કર્યું.'** અમે બેયનું જ્ઞાન કરીએ છીએ. અબંધનું અને બંધનું. વ્યવહારનયના બંધનું પણ જ્ઞાન અમે પકડીએ છીએ. પક્ષ-રાગ. અબદ્ધ છે. **'પરંતુ એવા વિકલ્પોને છોડી...'** મૂળ માર્ગની વાત છે આ હવે. સમજાણું કાંઈ? પોતાને એમ થયું કે હું અબદ્ધ છું... અબદ્ધ છું... અબદ્ધ છું... એવા ખ્યાલવાળું, રાગવાળું જ્ઞાન પણ એને નુકસાનકારક છે એમ કહે છે.

**'જે કોઈ પણ પક્ષ ન પકડે...'** સમરસી ચૈતન્ય સ્વરૂપ અકષાય સ્વભાવસ્વરૂપ છે પરમાત્મા પોતે સ્વરૂપ. એને અંતરમાં અનુભવમાં પકડીને અબદ્ધ આદિના વિકલ્પના પક્ષમાં ન રહે **'તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણી...'** આ જ્ઞાયક છે, શુદ્ધ છે, અબંધ છે એમ જાણી **'તે-રૂપ સમયસારને-શુદ્ધાત્માને-પામે છે.'** એ અંતર શુદ્ધાત્માને નિર્વિકલ્પ રાગરહિત દૃષ્ટિથી વીતરાગસ્વરૂપ આત્મા છે એવા રાગરહિત દૃષ્ટિથી આત્મા શુદ્ધ છે એને તે પ્રાપ્ત કરે છે. ભારે ભાઈ! રાજમલજી! આની તો તકરાર હજી લોકોને વ્યવહાર અને નિશ્ચય. વ્યવહાર મોક્ષમાર્ગ છે, નિશ્ચય મોક્ષમાર્ગ છે ને ફલાણું આમ છે. ઓહોહો..! ક્યાંય રહી ગયું.

ભાઈ! તારી ચીજને તેં જાણવા જેવો જોઈએ તેટલો પ્રત્યત્ન કર્યો નથી. આ બધું ભલે જાણ્યું. શાસ્ત્રો જાણ્યા, નવ પૂર્વ જાણ્યા. સમજાય છે? એ તો મિથ્યાત્વમાં ગયું. પણ પોતામાં આમ અબદ્ધ છું એવા જ્ઞાનમાં રોકાણો એ પણ કહે છે કે મિથ્યાત્વમાં જાય છે. આહા..! બેય વાત સાથે લેવી છે એટલે લીધી છે. બાકી પહેલેથી બદ્ધરહિત, અશુદ્ધ રહિત એમ કહેતા આવ્યા છે ને? હવે એને અબદ્ધ છે, શુદ્ધ છે એવો પણ એક રાગના પક્ષમાં રોકાઈને ત્યાં ઘુંટણ રહી ગયું. તોપણ કહે છે કે તું મિથ્યાત્વમાં જ છો ત્યાં. સમજાણું કાંઈ? કેમકે સ્વરૂપ જે ચૈતન્ય છે એ જ્ઞાનસ્વરૂપ છે, સમરસી સ્વરૂપ છે. એમાં વિકલ્પ દ્વારા એની પ્રાપ્તિ થાય એવું એ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

એ શુદ્ધ છે એવો ખ્યાલ કરીને વિકલ્પને છોડી દઈ અને શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય છે એમાં આરૂઢ થઈ શુદ્ધ સ્વરૂપને અનુભવે, પામે તેને સમયસાર પ્રાપ્ત થયો, તેને આત્મા પ્રાપ્ત થયો, તેને વીતરાગ સમયસાર થયો એમ કહેવામાં આવે છે. એમ છે. કહેવામાં આવે (એમ કહીએ ત્યાં) વળી તમારું વજુભાઈનું યાદ આવી જાય. સમજાણું કાંઈ? એમ કે કહેવામાં આવે છે ને? આહાહા..!

આત્મા એટલે? એકલો અકષાય સ્વભાવનો રસ. આત્મા એટલે એકલો અતીન્દ્રિય આનંદનો પિંડ. આત્મા એટલે એકલો જ્ઞાનરસનું એકલું તત્ત્વ, એને આવા વિકલ્પથી પકડવા જાય તો

એનામાં એ ચીજ નથી તો એ દ્વારા કેમ પકડાય? જાધવજીભાઈ! આમાં શું થયું? ભક્તિથી થાય કે નહિ આ? ભગવાનની ભક્તિ કરતા-કરતા, ગુરુની ભક્તિ કરતા-કરતા આત્મા મળી જાય. આ બહારનો ત્યાગ કરતા કરતા રાગ મંદ કરતા મળી જાય. એ તો કહે છે, ક્યાંય વાત રહી ગઈ.

ભાઈ! તારા આંગણામાં પણ ત્યારે આવ્યો કહેવાય કે એના લક્ષમાં આવે કે આ અબદ્ધ છે, આવો વિકલ્પ છે એ છોડી દઉં. છોડી દઉં એટલે કે એનું લક્ષ છોડીને સ્વભાવમાં જાઉં. એવું લક્ષ કરે તો એ આંગણે આવ્યો અને જ્યારે અનુભવ કરે ત્યારે સ્વરૂપની પ્રાપ્તિ થઈ. શું એને કરવાનું છે? અને ક્યુ કાર્ય કર્યે એને આત્મા પ્રાપ્ત થાય એની ખબર ન હોય એ શી રીતે કરે? રતિભાઈ! સુધારા કરો, આ કરો, ફલાણું કરો, ઢીકણું કરો, બધાને આમ સુધારી દઈએ છીએ, આમ કરી દઈએ છીએ. આહા..! પણ તને સુધારવો છે કે નહિ હવે? સાંભળને! બીજાને સુધારી શકું એ માન્યતા જ મિથ્યાત્વ છે પહેલી તો.

તારા અંતરમાં... જુઓ! આ મન સંબંધીના વિચારમાં રોકાયેલો રાગના પુણ્ય, પુણ્યના પરિણામ છે હોં આ. શું કીધું? હું બદ્ધ છું એવો પણ વિકલ્પ શુભભાવ છે. એ કાંઈ અશુભભાવ નથી. બંધાયેલ છું એવી માન્યતા થઈ જાય તો મિથ્યાત્વભાવ છે. પણ બદ્ધ છું એવું જ્ઞાન કરે છે તો એ શુભભાવનો વિકલ્પ છે. પણ એની સાથે હું બંધાયેલો ખરેખર છું એમ માને તો તો એ મિથ્યાત્વ છે.

હવે અહીંયાં તો અબદ્ધ છું એવો જે વિકલ્પ (એ) એક શુભભાવ છે. કષાયની મંદતા છે ત્યાં. અબદ્ધ છું. એ કષાયની મંદતાનો વિકલ્પ પણ એને અંતરમાં આ મેં વિકલ્પ કર્યો માટે હવે મને આત્માની પ્રાપ્તિ થશે, તો એ પણ અબદ્ધના વિકલ્પવાળું જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ બધા વિકલ્પમાં પકડવો તે રાગ છે. નયપક્ષ કોઈપણ પકડવો અંદરમાં તે રાગ છે. એ રાગના અવલંબે ચૈતન્ય પકડાય નહિ અને એને એમ માને કે આટલે આવ્યો માટે હવે પકડાઈ જશે તો એ પણ હજી મિથ્યા અભિપ્રાયમાં રોકાયેલો છે. કહો, ભગવાનભાઈ! હવે આમાં ક્યાં સામાયિક ને પોષા ને પડિક્કમણા કર્યા એમાંથી આત્મા મળશે, મોક્ષમાર્ગ થાશે. પ્રભુ! તારા પંથ એવા છે કોઈ.

'**તેથી સમસ્ત નયપક્ષને છોડવાથી વીતરાગ સમયસાર થવાય છે.**' જુઓ! આ સમ્યગ્દર્શનની વાત છે હોં આ. હું અબદ્ધ છું, બદ્ધ છું એવા રાગ મિશ્રિત વિચાર છે એને છોડું એવો પણ વિકલ્પ એ પણ છોડવા જેવો (છે) પાછો. અંતર સ્વરૂપમાં શુદ્ધતાનો પિંડ પ્રભુ ચૈતન્ય વીતરાગ સમરસી છે એને પકડતાં વીતરાગભાવ થાય છે ત્યારે એ આત્મા વીતરાગસ્વરૂપ છે તે અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? કર્તાકર્મમાં અહીં સુધી લાવ્યા,

જુઓ! ઓહોહો..! હજી તો ઓલા કહે, પરદ્રવ્યને કરે, પરદ્રવ્યનું કરી શકાય. એને ન કરી શકે તો એ જૈન નહિ. આહાહા..!

ભગવાન! અહીં તો કહે છે કે તારામાં, મને કર્મનો સંબંધ અથવા રાગનો સંબંધ છે એવો વિકલ્પ (ઉઠે) એ પણ જૈન નહિ. અને આત્મા અબદ્ધ છે એવો વિકલ્પ ત્યાં રોકાયેલો એ પણ જૈન નહિ. આહાહા..! વીતરાગ સમયસાર કહ્યો ને? ભાઈ! જૈન એટલે શું? શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમાનંદની મૂર્તિ, એને બાહ્યના વલણથી છોડી અને અંતર વલણમાં દશાને કરવી એ વીતરાગભાવ દ્વારા જ અંતરમાં વળી શકાય છે. ત્યારે સમયસાર વીતરાગ સ્વરૂપ એને તે પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત થતાં.. ઘણા બોલ લેશે આગળ. સમજાણું? અહીં આવશે. વીતરાગદશા થઈ સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે, અતીન્દ્રિય સુખ અનુભવાય છે. એમ કહેશે. ૬૯માં. અહીંથી લેવું જોઈએ, પણ ત્યાંથી પેલું નાખીને.. છોડીને એવો ... એટલે ત્યાં લીધું છે. સમજાણું કાંઈ?

‘**હવે, જો આમ છે...**’ અને આ રીતે જ પ્રાપ્ત થઈ શકે છે ‘**તો નયપક્ષના ત્યાગની ભાવનાને ખરેખર કોણ ન નચાવે?**’ આહા..! આ બદ્ધ-અબદ્ધ આદિ નયનો પક્ષ જે વિકલ્પ છે એને છોડીને.. સમજાય છે? એના ત્યાગની ભાવનાને કોણ ન કરે? એમ કહે છે. જુઓ! આ એક ત્યાગ. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય, એને અબદ્ધ પક્ષનો રાગ અને બદ્ધ પક્ષનો રાગ, તેનો ત્યાગ. જુઓ! આ એક ત્યાગ. બહુ ઝીણું, રતિભાઈ! બેસે છે એને, ભાગ્યશાળી છે. પણ પહેલેથી એને રસ છે. આ માર્ગ વીતરાગનો છે આવો. પહેલા નક્કી તો કરે. બાકી તો બધા ચાલ્યા જાય છે બધા ચાલીને. એય.. આમ થાશે ને આમ થાશે. બાપુ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ આત્મા આવો કહ્યો છે કે જે આ અબદ્ધ અને બદ્ધ પક્ષના વિકલ્પવાળો આત્મા નથી. સમજાણું કાંઈ? કારણ કે વિકલ્પ તો આસ્રવ છે. દયા, દાન, વ્રત પરિણામ આદિ તો આસ્રવ છે સ્થૂળ રીતે... આહાહા..! પણ આ તો બદ્ધપક્ષનો વિકલ્પ એ તો સ્થુળ છે. એ તો સવારમાં આવશે ને? ચૌદમામાં આવશે. આત્માને વિકારસહિતવાળો માનવો એ જ એને સંસારનું મોટું બીજડું છે- મિથ્યાત્વ છે.

ભગવાન ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ, એને વિકારવાળો સમાહિત. એમ શબ્દ છે ને? સહિત એને માનવો એ જ મિથ્યાત્વ સંસારનું બીજ છે. અહીં તો એ બદ્ધપક્ષને સાથે ઓલા અબદ્ધને છોડાવવા માટે સાથે લીધો છે. એ બદ્ધ પક્ષ તો ઘણો સ્થૂળ છે. સ્થૂળ છે. સમજાણું કાંઈ? ઓલા કહે, આત્મા બંધાયેલો છે કે નહિ? બંધાયેલો છે કે નહિ? હવે બંધાયેલો છે, ભાઈ! શું કહેવું છે તારે?

... વસ્તુ છે એ તો અબંધસ્વરૂપ છે. વસ્તુ બંધરૂપ હોય? પર્યાયમાં જરી રાગ છે એ રાગવાળું દ્રવ્ય નથી. એ પર્યાયનો અંશ રાગવાળો છે. હવે એ રાગવાળો આખો આત્મા માનવો એ તો મિથ્યાત્વ છે, કહે છે. સમજાણું? પણ છતાં અહીંયાં ઓલા અબદ્ધ પક્ષના વિકલ્પને છોડાવવા સાથે બદ્ધના પક્ષનો વિકલ્પ સાથે લીધો છે. અહીં તો કહે છે કે ભાઈ! એ અબદ્ધ છું એ વૃત્તિ ઉઠે છે એ પરલક્ષમાં છે ત્યાં સુધી હજી. એ ચિત્તના સંગમાં છે. સમજાણું કાંઈ? એ સ્વરૂપના સંગમાં આવ્યો નથી. ...ભાઈ! ભારે વાતું આ.

અબદ્ધ છું. છે અબદ્ધ હોં! વસ્તુ અબદ્ધ છે. બદ્ધવાળી માનવી એ તો વસ્તુ વિપરીત જ છે. પણ વસ્તુ અબદ્ધ છે એવું ક્ષયોપશમના જ્ઞાનમાં જણાણું અને એમાંથી વિકલ્પ (ઉઠે કે) અબદ્ધ છું.. અબદ્ધ છું. પોતાને જાહેર કર્યો. એવી રીતે આત્મા છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે એવા પક્ષના રાગના પક્ષના ત્યાગને કોણ ન પરિણમાવે? રાગના પક્ષના અભાવને-ત્યાગને કોણ ન કરે? કે જેનાથી અભાવ થતાં સ્વરૂપની પ્રાપ્તિ થાય. એવું કોણ ન કરે? સમજાણું કાંઈ? આહાહા..! પરિણમાવે... ત્યાગ ત્યાગ કીધું ને? ત્યાગની ભાવનાને, રાગના અભાવની ભાવના એટલે સ્વભાવની એકાગ્રતા.

'**ખરેખર કોણ ન નચાવે?**' છોડવાના ભાવસ્વરૂપ સ્વભાવમાં એકાગ્રતાને કોણ ન કરે? એમ કહે છે. આહાહા..! '**એમ કહીને શ્રીમાન્ અમૃતચંદ્રઆચાર્ય નયપક્ષના ત્યાગની ભાવનાનાં ૨૩ કળશરૂપ કાવ્યો કહે છે.**' લ્યો!

**य एव मुक्त्वा नयपक्षपातं**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यम्।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति।।६९।।**

'**શ્લોકાર્થ :- જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં...**' નયપક્ષાત અંદરમાં બદ્ધ છું, અબદ્ધ છું એવા વિકલ્પ નામ રાગમાં રોકાવું છોડી દઈને '**(પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને...**' પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં અંદર સમાઈને '**સદા રહે છે...**' અંદર ગુપ્તપણે. આહાહા..! કહ્યું છે ને? અમૃતચંદ્રાચાર્યે. અમે તો સ્વરૂપગુપ્ત છીએ, હોં! આ વાણી ને શાસ્ત્ર અમે કર્યા નથી, હોં! અમારા માથે નાખીશ નહિ. આહાહા! ભાઈ! આ શાસ્ત્ર આવી ટીકા. અમૃતચંદ્રાચાર્યની ટીકા, ગણધર જેવી ટીકા. ભાઈ! પણ એ વાણીની પર્યાય અમે કરી નથી, હોં! શોભાલાલજી! આ ટીકા અમે કરી નથી, હોં! કારણ કે અમે તો જ્ઞાનમાં સ્વરૂપમાં રાગથી રહિત અમે ગુપ્ત છીએ ને? એ ગુપ્ત ક્યાં પરમાણુની પર્યાયમાં આવી ગયો કે અમે બનાવી. સમજાણું કાંઈ? ત્યારે પેલા એમ કહે છે કે, એ તો લઘુતાને માટે (એમ કહ્યું છે). ભાઈ!

લઘુતા પણ છે પણ એવું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શું વાણીને રચે? એક એક પરમાણુ એવા અનંત પરમાણુનો એક અક્ષર, એવા અનંત અક્ષરની પર્યાયને અરે..! ભગવાન આત્મા ક્યાં કરે? સમજાય છે? એ વડે પોતાની પ્રસિદ્ધિ બહારમાં બતાવે કે જુઓ! આ મેં કર્યું, જુઓ! આ મેં કર્યું. આહા..! ભાઈ! વિકલ્પથી રહિત અમે ગુપ્ત છીએ, હોં! અમે તો ચૈતન્ય છીએ ને. એમાં વૃત્તિનું ઉત્થાન એ પણ સ્વરૂપ નથી. તો પછી આ વાણીની રચના, આવી ટીકા કરી એ અમારે માથે ન નાખશો, મોહથી ન નાચશો, હોં! આહાહા..! શું થાય? જીવની પોતાની જ જ્યાં અંદર સવળાઈ ન હોય ત્યાં સુધી બધા અર્થો જ એના ઊંધા કરે કે કરી તો શકાય છે. પણ નિર્માનપણે મુનિ મહાન મહાત્મા હતા (તેથી એમ કહે છે). પણ બાપુ! અહીં તો અબદ્ધનો વિકલ્પ કરી શકાય છે. ઓલું તો કરી શકાતું નથી. સમજાણું કાંઈ?

આત્મા અબદ્ધ છે તેવો વિકલ્પ કરી શકાય છે અજ્ઞાનભાવમાં. છતાં કહે છે, કરી શકાય છે એ પણ કર્યું એ મારું સ્વરૂપ નથી, ભાઈ! એને છોડું છું અને ઠરું એ મારું સ્વરૂપ છે. પેલા કહે, આવા મોટા મોટા બંધ કર્યા. શું કહેવાય? બંધ. ડેમ, ડેમ કર્યા, આવા કર્યા. અરે..! ભગવાન! તારું ક્યાં જાય છે? આ શાસ્ત્ર રચ્યા. આચાર્યો કહે, અમે શાસ્ત્ર રચ્યા. કહો, સમજાણું? કહેવાય આ કુંદકુંદાચાર્યના શાસ્ત્ર, આ અમૃતચંદ્રાચાર્યના શાસ્ત્ર. ભગવાન કહે છે કે બાપુ! મારા શાસ્ત્ર હોય નહિ. મારો વિકલ્પ નથી ત્યાં મારા શાસ્ત્ર ક્યાંથી લાવ્યો? એ.. માંગીરામજી! આહાહા..!

કહે છે, એ નય પક્ષપાતને છોડી સ્વરૂપમાં ગુપ્ત થઈ... આહાહા..! સદા રહે છે. એમાં ઠરીને રહે છે. '**તેઓ જ,...**' એ ઠરે છે તે જ. એમ. '**જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત...**' શાંત... શાંત... '**થયું છે...**' આહાહા..! એ અબદ્ધ-બદ્ધ પક્ષના વિકલ્પની જાળથી છૂટીને જ્ઞાયક સ્વરૂપમાં ગુપ્તમાં ભાન થયું છે. જેમનું જેનું જેમનું તેવો જ કે જેમનું રાગની જાળની કલ્પના અબદ્ધ-બદ્ધ આદિની છોડી શાંત થયું છે, શાંત થયું છે. એનો અર્થ કે વિકલ્પ છે તે અશાંતભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! હું એક અબદ્ધ છું એવો રાગ પણ અશાંતભાવ છે. એ ભાવે પણ આ પમાતું નથી. ત્યારે હવે વ્યવહારથી નિશ્ચય પમાય એ કહેવું. કથનની શૈલીને એવી કરી નાખી છે ને. શું થાય? એને પોતાને જ જ્યાં સૂઝ ન પડે ત્યાં...

કહે છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞની આજ્ઞા એમ આવી છે કે તારા સ્વરૂપમાં એ બદ્ધ-અબદ્ધનો વિકલ્પ છોડીને ઠર એ તારા સ્વરૂપને પામ્યો એમ કહ્યું છે. સમજાણું કાંઈ? '**એવા થયા થકા,...**' એવા થયા થકા. સ્વરૂપનું કર્તાપણું અને સ્વરૂપની દશાપણે

થયા થકા. ઓલા વિકલ્પરૂપે થયા થકા છોડી દઈને આમ થયા થકા. શાંત થયું એવા થયા થકા. **'સાક્ષાત્ અમૃતને પીએ છે.'** એ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. અતીન્દ્રિય આનંદને પીવે છે, અનુભવે છે તેને આત્મા કહીએ. આ ત્રણ ખૂણા કાઢી નાખ્યા અને એક રહી ગયો. ત્યાં પેલા પૂછે, તમેં શું સાંભળ્યું? પ્રખ્યાત માણસ ને, પ્રસિદ્ધ માણસ છે એનામાં. ત્યાં શું જાઓ છો? ત્યાં શું કરે છે? ... કરે છે શું? કરે છે શું? ઈ એવું કરે છે, એક કોર દ્રવ્યકર્મ જુદા બતાવે, ભાવકર્મ જુદા બતાવે, શરીર જુદા બતાવે. અને ચોથે ખુણે આત્મા તદ્દન જુદો બતાવે. સ્વાધ્યાયના ચાર ખૂણા. ભાઈ! તારો પક્ષ જ આખો ... છે, ભાઈ! સમજાય છે?

**'એવા થયા થકા, સાક્ષાત્...'** સાક્ષાત્ એટલે અમૃતસ્વરૂપ તો ભગવાન છે પણ પર્યાયમાં ઓલો વિકલ્પ છૂટીને શાંત... શાંત... શાંત... થયો ને. એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ આચરણ થયું ને એટલે એમાં આનંદનો સ્વાદ આવ્યો. એ પર્યાયમાં આવ્યો એટલે સાક્ષાત્ અમૃત થાય છે એમ કહેવામાં આવે છે. શક્તિમાં, સત્ત્વમાં, તત્ત્વમાં, ભાવમાં જે અમૃત અતીન્દ્રિય આનંદ હતો તેને વિકલ્પ છોડીને તેની દશામાં વિકલ્પ જે હતો પહેલો એ અશાંત હતો. અબદ્ધ છું... અબદ્ધ છું... એ વિકલ્પ પણ અશાંત હતો. ઝેર હતું, દુઃખ હતું. એને છોડી અને આત્માની શક્તિમાંથી .. છોડ્યું તો એ શક્તિમાંથી વ્યક્તતા શાંતની અને અમૃતની પ્રગટ દશા થઈ તેને તે અનુભવે છે. સમજાણું કાંઈ?

**'સાક્ષાત્ અમૃતને પીએ છે.'** પીવે છે એટલે પાણી પીતા હશે એમ હશે? પીવે છે એટલે અનુભવે છે. અંતરમાં રાગને પીતો ને? રાગને પીતો ને? અબદ્ધ છું... અબદ્ધ છું... અબદ્ધ છું.. એવો જે વિકલ્પ રાગને અનુભવતો ને, રાગને અનુભવતો કહો કે રાગને પીતો કહો કે રાગને પ્રવેશ કરતો આત્મા (કહો). એ રાગ છોડીને નિર્વિકલ્પ શાંતનો અનુભવ થવો તે અમૃતને અનુભવે છે કહો, અમૃતને પીવે છે કહો કે અમૃતના ઘૂંટડા પીવે છે. આહાહા..! આ કામ કર્યું જીવે. એ જીવન જીવ્યો. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જ્યાં સુધી કાંઈપણ પક્ષપાત રહે છે...'** પાછો આનો અર્થ શું કેટલાક કરે છે? કે પક્ષપાત કોઈ રાખવો નહિ. અબદ્ધ છે કે બદ્ધ છે કે જીવ છે કે અજીવ છે કાંઈ ન રાખવું. એમ નહિ. એમ નથી કહેતા. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ' એવો અર્થ કર્યો છે. ત્યાં .. ભાઈ હતા ને તમારે? ..ભાઈ ગોંડલમાં જ્યારે પહેલા ગયા ને એવો અર્થ કર્યો. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો' કોઈ દર્શનનો મોહ રહેવો ન જોઈએ. બધા દર્શનનો આ સાચા.. કાંઈ ન રહેવું જોઈએ. કીધું, આવો અર્થ ન હોય આ. શ્રીમદ્‌ને સમજનારા. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' એમ નથી. અહીં તો દર્શન એ વિપરીત માન્યતા

ટળીને બોધ ઉત્પન્ન થયો એમ વાત છે. બધા દર્શનમાં કોઈ દર્શન સાચું એમ નહિ, બધા દર્શન .. કહ્યું છે. આના પક્ષમાં કોઈ પક્ષ ન રહેવો જોઈએ. અબદ્ધ આત્મા છે, અનંત ગુણનો પિંડ છે, એક છે, એક સ્વરૂપ છે, બધાનો પક્ષ છોડાવી દે છે જુઓ આમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પક્ષપાત ન કરવો. એ વાત અહીં નથી. વસ્તુ તો આ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા અનંત ગુણનો પિંડ એક એક સ્વરૂપ અખંડ અભેદ એક છે. અને પર્યાયમાં મલિનતા .. સંબંધે વિકાર, એ કર્મ આદિ એક છે. પણ આમાં અબદ્ધ છું એવી વિકલ્પની વૃત્તિ છોડાવવા પક્ષ છોડાવે છે અહીં. વસ્તુનું અબદ્ધ સ્વરૂપ છે એ દૃષ્ટિમાંથી છોડાવે છે એમ નહિ. સમજાણું કાંઈ?

'**જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે...**' એટલે કે વસ્તુ સ્વરૂપ છે એવો પણ અબદ્ધનો પક્ષપાતનો વિકલ્પ રહે '**ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી.**' ત્યાં સુધી મનમાં આકુળતા ટળતી નથી. ત્યાં સુધી રાગને કારણે મનમાં ક્ષોભ, ક્ષુબ્ધતા મટતી નથી. '**જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય...**' આમ કહે છે. નયોનો સર્વ પક્ષપાત મટી જાય. સમજાણું કાંઈ? '**સર્વ પક્ષપાત મટી જાય...**' અબદ્ધ-બદ્ધ આદિ. '**ત્યારે વીતરાગ દશા થઈને...**' રાગરહિત આત્માની દશા થઈને '**સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે,...**' જે રાગસહિત શ્રદ્ધા માનતો હતો કે આત્મા આવો છે ને તેવો છે. નિર્વકલ્પ છે, અબદ્ધ છે. એ રહિત થઈને સ્વરૂપની શ્રદ્ધા. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એનો શ્રદ્ધાનો ભાવ નિર્વિકલ્પ થાય. રાગરહિત થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે...**' અબદ્ધ એવા વિકલ્પમાં પ્રવૃત્તિ હતી એ પણ પ્રવૃત્તિ હતી. એ છૂટીને અંતરમાં એકાગ્ર થાય છે ત્યારે સ્વરૂપમાં પરિણતિ પ્રવૃત્તિ થાય છે. '**અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે.**' આ પીવાય છે એની વ્યાખ્યા કરી. આહાહા..! જુઓ! આ નયાતિક્રાંત વસ્તુનું સ્વરૂપ. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય સુખ અનુભવાય છે. એટલે અબદ્ધ આદિ પક્ષમાં રાગમાં જે દુઃખ હતું એ દુઃખ હતું. ક્ષુબ્ધતા. દરિયો ડોલાયમાન થતો. એ વિકલ્પ છૂટતા અતીન્દ્રિય સુખની શ્રદ્ધાનો વિશ્વાસ અને અતીન્દ્રિયના સ્વાદનો આનંદ. જુઓ! આ વીતરાગદશા થઈ તેને સમ્યગ્દર્શન કહે છે. નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન કોઈ રાગવાળું છે ને સરાગવાળું છે અને ફલાણું છે એવું સ્વરૂપ છે નહિ. સરાગ સમકિત અને વીતરાગ સમકિત એવા બે ભેદ છે જ નહિ. આહાહા..!

'**હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે તે તત્ત્વવેદી (તત્ત્વનો જાણનાર) સ્વરૂપને પામે છે :**'

एकस्य बद्धो न तथा परस्य
चिति द्वयोर्द्वाविति पक्षपातौ।
यस्तत्त्ववेदी च्युतपक्षपात-
स्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव।।७०।।

'**શ્લોકાર્થ :- જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ છે...**' વિકલ્પ. '**અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સ્વરૂપ...**' આમ જ્ઞાનસ્વરૂપ '**જીવ...**' આમ જ્ઞાનસ્વરૂપ જીવ. પેલા વિકલ્પસ્વરૂપ જીવ નથી. જ્ઞાનસ્વરૂપ જીવ. એને '**વિષે બે નયોના બે પક્ષપાત છે.**' બે નયોના બે પક્ષપાતના વિકલ્પો છે. '**જે તત્ત્વેદી...**' તત્ત્વનો જાણનાર. તત્ત્વ એટલે '**(વસ્તુસ્વરૂપનો જાણનાર) પક્ષપાતરહિત છે...**' તત્ત્વને જાણે છે ત્યારે અબદ્ધ-બદ્ધના પક્ષપાતરહિત છે.

'**તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.**' નિરંતર જ્ઞાનરૂપ તે જ્ઞાનરૂપ જ છે. વિકલ્પથી છૂટીને ચિત્સ્વરૂપ આત્મા, વિકલ્પના પક્ષપાત છૂટીને ચિત્સ્વરૂપ આત્મા અનુભવમાં, પ્રતીતમાં આવ્યો એને તો ચિત્સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ... ચિત્સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ... ચિત્સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ એ જ આત્મા. એ ચિત્સ્વરૂપ જ છે સદાય. સમજાણું કાંઈ? '**(અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે...**' એટલે ચિત્સ્વરૂપ છે તેવો તેને નિરંતર જણાય છે એટલે '**તેવો નિરંતર અનુભવાય છે).**' એ માખણની વાત છે આ. મૂળ દરક્ષ્નાની. કહો, ધર્મચંદજી! ઊંધે માથે ઓલો લટકતો હતો એને સમકિત હશે કે નહિ? આવ્યું હતું ને એક ફેરી લખાણ? આવા ને આવા બધા. દિગંબરમાં જન્મ્યા બડથોલ જેવા. બડથોલ સમજો છો? એ કાઠિયાવાડી ભાષા છે. જાડી બુદ્ધિ એમ કહેવાય ઈ.

એક પ્રશ્ન આવ્યો હતો પહેલા. તમારો આવ્યો હતો? આવ્યો હતો. છે? નવલચંદભાઈનો આવ્યો હતો. ઊંધે માથે એક બાવો હતો ત્યાં. ખાડો હતો. મોટો ખાડો સમજો છો? ખડ્ડા. એમાં માથું નીચે અને પગ ઊંચે. એમ રહેતો અને ખાતો નહિ. ખાનગી ખાઈ લેતો હશે. ન ખાય, એમાં શું છે પણ? એમાં કાંઈ છે? એમ કે આહાહા..! કાગળ આવ્યો. અહીં અમારા ઉપર. એક એક પેલો નેપાળી બાવો. એક નેપાળી બાવો આવ્યો હતો. ... નેપાળી બાવો હતો એક. નહોતો પેલો? છોકરો હતો. ઝાડના પાંદડા આપતા. પાંદડા ... લાખો માણસો જતા. ઢોંગે ઢોંગ. ઈ પાંદડું આપે. જાવ તમારો રોગ મટી જશે, રોગ મટી જશે. મૂઢ જેવા છે. એનું પણ પૂછવા આવ્યું હતું, ઈ સમકિતી હશે કે નહિ? બધાનો રોગ મટાડી દે છે. આવા જૈનમાં જન્મ્યા એને આટલી ખબર ન મળે. આહાહા..!

સમ્યક્ એટલે શું? જેવું ચૈતન્ય સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે જેવું સર્વજ્ઞ જ્ઞાનમાં આખો આત્મા

પૂર્ણ સ્વરૂપ, અનંત-અનંત સ્વભાવનો સાગર, અનંત શક્તિનું સત્ત્વ, એક એક શક્તિનું અનંત સત્ત્વ. એવો એક સ્વરૂપ ભગવાન આત્મા, એને અંતરમાં રાગરહિત થઈને નિર્વિકલ્પ પ્રતીતિથી જાણે અને અનુભવે ત્યારે એને સમકિત થાય છે. સમ્યક્ છે ને? સમ્યક્ છે ને? જેવું સ્વરૂપ છે તેવી અંદર સમ્યક્ પ્રતીતિ. તો એનું નામ તો વીતરાગ પ્રતીતિ થઈ. સમજાણું કાંઈ? આહાહા..! તમારું ઘર તો ત્યાં મોટું કહેવાય, રાવસાહેબનું. નહિ? અરે..! ક્યાં ક્યાં માણસો (ભરાઈ જાય છે).

આવો વીતરાગ માર્ગ પરમેશ્વરનો (કહેલો). પરમેશ્વરનો એટલે એનો એવો માર્ગ જ છે. ભગવાન આત્મા વસ્તુ તે પણ વસ્તુ કોને કહે! ભાઈ! જેને અબદ્ધ પક્ષના વિકલ્પનો પણ જ્યાં અવકાશ નથી. એ છે તો એવું જ હોં! અબદ્ધ છે. દ્રવ્ય-વસ્તુ અબદ્ધ છે. બદ્ધપણું તો સંયોગથી કહેવાય છે, વ્યવહારનયથી. વસ્તુ એમાં નથી. એવી ચીજ પણ અનંત ગુણનો સાગર પ્રભુ મહાસાગર. શક્તિનું આખું સત્ત્વ. એવો આત્મા એ તો સમરસી તત્ત્વ છે, સમભાવે તે જ તેને અનુભવાય છે. રાગના પક્ષથી તે અનુભવાતો નથી. આહાહા..! ભારે! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-આ ગ્રંથમાં...**' હવે ખુલાસો કરે છે. બબ્બે વાતું કેમ લીધી? '**પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને...**' પહેલેથી જ કહેતા આવ્યા છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' આ તો કહેતા આવ્યા છે ને ઠેઠથી? એકત્વ નિશ્ચયગત... ત્યાંથી કહેતા આવ્યા છે. બીજી ગાથામાંથી કહેતા આવ્યા છે. '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।**' '**આ ગ્રંથમાં...**' ભગવાન સમયસાર શાસ્ત્રમાં '**પ્રથમથી જ વ્યવહારનયને...**' પરાશ્રય, વિકલ્પ, ભેદ, રાગ, મંદ, સંબંધ એવા નયને '**ગૌણ કરીને...**' કર્મનો સંબંધ, રાગનો સંબંધ, ગુણ-ગુણીનો ભેદ એવો જે વ્યવહારનય, એને તો ગૌણ કરીને. પહેલેથી એને તો હેઠે રાખીને હાલ્યા આવ્યા છે. ગૌણ કરીને, એનો પક્ષપાત છોડાવીને '**અને શુદ્ધનયને મુખ્ય કરીને...**' એક સ્વરૂપે પરમાત્મા પોતે છે જ્ઞાયકસ્વરૂપ. સમજાણું? એવો બદ્ધરહિત, રાગરહિત અભેદ સ્વરૂપ શુદ્ધનયને મુખ્ય કરીને. જુઓ! ઓલાને ગૌણ કરીને. '**કથન કરવામાં આવ્યું છે.**' પહેલેથી જ કહેતા આવ્યા છીએ. ભગવાન આત્મા એને પ્રમત્ત-અપ્રમત્તના ભાવો પણ નથી, ગુણસ્થાન ભેદ પણ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પણ નથી. સમજાણું કાંઈ?

'**ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે...**' હવે એનો ખુલાસો કરે છે કે ચૈતન્યના પરિણામ રાગ-દ્વેષાદિ પરના નિમિત્તથી અનેક પ્રકારે ભેદાદિ-રાગાદિ થાય છે. '**તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે...**' આહાહા..! ચૈતન્યના પરિણામ

વસ્તુ ભગવાન આત્મા, એની પર્યાયમાં જેટલા શુભ-અશુભ રાગાદિ થાય કે ભેદથી ઉત્પન્ન થતો વિકલ્પ અનેક થાય છે. '**તે સર્વને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે...**' ગૌણ કરી દે, લક્ષ છોડી દે, તેનું લક્ષ છોડી દે, તેનું લક્ષ છોડી દે.

'**અને જીવને શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો છે.**' ભગવાન આત્મા તો શુદ્ધ ચૈતન્યમાત્ર-શુદ્ધ ચૈતન્યમાત્ર. ચૈતન્યમાત્ર કહેતા રાગરહિત. એમ. '**એ રીતે જીવ-પદાર્થને...**' એ રીતે જીવ નામના પદાર્થને '**શુદ્ધ,...**' કહેતા આવ્યા છીએ. '**નિત્ય,...**' કહેતા આવ્યા છીએ. '**અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને...**' અભેદરૂપ છે. શુદ્ધ ચૈતન્ય પદાર્થ છે. નિત્ય છે, અભેદ છે. ૧૧મીથી કીધું, '**ववहारोऽभूदत्थो**' સમજાણું? ૬ઠ્ઠીમાં કીધું કે પ્રમત્ત-અપ્રમત્ત છે નહિ. વ્યવહાર અભૂતાર્થ છે. અભૂતાર્થ એટલે ગૌણ કરી નાખ. ભૂતાર્થ વસ્તુનો આશ્રય કર. એકરૂપ ચૈતન્ય શુદ્ધ.

'**શુદ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર...**' છે. ચૈતન્યમાત્ર જ્ઞાયક સ્વરૂપ સ્થાપીને '**હવે કહે છે કે-...**' એ જે સ્થાપ્યું છે '**આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે...**' એમ. વ્યવહારની વાત તો પહેલેથી જ છોડાવતા આવ્યા છે, ગૌણ કરાવતા આવ્યા છે. એના ઉપરનું વજન, લક્ષ છોડાવતા આવ્યા છે. સમજાણું કાંઈ? આવો છે. અભેદ છે, શુદ્ધ છે, નિત્ય છે. જુઓ! પર્યાયને પણ ગૌણ કરતા આવ્યા છે. પર્યાયને ગૌણ કરતા આવ્યા છે. અશુદ્ધને ગૌણ કરી, પર્યાયને પણ ગૌણ કરી છે. અભેદમાં ભેદને પણ ગૌણ કરી.

એવા '**ચૈતન્યમાત્ર સ્થાપીને...**' ભગવાન શુદ્ધ કાયમી નિત્ય એકરૂપ અભેદ, એમ સ્થાપીને. હવે કહે છે કે '**આ શુદ્ધનયનો પણ વિકલ્પ કરશે...**' એવા વિકલ્પમાં રોકાશે. આહાહા..! સમજાણું? '**તે પણ...**' બીજાઓ પણ વ્યવહારના લક્ષવાળા નિશ્ચયને પામી શકતા નથી, વ્યવહારના પક્ષવાળા, લક્ષવાળા, ભેદવાળા કે રાગવાળા પર્યાયાના લક્ષવાળા એ પામી શકતા નથી. એમ આ પણ શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે. તે પણ એમ કહ્યું ને? જેમ વ્યવહારના ભેદવાળા, રાગવાળા, નિમિત્તવાળા, આવો-આવો એવા જે પક્ષવાળા એ તો સ્વરૂપને નહિ પામે. કેમ કે એ તો ગૌણ કરતા આવ્યા છીએ. પણ ભગવાન આત્મા શુદ્ધ નિત્ય અભેદ એક સ્વરૂપ છે એ વાસ્તવિક છે. પણ એના પક્ષમાં રોકાશે તો પણ જેમ વ્યવહારના પક્ષવાળા જેમ આને પામતા નથી, એમ આવા પક્ષમાં રોકાતા પણ તે પણ જીવના સ્વાદને પામતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવા-બવા કાંઈ ન આવે. કષાયની મંદતા એ આત્મા નહિ. કહે છે, ઠંડી આવે ને. પાણી પડે પછી. કેવી શૈલી કરી છે! વ્યાખ્યા ભાવાર્થ પણ કેટલો સરસ કર્યો છે! હવે આવાઓને પણ .. નથી, ફલાણું નથી. અરે.. ભગવાન! તું શું કહે છે ભાઈ? તને સૂઝે એ .. એ વસ્તુના ભાવને સમજે અને કહે .. સામાન્યપણે હોય એનો

રસ છોડી દે. છોડીને કહે કે એમ નહિ. અને સામાન્ય ભાવ હોય એનો અર્થ પાછો પોતાની મેળાએ કરવો. સમજાણું?

અહીં તો પામે છે એટલે મતિ-શ્રુતને પ્રત્યક્ષ થઈ ગયું એમ કીધું. શાસ્ત્રમાં નીકળે નહિ ઓલા ઉમાસ્વામીમાં પણ. પરોક્ષ નીકળે, પરોક્ષ નીકળે. આ શાસ્ત્રમાં પરોક્ષ કીધું છે, આ શાસ્ત્રમાં પરોક્ષ કીધું છે. સાંભળને પણ. અનુભવના કાળમાં શાસ્ત્રમાં કહ્યું છે, પ્રત્યક્ષ થાય છે, એ કહ્યું છે. સમજાણું કાંઈ? ૧૪૩માં આવશે બધું. એ વળી (એમ કહે) એ તો આઘે જઈને થાય. બારમે થાય. દશા પલટ્યા વિના આઘો જાશે શી રીતે પણ? આહાહા..!

'**આ શુદ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે...**' એમ કહે છે. ઓલા વ્યવહારના પક્ષની તો વાત શું કરવી? જે વ્યવહાર પક્ષથી ઊભા છે એ તો બધા ઉડે છે સંસારમાં. આવ્યું છે ને ઓલામાં? સમયસાર નાટકમાં. ઉડત જ્ઞાન ગગનમેં. સમયસાર છે ને? એમાં કહ્યું છે. પહેલી સ્તુતિમાં આવ્યું છે ને? નાટક સમયસારકી મહિમા કીધું છે ને?

મોખ ચલવેકૌ સૌન કરમકૌ કરૈ બૌન,
જાકે રસ-ભૌન બુધ લૌન જ્યૌં ઘુલત હૈ.
ગુનકો ગરન્થ નિરગુનકૌ સુગમ પંથ,
જાકૌ જસુ કહત સુરેશ અકુલત હૈ.
યાહીકે જુ પચ્છી તે ઉડત ગ્યાનગગનમૈ,
યાહીકે વિપચ્છી જગજાલમૈં રુલત હૈ.
હાટકસૌ વિમલ વિરાટકસૌ વિસતાર,
નાટક સુનત હિયે ફાટક ખુલત હૈ. ૧૫.

બનારસીદાસ. કહો, સમજાણું? બહારના સ્વાદની તો વાતેય શું કરવી? કહે છે. અહીં તો કહે, વ્યવહાર જ બધો થઈ પડ્યો. ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર એકલો હોય છે. અરે..! ભગવાન! આટલો બધો અન્યાય! પરાશ્રિત ભાવમાં સમ્યગ્દર્શન સ્વઆશ્રિત પ્રગટે? સમજાણું કાંઈ? અને વાસ્તવિક તત્ત્વના ભાન વિના આવી કથનશૈલીની પ્રરૂપણા કરવી.. બહુ જવાબદારી, ભગવાનની કીધેલી વાતું કરવી... બહુ જોખમ છે, ભાઈ!

કહે છે, વ્યવહારના પક્ષવાળાને તો પ્રાપ્ત થાય નહિ, પણ આવા શુદ્ધ.. ભેદ બરાબર લક્ષમાં રાખે અને વિકલ્પ ઉઠાવે છે. એને પણ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે. '**તે પણ તે શુદ્ધ સ્વરૂપના સ્વાદને નહિ પામે.**' શુદ્ધ સ્વરૂપના આનંદને નહિ પામે. '**અશુદ્ધનયની તો વાત જ શી?**' આહા..! કહો, ધર્મચંદજી! બરાબર છે? કોની સાથે આમાં વાદવિવાદ (કરવા)? કરો વાદ કરો, કહે છે. ભગવાન! વાદ તો ઘણા થયા ને. કેટલા થયા? કેટલી

ચર્ચાઓ થઈ. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.'

ભાઈ! કહે છે, અશુદ્ધનય, વ્યવહારનય, ભેદવાળી નય, પરાશ્રિત નય, એની તો શી વાત, એ તો ક્યાંય રહી ગઈ. પણ સ્વઆશ્રિત અબદ્ધ આદિના ભેદનો પક્ષ રહેશે પ્રભુ! તો પણ તને ક્ષુબ્ધતા રહેશે. ક્ષુબ્ધતા રહેશે, આકુળતા રહેશે. એ આકુળતા આત્માના સ્વરૂપને નહિ પમાડે. એમાંથી ખસી અને પક્ષ છોડી અને સ્વરૂપનો અનુભવ કરીશ ત્યારે તને શાંતિ (થશે) અને એ વસ્તુ આમ છે એમ તને પ્રાપ્તિ થશે.

'**પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે...**' અશુદ્ધનયની તો વાત જ શી કરવી? '**પણ જો કોઈ શુદ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય.**' તેથી અંતરમાં સમરસી સ્વરૂપ છે તેની દૃષ્ટિ નહિ થાય. તેની નહિ થાય. આહાહા..! આવું સાંભળવા મળતું નથી. આહાહા..! '**પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે.**' પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. '**માટે શુદ્ધનયને જાણીને,...**' જાણીને એટલે લક્ષમાં લે કે આ વસ્તુ આમ છે. '**તેનો પણ પક્ષપાત છોડી શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી,...**' લ્યો, એ ચારિત્ર થયું એટલું. રાગ ગયો એટલી સ્થિરતા થઈ. સ્વરૂપ શ્રદ્ધાની વીતરાગતા થઈ, એ વીતરાગતા થઈ એ ભેગી સ્થિરતા થઈને થોડી? '**સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.**' એ આત્મદશા પ્રાપ્ત કરવી યોગ્ય નામ વીતરાગદશા, સમ્યગ્દર્શન, સમ્યજ્ઞાન, સ્વરૂપાચરણ તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. એ આત્માનું હિત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૩, શુક્રવાર તા. ૧૩-૦૧-૧૯૬૭**
**શ્લોક-૭૧ થી ૯૧, પ્રવચન-૨૨૩**

૧૪૨. ૭૧મો શ્લોક છે. ૭૦ થઈ ગયા. '**જીવ મૂઢ (મોહી) છે એવો એક નયનો પક્ષ છે...**' શું કહે છે? જીવ જે છે એ ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ જીવ છે. એને વર્તમાન મૂઢપણું વર્તે છે એ અપેક્ષાએ વ્યવહારનયથી મૂઢ છે એમ પણ કહેવાય છે. એવો એક વિકલ્પ છે. બીજો કહે છે કે મૂઢ નથી. નિશ્ચય કહે છે મૂઢ છે (પણ) વસ્તુમાં મૂઢપણું નથી. વસ્તુ કેવી મૂઢ? પર્યાયમાં મૂઢપણું હોવા છતાં વસ્તુમાં મૂઢપણું નથી. તો એ પણ એક નિશ્ચયનો પક્ષ છે. હું મૂઢ નથી, હું મૂઢ નથી એવો પણ અમૂઢસ્વભાવી આત્મામાં નયનો એટલે રાગ પક્ષ, રાગનો પક્ષ છે, એ બેને છોડી દઈને ચિત્સ્વરૂપ આત્મા છે તેનો અનુભવ કરવો. તો ધર્મીને જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ આત્મા છે. સમજાણું કાંઈ? બદ્ધની વ્યાખ્યા થઈ તે પ્રમાણે આ બધા શ્લોકો છે. '**નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...**' ભગવાન આત્મા એ મૂઢ અને અમૂઢના વિકલ્પોથી પાર એકલું જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ એ સ્વરૂપ જ છે. ભલે બીજા એના ઘણા ગુણો હોય, પણ એની મુખ્યતા તો ચિત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપથી એને જાણવામાં આવે છે.

એક નય કહે છે કે '**જીવ રાગી છે.**' ૭૨ મો કળશ. જીવમાં રાગ છે, રાગ છે. એ વાત વ્યવહારનયે બરાબર છે. બીજો કહે છે કે રાગ નથી. સ્વરૂપની દૃષ્ટિએ જોતાં ચૈતન્યમૂર્તિ એને રાગ છે નહિ. એ વાત પણ દૃષ્ટિની અપેક્ષાએ બરાબર છે. પણ રાગ નથી એવો જે વિકલ્પ છે એ સત્ છે અને એમાં રોકાવાથી ચિત્‌ના સ્વરૂપનો, ચિત્‌સ્વરૂપનો અનુભવ થતો નથી. કહો, સમજાણું કાંઈ?

એક કહે છે કે '**જીવ દ્વેષી છે...**' જીવમાં દ્વેષભાવ છે. પર્યાયમાં દ્વેષ છે. એ અપેક્ષાએ વિકલ્પ ઉઠ્યો કે આ દ્વેષ છે. અને વસ્તુમાં દ્વેષ નથી. વસ્તુ ચિત્સ્વરૂપ જ્ઞાનગોળો ચૈતન્યમૂર્તિ એમાં દ્વેષ નથી. પણ દ્વેષ નથી એવો જે વિકલ્પ નયનો પક્ષ છે ત્યાં સુધી ચિત્સ્વરૂપનો અનુભવ થતો નથી. કહો, સમજાણું આમાં? અહીં તો (કહે), શુભભાવથી અનુભવ થાય. વ્યવહાર-નિશ્ચય. વ્યવહાર-નિશ્ચયની માંડે છે બધા. વ્યવહાર મોક્ષમાર્ગ પહેલો, પછી નિશ્ચય આવે ... વ્યવહાર સાધન કરતા અમને .... વ્યવહાર હોય છે અને નિશ્ચય થાય થોડો થોડો નિશ્ચય થાય, (એ વિના) નિશ્ચય કેમ થાય? એ તો કહે છે કે તેરમે-ચૌદમે નિશ્ચય થાય છે. ચોથે નિશ્ચય થાય છે. સમજાય છે?

ચેતન સ્વરૂપ અંતર્મુખ દૃષ્ટિમાં એને રાગ કે દ્વેષ છે કે નથી એવા વિકલ્પો પણ જેમાં નથી. એવો અંતરનો અનુભવ કરવો એનું નામ આત્મા કહેવાય છે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? એક કહે છે કે '**જીવ કર્તા છે...**' રાગ થાય છે ને એનો જીવ કર્તા છે. રાગ વ્યવહારનયથી બરાબર ઠીક છે. નિશ્ચયનયથી રાગનો કર્તા નથી. એ વાત બરાબર છે .... પણ રાગનો કર્તા નથી એવા પક્ષમાં ઊભા રહેવું, રાગ કર્તા નથી, જીવ કર્તા નથી, એ પણ એક રાગનો પક્ષ છે એમાં રોકાવાથી ચૈતન્ય સ્વરૂપનો આનંદનો અનુભવ થતો નથી. સમજાણું કાંઈ? એ બેયને ઓળંગીને જ્ઞાનાનંદ સ્વરૂપમાં આરૂઢ થાય, વિકલ્પનું આરૂઢપણું છૂટી જાય ત્યારે એને આત્માના આનંદનો અનુભવ થાય તેને આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એક કહે છે કે '**જીવ ભોક્તા છે...**' એ રાગને ભોગવે છે, રાગને ભોગવે છે. બીજો કહે કે, રાગને ભોગવતો નથી. નિશ્ચયથી વાત સાચી કે રાગને ભોગવતો નથી. વેદન આનંદને ભોગવે એ વાત છે. રાગને ભોગવતો નથી એ વાત સાચી, પણ એનો વિકલ્પ રહે છે કે રાગ ભોગવતો નથી, રાગનો ભોક્તા નથી, રાગનો ભોક્તા નથી. એવા રાગમાં રાગના પક્ષમાં, નયના પક્ષમાં-ભૂમિકામાં રોકાવું એમાં આત્માનો અનુભવ થતો નથી. સમજાણું કાંઈ?

એક કહે છે કે '**જીવ છે...**' બીજો કહે છે, જીવ નથી. જીવ જીવસ્વરૂપે છે એ વાત બરાબર છે. અને જીવ પરસ્વરૂપે નથી. સમજાય છે? પરની અપેક્ષાએ જીવ અજીવ છે. જીવ જીવસ્વરૂપે, ચૈતન્યસ્વરૂપે છે એ પર સ્વરૂપે જીવ નથી. પરસ્વરૂપે નથી એ અપેક્ષાએ બરાબર છે વ્યવહારનયનો પક્ષ. જીવ જીવસ્વરૂપે છે એ પક્ષ બરાબર છે નિશ્ચયનયની અપેક્ષાએ. પણ એ વિકલ્પ ઉઠે છે તે સ્વરૂપમાં અનુભવ થવામાં વિઘ્ન છે. સમજાણું કાંઈ? વ્યવહારનો તો નિષેધ જ કરતા આવ્યા છે. પણ અહીં તો બેનો નિષેધ કરવો છે ને. તેથી વ્યવહારને સાથે લીધો છે. વ્યવહારનો નિષેધ કરતા જાય કે રાગ નથી, ફલાણું નથી, ભેદ નથી, નથી... નથી... લ્યો. હવે તો અબદ્ધ અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ હું છું, પરમ આનંદ છું, એક છું. એવો જે અંદર વિકલ્પ ઉઠે-રાગ મનના સંગમાં, એને ઓળંગીને આત્માનો અનુભવ કરે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય. ઓહો..! સમજાણું કાંઈ?

એક કહે છે કે '**જીવ સૂક્ષ્મ છે...**' છે ને? ૭૭. સૂક્ષ્મ છે. સૂક્ષ્મ. તદ્દન સૂક્ષ્મ. બીજો કહે કે સ્થુળ છે. સૂક્ષ્મ નથી. સ્થુળ છે એ તો રાગની અપેક્ષા આદિ, અને વસ્તુ તરીકે સૂક્ષ્મ છે. પણ છતાં એ સૂક્ષ્મ છે, બહુ સૂક્ષ્મ છે. લ્યો, આ સૂક્ષ્મનું આવ્યું. સૂક્ષ્મ છે છતાં એ સૂક્ષ્મ છે એવો જે રાગનો પક્ષ છે નયનો એને ઓળંગીને આત્માનો અનુભવ કરે તેને આત્માના સૂક્ષ્મનું વેદન થાય.

'**હેતુ છે...**' એક કહે છે કે આત્મા રાગનું કારણ છે. રાગનું આત્મા કારણ છે. બીજો કહે કે રાગનું કારણ આત્મા નથી. રાગનું કારણ છે એ વ્યવહાર છે. કારણ નથી તે નિશ્ચય છે. નિશ્ચય છે એ રાગનું કારણ નથી એમ ગોખવા ઊભો કરે. રાગનું કારણ નથી. હું રાગનું કારણ નથી, તો ત્યાં સુધી એને રાગના વિકલ્પનો પક્ષ છે. તેમાં રોકાવાથી ચૈતન્યનો અનુભવ થતો નથી. રાગનો કર્તા નથી, રાગનો હું કર્તા નથી. સમજાય છે? કારણ નથી. એવું પણ ત્યાં અટકી જાય છે, .. વિકલ્પથી, એને આત્માનો અનુભવ થતો નથી. એનાથી પાર જઈને ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ જ છે.

એક કહે છે કે '**જીવ કાર્ય છે...**' પર્યાયમાં કાર્ય થાય છે. એક કહે કે, કાર્ય નથી દ્રવ્યરૂપ છે. સમજાણું કાંઈ? એક કહે કે પર્યાયરૂપે કાર્ય છે. બીજો કહે કે પર્યાયરૂપ કાર્ય નથી, એ તો દ્રવ્ય છે. એ અપેક્ષાએ બેય જે અપેક્ષાએ છે તે અપેક્ષાએ સમજવું, વિકલ્પ છોડી દેવો એમ કહે છે. સમજાણું કાંઈ? '**જીવ ભાવ છે...**' એક કહે છે કે વસ્તુ છે વસ્તુ. ભાવ-ભાવ છે. '**चित्स्वभावाय भावाय**'. બીજો કહે કે ભાવ નથી, અભાવ છે. પરની અપેક્ષાએ અભાવ છે. તો એ પરની અપેક્ષાએ અભાવ બરાબર પણ એ નાસ્તિ વ્યવહાર થઈ ગયો. સ્વની અપેક્ષાએ ભાવ છે ત્રિકાળ. ભાવસ્વરૂપ વસ્તુ પિંડ, ચૈતન્ય પિંડ, ભાવસ્વરૂપ પણ એનો જે વિકલ્પ છે કે ભાવ છું, ભાવ છું એ બંધનું કારણ છે. એ કષાયનો અંશ છે. એ કષાયના અંશ દ્વારા આત્માનો અનુભવ થતો નથી. કહો, સમજાણું કાંઈ?

'**જીવ એક છે...**' ૮૧. વસ્તુ તરીકે દ્રવ્ય-ગુણ-પર્યાયનું અભેદપણું ગણીને એક છે. બીજો કહે કે એક નથી. ગુણ-પર્યાયથી અનેક છે. ગુણ-પર્યાય એમાં અનેક છે. ગુણો અને દશાઓ અનેક છે. એ પણ એક પક્ષ છે વ્યવહારનો. એક છે એ પણ નિશ્ચયનો પક્ષ છે. બેને ઓળંગીને ચિત્સ્વરૂપને ચિત્સ્વરૂપે અનુભવવો એનું નામ આત્મા કહેવાય છે. હવે આમાં કેટલી દયા પાળવાથી જીવનું ભાન થાય? માંગીરામજી! કહો, આ સસલાની દયા પાળી તો સંસાર પરિત થઈ ગયો, લ્યો. સાંભળ્યું છે કે નહિ? સાંભળ્યું જ હોય ને. એ જૂના માણસ છે મોઢા આગળ (રહેતા). એક સસલાની દયા પાળી હાથીના ભવમાં. પંચેન્દ્રિયની. ત્યાં સંસાર પરિત થઈ ગયો. એટલે એનો અર્થ થયો કે સંસાર એમાં રહ્યો નહિ. એટલે નિર્વિકલ્પ અનુભવ થયો એવો થયો એનો અર્થ. એમ છે નહિ. એ વાત જ ખોટી છે. એ શાસ્ત્રકર્તાએ તત્ત્વનો આખો વિરોધ કર્યો છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જીવ અનંત ગુણનો પિંડ અભેદ તરીકે એટલે વસ્તુ તરીકે એક છે. અને ગુણ-પર્યાયે અનેક છે. એવા આંગણે આવીને મનના સંગે વિકલ્પમાં ઊભો એને પણ રાગ છે એ રાગરહિત આત્માનો અનુભવ, રાગના પક્ષવાળાને થતો નથી.

એક કહે છે કે '**જીવ સાંત છે...**' પર્યાયે. એક સમયની પર્યાયનો બીજે સમયે અંત આવી જાય છે. અંત છે. પર્યાયનો એક સમયની. બીજો કહે કે અંત નથી, અનાદિઅનંત છે. વસ્તુથી અનાદિ અનંત છે. અને પર્યાય એક સમયની રહે છે માટે એનો અંત છે. એ વ્યવહાર છે. અનાદિઅનંત એ નિશ્ચય. પણ એ નિશ્ચયનો વિકલ્પ છે તેનાથી અનુભવ થતો નથી. સમજાણું કાંઈ?

એક કહે કે '**જીવ નિત્ય છે...**' ત્રિકાળ નિત્ય... નિત્ય... નિત્ય. સત્... સત્.. સત્ છે. એનો પક્ષ નિશ્ચયનો એ વિકલ્પ છે. બીજો કહે, જીવ નિત્ય નથી, અનિત્ય છે પર્યાયે. તેનો વ્યવહારનયનો પક્ષ વિકલ્પ છે. કહો, સમજાણું? બેય પક્ષ છોડીને ચિત્સ્વરૂપ તે ચિત્સ્વરૂપ છે. એક કહે છે કે '**જીવ વાચ્ય (અર્થાત્ વચનથી કહી શકાય એવો) છે...**' વાચ્ય છે. બીજો કહે કે વચનથી કહેવાયોગ્ય નથી, વચનાતીત છે. વાસ્તવિક તો વચનાતીત સ્વરૂપ છે. પણ વચનથી કહી શકવા યોગ્ય એવો પણ એક વ્યવહાર છે. પણ એ બેય વિકલ્પથી પાર આત્મા છે તેને અનુભવ કહેવામાં આવે છે.

બીજો કહે કે જીવ અનેકરૂપે છે. ગુણ અને પર્યાયો નાનારૂપ છે ને? ઘણાં પ્રકારે. ઘણાં પ્રકાર. સામાન્ય ધર્મ, વિશેષ ધર્મ, પર્યાય અનેક, એવો આત્મા ઘણાં પ્રકારે છે. બીજો કહે કે ઘણાં પ્રકારે નથી. એક જ પ્રકારે છે. વસ્તુ એક જ પ્રકારે છે. એ વાત નિશ્ચય છે. ઘણાં પ્રકારે એટલે વ્યવહાર. પણ બેયનો વિકલ્પ છે તેનાથી અનુભવ થતો નથી.

'**જીવ ચૈત્ય (ચેતાવાયોગ્ય) છે...**' જણાવાયોગ્ય છે. બીજો કહે કે જણાવાયોગ્ય નથી. જણાવાયોગ્ય છે એ બરાબર છે. પણ જણાવાયોગ્ય છે, જણાવાયોગ્ય છે એવો જે રાગનો પક્ષ એને ઓળંગી જઈને ચિત્સ્વરૂપનો અનુભવ કરે તો જણાવાયોગ્ય વેદનમાં આવે. જાણવામાં આવે. સમજાણું કાંઈ? જુઓ! આ બધું કર્તાકર્મ વિકલ્પને છોડાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં? .. જણાવાયોગ્ય કીધું ને. ચૈતન્ય નથી-જણાવાયોગ્ય નથી એમ કહે છે બીજો. જણાવાયોગ્ય નથી, જણાય નહિ એમ કહે છે. .. જણાવાયોગ્ય નથી. પક્ષ છે ને? જણાવાયોગ્ય નથી. પ્રત્યક્ષ આવશે પછી પાઠમાં. અહીં તો જણાવાયોગ્ય છે અને જણાવાયોગ્ય નથી બેનો પક્ષ છે. જણાવાયોગ્ય છે એ પણ એક વિકલ્પ છે. જણાવાયોગ્ય એ સાચો, પણ એ ખોટું છે. એ વિકલ્પ છે, વિકલ્પ. જણાવાયોગ્ય હોવા છતાં જણાવાયોગ્ય છે છે એવો વિકલ્પ થતો નથી. જણાવાયોગ્ય વાત સાચી છે એ. રાગરહિત છે એ વસ્તુ સાચી છે પણ એનો વિકલ્પ છે એ ખોટો છે. ખોટો કઈ રીતે? સ્વભાવની અપેક્ષાએ ખોટો, એની અપેક્ષાએ સાચો છે. રાગ રાગની અપેક્ષાએ છે. સ્વભાવમાં એ છે નહિ.

એક કહે છે કે **'જીવ દૃશ્ય (-દેખાવાયોગ્ય) છે...'** વાત સાચી છે દેખાવાયોગ્ય વસ્તુ છે. બીજો કહે કે દેખાવાયોગ્ય નથી. એ પણ એક પક્ષ છે ને અજ્ઞાનીને. આત્મા દેખાય? અરૂપી કાંઈ આત્મા દેખાતો હશે? અરૂપી આત્મા જણાતો હશે? એમ કહે છે ને? લ્યો! એક કહે છે કે **'જીવ વેદ્ય (-વેદાવાયોગ્ય, જણાવાયોગ્ય) છે...'** આત્મા વેદનમાં આવે, વેદનમાં આવે એવો છે. એ વાત સાચી છે પણ એનો પક્ષ છે એ વિકલ્પ ખોટો છે. એક કહે વેદનમાં આવે એવો નથી. વેદનમાં આવે? આત્મા વેદાય? સમજાય છે? વસ્તુ કાંઈ વેદાય? કોઈ રાગ વેદાય, દ્વેષ વેદાય. આત્મા વેદાય? વળી એક એમ કહે છે. પક્ષ છે ને આ તો ઘણા પ્રકારના અંદર. બીજો કહે કે વેદાવાયોગ્ય નથી. બેય નયના પક્ષ છે.

**'જીવ ભાત (પ્રકાશમાન અર્થાત્ વર્તમાન પ્રત્યક્ષ) છે...'** એક કહે છે કે જીવ વર્તમાન પ્રત્યક્ષ છે. કેમ કે વર્તમાનમાં પ્રત્યક્ષ ગુણ નામનો એમાં પ્રકાશ નામનો ગુણ છે એથી તે વર્તમાન પ્રત્યક્ષ થવાને લાયક છે. બીજો કહે, પ્રત્યક્ષ થવાને લાયક નથી. અરૂપી પ્રત્યક્ષ થાય નહિ. કેવળજ્ઞાની થાય ત્યારે થાય. કહો, સમજાણું આમાં? એ પ્રકારના ભેદ છે.

**'જે તત્ત્વવેદી પક્ષપાતરહિત છે...'** તત્ત્વનો વેદી એટલે વેદનારો. એ સ્વરૂપે જે રીતે છે તે રીતે વ્યવહાર અને નિશ્ચયથી જાણે ખરો, પણ તેના વેદનમાં તેના પક્ષનો રાગ હોતો નથી. **'તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે...'** જ્ઞાન સ્વરૂપ... જ્ઞાન સ્વરૂપ.. જ્ઞાનમાં ઉત્થાન વિકલ્પ એ સ્વરૂપમાં છે નહિ. એમ સિદ્ધ કરવું છે. **'નિરંતર અનુભવાય છે.'** લ્યો! બધામાં.. એ પ્રમાણે **'બદ્ધ અબદ્ધ, મૂઢ અમૂઢ, રાગી અરાગી, દ્વેષી અદ્વેષી, કર્તા અકર્તા, ભોક્તા અભોક્તા, જીવ અજીવ,...'** જીવ નથીનો અર્થ અજીવ .. અસ્તિથી કર્યું. સૂક્ષ્મ નથીનો અર્થ સ્થૂલ કર્યો. **'કારણ અકારણ. કાર્ય અકાર્ય, ભાવ અભાવ, એક અનેક, સાન્ત અનન્ત, નિત્ય અનિત્ય, વાચ્ય અવાચ્ય, નાના અનાના, ચેત્ય અચેત્ય, દૃશ્ય અદૃશ્ય, વેદ્ય અવેદ્ય, ભાત અભાત ઈત્યાદિ નયોના પક્ષપાત છે.'** વસ્તુનું સ્વરૂપ તો ચૈતન્યસૂર્ય તો જે છે તે છે. એને આ પ્રકારના નયના જ્ઞાનના પક્ષના વિકલ્પો છે.

**'જે પુરુષ નયોના કથન અનુસાર...'** નયોના કથન અનુસાર **'યથાયોગ્ય...'** જેમ વસ્તુ સ્વરૂપ છે તેમ **'વિવક્ષાપૂર્વ...'** નામ જેમ કહેવા માગે છે વ્યવહાર અને નિશ્ચય તેમ **'તત્ત્વનો-વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને નયોના પક્ષપાતને છોડે છે...'** વસ્તુનો નિર્ણય કરે. પર્યાયે અનિત્ય છે, દ્રવ્યે નિત્ય છે પણ એના વિકલ્પને છોડી દે. એમ કહે છે. સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે એક પક્ષ છોડી દીધો એટલે પર્યાયથી અનિત્ય છે એ પાછું ખોટું હતું, દ્રવ્યે નિત્ય છે એ ખોટું હતું. એમ નહિ. સમજાણું કાંઈ? **'તે પુરુષને ચિત્સ્વરૂપ**

**જીવનો ચિત્સ્વરૂપે અનુભવ થાય છે.'**

'**જીવમાં અનેક સાધારણ ધર્મો છે...**' અનેક ગુણો, ધર્મો છે. જે પરમાં પણ છે અને પોતામાં પણ છે. અથવા અનેક ધર્મો .. છે. '**પરંતુ ચિત્સ્વભાવ તેનો પ્રગટ અનુભવગોચર અસાધારણ ધર્મ છે...**' જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ચૈતન્યસ્વરૂપ એવો એનો અસાધારણ (ધર્મ છે) કે જે બીજામાં પણ નથી અને એના અનંત ધર્મમાં એ એક જ અસાધારણ ચિત્સ્વભાવ છે. '**તેથી તેને મુખ્ય કરીને અહીં જીવને ચિત્સ્વરૂપ કહ્યો છે.**' જ્ઞાનથી જ્ઞાનને વેદે, જ્ઞાનથી જ્ઞાનને જાણે તેથી તેને ચિત્સ્વરૂપને જીવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

'**ઉપરના ૨૦ કળશના કથનને હવે સમેટે છે :-**'

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-**
**मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम्।**
**अन्तर्बहिः समरसैकरसस्वभावं**
**स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम्।।९०।।**

૯૦મો કળશ.

'**શ્લોકાર્થ :- એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને)...**' એ ભૂમિકા નયના પક્ષની છે. આત્મભૂમિકા નથી એમ કહે છે. શું કીધું? કે જેમાં બહુ વિકલ્પ ઉઠે છે કે હું અબદ્ધ છું અને બદ્ધ છું, એક છું અને અનેક છું. એવી જાળો આપોઆપ ઉઠે છે. એટલે વસ્તુના સ્વરૂપમાં નથી એમ કહે છે. આપોઆપ એટલે ભેદના લક્ષમાં જતાં રાગ વિકલ્પ એ રીતે ઉઠે છે. એવી મોટી નયપક્ષ.. અનંત.. એવી નયપક્ષની સત્તા નામ ભૂમિ, એ તો નયના વિકલ્પની ભૂમિકા છે. એમાં આત્મા આવ્યો નથી. શું કીધું સમજાણું? શરીરમાં નથી, કર્મમાં નથી, પુણ્ય-પાપના રાગમાં આત્મા નથી. પણ આવા અબદ્ધ-બદ્ધ એ નયપક્ષ નામ રાગના પક્ષની ભૂમિકામાં આત્મા નથી. એ તો રાગની ભૂમિકા છે. એમ કહે છે.

એને '**ઓળંગી જઈને (તત્ત્વવેદી)...**' નામ વસ્તુ સ્વભાવને વેદનાર ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ છે જેનું, એનો વેદનાર. '**અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...**' અંદરમાં પણ વીતરાગ સ્વભાવ ભર્યો છે અને પર્યાયમાં પણ વીતરાગપણું જ જેને સમતાપણે પ્રગટ્યું છે. શું કહ્યું? કે જે વિકલ્પ છે અબદ્ધ-બદ્ધનો એ વિકલ્પ છે એ વિષમભાવ, કષાયભાવ છે. એ નયપક્ષની ભૂમિ છે. એ ભૂમિકા નયના પક્ષનો ભૂમિકા-ભાગ છે. એને ઓળંગી જઈને, એને ઓળંગી જઈને જ્યારે ચૈતન્યસ્વરૂપનું અંતર વેદન થયું ત્યારે વસ્તુ પોતે ચૈતન્ય સ્વભાવ જ સમરસી વીતરાગભાવ છે. અને એમાં

એકાકાર થયો એટલે પર્યાયમાં પણ સમરસ દશા પ્રગટ થઈ. અંદર અને બાહ્ય જ્યાં સમતા જ પડી છે એવા આત્માને વેદે છે. સમજાણું કાંઈ? શું કીધું ઈ?

ભગવાન આત્મા અનંત અનંત બેહદ ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભંડાર. એમાં સમરસપણું ભર્યું છે. કારણ કે એનો સ્વભાવ ચારિત્ર સંપન્ન છે ને ત્રિકાળ. ચારિત્ર એટલે જેમાં સમતા-શાંતિ એવું સ્વરૂપ તો ત્રિકાળ પડ્યું જ છે. વીતરાગ અકષાય સ્વભાવ. નયપક્ષની જે ભૂમિ એ તો રાગ વિકાર ભૂમિકા હતી. એ રાગની ભૂમિકાને ઓળંગી અને અંતર સ્વભાવના શુદ્ધ ચૈતન્યને અંદર સ્પર્શ્યો ત્યારે વસ્તુ જ પોતે અંતરમાં ધ્રુવ સમરસીથી ભરેલી, એકાગ્ર થયો એટલે નયપક્ષની ભૂમિકા જતાં શાંતિની ભૂમિકા પ્રગટી. એની દશામાં પણ સમતા, એના સ્વભાવમાં પણ સમતા. સમજાણું કાંઈ? આવું ધર્મનું રૂપ છે, શોભાલાલજી! આવું સાંભળવા પણ મળે નહિ ન્યાં ક્યાંય. ત્યાં તો આ કરો.. આ કરો.. ને આ કરો ને આ કરો. ...દાન આપે. દાનવીર ભગવાનદાસ અને શોભાલાલ. આહાહા..!

ભાઈ! અહીં તો કહે છે, એ પૈસાનું અસ્તિત્વ ક્યાંક રહી ગયું. શરીરનું અસ્તિત્વ-હોવાપણું ક્યાંક રહી ગયું, કર્મનું ક્યાંક રહી ગયું. અહીં તો સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે એમાં રાગ પક્ષની ભૂમિકા પણ ભિન્ન રહી ગઈ. સમજાણું કાંઈ? એ ભૂમિકાને ઓળંગીને અંતર ચૈતન્ય ભૂમિ, જ્ઞાનરસ, શાંતરસ વસ્તુ પોતે, એને સ્પર્શતા અંદર અને બાહ્ય ત્યાં સમતારસ જ એકલો .. જેવો સમરસ સ્વભાવ હતો એવું પર્યાયમાં સમતા અકષાય પરિણમનનો અંશ આવ્યો. પેલો કષાયનો અંશ વિષમ હતો એ ગયો. સમજાણું કાંઈ?

**'અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...'** સમરસ એકરસ સ્વભાવ. એકરસ થઈ ગયો. જે પર્યાયમાં વિકલ્પની જાળ હતી એનું એકપણું નહોતું, ભિન્નપણું રહેતું. એ વિકલ્પની જાળ ઓળંગી સ્વરૂપમાં અંદર એકાગ્ર થયો ત્યારે સમતારસનું એકરૂપ થઈ ગયું. ત્રિકાળ જેવો સમતા છે તેવી દશા પણ સમતાની પ્રગટી. આ એનું નામ આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મભૂમિકા કહેવામાં આવે છે. લોકોને તો એવું થઈ ગયું છે, અરે..! અધ્યાત્મ વાત ... અધ્યાત્મવાદીઓ વ્યવહાર મોક્ષમાર્ગને નથી પાળી શકતા માટે તેને હેય બતાવે છે. એને વ્રતમાં કષ્ટ છે. કષ્ટ હોય એને ધર્મ કહેવાય? વાત સાચી એક ન્યાયે. વ્રતના પરિણામ છે એ દુઃખદાયક છે. પણ ઈ એમ નથી માનતા. એ તો જે વ્રતનો વિકલ્પ ઉઠે છે એ શુભરાગ છે અને એ છે દુઃખદાયક. એમ નહિ. એને તો આમ સહન કરવું પડે એ દુઃખદાયક છે એમ માને છે. ભાઈ! એ જેમાં અંતર પ્રતિકૂળતા દેખાય, લાગે એ તો દ્વેષભાવ છે. એમાં તો વ્રતનો શુભભાવ પણ નથી ત્યાં તો. સમજાણું કાંઈ? વ્રત જે છે, ભલે સમ્યગ્દર્શન વિના રાગ મંદ હોય તો પણ એ તો શુભરાગની આકુળતા દુઃખ છે. અને

જ્યાં દ્વેષ લાગે, અણગમો લાગે એ તો પાપના પરિણામ અણગમાના આર્તધ્યાનના થયા. સમજાણું કાંઈ?

છ ઢાળામાં નથી આવતું? છ ઢાળામાં આવતું નથી? વૈરાગ્ય. આતમકો હિત. બોલો ને. આતમહિત વૈરાગ્ય એ લાગે કષ્ટદાયક. એમ છે. અહીં નથી ને આપણે. ... વૈરાગ્ય છે એટલે રાગરહિત દશા ચારિત્ર આદિ એને અજ્ઞાનીને દુઃખદાયક લાગે છે. ચારિત્ર છે એ આનંદ દાયક છે. એને ઠેકાણે અજ્ઞાનીને દુઃખદાયક લાગે છે. ઘણું સહન કરીએ છીએ. દુઃખદાયક (માને છે) એને સંવર-નિર્જરાના તત્ત્વની મોટી ભૂલ છે. સમજાણું કાંઈ? માણસને જાણે કાંઈક સહન કરવું ને સહન કરવું ને એનું નામ ધર્મ. પણ શું સહન કરવું? સહન કરવું એટલે શું? .. થાય અને કાંઈક અંદર ખેદ લાગે એ તો પાપ થયા. કેમ રતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો .. બધા. પણ આ તો અપવાસ તમારે કરે ને વર્ષી તપ કર્યા હશે કે નહિ? એ માંડ માંડ ચોવીસ કલાક પૂરા કરે અને પાણીની નજર રાખે, સવાર ઝટ પડે તો. ટીકડીને ખાય એટલે ખાઈ લે. એને હજી કષાયની મંદતાના પરિણામ ક્યાં છે? ત્યાં તો હજી લક્ષ ત્યાં છે બધું.

અહીં તો કહે છે કે કદાચિત્ કષાયના મંદનો ભાવ હો વ્રતના, દયાના, દાનના, તો પણ એ મંદરૂપ પોતે દુઃખરૂપ છે. આ તો કહે છે કે કરવામાં બાહ્યનું કષ્ટ લાગે એને વ્રત કહે છે. એ તો વસ્તુ જ ખોટી છે. સમજાણું કાંઈ? ચારિત્રને નિશ્ચય વ્રત તો એને કહે છે, નિશ્ચયવ્રત, કે જે રાગરહિત સ્વરૂપનો અનુભવ કરીને સ્વરૂપમાં ઠરવું. ત્યાં અતીન્દ્રિય આનંદની ઉગ્રતાનું વેદન થાય તેને નિશ્ચય વ્રત કહે છે. સમજાણું કાંઈ? આનંદમાં આનંદ છે એને, કષ્ટ નથી. ...

અહીં તો શું છે? સમતારસનો પિંડ પ્રભુ છે. આત્મા સમતા નામ ચારિત્રગુણ સંપન્ન વીતરાગસ્વભાવ સંપન્ન છે. સમતા છે-શાંતિ છે. એવા શાંતિ અને સમતાનો આત્મા, એની અંદર એકાગ્ર થવું ત્યાં તો સમતા ને શાંતિ ને કષ્ટના વિકલ્પો પણ જ્યાં નથી. કષ્ટનો વિકલ્પ તો નથી, પણ વ્રતનો જે આ વ્રત પાળવા જેવો છે, દયા કરું એવો વિકલ્પ પણ જ્યાં નથી. આ દયા પાળવા જેવી છે એવો વિકલ્પ પણ દુઃખદાયક શુભરાગ છે. ત્યારે કહે, પાળ્યા ને? આ કુંદકુંદાચાર્ય આદિએ પાળ્યા. અરે..! ભગવાન! પાળ્યા નથી, બાપુ! એને આવ્યા છે. પાળે? તપસ્યા કરે રાગની? વ્યવહાર કહેવાય. સમજાણું કાંઈ? ત્યારે કહે, ભગવાનનો આદર કરવો એ વ્યવહાર નથી? એ ઉપાદેય છે કે છોડવા યોગ્ય છે? ભગવાનનો અવિનય કરવો? વિનય ન કરવો તો? અરે..! ભગવાન! ભાઈ! એ વ્યવહારે કહેવાય. વ્યવહારે કહેવાય

વ્રતાદિ. પણ વસ્તુ તરીકે શું છે? સમજાણું કાંઈ? વસ્તુ તરીકે તો એમાં રાગ પરલક્ષી ઉત્પન્ન થાય એ આકુળતા છે.

મુમુક્ષુ :- વ્યવહારે ...

સમાધાન :- પણ એનો અર્થ શું થયો? અશુભ ટાળવા માટે તે પ્રકારનો વિનય આદિ ભાવ આવ્યા વિના રહેતો નથી, એથી એ અપેક્ષાએ કહે છે. પણ દૃષ્ટિની અપેક્ષાએ તો પહેલો છોડવા યોગ્ય નક્કી ન કરે ત્યાં સુધી એને સાચી દૃષ્ટિ અંતરની અનુભવ ન થાય. સમજાય છે કાંઈ? ભગવાનની સામું લક્ષ કરી, હે ભગવાન! તમે આવા છો.. આવા છો.. એમ કરીને અંદરમાં જવાતું હશે? હે ભગવાન! તમે અનંત જ્ઞાની છો, અનંત દર્શી છો. એમ કરીને સામું લક્ષ કરીને અંદરમાં જવાતું હશે? સામું લક્ષ કરે એ તો વિકલ્પ છે, રાગ છે. અહીં તો હજી અંદરમાં અંદર .. એક છું, શુદ્ધ છું એ પણ રાગ છે, દુઃખદાયક છે. આરે..! આવી વાત.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઊભા રહેવું.. આખો ભગવાન છે કે નહિ? ઓલો કહે કે મોટું છે કે નહિ? ધામ છે કે નહિ? મહાસત્તા જેમાં ઠરવામાં (આવે). એ ઓટલો છે સૂઈ જવાનો અંદર.

મહા ચૈતન્યસત્તા ધામ છે, વસ્તુ છે. વસ્તુ તે જ્ઞાનરસથી ભરેલો, આનંદથી ભરેલો, શાંત-ચારિત્રથી ભરેલો, અસ્તિત્વથી ભરેલો, વસ્તુત્વથી ભરેલો, સ્વચ્છતાથી ભરેલો, પ્રભુતાથી ભરેલો પદાર્થ મહાપ્રભુ છે. એમાં અંદર જા, ઠર એનું નામ ધર્મ છે. ઠરના. આહાહા..! હજી એને ખ્યાલ પણ નથી કે ક્યાં જાવું અને ક્યાંથી ખસવું? અનંત કાળથી એણે કર્યું છે અને ત્યાં ને ત્યાં હજી ઊભું રહેવું છે. એ વાત ગોઠતી નથી એને. હજી તો ગોઠતી નથી. અંદરમાં આ કરે તો કરતા કરતા થાતા હશે. દુઃખના પરિણામ કરતા કરતા અનુભવના આનંદના પરિણામ થાય. એવી વાત છે. અહીં તો કહે છે કે આ વિકલ્પ તોડતા તોડતા થાય. જાળ ઊભી થાય એને છોડ.

**'અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...'** એક રસ જ જેનો સ્વભાવ છે **'એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) પામે છે.'** જે અનુભૂતિ એકલી સમતાસ્વરૂપ છે. સ્વરૂપ સમતામય છે પણ એની અનુભૂતિ પણ સમતાસ્વરૂપ છે. સમજાણું? જેમાં મિથ્યાત્વનો નાશ થઈ અનંતાનુબંધીનો અભાવ થયો અને સમ્યક્‌ની ઉત્પત્તિ અને સ્વરૂપાચરણની દશા થઈ. એટલે તો ત્યાં સમતા (થઈ છે). **'અંદર અને બહાર સમતા-રસરૂપી...'** જે ઓલો રાગનો રસ હતો, એમાંથી ખસ્યો એટલે રાગરહિત (થયો). રાગનો રસ છે ને? જ્ઞેયમાં એકાકાર થતો. એનાથી ખસીને જ્ઞેયસ્વભાવ ચૈતન્ય સ્વરૂપમાં

આવ્યો, એટલે એકરસ જેનો સ્વભાવ છે **'એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) પામે છે.'** અંતરના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. એને પક્ષાતિક્રાંત વસ્તુ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

જુઓ! સમતારસ કેમ લીધો? વિકલ્પ હતો એ વિષમભાવ હતો. જ્ઞાનની અનુભૂતિ થઈ. અનુભૂતિ થઈ તો શું થયું? વિકલ્પ જે હતો કે હું અબદ્ધ છું, અબદ્ધ છું... એમાં તો વિષમભાવ હતો. એટલે કે દુઃખદાયક હતો. એને છોડીને સ્વરૂપ શુદ્ધની એકાગ્રતા થતાં સમતારસ (પ્રગટ થયો). વિષમરસ ગયો, સમતારસ જે સ્વરૂપ છે એવી પર્યાયમાં એકાગ્ર થતાં ... આકુળતા જતા આનંદ આવ્યો. વિષમભાવ જતાં સમભાવ થયો, આકુળતા જતાં અનાકુળ આવ્યો. એટલે સમતારસમાં આનંદનો સ્વાદ અને વીતરાગ સમરસનો સ્વાદ એને આવતાં એ પક્ષાતિક્રાંત જીવ કહેવામાં આવે છે. એને સમયસાર અને આત્મા કહેવામાં આવે છે. આ તો એકાંત છે, એમ કહે. રાજમલજી! તમારા ગામમાં બધા. કુચામણ ને? કુચામણ. એકાંત છે.. એકાંત છે. સમ્યક્ એકાંત વિના અનેકાંતપણું યથાર્થ થાય જ નહિ. શ્રીમદ્‌નું એક વચન છે ને? સમ્યક્ એકાંત એવા જીવપદના હેતુ સિવાય અનેકાંતપણું પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? ... કહો, સમજાણું આમાં? બહુ તત્ત્વ મૂક્યું છે આમાં.

આત્મા જે વસ્તુ છે આત્મા, પદાર્થ છે. જેમ બરફની શીલા ઠંડી છે ઠંડી. તે જ્યાં જુઓ ત્યાં ઠંડી જ ભરેલી છે. બરફની શીલા. એમ આત્મા અહીંયાં ઓલા કષાયના વિકલ્પની વિષમતાથી જઈ અને આવ્યો એટલે સમતા ... સમજાણું કાંઈ? જે આમ કષાયનો વિકલ્પ કે આ છું... આ છું.. આ નહિ... આ છું... આ નહિ.. એવી વૃત્તિનું ઉત્થાન થતું, એ કષાયભાવ હતો, આકુળતા હતી. એને ઓળંગીને સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય શીતળ શીલા થઈ. ઓલી જેમ શીતળ ઠંડી છે, એમ આ શીતળ સમતારસી શીલા છે. સમજાણું કાંઈ? ભગવાન સમતારસસ્વરૂપ છે આત્મા. એમાં પોઢ્યો એટલે એકાગ્ર થયો ત્યારે સમતારસ પ્રગટ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ એને ખબર નથી પડતી કે આ રાગ છે, આકુળતા પર તરફ છે, એમાં જ્યારે .. ત્યારે અંદર એનાથી રહિત થાય એમ ખબર પડે કે નહિ એને? નમૂનો પહેલા હાથમાં આવે? માલ છે બીજો કે નમૂનો આવે? ખરો નમૂનો એ છે કે રાગરહિત થયો ત્યારે નમૂનો હાથ આવ્યો કે ઓહો..! આત્મા આખો સમતારસનો .. પિંડ છે. ત્યારે ખરેખર નમૂનો હાથ આવ્યો. કહો, સમજાણું કાંઈ? મોટા ધોકડામાંથી કાઢી આપે છે ને કે જુઓ! આ રૂ. ... ચોખા. .. કારીગર હોય એ. આખી ગુણ હોય પાંચ મણની તો બાંધીને લાવે આમ. આમ મારે. મોટા મોટા .. આવે. ચોખા આખા. કણકી રહી જાય અંદર. પેલો ઘરાક હુશિયાર

હોય તો નાખે આમ સીધી. અમારે ત્યાં આવતા દુકાનમાં. એ સીધી નાખે. ત્યારે તો ચોખા અને કણકી બધું આવે. તમે તો બતાવ્યું હતું ને? નીકળ્યું તો આ એમાંથી. બેયના નાખવા નાખવામાં ફેર હોય. જયંતિભાઈ!

અહીં કહે છે, અખંડ વસ્તુ જે છે એવી ચૈતન્ય શીલા પડી છે. પ્રભુ સમતારસનો અરૂપી કંદ છે, પદાર્થ છે. અરૂપી એટલે વસ્તુ અરૂપી વસ્તુ છે. રૂપી જ વસ્તુ છે અને અરૂપી એટલે વસ્તુ નહિ એમ નહિ. આ બધા રૂપી બહુ દેખાય છે, આ પદાર્થ છે. એમ અરૂપી વસ્તુ છે. આ તો ઘણાં રજકણનો પિંડ છે. ઓલો તો એક વસ્તુ અખંડ છે. એક પદાર્થ છે. અરૂપી પદાર્થ છે તે સમતારસનો પિંડ પ્રભુ છે. જેમાં આ વિકલ્પ ઓલો કીધો ને? આપોઆપ ઉઠે છે. વસ્તુમાં નથી પણ ભેદનું લક્ષ કરે છે ઉઠે, ફટ દઈને ઉઠે છે. અબદ્ધ છું ને બદ્ધ છું. વસ્તુમાં નથી. એ વસ્તુની અંતર આ વિકલ્પથી પાર જઈ અને એકાગ્ર થતાં સમતારસરૂપી રસ એક જ જેનો સ્વભાવ છે. આ વિકલ્પ એનો સ્વભાવ નથી. એકરૂપ સમતા. ઉપશમરસ. આત્મા સમરસી વીતરાગી પિંડ આખો છે. એક ગુણેથી લ્યો તો એમ છે. જ્ઞાનથી લ્યો તો જ્ઞાનપિંડ છે, આનંદથી લ્યો તો આનંદપિંડ છે. અહીંયાં તો ઓલા વિકલ્પની જાળ કષાયવાળી હતી એને ઓળંગી ગયો તો સમતાને પ્રધાનપણે વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ?

'**અંદર અને બહાર સમતા-રસરૂપી એક રસ...**' એટલે કે વિષમતાના અનેક વિકલ્પો ઉઠ્યા એમ કહે છે. સમજાણું? અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું, અનેક છું એવા વિકલ્પ. એક વસ્તુમાં એવું અનંતપણું નથી. ચૈતન્ય પ્રભુ શાંતરસ વીતરાગસ્વરૂપ છે. તેની અંદર વિકલ્પને ઓળંગીને એકાગ્ર થતાં સમરસ એકરૂપ સ્વરૂપ જેનું છે. '**એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (-સ્વરૂપને) પામે છે.**' જુઓ! ઓલો રાગ હતો એ પોતાનો સ્વભાવ નહોતો, પોતાનું રૂપ નહોતું. સમજાય છે કાંઈ? અબદ્ધ છું એવો જે વિકલ્પ એ કાંઈ પોતાનું સ્વરૂપ નહોતું. સમજાણું કાંઈ? એવા વિકલ્પની રાગજાળ, અબદ્ધ છું, એક છું એવી પણ રાગની જાળ તે વિષમતા હતી, દુઃખ હતું, જાળ હતી. તેને ઓળંગી. એ તો એક કૃત્રિમ ક્ષણિક હતી. આ તો મોટો ત્રિકાળ છે. ત્રિકાળ ચૈતન્યના અંતરમાં સ્વરૂપનું અવલંબન લઈને સમતા પ્રગટી ત્યારે ભગવાન પોતે સમતારસ છે, પર્યાયમાં એકરૂપ સમતા પ્રગટી એટલે બધું સમરસ એકરૂપે થઈ ગયું. એનું નામ અનુભવ અને એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, ન્યાલભાઈ! આવી વ્યાખ્યા પણ હજી સાંભળી ન હોય. ભક્તિ કરો, વ્રત પાળો, આ કરો.. આ કરો. આખી જિંદગી ગાયા કરે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે..' પણ આત્મભાવના એટલે શું? 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે.'

આતમભાવના એટલે આ વિકલ્પની જાળથી રહિત થઈ સ્વરૂપમાં એકાગ્ર થવું એ આતમભાવના. એ ભાવના ભાવતા ભાવતા ચારિત્ર થઈને કેવળજ્ઞાન થાશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે એ તો. એ એમ કહે છે, એના વતી દલીલ ... પણ વર જોઈએ ને. પરણવું હોય તો.

એક કાલે ખાતો હતો શાક. રાતના અંધારે. એમાં દેડકું નાનું આવી ગયું શાકમાં. એટલે ઓલું જરી ઊનું ઊનું હતું ને એટલે એને એમ થયું.. આમ જ્યાં લીધું ત્યાં પગ દીઠાં. અંધારે પણ દેખાય ને? અંધારે શાક હશે ને ઈ? ટાંગા લાગ્યા. એલા પણ આ શું? આમ જોવે તો દેડકું. નાના નાના દેડકા ચોમાસામાં થાય ને. એમાં શાક ને કઢીને ખાવા બેઠેલો. સમજ્યા ને? એમાં.. દેડકા સમજ્યા? મંડૂક-છોટા મેંઢક. હતું અંધારું. એમાં ... મૂકી હોય, અહીં .. આમ રોટલી .. પડી ગયું હોય. ફોડવું લેવા જતાં એ લીધું. આમ જોયું તો પગ જોયા કે આ શું? આ અંધારે ...

આત્માના ભાન વિના અજ્ઞાનપણે કાંઈ મળતા હશે? એમ કહે છે. સમજાણું કાંઈ? ...ત્રસ મરે છે. ત્રસ પણ મરે છે. ખબરેય ન હોય એને. સમજ્યાને? ખાવા બેસે ને, શ્વાસની ગતિ ખેંચવાની વધારે હોય. શ્વાસની ગતિ ખેંચવાની. પાણી પીવે ... એટલી ગતિ શ્વાસમાં આઘા-પાછા આમ જરી જીવાત હોય ને એ શ્વાસની ગતિમાં ખેંચાઈ આવે. એ એને ખબર ન હોય પણ એવા જીવ ખેંચાઈ આવે રાતના, મોઢામાં. સાધારણ શ્વાસની ગતિ ... ચાલતા શ્વાસની ગતિ વધારે હોય છે. .. શ્વાસની ગતિમાં ગરી જાય અંદર મોઢામાં કે નાકમાં. ખાતા ખાતા એ જ્યારે શાક ને ... ખાવાની શ્વાસની ગતિ વિશેષ હોય અને અંદરમાં ઝીણી જીવાત હોય એને ભાસે ક્યાંથી? અંધારે પછી કુટાય. શાક ખાય છે કે દેડકા.

એમ અજ્ઞાનમાં.. સમજાણું કાંઈ? વસ્તુના ભાન વિના અજ્ઞાનના અંધારા. અજ્ઞાનનું ખાવું એ રાત્રી ભોજન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એને ખબર નથી કે આ ચૈતન્ય વસ્તુ મહાપ્રભુ બિરાજે છે. અરૂપી નજરે જ્ઞાનમાં આવે. રાગની નજરે આવે? એની જે આંખ છે એમાં આવે. એની આંખ એ રાગ એની આંખ છે? આત્માની આંખથી નજરે આવે. તો એની આંખ શું રાગ છે? એની આંખ આ શરીર છે કે નજરે આવે ઈ? સમજાય છે કાંઈ? એની આંખ તો વર્તમાન પ્રગટ થયેલો જ્ઞાનનો પર્યાય એ એની આંખ. એ પર્યાય વડે અંદર જોવે તો એને અંદર દેખાય. રાગ દ્વારા, વિકલ્પ દ્વારા તે જણાય એવો આત્મા નથી. આ તો હજી આત્માની પહેલી ભૂમિકાની વાત કરે છે, શરૂઆતની. સમજાણું કાંઈ? કર્તાપણું વિકલ્પનું છૂટે, તો ઈ અકર્તા આ રીતે થાય ત્યારે તેને સમતારસ પ્રગટ થાય. આહાહા..!

સમજાણું કાંઈ? બીજાનું કરવાપણું ને આ કરું છું, આ કર્યું ને તે કર્યું. કાંઈ ધૂળમાંય નથી.

અહીં તો અંદરમાં ભગવાન ચૈતન્ય જ્ઞાનસ્વરૂપે બિરાજમાન પ્રભુ, એને હું અબદ્ધ છું એવા રાગના કર્તાપણે અને રાગના કાર્યપણે રોકાવું, એમાં સ્વરૂપનું કાર્ય તેથી થતું નથી. સમજાણું કાંઈ? કર્તાકર્મને લાવતા... લાવતા... લાવતા.. ત્યાં સુધી લઈ ગયા. પહેલેથી ઉપાડ્યું છે, ૬૯થી. આત્મા અને આસ્રવને ભિન્ન જાણે. એક જાણે તેને બંધન થાય, ભિન્ન જાણે તેને ભેદજ્ઞાન થાય. ત્યાંથી ઉપાડ્યું છે. સમજ્યાને? આપણે તો વંચાઈ ગયું હતું ને પહેલું? ફરીને લીધું. અહીંથી આ છેલ્લે આ લાવીને મૂક્યું.

ભાઈ! શરીર, વાણી, મનની પર્યાય થાય એનો તો કર્તા નહિ. કારણ કે એ તો પર્યાય ઉત્પાદ-વ્યય તેના દ્રવ્યમાં થાય છે. એટલે એનું દ્રવ્ય તેનો કર્તા. વાણીની પર્યાય થાય તેનો કર્તા વાણી, કર્મની પર્યાય થાય તેનો કર્તા એ પરમાણુ. હવે આ રાગ થાય તેનો કર્તા અજ્ઞાની અજ્ઞાનભાવમાં આ રાગ વિકલ્પ છે તેનો કર્તા કર્મ એ અજ્ઞાનપણે લાગુ પડે છે. એવા વિકલ્પ, હું અબદ્ધ છું, શુદ્ધ છું. એવા જે વિકલ્પનું કાર્ય ત્યાં આગળ અજ્ઞાનપણે ત્યાં રોકાણો છે તેથી એનો કર્તા થાય છે. છોડતાં અકર્તા જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં અનુભવતાં રાગનું કર્તાપણું અબદ્ધ-બદ્ધના વિકલ્પનું કર્તાપણું છૂટી જાય છે ત્યારે આત્મા જેવો રાગનો અકર્તા છે અને વીતરાગ સ્વભાવનો કર્તા છે તેવો પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ઝીણું પડે કે મોંઘુ પડે પણ વસ્તુ તો આ છે. પણ કોઈ સહેલો રસ્તો ખરો બીજો? પણ સહેલો તો એને હોય એવો રસ્તો આવે, બીજો આવે ક્યાંથી? સમજાણું કાંઈ?

**'હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું છેલ્લું કાવ્ય કહે છે :-'**

**इन्द्रजालमिदमेवमुच्छलत्**
**पुष्कलोच्चलविकल्पवीचिभिः।**
**यस्य विस्फुरणमेव तत्क्षणं**
**कृत्स्नमरगति तदस्मि चन्महः।।९१।।**

કહે છે, **'પુષ્કળ, મોટા,...'** .. એમ વિકલ્પો બધા છે. **'ચંચળ વિકલ્રૂપ તરંગો વડે...'** ચંચળ અસ્થિરતા. અબદ્ધ છું, બદ્ધ છું એવા **'ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઈન્દ્રજાળ...'** ઈન્દ્રજાળ છે. વસ્તુમાં એ છે નહિ. આહા..! પુષ્કળ ઘણાં અને મોટા સ્થુળ ચંચળ વિકલ્પ. એના તરંગો રાગ. હું આ કરું.. આ કરું છું. અથવા હું અબદ્ધ છું, બદ્ધ છું એને જ અહીં વિકલ્પના તરંગો મોટા કર્યા છે. અને દયા, દાનના વ્રતના વિકલ્પ તો સ્થુળ રહી ગયા એમ કહે છે. આને અહીંયાં મોટા અને સ્થૂળ કહ્યા છે. સમજાણું કાંઈ?

**'ઊઠતી આ સમસ્ત ઈન્દ્રજાળને...'** ઈન્દ્રજાળ છે. ભગવાન ચૈતન્યજ્યોતમાં.

વીતરાગમૂર્તિ આત્મા, એમાં ઉઠતી વિકલ્પની જાળ ઇન્દ્રજાળ છે. જેને સંકેલવામાં અભાવ કરવાની તાકાત.. '**જેનું સ્ફુરણ માત્ર...**' જેનું એટલે ચિન્માત્ર તેજપુંજનું સ્ફુરણ માત્ર. ભગવાન જ્ઞાનસ્વરૂપનો ટંકાર વાગતા એ બદ્ધ-અબદ્ધ આદિના રાગનો સ્ફુરણ ઊડી જાય છે. '**તત્ક્ષણ ભગાડી મૂકે છે...**' કહો, સમજાણું આમાં? પાછો ભગાડવાનો ઉપાય આ છે, એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપની અંતરમાં એકાગ્ર થવું કે જેના ચૈતન્યની સ્ફુરણની શાંતિ જાગૃત થઈ, એને આ બધા બદ્ધ-અબદ્ધના, શુદ્ધ-અશુદ્ધ, એક-અનેકના વિકલ્પો માત્ર સમાઈ જાય છે. ભગાડી મૂકે છે. '**તત્ક્ષણ ભગાડી મૂકે છે...**' કહો, સમજાણું? લ્યો, ધનુષ ટંકાર કરે, એનો અર્થ છે. કૃષ્ણ ગયા હતા ને ત્યાં? અમર ટંકાર. દ્રૌપદીને લેવા. એક હાથમાં ... પાંડવો ગયા હતા. હારીને વયા આવ્યા. પોતે ગયા અને હાથમાં એક ફક્ત શંખ ફૂંક્યો પહેલો. શંખ ફૂંક્યો ત્યાં પેલો રાજાનો ... હતો એ પણ ભાગી હયો. હાથમાં ધનુષ લીધું એકલાએ, ટંકાર કર્યો. ઝણઝણાટ કરતા. ભાગ્યા બીજા. ત્રીજો ભાગ રહ્યો તો એની મેળાએ વયો ગયો પછી.

એમ આત્મામાં જ્ઞાન સ્વરૂપનો ટંકાર વાગ્યો જ્યાં, નિર્વિકલ્પ અનુભવની દૃષ્ટિ અને જ્ઞાન જ્યાં થયું, આ જ .. છે. સમજાણું કાંઈ? ધનુષ ટંકાર. કૃષ્ણ એટલે આત્મા. કર્મ કૃષે તે કૃષ્ણ કહીએ. વિકલ્પને કૃષી નાખે તે કૃષ્ણ એ આત્મા. સમજાણું કાંઈ? એને કહે છે, ભગવાન આત્મા એના અંતર સ્વરૂપમાં જ્યાં પોતાના સમતારસને પકડ્યો, ચૈતન્યની શુદ્ધ ધારા (પ્રગટી). અશુદ્ધ ધારા રાગની હતી એ છોડીને અંદર ગયો ત્યાં એનું સ્ફુરણ ટંકાર વાગ્યો ત્યાં તત્ક્ષણ ભગાડી મૂકે છે. એ બદ્ધ-અબદ્ધના વિકલ્પોનો વ્યય થઈ જાય છે અને સમતારસની પર્યાયનો ઉત્પાદ થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**તે ચિન્માત્ર...**' કોણ? '**જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે...**' એમ. '**જેનું સ્ફુરણ માત્ર...**' ટંકાર માત્ર, ફરકવું. જેનું ફરકવું, જરી અંદર ફરક્યો આત્મા પર્યાયમાં ત્યાં તત્ક્ષણ વિકલ્પની જાળને ભગાડી મૂકે '**તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું.**' જ્ઞાનસ્વરૂપ જાણક સ્વભાવ, જ્ઞાન બિંબ તે આત્મા હું છું, એવું ત્યાં વેદન થાય છે. એને આ આત્મા છે એમ અસ્તિત્વમાં આવ્યો. સમજાણું કાંઈ? ટૂંકામાં થોડામાં ગાગરમાં સાગર ભરી દીધો છે. જુઓ! આ અકર્તા થયો. સમજાણું?

'**ભાવાર્થ :- ચૈતન્યનો અનુભવ થતાં...**' ભગવાન આત્મા એના પક્ષે ચડતાં નયના પક્ષ છૂટી જાય છે જ્યાં '**સમસ્ત નયોના વિકલ્પરૂપી ઇંદ્રજાળ તે ક્ષણે જ વિલય પામે છે; એવો ચિત્પ્રકાશ હું છું.**' એવું પ્રતીતમાં આવે છે. એને આત્માની પ્રાપ્તિ અને એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૪, શનિવાર તા. ૧૪-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૪૩, શ્લોક-૯૨, પ્રવચન-૨૨૪**

૧૪૩ ગાથા. **'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?-'** આપે જ્યારે એમ કહ્યું કે નિશ્ચય અબદ્ધ છે, વ્યવહાર બદ્ધ છે એવા વિકલ્પોની પાર આત્મા છે. સમજાણું કાંઈ? વ્યવહારનો પક્ષ તો પહેલેથી છોડાવતા આવ્યા છે. બદ્ધ છે કે અશુદ્ધ છે કે એવા પક્ષને તો વ્યવહારને તો પહેલેથી છોડાવતા આવ્યા છે. પણ અત્યારે તો અબદ્ધ અને શુદ્ધનો જે વિકલ્પ છે એને પણ છોડાવા માટે એની સાથે બદ્ધને, અનેકને સાથે લઈને બેનો સાથે નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ?

એથી એમ કહ્યું કે આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન છે. એને હું શુદ્ધ છું, અબદ્ધ છું એ પણ એક મનના સંગનો રાગનો ભાગ છે. કષાયનો એ અંશ છે. ભલે એ શુભ છે પણ એ આત્માનું સ્વરૂપ નથી. એનાથી ઓળંગી એટલે કે તેના તરફનું વલણ છે તેને છોડી અને શુદ્ધ સ્વરૂપમાં અંતરના વલણમાં જતાં, બે પક્ષથી અતિક્રાન્ત થઈ, ઓળંગી જઈ આત્માનો અનુભવ થાય તેને સમયસાર અથવા આત્મા કહે છે. સમજાણું કાંઈ?

ત્યારે એની વિશેષ સ્પષ્ટતા માટે જે ગાથા હતી એ અમૃતચંદ્રાચાર્યે મથાળુ બાંધ્યું કે **'પક્ષાતિક્રાન્તનું...'** આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે) એને બદ્ધભાવ રહિતનો વિકલ્પ નહિ, અબદ્ધ અને શુદ્ધ એવો પણ વિકલ્પ નહિ એવા પક્ષાતિક્રાન્ત. નિશ્ચયનું સ્વરૂપ તો આશ્રય કરવા લાયક ખરું પણ એનો પક્ષ રાગ કે હું શુદ્ધ છું, અબદ્ધ છું, એવા પક્ષને ઓળંગી જનારને એવી સ્વરૂપની શું સ્થિતિ ત્યાં થાય છે? એનું શું સ્વરૂપ છે? એમ શિષ્યે પૂછ્યું છે. જુઓ! મુદ્દાની રકમની વાત છે. આહા..!

**'એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે :-'** જુઓ! ખુબી એ લીધી. સમજાણું કાંઈ? **'पक्षातिक्रान्तस्य किं स्वरूपमिति चेत्-'** આવી જેને જિજ્ઞાસા અંતરમાંથી થઈ છે કે આ ભગવાન આત્મા અબદ્ધ, શુદ્ધ, એક નિશ્ચય એવું જે તત્ત્વ, એનો પણ પક્ષ નહિ જ્યાં, તો એનું સ્વરૂપ શું છે? એવી જેને જિજ્ઞાસા છે એને માટે આ ગાથા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે તો પક્ષાતિક્રાન્તનું શું સ્વરૂપ છે? અહીં સુધી શિષ્ય આવ્યો છે. વાત બધી કબુલાત છે. એક સમયમાં અભેદ છે, શુદ્ધ છે, અનંત ગુણ સંપન્ન છે એ બધી કબુલાતથી વિકલ્પસહિતમાં આવ્યો છે. સમજાણું કાંઈ? તો હવે વિકલ્પાતિક્રાંતનું સ્વરૂપ કેવું હોય અને શું થાય ત્યાં? એમ પૂછતાં એને ઉત્તર આપે છે.

**दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो।**
**ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो।।१४३।।**
**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

નયપક્ષથી હીણો થઈ જાય છે. આહાહા..! '**परिहीणो**' શબ્દ વાપર્યો છે ને, જુઓ! નયપક્ષથી પરિહિણો. પક્ષથી સર્વથા હીણો થઈ જાય છે. અભાવ થઈ જાય છે. પાઠમાં છે ને, જુઓને! હવે ટીકા. બરાબર ધ્યાન રાખશો તો કેવળીની સાથે શ્રુતકેવળીને મેળવે છે. અનુભવ વખતના કાળની અપેક્ષાએ. એટલે કે આત્મા જે નયે છે તે નયે પહેલો ખ્યાલમાં લીધો છે. વ્યવહારથી આ છે, નિશ્ચયથી આ છે. હવે એ વસ્તુના પક્ષમાં રોકાયેલો જે વિકલ્પ, એના અતિક્રાન્તના સ્વરૂપમાં કેવળી સાથે મેળવ્યા છે એને. શ્રુતજ્ઞાની નિર્વિકલ્પ અનુભવના કાળમાં કેવળી સાથે એને મેળવ્યા છે. કેવળજ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ છે અને અહીં અપૂર્ણ છે. પણ વીતરાગતાની અપેક્ષાએ તેને બેને સરખા ગણીને મેળવ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રુતજ્ઞાની એટલે આત્મા. ... એવું કાંઈ નહિ, શ્રુતજ્ઞાની તે આત્મા. ચોથાવાળા હો, પાંચમાવાળો હો, સાતમાવાળો હો એ બધા આત્મા. સમજાણું કાંઈ? પાઠ તો શ્રુતજ્ઞાનીના પક્ષાતિક્રાંતની વાત છે. પણ અમૃતચંદ્રાચાર્યની એવી શૈલી છે કે જે વાત ચાલતી હોય એનાથી બીજો પક્ષ કાઢીને એની સાથે એને મેળવે છે. અસ્તિની વાત હોય તો નાસ્તિથી વાત કરીને અસ્તિની કરે, નાસ્તિની વાત હોય તો અસ્તિથી કરીને નાસ્તિની વાત કરે. અહીં શ્રુતજ્ઞાનીની વાત છે તો એને કેવળજ્ઞાનીની સાથે વાત કરીને મેળવે છે.

'**ટીકા :-...**' પહેલા શબ્દાર્થ લઈએ. એટલે શું ટૂંકું કરીને પછી.. અન્વયાર્થ છે ને અન્વયાર્થ? '**નયપક્ષથી રહિત જીવ,...**' નયપક્ષ એટલે હું અબદ્ધ છું, બદ્ધ છું, એવા વિકલ્પના પક્ષથી રહિત જીવ '**સમયથી પ્રતિબદ્ધ થયો...**' સમય નામ જ્ઞાનસ્વરૂપ એવો આત્મા, એને અનુભવતો પ્રતિબદ્ધ થયો એટલે એમાં રોકાઈ ગયેલો, અનુભવમાં આવેલો. સમજાણું કાંઈ? '**(અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), બન્ને નયોના કથનને કેવળ જાણે જ છે...**' એટલે કે ત્યાં નયપક્ષનો વિકલ્પ નથી એટલે જ્ઞાતા જ છે. એમ કહેવું છે. નયના પક્ષોને જાણે છે એટલે કે ઓલો વિકલ્પ છે અને જાણે છે એમ નહિ. ભાઈ! શબ્દ તો નયના પક્ષોને, વિકલ્પને એમ નહિ. નયનો પક્ષ જે હતો એ વિકલ્પ છૂટી ગયો છે. એથી તેનો સ્વભાવ છે તેને એકાકાર થઈને જાણે છે.

'**કેવળ જાણે જ છે પરંતુ નયપક્ષને જરા પણ ગ્રહણ કરતો નથી.**' અનુભવના

કાળમાં શ્રુતજ્ઞાનના ભેદ વડે કરીને ભેદો ઉત્પન્ન લક્ષમાં આવતા થકા, તેના પ્રત્યેની ગ્રહણબુદ્ધિ નથી. અંતરમાં સ્વભાવ સન્મુખમાં ઠરેલ છે એથી તેને નયપક્ષને જરીએ ગ્રહતો નથી એમ કહેવામાં આવે છે.

ફરીને. નયપક્ષની વ્યાખ્યા તો એવી કરી કે આ નયપક્ષ આ ઉઠ્યો વિકલ્પ. એનો અર્થ કે શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એથી એને ભેદરૂપ અંદર ભાવ ઉઠે છે. પણ અનુભવકાળમાં એ ભેદને પકડવા તરફ વલણ નથી. સમજાણું કાંઈ? ભેદ તો ઉઠે છે, અંદર સૂક્ષ્મપણે ઉઠે પણ તે તરફ વલણ (નહિ કરતાં) આ બાજુ જ્ઞાયક તરફના વલણમાં એ ઉઠતા વિકલ્પનો ભેદ જે ઉઠે ભેદ, એને ગ્રહવા તરફની બુદ્ધિ નથી. અહીં અભેદમાં ગ્રહવાની બુદ્ધિમાં એકાકાર થયો છે તેથી તે નયના પક્ષને જરાય ગ્રહતો નથી એમ કહેવામાં આવ્યું છે. ઝીણી વાત છે, ભાઈ! આ ૧૪૩ની બહુ. સમજાણું કાંઈ? આહાહા..! હવે એને મેળવે છે.

‘**ટીકા :- જેવી રીતે...**’ આ દૃષ્ટાંત આપે છે. કહેલી વાત પાછી સિદ્ધ કરવા માટે વીતરાગનો દાખલો આપે છે. ‘**જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,...**’ વિશ્વ નામ સમસ્ત પદાર્થના સાક્ષી છે. છે ને? ‘**विश्वसाक्षितया**’ એક બોલ. એમ નીચે. ‘**તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા),...**’ એમ લ્યો. છઠ્ઠી લીટી. જેવી રીતે કેવળી ભગવાન વિશ્વના સાક્ષીપણાને લીધે. એક બોલ. ‘**તેવી રીતે...**’ છઠ્ઠી લીટી. ‘**શ્રુતજ્ઞાની આત્મા...**’ પાઠમાં એ છે, ‘**तथा किल**’ એમ છે ને મૂળ?

અહીંયાં ‘**વિશ્વના સાક્ષીપણાને લીધે,...**’ એટલું લીધું ભગવાનને માટે. હવે શ્રુતજ્ઞાની માટે ‘**ક્ષયોપશમથી જેમનું ઊપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પ...**’ નામ ભેદ ‘**ઉત્પન્ન થતા હોવા છતાં...**’ શ્રુતજ્ઞાની છે એટલે ભેદ તો અંદર ઉત્પન્ન થાય છે. ‘**છતાં પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે,...**’ કેવળીને વિશ્વના સાક્ષીપણાને લીધે. શ્રુતજ્ઞાનીને ભેદ તરફના પક્કડના ઉત્સાહથી નિવૃત્ત થવાને લીધે. ઉત્સાહ સ્વભાવ તરફ વળ્યો છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું છે. એટલે કે સરસ છે. એમ.

ભગવાન આત્મા કેવળી પરમાત્મા વિશ્વના સાક્ષીપણું બધું, બધું ન્યાં. એને બધું સાક્ષી છે. અહીંયાં નીચે શ્રુતજ્ઞાન સ્વરૂપ છે ને એટલે શ્રુતજ્ઞાનમાં અધુરી દશા છે એટલે કંઈક ભેદ ઉત્પન્ન થાય આ છું... આ છું... પણ એ ભેદ તરફના ઉત્સાહનો, ભેદ તરફના વલણનો ભાવ ‘**નિવૃત્ત થયો હોવાને લીધે,...**’ ઓલાને વિશ્વના સાક્ષીપણાને લીધે. આ પરના ભેદને પકડવાના ઉત્સાહના નિવૃત્તપણાને લીધે. બસ, આટલી વાત છે. એક બોલ મળ્યો. એક બોલ મેળવ્યો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં .. ક્યાં ગયા વયા ગયા ભાઈ? ક્યાં ગયા તમારા શેઠ? નથી આવ્યા? કહો, સમજાણું આમાં?

સર્વજ્ઞ પરમેશ્વર એની પર્યાયમાં આખી દુનિયાના સાક્ષી. વિશ્વ નામ સમસ્તના સાક્ષી. આને એટલું બધું અહીં નથી. અહીંયાં ઉઘડેલું જ્ઞાન ઓછું છે. પણ તેનામાં શ્રુતજ્ઞાન છે એટલે ભેદપણું જરી વર્તે છે. ભેદપણું આ.. આ.. અંશ છે. એના તરફમાં ઉત્સાહનું વલણ ખસી ગયું છે. સ્વભાવ તરફના અભેદનું વલણ થયું છે. ઉત્સાહ નિવૃત્ત થયો એમ લીધું. વિશ્વના સાક્ષીપણાને લીધે. આ બેની સાથે મેળ છે. સમજાણું કાંઈ?

'**શ્રુતજ્ઞાનના અવયવભૂત...**' શ્રુતજ્ઞાન એ પ્રમાણ છે. એનો અવયવ એટલે ભાગ. શ્રુતજ્ઞાન પ્રમાણ છે. પ્રમાણ એટલે? સામાન્ય ત્રિકાળ અને પર્યાય વિશેષ બેને જાણવાની તાકાતવાળું છે. એમાં નય છે એ શ્રુતપ્રમાણનો એક અવયવ છે. શ્રુતપ્રમાણ તે અવયવી છે. છે ભલે પર્યાય. શ્રુતજ્ઞાન છે અવયવી પ્રમાણ આખું. એનો નયભેદ છે એ એનો અવયવ છે. શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા, અવયવભૂત એવા જે '**વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' કોણ? કેવળી. કેવળજ્ઞાની શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા. કેમ કે એને શ્રુતજ્ઞાન નથી. તો શ્રુતજ્ઞાનના અવયવ એવા બે ભાગ નથી. વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને એટલે એ તો જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણે છે. એટલી વાત લેવી છે. એને અહીંયાં વિકલ્પ ઉઠ્યો છે, અવયવ છે ને એને જાણે છે એમ નહિ. જેમ બધાને જાણે છે, ભેગું એવા અવયવના સ્વરૂપને પણ ભેગું જાણે છે. એને થાય છે ને જાણે છે એમ નહિ. કહો, વજુભાઈ!

'**વ્યવહારનિશ્ચયનયપક્ષોના...**' કેમકે એકલું પ્રમાણરૂપ અભેદ એકલું અખંડ જ્ઞાન પ્રમાણ થઈ ગયું. એથી તેમના સ્વરૂપને જાણે. તેમના સ્વરૂપને એટલે જેમ બધાને જાણે છે એમ ભેગું આ સ્વરૂપને જાણે જ છે. એમાં કાંઈ ભેદ જુદો રહ્યો નથી. એક વાત. એમ શ્રુતજ્ઞાનીને નીચે. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત...**' નીચે બીજો બોલ. છઠ્ઠી લીટી અને સાતમી લીટી. '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' નીચે પણ...

મુમુક્ષુ :- બધું સરખું આવે છે.

ઉત્તર :- સરખું આવે છે. સરખું જ છે ને, ક્યાં નથી? ફેર કાંઈ નથી. ઓછું-વત્તું જ્ઞાન છે એટલું. આત્મા ફેર નથી. એ કીધું પહેલેથી. કેમ કે ત્યાં પણ એને વ્યવહાર અને નિશ્ચયના વિકલ્પો નથી. વિકલ્પો નથી એટલે સ્વરૂપના અનુભવમાં જાણે જ છે, બસ એટલું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અંદર ભેદ પડે છે ને અંદર? શ્રુતજ્ઞાન છે ને એટલે જરી ગુલાંટ ખાય છે ને ચક્ર. ભેદ પડે છે ને ભેદ? પણ ભેદ તરફનું વલણ નથી. વલણ આ બાજુનું છે. ઉત્સાહ નિવૃત્ત થયો છે માટે તેનો સાક્ષી છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વકના વિકલ્પ...

ઉત્તર :- સૂક્ષ્મ નહિ, જ્ઞાનનો ભેદ પડે છે. શ્રુતજ્ઞાન પર્યાય છે કે નહિ? એટલે ભેદ તો અંદર ઉઠે જ. ભેદ એટલે આ છે.. આ છે.. આ છે. કેવળજ્ઞાન અખંડ છે એવું આ જ્ઞાન છે?

મુમુક્ષુ :- અનુભવ વખતે...

ઉત્તર :- અનુભવ વખતે,.... ના. એ અનુભવ વખતે નથી એમ કહેવું છે. એ બાજુ ભેદનું જરી વલણ હોય પણ એનું વલણ તે તરફ નથી. એમ. ભેદ ઉઠે, અપૂર્ણ જ્ઞાન છે તો ઉઠે ખરો. પણ એના ખ્યાલમાં નથી પછી. એના તરફથી વલણ ખસી ગયું છે. ઉત્સાહ નિવૃત્ત થયો છે એટલે ભલે ભેદ હોય પણ તેને પકડવાનું વલણ નથી હવે. પકડે છે અહીં અભેદ તરફ. ઝીણું છે ભાઈ, આ ૧૪૩ ગાથા તો. એય..! રતિભાઈ! બરાબર એમાં આવ્યા છો પાછા તમે.

શ્રુતજ્ઞાનાત્મક ભેદો ઉઠે છે અંદર. હજી અખંડ જ્ઞાન નથી ને. એટલે ભેદ જરી જ્ઞાનનો ચક્ર પલટો ખાય, પણ એના તરફ વલણ નથી. વલણ આ બાજુ છે. પરંતુ નિવૃત્ત થયો હોવાને લીધે અને ઓલામાં વિશ્વના સાક્ષીપણાને લીધે. બસ, એનાથી એક બોલમાં મેળવ્યું. બીજામાં '**શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા...**' એ તો પછી એની સાથે મેળવ્યું છે. '**વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...**' હવે અહીં '**શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોના સ્વરૂપને જ...**' ભાષા તો બધી સરખી લીધી છે. '**કેવળ જાણે છે....**' કેવળજ્ઞાનીને અવયવો એને છે જ નહિ અને જાણવું છે એમ એમાં ભેગું આવી ગયું. એમ આને અવયવો જે પહેલા ઉઠતા એ તરફનું વલણ નથી. અંતરમાં વલણ છે કે કેવળ સ્વરૂપને જાણે જ છે. એથી એને જાણે છે એમ કહેવામાં આવે છે. પણ ત્યાં જાણે છે એટલે વિકલ્પ છે ને જાણે છે એમ નહિ. ભેદ છે અને જાણે છે એમ નહિ. ભેદ (હોવા) છતાં એનું લક્ષ આની કોર નથી. આ બાજુમાં એને જાણે જ છે. જાણવાનું કામ જ એકલું કરે છે. ભેદ તરફ વલણ નથી. સમજાણું કાંઈ? અંતર્મુખ થતાં.. અહીં તો જાણે છે લેવું છે ને? કેવળી જાણે છે એમ આ જાણે છે. બસ. જાણે જ છે. જાણે જ છે એટલે પોતાના સ્વરૂપ તરફ અનુભવમાં જાણે છે એટલે એને પણ જાણે છે એમ કહેવામાં આવે છે. બે બોલ થયા.

'**પરંતુ, નિરંતર પ્રકાશમાન...**' હવે અહીં ત્રીજી લીટી પહેલાની-કેવળીની. '**નિરંતર પ્રકાશમાન,...**' ભગવાનનું જ્ઞાન નિરંતર પ્રકાશમાન છે. અને '**સહજ,...**' સહજ છે. ત્રીજી લીટી પહેલેથી. '**વિમળ,...**' ભગવાનનું જ્ઞાન વિમળ છે. '**સકળ કેવળજ્ઞાન વડે...**' સકળ કેવળજ્ઞાન વડે. સકળ કેવળજ્ઞાન. આના વિશેષણ ત્રણ આપ્યા. નિરંતર પ્રકાશમાન, સહજ અને વિમળ. એવા સકળ કેવળજ્ઞાન વડે. એ ત્રીજો બોલ.

આ શ્રુતજ્ઞાનીનો ત્રીજો બોલ-'**તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહવામાં આવેલા,...**' એનો ત્રીજો બોલ. એ '**खरतरदृष्टि**' છે ભાઈ! દષ્ટિમાં. '**खरतरदृष्टि**' છે ને ઓલામાં? પંચાસ્તિકાયમાં આવે છે ને? '**खरतर**' કાળને અધિકારે. '**खरतरदृष्टि**'એ કાળને નક્કી કરવો. અમૃતચંદ્રાચાર્ય. આ પણ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. કહે છે કે '**તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી,...**' શ્રુતજ્ઞાની '**ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી...**' જુઓ! નિત્ય ઉદિત જ્ઞાનમય આત્મા. '**તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહવામાં આવેલા,...**' અંદર. જ્ઞાનની વર્તમાન તીક્ષ્ણ દષ્ટિથી ગ્રહવામાં આવેલો. શું? '**નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય...**' આત્મા. એનાથી પ્રતિબદ્ધ છે. એટલે કે એનામાં અનુભવમાં છે. પ્રતિબદ્ધ છે એટલે એના અનુભવમાં છે. '**समयपडिबद्धो**'ની વ્યાખ્યા છે ઈ. પાઠની. સમજાણું કાંઈ? અહીં '**સકળ કેવજ્ઞાન વડે...**' શબ્દ છે. અહીં અનુભવમાં પ્રતિબદ્ધ પડ્યો છે. સમજાણું કાંઈ? બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે. નહિતર આ વાત લુખ્ખી લાગે એવી છે. .. વીતરાગી રસ. આહાહા..!

જ્યારે આત્મામાં નયપક્ષના વિકલ્પથી રહિત અનુભવ થાય ત્યારે કેવું હોય એની વ્યાખ્યા ચાલે છે. સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને હો, પાંચમે હો કે સાતમે હો, પણ જ્યારે અનુભવકાળમાં નિર્વિકલ્પ અભેદમાં હોય છે ત્યારે તેને કેવળજ્ઞાની સાથે મેળવીને વાત કરે છે. અહીંયાં ભગવાન કેવળજ્ઞાની એને સહજ પ્રકાશમાન નિત્ય કેવળ '**સકળ કેવળજ્ઞાન વડે...**' ત્યારે શ્રુતજ્ઞાની છે તે '**તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત;...**' આત્મા. એવો ચિન્મય આત્મા, જ્ઞાનમય આત્મા. એનાથી અનુભવમાં પ્રતિબદ્ધ છે. અનુભવમાં છે. '**(અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે)...**' જુઓ! અર્થ કર્યો છે. મૂળ તો પ્રતિબદ્ધપણું છે ને? ત્યાં અનુભવમાં આવ્યો છે અંદરમાં. ન સમજાય એમ ન લક્ષમાં લેવું, હોં! એમ ન લેવું. નહિતર તો પછી એ વાત સાચી ને ઉપર કંટાળો આવી જાય તો સમુળગો અનાદર થઈ જાય. આવી વાત છે. પણ એ વાત એને બેસે એવી છે. એના ઘરની છે.

સમ્યગ્દર્શનના અનુભવકાળમાં કેવું હોય છે એને અહીંયાં ૧૪૩માં મેળવે છે. કેવળી સાથે મેળવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ત્રીજો બોલ થયો. આનો ચોથો બોલ. કેવળીનો. '**સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...**' કેવળી તો સદા પોતે વિજ્ઞાનઘન થયા છે.

ત્યારે શ્રુત(જ્ઞાનીને) '**તે વખતે પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' આટલો ફેર.

મુમુક્ષુ :- વિજ્ઞાનઘનમાં ફેર...

ઉત્તર :- વિજ્ઞાનઘનમાં ફેર નહિ. ઓલો સદા છે અને આને તે વખતે છે. ભલે પૂર્ણનો અહીં પ્રશ્ન ન લેવો.

અહીં તો જ્ઞાતાદૃષ્ટાપણાના અનુભવમાં છે અને કેવળી પણ તે અનુભવમાં પૂર્ણ સાક્ષી છે. સહજ કેવળજ્ઞાન વડે જાણે છે, આ એના અનુભવ વડે જાણે છે, બસ એટલું. તે વખતે એમ લેવું ત્યાં. સમજાણું? એમ છે ને પાઠમાં? '**तदात्वे**' ભાઈ! '**तदात्वे**'. ઓલું '**यदात्वे**' છે ને ઓલામાં? ૧૨મી ગાથામાં. અહીં '**तदात्वे**' બરાબર છે, બરાબર છે. '**तदात्वे स्वयमेव विज्ञानघनभूतत्वात्**' પહેલી લીટી છે માથે. કેવળજ્ઞાની '**સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...**' અને અનુભવમાં અંતરમાં જ્ઞાન અનુભવમાં હોય ત્યારે '**તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...**' જ્ઞાનમાં એકાકાર છે, વિજ્ઞાનઘન થયો. વસ્તુ તો વિજ્ઞાનઘન છે, પણ પર્યાયમાં વિજ્ઞાનઘન એકાકાર થયો એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! ચાર બોલ થયા.

પાંચમો. પહેલું ઓલામાં. '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' કેવળીને માટે. એને શ્રુતજ્ઞાનની ભૂમિકા જ નથી. એ '**(શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે) સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી,...**' સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી '**કોઈ પણ નયપક્ષને ગ્રહતા નથી,...**' '**શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' એ પાંચમો. સમજાણું? એ પાંચમો. ત્યારે અહીં શું? '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' આટલો ફેર. શું કહ્યું પાંચમું?

'**સમસ્ત નયપક્ષના ગ્રહણથી...**' પહેલો છે એ સદા શ્રુતજ્ઞાનની ભૂમિકાના. કેવળીને શ્રુતજ્ઞાનની ભૂમિકા છે નહિ. એ અતિક્રાન્ત થઈ ગયો છે. એથી શ્રુતજ્ઞાની '**શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...**' એના વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્ત વડે, કેવળી શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્ત વડે. આ શ્રુતજ્ઞાનના અંતર્જલ્પરૂપ અને બહિર્જલ્પ વિકલ્પની ભૂમિકાના અતિક્રાન્ત વડે. એય..! ચંદુભાઈ! આવ્યા બરાબર સરખા. આહાહા..! જુઓ! આ દશા! એ અનુભવની દશા. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે...' એ બધું સાંભળતા નાની ઉંમરમાં. સમજાણું? 'ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' એ તો બધા સમજવા જેવા હતા.

ભગવાને જોયેલો, જાણેલો આત્મા એને અનુભવવા કાળે કેવું હોય એ વાત ચાલે છે.

સમજાણું કાંઈ? શ્રુતસ્વરૂપ સમસ્ત અંતર્જલ્પ. ભેદ છે ને? ભેદ ઉઠે અંદરથી. અંતર્જલ્પ વિકલ્પ અને બહિર્જલ્પ. એ અંદર વિકલ્પ ઉઠે એ જલ્પ કીધો છે અંદર. બહિર્જલ્પ (એટલે) આ વાણી તરફ વલણ. એવા ભેદોની ભૂમિકાના અતિક્રાન્ત વડે. પાંચમો બોલ. આનો છઠ્ઠો બોલ કેવળીમાં. '**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી,...**' કોઈપણ નયપક્ષને કેવળી ગ્રહતા નથી. '**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી,...**' એમ શ્રુતજ્ઞાની '**સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈપણ નયપક્ષને ગ્રહતો નથી,...**' એ તો બધે સરખે સરખું છે.

મુમુક્ષુ :- ચોથામાં બહુ ચડાવી દીધા.

ઉત્તર :- ચડાવે દીધા કે એમ છે? .. શું થઈ ગયું? ... છ બોલ થયા, છ. છઠ્ઠીના લેખ. ઝીણી વાત છે, હોં! શોભાલાલજી!

ધર્મ એ જ્ઞાનીના મર્મમાં રહેલો છે. ધર્મ એ આ ધર્મકાળ જ્યારે ધર્મલબ્ધિ થાય છે, અનુભવકાળમાં કેવું હોય છે એ વાત કરે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શ્રુતકેવળી એટલે કે જ્યારે પોતાના અનુભવમાં હોય છે ત્યારે નયપક્ષના અતિક્રાન્ત વડે વિજ્ઞાનઘન થયો હોવાથી સ્વરૂપની સાથે અહીં પ્રતિબદ્ધ હોવાથી, અનુભવમાં હોવાથી બધો સાક્ષી છે. એ કેવળજ્ઞાની સાથે મેળવ્યું. ચડાવ્યું નથી. આહાહા..!

એ તો પ્રવચનસારમાં ન આવ્યું? ૩૨-૩૩ ગાથામાં. અમારે અને કેવળીમાં કાંઈ ફેર નથી. વિશેષ ઓછા-વત્તા જ્ઞાનનું અમારે કામ નથી. પ્રવચનસારમાં. આહાહા..! અરે..! મુનિપદની દશા.. અહીં તો ચોથાની દશાની વાત છે. મુનિપદની દશા બાપુ! કોને કહે! આહા..! સમજાણું કાંઈ? વિશેષ જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, એમ કહ્યું છે. સમજાણું? છે ને? ૩૩ છે. '**જેમ ભગવાન યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે, અનાદિનિધન-નિષ્કારણ-અસાધારણ-સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતક સ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે; તેમ અમે પણ,...**' આહાહા..! '**ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન-નિષ્કારણ-અસાધારણ-સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (નિર્ભેળ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપ નિશ્ચળ જ રહીએ છીએ.**' આહાહા..!

'**જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે.**' '**વત્તુઓછું જાણવારૂપ...**' આપણી ભાષા

નાખી છે પંડિતજીએ. વત્તુઓછું એટલે બહુ કાઠિયાવાડી ભાષા. વધતું-ઓછું એમ નથી વાપર્યું. વત્તુઓછું કર્યું. વત્તું-વત્તુ એટલે વત્તુ એટલે કેવી ભાષા હશે? વત્તુઓછુ એટલે વધારે-ઓછા પદાર્થો જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. **'માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે. એ જ કેવળજ્ઞાન-પ્રાપ્તિનો ઉપાય છે.'** આહાહા..! ૩૩. બે આંકડા છે. ૩૩. બે આંકડા. આહાહા..! આ મુનિદશા. હવે આવી દશાને ક્યાં ચડાવી દે છે, તેરમે ગુણસ્થાને આવું હોય. શું કરે પ્રભુ?

એને સ્વરૂપ આત્મા શુદ્ધ આનંદઘન પરમાત્મસ્વરૂપ એ જ વસ્તુ છે. એ વસ્તુમાં અંતર્મુખ નિર્વિકલ્પ દશા થતાં એને કોઈ નયપક્ષનો પણ ભાગ રહેતો નથી. ભેદ પડતા છતાં તેના ઉપર લક્ષ નથી અને સ્વભાવ અભેદ તરફ તેનો ઉત્સાહ વર્તે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? પ્રવિણભાઈ અત્યારે નથી. આ બધું છે ઝીણું. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભગવાન અમૃતચંદ્રાચાર્ય શ્રુતજ્ઞાનના અનુભવકાળને કેવળી સાથે મેળવે છે. ભલે અહીં વીતરાગતા થોડી હોય, જ્ઞાન ઓછું હોય. ત્યાં કેવળજ્ઞાન પૂર્ણ છે અને વીતરાગતા ઘણી છે. પણ એની સામાન્ય અપેક્ષાએ તેના જાણવા-દેખવાના અનુભવમાં અને આના અનુભવમાં બેને એક ગણીને ઉપમા આપી છે. આહાહા..! સમજાણું કાંઈ? છ બોલ થયા. કહો, બરાબર થયા?

ફરીને. થોડા હવે એક .. લઈએ ફરીને. **'જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે,...' 'તેવી રીતે જે (શ્રુતજ્ઞાની આત્મા), ક્ષયોપશમથી...'** ઉપજેલા ભેદોને ગ્રહવાનો ઉત્સાહ નથી માટે. માટે. બસ. એટલી વાત. **'શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા જે વ્યવહારનિશ્ચયનયપક્ષો તેમના સ્વરૂપને જ કેવળ જાણે છે...' 'શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહારનિશ્ચયનયપક્ષોને સ્વરૂપને જ કેવળ જાણે છે...'** કેવળી **'નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે...'** જાણે છે. એમ નીચે **'તીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત; ચિન્મય સમયથી પ્રતિબદ્ધપણા વડે...'** અનુભવમાં પડ્યો છે.

ચોથો. **'સદા પોતે જ વિજ્ઞાનઘન થયા હોઈને,...'** કેવળી. આ પોતે **'તે વખતે (અનુભવ વખતે) પોતે જ વિજ્ઞાનઘન થયો હોઈને,...'** પાંચમો. **'શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...'** કેવળી. અને નીચે **'શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે...'** કેવળીને **'સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી,...'** એમ શ્રુતજ્ઞાની **'સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી,...'** કહો, સમજાણું આમાં? કહો, ચંદુભાઈ! છ બોલ થયા, છ.

'**તે (આત્મા) ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' છેલ્લી લીટી છે ને? '**તે (આત્મા) ખરેખર...**' છેલ્લું. બેને મેળવવામાં કઠણ પડતું હોય. હિન્દી છે. '**સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા,...**' પરમ-આત્મા એટલે પરમસ્વરૂપ. અહીં માણસ મુંઝાઈ જાય છે કેટલાક. પરમાત્મા થઈ ગયો ને અહીં તો. માટે અહીં તો વીતરાગની વાત છે. કેવળીની બારમા ગુણસ્થાનની. પરમ-આત્મા-પરમસ્વરૂપ '**જ્ઞાનાત્મા,...**' જ્ઞાનસ્વરૂપ. '**પ્રત્યગ્જ્યોતિ,...**' ભિન્ન જ્યોતિ. રાગથી પૃથક્ પૃથક્ જ્યોતિ '**આત્મખ્યાતિરૂપ,...**' જે આ ટીકાનું નામ છે અહીં. આત્મખ્યાતિરૂપ-આત્માની પ્રસિદ્ધિરૂપ '**અનુભૂતિમાત્ર સમયસાર છે.**' એવા અનુભવમાત્ર તેને સમયસાર આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંસારમાં કેટલા નામા મેળવે છે. આડા-અવળા, આડા-અવળા. કહો, સમજાણું કાંઈ?

શેની વાત કરી આ? કે આત્મા તો છે તે છે. શુદ્ધ સ્વરૂપ પરમાનંદ અનંતગુણ સંપન્ન. પણ જ્યારે પ્રથમ દશામાં એને વિચારકાળમાં એને એમ આવે કે આ પર્યાયમાં રાગનો સંબંધ છે. દ્રવ્યને સંબંધ નથી. એવા જે વિકલ્પોની વૃત્તિઓ રાગનું ફાડ ઉઠે છે, રાગની ફાડ ઉઠે છે-અંશ, ત્યાં સુધી હજી આત્મા હાથ આવ્યો નથી. ત્યાં સુધી આત્મા હાથ નથી આવ્યો, આત્મા કેવો છે ઈ. એ વિકલ્પનું લક્ષ છોડીને આમ લક્ષ અંતર્મુખમાં જતાં વિકલ્પાતીત દશા થાય છે ત્યારે તે આત્મા કેવો છે એ અનુભવમાં આવે છે એને આત્મા કહેવામાં આવે છે. કહો, માંગીરામજી! આહાહા..!

આયુષ્ય હોવા છતાં દેહનું-શરીરનું આવું સ્વરૂપ જાણ્યું એ જીવતો જીવ થઈ ગયો. અને આયુષ્ય પૂરું થતાં-મરતાં આવું ન જાણે તો એ અમથોય મર્યો છે અને આમેય મર્યો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એના અંતર્મુખમાં વિકલ્પના પક્ષથી રહિત થઈને સ્વરૂપમાં ઠરે છે, કહે છે કે એ જીવતો આત્મા જીવ થયો. હતો એવો થયો. છે એવો થયો. હતો એવો પ્રાપ્ત થયો. એને શ્રુત અનુભવમાં સમ્યગ્દૃષ્ટિનો અનુભવ કહેવામાં આવે છે. એ કાળે હું આ અનુભવું છું એવો પણ રાગના વિકલ્પનો અવકાશ ત્યાં હોતો નથી. સમજાણું કાંઈ? કર્તાકર્મની વ્યાખ્યા. એનો વિકલ્પ ઉઠતો ત્યાં સુધી કર્મ પરનું નથી. અબદ્ધ છું, શુદ્ધ છું એ પણ રાગનો અંશ, જે ખરેખર તો એ આસ્રવ છે. એ આસ્રવરહિત સ્વરૂપ છે. એ આસ્રવસહિત સ્વરૂપ છે એવી માન્યતાનું બીજ તો સંસાર છે. એ આપણે સવારે આવે છે. સમજાણું કાંઈ?

પછી રાગાદિ હોવા છતાં રાગની બુદ્ધિપૂર્વકનો વિકલ્પ છૂટીને સ્વરૂપની એક્તામાં ગયો

એટલે કે આસ્રવરહિત થયો અને આસ્રવરહિત છે એવા અનુભવની દશાને ભગવાન આત્મા પ્રાપ્ત થયો એમ કહે છે. એને સમયસાર કહે છે. એમ કીધુંને? જુઓને! '**जाणदि णवरं तु समयपडिबद्धो।**' એનું નામ સમયસાર. સમજાણું કાંઈ?

'**સમસ્ત વિકલ્પોથી અતિ પર,...**' પરમસ્વરૂપ ભગવાન આત્મા. શુદ્ધ પરમાત્મસ્વરૂપ જ પોતે છે એમ કહે છે. એ પરમાત્મા પોતે છે. એવો પરમાત્મા પર્યાયમાં અનુભવમાં આવ્યો એમ કહે છે. આહાહા..! '**જ્ઞાનાત્મા,...**' પરમસ્વરૂપ આખું વર્ણવતા એને જુદો પાડ્યો. જ્ઞાન આત્મા થયો, જ્ઞાનસ્વરૂપ થયો. એટલે વિકલ્પસ્વરૂપ જે આમ માનતો હતો એ જ્ઞાનસ્વરૂપ થયો. એ '**પ્રત્યગ્જ્યોતિ,...**' પ્રત્યક્ષ થઈ ગઈ. વિકલ્પથી પૃથક્ જ્યોતિ ચૈતન્ય રહી ગઈ. એ '**આત્મખ્યાતિરૂપ,...**' થઈ. જેવો છે તેવો પ્રસિદ્ધમાં-અનુભવમાં આવ્યો. એવો '**અનુભૂતિમાત્ર સમયસાર છે.**' એને સમયસાર કહ્યું છે. ઘણી ધીરજ અને ઘણી શાંતિવાનને આ પકડાય એવી વાત છે, ભાઈ! આ કાંઈ ઉપરની વાત નથી કે લાવ ભાઈ ભણી લઈએ, ક્રિયા કરી લઈએ કે આટલી ભક્તિ કરી લઈએ, જાત્રા કરી લઈએ. એ તો ફટ દઈને થઈ જાય, લ્યો. સમજાણું કાંઈ? આ તો મહા અનંતી અનંતી ધીરજ (જોઈએ).

એ વિકલ્પ છે તે વિષમભાવ છે. એનાથી રહિત અંદરમાં જઈને સમતારસના પરિણામે પરિણમન થયું. જેવો સમતારસ કંદ પ્રભુ આત્મા છે. સમરસી વીતરાગ સ્વરૂપ છે, તેમાં વિકલ્પ રાગ એના સ્વરૂપમાં છે નહિ. એવા રાગરહિત પરમાત્મસ્વરૂપને એકાકાર થયો તો કહે છે કે એ પરમાત્મા જ થયો. પરમસ્વરૂપ થઈ ગયો. પર્યાયમાં ભલે કેવળજ્ઞાનાદિ ન હો. સમજાય છે? પણ પરમસ્વરૂપની પ્રાપ્તિ થઈ. એ જ્ઞાનસ્વરૂપ પામ્યો. પ્રત્યગ્જ્યોતિ થઈ ગઈ, આત્મપ્રસિદ્ધિ થઈ ગઈ તે સમયસાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-...**' અરે..! આવી મહેનત પણ સમજવામાં કરે છે કોણ? દરકાર કરતા નથી માણસો. અને આ બહારની મહેનતુંમાં મરી જાય બિચારા. શાસ્ત્ર ભણે, ક્રિયાકાંડ કરે, બહારમાં પડવાની મહેનતું કરે. કોઈપણ માણસ સારો અમને કહે, મોટો કહે. પણ મોટો છે એમાં જાવું નથી. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે વિકલ્પથી પણ જેણે આત્માને જાણ્યો, એણે આત્મા જાણ્યો નથી. કહો, તો બીજી વાત તો ક્યાંય રહી ગઈ. વિકલ્પને પાર અંતર ઠરતો પ્રભુ સમતારસમાં, શાંતરસમાં પરિણમે છે તેને અહીંયાં આત્મા અને સમયસાર કહેવામાં આવે છે. હવે એને કેવળજ્ઞાન અને મોક્ષ એની હથેળીમાં છે. અલ્પકાળમાં કેવળજ્ઞાન અને મોક્ષ થશે. એમાં ફેર નથી. એમ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી સમ્યગ્દૃષ્ટિને પણ શ્રુતજ્ઞાનની નિર્વિકલ્પ ભૂમિકાનો અનુભવ આવો હોય છે. આહાહા..! આથી બીજી રીતે ફેરફાર માને કે આ બધું રાગની મંદતા કરતાં કરતાં એ આત્મા પ્રાપ્ત થશે, શાસ્ત્ર તરફના બહુ જાણપણા

કરતાં કરતાં પ્રાપ્ત થાશે, એ વાત બધી દખલ કરનારી છે અંદર. આરે..!

પોતે ચૈતન્યરસ છે તેથી અહીં જ્ઞાનાત્મા કહ્યો. ઓલો રાગ હતો એ જ્ઞાનાત્મા નહિ, એ તો રાગઆત્મા. રાગ અને આત્મા, બેય મેળ ક્યાં ખાધો છે? અંતર સ્વરૂપ એકલું જ્ઞાનજ્યોતિ પરમ પદાર્થ, એમાં ઠરે છે, અનુભવે ત્યારે તેને સમ્યગ્દર્શનનો નિર્વિકલ્પ શ્રુતજ્ઞાનનો અનુભવ કહેવામાં આવે છે. ભાવશ્રુતજ્ઞાનનો ઉપયોગ થયો. એને અહીં ભગવાન અમૃતચંદ્રાચાર્યે કેવળી સાથે મેળવ્યા. લ્યો. હવે આને અનંતાનુબંધી ગયાથી સ્વરૂપાચરણ ન હોય, આ ન હોય, કેટલી ચર્ચાઓ. નીચે આનંદ ન હોય. ભાઈ! આખું પરમ સ્વરૂપ કીધું. અહીં જુઓ! પરમ સ્વરૂપ આખું. એવું જ જ્યાં અંતર દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું, એટલે જેટલા ગુણો છે તેની શક્તિની વ્યક્તિનો અંશ પ્રગટ તેમાં સાથે પ્રગટ્યો છે. ઓછો-વત્તો ફેર પડે એ જુદી વાત છે. કોઈ પૂર્ણ પહેલું થાય, કોઈ (પછી થાય). કારણ કે એ તો ગુણભેદ છે માટે. પણ દ્રવ્યમાં અભેદ ગુણો બધા છે. તેથી તેની દૃષ્ટિ થતાં એના અનંતા જેટલા ગુણ શુદ્ધ છે તેટલી, જેમ શ્રદ્ધાગુણની શક્તિ હતી તેને અનુભવ કરતા શક્તિમાં શક્તિની પ્રતીતિનો પર્યાય પ્રગટ થયો, એમ બધા ગુણોની શક્તિની વ્યક્તિનો અંશ પ્રગટ થાય એવી અનુભવદશાને સમયસાર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદૃષ્ટા) છે...**' બહુ ટૂંકું કર્યું હવે. '**તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈ...**' સમસ્ત અબદ્ધ-બદ્ધના વિકલ્પથી રહિત થઈ '**શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું...**' શુદ્ધ ચૈતન્યમાત્ર જે ભાવ, આત્માનો શુદ્ધ ચૈતન્યમાત્ર જે ભાવ-સ્વભાવ એનું '**અનુભવન કરે છે ત્યારે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે.**' ત્યારે એને ભેદરૂપ વિકલ્પ છે નહિ. માટે નયના સ્વરૂપનો જ્ઞાતા જ છે-જાણનાર જ છે.

'**એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય;...**' એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે એટલે કે નિત્ય જ છે અને અનિત્ય નથી. દ્રવ્ય શુદ્ધ છે અને પૂર્ણ છે અને પર્યાય પૂર્ણ અત્યારે નથી. છતાં એકાંત ગ્રહણ કરે તો તો મિથ્યાત્વ સાથે મળેલો રાગ થાય. વિપરીત અભિપ્રાય સાથે રાગ થાય. વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષ ત્રિકાળ છે. એમાં સામાન્યને ગ્રહણ કરે અને વિશેષ ન માને તો મિથ્યાત્વ છે. વિશેષ એકલા અંશને માને અને સામાન્ય ન માને તો મિથ્યાત્વ સહિતનો રાગ છે.

'**પ્રયોજનના વશે એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે...**' પ્રયોજનના વશે અભેદનો આશ્રય કરવા માટે તેને ભૂતાર્થ ગ્રહીને ગ્રહણ કરે '**તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે;...**' ઓલું બોલવાનું છે ને? અભેદ આત્મા.. અભેદ આત્મા. ત્યારે મિથ્યાત્વ

નથી. પણ ઓલો અભેદ આત્મા એવો એક વિકલ્પ છે તે રાગ છે. સમજાણું કાંઈ? **'મિથ્યાત્વ સિવાય...'** **'એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે...'** અભેદને પ્રધાન કરી ગ્રહણ કરે. જાણવામાં કોઈ વખતે ભેદને ગ્રહણ કરીને જ્ઞાન કરે, કે આ અનંત ગુણ છે, પર્યાય છે. **'તો મિથ્યાત્વ સિવાય માત્ર ચારિત્રમોહનો રાગ રહે;...'** વિકલ્પ છે ને. મિથ્યાત્વ નહિ. અભેદ દૃષ્ટિ યથાર્થ છે. વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ યથાર્થ છે. પણ સ્થાપવામાં વિકલ્પ ઉઠે છે. અભેદ છે, આ ભેદ છે એમ સ્થાપે ત્યાં એ રાગનો ઉદય (થાય છે તે) ચારિત્રદોષ છે. **'માત્ર ચારિત્રમોહનો રાગ રહે;...'**

**'અને જ્યારે નયપક્ષને છોડી વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ ત્યારે તે વખતે શ્રુતજ્ઞાની પણ કેવળીની માફક વીતરાગ જેવો જ હોય છે એમ જાણવું.'** લ્યો! સમજાણું કાંઈ? ત્રણ બોલ કહ્યા. એકાંત પક્ષ રહી જાય કે એક અભેદ વસ્તુ છે અને ગુણની અનેકતા નથી અને ગુણની અનેકતા છે અને અભેદ છે નહિ, એવું જો એકાંત માને તો તો તે મિથ્યાત્વસહિત રાગ છે. પણ વસ્તુ છે તેવી યથાર્થ દૃષ્ટિ અને પર્યાયમાં ગુણાદિ અનેક છે એનું યથાર્થ જ્ઞાન કરીને પછી પણ સ્થાપન કરે એક ગુણ, એક ભેદનું, તો એને મિથ્યાત્વ સિવાયનો રાગ રહે. અબદ્ધ છું... અબદ્ધ છું... અબદ્ધ છું એમ કરે, લ્યો. તો અહીં મિથ્યાત્વ સિવાયનો રાગ છે. જ્યારે એ પણ વિકલ્પ છૂટીને ઠરે ત્યારે તો કેવળજ્ઞાની જેમ વીતરાગ છે, એમ આ પણ વીતરાગપણે સ્વરૂપને જાણે જ છે. કોઈ નયપક્ષ રહેતો નથી. બહુ અલૌકિક ગાથા છે આ!! વસ્તુના સ્વરૂપનો મર્મ છે આ. બધા ઝઘડાને મટાડવાની આ એક કળા છે. સમજાય છે કાંઈ?

**'તે આત્મા આવો અનુભવ કરે છે એમ કળશમાં કહે છે :-'**

**चित्स्वभावभरभावितभावा-**
**भावभावपरमार्थतयैकम्।**
**बन्धपद्धतिमपास्य समस्तां**
**चेतये समयसारमपारम्।।९२।।**

**'શ્લોકાર્થ :- ચિત્સ્વભાવના પુંજ વડે...'** પ્રભુ આત્મા જ્ઞાનસ્વભાવનો પુંજ છે. જ્ઞાન એટલે સમજણ-સમજણ. સમજણનો ચૈતન્યનો પિંડ છે. ચિત્સ્વભાવનો પુંજ છે. એ વડે જ **'પોતાનાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે (-કરાય છે)...'** એટલે ચૈતન્ય શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ થતાં શુદ્ધ સ્વભાવનો જ ઉત્પાદ થાય છે અને એનો જ વ્યય થઈને ધ્રુવપણે રહે છે. **'પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ભવાય છે...'** ત્યાં તો શુદ્ધ સ્વરૂપનો જ ઉત્પાદ, વ્યય થઈને ધ્રુવ રહે છે.

'**એવું જેનું પરમાર્થ સ્વરૂપ હોવાથી જે એક છે...**' ભલે ઉત્પાદ-વ્યય આમ હોવા છતાં ત્રણે થઈને વસ્તુ એક છે. '**એવા અપાર સમયસારને હું,...**' જેના ગુણનો પાર નથી, જેના ગુણની સંખ્યાનો પાર નહિ એવા અપાર સમયસારને હું '**સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને...**' લ્યો! વિકલ્પને દૂર કરી ને બંધપદ્ધતિને દૂર કરી. પેલા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ત્રણના વિકલ્પને એકરૂપ થઈને '**બંધપદ્ધતિને દૂર કરીને અર્થાત્ કર્મના ઉદયથી થતા સર્વ ભાવોને છોડીને,...**' એ વિકલ્પ પણ કર્મના નિમિત્તથી થતો ઉદયભાવ છે. સમજાણું કાંઈ? એને છોડીને '**અનુભવું છું.**' એનું નામ સમયસાર અને એનું નામ આત્મા કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૬, સોમવાર તા. ૧૬-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૪૪, પ્રવચન-૨૨૬**

૧૪૪ ગાથા. કર્તા કર્મની છેલ્લી (ગાથા). પ્રશ્ન એમ છે કે '**પક્ષાતિક્રાંત જ સમયાસર છે એમ નિયમથી ઠરે છે-એમ હવે કહે છે :-**' એટલે શું? કે આ આત્મા જે સ્વભાવ એનો શુદ્ધ ચૈતન્ય એકરૂપ છે એ તો નયના પક્ષથી રહિત જ સમયસાર છે. એનું સ્વરૂપ જ એવું છે. હું અબદ્ધ છું કે બદ્ધ છું એવો જે વિકલ્પ એના સ્વરૂપમાં જ એ નથી. એથી નયપક્ષના અતિક્રાંત સ્વરૂપ જ સમયસાર ઠરે છે. તેને જ આત્મા કહેવાય છે અને તેવા આત્માની શ્રદ્ધા અને જ્ઞાનને જ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવાય છે.

ટીકા જુઓ ફરીને. '**ટીકા :- જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી...**' નહિ થતો હોવાથી. એમ. કેવો છે ભગવાન આત્મા શુદ્ધ અખંડ જ્ઞાયક અભેદ? કે જે નયપક્ષથી ખંડિત થાય નહિ એવી જ એ વસ્તુ છે. હું શુદ્ધ છું કે અભેદ છું એવા વિકલ્પથી ખંડિત થાય એવો છે નહિ એટલે કે એ વિકલ્પ એનામાં છે જ નહિ. '**જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે,...**' શુદ્ધ છું કે અશુદ્ધ છું એવો જે વિકલ્પ છે રાગ, એ સમય સ્વભાવ તરફ ઢળતાં તે વિકલ્પો બધા અટકી ગયા છે. '**તે સમયસાર છે;...**' તેને સમયસાર નામ આત્મા કહેવામાં આવે છે.

'**ખરેખર આ...**' સમયસારને જ '**એકને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.**' એવો જે આત્મા અંતરના વિકલ્પથી રહિત થઈને નિર્વિકલ્પપણાને પ્રાપ્ત થતો આત્મા એને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એકને જ નામ આપવામાં આવે છે. એટલે તેને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન બીજા પ્રકારનું નથી અને સમયસાર બીજા પ્રકારનો નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયકમૂર્તિ, એને વિકલ્પ રહિત થઈને જે સમયસાર છે એનો અનુભવ થયો, દૃષ્ટિ થઈ ને જ્ઞાન થયું એવો જે સમયસાર છે અને એવા સમયસારનું ભાન, દર્શન અને જ્ઞાન થયું એ જ સમ્યગ્દર્શન અને જ્ઞાન નામ અપાય છે. એટલે એ ભાવને જ સમ્યગ્દર્શન કહેવાય છે. બીજા ભાવને સમ્યગ્દર્શન કહેવાતું નથી. સમજાણું કાંઈ? હવે એને જરી શરૂઆતથી એનો વિસ્તાર કરે છે. એ વિકલ્પરહિત થાય શી રીતે? એની રીત શું હશે?

'**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' '**શ્રુતજ્ઞાનાવષ્ટમ્ભેન**' એ શબ્દ છે. પહેલું તો

આગમથી જ્ઞાન કરે, જ્ઞાનમાં જ્ઞાન કરે, જ્ઞાનમાં એમ કરે કે આ આત્મા શ્રુતજ્ઞાન સ્વરૂપ છે. પહેલા શું કરવું? જુઓ! પ્રથમ શબ્દ પડ્યો છે, હોં! '**यतः प्रथमतः**' એમ શબ્દ છે સંસ્કૃતમાં. પહેલાં આવા સમયસારને સમ્યક્ નિર્વિકલ્પપણે પ્રાપ્ત કરવા પહેલા એણે શું કરવું કે પછી એને નિર્વિકલ્પતા થાય? પહેલા તો '**શ્રુતજ્ઞાનના અવલંબનથી...**' આગમજ્ઞાનથી જ્ઞાન કરવું કે આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એમ. આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એમાં રાગ નથી, ભેદ નથી, વિકલ્પ નથી, અશુદ્ધતા નથી. જ્ઞાનસ્વરૂપ છે એમ વિકલ્પના લક્ષમાં પણ પહેલો આ નિર્ણય કરવો. સમજાય છે કાંઈ? વિકલ્પ છે રાગનો અંશ છે તેના પક્ષમાં પણ પહેલો આ નિર્ણય કરવો કે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ કોઈનો કર્તા હર્તા નથી, તેમ તેમાં અશુદ્ધતા નથી, તેમ તે વિકલ્પથી પ્રાપ્ત થાય એવો નથી એમ વિકલ્પથી નિર્ણય કરવો. સમજાણું કાંઈ? કેમ કે જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ. સમજાણું?

'**શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો...**' જુઓ! આત્મા એ જ્ઞાનસ્વભાવ છે. વસ્તુ જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનસ્વભાવ એનો અસાધારણ, એક જ્ઞાનસ્વભાવ છે. જે બીજા દ્રવ્યમાં તો નથી પણ એવો બીજો ગુણ પણ નથી. જે સ્વપરપ્રકાશક આત્મા જ્ઞાનસ્વભાવ છે એવો પહેલો વિકલ્પ દ્વારા આ લક્ષથી નિર્ણય કરવો. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્રિયા આવી ગઈ ને?

ઉત્તર :- આ ક્રિયા કીધી શું કીધી? બહાર છે? આ આવ્યું.

અહીં તો વિકલ્પ તોડવાની વાત હવે આવશે. પહેલો તો નિર્ણય આ કરવો એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવ આત્મા એમ કહીને શું કહ્યું? કે વિકલ્પથી પણ એમ નિર્ણય કરવો કે એ પરદ્રવ્યનું કોઈ કરી શકે એવો એનો સ્વભાવ નથી. રાગ કરવો એ પણ એનો સ્વભાવ નથી. એમ વિકલ્પ દ્વારા આ નિર્ણય કરવો. સમજાય છે કાંઈ? એ નિશ્ચય કરીને, એ જ્ઞાનસ્વરૂપ જ છે, ચૈતન્ય સ્વરૂપ છે. જ્ઞાનસૂર્ય ચૈતન્ય એ કોઈનું કરે કે કોઈથી લે એવું એનું સ્વરૂપ જ નથી. એ જ્ઞાનસ્વરૂપ છે એમ એણે રાગના સંગમાં રહેલી વિચારદશા એમાં પણ આ નિર્ણય કરવો. સમજાણું કાંઈ? એ જ્ઞાન સ્વભાવ છે એનો અર્થ કે એ કોઈની દયા પાળી શકે છે, કોઈને મારી શકે છે, કોઈથી કાંઈ લઈ શકે છે એવો એનો સ્વભાવ જ નથી. એ જ્ઞાનસ્વભાવ સત્ જ્ઞાનસ્વભાવ. કહો, સમજાણું આમાં?

એમ નિર્ણય કરીને. પછી? '**આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,...**' આ તો હજી અવ્યક્ત વિકલ્પ દ્વારા આત્મા જ્ઞાનસ્વભાવ છે એમ નિર્ણય થયો. પણ એની પ્રગટ પ્રસિદ્ધિ, પર્યાયમાં પ્રગટ પ્રસિદ્ધિ સ્વસંવેદનપણે વિકલ્પરહિત થાય એને આત્માની પ્રગટ પ્રસિદ્ધિ કહે છે. આહાહા..! '**આત્માની...**' '**પછી...**' શબ્દ પડ્યો છે ને? સમજાણું કાંઈ? '**ततः**' છે ને મૂળ? '**ततः**'

છે 'ततः' 'यतः प्रथमतः' 'ततः **खल्वात्मख्यातये**' ... પછી. સમજાણું કાંઈ?

**'આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે,...'** ભગવાન, અહીં આ ટીકાનું નામ જ આત્મખ્યાતિ છે. **'આત્માની પ્રગટ પ્રસિદ્ધિ,...'** વેદનમાં-અનુભવમાં આવવા માટે **'પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો...'** જુઓ! અહીં આમ વાત લીધી. **'આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇન્દ્રિય દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ...'** ઇન્દ્રિય ઉપર લક્ષ થઈને મતિ પ્રવર્તે, મન ઉપર જઈને મતિ પ્રવર્તે એવી જે મતિની બુદ્ધિ. **'તે બધીને મર્યાદામાં લાવીને...'** અહીં શબ્દ પડ્યો છે ભાઈ આ. ઓલો અવધારી એને ગૌણ કરીને કહ્યું છે. જયચંદ્ર પંડિતે. મર્યાદામાં એટલે કે તે પર તરફ છે એને આ બાજુ વાળવી.

**'જેણે મતિજ્ઞાન-તત્ત્વને (-મતિજ્ઞાનના સ્વરૂપને)...'** મર્યાદામાં લાવીને. **'જેણે મતિજ્ઞાન-તત્ત્વને આત્મસન્મુખ કર્યું છે એવો,...'** સમજાણું? એવો આત્મા. ઇન્દ્રિય દ્વારા જે મતિ આમ પ્રવર્તે છે લક્ષમાં, મન દ્વારા જે મતિ આમ પ્રવર્તે છે તેને બધીને. એટલે પાંચેય ઇન્દ્રિયો તરફનું અને મન એમ બધી. **'મર્યાદામાં લાવીને...'** તે તરફનું વલણ છોડીને **'જેણે મતિજ્ઞાન-તત્ત્વને...'** એટલે તેની ભાવ દશાને **'આત્મસન્મુખ કર્યું છે...'** મતિજ્ઞાનના સ્વરૂપને આત્મસન્મુખ કર્યું છે. જુઓ! અહીં સન્મુખતા આવી. પરથી વિમુખતા અને સ્વથી સન્મુખતા. **'भूदत्थमस्सिदो खलु'** એ શ્લોક છે. ઓલામાં પણ આવ્યું હતું ભૂતાર્થ ...

મતિનો જે ભેદ, જ્ઞાનની પર્યાયનો. એ ઇન્દ્રિયો અને મન તરફ વળતું (તેને) આમ વાળીને એ મતિજ્ઞાનના ભાવને એટલે દશાને એટલે એની પર્યાયને અંતર વાળીને. **'આત્મસન્મુખ કર્યું છે એવો,...'** જેણે એ મતિજ્ઞાનને આત્મસન્મુખ કર્યું. એટલે ક્રમ બતાવે છે, હોં! મતિ થઈને તરત જ શ્રુત થયું. પહેલું મતિ હોય છે ને એટલે એ વાત લીધી. **'મતિજ્ઞાન-તત્ત્વને...'** એટલે મતિજ્ઞાનની જે સ્વરૂપ દશા છે એ જ્યાં મન અને ઇન્દ્રિય તરફ જાય છે, પર દિશા તરફ જાય છે, પર દશા તરફ જાય છે તેને અંતર દશા તરફ વાળવી. સમજાણું કાંઈ?

**'આત્મસન્મુખ કર્યું છે...'** મતિજ્ઞાનની દશાને આત્મસન્મુખ કરી છે. એવો આત્મા. એમ. **'તથા નાના પ્રકારના નયપક્ષોના...'** જુઓ! બીજી વાત તો કાંઈ નથી. દયા, દાન અને વ્રતની અહીં વાત જ નથી. અહીં તો નયપક્ષ એટલે આ શુદ્ધ છે વસ્તુ, પર્યાયમાં અશુદ્ધતા છે એવો જે જ્ઞાનનો-શ્રુતજ્ઞાનનો વિકલ્પાત્મક ભાવ, જે વિકલ્પાત્મક ભાવ જે આકુળતા છે એ આકુળતા છે. સમજાણું? **'તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા...'**

ફક્ત અંદર અને અંદર મનના સંગે થતા એની વાત છે. અંદર કેમ વળાય એની વાત ચાલે છે આ. મોટાને બોલાવે છે ને મહાજન ભેગા થાય ત્યારે પાંચ જણાને બોલાવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, બધું જોવે.

મુમુક્ષુ :- ... ચાખે.

ઉત્તર :- પછી ચાખે. ખાય છે પછી ચાખે. ઘી ચોખ્ખું છે કે નહિ? લોટ બગડેલો છે કે નહિ?

અહીં કહે છે, ભાઈ! તારે આત્માને પ્રાપ્ત કરવો હોય એટલે કે ધર્મ પ્રાપ્ત કરવો હોય એટલે કે સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો પહેલામાં પહેલો માર્ગ. તો શું કરવું? કે પહેલામાં પહેલું એણે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવો રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરવો. પહેલું એમ કહ્યું નથી કે પહેલી એણે દયા પાળવી, એણે વ્રત કરવા, એણે ભક્તિ કરવી, પૂજા કરવા, આમ કરવું તો આ તને થાય. એમ કહ્યું નથી. એમ હોય નહિ એમ કહે છે અહીં. એ ન હોય. સમજાણું કાંઈ? તું આમ કરજે પહેલું, આમ કરજે, પહેલી જાત્રા કરી લેજે, પછી પૂજા કરી લેજે, પછી આ વ્રત પાળજે, પછી તપસ્યા કરજે પહેલી એમ કરતા કરતા હળવો થઈશ તો પછી આત્મામાં જવાશે. એમ નથી કહ્યું. પહેલો રસ છોડજે. બાબુભાઈ! આ એમ નથી કહ્યું અહીંયાં. ૩૦ વર્ષથી છોડ્યો હતો રસ અને માનતા હતા કાંઈક. આપણે કાંઈક તો છીએ ને, ત્યાગમાં કાંઈક તો છીએ કે નહિ? ક્યાંક કાંઈક.. કાઈક. એ તો અહીં વાત જ નથી કહે છે કે એ તો વાત પણ નથી. ધર્મ પામવા માટે એ તો કોઈ નિમિત્ત તરીકે વ્યવહાર સાધન તરીકે છોડવા લાયક એવું પણ ત્યાં નથી, અત્યારે એમ કહે છે. પણ અંતે હવે ઠેકાણે આવ્યા ને પાછા. સરવાળે છે સારું એનું બધું સારું. એમ. છે?

કહે છે કે ભાઈ! પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વરે એમ આત્માને પ્રાપ્ત કરવાની ધર્મની પહેલી દશામાં આ રીતી અને વિધિ કહી છે. એમ સંતો પોતે પોતાની વિધિથી વાત કરે છે. આહાહા..! ભાઈ! તારે પહેલું કરવું હોય, પ્રથમ ધર્મ પામવો હોય, શરૂઆતની ધર્મદશા તારે પ્રગટ કરવી હોય તો પહેલા એ તારે નિર્ણય કરવો, મનના સંબંધમાં હજી પડ્યો છે. તૂટ્યો નથી સંબંધ. તૂટવાની પછી વાત કરશે. મનના સંગમાં પણ પહેલો આ વિકલ્પથી વિચાર કરવો કે આ આત્મા એ શું ચીજ છે? અસ્તિ એ શું ચીજ છે આ? એ વસ્તુ શું? એ વસ્તુ તો જ્ઞાનસ્વરૂપ જ છે. ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાનસૂર્ય, જ્ઞાનસ્વભાવ, સ્વભાવવાન આત્મા જ્ઞાનસ્વભાવ. વસ્તુ આત્મા એનું સત્ત્વ જ્ઞાનસ્વભાવ. એ જ્ઞાનસ્વભાવ છે આત્મા એવો પહેલો રાગમિશ્રિત ચિત્તના સંગમાં બહારથી ખસીને એટલા સંગમાં આવીને એણે નજીકમાં

આ નિર્ણય કરવો. સમજાણું કાંઈ?

પછી? ત્યાં સુધી તો હજી વિકલ્પ છે, રાગ છે, હજી આત્મા પ્રસિદ્ધ થયો નથી. ધર્મ પામ્યો નથી ત્યાં સુધી. પણ ધર્મ પામવા પહેલા આત્માનો સ્વભાવ ધર્મ-ધર્મ એટલે જ્ઞાન. એવો એનો સ્વભાવ, વસ્તુનો સ્વભાવ જ્ઞાન, એ ધર્મ. હવે એ ધર્મ છે એ વસ્તુ ત્રિકાળ છે. એ ત્રિકાળ છે એને વિકલ્પ દ્વારા પહેલો નિર્ણય કરવો (કે) જ્ઞાન ધર્મ સ્વભાવ આત્મા (છે). એ જ્ઞાન કોઈનું કરે નહિ. એ દયા પાળે નહિ, કોઈની દયા ઈચ્છે નહિ. કારણ કે એ તો જ્ઞાનસ્વરૂપ છે. સમજાય છે? એવો તો પહેલો એણે વિકલ્પના રાગમિશ્રિતના સંગે આ પહેલો નિર્ણય પહેલી દશામાં કરવો. એ પરનો ત્યાગ કરે અને પરને ગ્રહે કરે ને પરને ઉપાડે, પરને છોડે, પરને થોડા મૂકે અને બીજા ગ્રહે એવું એના સ્વરૂપમાં નથી. એમ પહેલો એણે રાગમિશ્રિત વિચારમાં નિર્ણય કરવો. સમજાણું કાંઈ?

એ નિર્ણય કર્યા પછી એ તો નિર્ણય થયો. હજી આત્મપ્રસિદ્ધિ થઈ નથી, ધર્મની દશા થઈ નથી, સમ્યગ્દર્શનરૂપી દશા એ થઈ નથી. એ તો વિકલ્પથી નિર્ણય કર્યો કે આ છે. હવે આ છે એટલે કે બીજું એમાં રાગ છે કે દ્વેષ છે કે વિકલ્પ વિકાર છે કે એ નથી એમ વિચાર દ્વારા, વિકલ્પ દ્વારા પણ એ નિર્ણય કરવો. એમાં કર્મ છે, શરીર છે એ કાંઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પહેલી શરૂઆત આવે છે. પહેલો એ નિર્ણય થયો. પછી?

હવે આત્માને વસ્તુસ્વરૂપ તો જ્ઞાન છે એની પર્યાયમાં પ્રસિદ્ધિ થાય જ્ઞાનની એ પ્રસિદ્ધિને માટે હવે શું કરવું? કે જે મતિજ્ઞાન ઈન્દ્રિયો ને મન તરફ વળેલું છે, જે મતિજ્ઞાનનો પર્યાય, મતિજ્ઞાનનું તત્ત્વ, મતિજ્ઞાનનો અંશ જે જ્ઞાનનો એક મતિ પ્રકારનો ભાગ, જ્યાં ઈન્દ્રિયો અને મન તરફ વળેલું છે એને અંતરમાં લાવવું. એ જ્ઞાનની પર્યાયને મર્યાદા અંતરમાં લાવવી. આ હજી ધર્મને પહેલી પામવાની રીત છે. આહાહા..! માંગીરામજી! સ્થાનકવાસીમાં જૂના માણસ છે આ. તમે તો .. તરીકે હતા પણ એ જૂના માણસ છે દિલ્હીમાં. એણે બહુ ડોહળ્યું છે બધું ઘણું. અરે..! ભાઈ! બાપુ! સ્થાનક એટલે આત્મા, એનો વાસી જ્ઞાનમાં વસેલો આત્મા એ છે. એનો નિર્ણય પહેલો રાગ દ્વારા કરવો. આ પહેલામાં પહેલું આ છે. પહેલો કષાય મંદ કરવો અને પછી આ (થાય) એમ નથી અહીં તો કહ્યું. એ મંદનો વિકલ્પ છે એણે આમ નિર્ણય કરવો કે જ્ઞાનસ્વભાવ છે. ચંદુભાઈ!

કષાય મંદ પહેલો હોય તો પછી થાય એ પ્રશ્ન છે જ નહિ. ભાઈ! એ વિકલ્પથી નિર્ણય કરવો એ પોતે જ કષાય મંદ છે. પણ એ કષાય મંદનો જે વિકલ્પ છે એ દ્વારા નિર્ણય શું કરવો? આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે. એવો એ મંદ કષાયના વિકલ્પથી પણ આ નિર્ણય કરવો. એનાથી થશે એમ નિર્ણય એમાં ન કરવો. એ તો જ્ઞાન સ્વભાવ છે. વિકલ્પથી

નિર્ણય કર્યો એ વિકલ્પ તો રાગ સ્વભાવ છે, આ તો જ્ઞાન સ્વભાવ છે. બે ભિન્ન છે. સમજાણું કાંઈ?

કહે છે, પહેલામાં પહેલી ધર્મ અને આત્માની પ્રસિદ્ધિની પહેલી શરૂઆતની દશા, એને કષાયની મંદતાનો અંતર વિચાર મનના સંબંધે વિચાર આવે એમ કહે છે. આ આત્મા ચૈતન્ય સૂર્ય છે. હવે એની પ્રસિદ્ધિ પ્રગટ, પર્યાયમાં પ્રગટપણે આ આત્મા જેવો સ્વભાવ છે એવો પર્યાયમાં ભાસ થાય વેદનમાં એને માટે શું? એ મતિનું વલણ જે મતિજ્ઞાનના અંશનું આમ ઇન્દ્રિયો અને મન તરફ વલણ છે એને ખેંચવું, એને મર્યાદામાં લાવવું. આમ ન જતાં આમ લાવવું.

'**(મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા...**' આ વાત છે, જુઓ! બીજી ઓલી પણ નહિ. શ્રુતના વિકલ્પોમાં પણ આ .. છે ભાઈ! શુદ્ધ-અશુદ્ધ, એક-અનેક જે વસ્તુ તત્ત્વ છે પર્યાય અને દ્રવ્ય.. પર્યાય અને દ્રવ્ય.. એનો એને વિકલ્પ હતો, શ્રુતનો પણ બીજો નહિ. એમ. દેવ-ગુરુ કોણ છે એ વાત અહીંયાં નહિ. એ તો પહેલી ગઈ. અહીંયાં તો એના શ્રુતજ્ઞાનના વિકલ્પના ભેદમાં પણ આ હતું કે આ વસ્તુ દ્રવ્યે જે શુદ્ધ છે. પર્યાયે અશુદ્ધ છે, વસ્તુ એક છે, ગુણ-પર્યાયે અનેક છે. એવા જે શ્રુતજ્ઞાનની પર્યાયમાં રાગમિશ્રિત જે આકુળતા હતી, આકુળતા હતી. એવા વિકલ્પોને પાછા વાળી.

જુઓ! '**અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી...**' ભાષા જુઓ! હું શુદ્ધ છું એવો જે વિકલ્પ શ્રુતજ્ઞાનનો એ પણ દુ:ખરૂપ છે. ભગવાન આત્મા અહીં આનંદસ્વરૂપની પ્રસિદ્ધિ કરવી છે. આત્મા અતીન્દ્રિય આનંદ છે એમ ધર્મની પહેલી દશામાં પ્રસિદ્ધિ કરવી છે. ત્યારે એના વિકલ્પો અહીં ભૂમિકાના શ્રુતના આ પ્રકારના વર્તે છે. ભાઈ! શું કહે છે આમાં? ઓલા પાંચ દ્રવ્યના કે એ અત્યારે વાત પણ નથી લીધી. આ તો આત્મા શુદ્ધ છે, એકરૂપ છે, અનેક છે ગુણ-પર્યાય આટલી એના સંબંધીના, શ્રુત સંબંધીના વિકલ્પોમાં વર્તે છે. છે એ વિકલ્પ એ આકુળતા. રાગનો અંશ છે એ દુ:ખરૂપ છે. એટલો વિચાર પણ દુ:ખરૂપ છે. આહાહા..!

'**નાના પ્રકારના નયપક્ષો...**' નયપક્ષના અનેક પ્રકાર લીધા છે. નાના પ્રકારના નયપક્ષો લીધા છે. તો નાના પ્રકારના બીજા વિકલ્પો એમ નથી લીધું, ભાઈ! અહીં એને નજીકમાં પોતાનું દ્રવ્ય અને પર્યાય, એના વિચારોના વિકલ્પમાં આવ્યો છે. બીજા વિચાર બિલકુલ છૂટી ગયા છે. ત્યારે એને '**આલંબનથી થતાં...**' નયપક્ષોના વિકલ્પના આધારે અવલંબે થતાં '**અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી...**' એ આકુળતા હતી. એને

'**શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને...**' એ શ્રુતજ્ઞાનનો પર્યાય જે આમ વિકલ્પમાં રોકાતો હતો દુઃખરૂપમાં, એને મર્યાદામાં લાવીને. '**બુદ્ધિઓને પણ...**' પણ કેમ કહ્યું? મતિને લાવ્યો અને ભેગો આને. એમ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે છે ને? મતિપૂર્વક શ્રુત છે ને? એટલે પહેલું મતિ કીધું અને પછી શ્રુત કીધું હતું. જ્ઞાનની પર્યાય પાંચ. એમાં કામ કરે છે મતિ અને શ્રુત. બીજું (જ્ઞાન) તો અત્યારે છે નહિ. સમજાણું કાંઈ?

કોઈ વિભંગ વિનાની મિથ્યાદૃષ્ટિ છે અને એને વિભંગ થયેલું હોય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ને વિભંગ હોય. પણ એને ધર્મ પામવા કાળે તો આવા જ વિકલ્પો પહેલા હોય. વિભંગ ત્યાં કામ કરે નહિ. સમજાણું કાંઈ? એ શ્રુતજ્ઞાનનું જે તત્ત્વ છે, એમાં જે આ વિકલ્પ ઉઠે છે કે હું આ શુદ્ધ છું, પર્યાયમાં અપૂર્ણતા અશુદ્ધ છે, વસ્તુ પૂર્ણ છે, આ અપૂર્ણ છે, વસ્તુ એકરૂપ છે, શક્તિઓ અને અવસ્થાથી અનેક છે. આવા વિકલ્પો શ્રુતજ્ઞાન સંબંધીના એ પણ આકુળતાનું કારણ છે. એ દુઃખ ઉપજાવે છે. એને મર્યાદામાં લાવી, એને આ બાજુ ઢાળી, અંતર્મુખ ઢાળી. એ જ્ઞાનની પર્યાય આમ જે વિકલ્પમાં વર્તે (છે) એને આમ ઢાળી. શબ્દોની શૈલી કેટલી કહે? મર્યાદામાં લાવી ત્યારે હું આમાં લાવું એ પણ વિકલ્પ નથી ત્યાં.

શ્રુતજ્ઞાનના તત્ત્વને એટલે શ્રુતજ્ઞાનના ભાવને, શ્રુતજ્ઞાનની પર્યાયને, શ્રુતજ્ઞાનના સ્વરૂપને પણ.. ઓલામાં પણ આવ્યું હતું ને? બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને. ઓલા મતિની સાથે. આને પણ '**આત્મસન્મુખ કરતો,...**' એ શ્રુતજ્ઞાનની જે પર્યાય તેને સ્વસન્મુખ કરતો. '**અત્યંત વિકલ્પરહિત થઈને,...**' એકદમ એ રાગનો મતિ તરફનો અને શ્રુતનો વિકલ્પ છૂટીને આ બાજુ ઢળ્યો છે તો અત્યંત વિકલ્પ રહિત થયો. થયો એટલે '**તત્કાળ જ નિજ રસથી પ્રગટ થતા,...**' ભગવાન આત્મા શાંત અને અનાકુળ આનંદની મૂર્તિ છે, એ તત્કાળ અતીન્દ્રિય આનંદની પર્યાયથી પ્રગટ થાય છે. એ વખતની પ્રતીતિ થઈ તેને સમ્યગ્દર્શન કહે છે. આ પ્રથમ ધર્મની પહેલી સીઢી. સમજાણું કાંઈ?

'**અત્યંત વિકલ્પરહિત થઈને,...**' એ તો નકાર થઈ ગયો. હવે હકાર. થઈને જ કહ્યું ને? હવે વિકલ્પરહિત થયો ત્યારે થયું શું? એ તો નાસ્તિ થઈ. '**તત્કાળ...**' તત્કાળ એટલે કાંઈ સમય બીજો નથી, એમ અહીં ઠર્યો ભેગો અહીં ફરી ગયો એમ કહે છે. '**તત્કાળ નિજરસથી જ પ્રગટ...**' આત્મામાં આનંદના ઉછાળા મારતો આત્મા, નિજશક્તિથી. ઓલા વિકલ્પના કારણે નહિ, વિકલ્પની શક્તિથી નહિ, એની મદદથી નહિ. સમજાણું કાંઈ? '**નિજ રસથી જ...**' નિજ રસથી જ '**પ્રગટ થતા,...**' પોતાના સ્વભાવના સામર્થ્યથી પ્રગટ થતો ભગવાન

આત્મા. નિજ શક્તિના સામર્થ્યથી જ પ્રગટ થતો આત્મા '**આદિ-મધ્ય-અંત રહિત,...**' આદિ-મધ્ય અને અંત જે છે તે છે. પહેલું આ હતું અને પછી આ અને પછી એ. એ કાંઈ નહિ. જે વસ્તુ સ્વરૂપ તેની તે અનાદિ અનંત. એકરૂપ આનંદસ્વરૂપ અનાકુળ તત્ત્વ તત્ત્વ આત્મા '**આદિ-મધ્ય-અંતરહિત...**' કેમ કે પહેલું આ હતું અને પછી આ અને અંતે આ એવો કાંઈ ભેદ છે નહિ. એકરૂપ વસ્તુ.

'**અનાકુળ,...**' એનો અનાકુળ આનંદ '**કેવળ એક,...**' એક જ પ્રકારનો સ્વભાવ '**આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય...**' એટલે બધાને ભિન્નપણે જાણતો પરથી જુદો એકલો તરતો, ટકતો હોય '**તેમ અખંડ પ્રતિભાસમય,...**' અખંડ પ્રતિભાસમય આત્મા એકરૂપ અખંડ પ્રતિભાસ અંદર અનુભવમાં આવતા. '**અનંત,...**' છે. બેહદ જેનો સ્વભાવ છે. એ '**વિજ્ઞાનઘન,...**' છે. જ્ઞાનનો ઘન છે. ઘીનો ઘન જેમ શિયાળામાં હોય ઠંડુ. ઘીનું ઘન. એમ અરૂપી પણ વિજ્ઞાનઘન છે. આનંદકંદ છે.

'**પરમાત્મારૂપ...**' એ પરમસ્વરૂપ છે. પરમાત્મા જ પોતે છે એ. આરે.. આ. '**પરમાત્મારૂપ...**' પોતે અખંડ વિજ્ઞાનઘન પરમાત્મસ્વરૂપ '**સમયસારને...**' એવો જે આ સમયસાર '**જ્યારે આત્મા અનુભવે છે...**' જ્યારે એ આત્મા વિકલ્પોને છોડી અનાકુળ અખંડ પ્રતિભાસમય આત્માના સ્વરૂપ સન્મુખ થઈ એને અનુસરીને આત્માની દશા અનુભવ કરે છે તે વખતે જ આત્મા દેખાય છે. '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે)...**' એમ કહે છે. ત્યારે સમ્યગ્દર્શનમાં આ આત્મા એમ શ્રદ્ધામાં આવ્યો. સમજાણું કાંઈ? આહાહા..! ભાષા પાછી શું છે?

'**એ વખતે જ...**' પહેલા ઓલો વિકલ્પ હતો અને બીજી વખતે એ સમ્યગ્દર્શન હોતું નથી. તે કાળે જ્યારે મતિની બુદ્ધિઓને પરસન્મુખથી અંતર વાળી, શ્રુતના વિકલ્પોને છોડીને એને સન્મુખ કર્યું. એકરૂપ અખંડ પ્રતિભાસમય પરમસ્વરૂપ પરમાત્મા સમયસાર અનુભવાય છે ત્યારે તેને આત્મા જેવો છે તેવો દેખ્યો એટલે શ્રદ્ધયો. એમ એની શ્રદ્ધાને સમ્યગ્દર્શન નામ લાગુ પડે છે. આહાહા..! સમજાણું કાંઈ? અમને દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, ચોપડીને આદરે. આદરે છે કે નહિ ચોપડીમાં? શું કહેવાય એ? વ્રતને. બાર વ્રત. બાર વ્રત. ચોપડી આદરો, ચોપડી. આત્મા નહિ. દેવ-ગુરુ-ધર્મ અમને માનો. અમે તમારા ગુરુ, ભગવાન અરિહંત, ભગવાનનો કહેલો દયા ધર્મ. એ શ્રદ્ધો. એ તમારું સમકિત. કહો, ધર્મચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહિંસા પ્રધાન આ. આ વિકલ્પ હતો એ હિંસા હતી. આત્મા શુદ્ધ છે ને એક છે એવો વિકલ્પ તે હિંસા હતી. એને છોડીને એકાકાર થયો ત્યારે આત્મા અહિંસાભાવે

પ્રગટ થયો તેને આત્મા કહે છે. રાગરહિત આનંદપણે પ્રગટ થયો તેને અહિંસા કહે છે. આહાહા..! અહિંસા પરમો ધર્મ.

ધમ્મો મંગલં... .. એ ... માં એક શબ્દ હતો, ભાઈ! ... (સંવત) ૧૯૭૮માં શબ્દ ઉઠ્યો હતો. એમાં .. સમાદાય છે. આમાં આ જે આણે લખ્યું છે... શું છે ઓલું પુસ્તક નહિ? ..ભારતી છે કે. એમાં વિચાર આવ્યો હતો. ૭૮માં આ .. હશે. જેઠ સુદ પાંચમ. .. એટલે બિચારા.. પણ આ દશા ..માં પણ ચિત્ત સમાધિના બોલ છે દસ. ચિત્ત સમાધિ હુએ ... ચિત્તને શાંતિ હોય દસ બોલે. એમાં પહેલું સમ્યગ્દર્શન સમાધિ કીધી છે ત્યાં. ત્યાં શબ્દ વાપર્યો છે ૐ છે અમારા શાસ્ત્રમાં. મારી પાસે લખેલું હતું. .. તે દિ' ૧૯૭૮માં પહેલું કહ્યું જ્યારે આ. .. સમજાણું? ઓયં ચિત્તં સમાદાય. એ તો સાધારણ શૈલી પણ એનું .. ઓયં ચિત્તં. ઓ એટલે એકલો. એમ લોકો ... કરતા હોય છે. ઓ એટલે એકલો. અર્થમાં લખ્યું છે કે રાગ-દ્વેષ રહિત. રાગ-દ્વેષ રહિત ઓયં ચિત્તં. આણે નાખ્યું છે આ અમર ભારતી આવે છે ને આ? એક છે. એ બધું મેળવે છે એના શાસ્ત્રમાં. પણ એમાં ક્યાં હતી વાતેય. ઓમં ચિત્તં. એને મત એ હતો.

મુમુક્ષુ :- .. ય નો મ કર્યો છે.

ઉત્તર :- હા પણ ઓલામાં ઓયં ચિત્તં સમાદાયી. જુઓ! અમે સાધકોની સેવા કરીએ છીએ. દશા.. આ શબ્દ ..... જુઓ! આ ચિત્ત સમાધિ આને કહીએ. દ્રવ્ય, ગુણ અને પર્યાયો ત્રણ ભેદ છે એને બરાબર જાણી અને એકલો રાગ-દ્વેષ રહિત અંતરમાં પકડે ત્યારે એને ચિત્તની સમાધિ થાય. અહીં ઓમં કરીને બે કડી મૂકી છે. આ તો અમારે મોઢે હતું. તે દિ'ની વાત છે. ખુબ ચર્ચા ૧૯૭૮માં. સ્થાનકવાસીના .. એ બધું લખ્યા કરે. બધાને મેળવે સાથે. મેળવે ખીચડો કરે છે બધા સાથે. ઉપદેશ... ને ફલાણું...

અહીં તો વીતરાગ સર્વજ્ઞના માર્ગની સાથે કોઈનો ક્યાંય મેળ નથી. પરમેશ્વરે વીતરાગદેવે જે આત્મા કહ્યો એવો આત્મા ત્રણ કાળમાં કોઈએ જોયો નથી, જાણ્યો નથી અને કહ્યો નથી. સમજાણું કાંઈ? એક વાત કરી હતી ભાઈ. નહિ? કે સર્વજ્ઞ કોના મતમાં હોઈ શકે? કે જેને ક્ષેત્રની અમાપતા, દ્રવ્યની અનંતતા, એની શક્તિઓની અનંતતા, એની પર્યાયની અનંતતા, એના ટકાઉની અનંતતા. એ બધું છે. એ બધું છે. એ છે એવું જેને જ્ઞાન જેના મતમાં આ બધાનું જ્ઞાન થાય, બધા હોય આવા, એનું જ્ઞાન થાય એને સર્વજ્ઞ (હોય) અને આવું જેનામાં નથી એને સર્વજ્ઞ એના મતમાં હોઈ શકે નહિ. શું કીધું સમજાણું કાંઈ?

સર્વ દેશ, સર્વ કાળ, સર્વ દ્રવ્ય, સર્વ ગુણ, સર્વ પર્યાય એ બધું છે. અહીં તો સર્વજ્ઞની સાથે મેળવવું છે. આવું બધું છે અસ્તિ તરીકે. એવી જેના શાસ્ત્રમાં કે જેના મતમાં આવું

બધું આટલું છે એ એનામાં નથી, એનામાં સર્વજ્ઞ કોઈ દિ' હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? ત્રણ કાળ, ત્રણ લોક, અલોક. અનંત દ્રવ્ય, અનંત ગુણ, એક એકમાં અનંતી પર્યાય, એક એક પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદ. એ બધું અસ્તિરૂપ સત્ છે. એ સત્નું જેને જેનામાં આવડું બધું સત્ છે એવો જેનામાં હોય એનામાં એનું સર્વજ્ઞપણું પ્રગટ થઈ શકે. જેનામાં આ વિધિની રીત નથી એનામાં સર્વજ્ઞ કોઈ દિ' હોઈ શકે નહિ. પરમેશ્વર હોઈ શકે નહિ એનામાં, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે અહીંયાં કહે છે. જુઓને! અહીં તો એક આત્મામાં આવડું છે. એવું ભગવાને જોયું છે અને એવું અહીં કહે છે. તું આત્મા. અમે તને તારા આત્માને એવો જોયો, એવા અનંત આત્માને અમે જોયા છે. ભગવાન પરમેશ્વર કહે છે. એ આત્મા એને અમે જોયો છે, સમયસાર એને અમે કહીએ છીએ. એ વિકલ્પથી રહિત થઈને આત્મા અખંડ પ્રતિભાસના વેદનમાં આવે એને અમે આત્મા કહ્યો છે અને એવો જ આત્મા છે. એ સર્વજ્ઞના મતની અંદરમાં આવું હોય, બીજે કોઈ ઠેકાણે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અનંત છે તો અનંતને જાણનાર સર્વ જોઈએને કોઈ સર્વજ્ઞ? સર્વને જાણનારો એમ ... સમજાણું કાંઈ? અનંત જીવ છે, તો એમાંથી મુક્તિને પામે છે તો અનંતા પામ્યા, અનંત ગુણા પડ્યા છે એ બધું છે કે નહિ? એનું બધું જેને એક સમયમાં જ્ઞાન વર્તે, આવું બધું જેનામાં હોય એનામાં સર્વજ્ઞ હોઈ શકે. એ વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બીજે ક્યાંય છે નહિ. વીતરાગ માર્ગ સિવાય બીજે ક્યાંય છે નહિ. પણ એ વીતરાગ માર્ગમાં આ છે એવું છે પાછું. તારો આત્મા અમે સર્વજ્ઞપણામાં જે અનંત જોયું એમાં તારો આત્મા સમયસાર અમે એવો જોયો છે કે એમાં રાગ છે નહિ, એમાં દ્વેષ છે નહિ, એમાં કર્મ છે નહિ. એ છે એમ જોયું છે ને? છે આવો આવો. એમાં આ રાગ આ છે નહિ, એમાં વિકલ્પ છે નહિ, એમાં મન છે નહિ, એમાં વાણી છે નહિ, એમાં કર્મ છે નહિ, એમાં બીજી ચીજો અડતી નથી.

વિકલ્પસહિત તું જ્યાં સુધી જાણ ત્યાં સુધી આત્મા એવો છે નહિ. એમ અમે જોયો ને એવો એ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞે કહેલો આત્મા. એમ આવે છે ને? નહિ? ભાઈ, આ બધા કહે છે કે આત્મા માન્યો છે. એમ આવે છે. ભાઈએ લખ્યું છે. જયચંદ્ર પંડિતે. એમ નહિ. સર્વજ્ઞે કહેલો આત્મા. એમ આવે છે. પહેલા આવે છે ભાઈ! આમાં. ક્યાં આવે છે નહિ ક્યાંક? પહેલામાં આવે છે. એ ... માં આવે છે ક્યાંક. શેમાં આવે છે? આ બીજું સમયસાર થઈ ગયું છે ને. .. સમજ્યાને. આમાં છે ક્યાંક. પહેલા છે ને શરૂઆતમાં. કે આમ માનીએ તો? એમ કહે છે. નહિ. એ ક્યાંક છે.

મુમુક્ષુ :- છઠ્ઠો કળશ.

ઉત્તર :- એ છઠ્ઠામાં જુઓ આ રહ્યું. જુઓ. અહીં કોઈ પ્રશ્ન કરે કે. એ પાનું ૨૬ છે આ જૂની પ્રતનું. આ ૨૬ પાનું.

**'આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?'** ત્યાં એમ કહ્યું છે ખરું ને? **'एकत्वे नियतस्य शुद्धनयतो'** એનો ... છે. **'અહીં કોઈ પ્રશ્ન કરે કે-આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?'** કે નહિ. **'તેનું સમાધાન :- ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે;...'** છે? ભાઈ! છઠ્ઠી ગાથા પછી છઠ્ઠો કળશ છે ને કળશ? છઠ્ઠા કળશ પછી છે. છઠ્ઠો કળશ છે ને? કળશ પછી પહેલો પેરેગ્રાફ મૂકી દઈને, આખો બે.

**'ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે; જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. તેથી સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે...'** કારણ કે સર્વને જાણ્યું એમાં આત્મા એણે જાણ્યો છે. એણે કહ્યો કે આત્મા આવો હોય. **'સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમ્યક્ત્વ થાય છે એમ સમજવું.'** દુનિયા કહે છે એ નહિ. સમજ્યાને? એ તો દાખલા દે, જ્યાં લગી આત્મા... પણ એ ક્યાં આત્મા હતો ત્યાં? એ તો મોટો ફેર છે. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ...' એ તો બધી .. વાતું છે. આ તો એક જરી એને એ એને કહેવાય ભલે, પણ આવી વાત આવે છે કે નહિ?

સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ કહેલો આત્મા. એણે જાણેલો આત્મા, એણે જોયેલા આત્માઓ. એ આત્મા આ, (એમ) વિકલ્પથી નિર્ણય કરી અને પછી વિકલ્પરહિત થઈને વેદે ત્યારે તેવો આત્મા ભગવાને જોયો એવો એણે જાણ્યો. સમજાણું કાંઈ? ત્યારે 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' થયું. બાબુભાઈ! આવે છે ને મંગળિકમાં? બોલે રાખે અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં. ભગવાન જાણે શું? કલ્યાણ થઈ ગયું, જાવ. પૈસા મળે. સારું સાંભળી જાય મહારાજનું મંગળિક તો ત્યાં દુકાન સારી ચાલે. આહાહા..!

કહે છે. આટલા વિશેષણ તેથી આપ્યા છે કે એક તો પોતે વિકલ્પરહિત થયો એટલે જુઓ વિકલ્પ હતા. એ વસ્તુ નહોતી એની. **'આદિ-મધ્ય-અંત રહિત,...'** **'નિજ રસથી જ પ્રગટ થતા,...'** નિજશક્તિના સામર્થ્યથી પર્યાય થઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'આદિ-મધ્ય-અંત રહિત,...'** તેનો તે જે છે એ છે. કાંઈ નવો પ્રગટ્યો નથી. છે તે

છે. ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ. તે '**અનાકુળ,...**' છે. એ તો આનંદસ્વરૂપ છે આત્મા. જ્ઞાને નિર્ણય કર્યો એમ જે પહેલું લીધું હતું, પછી હવે અહીંયાં અનાકુળ આનંદ ભેગો લેવો છે ને પાછો પ્રસિદ્ધમાં. એ તો અનાકુળ સ્વરૂપ છે આનંદમૂર્તિ. કેવળ એક. એકલો આત્મા આખા વિશ્વના જાણે કે તરતો હોય. કોને? આ રીતે કરે એને. પાછા એમ કે નહિ બધાને બધો થઈને આત્મા એક એમ નહિ. સમજાણું કાંઈ? પાછું એમ કે આ બધા એક થઈને કેવળ એક પાછો થઈ જાય એમ નહિ. જે આમ કરે એને '**કેવળ એક, આત્મા આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો...**' તરતો એટલે જુદો પડેલો છે. એમ.

'**તેમ અખંડ પ્રતિભાસમય,...**' અખંડ પોતાનો પ્રતિભાસ, હોં! બધા થઈને અખંડ એમ નહિ. તેથી આવા વિકલ્પ તોડનારને આવો ભાસ થાશે એમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ બધા આત્મા થઈને અખંડ છે અને પ્રતિભાસ થાય એમ નથી અહીં કહ્યું. એ વિકલ્પથી આવો છે, એવો છે એવું છૂટીને આ અખંડ. ઓલો ખંડ પડતો એ નહિ, અખંડ સ્વરૂપ એકરૂપ, અખંડ... સમજાય છે? પ્રતિભાસ. જ્ઞાનમાં ભાસે અખંડપણે. '**અનંત,...**' છે. સ્વભાવ અનંત છે. જેનું સ્વરૂપ છે એને મર્યાદા શી? સ્વભાવ છે, શક્તિ છે એના તત્ત્વની, એના સામર્થ્યની હદ શી? અનંત છે... અનંત છે. એ એક પોતે અનંત સ્વભાવ છે.

'**વિજ્ઞાનઘન,...**' છે. વિજ્ઞાનનો ઘન છે. જામી ગયેલો જ્ઞાનઘન છે. '**પરમાત્મારૂપ...**' એ પોતે પરમાત્મારૂપ છે. એવા '**સમયસારને...**' એવા આત્માને એ વિકલ્પરહિત થઈ અંતર અનુભવ કરે ત્યારે '**જ્યારે આત્મા અનુભવે છે...**' એવા આત્માને જ્યારે અનુભવે છે ત્યારે એટલે કે ત્યારે ન કહેતા '**તે વખતે જ...**' એમ કીધું. સમજાણું કાંઈ? '**જ્યારે આત્માને અનુભવે છે તે વખતે જ...**' તે કાળે જ '**આત્મા સમ્યક્‌પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે)...**' તે વિના એની શ્રદ્ધામાં આવો અખંડ એકરૂપ આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? માણસ આ પ્રયત્ન કરવા મૂકી દે અને માથાકૂટ બીજી કર્યા કરે છે. આ સાચું છે ને ખોટું છે ને ફલાણું છે. ભાઈ! આ કરને હવે. અને કાં છેલ્લે એમ કહે એય.. એકાંત છે ત્યાં. ભાઈ! છે જેમ છે એમ. પણ હવે વિચાર તો કર આત્માનો. સમજાય છે કાંઈ? એ સમ્યક્ ચૈતન્ય ઉપર એકાંત ઢળ્યા વિના એનું અનેકાંતનું વાસ્તવિક જ્ઞાન યથાર્થ થશે જ નહિ કોઈ દિ'. '**તે વખતે જ...**' શાસ્ત્ર ભાષા કઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું ને આ? આ શું કહેવાય છે? આમ વિકલ્પને તોડીને આમ એક તરફના લક્ષની દૃષ્ટિ અનુભવ વિના અનેકાંત એટલે આ દ્રવ્ય અને પર્યાય છે તેવું યથાર્થ જ્ઞાન નહિ થાય. સમજાણું કાંઈ? અમે અનેકાંત માનીએ છીએ... અનેકાંત માનીએ છીએ.. એમ કહે

છે ને માણસ? અરે..! બાપા! સમ્યક્ એકાંત. સમ્યક્ એકાંત તરફ ઢળ્યા વિના અનેકાંતનું જ્ઞાન યથાર્થ હોઈ શકે જ નહિ.

એ રાતે પ્રશ્ન નહોતો ઓલો? શુદ્ધનય છે અને ત્યાં પ્રમાણ થાય. એ બધું એનું એ હતું એ. આમ ઢળતાં પછી પ્રમાણ થાય છે, બેયનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? બાપા! એના માર્ગ તો અલૌકિક છે, ભાઈ! એના રસ્તા અલૌકિક છે અને એના ફળ તો અલૌકિક હોય જ તે. આહાહા..! જેની સાદિઅનંત મુક્તિ થાય, સાદિઅનંત મુક્ત થાય, દશા થઈ તે થઈ એમ ને એમ રહે. એના કારણરૂપ સમ્યગ્દર્શનની કેટલી સ્થિતિ છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી તો આ સમ્યગ્દર્શન પહેલી વાત ચાલે છે. એને સમ્યક્પણે દેખાય છે. પછી ઓલો તકરાર કરતો હતો કે દેખાય છે ત્યાં પણ આ શું કહે છે? દેખાય ભલે લખ્યું અને જણાય છે લખ્યું. એથી સમયસાર સમ્યગ્દર્શન અને .. એ સમ્યગ્દર્શનને દેખાય છે શબ્દમાં લખ્યું છે. પાછળ શબ્દ બે આવ્યા કે નહિ? પાઠમાં શું છે જુઓ. '**आत्मा सम्यग्दृश्यते ज्ञायते च; ततः सम्यग्दर्शनं ज्ञानं**' એ તો સમ્યગ્દર્શનને દૃષ્ટિ કીધું અને જ્ઞાનને જાણતે કીધું. એમાં ને એમાં કીધું છે. તકરાર છે. એમ કે દેખાય છે એને ઠેકાણે તમે શ્રદ્ધા કહો. પણ ભાઈ! તું જો તો ખરો એમાં એ કહે છે. દેખાય છે એટલે સમ્યગ્દર્શન, જણાય છે તે જ્ઞાન. એની સામે તરત તો મૂક્યું છે ત્યાં. એ શ્રદ્ધામાં નિર્વિકલ્પ શ્રદ્ધામાં આત્મા પ્રતીતમાં આવ્યો એ દર્શન છે. એટલે એને કીધું કે દેખાય છે એમ કે દેખાય છે, શ્રદ્ધા છે. અને તેમાં જ્ઞાન થયું તેનું. તેને જ્ઞાન કીધું છે. એ સિવાય દર્શન અને જ્ઞાન નામ પડતું નથી. એ વિના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવતું નથી. એવો આત્મા અનુભવમાં આવે ત્યારે સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવાય છે. એ સિવાય છે નહિ. વિશેષ....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૭, મંગળવાર તા. ૧૭-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૪૪, શ્લોક-૯૩ થી ૯૫, પ્રવચન-૨૨૭**

'**ભાવાર્થ :- આત્માને પહેલા આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ નિશ્ચય કરીને...**' આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ આગમજ્ઞાનથી એટલે વિકલ્પ સહિતથી નિર્ણય પહેલો કરવો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્ય-સમજ પિંડ છે એકલો. એમ ભલે આગમજ્ઞાનથી એટલે વિકલ્પથી એમ નિર્ણય કરવો. '**પછી ઈન્દ્રિય-બુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને,...**' ઈન્દ્રિય બુદ્ધિરૂપ મતિજ્ઞાન. એમ. જે મતિજ્ઞાન ઈન્દ્રિયો અને મન તરફ વળતું. ઈન્દ્રિય બુદ્ધિરૂપ મતિજ્ઞાન એમ કહ્યું. ઈન્દ્રિય બુદ્ધિરૂપ મતિજ્ઞાન. એમ. એને '**જ્ઞાનમાત્રમાં જ મેળવી દઈને,...**' એટલે એ તરફનું વલણ છે તેને આ તરફ વલણ કરવું. '**તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પોને મટાડી...**' શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પને મટાડી. એમ ભાષા છે. ભાઈ! આવ્યું હતું ને? ભાષા એ રીતે છે જરી. '**શ્રુતજ્ઞાનરૂપી નયોના..**' નિશ્ચયથી અબદ્ધ, વ્યવહારથી બદ્ધ વગેરે '**વિકલ્પોને મટાડી શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને,...**' એમ. શ્રુતજ્ઞાનના નયોને એટલે ભેદોને છોડી દઈને, શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરી, અંદરમાં એકાકાર કરી '**એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો...**' પોતે આત્મા એક એટલે એમાં બેપણાનો વિકલ્પ ન રહે. એમ. શુદ્ધ છે, અશુદ્ધ છે, અનુભવ.. એવો એક અખંડ પ્રતિભાસ અનુભવમાં કરવો '**તે જ સમ્યગ્દર્શન...**' લ્યો! તે જ સમ્યગ્દર્શન છે. '**અને સમ્યગ્જ્ઞાન એવા નામ પામે છે;...**' તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન એમ ભાવ કહેવાય છે. એને સમ્યગ્દર્શન કહે છે એમ કહે છે. બીજાને નહિ. વ્યવહાર સમ્યગ્દર્શન આદિ છે એ સમ્યગ્દર્શન છે જ નહિ.

મુમુક્ષુ :- છ દ્રવ્યની શ્રદ્ધાને નહિ?

ઉત્તર :- છ દ્રવ્યની શ્રદ્ધા એ દ્રવ્ય અંદર ભેગું ભળીને આવે તો તો અંદર સમકિત થયું. સ્વસન્મુખ થઈને.

મુમુક્ષુ :- .. તો.

ઉત્તર :- હા. કીધું ને. સ્વસન્મુખ થઈને. જો સ્વદ્રવ્ય આવ્યું હોય તો એ વાત જુદી છે. એકલું છ દ્રવ્ય આમ છે આમ ભેદવાળું વિકલ્પાત્મક, એ નહિ.

મુમુક્ષુ :- દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા...

ઉત્તર :- એ બધું વિકલ્પાત્મક, વિકલ્પાત્મક વ્યવહાર. દેવ-ગુરુ-ધર્મનું વાસ્તવિક સ્વરૂપ છે એ રીતે જાણે તો નિશ્ચય થઈ જાય. દેવનું અરિહંત સ્વરૂપ છે, ગુરુનું નિર્ગ્રંથ ભાવ સ્વરૂપ

છે, ધર્મનું અહિંસક સ્વરૂપ છે સ્વભાવ, એ રીતે નક્કી કરે તો તો એનો દેવ-ગુરુ-ધર્મનો આત્મા જે છે એનો સ્વરૂપ છે તે ઉપર ગયું. એકલો પર ઉપર દેવ આ અને ગુરુ આ એમ નહિ. એના આત્માના જે સ્વભાવ છે એના સ્વરૂપથી અંદર વિચાર કરતાં, પહેલો વિકલ્પ હોય અને પછી અંદર જાય ત્યારે તેની પ્રતીત, એને દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપર નિશ્ચય થઈ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શ્રાવક રત્નકરંડાચારમાં એ લીધું. દેવ-ગુરુ.

'**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદાં નથી.**' એટલે કે કોઈ એવો વિકલ્પ કે બીજી ચીજ નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એક અખંડ અભેદ, એનો અંતર અનુભવ થવો એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન. એનાથી કોઈ વિકલ્પ કે કોઈ બીજી ચીજ કોઈ સમ્યગ્દર્શન-જ્ઞાન છે નહિ. અહીં તો એ ચોખ્ખી વાત છે કે એક જ પ્રકારનું સમ્યગ્દર્શન અને જ્ઞાન હોય છે. બે પ્રકારનું સમ્યગ્દર્શન કે બે પ્રકારનું જ્ઞાન હોતું નથી. એવું છે પણ હવે શું થાય? જીવને પોતાને જ જ્યાં અંદર... જ્યાં જાય, બેસે છે એને અભિપ્રાયમય એ આત્મા થઈ જાય છે. એવા અભિપ્રાયમય આત્મા થઈ જાય એટલે એને એ ખસે નહિ. આ છે, શુભરાગ છે. સ્વરૂપનો વિષય કર્યા વિના ધ્યાન એ ... ધ્યાનમાં ચૈતન્યનો વિષય કર્યા વિના સમ્યગ્દર્શન થાય શી રીતે?

મુમુક્ષુ :- ઈ રાગવાળો છે તો ...

ઉત્તર :- એ ક્યાં એને ધ્યાન કહેવાય? જેમાં સ્વનો વિષય કરીને એકાગ્ર થાય એ ધ્યાન કહેવાય. એ આવે છે. એ ધવલમાં આવે છે.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૯૩.

**आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना**
**सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम्।**
**विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान्**
**ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किग्चनैकोऽप्ययम्।।९३।।**

'**શ્લોકાર્થ :- નયોના પક્ષો રહિત,...**' એટલે કે આત્માને શ્રુતજ્ઞાન સંબંધી શુદ્ધ અશુદ્ધના વિકલ્પો નામ રાગમિશ્રિત જે ભાવ છે તેનાથી રહિત. '**અચળ નિર્વિકલ્પભાવને પામતો...**' ચળે નહિ તેવી રીતે આત્મામાં સ્વરૂપની એક્તા પામતા અચળ નામ ત્યાંથી ચળે નહિ, બીજો વિકલ્પ આવે નહિ. એવા ભાવને પામતો. અંતરમાં એ રીતે વિકલ્પરહિત નિર્વિકલ્પ રાગરહિત ભાવને પામતો. '**જે સમયનો (આત્માનો) સાર પ્રકાશે છે...**' એમાં જે આત્મા સમયસાર, સમયનો સાર, આત્માનો સાર શુદ્ધ આનંદરૂપ પ્રકાશે છે '**તે આ સમયસાર (શુદ્ધ આત્મા)**

**કે જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન) પુરુષો વડે સ્વયં આસ્વાદ્યમાન છે...**' આ શબ્દ, લ્યો. ઓલી વિકલ્પ જાળું કહી ને એટલે હવે એમાં આ નાખ્યું.

નિશ્ચળ, ચંચળતા રહિત, ચંચળતા રહિત, તરંગોના વિકલ્પો રહિત એવા પુરુષોથી તે આત્મા આસ્વાદ્યમાન છે. સમજાણું? નિભૃત. વિકલ્પોના તરંગોમાં ચંચળ તરંગ ઉઠે છે અનેક પ્રકારના, એવા જીવથી આ આસ્વાદ્યમાન નથી. સમજાણું? '**જે નિભૃત (નિશ્ચળ, આત્મલીન)...**' વસ્તુ સ્વભાવ તરફની અચળ બુદ્ધિવાળો, ચળે નહિ એવો. એવા '**પુરુષો વડે...**' ભગવાન આત્મા સ્વયં આનંદરૂપે આસ્વાદવા યોગ્ય છે. સમજાણું કાંઈ? જેનું મન તરંગો અનેક પ્રકારના કરીને ઊભું છે એવા જીવોથી આત્મા આનંદનો સ્વાદ લઈ શકે નહિ. ચળ ચિત્ત વિનાનો જીવ, એટલે સ્વરૂપ તરફની એકાગ્રતાની અચળ બુદ્ધિવાળો જીવ તે સમયસારના આનંદનો સ્વાદ લઈ શકે છે. તેને આસ્વાદ્યમાન છે એમ કહે છે. સ્વયં આસ્વાદ્યમાન છે. એ વિકલ્પના પક્ષ અને રાગના લક્ષ વિના, વિકલ્પના પક્ષ અને રાગના લક્ષ વિના અંતર સ્વયં આસ્વાદ્યમાન એકલો આત્મા, અનુભવનો ગાંગડો, સાકરનો ગાંગડો જેમ માખીથી આસ્વાદ્ય યોગ્ય થાય છે, એમ ભગવાન આત્મા નિશ્ચળ પુરુષોથી વિકલ્પના તરંગોમાં નહિ રોકાયેલ પુરુષથી એ ભગવાન આત્મા અંતરમાં આસ્વાદ્યયોગ્ય, આનંદ લેવા યોગ્ય, અનુભવવા યોગ્ય એ આત્મા થાય છે. સમજાણું કાંઈ?

'**તે વિજ્ઞાન જ જેનો એક રસ છે એવો ભગવાન છે,...**' એ. એનું એકલું જ્ઞાન દેહાદિથી ભિન્ન ચૈતન્યમૂર્તિ એકલો જેનો રસ છે એવો એ ભગવાન છે. '**વિજ્ઞાન જ જેનો એક રસ છે...**' વિજ્ઞાન. જ્ઞાનસ્વરૂપનો વિશેષ પિંડ એકલો. સમજશક્તિનું તત્ત્વ, એકલો જ્ઞાનભાવ, એ જેનો એક રસરૂપી સ્વભાવ છે એવો ભગવાન છે. એને '**પવિત્ર પુરાણ પુરુષ છે;...**' એ પવિત્ર પુરાણ પુરુષ છે. અનાદિનો એ પવિત્ર પુરાણ પુરુષ છે. અનાદિ પુરુષ છે ઈ. એ અનાદિનો પવિત્ર પુરુષ ભગવાન એ આત્મા છે. વિકલ્પની ચંચળતાથી રહિત આસ્વાદ્યમાન જે આત્મા થાય એ પવિત્ર અનાદિનો પુરાણો જૂનો પુરુષ છે. અનાદિનો પુરાણો પુરુષ છે એ. પુરાણ પુરુષ. આહાહા..! સમજાણું કાંઈ? પુરાણ. પુમાન. પ્રગટ પુરુષોત્તમ પુરાણ પુરુષ છે ઈ. કોણ? આત્મા.

વિકલ્પ જે છે એનાથી રહિત થઈને નિર્વિકલ્પ દ્વારા આસ્વાદ્યમાન પ્રભુ એ સમયસાર શુદ્ધાત્મા છે અને એ જ ભગવાન વિજ્ઞાનઘન રસ છે, એ જ પુરાણ પુરુષ છે, એ જ પુરાણ પુરુષ છે. એ સમયસાર કહ્યો, એ ભગવાન કહ્યો, એ જ પુરાણપુરુષ અનાદિ એવો ને એવો છે. એમ જ્યાં ભાન થયું એને મરણનો ડર ગયો. એમ ને એમ છે આ. મરે કોણ ને જીવે કોણ? સમજાણું કાંઈ? પુરાણ પુરુષ એવો ને એવો. જ્ઞાનઘન જૂનો આત્મા.

એ જૂનો આત્મા. 'જૂનો ધર્મ લ્યો જાણી રે સંતો જૂનો ધર્મ...' અનાદિનો સ્વભાવ શુદ્ધ છે તે આ છે. એને જ્ઞાન કહો, એના ભાનને જ્ઞાન કહો, એને '**દર્શન કહો તે આ (સમયસાર) જ છે;...**' એ બધું સમયસારસ્વરૂપ જ છે. આહાહા..!

વિકલ્પના પાર પડેલો નિર્વિકલ્પ સ્વભાવથી શુદ્ધ ચૈતન્યના આસ્વાદ્ય યોગ્ય થયેલો આત્મા એ જ દર્શન અને જ્ઞાન છે. સમજાણું કાંઈ? આ તો એકલી માખણની વાત છે. છેલ્લી ગાથા કર્તાકર્મની. કર્મપણું આ વિકલ્પ એ કર્મપણું-કાર્ય એ મિથ્યાત્વનું કાર્ય. .. સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનો અનુભવ જ્ઞાન થયું એને જ્ઞાન કહો, એને પવિત્ર પુરાણ પુરુષ કહો, એ અનાદિઅનંત કહો, ભગવાન વિજ્ઞાનરસ કહો, એ સમયસાર કહો, એ શુદ્ધાત્મા કહો.

'**અથવા વધારે શું કહીએ? જે કાંઈ છે તે આ એક જ છે.**' એ આત્માને પરમાત્મા કહો, સાક્ષાત્કાર કહો, વિષ્ણુ કહો, બ્રહ્મા કહો એ બધું એ છે. સમજાણું કાંઈ? આ આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પવિત્ર પુરાણ પુરુષ દેહથી, વાણીથી, વિકલ્પના પક્ષથી, રાગના પક્ષથી રહિત એવો આત્મા અનુભવમાં આવતા એ આત્માને જે વિશેષણ આપો તે બધા લાગુ પડે છે. પણ આવા થયેલાને. એ બ્રહ્મા ને વિષ્ણુ ને મહેશ ને કર્તા એ કાંઈ છે નહિ. એ વસ્તુમાં નથી. પોતે ચૈતન્ય મહાપુરુષ ભગવાન આત્મા, એને કહે છે જેટલા નામ આપો એટલા, પણ એ વસ્તુને જે રીતે છે તેને લાગુ પડે એવા નામ.

'**જે કાંઈ છે તે આ એક જ છે (-માત્ર જુદાં જુદાં નામથી કહેવાય છે).**' આત્મા કહો, પરમાત્મા કહો, અંતરાત્મા કહો, શુદ્ધાત્મા કહો, ચિદ્‌ઘન કહો, વિજ્ઞાનરસ કહો, સુખકંદ કહો, નિર્વિકલ્પ વસ્તુ કહો, સાક્ષાત્કાર એનો થયો કહો, જે કહો તે આત્માની નિર્વિકલ્પ દશામાં ભાસ થયો તેને બધું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**આ આત્મા જ્ઞાનથી ચ્યુત થયો હતો તે જ્ઞાનમાં જ આવી મળે છે એમ હવે કહે છે :-**' ચ્યુત થયો... કર્તા કર્મનો નિષેધ કરવો છે ને. અનાદિથી ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ સહજ સ્વરૂપ હતું એ અનાદિથી ચ્યુત થયેલું છે એમ કહે છે. પોતાના સ્વભાવ ઘનના પ્રવાહથી ખસી ગયેલો અનાદિનો છે. પાછો એમાં ભળી જાય છે. પાછો એ જ્ઞાનમાં આવીને મળે છે. દાખલો આપશે. એમ હવે કહે છે.

**दूरं भूरिविकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो**
**दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात्।**
**विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्माहरन्**
**आत्मन्येव सदा गतानुगततामायत्ययं तोयवत्।।९४।।**

દૃષ્ટાંત આપે છે, દૃષ્ટાંત. '**જેમ પાણી...**'નો પ્રવાહ. જેમ નદી ચાલતી હોય મોટી. એના પ્રવાહમાંથી '**સમૂહથી ચ્યુત થયું...**' પાણી. પ્રવાહ એકદમ આવતો હોય એમાં નીચા ઢાળમાં કાંઈક પાણી થોડું વળી ગયું આમ. પાણીનું પુર ચાલતું હોય નદીમાં. એમાં ક્યાંક નીચો ઢાળ થોડો આવી ગયો એમાં પાણી થોડું આમ વળી ગયું. '**દૂર ગહન વનમાં ભમતું હોય...**' પછી પાણી જ્યાં જ્યાં ઢાળ હોય ત્યાં ત્યાં આમ ફરતું ફરતું ફરે વનમાં. '**તેને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા...**' તેને વળી કોઈ ઢાળવાળો માર્ગ મળતાં દૂરથી વળી બીજી નદી આમ પ્રવાહ ચાલ્યો જાય એમાં પાછો મળી જાય.

'**દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમૂહ તરફ બળથી વાળવામાં આવે;...**' એ પાણીનો વેગ એમ ને એમ જતો હોય (એમાં) આમ નીકળી ગયો થોડો. બે-ચાર હાથ આમ, પચાસ, સો બસ્સો હાથ ચાલ્યું જતું હોય પુર, એમાંથી એક-બે હાથનું આમ એક કોર ચાલ્યું ગયું પાણી, કરતા કરતા જ્યાં જ્યાં નીચું (આવે) ત્યાં (વળતું ગયું), એમ કરતાં ક્યાંક જ્યાં ઢાળ મળ્યો સરખો ત્યાં પાછો એમાં ભળી જાય. વળ્યો ને ત્યાં મળી જાય. '**પછી તે પાણી, પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું...**' પછી તો પાણી પાણીમાં ભળ્યું તો ખેંચાઈ ગયું. પાણીનું પુર ચાલતું હતું એમાં વળી ગયું એટલે ધક્કો આવતા ભેગું ચાલ્યું પછી. '**પાણીને પાણીના સમૂહ તરફ ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને,...**' પ્રવાહ જે ચાલતો હોય એમાં થઈને '**પોતાના સમૂહમાં આવી મળે;...**' એ દૃષ્ટાંત છે પાણીનો.

'**તેવી રીતે આ આત્મા પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી...**' ભગવાન આત્મા તો વિજ્ઞાનઘન સ્વભાવ છે. ચૈતન્યનો ઘન, વિજ્ઞાનઘન, ચૈતન્યદળ, અરૂપી છતાં ચૈતન્ય વસ્તુ ચૈતન્યદળ છે. વિજ્ઞાનઘન છે. એવું જે સ્વરૂપ એનું છે એનાથી અનાદિથી ચ્યુત થયો છે. સમજાણું? '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી...**' આત્મા એમ લીધો અને આત્મા પોતાના વિજ્ઞાનઘન સ્વભાવ, એટલે આત્મા સ્વભાવવાન અને વિજ્ઞાનઘન એનો સ્વભાવ, એનાથી '**ચ્યુત થયો થકો...**' જ્ઞાનનું પુર ભરપુરથી ભરેલો ભગવાન છે. એમાંથી અનાદિથી ચ્યુત થયેલો '**પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં...**' ઓલું પાણી જેમ વનમાં જાય. બાવળ, કાંટા આદિ અનેક પ્રકાર હોય ત્યાં પાણી ચાલ્યું જાય અંદર. તેમ આ '**પ્રચુર વિકલ્પજાળના ગહન વનમાં...**' અનેક પ્રકારના વિકલ્પો ઉઠાવે. આ હું છું, આ હું છું, આ હું નથી, આવો છું, હું આ નથી, વિકલ્પથી અશુદ્ધ છું, વળી અશુદ્ધ પર્યાયે છું, શુદ્ધ દ્રવ્યે છું, એવા વિકલ્પ નામ રાગની વિચારધારામાં પ્રવાહમાં જે ભમે છે. પ્રચુર વિકલ્પજાળ પાછી. એક પછી એક, એક પછી એક રાગની ધારા ઉઠાવ્યા જ કરે.. ઉઠાવ્યા જ કરે. પોતાની મેળે એમ ને એમ. .. પહેલા આવ્યું હતું ને? વિકલ્પ પોતાની મેળાએ ઉત્પન્ન થાય છે.

વસ્તુમાં ક્યાં છે? એમ કહે છે. આપો આપ ઉઠે છે. અનાદિનો અભ્યાસ ને. આ કરું, આ કર્યું ને તે કર્યું, આ મૂક્યું ને આ લીધું, આ દીધું, આને કહું.. આને કહું... ભમ્યાભમ વિકલ્પની જાળના વનમાં હતો.

મુમુક્ષુ :- શરીરની મહેનત...

ઉત્તર :- શરીરની ધૂળની મહેનત નથી. વિકલ્પની મહેનત છે ત્યાં. શરીરની ક્રિયા શરીરમાં થાય, વિકલ્પની મહેનતથી ગહનમાં પડ્યો છે. આમથી આમ. રખડાવ. એ પાણી જેમ સમૂહમાંથી રખડાવ થઈને,.. રખડાવ સમજો છો? ગુજરાતી ભાષા. રખડતું ઢોર હોય ને જેમ રખડતું ઢોર ક્યાંય ખીલે બંધાય નહિ. રખડ્યા રખડ, રખડ્યા રખડ, ફર્યા ફર... ફર્યા ફર (કરે). એમ ભગવાન આત્મા વિજ્ઞાનરસ ઘન સ્વરૂપ છે. એ વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારના ગહન વનમાં એ ભમ્યાભમ અનાદિથી કરે છે. સમજાણું કાંઈ?

'**પ્રચુર વિકલ્પજાળ...**' પાછી જાળ. ભગવાન આત્મા એ વિકલ્પ અને રાગથી ભિન્ન છે. એનું ભાન કર્યા વિના એ વિકલ્પની ગહન, પ્રચુર, ઘણાં ગહન ઊંડા ઊંડા વિકલ્પની ધારા ચાલી જ જાય છે.. ચાલી જાય છે. '**દૂર ભમતો હતો...**' બહુ આઘે જાતો હતો. છેક ત્યાં વિચારમાં બીજા બીજામાં. આત્માને છોડીને. '**તેને દૂરથી જ વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા...**' લ્યો! ભેદ પાડીને. એ વિકલ્પ છે તે હું નહિ. અંદર ચિદાનંદ ભગવાન વિજ્ઞાનઘન રસ આત્મા છું, સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ એ મારી ચીજ છે. એના તરફ વિકલ્પ છોડીને વળ્યો ત્યારે તેને આત્મા અંતરમાં પ્રાપ્ત થાય છે. બહુ ઝીણું. લોકોને.. જ્યાંથી ભૂલ્યો ત્યાંથી પાછો ફર.

વિજ્ઞાનઘન સ્વરૂપ છે. ચૈતન્યરસ અરૂપી વિજ્ઞાન પિંડ છે. એમાંથી અનાદિથી ભૂલીને વિકલ્પની જાળની ગહન વનમાં ફર્યા ફર.. ફર્યા ફર.. કરે છે. વિકલ્પમાં જ ફરે છે એમ કીધું છે, હોં! શરીરમાં અને બીજામાં નહિ એમ કહે છે. '**તેને દૂરથી જ વિવેકરૂપી...**' વિવેક. ઓલાને ઢાળ હતોને. પાણી નીકળ્યું હોય ને જ્યારે ઢાળમાં આવી ગયું. આ વિવેકરૂપી ઢાળ માર્ગ. રાગથી ભિન્ન ભગવાન છે. રાગ એ વિકલ્પ તો કૃત્રિમ ક્ષણિક ઉપાધિનો ભાવ છે. નિરૂપાધિક સ્વરૂપ એને નિર્મળ પર્યાય રાગથી ભિન્ન પાડવાના વિવેક દ્વારા અંદરમાં પાછો વાળ્યો.

'**ઢાળવાળા માર્ગ દ્વારા...**' ભેદજ્ઞાન દ્વારા એમ બીજી રીતે કહ્યું. '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી...**' પુરુષાર્થથી. મહાપ્રભુ ચૈતન્ય ધ્રુવ સત્ સ્વરૂપ, એની વર્તમાન પર્યાયમાં વિકલ્પજાળથી પરમાં પરના લક્ષે ભમતો, પરના લક્ષે, પરના ધ્યેયે, પરના આશ્રયે, પરમાં વિકલ્પની જાળના પરના લક્ષે ઉત્પન્ન કરતો રખડતો હતો. એને અંતર પાછો

વાળ, કહે છે. પાછો વાળીને '**વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો;...**' એમ કહે છે. પુરુષાર્થથી વાળ્યો છે. એમ ને એમ નથી વળતો. ઊંધે પુરુષાર્થથી તો અનાદિથી (રખડતો) હતો. આ ચૈતન્ય વસ્તુ છે. શુદ્ધ વસ્તુ છે તેની તરફ આ કેમ પ્રાપ્ત થતી નથી? આખી ચીજ મોટી છે અને આમ વિકલ્પ પરને પ્રાપ્ત કરવા મથે છે. એ આ ચીજ પોતે શું છે એને પ્રાપ્ત કરવા મથતો નથી. તો કહે છે કે એના સ્વરૂપનું માહાત્મ્ય કરી અને તેના બળથી પાછો વાળ. સમજાણું કાંઈ? જુઓ! આ ધાર્મિક ક્રિયા. આવી વાત ભારે.

'**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળથી વાળવામાં આવ્યો;...**' જુઓ! એ પોતાના પુરુષાર્થથી અંતર ગતિ કરી. બહાર ગતિએ રખડતો વિકલ્પમાં, એને અંતર પુરુષાર્થ દ્વારા અંતરમાં વાળ્યો. પોતાની વર્તમાન દશાને અંતર વાળી. અંતર જેની જે હતી તેમાં તેને વાળી. સમજાય છે કાંઈ? અંતર્મુખ દશા કરી. બહિર્મુખના વિકલ્પ જાળમાં રખડતો, એને અંતર્મુખની દશા વડે, બળ વડે. બળ વડે પાછો વાળ્યો.

'**કેવળ વિજ્ઞાનઘનન જ રસીલા પુરુષોને...**' એવો જે વિજ્ઞાનઘન, એકલો વિજ્ઞાનઘન, ચૈતન્યઘન. અહીં વિજ્ઞાનઘનથી વ્યાખ્યા છે. એ જ્ઞાનનો પિંડ બધે ભલે આનંદ, શાંતિ, શ્રદ્ધા આદિ અનંત ગુણો હોય પણ બધામાં પરમભાવગ્રાહક, પરમ વ્યાપક એકલો વિજ્ઞાનઘનથી વ્યાપેલો આત્મા છે. સમજાણું કાંઈ? વિજ્ઞાનઘન આત્મા કોઈનું રજકણનું કરે નહિ અને કોઈથી ઈચ્છે નહિ કરવાનું એવો એ છે. એમ કહે છે. સમજાણું? પણ એ '**કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને...**' એ સ્વરૂપના રસીકજનોને રસ ઉત્પન્ન થાય એવો એ આત્મા છે, કહે છે. સમજાણું કાંઈ? ભગવાન અંદર ચૈતન્યઘન આત્મા, અનાદિઅનંત શુદ્ધ વિજ્ઞાનઘન, એના રસના રસીકોને તે વિજ્ઞાનઘનનો રસ આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા...**' એમ કહે છે. બિલકુલ વિકલ્પનો રસ નથી, પરનો રસ નથી, પર તરફના વલણનો પ્રેમ જ્યાં ઊડી ગયો છે. એવો ભગવાન વિજ્ઞાનરસ તેના અંતરમાં રસના સ્વાદિયા, આત્માના વિજ્ઞાનરસના ઘનના રસના સ્વાદિયાને તેને '**એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે...**' સમજાણું કાંઈ? '**કેવળ વિજ્ઞાનઘનના જ રસીલા પુરુષોને...**' એમ શું કરવા કહ્યું આ? કે જેને વિકલ્પનો રસ ઊડી ગયો છે અંદરથી. પુણ્યનો ભાવ એનો રસ ઊડી ગયો છે. સમજાણું કાંઈ? એને આ વિજ્ઞાનઘનના રસીલા જીવને રસીકપણામાં અંદર આત્માનો સ્વાદ આવે છે. આ આત્મા. એને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એનો આત્માનો સ્વાદ રસીકજનને સ્વરૂપના રસીકને આવે છે. રાગનો રસ છે જેને, પુણ્યભાવનો રસ છે જેને એને વિકારનો સ્વાદ આવે છે. દુઃખનો સ્વાદ આવે છે. સમજાણું કાંઈ?

'**એક વિજ્ઞાનરસવાળો જ અનુભવાય છે એવો તે આત્મા,...**' એ રાગવાળો કે

મલિનતા કે આકુળતાવાળી વસ્તુ જ નથી. વસ્તુ એકલી વિજ્ઞાનઘન છે આત્મા એવો તેના રસીકજનોને અનુભવાય છે વિજ્ઞાનરસવાળો જ. ચિદ્ઘન ધાતુ ધ્રુવ, રસકંદ, વિજ્ઞાનઘન ધ્રુવ વસ્તુ. આમ જેનો રસ છૂટી ગયો છે બહાર તરફનો, એને અંતરમાં વિજ્ઞાનઘનના રસના સ્વાદિયાને તેનો સ્વાદ આવે છે. કહો, સમજાણું કાંઈ? જેની રુચિમાંથી શુદ્ધ-અશુદ્ધ એવા વિકલ્પનો રસ પણ છૂટી ગયો. એમાં રસ શબ્દ મૂક્યો છે કેમ? એમાં એકાકારપણું છૂટી ગયું અને આમાં એકાકાર, સ્વજ્ઞેયના એકાકારમાં ફરી અને એ આનંદનો રસ આવે છે એને સમયસાર અનુભવાય છે. સમજાણું કાંઈ?

**'એવો તે આત્મા,...'** વિજ્ઞાનઘનના રસીકજનને અનુભવમાં આવે છે એવો એ આત્મા, નિર્વિકલ્પદશાથી અનુભવમાં આવે એવો આત્મા, **'આત્મા, આત્માને આત્મામાં જ ખેંચતો...'** પછી તો અંતરની એકાગ્રતાના બળ દ્વારા અંતરમાં એકાગ્ર વધતો. શુદ્ધ સ્વરૂપમાં અંતર દૃષ્ટિનો અનુભવ થયો, એ અનુભવના રસના સ્વાદને જ આગળ આગળ વધારતો. એ આત્મા પોતાના સ્વભાવની એકાગ્રતાની વૃદ્ધિ કરતો. એમ કહે છે. આહાહા..! એ વિવેક. વિવેકરૂપી જાળ. પાણી પાણીને ખેંચે. હવે તો આત્મા આત્માને જોર કરે છે એમ કહે છે. આખું દ્રવ્ય પકડાણું એટલે દ્રવ્ય જ જોર કરે છે હવે એકાગ્ર થવાનું. ગોટો છૂટો. રાગથી, કર્મથી, દેહથી છૂટો ગોળો અનુભવમાં આવ્યો અને એ પોતે પોતાના બળથી હવે અંદર વૃદ્ધિપણું થતું જાય છે. પછી શું કરશું? એમ કહે છે ને માણસ? ભાઈ, લ્યો! આ સમ્યક્ થયું, અનુભવ થયો, પછી શું કરવું? પછી શું, એ પછી આત્મા આત્મામાં ઠરે એ આત્મા પોતાનું જ કામ કરે એમ કહે છે. વ્રતના વિકલ્પ આવે ને પાળે ને...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કામ શું છે? બાપુ! એ તો વિકલ્પ છે.

જ્ઞાન સ્વરૂપમાં અંદર ઠર્યો તો એનું જોર એમાં વધ્યું. માણસ કહે છે ને? ધન રળે તો ઢગલા થાય. પંડ રળે તો પેટ ભરાય. એમ કહે છે ને? તમારે શું કહે છે? બધે ઠેકાણે હોય ને. ચુલામાં તો રાખ જ હોય ને બધે. કહેવત તો બધી સરખી જ હોય ને બધે. પંડ રળે તો પેટ ભરાય, ધન રળે તો ઢગલા થાય. એમ અહીં કહે છે કે અંદરમાં જ્યાં દૃષ્ટિ પડી અને અનુભવ થયો એ આત્મા ધન સંપદા, સંપદા સંપદાને વધારતી જાય છે હવે. ઢગલા થાય છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઓલા ઢગલા છૂટી જાય.

ઉત્તર :- એ ઢગલા હતા જ કે દિ' પણ? ધૂળના એને હતા જ કે દિ' એની પાસે? એની પાસે હતા જ કે દિ' તે ખુટી જાય. આવ્યા હતા જ કે દિ' તે છૂટી જાય. એની

પાસે મમતા આવી હતી કે આ પૈસા બે લાખ આવ્યા, પાંચ લાખ, દસ લાખ. મમતા એની પાસે આવી, વસ્તુ વસ્તુના ઘરે પડી છે.

હવે તો કહે છે કે '**તે આત્મા, આત્માને આત્મામાં જ ખેંચતો થકો...**' પોતાના સ્વરૂપ નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ આત્માની, તો એ નિર્વિકલ્પપણાને પામેલો આત્મા નિર્વિકલ્પપણાની સ્થિરતા જ વધારતો જાય છે. આત્માનું પુર વહે છે. પાણીનું જેમ પુર વહે છે એમ અંદર ચૈતન્ય પુર વહે છે. ચૈતન્ય પુર છે. એ ચૈતન્ય પુરનું વિજ્ઞાનઘનનું જ્યાં ભાન થયું અંદરમાં, એ અનુભવ વિકલ્પરહિત એ વિજ્ઞાનઘન પોતે જ પોતાના પુરની એકાગ્રતા પર્યાયમાં કરે છે.

'**આત્મા, આત્માને આત્મામાં જ ખેંચતો થકો...**' એટલે પછી પણ પાછો કોઈ વિકલ્પથી આત્મામાં સ્થિર થાય અને સ્થિરતા વધવામાં કોઈ વિકલ્પનો આશ્રય લે એવું છે નહિ. એમ કહે છે. શરૂઆતમાં નિર્વિકલ્પથી પ્રાપ્ત થયો આત્મા અને પછી પણ નિર્વિકલ્પ દશાથી જ આત્મા ઠરતો ઠરતો આગળ વધી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. આવા ને આવા અર્થ ઊંધા કરે ને. સમજ્યા વિનાના. આવો આત્મા આ છે. આ તો કહે, વ્યવહાર કરો. વ્યવહાર વિકલ્પ સમકિત દર્શન વ્યવહાર. વ્યવહારનું મોઢું તો પર ઉપર છે. આ નિશ્ચયનું મોઢું સ્વ ઉપર છે. પર ઉપર લક્ષ કરો, પર ઉપર વ્યવહાર સમકિત. પછી નિશ્ચય.. આની કોર જોતા જોતા આની કોર જોવાશે.

અહીં તો કહે છે કે એની કોર છોડતા આ જોવાશે અને જોતા પછી પણ એને ને એને જોતા જોતા ઠરાશે. સમજાણું કાંઈ? એની ક્રિયા જ નિર્વિકલ્પતાની અંદરની છે. બીજી ક્રિયા જ નથી એમ કહે છે અહીં તો. શરૂઆતમાં પણ પુણ્ય-પાપના વિકલ્પરહિત સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ, પછી પણ નિર્વિકલ્પતાની પર્યાય અભેદ થતી થતી અંદર ઢળી જાય છે, વધતી જાય છે. આહાહા..!

'**(અર્થાત્ જ્ઞાન જ્ઞાનને ખેંચતું થકું પ્રવાહરૂપ થઈને),...**' પ્રવાહ એટલે જોર કરતું આત્માના સ્વભાવના બળમાં એકાગ્ર થતું. ઓલો પ્રવાહ કીધો હતો ને? ઓલો પાણીનો. .. પ્રવાહમાં ભળી ગયું પાણી. એમ પોતાના પ્રવાહમાં એકાકાર થયો. '**સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.**' સદા પછી વિજ્ઞાનઘનમાં સ્થિર થઈને એકાકાર પરિણમી જાય છે. એને આત્મા અને સમયસાર કહેવામાં આવે છે. ભાષાને સમજવી કઠણ પડે માણસને. ગ્રીક-લેટીન જેવું લાગે. આ વળી ધર્મ કઈ જાતનો કહે છે આ? આહા..! ઓલાને કહે કે આ કરો, વ્રત પાળો, ભક્તિ કરો, આ દયા કરો, દાન કરો, આ કરો, કરતા કરતા (ધર્મ થઈ જશે). અહીં તો કહે છે કે એનાથી છૂટતા પમાશે અને પછી પણ તેનાથી રહિત થવાના ભાવથી જ આગળ વધાય છે. સમજાણું કાંઈ? '**સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે**

**છે.**' પૂર્ણાનંદ જ્ઞાનાનંદ પૂર્ણ થઈ ગયો. કેવળજ્ઞાન થઈ ગયું પછી. એકાકાર થઈ ગયો. પૂર્ણ એકાગ્રતા થઈ ગઈ, કેવળજ્ઞાન થઈ ગયું.

'**ભાવાર્થ :- જેમ જળ, જળના નિવાસમાંથી કોઈ માર્ગે બહાર નીકળે...**' જળના સ્થાનમાંથી કોઈ માર્ગે બહાર નીકળી '**વનમાં અનેક જગ્યાએ ભમે; પછી કોઈ ઢાળવાળા માર્ગ દ્વારા, જેમ હતું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવી મળે;...**' પાણીના પુર ભેગું આવીને મળે. ધ્રુવ. એમ આત્મા ધ્રુવ પ્રવાહ વહે છે અંદર. એમાંથી પર્યાય જરી વિકલ્પમાં આમ ભમતી હતી એ ધ્રુવમાં આવીને ભળી ગઈ.

'**તેવી રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી...**' મિથ્યાત્વના માર્ગે (અર્થાત્) એ પુણ્યથી મને લાભ થશે, પાપમાં મને મજા છે, વિકલ્પ કરું તો આગળ વધાશે એવો જે મિથ્યાત્વ માર્ગ હતો, એમાં એ વિકલ્પની જાળ આમ કરું તો આમ થાશે.. આમ કરું તો આમ થાશે.. બીજાને ધર્મ પમાડું તો કાંઈક લાભ થશે એનાથી. ઘણાં ધર્મ પામી જાય તો એને કાંઈક આશીર્વાદ મળે, એમાં થોડો ભાગ મળે. થોડો ભાગ મળશે. એમ ગહન વનમાં મિથ્યાદષ્ટિ પોતાના વિકલ્પની જાળમાં ગુંથાતો હતો. ઘણાં માણસો ધર્મ પામે એમાં કાંઈક તો લાભ મળે કે નહિ? દાન દક્ષિણા આપે તો કાંઈ મળે કે નહિ? આશીર્વાદ દયો. દાન કોને આપે? કહે છે. અહીં તો તું તારા સ્વરૂપની દષ્ટિ કરીને સ્થિર થાય એ તેં તને દાન આપ્યું. બીજાને દાન દેવું લેવું એ આત્માનો અધિકાર નથી. વિકલ્પની જાળમાં હતો કે મેં આને આપ્યું, મેં આનું આમ કર્યું... મેં આનું આમ કર્યું.. મેં આનું આમ કર્યું... એ વિકલ્પમાં ગુંચાઈ ગયો હતો. રખડ્યા રખડ મિથ્યાત્વમાં.

'**મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી...**' વિપરીત શ્રદ્ધાને રસ્તે. એમ કહે છે મૂળ તો. અસત્ય માર્ગે સ્વરૂપના શુદ્ધ માર્ગમાંથી ખસીને અનાદિથી... '**મિથ્યાત્વના માર્ગે સ્વભાવથી બહાર નીકળી વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો થકો કોઈ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા...**' જુઓ! વિવેક આવ્યો ને વિવેક? '**ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા...**' રાગથી ભિન્ન પાડીને સ્વરૂપનું ભાન કરવું એનું નામ ભેદજ્ઞાન, એનું નામ વિવેક, એનું નામ સ્વથી એકત્વ, પરથી પૃથક્. શુદ્ધ સ્વરૂપથી પૃથક્ વિકલ્પમાં હતો એને વિકલ્પથી પૃથક્ કરીને સ્વમાં એકત્વ થવું એ એનો વિવેક માર્ગ, ઢાળ માર્ગ કહેવામાં આવે છે.

'**ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતે જ પોતાને ખેંચતો...**' પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ દૃષ્ટિ કરતાં અનુભવ અનુભવને સ્થિરપણે પમાડતો. '**પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવી મળે છે.**' પૂર્ણ થઈ જાય કેવળજ્ઞાન. એ સ્થિરતા પામીને પૂર્ણ વિજ્ઞાનઘન થઈ જાય છે. આહાહા..! શરૂઆતથી ઠેઠ સુધી પૂરી વાત કરી દીધી. છેલ્લી

છે ને આ તો.

**'હવે કર્તાકર્મ અધિકારનો ઉપસંહાર કરતાં, કેટલાક કળશરૂપ કાવ્યો કહે છે; તેમાં પ્રથમ કળશમાં કર્તા અને કર્મનું સંક્ષિપ્ત સ્વરૂપ કહે છે :-'**

**विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम्।**
**न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति।।९५।।**

જુઓ ખુબી જુઓ! બહુ સરસ કળશ. બહુ વાસ્તવિક.

**'શ્લોકાર્થ :- વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...'** શુદ્ધ ભગવાન જ્ઞાનાનંદમાં જે કાંઈ હું શુદ્ધ છું એવો વિકલ્પ કરે છે તે જ કર્તા વિકલ્પનો છે. આહાહા..! હું શુદ્ધ છું એવો વિકલ્પ કરે છે. હું પર્યાયે અશુદ્ધ છું એવો વિકલ્પ કરે છે. એ વિકલ્પ એટલે રાગ. એનો જે કર્તા છે તે જ એકલો કર્તા છે. કેવળ એકલો કર્તા છે. બે કર્તા નથી. શું કહે છે સમજાય છે કાંઈ? રાગ ઉત્પન્ન કરે છે તે કર્તા એક જ આત્મા અજ્ઞાની છે. કર્મ પણ કરાવે છે અને આત્મા કરે છે એવા બે ભાગ નથી એમાં.

મુમુક્ષુ :- નિમિત્ત ક્યાં ગયું?

ઉત્તર :- આમાં ક્યાં ગયું જુઓ તો કાંઈક.

જુઓ! બેયમાં શબ્દ પડ્યા છે. કેવળ. સમજાણું કાંઈ? વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે. એકલો આત્મા શુદ્ધ ચિદ્‌ઘન હોવા છતાં એ કેવળ બેયને લાગુ પડે છે. એ વિકલ્પ જે ઉઠાવે છે એ વિકલ્પનો કરનારો તે જ તે કર્તા. એ રાગનો કરનાર અજ્ઞાની તે જ તેનો કર્તા. જુઓ ખુબી જુઓ આ. સમજાણું કાંઈ? એમાં કર્મ કર્તા અને બે કર્મ મળીને આ વિકલ્પ થાય એનો કર્તા, બે ભેગા મળીને કામ થાય એ કર્તા એમ નથી કહ્યું અહીંયાં.

મુમુક્ષુ :- ઉપાદાન તો...

ઉત્તર :- કર્મનું ઉપાદાન અને એક આત્માનું. બે થઈને વિકલ્પ કરે છે એમ નથી. આહાહા..!

પોતે જ્ઞાનઘન ચિદ્‌ઘન વસ્તુ હોવા છતાં તેને ભૂલનારો વિકલ્પ કરે તે તેનો કર્તા એકલો છે. બીજો કોઈ કર્તા છે નહિ. બહુ શ્લોક (સરસ છે). ટૂંકામાં નાનામાં મોટું ભરી દીધું. ગાગરમાં સાગર. કર્તાકર્મની વ્યાખ્યા. આ પરનું કાર્ય હું કરું અને હું કર્તા એવું કહે છે, છે જ નહિ એમાં. ત્રણ કાળમાં નથી. વિકલ્પ કરું છું એ તેનો એકલાનો વિકલ્પનો કર્તા છે. સમજાણું કાંઈ? એ વિકલ્પને કરાવનારમાં કર્મ છે. એ કરે કર્તા પોતે અને કર્મ કરાવે એવું બીજું કાંઈ છે નહિ. કરાવે-ફરાવે કાંઈ છે જ નહિ. આહાહા..! સમજાણું આમાં?

**'વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...'** એમ છે ને? **'विकल्पकः परं कर्ता'** ઉત્કૃષ્ટપણે એ જ એક જ. **'અને વિકલ્પ જ કેવળ કર્મ છે;...'** ભાષા જુઓ પાછી. વિકલ્પ તે

જ તેનું કાર્ય છે અજ્ઞાનીનું. બીજું કોઈ કાર્ય છે જ નહિ. અજ્ઞાની પણ દેહનું કાર્ય કરે, વાણીનું કાર્ય કરે, કર્મ બાંધે, કર્મ છોડે એવું એને કાર્ય છે જ નહિ. અજ્ઞાનમાં પણ એ વિકલ્પ ઉઠાવ્યો છે તે જ તેનું એક કાર્ય છે. સમજાણું કાંઈ? બહુ વાત..! કર્તાકર્મનું સ્પષ્ટ વર્ણન.

વસ્તુ વિજ્ઞાનઘન ચિદ્‌ઘન (છે). એને ભૂલનાર આ હું કરું વિકલ્પ, રાગ. જુઓ! અહીં શુભરાગ છે હોં! આ તો. શુભ-અશુભ વિકલ્પ એ શુભરાગ છે. એ શુભરાગનો કર્તા તે વિકલ્પ કરે છે તે એકલો કર્તા છે. સ્વતંત્રપણે તે વિકલ્પનો કર્તા થાય છે. પરની મદદ વિના, પરની અપેક્ષા વિના વિકલ્પનો કર્તા એકલો છે. કહો, આમાં પરની અપેક્ષા વિના આવી ગઈ વાત. કર્મનો ઉદય છે મિથ્યાત્વનો માટે તે વિકલ્પનો કર્તા થાય છે, એમ નહિ? શું છે એમાં જુઓ, આમ છે. ઓહો..! વિજ્ઞાનઘન પ્રભુ! પોતાના ઘન ચૈતન્યઘન ધ્રુવ સ્વરૂપને ભૂલતો, એ ભૂલેલો વિકલ્પનો કર્તા છે એમ કહે છે. બીજો કોઈ વિકલ્પનો કર્તા નથી. આહાહા..! ઈશ્વર એને કરાવતો નથી, કર્મ એને કરાવતું નથી, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર મળ્યા એને ઊંધી માન્યતાના કહેનારા નિમિત્ત માટે વિકલ્પ કર્તા છે એમ છે નહિ. આહાહા..! પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ભૂલ્યો છે તે વિકલ્પનો કર્તા થાય છે. એક જ વાત. આ મિથ્યાત્વની વાત છે હોં! આ વિકલ્પ કર્તા એ મિથ્યાત્વભાવ છે.

અને વિકલ્પ જ કેવળ તેનું કાર્ય છે. અજ્ઞાનીનું જો કાર્ય હોય તો એ વિકલ્પ ઉઠાવ્યો કે આ કરું છું, રાગ કરું એ એનું એક કાર્ય છે. કહો. લાકડું ઉપાડવું અને વિકલ્પ કરું એવા બે કાર્ય નથી એનામાં. લાડવો ભાંગુ અને વિકલ્પ કરું એવા બે કાર્ય નથી એના. સમજાણું કાંઈ? એ વિકલ્પ જે ઉઠાવ્યો છે, વૃત્તિ ઉઠાવી છે, તે ઉપર એનું લક્ષ છે તો એનું એક જ એનું કાર્ય છે. અજ્ઞાનીનું વિકલ્પ કાર્ય સિવાય બીજું કાર્ય કોઈ છે નહિ. કહો, બરાબર હશે આ? રતિભાઈ! આ બધા કામ થાય છે ને? બહુ સરસ. એક જ લીટીમાં આખો સિદ્ધાંત કર્તાકર્મનો (મૂકી દીધો છે).

ભૂલેલો ભગવાન વિકલ્પનો કર્તા, ભૂલેલો ભગવાન વિકલ્પનું કાર્ય એકલું કરે. બીજું કોઈ એમાં સહાય છે નહિ. આહાહા..! કહો, માંગીરામજી! હવે અહીં પરની દયા પાળવાનું કાર્ય કરી શકે કે નહિ આત્મા? આત્મા કર્તા અને પરની દયાની ક્રિયા એનું કાર્ય. એનું (ન હોય તો) એકલું થતું હોય તો બતાવો, લ્યો. ઓલો ત્યાં આવે ત્યારે ત્યાં થાય. હાથમાં આ શીશપેન ઉપડે. વિકલ્પ થયો અને શિશપેનનું કાર્ય થયું. બે થયું કે નહિ ભેગું? કહે છે, તને ખબર નથી, ભાઈ! તું વિકલ્પનું કાર્ય કરે છે ને? તેનો તું કર્તા અને તે તારું કાર્ય. એ સિવાય બીજો કોઈ કર્તા નહિ અને બીજું કોઈ તારું કાર્ય નહિ. કહો, અત્યારે તો બહુ મોટી

મોટી વાતું ચાલે છે. બાંધ તોડીને ગયા, બાંધ બાંધ્યા, બાંધ તોડ્યા ફોડ્યા. રેલને ઉતારી અંદરમાં, ડુંગરાને તોડી નાખીને. એવા કામ કરી શકે. સમજાણું કાંઈ? એવું ન કરે તો કહે નહિ.

વિકલ્પ કરનાર કેવળ. મહાસિદ્ધાંત પહેલી બે લીટી. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એકલો છે. સમજાણું? એ વિકલ્પ કરનારો જ કરનારો તેનો કર્તા. એકલો વિકલ્પ ઉઠાવે છે. વૃત્તિ મેં કરી, આ વૃત્તિ મેં કરી, આ રાગ મેં કર્યો એ એક જ એનો અજ્ઞાનભાવે કર્તા થાય છે. અજ્ઞાની તે જ વિકલ્પ મારું કાર્ય છે, એ મારી ફરજ છે, એ મારું કર્તવ્ય છે, તે જ તેનું એકલું કામ છે, અજ્ઞાનીનું. આ અજ્ઞાનીની વાત ચાલે છે. કહો, બે ઉપાદાન થઈને એક કાર્ય થાય. એય..! બે દ્રવ્યની એક પર્યાય. અહીં કહે છે કે એક દ્રવ્યની અજ્ઞાનીની એક વિકલ્પ પર્યાય. કેવી કેવી વાત આવે છે! ત્રણે કાળને માટે આ વાત છે.

ભગવાન વિજ્ઞાન ઘનસ્વરૂપ ચિદ્દ્ઘન છે. તેને ભૂલતો આ કાંઈક કરું એવો જે વિકલ્પ ઉઠે છે એનો એ કર્તા અજ્ઞાનભાવી એક જ આત્મા કર્તા છે. અને તે વિકલ્પ ઉઠ્યો છે વૃત્તિનો તે તેનું અજ્ઞાનીનું કાર્ય. કેમકે તેની નજર ત્યાં છે. વિજ્ઞાનઘનથી છૂટ્યો છે, ચ્યુત થઈ ગયો છે. એનો આ છે ને? ચ્યુત થયો છે એટલે એકલો વિકલ્પ તે જ તેનું કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરી શકતો નથી. સમજાણું કાંઈ?

‘**વિકલ્પ જ કેવળ કર્મ છે;...**’ કહો, આ ભગવાનની પૂજા-બુજા કરવામાં હાથ આમ આમ થાય એ આત્માનું કાર્ય નથી એમ કહે છે.

મુમુક્ષુ :- હાથ જોડવા કે ન જોડવા?

ઉત્તર :- હાથ જોડવાની ક્રિયાનો કર્તા આત્મા છે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- પણ જોડવા કે ન જોડવા એમ કહો.

ઉત્તર :- મહેમાન આવે તો ચા પાવી કે ન પાવી? લખુભાઈ એમ પૂછતા હતા. પણ પાવી ન પાવી... તમે કહો કે કોઈનું કાંઈ કરી શકે નહિ. પણ હવે મહેમાન આવ્યો છોડીનું સગપણ કર્યું બે દિ’ પહેલા. અને આવ્યો સત્તાપ્રિય માણસ. હવે એને ચા પાવી કે નહિ અમારે કરીને? પણ ચાને કરવું એ તારા અધિકારની વાત ક્યાં છે? એ તો જડની પરની પર્યાય છે. તારો અધિકાર એટલો કે આ કરું એવો વિકલ્પ ઉઠે અજ્ઞાનીને એનો કર્તા થા. એ વિકલ્પ તારું કાર્ય. બાકી બહારની મર્યાદામાં તારો અધિકાર છે જ નહિ. સમજાણું કાંઈ? કેમ હશે આમાં? હિરાલાલભાઈ! આ કાપડ-બાપડની દુકાનનો ધંધો સરખો કોણ કરતો હશે ત્યાં? દ્રવ્ય છે કે નહિ કાપડ? પરદ્રવ્ય છે કે નહિ? એ તો લોઢાનું કરે છે, નહિ? લોઢાનું. આ પણ લોઢાનું કરે છે. ... લોઢાનું છે ને? તમારે શું છે?

અહીંયાં વસ્તુના સ્વરૂપની સ્થિતિ જ્ઞાનઘન છે. એને ભૂલેલો કરે તો તે એટલું કરી શકે કે વિકલ્પ ઉઠાવે અને તેનો એ કર્તા થાય. અને તેનું એક જ કાર્ય વિકલ્પ છે. એ સિવાય વિજ્ઞાનઘનને ભૂલેલાનું કોઈ બીજું કાર્ય છે નહિ. એમ કહે છે. ચૈતન્ય જ્ઞાનઘન વર્તમાન પ્રભુ ત્રિકાળ બિરાજમાન પુરાણ પુરુષોત્તમ પુરુષ છે આત્મા. એને ભૂલેલો રાગ મારો અને રાગ મારું કર્તવ્ય, આ મારા પરપદાર્થ અને એ મારું એવી માન્યતા કરે તો એ માન્યતાનો કર્તા તે આત્મા એકલો અજ્ઞાની છે.

ચારિત્રમોહનો ઉદય આવ્યો માટે આ રાગનો કર્તા ચારિત્રમોહનો ઉદય અને આત્મા બે એમ અહીં ના પાડે છે. એમ હશે? કોઈ શાસ્ત્રમાં બીજું લખ્યું હોય ઊંધું? આહાહા..! ચારિત્રમોહથી રાગ થાય. તમે ના પાડો છો. કર્મને લઈને રાગ ન થાય એ મહા આગમ વિરૂદ્ધ છે.. મહા આગમ વિરૂદ્ધ છે. એમ કહે છે ભાઈ! અરે..! ભગવાન! તને આગમની શી ખબર, બાપુ! ગમ પડ્યા વિનાના આગમ અનર્થકારક થઈ પડે છે. આહાહા..! બહુ સિદ્ધાંત બહુ ટૂંકો. '**विकल्पकः परं कर्ता**' '**विकल्पकः**' એ રાગની વૃત્તિનો કર્તા કરનારો તે જ એકલો કર્તા. બે ભેગા થઈને એક કાર્યનું રાગનું પણ અજ્ઞાની કરે નહિ. એમ કહે છે. સમજાણું? અને '**વિકલ્પ જ કેવળ કર્મ છે;...**' વિકલ્પ જ અને કેવળ કર્મ. '**विकल्पः कर्म केवलं**'.

શુદ્ધ વિજ્ઞાનઘન ચૈતન્યને ભૂલેલાનું પણ એ રાગ તે એકલું કર્તવ્ય એ રાગનું એકલું કામ. એ સિવાય બે કામ એના નથી. રાગ પણ એણે કર્યો અને પરની દયા પાળી, રાગ પણ એણે કર્યો અને પરને માર્યો એવા બે કામ અજ્ઞાનીના પણ ત્રણ કાળમાં છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? કાલિદાસભાઈ! કાંઈક હુશિયારી કામ કરતી હશે કે નહિ કાંઈક? ભાઈ! તારી સત્તામાં તારું અવળા-સવળું હોય. પરની સત્તાને સ્પર્શ નહિ ત્યાં એના કાર્ય અને એનો કર્તા કેમ હોઈ શકે? તારા સિવાય જેટલી સત્તા નામ હોવાવાળા પદાર્થો છે એ બધા હોવાવાળા પદાર્થનું પર્યાયનું કાર્ય તો તે હોવાવાળા તે કરે. આહાહા..!

આત્મા રાગ પણ કરે અને ભાષાની પર્યાય પણ કરે. નિમિત્તપણે કરે (એમ કહે). ઉપાદાનપણે રાગને કરે, નિમિત્તપણે ભાષાને કરે. ના, એવા બે કર્તા નથી અને અજ્ઞાનીના બે કાર્ય નથી. છોટાલાલભાઈ! શું આ બધું તમારે ચાલે છે? જૂના દિગંબર કહેવાય ને એ? ત્યાં એમ લખે, નવા દિગંબરો આવા.

કહે છે, મહા સિદ્ધાંત. એકમાં આખા કર્તાકર્મને સંકેલી લીધું છે. બસ, ભૂલ તો તારા ભગવાનને ભૂલ તો તું રાગનો કર્તા થા. અને ભૂલ તો તે રાગ તારું કાર્ય તેટલું કર્તવ્ય થાય. એ સિવાય કર્તાપણું અને કર્તવ્યપણું બીજું તારી ભૂમિકામાં ભાસતું નથી. આહાહા..! '**(બીજા કોઈ કર્તા-કર્મ નથી;) જે જીવ વિકલ્પસહિત છે તેનું કર્તાકર્મપણું કદી**

**નાશ પામતું નથી.**' એટલે પાછું અહીં કહે કોઈક. એનો અર્થ લાંબો થાશે. વિકલ્પસહિત છે એટલે કે વિકલ્પ મારું છે એવા સ્વભાવ અજ્ઞાની છે તે વિકલ્પસહિત છે. એમ. નહિતર વિકલ્પ સહિત એટલે... નહિતર પેલા કહે, જ્ઞાનીને પણ હજી વિકલ્પ છે. ના, ના એ વિકલ્પસહિત છે જ નહિ. એ વિકલ્પરહિત જ છે. આહાહા..! એની કેટલીક વ્યાખ્યા છે પણ હવે ....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૮, બુધવાર તા. ૧૮-૧-૧૯૬૭**
**શ્લોક-૯૫ થી ૯૭, પ્રવચન-૨૨૮**

કર્તાકર્મ અધિકાર છે. ૯૫. ૯૫મો કળશ ચાલે છે. અર્થ ૯૫નો. છે?

'**શ્લોકાર્થ :- વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' એ કાલે આવી ગયું છે. પણ આ બે બાકી છે ને એની સાથે (મેળવવા). અડધું આવ્યું છે. એટલે શું કહે છે? આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે એવું ભૂલીને જે રાગ એટલે વિકલ્પનો કર્તા થાય છે મિથ્યાદૃષ્ટિ... સમજાણું કાંઈ? વિકલ્પ જ કરનાર એટલે એ અજ્ઞાની સ્વરૂપ ચૈતન્ય શુદ્ધ તેનું (તેને) અંતર્મુખ જ્ઞાન નથી એથી બહિર્મુખનો જે વિકલ્પ કરે છે રાગ, એ અજ્ઞાની વિકલ્પનો કરનાર તે એકલો કરનાર છે. વિકલ્પ કરનાર જ કેવળ એટલે કરનાર જ કેવળ કર્તા એટલે એ એકલો જ કરનાર છે. બીજો કોઈ છે નહિ. શું કહ્યું સમજાણું આમાં?

રાગનું સ્વરૂપ એ ઉપાધિ મલિન છે. એનો જે કર્તા (થાય છે) એટલે આ કાર્ય મારું છે એવો જે કર્તા થઈને રાગ કરે છે એ એકલો રાગનો અજ્ઞાની કર્તા છે. એ કર્તામાં બીજાનો સાથ (નથી). સ્વતંત્રપણે કરે તે કર્તા એ અહીં સિદ્ધ કરવું છે. એ કર્મના નિમિત્તે મિથ્યાત્વભાવને કરે છે, કે વિકલ્પને કરે છે એમ નથી. સમજાણું કાંઈ? એ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું અજ્ઞાન એ જ રાગનો કર્તા એટલે મિથ્યાત્વનો કર્તા, એ કરનારો એકલો કર્તા એકલો જ છે ઈ. સમજાણું કાંઈ?

'**વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે...**' એટલે કે રાગાદિ મલિન પરિણામ એનો જે રચનાર છું એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ એકલો વિકલ્પનો જ એકલો કર્તા છે. સમજાણું આમાં? બહુ સ્વતંત્ર ગાથા ઊંચી છે. મૂળ (તત્ત્વ) છે. વિકલ્પનો કરનાર જ કેવળ કર્તા છે. જે રાગનો અંશ કે દ્વેષનો અંશ એ મારું કર્તવ્ય છે, એવી જેની દૃષ્ટિ છે તે જ એક રાગનો કર્તા એકલો ..પણે અજ્ઞાનભાવે સ્વયં કર્તા થઈને કરે છે.

મુમુક્ષુ :- બે કારણ ક્યાં અંદરમાં...

ઉત્તર :- કારણ તો ક્યાં ગયું હશું? આ અમારા પંડિતજી રહ્યા. એ તો બીજું તો નિમિત્ત કારણ તો જ્ઞાન કરવા માટે (કહ્યું છે). વસ્તુ તો આ છે. એ હમણાં આજે વાંચીને મૂક્યું. આવ્યા છે ને પાના? એમાં પણ બહુ નાખ્યું છે. સ્વપર પ્રત્યે, સ્વ પ્રત્યે બહુ ખીચડો નાખ્યો. ૩૨.. વાંચ્યા ૨૨ પાના. કાલે આવ્યા છે.

મુમુક્ષુ :- સ્વ અને પર ભેગા થઈને કરે.

ઉત્તર :- બે ભેગા થઈને કરે છે. અને ઓલું બે તાકે છે. પહેલા આવ્યું હતું એક ફેરી. મોઢું તાકે છે. ઉપાદાન નિમિત્તનું મોઢું તાકે છે.

અહીં તો એ સિદ્ધ કરવું છે અને એમ છે કે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે. ચૈતન્ય જ્યોત છે. એ જ્ઞાનસ્વરૂપનું જ્યાં ભાન છે ત્યાં તો રાગનું કર્તાપણું એ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ જ્યાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે એવું જ્ઞાતા-દૃષ્ટાનું ભાન નથી, પડદો નાખ્યો રાગે, આ સ્વરૂપ ભિન્ન છે એનું ભાન નથી, એવો અજ્ઞાની જ એક રાગ અને દ્વેષના વિકલ્પનો એક કર્તા, સ્વતંત્ર કર્તા છે. આહાહા..! એ કર્તા એના કર્તામાં બીજાની અપેક્ષા નથી. કર્મની અપેક્ષા નથી કે મને આ ભૂલ કરાવી માટે કરે છે એમ નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત..

ઉત્તર :- નિમિત્તનું અહીં કામ શું છે પણ? સ્વતંત્રપણે કરે એને નિમિત્તનું કામ શું છે? શું કીધું છે?

'**વિકલ્પ કરનાર જ...**' વિકલ્પ કરનાર કોણ છે? કે શુદ્ધ ચૈતન્યને ભૂલનાર અજ્ઞાની (જેની) રાગ ઉપર દૃષ્ટિ છે એથી તે રાગનો કરનાર એકલો સ્વતંત્ર અજ્ઞાની છે, એમ કહે છે. લ્યો. એમાં બે આવ્યું ક્યાં? નિમિત્ત અને ફલાણું ક્યાં આવ્યું? એ તો બે કારણે કાર્ય થાય, બાહ્ય અંદર ઉપાધિ, એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવાની વાત છે. જ્યાં નિશ્ચયનું યથાર્થપણું છે ત્યાં નિમિત્તની અપેક્ષા છે જ નહિ. તો પ્રમાણનું જ્ઞાન કરવું હોય ત્યારે બે કારણ અને કાર્ય હોય. અભ્યંતર પર્યાય છે ત્યાં એક બીજું નિમિત્ત પણ છે. છે. કે દિ' નથી? ક્યાં નથી? આહાહા..! બહુ વાત એવી કોઈ ચડાવી દીધી માણસને બિચારાને મગજ સાધારણ અને એવે ચડાવી દીધા કે ક્યાંય ગોથા ખાય ગોથા. આહાહા..!

અહીં તો સીધી વાત (છે). ભગવાન! તું તો ચૈતન્ય છો ને, ભાઈ! તું તો જ્ઞાનસ્વરૂપ છો, શુદ્ધ આનંદસ્વરૂપ છો. એ શુદ્ધ સ્વરૂપ તે રાગને કરે શી રીતે? એનામાં એ છે તે કરે? સમજાણું કાંઈ? ત્યારે જેને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ નથી ત્યાં તેનું લક્ષ અને દૃષ્ટિ વર્તમાન રાગ ઉપર જ જેની રુચિ પડી છે. રાગ કે દ્વેષ વિકારનો અંશ છે ત્યાં જ એની રુચિ છે, ત્યાં તેની દૃષ્ટિ છે, ત્યાં તેનો તે એકલો કર્તા છે. સમજાણું કાંઈ? વાદવિવાદ.. વાદવિવાદે મારી નાખ્યા. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' .. વાદવિવાદ કરે.

ભગવાન આત્મા..! સવારે નહોતું આવ્યું પંચાસ્તિકાયમાં? કે છકાય તે કાંઈ આત્મા નથી. છકાય તે આત્મા નથી. એ તો જ્ઞાનસ્વરૂપી આત્મા છે. રાગ એ આત્મા નથી. છકાય તો

અજીવની પર્યાય શરીરની છે. રાગ એ તો આસ્રવતત્ત્વ છે. ભગવાન જ્ઞાનજ્યોતિ ચૈતન્યસ્વરૂપ છે. એ રાગ ક્યાં છે એમાં તે એ કરે? ત્યારે જેમાં રાગ નથી એની જેને દૃષ્ટિ નથી... સમજાય છે કાંઈ? અહીંયાં એક શબ્દમાં એક શ્લોકમાં ઘણું ટૂંકું કરી નાખ્યું. વિકલ્પ કરનાર જ કર્તા, રાગનો કર્તા થાય છે, જેને સ્વભાવની ખબર નથી અને એ રાગ ને વિકલ્પ ને કષાયનો અંશના અસ્તિત્વ ઉપર જેની પર્યાયબુદ્ધિ પડી છે, એ જ અજ્ઞાની તેનો રચનાર અજ્ઞાનભાવે થાય છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ, નવનીતભાઈ! તકરારું એવી તકરાર. ભગવાન! ક્યાં તકરાર? પ્રભુ! તું તારી સાથે કરને, માથા ફોડને. તો તને ખબર પડે કે આ તે હું કોણ છું અને આ શું છે? મફતની કો'કની હારે માંડે છે. અને તું આ રાગ શું કરવા કરે છે? એમ કહે ને અંદર. રાગ તે કરે છે એનું કારણ છે કે રાગ વિનાની ચીજ જેની દૃષ્ટિમાં આવી નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે કે '**વિકલ્પ કરનાર જ...**' '**विकल्पकः परं कर्ता**' એ કર્તા એકલો સ્વતંત્ર છે. સ્વરૂપને જ્યારે કરતો નથી, સ્વરૂપની જ્યારે ખબર નથી એથી એને રાગનું જ કરવાપણું સ્વતંત્રપણે રહ્યું છે. સમજાણું કાંઈ? '**અને વિકલ્પ જ કેવળ કર્મ છે;...**' અને તે વિકલ્પ નામ રાગ જે થયો કે દ્વેષ અંશ જે છે, એ જ અજ્ઞાનીનું કેવળ એકલું કાર્ય એક જ છે. બે કાર્ય એમાં છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં ક્યાં એ રાગ છે? વસ્તુમાં ક્યાં રાગ છે? વસ્તુની જ્યાં દૃષ્ટિ નથી ત્યાં રાગ છે, ત્યાં રાગ ઉપર દૃષ્ટિ છે એની. એટલે અનાદિનો અજ્ઞાની જ એક રાગનો કર્તા કેવળ સ્વતંત્ર છે અને રાગ જ સ્વતંત્ર તેનું એકલું કર્મ છે. કર્મ નામ કાર્ય છે, કાર્ય નામ એનું કર્તવ્ય છે. એનું કર્મ કોઈ બીજો દેહનું કામ કરે કે બીજાના દયાના ભાવને, દયાનો ભાવ છે એ અજ્ઞાનીનું એકલું કર્મ કર્તવ્ય ખરું. કેમ કે સ્વભાવની ખબર નથી એટલે એ ભાવ રાગ એનો કર્તા એકલો ખરો. પણ ભેગો બીજાનું પણ કરી દે, બીજાની દયાના આયુષ્યને શરીરનું ભેગું છે, જુદું પાડવાનું કરી દે, ભેગું કરી દે એ એનું કામ નથી અને એનો એ કર્તા નથી. કહો, સુજાનમલજી! આ વાત ક્યાં? જુઓને! માણસોને તોફાન.. તોફાન.. અરે..! પ્રભુ! શાંત થા, બાપુ! ઓહો..! આવો મનુષ્ય દેહ મળ્યો, એમાં તરવાના ઉપાયના પ્રસંગ માંડ મળ્યા, સાંભળવાના મળ્યા, એને ઠેકાણે ક્યાં તકરારમાં પડે છે? ભાઈ! આ મારું ને તારું ને હા ને હો ને.

કહે છે કે '**વિકલ્પ જ કેવળ કર્મ છે;...**' અજ્ઞાનીનું સ્વરૂપના ભાન વિનાના જીવને પણ એ રાગનો વિકલ્પ છે તે જ એકલું એનું સ્વતંત્ર કાર્ય છે. કેમ કે તે તેનું ઈષ્ટ છે. સમજાણું કાંઈ? કર્તામાં સ્વતંત્રપણે કરે છે અને કર્મમાં એનું ઈષ્ટપણું પ્રિય ત્યાં છે. અજ્ઞાનીનું

ઈષ્ટપણું વિકારના અંશ ઉપર છે. એથી વિકારનો અંશ જે છે તે જ તેનું કર્તવ્ય નામ કર્મ નામ કાર્ય છે. સમજાણું કાંઈ? બે તો અર્થ થઈ ગયા હતા કાલે, નહિ? ત્રીજું રહી ગયું હતું. પછી ઉતાવળે કેમ કરવું? ઓલા કહે, પણ અમે રહી ગયા. ગયા તો ખરા પછી. એટલો અર્થ કહી દીધો હતો.

'**(બીજાં કોઈ કર્તા-કર્મ નથી;)...**' એટલે? અજ્ઞાની સ્વરૂપના અભાનવાળો રાગનો કષાયના અંશનો, શુભ કે અશુભનો કર્તા છે અને તે જ શુભ-અશુભ તેનું એકલું સ્વતંત્ર કાર્ય છે. '**જે જીવ વિકલ્પસહિત છે...**' એટલે જે જીવ સ્વરૂપના અભાન સહિત છે અથવા રાગસહિત છે જે આત્મા, રાગસહિત છે એવો જે આત્મા જેણે પોતાને માન્યો છે, જાણ્યો છે એ વિકલ્પસહિત છે. જે જીવ રાગસહિત છે, કષાયસહિત છે '**તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.**' શું કહે છે?

'**જે જીવ વિકલ્પસહિત છે...**' એટલે કે જે જીવ રાગ અને કષાય અંશસહિત છે એવું જેણે માન્યું છે, એ જીવને કર્તાકર્મપણું, એ રાગનું કર્તાપણું અને રાગ એનું કર્મ કોઈ દિ' નાશ થતું નથી. સમજાણું કાંઈ? આ કર્તાકર્મનું માખણ છે. નવનીતભાઈ! આહા..! .... થઈ જશે આ દેહ. એ... આમ થઈ ગયું. પરની દયા પાળી શકે નહિ, આમ કરી શકે નહિ. બિચારા સાધારણ માણસ ને. બસ! ત્યારે કાંઈ કરવું નહિ ને હવે? ભાઈ! તું કરી શકે છે કેટલું અને કેમાં? કે તારા સ્વરૂપને ભૂલીને તેટલો વિકારનો કર્તા થા અને વિકારનું કાર્ય થા. આટલો અને આટલો કર્તા અને આટલું કાર્ય તારી દશાના અધિકારમાં છે. એ કોને? કે વિકલ્પસહિત છે તેને. એમ ખુલાસો કર્યો કે જેણે આત્માના જ્ઞાનસ્વરૂપને જાણ્યું નથી અને જેણે વિકારના અંશવાળો જ આત્મા છે, જે વિકલ્પના અંશ વિનાનો આત્મા છે એમ નથી માન્યો પણ એ રાગવાળો, કષાયના અંશવાળો આત્મા છે એટલે મિથ્યાદષ્ટિ વિકલ્પસહિત છે. સમ્યગ્દષ્ટિ વિકલ્પસહિત છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જે જીવ વિકલ્પ..**' નામ વિકાર મેલવાળો છે એવું જેણે માન્યું છે એ જીવ મેલવાળો છે એ મિથ્યાદષ્ટિ છે. એવા મિથ્યાદષ્ટિને તેનું કર્તાકર્મપણું કદી (છૂટતું નથી). કારણ કે જ્યાં સુધી રાગવાળો માન્યો છે ત્યાં સુધી રાગનો કર્તા અને રાગનું કર્મ એને કોઈ દિ' છૂટે નહિ. કહો, માંગીરામજી! શું કરવું આમાં? ઓહોહો..! બે ભાગ છે. એક ચૈતન્ય સ્વરૂપનો સ્વભાવ ભાગ અને એક કષાયના અંશનો ભાગ. બસ, કર્મ-ફર્મનું કાંઈ નહિ. એક બાજુ, એ તો કાંઈ એનામાં છે જ નહિ. એ બે ભાગમાં જેણે આત્માને એ કષાયના અંશવાળો સ્વીકાર્યો છે એ મિથ્યાદષ્ટિ છે. તેથી તે વિકલ્પસહિત છે એટલે મિથ્યાત્વના રાગસહિત જ છે અને એ મિથ્યાત્વના રાગસહિત છે ત્યાં સુધી તેનું મિથ્યાત્વમાં રાગનું કર્તાપણું અને મિથ્યાત્વનું

કાર્ય તેને છૂટતું નથી. સમજાણું કાંઈ? ધર્મચંદજી! આહાહા..!

કહે છે, **'જે જીવ વિકલ્પસહિત છે...'** જે આત્મા કષાય અંશસહિત છે એટલે કે જે જીવ મિથ્યા અભિપ્રાય સહિત છે **'તેનું કર્તાકર્મપણું કદી નાશ પામતું નથી.'** સમજાણું? મારું રાગવાળું સ્વરૂપ છે, મલિન સ્વરૂપ છે એવો જ્યાં મિથ્યા અભિપ્રાય છે ત્યાં સુધી તેને રાગનું કર્તાપણું અને રાગ એનું કાર્ય શી રીતે નાશ થાય? કારણ કે સ્વભાવ દૃષ્ટિમાં એ નથી. અને જ્યાં છે ત્યાં એની દૃષ્ટિ પડી છે. ચૈતન્ય શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ નથી અને જ્યાં સ્વભાવમાં જે નથી ત્યાં દૃષ્ટિ છે એટલે રાગવાળો અને વિકારવાળો હું છું એમ માન્યું છે. ત્યાં સુધી એને વિકારનું કર્તાપણું અને વિકારનું કાર્ય કોઈ દિ' નાશ થાય નહિ. છોટાભાઈ! છે એમાં ઈ? એ સંસ્કૃતના જાણનાર છે. તમારા ઓલા કહે છે, કર્મ કરનાર.. અરે.. ભગવાન! તું શાંત થા ને, ભાઈ! આ વસ્તુ જ એવી છે ત્યાં એમાં તું શું કરીશ? આ તો કહે, નહિ. બીજાનું કરી શકાય છે. બીજાની મદદે ઉપાદાનને.. આ અશુદ્ધ ઉપાદાનને પણ પરને તાકવું પડે અને શુદ્ધ ઉપાદાનને પણ પરને તાકવું પડે. નિમિત્ત અનુકૂળ મળે તો મારું કાર્ય થાય. આહાહા..! આવું તે કાંઈ વસ્તુમાં હોય? સમજાણું કાંઈ? તેં તારું સ્વરૂપનું મોઢું જોયું નથી એથી તેં પરમુખ વિકારને જોયો છે. બાપુ! એને તું જો છો, એના વિના થયા વિના એનું કર્તાકર્મપણું ટળશે નહિ. એના વિના એટલે કે રાગ વિનાનો આત્મા છે એમ જ્ઞાનના ભાન વિના રાગસહિત છું એવી બુદ્ધિમાં રાગનું કર્તાપણું અને રાગનું કર્મપણું કોઈ દિ' છૂટશે નહિ. વજુભાઈ!

**'न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति'** એટલો શબ્દ પડ્યો છે. વિકલ્પસહિત જીવને. **'विकल्पस्य' 'सविकल्पस्य'** વિકલ્પસહિતને. એમ પાઠમાં તો એટલું જ છે ને? પછી જીવ લખ્યું ને. જીવ તો કરવું પડ્યું ને એને. વિકલ્પસહિત છે તેનું કર્તાકર્મપણું નાશ થતું નથી. કારણ કે જે સ્વરૂપ જ્ઞાનમૂર્તિ છે એની તો ખબર નથી અને હું વિકારવાળો છું એવી જ્યાં ખબર છે અને વિકારવાળાની દશા છે ત્યાં સુધી વિકારપણાનું કર્તા અને વિકારનું કર્મ કોઈ દિ' છૂટતું નથી. કહો, સમજાણું આમાં? બહુ ઝીણું, નવનીતભાઈ! અહીં તો બધા કેટલા મોટા મોટા કામ કરે છે, લ્યો. હુશિયાર માણસ હોય કેટલું કરે, લ્યો! મુંબઈમાં બહુ સંચા કરે છે. નહિ? જેને પૂછીએ ત્યાં કહે મારે સંચો છે, ઓલો કહે મારે કારખાનું છે. બહુ કારખાના થઈ ગયા. આ હમણાં કો'કને પૂછયું તો કહે, કારખાનું છે. શેનું? કે ફલાણાનું છે. ઓલો કહે આનું છે, ઓલો કહે, ... છે, ઓલો કહે, દાંતનું છે. કેટલા કારખાના! પરમ દિ' નહિ? કો'ક ભાઈ હતા. લાલભાઈના દિકરીનો દિકરો. લાલજીભાઈના દિકરીનો દિકરો હતો ને? પૂછ્યું, તો કહે, મારે કારખાનું છે. એને પૂછયું નહોતું? શેનું? કાંઈક કારખાનું કીધું

ને? ફ્રેમનું. કારખાના બહુ વધી ગયા. એ કર્યા થાતા હશે કે નહિ? આહાહા..! અહીં તો કહે છે કે ભાઈ! પરના કાર્ય તારા બિલકુલ નથી. તારું કાર્ય એટલું કે તું તને ભૂલીને વિકારનો કર્તા થા અને વિકાર તારું કાર્ય. એટલું તારું કામ છે. આહાહા..!

'**જે જીવ વિકલ્પસહિત છે...**' જેને અંતરમાં રાગ, મેલ, દ્વેષ અંશ જે સહિતવાળો આત્મા જાણ્યો છે, એવો જે મિથ્યાદૃષ્ટિ તે વિકલ્પસહિત જ હોય છે. સમજાણું કાંઈ? '**તેનું કર્તાકર્મપણું...**' કેમકે સ્વરૂપની ખબર નથી અને સ્વરૂપમાં રાગનું કરવું અને રાગનું કર્મ એ સ્વરૂપમાં નથી. પણ પર્યાયબુદ્ધિમાં રાગનો વિકલ્પ છે તે મારું કાર્ય અને મારું કર્મ એમાં કર્તાકર્મપણું કેમ છૂટે? એ તો સિદ્ધ થાય છે સમુળગું એમાં. સમજાણું કાંઈ? ભાવાર્થ. કહો, સમજાય છે આમાં ન્યાલભાઈ? આહાહા..!

આમાં તો કહે છે કે ભગવાનની ભક્તિનો વિકલ્પ છે ને? એનો જ્યાં સુધી કર્તા થાય છે ત્યાં સુધી વિકલ્પસહિત મિથ્યાત્વસહિત છે. ત્યાં સુધી વિકલ્પનો કર્તા અને વિકલ્પનું કાર્ય. એમ કહે છે, લ્યો. એય..! મોહનભાઈ! તમારા ભાઈ કહે છે, ભક્તિ નહિ કરવી? એ તો એને રાગને કાળે રાગ આવશે અને એની ક્રિયા થાશે પણ જાણનારો જાણનાર રહેશે. જાણનારો જાણનાર રહેશે. રાગને કર્તાવાળો જાણનાર રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કાલિદાસભાઈ! આ કેટલા કામ કરે માણસ. બે સહિત થાય. બે સહિત કારણ, બે હોય તો કાર્ય થાય. કાર્યના કારણ બે હોય. કર્તા પણ બે હોય. અરે..! ષટ્કારક વ્યવહારના પણ માનો, નિશ્ચય પણ ષટ્કારક માનો. વ્યવહારના ષટ્કારક. અહીં તો વ્યવહારના .. વાત કરી નહિ. નિશ્ચયમાં પ્રભુ! તારા ચૈતન્ય જ્ઞાનસ્વરૂપનો સૂર્ય, એને જ્યાં સુધી જાણ્યો નથી તે તારા જાણવામાં જ્ઞાનપણું રહ્યું નહિ. એટલે રાગ અને વિકલ્પ જે કંઈ ઉઠે તેનો કર્તા અને તે તારું કર્મ, એક જ રહે છે. એમાં બીજો કોઈ કરનાર પણ નહિ અને બીજું તારું કામ પણ નહિ. બીજું તારું કામ નહિ અને બીજો તારા એ રાગનો કર્તા બીજો નહિ. આહાહા..!

દયા ધર્મનું મૂળ છે. એય..! માંગીરામજી! તમે તો બહુ સાંભળ્યું હશે ત્યાં દિલ્હીમાં. 'અહિંસા પરમો ધર્મ.' અમારે હિરાજી મહારાજ કહેતા. .. પર જીવને ન મારવો એવી દયા. એ જાણ્યું એણે સિદ્ધાંતનો બધો સાર જાણ્યો. એમ બધું કહેતા. તમે ત્યાં હા હા પાડતા. બધા પાડતા ને. એ તો બધાય કહેતા ને. તમે આ તો .. એવં .. જ્ઞાનીનો એ સાર છે કે હિંસા કોઈની ન થવી. ... અહિંસા ... આખા સિદ્ધાંતનો સાર અહિંસા. ... એ જાણ્યું એણે બધું જાણ્યું. તમે સાંભળ્યું હશે ને મોઢા આગળ બેસનારા.

ભાઈ! આ લોકોને એવું લાગે કે આ વીતરાગ માર્ગ જ એવો છે, ભાઈ! એ દુનિયા સાથે મેળ ખાય એવો નથી. દુનિયા સાથે સરેડે ચડે એવો નથી. દુનિયાથી ઉપેક્ષા રાખીને

જ કામ ચાલવાનું છે. સમાજને બાથમાં લઈને, બધાને સરખાને લઈને ચાલે માર્ગમાં...

અહીં તો કહે છે કે ભાઈ! તારા કાર્ય બીજા ક્યાંય નહિ. ગમે ત્યાં તું ઉભો હો. પણ તારી દૃષ્ટિ જ્યાં વિકાર ઉપર છે અને અવિકારી ચૈતન્યની દૃષ્ટિ નથી, તો ત્યાં ગમે ત્યાં ઊભો હો અને ગમે તે સ્થિતિના સંયોગના કાર્ય થતા હોય જગતના, ત્યાં તું ઊભો તેના વિકારનો તું કર્તા અને વિકાર એ તારું કાર્ય. આ સિવાય ત્રીજી ચીજ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. કહો, સમજાણું આમાં? કહો, શશીભાઈ! સમજાય છે કે નહિ આમાં? આ બધું કાંઈ કરી શકતું નથી એમ કહે છે પરનું. આ હુશિયારી બધી ક્યાં જાય? આહાહા..!

'**ભાવાર્થ :- જ્યાં સુધી વિકલ્પભાવ છે...**' એટલે કે જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે એટલે કે સ્વભાવ વિકલ્પરહિત છે અને જેણે જ્યાં સુધી રાગવાળો આત્મા છે એવું જ્યાં અંતર દૃષ્ટિએ સ્વીકાર્યું છે '**ત્યાં સુધી કર્તાકર્મ ભાવ છે.**' ત્યાં સુધી વિકારનો કરનાર અજ્ઞાની અને વિકાર તેનું કાર્ય. '**જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે...**' જ્યારે રાગ વિનાની ચીજ ચૈતન્ય છે એવું જ્યારે ભાન થાય '**ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે.**' ત્યારે રાગ મારું કાર્ય અને રાગ મારું કર્મ, એનો અભાવ જ્ઞાનસ્વરૂપના ભાનમાં થાય. ભાનમાં થાય. બાકી તે સિવાય કર્તાકર્મનો નાશ થાય નહિ. સમજાણું કાંઈ? પાછો કર્તાકર્મનો નાશ એનો પણ ખુલાસો કર્યો એમાં અર્થકારે. નહિતર ઓલામાં તો એ કર્તાકર્મ કદી નાશ પામતો નથી એટલું જ છે. ખુલાસો કર્યો. પણ અભાવ ક્યારે થાય?

'**વિકલ્પનો અભાવ થાય...**' એટલે કે ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમૂર્તિ છે. એમાં રાગ અને કષાયનો અંશ સ્વરૂપમાં છે નહિ. એવા જ્ઞાન સ્વરૂપનું ભાન થતાં વિકલ્પરહિત થયો એ. એને પછી રાગનો કર્તા અને રાગનું કર્મ ત્યાં રહેતું નથી. કહો, સમજાણું આમાં? આ પુરુષાર્થ કરવાનો છે ત્યાં કરે નહિ. માર માર ઝઘડા ઊભા કરે. અહીં તો કહે છે, તારી દશામાં અને તારી દશામાં અજ્ઞાનભાવે કર્તાકર્મપણું અને જ્ઞાનભાવે કર્તાકર્મપણાનો અભાવ (છે).

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું, એમ ભાન થતાં જ્ઞાની રાગસહિત છે જ નહિ. ધર્મીજીવ રાગસહિત છે જ નહિ. સમજાણું કાંઈ? રાગ છે ત્યાં રાગ છે. સ્વરૂપની દૃષ્ટિમાં અને આત્મામાં એ નથી. એટલે ચૈતન્ય શુદ્ધ સ્વરૂપનું જ્યાં ભાન થયું ત્યાં રાગસહિત આત્મા છે જ નહિ. એટલે જ્ઞાની રાગસહિત છે જ નહિ. તેથી હવે ખુલાસો કરે છે.

'**જે કરે છે તે કરે જ છે, જે જાણે છે તે જાણે જ છે-**' ઓલું મેળવ્યું. ઓલો નાશ કરવાનું કાંઈક લખ્યું ખરું ને એટલે આ પહેલાનો ઉપોદ્ઘાત કરી નાખ્યો એમાં. ઓલામાં તો એક જ વાત હતી. પણ ઉપોદઘાત એણે જરી અર્થમાં કર્યો. હવે એમાં આવશે.

**यः करोति स करोति केवलं**
**यस्तु वेत्ति स तु वेत्ति केवलम्।**
**यः करोति न हि वेत्ति स क्वचित्**
**यस्तु वेत्ति न करोति स क्वचित्।।९६।।**

**'જે કરે છે તે કેવળ કરે જ છે...'** જે આત્મા વિકલ્પના રાગના મેલપને કર્તા થઈને કરે છે તે કરે જ છે. તે જાણનાર રહી શકતો નથી. તેને જાણનાર ચૈતન્યનું ભાન હોતું નથી. સમજાણું કાંઈ? **'જે કરે છે...'** જે કરે છે. રાગ વિકારને કરે છે **'તે કેવળ કરે જ છે...'** કેવળ ત્યાં શું લેવું છે? કે તે જ્ઞાતા નથી. કરે છે અને જ્ઞાતા રહે છે અને જ્ઞાતા રહે છે અને કરે છે એમ બે હોઈ શકતું નથી. એમ અહીં સિદ્ધ કરવું છે.

**'જે કરે છે તે કેવળ કરે જ છે...'** જે પુણ્યના ભાવને, પાપના વિકલ્પને કરે છે તે કેવળ કરે જ છે. કરે છે અને જાણે છે એવું એક સ્થાનમાં બે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? **'જે કરે છે તે કેવળ કરે જ છે...'** કરે જ છે, કરે જ છે. ત્યાં જુદું શું પાડ્યું? કે કરે છે તે કરે જ છે. **'અને જે જાણે છે તે કેવળ જાણે જ છે;...'** અને જે હું જ્ઞાનસ્વરૂપ છું, હું રાગ નથી એવું જે ભાન થયું છે એ કેવળ જાણે છે તે કેવળ જાણનારો જ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ સહિતના રાગનું કર્તવ્ય કરે, કર્તા થાય અને જ્ઞાતા રહે એમ બે બને નહિ. જ્ઞાતા થાય અને રાગનો કર્તા બને એમ બે બને નહિ. આહા..! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- અનાસક્ત ભાવે...

ઉત્તર :- અનાસક્તો કે દિ' હતો? કરવું પણ અનાસક્તિ રાખવી એમ ચાલે છે ને? એમ નથી. એ આ માર્ગમાં નથી. કરવું, કરી શકું છું અને વળી અનાસક્તિ હોય. પરની તો વાત પણ નથી અહીં. અહીં તો રાગને કરું છું અને વળી અનાસક્તિ રાખવી એમ બે હોઈ શકતી નથી એમ કહે છે. ઓલા તો પરના કાર્ય કરવા અને અનાસક્તિ રાખવી એમ કહે છે. અનાસક્તિ યોગ. જૂઠ છે. સમજાણું કાંઈ? એ મગનલાલ હતા ને કેવા? દફ્તરી. એ મેળવતા. આવું આવે ને જ્યારે કે જુઓ! આ અનાસક્તિ કહે છે ઈ આ. સમજાણું કાંઈ?

બાપુ! તત્ત્વની વસ્તુ એવી છે કોઈ. એ કહે, બીજા સાથે કાંઈ અનાસક્તિ યોગ સાધવો. કરવું પણ આસક્તિ નહિ. કરી શકું છું એ માન્યતાનો રાગ જ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને કરું છું અને વળી કહે કે હું જ્ઞાતા એટલે અનાસક્તિ રાખું છું. બે બની શકે જ નહિ ત્રણ કાળમાં. એમ અહીં કહે છે. પરની તો વાત પણ નથી અત્યારે હોં આમાં.

પરના કામ કરીએ, સમાજના, દેશના, કુટુંબના, નાતના, ફલાણાના, ફલાણાના. કામ કરવા પણ તેનું અભિમાન ન રાખવું. એ તો વાત છે જ નહિ. કરી શકતો નથી એટલે પ્રશ્ન છે જ નહિ. પણ અહીં તો કહે છે કે જે રાગ કરે છે તે કર્તા જ એકલો રાગનો છે. રાગ ઉપર દૃષ્ટિ છે, રાગનું કર્તવ્ય સ્વીકારે છે, રાગનો કર્તા થાય છે, રાગ મારું કાર્ય છે એમાં જેને હોંશ છે, વળી કહે કે હું જ્ઞાતા પણ તે વખતે રહી શકું છું. એ બે વાત ત્રણ કાળમાં બની શકતી નથી. એક મ્યાનમાં બે તલવાર રહેતી નથી. આહાહા..!

**'જે કરે છે તે કેવળ કરે જ છે.'** એ કરે છે એટલે પરની વાત અહીં નથી. વિકારના પરિણામનો જે ભાગ એને જેણે કર્યું છે એમ ભાસે છે, કર્યું છે તેને ભાસે છે.. અરે..! આ અશુદ્ધતા મેં કરી, એ મારું કાર્ય એમ ભાસે છે ત્યાં શુદ્ધતા છે જ નહિ. ઓલામાં એમ હતું, વિકલ્પ કરનાર કર્તા અને કર્મને બે યથાર્થ સિદ્ધ કર્યા. અહીં તો હવે કર્તા અને જ્ઞાતા બેને જુદા પાડે છે. સમજાણું કાંઈ? એકનો કર્તા વિકારનો થાય છે તે જ વિકાર એનું કાર્ય છે. કર્તા એકલો અને કાર્ય તે એકનું. અહીં તો કહે છે જે વિકલ્પનો કર્તા છે એ કર્તા જ છે. તે જ્ઞાતા નથી રહી શકતો.

**'અને જે જાણે છે તે કેવળ જાણે જ છે;...'** જાણનાર ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનપ્રભુ, એવી શુદ્ધતાનું ભાન (થયું), તેમાં જાણનાર તે શુદ્ધતાને જાણે જ છે, અશુદ્ધતાનું કાર્ય એને હોતું જ નથી. સમજાણું કાંઈ? જાણનારને અશુદ્ધતાનું કાર્ય હોતું નથી અને અશુદ્ધતાનો સ્વીકાર કરનારને જાણનારપણું રહેતું નથી. વજુભાઈ! કરવું (જાણવું) બે એક સ્થાનમાં ન હોય. અંદરની વાત છે, હોં! બહારનું કરવું-ફરવું નથી.

મુમુક્ષુ :- અંદરનો ... છે?

ઉત્તર :- નથી.

શુદ્ધતાના સ્વભાવનું જ્યાં ભાન છે ત્યાં અશુદ્ધતા છે જ નહિ. અશુદ્ધતાનું જ્યાં એકલું ભાન છે ત્યાં શુદ્ધતા છે જ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? એ શ્લોક હશે ને? જુઓને! 'જે કરે કર્મ સોહી કરતારા.' એ જ હશે. 'જો જાણે સો જાણનહારા.' ઓલામાં લખ્યું હશે. આમાં ક્યાં, આ તો નવું પુસ્તક આવ્યું છે ને. પુસ્તક કેટલા બદલાઈ ગયા સમયસારના. પહેલું આ હતું, પછી વળી બીજું આવ્યું જાડું. આ ત્રીજું આવ્યું પાછું. પહેલું આ હતું હિંમતભાઈએ આપ્યું હતું ઈ. કારતક સુદ પુનમ, ૧૯૯૭. પછી બીજું આવ્યું. .. આ ટીકાવાળું, નહિ?

કહે છે કે આત્મા શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય છે એવું જ્યાં અસ્તિપણાના, હોવાપણાના હોવામાં ભાન થયું, હોવાપણામાં હોવાપણાનું ભાન થયું, એમાં રાગાદિ હોવાપણું છે જ નહિ. શુદ્ધ

ચૈતન્યના સ્વરૂપના હોવાપણાના ભાવમાં રાગ છે નહિ તો શુદ્ધતાના જાણપણામાં રાગ છે જ નહિ. અને જ્યાં અશુદ્ધતાના ભાવનું એકલું ભાસન છે, અશુદ્ધતાનો એકલો રાગાદિ મલિનભાવ જ જ્યાં ભાસે છે, ત્યાં તેના કર્તાકર્મપણામાં અશુદ્ધતા જ છે. ત્યાં શુદ્ધતાનો અંશ પણ છે નહિ. કહો!

અહીં તો કહે છે, શુભરાગ છે ને શુભરાગ? હવે ઓલા તો કહે કે, શુભરાગ ક્ષાયિક સમકિતનું કારણ (છે). અહીં કહે છે કે શુભરાગ જેને, શુભરાગ જેને સ્વભાવમાં પોતામાં છે એમ ભાસે છે એ શુભરાગનો જ કર્તા અને કર્મ ભાસે છે. અને શુભરાગ રહિત આત્મા ભાસે છે એને શુભરાગ સહિતપણું ભાસતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? સમજ આવે છે કે નહિ? એય..! જ્યોતિ! ત્યાં તમારે ત્યાં કાંઈ નથી. ક્યાં ગયા તારા બાપ નથી આવ્યા? અહીં તો આ છે, કહે છે.

કહે છે, જે જાણે તે જાણનાર રહે છે. જેણે જાણ્યો આત્મા તે જાણનાર રહે છે અને જેણે કર્યો રાગ તે કર્તા થઈને ઊભો રહે છે. વીતરાગ માર્ગ લોકોને કાને પડ્યો નથી એટલે આ બધું એવું લાગે, આ તે કઈ જાતનો માર્ગ? નવો માર્ગ એમ કહે છે, હોં! નવીન પંથ કાઢ્યો. નવીન માર્ગ છે. એમ કહે છે. પણ આ શું લખ્યું છે? શું લખે છે આ? જુઓને! **'જે કેવળ કરે છે તે કેવળ કરે જ છે...'** એનો અર્થ તો સમજશે કે નહિ?

ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત છે, ચૈતન્ય પુંજ છે. એને ભૂલીને જે રાગના વિકલ્પને શુભ હો કે અશુભ હો, એ રાગને કર્તા ભાસે છે, રચનારો ભાસે છે, રાગનો રચનાર જેને ભાસે છે તે રાગનો કર્તા જ છે એકલો. એને આત્માનું જ્ઞાન અને આત્માનું ભાસન છે નહિ. અને જેને આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય છે, એમ ભાસ્યું છે, જાણ્યું છે, જોયું છે, અનુભવ્યું છે. એને જાણનારને રાગ છે એ કર્તાપણું ભાસતું જ નથી. રાગનો અને સ્વનો જાણનાર ભાસે છે. સમજાણું કાંઈ?

**'જે કરે છે તે કદી જાણતો નથી...'** બે જુદા પાડ્યા હતા પહેલા. કરે તે જાણતો નથી. કરે તે કરે છે અને જાણે તે જાણે જ છે. એમ બે સિદ્ધ કર્યા હતા. હવે બેને જુદું પાડે છે. **'જે કરે છે તે કદી જાણતો નથી...'** ભગવાન ચૈતન્ય સ્વરૂપને જે જાણતો નથી અને એકલા પુણ્ય-પાપના પરિણામને કરે છે, એ કરે છે તે કદી આત્માને જાણતો નથી. **'અને જે જાણે છે તે કદી કરતો નથી.'** અને આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે એમ જેણે જાણ્યું તે જાણનાર રાગને કરતો નથી. એ રાગ હોય અને આત્મા હોય, બેનો સ્વપરપ્રકાશક જ્ઞાતા રહે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- કર્તા છે તે જ્ઞાતા નથી...'** જ્યાં જ્યાં એને કર્તાપણું ભાસે છે કે

મેં આ કર્યું... મેં આ કર્યું. પરનું કર્યું એ ભાસે છે એનો અર્થ કે રાગને કર્યો એને ભાસે છે. પરનું કર્યું એ વાત તો ખોટી છે. સમજાણું કાંઈ? શરીરની પર્યાય, હાથની પર્યાય, પૈસાની પર્યાય, દાળ-ભાતની અવસ્થા કે આ બધી, પરની અવસ્થા, કપડાની આ લુગડાની, આ પુસ્તકની એ પર્યાયને કરું છું એમ જેને ભાસે છે, એ વાત તો ખોટી છે કહે છે. એ કરતો નથી એને. એને તો ખરેખર રાગ કર્તા છે એમ થાય છે. પણ માને છે કે આને કરું છું એટલો એ તો ભાસ એનો જૂઠો છે. ભાસ એનો સાચો ક્યો ખોટામાં? ખોટામાં સાચો ભાસ. રાગને કરું તે એનું સાચું છે અજ્ઞાનીનું. એટલી વાત સાચી છે. આ પરના કામ કરું છું એ વાત તો તદ્દન ખોટી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરનું તો કર્તાની વાત જ નથી અહીં.

જે સ્વતંત્ર પદાર્થ છે રજકણો આ શરીર, વાણી, મન પદાર્થ જગતની ચીજ છે. કપડા, પુસ્તક, પાના, લેખન, શીશપેન જગતની ચીજ છે. એ તો ચીજ પોતાને કારણે સમયે સમયે પર્યાય થાય છે. કર્તા વિના તે કાર્ય નથી. પણ એના કર્તા વિનાનું કાર્ય નથી. તારા કર્તા વિનાનું કાર્ય છે ત્યાં. સમજાણું કાંઈ? અજ્ઞાનીને કર્તા વિનાનું કાર્ય નથી. ક્યું? કે વિકારના પરિણામ કર્તા વિના એનું કાર્ય નથી. વિકાર કરે છે તે તેનું કાર્ય છે. આવું બધું સમજવા જાય તો પછી બાવા થઈ જવું પડે. એક જણો એમ કહે. પણ બાવો જ છો, સાંભળને હવે. એ બિચારા મરી ગયા હવે. ડોક્ટર નહિ? રતિભાઈ છે કો'ક. ગુજરી ગયા બિચારા. એ કહે, મહારાજનું આવું.. (સંવત) ૧૯૯૫માં સાંભળવા આવ્યા હતા. આ મહારાજનું ત્રણ દિ' સાંભળીએ ત્યાં તો આપણે નકામા થઈ જઈએ. એ કહે, હમણાં ન આવવું. એય..! નવીનતભાઈ! રતિભાઈ બિચારા ડોક્ટર નહોતા? આંખના સર્જન. પછી તો બિચારા.. કો'ક વખત આવતા. ગુજરી ગયા. બાપા! ટાણે ન કર્યા એને.. આહાહા..!

વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં રોગ દેખાવ ન આપે, રોગનું પૂતળું છે આ તો, બાપા! રૂંવાટે રૂંવાટે આંગળીએ આંગળીએ ૯૬ રોગ. એ જ્યાં (સુધી) રોગ ન ફાટે, વૃદ્ધાવસ્થા ન આવે, 'જરા જાવ ન પીલી, વાહી જાવ ન વધઈ, ...' ઈન્દ્રિયો હીણી ન પડે. ત્રણ બોલ છે. ... એ પહેલા નબળાઈના જીવને કહે છે, બાપુ! આવું બધું... ઈન્દ્રિયો નહિ કામ કરે. ઈન્દ્રિયો હીણી પડી જશે પાંચેય, શરીર અવસ્થા જીર્ણ થશે, વ્યાધિઓ દેખાવ આપશે. દેખાવ. પડી તો છે અંદર. એ વેદનાની મૂર્તિ છે દેહ તો. આનંદની મૂર્તિ તો આત્મા છે. વેદના ફાટશે, બાપા! નહિ કરી શક, હોં પછી. તું નબળો છો માટે હોં! બાકી તો નરકમાં પણ કરી શકે. પુરુષાર્થ ઉપાડવા માટે. બહુ શરીર થાય તો પછી આવવું હોય તો ન અવાણું

બે વાગે. શરીર એવું છે. ઉઠે નહિ. ઉઠી શકે નહિ શરીર. કહે છે કે ભાઈ! શરીરની જીર્ણતા ન થાય, ઈન્દ્રિયોની હીનતા ન થાય, એકાદ બે છૂટી જાય અહીંથી, એકાદ બે .. જાય પોતાને, કાન બહેરા થાય, આંખે .. બહેરો થાય. એના ઉપર જીભ તોતડી થઈ જાય. ત્રણે ઈન્દ્રિયો પહોળી. એ પહેલા કરી લે, ભાઈ! કામ જે કરવાનું છે તે કર. અહીં તો કહે છે કે એ સ્થિતિ ગમે તેવી હોય તો પણ આત્મા જ્ઞાતાપણે કરી શકે છે. એમ કહે છે લ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ બધી વાતનો ડર લાગે તો...

ઉત્તર :- ડર લાગે એ તો એક અપેક્ષાએ પુરુષાર્થ ઉપાડવાની વાત કરી છે. ત્યાં ક્યાં એનાથી થાતું હતું? ઝટ કરી લે એમ કહેવાનો અર્થ છે. એથી કરીને ત્યાં ઓલામાં ન થાય એમ નથી કાંઈ. સાતમી નરકનો નારકી આમ ઊતરી જાય છે હડપ દઈને ત્યાં. આહાહા..! એ પીડા. એ પીડા એ વેદે અને ભગવાન જાણે. સાતમી નરકની પીડા કેટલી? લાખ મણનો લોઢાનો ગોળો ટીપી ટીપીને નીવડ ને ઘન કર્યો હોય. એ અગ્નિના ખૂટાડવા ઉપર જેમ ઘીનો લોચો મૂકે અને ઓગળી જાય, એમ બે ક્ષણમાં લાખ મણનો ગોળો સાતમી નરકની ઠંડીમાં ઓગળી જાય. એમાં ૩૩ સાગર કાઢે. મોહનભાઈ! અહીં જરી ઠંડી આવે તો અરે..! આ સહન થાતું નથી, આ સહન થતું નથી. બાપા! એમાં પણ એ જીવ સમકિત પામી જાય છે, લ્યો.

અહીં કહે છે, જ્યાં સુધી તું તેવી સ્થિતિમાં હો કે નિરોગ આદિની સ્થિતિમાં હો. કરે છે તે જાણતો નથી. રાગનો જ્યાં કર્તા થાય તે આત્મા શું છે તેને જાણતો નથી, જ્ઞાતા રહી શકતો નથી. અને જાણે છે તે કદી કરતો નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા એ શું કરે? કોના કામ કરે? કોને કહું કે મેં આટલા કર્યા? મેં આટલા કામ કર્યા, મેં આમ કામ કર્યા.. મેં આમ કામ કર્યા. સમજાણું કાંઈ? ... નથી આવ્યા? તાવ આવે છે? સમજાણું કાંઈ? કેટલા કામ કર્યા આમાં? કાળીદાસભાઈ! આટલા કર્યા... મેં આટલા કર્યા.. અમને ઓળખો છો તમે.

મુમુક્ષુ :- રૂપિયા થયા ને.

ઉત્તર :- એમાં આત્માને શું થયું? એના ડહાપણથી મળ્યા છે એ?

મુમુક્ષુ :- તો શું મુર્ખાઈથી મળ્યા?

ઉત્તર :- મુર્ખાઈથી મળ્યા નથી અને મુર્ખાઈથી જાતા પણ નથી.

અહીં તો કહે છે કે, ભગવાન ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા જેણે જાણ્યો એ જાણનાર તે રાગનો કર્તા થતો નથી. પરના કામનો તો કર્તા અજ્ઞાની પણ નથી. પરના કામનો કર્તા

આ કપડાનો, લુગડાનો, આ પૈસાનો, પુસ્તકનો, લેખન કળાનો, હાથને હલાવવાની એ ક્રિયા તો અજ્ઞાની પણ કરી શકતો નથી. અજ્ઞાનીની મર્યાદા એટલી કે એ સ્વરૂપને ભૂલીને રાગને કરે. એ કર્તા થઈને કરે તેનું કર્તાપણું એમાંથી ટળે નહિ. જ્યાં સુધી જ્ઞાનસ્વરૂપ આત્માનું ભાન ન કરે ત્યાં સુધી ટળે નહિ. અને ભાન થયા પછી ત્યાં રાગનું કર્તાપણું રહેતું નથી. પરનું કર્તાપણું તો પહેલેથી છે નહિ. આહાહા..! કહો, બરાબર છે. માંગીરામજી!

'**કર્તા છે તે જ્ઞાતા નથી અને જ્ઞાતા છે તે કર્તા નથી.**' આહાહા..! એક શબ્દમાં તો ચૌદ બ્રહ્માંડને ચીરીને આત્મા જુદો (કરી નાખ્યો). આત્માને અવરાવીને રાગ તે હું. એ બે વાત છે અહીં તો. સમજાણું કાંઈ?

'**એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બન્ને ભિન્ન છે...**' એમ કહે છે. ઓલું કર્તાકર્મ નાખ્યું. આ ક્રિયા જરી નાખી. કર્તા કર્મ સમજાવ્યું, કર્તા કોને હોય, કર્તાકર્મ કોને ન હોય, કર્તા હોય ત્યાં જ્ઞાતા નહિ, જ્ઞાતા હોય ત્યાં કર્તા નહિ. હવે ક્રિયા નાખે છે જરી. ક્રિયા-ક્રિયાનો પોકાર કરે છે ને માણસ? ક્રિયા. '**એવી જ રીતે કરવારૂપ ક્રિયા અને જાણવારૂપ ક્રિયા બન્ને છે એમ હવે કહે છે :-**'

**ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः**
**ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः।**
**ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने**
**ज्ञाता न कर्तेति ततः स्थितं च।।९७।।**

આહાહા..! '**કરવારૂપ ક્રિયાની અંદરમાં જાણવારૂપ ક્રિયા ભાસતી નથી...**' શું કહે છે? જ્યાં હું કાંઈક શુભ-અશુભભાવ કરું છું એવી જ્યાં ક્રિયા ભાસે છે, પોતાને બદલતો હું બદલ્યો. હું બદલીને કાંઈક નવું કરું છું. એમ જ્યાં રાગાદિની ક્રિયાને બદલતી ભાસીને ક્રિયા ભાસે છે ત્યાં '**જાણવારૂપ ક્રિયા ભાસતી નથી...**' ત્યાં હું જાણનારો તે ક્રિયા ત્યાં સ્થાનમાં રહેતી નથી. આ .. ને લીધે, આમ પલટતો ભાવ દેખીને આ ક્રિયા મેં કરી, રાગ અશુભ પલટાવીને શુભ મેં કર્યો, આ મેં કર્યું, આ મેં કર્યું. સમજાણું? જ્યાં એ રાગાદિની પલટવાની ક્રિયા છે તેને હું કરું છું એમ જ્યાં ભાસે છે તેને તે ક્રિયાનો જાણનાર, જ્ઞપ્તિ ક્રિયાનો જાણનાર, એ રાગનો જાણનાર અને જ્ઞપ્તિ એનો પણ જાણનાર એવી જાણવાની ક્રિયા ત્યાં એને દેખાતી નથી. એને અસ્તિત્વમાં ભાસતી નથી. રાગના શુભાશુભ... પહેલો અશુભ કરતો હતો, આમાં શુભ છે, જુઓ! આ જુદી જાતનું છે. એમ એ ક્રિયાને જ્યાં ભાસે છે ત્યાં એનો જાણનાર જ્ઞપ્તિ ક્રિયા તેને ભાસતી નથી. તેને આત્મા ભાસતો નથી. સમજાણું કાંઈ?

**'કરવારૂપ ક્રિયાની અંદરમાં...'** રાગાદિના પલટનની અવસ્થામાં એ પલટન મારું છે, હું કરું છું, એ રાગને હું પલટાવું છું, હું બદલાવું છું, એવી ક્રિયાની અંદરમાં જાણવાની ક્રિયા જ્ઞાતા સ્વરૂપની તે ક્રિયા તેમાં હોતી નથી. હોતી નથી તેથી કહે છે કે ભાસતી નથી. સમજાણું કાંઈ? **'અને જાણવારૂપ ક્રિયાની અંદરમાં...'** જાણવારૂપ. પર્યાય પલટે છે, જાણવાની પલટે છે, બદલે છે. એવી જાણવાની ક્રિયાના જાણનારને રાગની ક્રિયા મારામાં પલટે છે તે તેને ભાસતું નથી. જે જે પ્રકારનો રાગ હોય તે તે પ્રકારના સ્વ અને પરના જ્ઞાનપણે પરિણમે બદલતો. તો કહે છે કે જાણવારૂપ ક્રિયાની અંદરમાં. ઓલી ક્રિયામાં ફેર પડ્યો ને કે એ જાણવામાં, આ રાગને જાણે, દ્વેષને જાણે અને આત્માને. એ બે પ્રકારના જાણવાની ક્રિયા જે ભાસે છે. એમાં **'કરવારૂપ ક્રિયા...'** આ રાગ કરું છું એવું ત્યાં હોતું નથી. ભાસતી નથી એટલે ત્યાં હોતું નથી. સમજાણું કાંઈ?

**'માટે જ્ઞપ્તિક્રિયા અને કરોતિ ક્રિયા બન્ને ભિન્ન છે;...'** જાણનાર જાણવાના પરિણમનપણે પરિણમે અને જાણનાર ભૂલીને રાગના પરિણમનની ક્રિયાપણે પરિણમે. બે ચીજ જુદી તદ્દન છે. સમજાણું આમાં? જાણવાની ક્રિયા સ્વને-પરને પ્રકાશવાની ક્રિયા એવી જાણવાની જ્ઞપ્તિ ક્રિયા એમાં રાગને કરું છું એવી ક્રિયા ત્યાં હોતી નથી. કારણ કે ત્યાં રાગ અને જે આવ્યું તેનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન. એવું તે ભિન્ન ભલે રાગ મંદ પડ્યો અને તીવ્ર થયો, એ પ્રકારનું જ્ઞાન અને અહીંયાં આત્માનું જ્ઞાન, બેયની જાણવાની ક્રિયાની પરિણતિમાં આ રાગને કરું છું તે હોતું નથી, ભાસતું નથી. અને જ્યાં કરવારૂપ ક્રિયા છે... સમજાય છે?

**'જાણવારૂપ ક્રિયાની અંદરમાં કરવારૂપ ક્રિયા ભાસતી નથી; માટે જ્ઞપ્તિક્રિયા અને કરોતિ ક્રિયા બન્ને ભિન્ન છે;...'** ભગવાન આત્મા જાણનક્રિયાના જાણપણાપણે પરિણમે છે એ ક્રિયા અને રાગપણે હું પરિણમું છું, બદલાવું છું એ ક્રિયા તદ્દન ભિન્ન છે. રાગના પલટવાની ક્રિયામાં જ્યારે દેખાય છે ત્યારે જ્ઞપ્તિ ક્રિયા ત્યાં એને હોતી નથી. જાણવાની ક્રિયા હોય છે ત્યાં રાગની ક્રિયા મારામાં છે તેમ એ ભાસતી નથી. સમજાણું કાંઈ? જુઓ! ક્યાં લખ્યું છે? કર્તાકર્મથી આ નાખ્યું. 'કર્તા પરિણામી દ્રવ્ય કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયની ફેરની વસ્તુ એક ત્રય નામ.' સમજાણું? **'અને તેથી એમ ઠર્યું કે જે જ્ઞાતા છે તે કર્તા નથી.'** જાણનાર તે રાગનો કર્તા થતો નથી. થતો નથી એટલે હોઈ શકતો નથી. અને રાગનો કર્તા થાય તે જ્ઞાતા રહી શકતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૮, ગુરુવાર તા. ૧૯-૦૧-૧૯૬૭**
**શ્લોક-૯૭ થી ૧૦૦, પ્રવચન-૨૨૯**

કર્તાકર્મ અધિકાર છે. ૯૭ કળશનો ભાવાર્થ. જ્ઞપ્તિ ક્રિયા અને કરોતિ ક્રિયાનો ભાવાર્થ છે. **'ભાવાર્થ :- હું પરદ્રવ્યને કરું છું.'** એને એમ થાય છે કે હું શરીરને હલાવું, શરીરની ક્રિયા કરું, પરદ્રવ્યનું કરું છું એવો એક અભિપ્રાય. **'એમ જ્યારે આત્મા પરિણમે છે...'** આ અભિપ્રાયપણે જ્યારે થાય છે... પરનું તો કાંઈ કરી શકતો નથી. **'હું...'** એટલે આત્મા. **'પરદ્રવ્યને કરું છું...'** શરીરને ચલાવું છું, વાણીથી બોલું છું, બીજાનું ભલું કરું છું, બીજાનું ભૂંડુ કરું છું એવી જે માન્યતાનો ભાવ એ જ્યારે એ રૂપે આત્મા પરિણમે છે **'ત્યારે તો કર્તાભાવરૂપ પરિણમનક્રિયા કરતો હોવાથી...'** ત્યારે તો એ પરદ્રવ્યનું કરું એવો અભિપ્રાય એ તો રાગના કર્તાના અભિપ્રાયવાળો ભાવ છે. **'કર્તાભાવરૂપ પરિણમનક્રિયા...'** થાય. પરનું કરી શકવાનો પ્રશ્ન અત્યારે નથી. સમજાણું કાંઈ?

**'કર્તાભાવરૂપ પરિણમનક્રિયા...'** આ કરોતિ ક્રિયાની વ્યાખ્યા છે. હું પરનું કરું, પરનું કરી શકું. **'પરિણમનક્રિયા કરતો હોવાથી અર્થાત્ કરોતિ ક્રિયા કરતો હોવાથી કર્તા જ છે...'** પરિણામમાં રાગનો જ કર્તા છે. શુભભાવ હો કે અશુભભાવ હો. એને હું કરું છું એમ માનનાર કરોતિ ક્રિયા કરે છે. એટલે કરવાની જે સ્વરૂપમાં નથી એવી રાગની ક્રિયાને કરે છે. એ અજ્ઞાનીની વાત કરી.

**'જ્યારે હું પરદ્રવ્યને જાણું છું...'** હું તો શરીરની જે ક્રિયા થાય તેને હું મારા જ્ઞાનમાં રહીને જાણું છું. કહો, સમજાણું? મોટો વાંધો છે અત્યારે આ. બે બોલનો મોટો વાંધો-પરદ્રવ્યનું કરી શકે છે બરાબર વ્યવહારે. અને શુભભાવથી સંવર અને નિર્જરા થાય. નહિતર તો કોઈ દિ' મુક્તિનો માર્ગ હાથ આવશે નહિ. એવું મોટું લખાણ આવે છે.

અહીં કહે છે કે પરની દયા પાળી શકું છું એ પરદ્રવ્યની ક્રિયા થઈ. પરની દયા પાળી શકું છું, પરને મારી શકું છું એવા જે પરિણામપણે પરિણમ્યો એને તો કરોતિ ક્રિયા થઈ. વિકારના પરિણામની કર્તાપણાની તે પરિણતિ ક્રિયા થઈ. કહો, સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવમાં એ ભાવ હોય છે. પણ જ્યારે હું પરદ્રવ્યને જાણું છું. હું તો એક જ્ઞાનસ્વરૂપ છું એટલે જે કાંઈ પરદ્રવ્યમાં થતી દશા એને હું તો જાણું છું, થાય તેને જાણું છું, જાય તેને જાણું છું. કહો, સમજાય છે કાંઈ?

શરીરથી જીવ છૂટો પડતો હોય તો પણ જાણું છું, સંયોગ રહેતો હોય તો પણ જાણું

છું. હું તો જાણનાર છું. એની એ ક્રિયાનો હું કરનાર નથી. એમ જ્યારે પરિણમે છે. એટલે કે હું તો પરપદાર્થની થતી દશાને જાણનાર છું એમ જ્યારે પરિણમે નામ દશા થાય છે '**ત્યારે જ્ઞાતાભાવે પરિણમતો હોવાથી...**' ત્યારે તો જાણનાર જાણતાપણે-જાણનારપણે રહેતો હોવાથી '**જ્ઞપ્તિક્રિયા કરતો હોવાથી...**' ત્યારે તે જાણવાની ક્રિયાનો કરનાર છે. તેથી '**જ્ઞાતા જ છે.**' કહો, સમજાણું આમાં?

પરિણામમાં એમ આવે કે હું આ શરીરનું કરું, વાણીનું કરું. આનું કરી શકું છું ને. હું કરું છું ને... હું કરું છું ને.. એવો હું આ કરું છું ને. હું આ કરું છું. એમ જે અભિપ્રાય છે તે કરોતિ ક્રિયા છે. વિકારના કર્તાપણાની ક્રિયા છે. એ મિથ્યા ક્રિયા છે. અને એ થતી ક્રિયાને હું જાણું છું. એમ એ થતી ક્રિયાને હું જાણું છું એ પણ અપેક્ષિત વાત છે. બતાવવું છે ને? કરોતિની સામે જ્ઞપ્તિ. બાકી જાણનાર જાણે છે કે આ થાય છે એમ હું પોતે મારા જ્ઞાનમાં રહીને જાણું છું. છે, એમ થાય છે. સમજાય છે કાંઈ? જીવ બચ્યો કે મર્યો, ભાષા બોલાણી કે મૌન રહેવાણું એ બધી થતી ક્રિયાને હું જ્ઞાનમાં રહીને જાણું છું. એમ જ્ઞાતા જ રહે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. કહો.

પરદયાનો ધર્મ, દયા તે ધર્મ. માંગીરામજી! શું આવ્યું? પરદયા તે ધર્મ. અહીં તો પર ભક્તિ કરે એને સંવર-નિર્જરા થાય. ભગવાનની ભક્તિ કરે એને સંવર-નિર્જરા થાય. એક જ વાત. એટલા પાના ભર્યા છે ને. છેલ્લા બોલ ઈ આવ્યા છે આમાં. ૬૭૧-૬૭૨. ... શુભભાવથી નમો અરિહંતાણં. ભાવભક્તિથી નમો અરિહંતાણ બોલે તો એને સંવર-નિર્જરા જ છે. મિથ્યાદૃષ્ટિને પણ જો પરમાં કે ભોગની ઈચ્છા વિના શુભભાવ કરે તો એને પણ ત્યાં સમકિત પામવાનું કારણ થાય. આવે છે ખરું ને? બંધ અધિકારમાં આવે છે. ભોગની નથી ગાથા આવતી? ભોગ હેતુ. ઈ એમાંથી કાઢે. એવો અર્થ જ .. ભોગના હેતુએ જે પરિણામ કરે... બહુ પણ માણસને... ઓહોહો..! .. ભોગનો હેતુ એને હોય તો તેને મિથ્યાત્વનું પાપ લાગે. પણ મિથ્યાદૃષ્ટિ ભોગના હેતુ વિના જો પરમાર્થ સાધવા કરે તો વીતરાગતાનું કારણ એને પણ થાય.

અહીં કહે છે કે હું કાંઈક કરું, આનું કાંઈક કરું અને ભગવાનની ભક્તિ પણ હું કરી શકું છું. શરીર દ્વારા, વાણી દ્વારા, ક્ષયોપશમ દ્વારા. એવી કર્તાપણાની જ્યાં બુદ્ધિ છે... પરિણામની કર્તાપણામાં હોં! ઓલાનું કરું છું એવા પરિણામના કર્તાપણામાં. એનું નામ મિથ્યાત્વભાવ છે. એ કરોતિ ક્રિયાનો સ્વામી થાય છે. પરની થતી ક્રિયાને જાણનાર રહે છે. થાય છે તે કાળે થાય જ છે. તેને તે જાણનાર થાય છે.

'**અહીં કોઈ પૂછે...**' હવે પ્રશ્ન. .. આટલી બધી વાત (કરી) તો આ સમ્યગ્દૃષ્ટિને અવિરતિને

શું સમજવું? છ ખંડના રાજ હોય, ઈન્દ્રના ઈન્દ્રાસન જેને હોય, એવો સમકિતી ચોથે ગુણસ્થાને (હોય) એને શું સમજવું આ? આટલું બધું નાખ્યું કે કાંઈ કરતો જ નથી. સમજાણું કાંઈ? **'અવિરત-સમ્યગ્દષ્ટિ આદિ...'** ચોથા ગુણસ્થાન, પાંચમા આદિને **'જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય છે...'** જ્યાં સુધી રાગ થાય છે, વિકાર થાય છે. એમ. **'ત્યાં સુધી તે કષાયરૂપે પરિણમે છે...'** ચારિત્રમોહના ઉદયમાં જોડાતા તે કષાયરૂપે, રાગરૂપે, દ્વેષરૂપે, હાસ્યરૂપે પરિણમે છે, થાય છે. સમ્યગ્દષ્ટિને પણ એ રાગરૂપે થાય છે. શુભભાવપણે, અશુભભાવપણે એ થાય છે. **'તો તેને કર્તા કહેવાય કે નહિ?'** એ પુણ્ય-પાપના ભાવરૂપે સમ્યગ્દષ્ટિ થાય તેને કર્તા કહેવાય કે નહિ? થાય તેને કર્તા કહેવાય કે નહિ? એમ પ્રશ્ન છે.

**'તેનું સમાધાન :- અવિરત-સમ્યગ્દષ્ટિ વગેરેને શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી;...'** પરનું કરી શકું છું એવું તેના અભિપ્રાયમાં ધણીપતુ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધણીપતા વગરનું શું હોય? ધણીપતા વિના કરી શકે જ નહિ. ધણીપતું માને છે તે ભાવ કરે છે.

અહીં તો **'પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી;...'** હું પરનું કરી શકું છું એવા કર્તાપણાનું પરિણામ છે જ નહિ. સમજાણું કાંઈ? લડાઈમાં ઊભો હોય સમ્યગ્દષ્ટિ પણ આ લડાઈ કરું છું એવા પરિણામ એને છે જ નહિ, આ કરું છું એવા પરિણામ નથી. સમજાણું કાંઈ? લડાઈના કાર્ય હું કરું છું એવા પરિણામ નથી. રાગરૂપે પરિણમન છે પણ આ કાર્ય હું કરું છું એવું નથી. તેમ રાગનું કાર્ય પણ હું કરું છું એવું પણ નથી.

**'શ્રદ્ધા જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામીપણારૂપ કર્તાપણાનો અભિપ્રાય નથી;...'** પરદ્રવ્યની ક્રિયાનો ધણી નથી. સ્વામી થતો નથી. અને ઓલો (મિથ્યાદષ્ટિ) સ્વામી થાય છે કે મેં આ કર્યું, મેં આ લડાઈ કરી, મેં આ પૂજા કરી, મેં આ સ્તવન કર્યું, મેં આ વાણીથી આ કામ કર્યું. એમ અજ્ઞાની પરદ્રવ્યની ક્રિયાનો સ્વામી થાય છે તેથી રાગનો કર્તા થાય છે. જ્ઞાની પરદ્રવ્યનો સ્વામી નથી તેથી તે રાગના કર્તાપણે પરિણમતો નથી. કર્તાપણે થતો નથી. સમજાણું કાંઈ?

**'કષાયરૂપ પરિણમન છે...'** લ્યો! કર્તારૂપ પરિણમન નથી. કષાયરૂપ પરિણમન છે. બે ભાષા કેવી! કરવા યોગ્ય છે એવા કર્તારૂપે પરિણમન નથી. શુભભાવ (થાય) પણ કર્તારૂપે પરિણમન નથી. શુભભાવરૂપ પરિણમન છે. આ કરવા યોગ્ય છે, એ મારું કર્તવ્ય છે એવું અભિપ્રાયમાં હોતું નથી. બહુ ઝીણું. **'કર્તાપણાનો અભિપ્રાય નથી; કષાયરૂપ પરિણમન**

**છે...**' બે વાત જુદી છે. હું પરનું કરું છું એવા પરિણામમાં કર્તાપણું નથી. એથી તે પરિણામમાં પણ પરિણામ કરું એવું કર્તાપણું પણ નથી. સમજાણું કાંઈ?

'**તથા કષાયરૂપ પરિણમન છે...**' રાગ-દ્વેષના ભાવ જ્ઞાનીને પરિણમે છે, થાય છે. પરપણે થાય છે. સ્વપણામાં પરિણમનમાં મેળવ્યા વિના. '**તે ઉદયની બળજોરીથી છે;...**' લ્યો, આવ્યું જુઓ! એ પોતાના સ્વભાવનો પુરુષાર્થ ત્યાં નબળો છે એટલે રાગની બળજોરીથી કહેવામાં આવ્યું છે. સ્વભાવની બળજોરી કરવામાં ત્યાં નથી. રાગને કરું એવો ભાવ ત્યાં નથી. પણ પોતાની નબળાઈને લઈને ભાવકર્મનું જોર ત્યાં દ્રવ્યકર્મના નિમિત્તનું જોર ગણીને રાગરૂપે થાય છે. દ્રવ્યના સ્વભાવમાં જોર નથી એટલે પર્યાયમાં રાગ પરને કારણે થાય છે એમ બળજોરીથી થાય એમ કહેવામાં આવે છે. અર્થ આવા થાય છે આમાં. ઓલા કહે છે, તમે અર્થ ફેરવી નાખો છો એમ કહે છે.

'**ઉદયની બળજોરીથી છે;...**' વિકારનું ત્યાં ભાવનું બળ છે અને સ્વભાવનું બળ એટલું નથી તેથી તેના વિકારરૂપે પરિણમન જ્ઞાનીને થઈ જાય છે. '**તેનો તે જ્ઞાતા છે;...**' જેને રુચિમાં રાગ કરવાનો ભાવ નથી, જેને રુચિમાં આનંદ અને જ્ઞાન કરવાનો ભાવ છે તેને જે જોર રાગના જોરથી કાંઈ થાય તેનો તે જાણનાર રહે છે. ચોથે ગુણસ્થાનથી આ? લ્યો! વ્યવહારનું.. તમારું નાખ્યું છે, હોં! સોનગઢનું... બારમી ગાથાનું નથી લખ્યું? સોનગઢથી હિંમતલાલનું લખેલું. શ્રી હિંમતલાલ પંડિત નથી લખ્યું. એમણે લખેલું એમનામાં છે. બારમી ગાથાનો ભાવાર્થ. જયચંદ્ર પંડિતનો ભાવાર્થ. જુઓ! આમ હોય, વ્યવહાર આમ હોય, વ્યવહાર આમ હોય... વ્યવહાર આમ હોય. લ્યો. એ વ્યવહાર હોય એ નિશ્ચયનું કારણ છે એમ કહે છે ઈ. આમ કરવું ... લખ્યું છે. એમણે સ્પષ્ટ કર્યું છે. ભાવ હતો ગાથામાં એને સ્પષ્ટ કર્યું છે જયચંદ્ર પંડિતે. નામ તો આવ્યું છે તમારું એમાં. આ સોનગઢના ઓલામાં. એ ક્યાંક છે ખરું. પ્રભાવ પડે છે, ફલાણું થાય છે એમ ખૂબ લખે છે. ઘણું લખ્યું છે. ... એનો આધાર આપ્યો છે. વાંચ્યું છે તમે? ... ઈ વાત સાચી. એમાં લખ્યું છે. ખાણિયામાં લખ્યું છે, ખાણિયાની ચર્ચામાં લખ્યું છે. આ પ્રમાણે શ્રી હિંમતલાલ સોનગઢથી.. નામ આવ્યું એકલું તમારું. કહો, સમજાણું?

'**તેથી અજ્ઞાન સંબંધી કર્તાપણું...**' સમ્યગ્દૃષ્ટિને રાગરૂપે પરિણમન હોવા છતાં, કષાયરૂપે પરિણમન હોવા છતાં તેને તેના કર્તાપણાનું અજ્ઞાન નથી. સમજાય છે કાંઈ? '**નિમિત્તની બળજોરીથી થતાં પરિણમનનું ફળ કિંચિત્ હોય છે...**' લ્યો! નિમિત્તની બળજોરીથી થતાં. નિમિત્તની બળજોરી છે, સ્વભાવની બળજોરી ક્યાં છે એમ ... પોતાના સ્વભાવનો પુરુષાર્થ ત્યાં નથી. એ પરનો પુરુષાર્થ છે એમ કહેવા માગે છે. '**તે સંસારનું કારણ નથી.**'

જેની રુચિમાં રાગ નથી, તેના રાગનું ફળ સંસાર નથી એમ કહે છે.

**'જેમ વૃક્ષની જડ કાપ્યા પછી તે વૃક્ષ કિંચિત્ કાળ રહે અથવા ન રહે-'** તરત પણ સૂકાઈ જાય. **'ક્ષણે ક્ષણે તેનો નાશ થતો જાય છે,...'** જડ કાપી ઝાડની. જડ-મૂળ. એ પાંદડા કેટલો કાળ રહે? થોડા કાળમાં સૂકાઈ જાય. તરત પણ સૂકાઈ જાય કોઈ એવા હોય તો. **'તેમ અહીં સમજવું.'** લ્યો! સમ્યગ્દષ્ટિને રાગાદિ પરિણમન છે છતાં તેનું કર્તાપણું નથી, અજ્ઞાનભાવ નથી. તેથી તે ક્ષણમાં પરિણમન છે, ક્ષણિક એ પણ અલ્પ કાળમાં ટળી જશે.

**'ફરીને એ જ વાતને દઢ કરે છે :-'**

**कर्ताकर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि**
**द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः।**
**ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-**
**र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम्।।९८।।**

**'શ્લોકાર્થ :- કર્તા નક્કી કર્મમાં નથી,...'** શું કહે છે? વિકારના પરિણામનો કરનાર તે જડ કર્મમાં ગયો નથી. વિકારના પરિણામનો કરનાર તે કર્મમાં નથી. જડ કર્મની પર્યાયમાં એ છે નહિ. એ તો એની પોતાની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? **'અને કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી-'** અને કર્મમાં જડની પર્યાય જે છે એ રાગ ને વિકારનો કર્તા અજ્ઞાની તેમાં એ જડની પર્યાય આવી નથી. કહો, સમજાણું આમાં? બંને જુદે જુદા છે એમ કહે છે. વિકારનો કરનાર તે કર્મમાં આવ્યો નથી અને કર્મની પર્યાય તે વિકારના કર્તાપણામાં આવી નથી. બેય જુદે જુદા છે.

**'એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે...'** એમ જો બન્નેને પરસ્પર જુદા કરવામાં આવે **'તો કર્તાકર્મની સ્થિતિ શી? (અર્થાત્ જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.)'** જીવના ભાવને ભાવ કરનારો હોવા છતાં પુદ્ગલના કાર્યનો તે કર્તા હોઈ શકે નહિ. કહો, સમજાણું? જીવ પોતાના જ પરિણામના કર્તા એ જડમાં આવતો નથી, જડ એની પર્યાયનો કર્તા પરિણમનારો એ અહીં વિકારી પરિણમનમાં આવતો નથી. આમ જ્યાં બે ભિન્ન પડી જાય છે ત્યાં જીવ કર્મનો કર્તા છે એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ? હવે અહીં તો હજી પુદ્ગલનો કર્તા જીવ નથી. કર્મ બંધાય તેનો. એને ઠેકાણે આ તો હજી બહાર કરી શકે છે. ન કરી શકે કેમ? નિમિત્ત કર્તા છે. નિમિત્ત કર્તા પણ નય છે, વ્યવહાર પણ નય છે. નયનો વિષય છે. વિષય છે તે સાચો છે એમ પાછો. સાચો એટલે છે ખરો. પણ પરનું કરી શકે છે એમ છે નહિ.

'**જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.**' એટલે કે જીવને અને જડને બેને કર્તાકર્મનો સંબંધ હોઈ શકે નહિ. જીવ કર્તા કર્મનો અને કર્મ કર્તા જીવનું કાર્ય એમ બની શકતું નથી. સમજાણું કાંઈ? જીવ અજ્ઞાનભાવે વિકારનો કર્તા થાય અને વિકાર તેનું કાર્ય. પણ જડનું કાર્ય તેનું બને એમ બની શકતું નથી.

'**આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે...**' જુઓ! એમ આત્મા તો આત્મામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે. સમજાણું? જાણનાર જાણનારમાં જ છે અને કર્મ કર્મમાં જ છે. '**એવી વસ્તુસ્થિતિ પ્રગટ છે.**' આવી મર્યાદા જડ અને ચૈતન્યની હદ પ્રગટ છે. '**તોપણ અરે! નેપથ્યમાં...**' પડદા પાછળ. મિથ્યાત્વમાં '**આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે?**' શું થયું આ તે? જડને કરું છું એવું જે કર્તાપણું એવો જે મિથ્યાત્વભાવ કેમ થઈ રહ્યો છે? સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ જ બેની જુદી, એમાં જુદીનું જુદાનું કરે, આવો જે મિથ્યાત્વભાવ કેમ નાચી રહ્યો છે? કહે છે. એમ આચાર્યને આશ્ચર્ય થાય છે. એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય થાય છે. નિશ્ચયથી અહીં વાત છે, ઉપાદાનથી વાત છે. એમ કહે છે. દરેકના અર્થમાં...

'**ભાવાર્થ :- કર્મ તો પુદ્‌ગલ છે,...**' જડ રજકણો જ્ઞાનાવરણીય આદિના તો પરમાણુ છે. '**તેનો કર્તા જીવને કહેવામાં આવે તે અસત્ય છે.**' જૂઠું છે. એ કાર્ય જૂઠું છે. '**તે બંનેને અત્યંત ભેદ છે,...**' જીવ અને પુદ્‌ગલ બેની ક્રિયા તદ્દન જુદી છે. '**જીવ પુદ્‌ગલમાં નથી...**' કર્તાકર્મમાં નથી એમ આવ્યું હતું ને? આત્મા જડમાં ગયો નથી અને પુદ્‌ગલ જીવમાં નથી. '**તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે?**' આત્મા કર્તા અને કર્મની અવસ્થા તેનું કાર્ય, જડની અવસ્થા તેનું કાર્ય એમ કેમ હોઈ શકે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહારે નિમિત્તથી કહ્યું. જૂઠું જૂઠું. માથે કીધું ને અસત્ય. એ જૂઠી નયે જૂઠા બોલો જૂઠા બોલવાથી છે.

'**માટે જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે,...**' પોતે જે જાણનાર જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાતા જ છે. '**પુદ્‌ગલકર્મનો કર્તા નથી; અને પુદ્‌ગલકર્મ છે તે પુદ્‌ગલ જ છે,...**' લ્યો! જડ તે જડનું કાર્ય કરે. એમાં જ્ઞાતાનું કર્મ એમાં નથી. જાણનારનું તેમાં કાર્ય નથી અને જાણનારનું તેમાં કાર્ય નથી અને જડનું કાર્ય જાણનારમાં નથી. '**આચાર્યે ખેદપૂર્વક કહ્યું છે કે-આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે...**' આમ પ્રગટ બે જુદા છે '**તોપણ હું કર્તા છું અને આ પુદ્‌ગલ મારું કર્મ છે એવો અજ્ઞાનીનો આ મોહ કેમ નાચે છે?**' આચાર્યે આમાં ચોખ્ખી વાત કરી છે. કર્મનું બંધન થાય તેનો કર્તા આત્મા નથી, છતાં કેમ

માને છે આ તે? શું થયું એને? કહે છે. અજ્ઞાનીને આવો અજ્ઞાન શી રીતે થયો? સ્વતંત્ર પદાર્થ એની પર્યાયથી પરિણમે, તું તારી પર્યાયથી પરિણમ, એમાં તું એનો કર્તા આ તે શું થયું તને?

**'અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો; તથાપિ વસ્તુસ્વરૂપ તો જેવું છે તેવું જ છે-'** અહીં તો જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ છે. ભલે પુદ્‌ગલને નાચવાનું કહે, પુદ્‌ગલ પરિણમો, પણ એ તો જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાન જ છે. એમાં કાંઈ વસ્તુમાં ફેરફાર નથી.

**कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव**
**ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गलः पुद्गलोऽपि।**
**ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथोच्चै-**
**श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत्।।९९।।**

.. અવિભાગ અંશો નિર્મળ એવા પ્રગટ્યા, કહે છે. સ્વરૂપ જ્ઞાનનું જે છે શુદ્ધપણું એવું પર્યાયમાં એવું પ્રગટ્યું. પરના કર્તાપણાના રહિત, રાગના કર્તાપણા રહિત. કે જે **'અચળ, વ્યક્ત અને ચિત્શક્તિઓના સમૂહના ભારથી અત્યંત ગંભીર આ જ્ઞાનજ્યોતિ...'** ભગવાન જ્ઞાનસૂર્ય અચળ છે એ ચળે નહિ. વ્યક્ત નામ પર્યાયમાં પ્રગટ થયો છે. ચિત્શક્તિઓનો સમૂહ-જ્ઞાનના અવિભાગ સમૂહ. પર્યાયની સામર્થ્યનો સમૂહ. એના ભારથી એટલે એના જોરથી અત્યંત ગંભીર છે. જેની જ્ઞાનપર્યાય અનંતને જાણે એવી ગંભીરતા છે.

**'આ જ્ઞાનજ્યોતિ...'** એવો જ્ઞાન ભગવાન આત્મા રાગથી કર્તાપણાના ભાવથી જુદો પડતો, જ્ઞાન જ્ઞાનસ્વરૂપે ઠરતો રહેતો **'ઉગ્રપણે એવી રીતે જાજ્વલ્યમાન થઈ...'** જ્ઞાનસ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ એવી રીતે ઉગ્રપણે જાજ્વલ્યમાન પ્રગટ થઈ **'કે-આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો ને હવે કર્તા થતો નથી...'** સ્વરૂપના જ્ઞાનના ભાન વિના રાગનો, વિકારનો કર્તા થતો હતો એ જ્ઞાનસ્વરૂપે ચૈતન્ય જ્યોતની શક્તિ પ્રગટ થતાં એ રાગાદિ કે પરનો હવે કર્તા થતો નથી. એટલે કે તેને હવે કર્મપણું પરિણમે એવા પરમાણુ પણ નથી. એને તો જ્ઞાનરૂપે પરિણમન રહી ગયું છે. સમજાણું કાંઈ?

આત્મા પોતાના સ્વરૂપના અજ્ઞાનમાં જ્યાં સુધી ભાન, ચૈતન્ય જ્યોત જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન નહોતું, ત્યાં સુધી કર્મની ક્રિયા કરું કે રાગ કરું એવું અજ્ઞાન હતું. જ્ઞાનસ્વરૂપનું ભાન થતાં એવી રીતે નિર્મળ પર્યાય અચળ વ્યક્ત અને અનંત શક્તિથી પ્રગટ થઈ કે તેને હવે અજ્ઞાનમાં રાગનું કર્તાપણું હતું તે ટળી ગયું. સમજાણું કાંઈ? **'તે હવે કર્તા થતો નથી...'** એટલે જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું. અજ્ઞાનના નિમિત્તે પુદ્‌ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી. મિથ્યાત્વનું કર્તાપણું જ્યાં સુધી હતું ત્યાં સુધી કર્મ કર્મપણે પરિણમતું. અહીંયાં મિથ્યાત્વના

પરિણમનરૂપે જ્ઞાન ન રહ્યું, જ્ઞાન જ્ઞાનરૂપે થયું ત્યારે કર્મપણે, પુદ્ગલ પણ કર્મપણે થવા અટકી ગયો.

'**પુદ્ગલ કર્મરૂપ થતું નથી...**' સમજાણું કાંઈ? પાછું એક બીજાના કર્તાકર્મ વિના, હોં! એમ કહે છે અહીં. આત્મા અજ્ઞાનભાવે વિકારનો કર્તા થતો હતો ત્યારે પુદ્ગલ પણ કર્મરૂપે પરિણમતું હતું, સ્વતંત્ર. જ્યારે આત્મા જ્ઞાનસ્વરૂપે પોતાના ભાનમાં ભૂમિકામાં પોતાની સત્તાના સ્થળમાં આવ્યો ત્યારે આત્મા આત્મારૂપે રહી ગયો. કર્મ પુદ્ગલરૂપે થતું, પુદ્ગલ કર્મરૂપે થતું એ થતું નથી. આત્મા આત્મા અને પુદ્ગલ પુદ્ગલ. એમ કહે છે. બેય બેય થઈ ગયા જુદા. સમજાણું કાંઈ? અજ્ઞાનને કારણે પુદ્ગલ કર્મરૂપે પરિણતું હતું તે કર્મરૂપ થતું નથી. '**વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે.**' આત્મા તો ચૈતન્યમૂર્તિ છે એમ ભાનમાં આવ્યો તો જ્ઞાનમાં રહે છે અને પુદ્ગલ જે કર્મરૂપે થતું એ પુદ્ગલ પુદ્ગલરૂપે રહે છે. હવે કર્મરૂપે થતું નથી. બે જુદા પડી ગયા. છેલ્લો અધિકાર છે ને કર્તાકર્મનો? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્મા જ્ઞાની થાય...**' આત્મા જ્ઞાની એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું ભાન કરે '**ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમે છે,...**' રાગરૂપે થતું નથી. રાગરૂપે થતું નથી એટલે પુદ્ગલ કર્મરૂપે પણ થતા નથી. '**પુદ્ગલકર્મનો કર્તા થતું નથી; વળી પુદ્ગલ પુદ્ગલ જ રહે છે,...**' કર્મરૂપે પરિણમતું નથી. પુદ્ગલ .. પરિણમે. એ નિમિત્તપણું અહીં નથી એટલે ત્યાં પણ પરિણમતું નથી. '**આમ યથાર્થ જ્ઞાન થયે બન્ને દ્રવ્યના પરિણામને નિમિત્તનૈમિત્તિકભાવ થતો નથી.**' બન્ને દ્રવ્યના પરિણામને. અજ્ઞાની રાગભાવનો કર્તા થતો ત્યારે પુદ્ગલ કર્મરૂપે પરિણમતું. એ જ્યારે જ્ઞાન જ્ઞાનરૂપે થવા માંડ્યું ત્યારે કર્મ પુદ્ગલરૂપે કર્મ થતું એ થતું નથી. બેય જુદા પડ્યા. નૈમિત્તિક ભાવ થતો તે મટી ગયો. '**આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને હોય છે.**' કહો!

ક્યા ગુણસ્થાનની વાત કહી? ઓલા કહે કે બારમા ગુણસ્થાન સુધી વ્યવહાર સમકિત, વ્યવહાર ચારિત્ર કીધો. થઈ રહ્યું. નિશ્ચય સમ્યગ્દર્શન તો .. ગેજેટમાં આવ્યું છે. અરે..! કાનજીસ્વામીની મોટી ભૂલ. ચોથે ગુણસ્થાનથી નિશ્ચય સમકિત કહે છે. મોટી ભૂલ કરે છે એમ લખ્યું છે. પોતે લખ્યું છે, લખ્યું છે મીઠાશથી. આ એક ભૂલ ફેરવી નાખે તો બધું ઘણું સરખું થઈ જાય. તો તો ઉપાદાન-નિમિત્તનું સરખું આવી જાય. વ્યવહાર તે પણ ક્યો વ્યવહાર? સરાગ સમકિત ચોથે હોય, સરાગ જ્ઞાન ચોથે હોય, સરાગ ચારિત્ર છઠ્ઠે હોય. એને ઠેકાણે કહે, નિશ્ચય સમ્યક્ ચોથે હોય, નિશ્ચય ચારિત્ર છઠ્ઠે હોય. કહે છે, વ્યવહાર-ફ્યવહાર વસ્તુ કેવી? સાંભળ તો ખરો. આહાહા..! બહુ સોંઘુ કરી નાખ્યું. એ કહે, અહીં

સોંઘું કર્યું. એ કહે કે સોંઘુ બહુ કર્યું. વ્યવહાર ચારિત્ર પાળ્યા વિના નિશ્ચય... આ તો કરી લે. ચોથે ગુણસ્થાને .. હોય શુભભાવ. એમાં જેટલો રાગાંશ છે એટલો પુણ્યબંધ છે. અને જેટલો અશુદ્ધથી નિવર્ત્યો છે, નિવૃત્તિ છે એટલી સંવર નિર્જરા છે. કહો, છોટાભાઈ! સીધી વાત છે, લ્યો. ક્યાંથી નિવર્તે? પણ એ ઓલો શુભભાવ આવ્યો ને એમ કે મહાવ્રતનો. એમાંથી આ ... હિંસા નિવૃત્તિ આવી ને હિંસાથી નિવર્ત્યો છે ને. શુભભાવમાં હિંસાના પાપથી તો નિવર્ત્યો છે ને? એટલે નિવર્ત્યો છે જેટલો અશુભભાવથી એટલી સંવર-નિર્જરા. .. રાગનો .. શુભભાવમાં બે અંશ છે, અખંડ એક પર્યાય છે. અખંડ એક પર્યાયમાં બે ભાગ છે.

મુમુક્ષુ :- અખંડ એક પર્યાયમાં બે ભાગ ક્યાંથી આવી ગયા?

ઉત્તર :- આમાં એમ લીધું. અખંડ એક પર્યાય અને .. પર્યાય એક જ અખંડ છે, એના બે ભાગ છે. નિવૃત્તિ અંશ છે તે સંવર-નિર્જરા, પ્રવૃત્તિ અંશ છે તે આસ્રવ. ભારે વાત પણ આ, ઓહોહો..! પુણ્ય-પાપનો અધિકાર છે ને? ચોખ્ખી ટીકા લખી છે કે શુભ તે મોક્ષમાર્ગ છે અને અશુભ તે બંધમાર્ગ છે. આવું ચોખ્ખું લખ્યું છે. આ ટીકા લ્યો. નાખ્યું છે એમાં. ખાણિયામાં, હોં! ખાણિયાની ચર્ચામાં. ત્યાં શુભ એટલે ભલો એવો તો કૌંસમાં અર્થ ભર્યો છે. ભલો એટલે મોક્ષમાર્ગ, શુભ એટલે મોક્ષમાર્ગ તેને ભલો કહેવો. સ્વભાવની દૃષ્ટિ અનુભવ જ્ઞાનાદિ સ્થિર થયા એને ભલો કહેવો. શુભ રાગાદિ છે એ તો અશુભ છે બધું. અશુભ છે, અશુભમાં જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ આવી ગયો.

એ પહેલું લખ્યું હતું. તે દિ' વાંચ્યું હતું ખરું પણ આજ આવ્યું છે આમાં. આહાહા..! આટલી ઉપરથી વાત કરે છે કે પુણ્ય અને પાપના પરિણામનો ભેદ અજ્ઞાની પાડે છે વ્યવહારવાળો. નિશ્ચયમાં શુભાશુભભાવનો ભેદ નથી એ તો વાત કરે છે. વાત કર્યા પછી તો આ વાત કરી છે. કે શુભ એ તો મોક્ષમાર્ગને આશ્રયે છે એટલે સ્વભાવ શુદ્ધને આશ્રયે મોક્ષમાર્ગ છે, અશુભ એ પુણ્ય-પાપ ભાવ છે. એ બધો બંધના માર્ગમાં છે. કહે કે આવું લખાણ ટીકાનું... ટીકા છાપી છે એમાં લખી છે.

**'ટીકા :- આ પ્રમાણે જીવ અને અજીવ કર્તાકર્મનો વેશ છોડીને બહાર નીકળી ગયા.'** આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન થતાં હું તો ચૈતન્યસૂર્ય છું. રાગ અને કર્મની પર્યાયનો હું કર્તા નથી. એમ ભાન થયું ત્યારે આત્મા છૂટો પડી ગયો, કર્મ પણ પુદ્ગલરૂપે પરિણમી ગયું. બેય જુદે જુદા થઈ ગયા. સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ :- જીવ અને અજીવ બન્ને કર્તા-કર્મનો વેશ ધારણ કરી એક થઈને...'**

ભેગા થઈને આવ્યા હતા. જીવ કર્તા અને અજીવ તેનું કાર્ય. બે ભેગા થઈને આવ્યા. '**રંગભૂમિમાં દાખલ થયા હતા.**' નાટક કહે છે ને નાટક? શું કહે છે એને? અખાડો. કાંઈક કહે છે ને? '**સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ દેખનારું છે તેણે જ્યારે તેમનાં જુદાં જુદાં લક્ષણથી એમ જાણી લીધું...**' જુદાં જુદાં લક્ષણથી આત્મા જ્ઞાનસ્વરૂપે જણાય છે અને કર્મ તે જડરૂપે છે. એમ જુદાં જાણી લીધા '**કે તેઓ એક નથી...**' કર્મ અને આત્મા એક નથી. બેય જુદા છે. '**ત્યારે તેઓ વેશ દૂર કરી રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા.**' જીવ જીવરૂપે થયો અને કર્મ પુદ્‌ગલરૂપે થઈ ગયું.

'**બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે...**' ભાંડ-ભાંડ. ભાંડનું એવું જ પ્રવર્તન છે '**કે દેખનાર જ્યાં સુધી ઓળખે નહિ ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે,...**' .. આમ કરે, ફલાણું કરે. અમે હતા ને એક ભાંડ આવ્યો હતો ત્યાં. શું ગામ નહિ? કિમ. કિમ. સુરત પાસે. ઉપર ઉતર્યા હતા દેરાસરમાં. હેઠે આવ્યો એક ભાંડ. હાથમાં લાકડી અને લીલું પહેર્યું હોય ને? .. બરાબર આવ્યો હેઠે. દુકાન હતી. .. ફલાણું છે. પછી તો જાણી ગયા. આબેહુબ હોં! પછી કીધું, ભાંડ છે, દરરોજ આવે છે. કોઈ વખતે ભિખારી થઈને આવે છે, કોઈ વખતે આમ. .. હોય તો કોઈને કાંઈ વહેમ પડે નહિ.

'**બહુરૂપીનું પ્રવર્તન હોય છે કે દેખનાર જ્યાં સુધી ઓળખે નહિ ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે, પરંતુ જ્યારે યથાર્થ ઓળખી લે ત્યારે નિજ રૂપ પ્રગટ કરી ચેષ્ટા કરવી છોડી દે.**' વયો જાય, ભાગી જાય. એમ આત્મા અને વિકાર અથવા કર્મ બે જુદા છે એમ જાણ્યું એટલે આત્મા આત્માપણે રહી ગયો અને કર્મ પુદ્‌ગલપણે રહી ગયું. બે ભેગા વેષ કરીને આવ્યા હતા પણ ભેગા હતા નહિ. '**તેવી રીતે અહીં પણ જાણવું.**' લ્યો. એ બધાનો અધિકાર આખું કહે છે.

**'જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતા સો,**
**તાકરિ બંધન આન તણું ફલ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો;**
**જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,**
**આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહૈ નિતિ થાસો.'**

શ્લોક છે શ્લોક. છેલ્લો શ્લોક છે. પૂરો થાય છે. હિન્દી શ્લોક છે હજી. '**જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતા સો,...**' પોતાના ચૈતન્ય સ્વરૂપના ભાન વિના અજ્ઞાની, અજ્ઞાનને વશ થયેલો વિકાર ઉપજાવે છે અને કર્તા તેનો થાય અને કર્મનો કર્તા માને છે. જોયું! '**જીવ અનાદિ અજ્ઞાન વસાય...**' સ્વરૂપ ચૈતન્યના ભાન વિના એ અજ્ઞાની રાગનો કર્તા થાય છે. '**તાકરિ બંધન આન તણું ફલ લે...**' અને જે બંધન પડે અજ્ઞાનીને

એનું ફળ ભોગવે. **'સુખ દુઃખ ભવાશ્રમવાસો;...'** ભવાશ્રમ ચોર્યાસીના ગતિમાં ભવાશ્રમ લે, ભવમાં આશ્રમ લે, આશ્રમ કરે. રહે એમ. ચોર્યાસીના અવતારમાં રહે અને સુખ-દુઃખ ભોગવે ચાર ગતિના. ઓહોહો..! એ માને છે ને. કે દિ' સુખ ધૂળમાં હતું? પણ માને છે કે નહિ એ? આ બધા માને ને પૈસા થયા એટલે અમે સુખી છીએ. શરીર નિરોગી એટલે સુખી છીએ. માને છે ને. એને માન્યું એની વાત કરે. હતું કે દિ' સુખ? એની ભાષાથી સમજાવે છે. સુખ છે ને કાંઈક? આ લખ્યું છે કે નહિ આમાં?

**'જ્ઞાન ભયે કરતા ન બને...'** ચૈતન્ય સ્વરૂપ છું હું કોને કરું? જ્ઞાન કરે કોને? જ્ઞાન તો થાય તેને જાણે. આત્મા ચૈતન્ય સૂર્ય છે. એ જડની ચીજોના કાર્યને થાય તેને તો જાણે. એ કર્તા એનો થતો નથી. કેમ હશે આમાં? ...ભાઈ! આ બધા હુશિયાર બધું કરતા હશે કે નહિ? લખુભાઈ! લોકો કહે છે કે લખુભાઈ બહુ હુશિયાર થયા છે. દુકાન બધી સાચવે છે. માણસ એમ વાતું કરે છે. કોણ કરતું હશે આમાં? .. ભાઈ! શું હશે?

અહીં તો કહે છે કે ભાઈ! એ પરમાણુઓ જડ છે, પૈસા, નોટ, ચા, સાકર, મકાન, લાકડા એ હાથ, પગ, વાણી એ બધું તેને કારણે ત્યાં ક્રિયા જડની જડને કારણે થાય. આત્મા તેનો કર્તા નથી. સમજાણું કાંઈ? **'જ્ઞાન ભયે કરતા ન બને...'** અજ્ઞાનથી માને. માને. પણ આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એમ ભાન થતાં **'કરતા ન બને તબ બંધ ન હોય...'** ત્યારે પછી નવું કર્મબંધન હોય નહિ. **'ખુલૈ પરપાસો,...'** પૂર્વના બંધ પડ્યા હોય એ પણ ખુલી જાય.

**'આતમમાંહિ સદા સુવિલાસ...'** ચૈતન્ય સ્વરૂપના આનંદમાં વિલાસ કરે ધર્મી. **'સિવ પાય...'** અને મોક્ષને પામીને **'રહૈ નિતિ થાસો.'** અવિનાશપણે ત્યાં રહે. મોટું કર્મ આ કર્તાકર્મનું આ મૂકી દીધું. ઘણાં વખતથી આ તો ચાલતું હતું. ૧૨૬ સુધી તો ચાલ્યું હતું પહેલાં. હમણાં આવીને આ થયું. કહો, સમજાણું? ૨૫ દિ' થયા આજ. ૨૫ વ્યાખ્યાન થયા. બપોરમાં તો ચાલે છે ને અખંડ. ૨૫ થયા ૨૫ આ. ૨૫ દિ' થયા ને આજ.

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં કર્તાકર્મનો પ્રરૂપક બીજો અંક સમાપ્ત થયો.'** લ્યો! પહેલો અધિકાર જીવ-અજીવનો અને બીજો અધિકાર કર્તાકર્મનો. હવે આવ્યો પુણ્ય અને પાપનો.

**'પુણ્ય-પાપ બન્ને કરમ,...'** ઓલું એમ લીધું છે કે કર્મની વ્યાખ્યા અને તમે ભાવ ક્યાં નાખો છો આમાં? નાખ્યું છે એણે. અહીંયાં તો શુભ-અશુભ કર્મ છે એનો સંસર્ગ ન કરવો, જડ છે એનો. એનો રાગ ન કરવો. તમે ત્યાં પુણ્યના ભાવમાં નાખો છો. અહીં

તો બધું એક જ છે, સાંભળને! ચાર બોલ તો સિદ્ધ કર્યા છે. શું કરે છે જીવ? ના, ના. વ્રત, નિયમ, તપ આદિને શુભકર્મ નથી કહ્યું? પાઠમાં કહ્યું છે બધું પણ શું થાય? બિચારા સમાજને ખબર ન મળે અને સાધારણ ક્રિયાકાંડમાં ધર્મ થઈ જાય, સંવર-નિર્જરા થઈ જાય એટલે આહા..! વાહ પંડિતજી વાહ! ભારે શબ્દાર્થ કરે છે. ભારે કરે છે. ઓહો..!

'**પુણ્ય-પાપ બન્ને કરમ,...**' છે તો નિષેધ કર્મનો, પણ કર્મનું કારણ, કર્મનું ફળ બધાનો નિષેધ છે. બેય બાજુનો નિષેધ છે. શુભ-અશુભ કર્મનો નિષેધ છે તો જેના પરિણામે થાય એનો નિષેધ છે અને એના ફળરૂપે સંયોગ મળે એનો પણ નિષેધ છે. સમજાણું કાંઈ? આવી ગયું નહિ આપણે? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં નહિ? ઘાતિકર્મથી બનતા, નિમિત્તથી થતાં અંદર વિકારીભાવ એ કર્મજન્ય છે, આમ અઘાતિથી બનતા બહાર સંયોગ. બેય વિનાનો ભગવાન આત્મા છે. કર્મના ઉપાધિના ભાવથી રહિત, કર્મના નિમિત્તથી સંયોગ પ્રાપ્ત થાય એનાથી રહિત છે. એવું ચૈતન્ય સ્વરૂપ છે એને વિકાર અને સંયોગસહિત માનવું તે જ બધું સંસારનું બીજ છે. આવી ગયું ને એ? પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં આવી ગયું. અમૃતચંદ્રાચાર્ય. એ અમૃતચંદ્રાચાર્ય આ ટીકા કરનાર છે. અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી છે. એણે એમ લખ્યું છે, હોં! હિંમતભાઈ! સમજાણું? જુઓ! આ અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી છે. એમ લખ્યું છે. આ લખ્યું છે, જુઓ! એની ટીકા છે ને. શુભ અથવા અશુભ મોક્ષકા ઔર બંધકા માર્ગ જુદે હૈં. કેવલ જીવમય તો મોક્ષકા માર્ગ ઔર કેવલ પુદ્‌ગલમય બંધકા માર્ગ. પંડિત શ્રી જયચંદ્રજી. સમજ્યાને? ટીકા મૂકી છે વળી પછી. શીલ શુભાશુભ કર્મ ... શેના હારમાં પ્રતિષેધ કર્યો છે? તમે આ ક્યાં શરૂ કર્યું? એ શબ્દ નાખ્યો છે, હોં! એ છે ને આ.

ટીકાકાર ઐસા લિખતે હૈં. ... શુભ અને અશુભ ક્રમશઃ મોક્ષકા ઔર બંધકા માર્ગરૂપ હૈ. શું ભાષા લખી છે? આમ છે કે નહિ? ટીકામાં છે કે નહિ? ટીકા નાખી છે. ૬૫૫ પાને છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે આ. અર્થાત્ કૌંસમાં. શુભ મોક્ષકા માર્ગ હૈ, જબકિ અશુભ બંધ કા માર્ગ હૈ. એય..! પંડિતજી ક્યાં ગયા? હિંમતભાઈ ગયા? અતઃ દોનોં પૃથક્ હૈં. કિન્તુ કેવળ જીવમય તો મોક્ષકા માર્ગ હૈ. શુભભાવ એ જીવમય છે, મોક્ષનો માર્ગ છે. કેવલ પુદ્‌ગલમય બંધકા માર્ગ હૈ. વહ અનેક હૈ, એક નહિ. ઉનકે એક ન હોને પર ભી કેવલ પુદ્‌ગલમય બંધમાર્ગકી આશ્રયતાકે કારણ આશ્રયકે ભેદ સે કર્મ એક હી હૈ. ઈસ પ્રકાર ઈસ ગાથા કી ટીકા કા અભિપ્રાય જીવમય પુણ્યકો મોક્ષમાર્ગ બતલાકર પુણ્યકી ઉપાદેયતા કી પુષ્ટી કરતા હૈ. જુઓ તો ખરા, શું કરે છે આ તે? આંધળું તે પણ કેટલું ખાતુ આંધળું આ? આહાહા..! ગજબ વાત છે ને. ઓલા ચાર ચાર બોલ ખુલાસા કર્યા. શું કરવું આમાં? એય..!

ઈસપ્રકાર ઈસ ગાથાકી ટીકાકા અભિપ્રાય જીવમય પુણ્યકો મોક્ષમાર્ગ બતલાકર.. એમાંથી

કાઢ્યું. ઉનકી ઉપાદેયતાકી પુષ્ટી કરતા હૈ. અતઃ યહ ટીકાકે ઉદ્દેશસે વિપરીત હૈ. તમે લખો છો... અરે..! ભગવાન! આવા ને આવા ભાઈ ઉત્તર છે બધા. લ્યો. આ તો એક ઊંચામાં ઊંચી એક વાત કહી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. શેનો પણ? શુભ એટલે કે આત્માનો ભલો આશ્રયનો માર્ગ એ શુભ છે. અશુભ એટલે કે પુણ્ય-પાપ બેય અશુભ છે એમ સિદ્ધ કરે છે ત્યાં. એય..! છોટાભાઈ! પુણ્ય-પાપ આવે છે ને? હવે આ ખાણિયાની ચર્ચા, આ પંડિત અને આ દુનિયાના મોટા. મારી નાખે છે. વાડ વેલાને ખાય છે. કહો, આ અમૃતચંદ્રાચાર્ય ટીકામાં લે છે. શુભ-અશુભ મોક્ષબંધમાર્ગઃ. શુભ તે મોક્ષ અને અશુભ તે બંધમાર્ગઃ. આંધળું તે કેટલું ખાતું છે! ખાણિયાની આ ચર્ચા. આહાહા..!

'**પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;...**' શુદ્ધાત્મા જેણે લહ્યો. અહીં પાછું આવ્યું, જુઓ! પાછું અહીં તો શુદ્ધાત્મા જાણેલો. કર્મ હોય તો પાછો શુભાશુભ પરિણામવાળો આત્મા એમ કેમ ન લીધો? એ કીધું ને, એણે કીધું છે. શુભ એટલે ... ગજબ કરે છે. આહાહા..! ત્યાં અર્થ શું પણ કરે છે? '**પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;...**' ધર્માત્મા પુણ્ય અને પાપ બેય કર્મને બંધરૂપ માની, અને બંધનું કારણ કહેશે ને. બંધરૂપ તો એ કર્મ. એનું કારણ પણ કહેશે. કારણ એ બંધરૂપ જ છે. ભાવબંધ.

'**શુદ્ધાત્મા જેણે લહ્યો,...**' લ્યો! શુદ્ધ સ્વરૂપ પુણ્ય-પાપના ભાવ, પુણ્ય-પાપનું બંધન અને પુણ્ય-પાપના ફળ, એનાથી રહિત જેણે શુદ્ધાત્માની દૃષ્ટિ અને અનુભવ કર્યો, '**નમું ચરણ હિત જાણી.**' લ્યો! એવા ધર્માત્માના ચરણમાં હિતને જાણી નમસ્કાર કરું છું. વંદે તદ્ગુણ લબ્ધયે. જુઓ! ભગવાનના વંદન કરે તે તેના ગુણને માટે. એને શુભભાવ છે પણ એમાં હેતુ વીતરાગતાનો છે. એમ બધું લખ્યું છે. ભાઈએ નાખ્યું છે, વર્ણીજીએ. તદ્ગુણ લબ્ધયે. ત્યાં ક્યાં એને આશા રાગની છે? ભગવાનને વંદન કરે છે શુભભાવમાં વીતરાગતા પામવાનું છે. વીતરાગતાનું કારણ એનો શુભભાવ છે. તદ્ગુણ લબ્ધયે છે કે નહિ? હું વંદન કરું છું તમારા ગુણની પ્રાપ્તિ માટે. વંદન કરું છું પરદ્રવ્યને, ત્યાં તો શુભભાવ છે. શુભભાવમાં સંવર-નિર્જરાની પ્રાપ્તિ હોય ત્યારે એમ કહે છે ને. વીતરાગતાનું કારણ થાય છે એ. ના, ના. વીતરાગતાનું કારણ છે નહિ. સાંભળ તો ખરો. તદ્ગુણ લબ્ધયે. પરદ્રવ્યનું લક્ષ એ તો શુભરાગ છે. શુભરાગને લઈને વીતરાગતા પ્રાપ્ત થતી હશે?

'**પ્રથમ ટીકાકાર કહે છે કે હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.**' શબ્દ તો અહીં તો પહેલેથી ઉપાડ્યો છે. '**જેમ નૃત્યના અખાડામાં એક**

**જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય....**' સમજાણું? મેનેજર પણ એ અને પીંગળા પણ ઈ. ત્યાં દાખલો આપ્યો હતો. પાલેજમાં. ત્યાં પાલેજમાં થયેલું ખરું ને. પાલેજમાં થયેલું. તમે છોકરાઓ હતા, ખબર ન હોય. અહીં હતો. એક ભતૃહરિનો ખેલ હતો. મેનેજર હતો. એ મેનેજર હોય આમ... પછી પાછો પીંગળાનો વેશ લઈને આવતો હતો. એમાં મોટી તકરાર થઈ અને એમ ને એમ અડધો સ્ત્રીનો વેશ અને એમાં આવ્યો બહાર. તકરાર થઈ બેસવામાં. મફત કેટલાક બેસતા, એમાં (થઈ) તકરાર. કીધું, આ તો મેનેજર પીંગળા થાય છે. નાટક જોવા ગયેલા ભતૃહરિનું. આ તો મેનેજર સ્ત્રી થાય છે. કાપડું બરાબર સુંદર પહેરીને. અડધું કાપડું પહેરીને આમ. હજી સાડલો પહેર્યો નહોતો. બહાર નીકળવાનું થયું ઓલામાંથી. આ તો ઘણાં વખતની વાત છે, હોં! ૧૯૬૫-૬૬. એનો એ.. શું કહેવાય એ? સમજ્યાને? મેનેજર. અને એનો એ આ પીંગળા રાણી થાતી હતી, લ્યો.

એમ આ એક કર્મ પુણ્યરૂપે પામે અને એક કર્મ પાપરૂપે. પણ છે બેય કર્મ. એમાં એકેય આત્મા છે નહિ. એમ કહે છે. ફેર હતો, કીધું ને. માથે ઓઢણી નહોતું ઓઢ્યું, કાપડ પહેર્યું હતું. એમ ને એમ બહાર આવ્યો. ઓલી તકરાર થઈને. પડદો હજી પાડ્યો નહોતો ત્યાં. બહાર નીકળ્યો એકદમ. ત્યારે ખબર પડી કે આ તો મેનેજર. પીંગળા થઈને આવશે આ તો. કેમ કે કાપડું-બાપડું પહેરેલું સરખાઈનું. સ્ત્રીનો દેખાવ એવો. અને આવવું પડ્યું એકદમ. એટલે એમ ને એમ આવ્યો અડધો વેશ પેલો અને અડધો વેશ એવો. અમે તો જાણી ગયા કે આ તો મેનેજર છે. એને એ રાણી થાય છે. એમ ધર્મી પુણ્ય અને પાપને એક કર્મરૂપે જાણે છે. ઘડીકમાં પુણ્યનો વેશ ધારીને આવે કર્મ, ઘડીકમાં પાપનો વેશ ધારણ કરીને આવે. ધર્મી બેયને કર્મ જાણે છે. બેયમાં એકેય આત્મા છે નહિ. એમ કહે છે. સમજ્યા ને? આ હમણાં ત્યાં વાંચેલું. આ ત્યાં વાંચ્યું હતું. પાલેજ. પુણ્ય-પાપનો અધિકાર. એના પ્રમાણમાં હોય ને ત્યાં.

'**નૃત્યના અખાડામાં એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે,...**' બેય આ તો એનો એ છે. હમણા પીંગળા થઈને આવી હતી, આ મેનેજર થઈને આવ્યો છે. '**એવી રીતે જોકે કર્મ એક જ છે તોપણ પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે...**' ઘડીકમાં પુણ્યના પરિણામ હોય તો અહીં પુણ્ય બંધાય, પાપના હોય તો પાપ બંધાય. છે તો બેય કર્મ જ. કર્મની પર્યાયમાં બે રૂપ નાચે છે.

'**તેને, સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે તે એકરૂપ જાણી લે છે.**' કર્મ બેય એક જ છે. બેમાં એકેય આત્માનું છે નહિ. '**તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની**

**શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :-'**

**तदथ कर्म शुभाशुभभेदतो**
**द्वितयतां गतमैक्युमुपानयन्।**
**ग्लपितनिर्भरमोहरजा अयं**
**स्वयमुदेत्यवबोधसुधाप्लवः।।१००।।**

હવે '**अथ**' શબ્દ પડ્યો છે ને. '**(કર્તાકર્મ અધિકાર પછી) શુભ અને અશુભના ભેદને લીધે બે-પણાને પામેલા તે કર્મને એકરૂપ કરતો,...**' એકરૂપ કરતો એટલે બેય એક જ કર્મ છે એમ ધર્મી જાણતો. જ્ઞાનરૂપી ચંદ્રમા એમ કહે છે, જુઓ! જ્ઞાનસુધાંશુ. સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા. આત્માનું અંતર ભાન થતાં કર્મ શુભ કે અશુભ બે પ્રકાર ત્યાં ભાનમાં રહેતા નથી. આ શુભ તે ઠીક અને અશુભ અઠીક એવું જ્ઞાનીને રહેતું નથી. બેય કર્મ છોડવાલાયક છે, હેય છે. ઓલામાં લખ્યું છે, શુભ હેય નથી.. હેય નથી. એવા દાખલા શાસ્ત્રમાં આવે ને.

'**જેણે અત્યંત મોહરજને દૂર કરી છે...**' જેણે '**આ (પ્રત્યક્ષ-અનુભવગોચર) જ્ઞાન-સુધાશું...**' જેણે આ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સૂર્ય એવું ભાન કર્યું છે એને તો કર્મ બે પ્રકારના હોય અને ભાવ પણ બે પ્રકારના, બે એક જ પ્રકારના જાણે છે. એમાં બેમાં એક ઠીક અને બીજું અઠીક એમ જ્ઞાની જાણતો નથી. '**સ્વયં ઉદય પામે છે.**' ત્યારે જ્ઞાન-સુધાંશું પોતાની શાંતિના કિરણથી ઉદય પામે છે. બેને એક માને અને જુદું આત્માથી માને એ જ્ઞાનના કિરણો શુદ્ધપણે પ્રગટ થાય છે. એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૯, શુક્રવાર તા. ૨૦-૦૧-૧૯૬૭**
**શ્લોક-૧૦૦-૧૦૧, ગાથા-૧૪૫, પ્રવચન-૨૩૦**

સમયસાર. પુણ્ય-પાપ અધિકાર. પહેલા કળશનો ભાવાર્થ છે, પહેલા કળશનો ભાવાર્થ. પુણ્ય-પાપ અધિકારમાં. જુઓ! પુણ્ય અને પાપનો. છે પુણ્ય-પાપની આ કર્મની વ્યાખ્યા. પણ એમાં બધું સમાઈ જાય છે. શુભ-અશુભ પરિણામ, શુભ-અશુભ બંધ અને શુભ-અશુભ સંયોગ. પણ આ કર્મથી વાત ઉપાડી છે એટલે ભ્રમ પડે છે કેટલાકને. પછી તો ખુલાસો ઘણો કર્યો છે અંદર. અને અહીં પણ કહે છે, જુઓ!

'**અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનુ દેખાતું હતું...**' શું કીધું? આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું અંતર્મુખનું ભાન નથી ત્યાં બહિર્મુખની દૃષ્ટિએ પુણ્ય અને પાપના બંધન, જે રજકણો છે બંધન એ કર્મ બે પ્રકારનું દેખાતું હતું. કર્મ એક જ પ્રકારે છે. પુદ્ગલ સ્વભાવી પરમાણુ જે બંધાણા એ એક જ પ્રકારે છે. અને એના કારણરૂપ જે પરિણામ શુભ અને અશુભભાવ એ અજ્ઞાનરૂપ જ છે. એક જ પ્રકાર છે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય, એનાથી (ભિન્ન) પુણ્ય-પાપના ભાવ તે અજ્ઞાનરૂપ છે. કેમ કે એમાં જ્ઞાનના સ્વભાવનો પ્રકાશ નથી. તેથી શુભ અને અશુભભાવને અજ્ઞાનરૂપી ગણ્યું. બંધનને પુદ્ગલ સ્વભાવ કહ્યો. પછી પુણ્યબંધન હોય કે પાપ હોય. સંયોગને પુદ્ગલનું ફળ ગણ્યું. એ બધું એક જ પ્રકારે છે અનુકૂળ-પ્રતિકુળ. એમાં કાંઈ ભેદ નથી.

અજ્ઞાનથી આત્મામાં ચૈતન્ય સ્વરૂપની એક્તા વિના '**એક જ કર્મ...**' બંધરૂપે અથવા પુણ્ય-પાપના ભાવરૂપે એક જ રૂપે વિભાવ છે તે '**બે પ્રકારનું દેખાતું હતું...**' એક પુણ્યરૂપ, એક પાપરૂપ. એક શુભ બંધરૂપ, એક અશુભ બંધરૂપ. એમ અજ્ઞાનમાં બે પ્રકારે દેખાતું હતું '**તેને જ્ઞાને...**' આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્ય સ્વરૂપ છે, સુધા ચંદ્રમા (છે) એવું અંતરમાં જ્ઞાનનું ભાન થતાં '**એક પ્રકારનું બતાવ્યું.**' શુભ-અશુભભાવ હોય તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે? આત્માના ચૈતન્યના તેજ એમાં નથી. મિથ્યાત્વભાવ એમ નહિ.

જ્ઞાનસૂર્ય ચૈતન્યસ્વરૂપ છે, એનાથી ઊલ્ટા શુભાશુભ પરિણામ છે એથી તેને અજ્ઞાનસ્વરૂપ કહેવામાં આવ્યા છે. અને શુભ-અશુભ બંધ છે એ એક જ પ્રકારના પુદ્ગલ સ્વભાવનું બંધ છે એમ જ્ઞાને જાણ્યું. જ્ઞાનસ્વરૂપ આત્મા, ચૈતન્ય સ્વરૂપ આત્મા એવી અંતર દૃષ્ટિ થતાં બાહ્યના કર્મને બે પ્રકારે જે અજ્ઞાનથી દેખતો હતો તેને એક પ્રકારે જાણવા લાગ્યો. સમજાય છે કાંઈ?

'**તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.**' જુઓ! જ્ઞાન થયું એને છે ખરો ભાવ. ભાઈ! ભાવ છે. શુદ્ધ ચૈતન્ય છું એવો ચૈતન્ય સ્વરૂપ આત્મા, એવું ભાન જ્ઞાન થયે શુભાશુભભાવ

છે એ બેય અજ્ઞાન છે, એમાં જ્ઞાનસ્વરૂપનો અભાવ છે. એમ જ્ઞાને બેને એકરૂપે જાણ્યું. ચાહે તો શુભભાવ હો કે ચાહે તો અશુભભાવ હો. અને ચાહે તો શુભબંધન હો કે અશુભબંધન હો, બેયને બંધરૂપે જ્ઞાને એકરૂપ જાણ્યું.

‘**જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી...**’ મોહ એટલે મિથ્યાત્વ લેવું છે અહીં. જ્ઞાનમાં બે પ્રકારના કર્મોને, એક પ્રકારે ન ભાસતા બે પ્રકારે ભાસતું હતું એવું મિથ્યાત્વ જ્ઞાનમાં લાગ્યું હતું. શુભ અને અશુભભાવ એક જ પ્રકારના ચૈતન્યના સ્વરૂપથી વિપરીત અજ્ઞાનરૂપ છે એને બે પ્રકારે મિથ્યાત્વભાવથી દેખતો હતો કે આ શુભ છે તે ઠીક છે, અશુભ છે તે અઠીક છે. એમ મિથ્યાભાવથી મિથ્યાદષ્ટિપણે શુભ અને અશુભભાવ એક જ પ્રકારના અજ્ઞાનભાવ સ્વભાવરૂપ છે તેને અજ્ઞાનથી, મિથ્યાભાવથી બે પ્રકારે, જુદા પ્રકારે દેખતો એવી જે મિથ્યાદષ્ટિ હતી એ દૂર કરવામાં આવી. સમજાણું આમાં?

એક પ્રકારે ભાસતું નહોતું પણ બે પ્રકારે ભાસતું હતું ત્યાં સુધી અજ્ઞાન હતું, એમ કહે છે. એ મિથ્યાજ્ઞાનનું જે આવરણ જે જ્ઞાનનું હતું, એથી પુણ્ય-પાપના બેનો ભેદ પાડતું અજ્ઞાન કે પુણ્ય પરિણામ ઠીક છે, પાપ તે અઠીક છે, પુણ્યબંધન થાય તે ઠીક છે, કેમ કે અનુકૂળતા મળશે, પાપ અઠીક છે, પ્રતિકૂળતા મળશે. એવો જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં મિથ્યારૂપી અભિપ્રાયનો મેલ જે હતો, એ બેને એકરૂપે નહોતું જાણતું અને બેને બે પ્રકારે જાણતું તેને જ્ઞાને એક પ્રકારે જાણ્યું ત્યારે મિથ્યાત્વની રજનો નાશ થયો. બહુ ઝીણું પણ. કહો, માંગીરામજી!

વ્રત, દયા, દાનના પરિણામ કે હિંસા, જૂઠાના પરિણામ એ બેય અજ્ઞાનરૂપ જ છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વરૂપે એમ નહિ. ચૈતન્યના જ્ઞાનસ્વરૂપનો એમાં અભાવ છે. ચૈતન્યનું પુર જે જ્ઞાન છે એમાં એ નથી તેથી શુભાશુભભાવને અજ્ઞાનરૂપ હતું એને જ્ઞાન અજ્ઞાનપણે બે પ્રકારે દેખતું (હતું) એને જ્ઞાન થતાં એક પ્રકારે જોવે છે કે બેય એક જ પ્રકારનું અજ્ઞાનસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

જ્ઞાનમાં મિથ્યાત્વભાવરૂપી જે મેલ હતો-એકને બે તરીકે જાણવાનો જે અભિપ્રાય હતો એ અભિપ્રાય જવાથી યથાર્થ જ્ઞાન થયું. સમજાણું કાંઈ? યથાર્થ જ્ઞાન થયું કે હું તો જ્ઞાનસ્વરૂપે અભેદ છું. અને વિકાર અને બંધ તે એક પ્રકારે બધા અજ્ઞાન અને બંધ સ્વભાવી છે. એમ આત્માનું ભાન થતાં જ્ઞાને તેને એકરૂપે, સ્વથી પરરૂપે અને બેને એકરૂપે તેને જાણ્યું. ઓહોહો..! સમજાણું કાંઈ?

‘**જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ આડું આવે...**’ ચંદ્રને વાદળા અને ધુમ્મસનું પડ-પડ આડું આવે ‘**ત્યારે યથાર્થ પ્રકાશ થતો નથી પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર**

**યથાર્થ પ્રકાશે છે,...**' એમ આત્માના જ્ઞાનસ્વરૂપમાં અજ્ઞાનભાવથી કર્મના બે પ્રકાર છે એમ જે જાણતું એને એક પ્રકારે જાણીને ભિન્ન પડેલું આત્માનું જ્ઞાન તેને એક પ્રકારે જાણતું આવરણ દૂર કર્યું છે. ભારે વાત, ભાઈ! કહો, સમજાણું કાંઈ? '**તેવી રીતે અહીં પણ જાણવું.**' તેમ અહીંયાં અજ્ઞાનપણે બે કર્મને બેપણે જાણતો એ અજ્ઞાન હતું. સ્વરૂપના જ્ઞાન, ભાન થતાં બેને એકરૂપે જાણ્યું તેનું નામ ચંદ્રનો યથાર્થ પ્રકાશ થયો અને આવરણ મિથ્યાત્વનું ગયું. કહો, સમજાણું આમાં?

'**હવે પુણ્ય-પાપના સ્વરૂપના દૃષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :-**'

**एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-**
**दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।**
**द्वाप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः**
**शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।**

'**શ્લોકાર્થ :- (શૂદ્રાણીના એકીસાથે જન્મેલા બે પુત્રો...**' ચંડાલણી-ચંડાલણી એને બે પુત્રો એક સાથે જન્મયા. '**એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો.) એક તો હું બ્રાહ્મણ છું એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે...**' બ્રાહ્મણપણાના અભિમાનને લીધે '**મદિરાને દૂરથી જ છોડે છે...**' બ્રાહ્મણ દારૂને અડતો નથી. '**અર્થાત્ સ્પર્શતો પણ નથી; બીજો હું પોતે શૂદ્ર છું...**' એમ માનીને ચંડાળને ઘરે રહ્યો એ. '**હું પોતે શૂદ્ર છું એમ માનીને મદિરાથી જ નિત્ય સ્નાન કરે છે...**' એટલે કે હાથ-બાથ મદિરાના હોય તો પણ ખાવા બેસી જાય છે. એને કાંઈ મદિરાની છૂતાછૂત છે નહિ. '**તેને પવિત્ર ગણે છે.**' શૂદ્ર છે એ ન્હાય છે અને બીજો શૂદ્ર એમ માનીને . કરે છે અથવા તેને પવિત્ર ગણે છે. દારૂને અડવું-સ્પર્શવું એ કંઈ અપવિત્રતા નથી એમ ઈ માને છે.

'**આ બન્ને પુત્રો શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે તેથી (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે, તો પણ જાતિભેદના ભ્રમ સહિત તેઓ પ્રવર્તે છે-**' લ્યો, ઓલો કહે કે હું બ્રાહ્મણ છું, ઓલો કહે, હું શૂદ્ર છું. છે તો બેય ચાંડાલણીના દીકરા. '**(આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું.)**' એટલે શું?

'**ભાવાર્થ :- પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી...**' જુઓ! ભાષા તો આવી ચોખ્ખી છે. પુણ્ય અને પાપના બંધન અથવા પુણ્ય અને પાપનો ભાવ વિકારથી ઉત્પન્ન થયેલો છે. શુભભાવ હો કે અશુભ હો. બેય વિભાવ, સ્વભાવથી વિપરીત વિભાવ એનાથી ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપના ભાવ છે. '**બન્ને બંધરૂપ જ છે.**

**વ્યવહારદષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી,...**' વ્યવહારદષ્ટિથી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભ પરિણામ એને-અજ્ઞાનીને વ્યવહારથી સારા લાગે છે. ભ્રમને લઈને. કહો, સમજાણું કાંઈ? એ ફેર નથી કાંઈ, એમ કહે છે. ગૃહસ્થ છે એ પાપથી કરીને પડ્યો છે અને મુનિ છે એ વ્રતની ક્રિયા કરે છે અઠ્યાવીશ મૂળગુણની. અને ઓલો કહે છે કે હું બ્રાહ્મણ છું. હું વ્રતી છું, હું પાળું છું. ઓલો કહે કે હું વિષય કષાયને સેવું છું. એમ બે જુદા છે એમ માને છે પણ બે જુદા નથી. મુનિની પંચ મહાવ્રતની ક્રિયા કે બાહ્ય અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ શૂદ્ર ચંડાળણીનો પુત્ર છે ઈ પણ. ઓલાને અભિમાન છે કે હું સાધુ છું... સાધુ છું... પાળું છું, દયા પાળું છું, વ્રત પાળું છું. એવું અભિમાન છે. છે તો ચંડાળણીના પુત્ર એ વિભાવની પરિણતિ શુભ. આકરું પડે એવું છે.

ગૃહસ્થ વિષય-કષાય સેવે છે, પાપ ભોગ, લડાઈ, વેપાર ધંધા,.. એને કંઈ ઓલું લાગતું નથી. (પેલો કહે), ત્યાગી છીએ, બ્રહ્મચર્ય પાળીએ છીએ, અમે વ્રત પાળીએ છીએ, દયા-દાન કરીએ છીએ, શુભભાવ કરીએ છીએ. અને ઓલો અશુભભાવ કરે છે. છે તો બેય શુભ અને અશુભ વિભાવના પુત્ર. ન્યાલભાઈ! આંતરો કેટલો દેખાય?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ચંડાળ છું. બ્રાહ્મણ હતો કે દિ' પણ? એ તો માન્યું છે. બ્રાહ્મણ હતો કે દિ'? અમે વ્રત પાળીએ છીએ, શુભ આચરણ કરીએ છીએ, બરાબર વ્રત પાળીએ છીએ, અતિચાર ટાળીને પાળીએ છીએ. એવું અજ્ઞાનીને શુભ આચરણમાં.. છે તો વિભાવની પરિણતિ પણ એને એમાં અભિમાન છે. બ્રાહ્મણને જેમ અભિમાન છે કે અમે દારૂને અડીએ નહિ. પણ છે તો એ વિભાવનો દીકરો-ચંડાળણીનો. ઓહોહો..! સમજાણું કાંઈ? બહારમાં એટલો આંતરો લાગે. પેલો વિષય-ભોગ કરે, ઓલો દયા પાળવાના પરિણામવાળો. બેય એક જાતના છે, કહે છે. વિભાવને બંધના કારણની અપેક્ષાએ અને બેય પરિણામ અજ્ઞાનની જાતના છે, એ જ્ઞાનની જાતના નથી. ચૈતન્ય જ્ઞાનના પુર નુરનું ભરપુર પડેલું તત્ત્વ એનો એકેય અંશ એ શુભાશુભમાં આવ્યો નથી. કહો, બરાબર છે? માંગીરામજી!

ક્યાં કેટલો ફેર? એક વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે એના આચરણવાળો એમ માને કે હું બરાબર સારું કરું છું. અને એક હિંસા કરે, જૂઠુ બોલે, ચોરી કરે, ભોગ ભોગવે એ કહે કે, હું સારું કરું છું, હું પણ સારું કરું છું. કહે છે કે ખોટું પણ સારું નથી અને ઓલું સારું એ સારું નથી. આકરો ચુકાદો છે અમારે. શેઠ! દાખલો શેનો આપ્યો છે આ? અમારે આ ખપે નહિ, અમારે આમ ન હોય, વિષય ભોગ ખપે નહિ. એમ કરીને શુભભાવનું આચરણ કરે છે અને એક અશુભભાવનું આચરણ કરે છે. બેય શુભ અને અશુભ ચંડાળણી વિભાવના

પુત્ર છે. આકરું બહુ પડે માણસને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારે ઠીક છે પણ નિશ્ચયથી ઠીક નથી એને સારું છે એમ માને છે એમ કહે છે. બેય વિભાવ અને બેય સંસારના જન્મદાતા છે. એવું છે, ભાઈ! સોમચંદભાઈ! ... શું કહે છે? એ તો .... હળવે હળવે ઠેકાણે પડશે. કહે છે કે એની શ્રદ્ધા તો પાકી કરો. શ્રદ્ધા પક્ષમાં બરાબર કરો કે શુભ અને અશુભ બેય વિભાવ અને બંધનું કારણ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- એ ભ્રમ છે. વ્યવહારથી માને એ ભ્રમ છે. ઓલો કહે, બ્રાહ્મણ છું. ભ્રમ છે. બ્રાહ્મણ કેવો? ચંડાળણીનો દીકરો છો. પેલો કહે, અમે યતિની ક્રિયા કરીએ છીએ, અમે શ્રાવકના વ્રત પાળીએ છીએ. કહો, સમજાણું કાંઈ? અમે પૂજા-ભક્તિ કરીએ. ચાર-ચાર કલાક દેરાસરમાં રહીએ છીએ. ઓલો બાયડી પાસેથી ખસતો નથી. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ થયું નથી. ઉતરે શું ધૂળ. આહાહા..!

અહીં તો કહે છે, શુભ અને અશુભ બેય વિકલ્પો-પરિણામ એ ચૈતન્યના તેજથી અભાવસ્વરૂપ છે. માટે તેને અજ્ઞાનસ્વરૂપ કહેવામાં આવે છે. તેમાં જરીએ ફેર નથી. એમ કહે છે. વ્યવહારે ફેર છે એ ભ્રમથી માને છે, વ્યવહારમાં ફેર એટલે ભ્રમ છે એને. સમજાણું કાંઈ? વ્યવહારે એમ કહેવાય કે અશુભ પરિણામ ન કરતો, શુભ ઠીક છે એટલું. તત્ત્વની દૃષ્ટિએ ઠીક છે નહિ. બેય અજ્ઞાનરૂપ છે. ખરેખર તો એ શુભ અને અશુભ પરિણામ બે અચેતનરૂપ છે. અજીવ સ્વરૂપ છે, જીવસ્વરૂપ નથી, જીવસ્વરૂપ નથી. જીવસ્વરૂપમાંથી તો ચૈતન્યના અંકુર ફૂટે. શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ શાંતિ ફૂટે તે ચૈતન્યના તેજ કહેવાય. આ વિકલ્પ જે શુભાશુભ છે (તે તો અચેતન છે). આવી વાત છે, બાપુ! વીતરાગ માર્ગ એવો છે. લોકોની સાથે ક્યાંક મેળ ખાય એવો નથી. ધર્મચંદભાઈ! અતડો માર્ગ છે આ. આ જુઓને કીધું.

પેલા બ્રાહ્મણને અભિમાન છે. એમ યતિક્રિયા વ્યવહારની ક્રિયાકાંડીઓને અભિમાન છે કે અમે સારું કરીએ છીએ. એમ કહે છે. એમ કહે છે. આહાહા..! ભાઈ! સોમચંદભાઈ! એમ કહે છે બાપા અહીં જુઓ! આહાહા..! બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! વસ્તુ વીતરાગ સ્વરૂપ છે. આત્મા જે છે એ જ્ઞાનસ્વરૂપ છે અને ચારિત્રસ્વરૂપ, ચારિત્ર શબ્દે સમરસ સ્વરૂપ છે. ચારિત્ર સ્વરૂપ છે, અંતર ચારિત્ર સ્વરૂપ છે. એટલે વસ્તુ સમરસસ્વરૂપ છે. એટલે કે જ્ઞાનસ્વરૂપ છે તેમ વીતરાગ સ્વરૂપ છે એ તો. વસ્તુ હોં વસ્તુ. ચારિત્ર ગુણ

છે ને એનો ત્રિકાળ? તો ચારિત્રગુણ એટલે વીતરાગભાવ. વસ્તુ વીતરાગભાવ છે, વસ્તુ જ્ઞાનભાવ છે. એનાથી (ભિન્ન) શુભ-અશુભ પરિણામ બધા રાગભાવ છે. સમરસથી વિપરીત ભાવ છે. તેથી તેને એકને ઠીક અને બીજાને અઠીક કહેવું અજ્ઞાન ભ્રમ છે. આહાહા..! નમ તું, બાપા! તારામાં નમ ને. એમાં નમે છે શું કરવા? એમ કહે છે અહીં તો. ક્યાં તારે ખોટ છે? ઈ કહેશે આગળ.

મહારાજ! આવા શુભાશુભ શુભ આચરણનો પણ તમે નિષેધ કરો, ધર્મીને એ ધર્મી નહિ ત્યારે કરવું શું એને? એ પછી કહેશે. એને આલંબન કોનું? હજી માંડ માંડ આલંબન લીધું હોય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, સ્તુતિ, સ્તવન એ ભાવને તો તમે બંધનનું કારણ કહો. સુકૃતનો તમે નિષેધ કરો, સુકૃતનો તો નિષેધ કરો. તો કરવું શું ત્યારે એને? એમ પૂછે છે. ભાઈ! એને કરવાનું ઘણું છે. એને શુભ-અશુભ વિકલ્પથી હટી ચૈતન્ય સ્વરૂપના આલંબનમાં જ્ઞાનનો આસ્વાદ લે એ એને કરવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને અંદર? શ્લોક છે ને? સુકૃતે, નિષ્કૃતે, નથી? પાછળ છે પાછળ. ૪૮ પાને. લ્યો!

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।१०४।।**

'**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**' શિષ્ય પૂછે છે, પ્રભુ! આપ જ્યારે શુભ ને અશુભ ભાવનો નિષેધ કરો છો કે શુભ આચરણ પણ ધર્મ નહિ. ત્યારે શું કરવું? '**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।**' એને શરણ છે, ભાઈ! શરણ છે. એ શુભ આચરણ છોડી અને લક્ષ છોડી સ્વરૂપ શુદ્ધ છે તેમાં ઠરશે. તેને અમૃતનો સ્વાદ આવશે, એને સ્વરૂપનું આલંબન છે, એને સ્વરૂપનું શરણ છે. મોટો સ્વરૂપનો એને આધાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આરે..! વાંધા જ બધાને આ તકરાર છે ને આ બધાયને.

સમકિતીનું પુણ્ય તો પછી મોક્ષનું કારણ થાય ને? વળી એમ કરીને, અમે સમકિતી છીએ એટલે અમારું પુણ્ય મોક્ષનું (કારણ છે). પણ પુણ્યને ઉપાદેય માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છો. સાંભળને! ક્યાંથી લાવ્યો તું? પુણ્યભાવ વિભાવ છે એને ઉપાદેય માનવો તો આત્માના સ્વભાવનો અનાદર કર્યો. બે ઉપાદેય થઈ શકે? શુદ્ધ સ્વરૂપ પણ આદરણીય અને પુણ્ય પરિણામ પણ આદરણીય. તો બે કેમ રહ્યા? તો બે પડ્યા કેમ? તો બે એક થઈ જવા જોઈએ. શુદ્ધ સ્વભાવ ચૈતન્યમૂર્તિ એ પણ આદરણીય, શુભભાવ આદરણીય. એનાથી વિપરીત છે એ પણ આદરણીય. બે આદરણીય થયા તો બે રહ્યા કેમ? તો બે એક થઈ જવું જોઈએ.

શુભ પરિણામ અને સ્વરૂપ બે એક થવા જોઈએ. બે થયા તેનો અર્થ કે એક છે આદરણીય અને એક છે હેય. આહાહા..! વીતરાગ માર્ગ એવો છે. શ્રદ્ધાથી ઉપડે છે સમ્યગ્દર્શનથી ત્યારથી જીવ પરના આલંબન વિનાની ચીજ છે ઈ. સમજાણું કાંઈ?

કહે છે કે, બ્રાહ્મણ તો એમ માને છે કે અમારે ખપે નહિ. એમ ઓલો યતિક્રિયા અને શ્રાવકની ક્રિયા કરતો, અમારે પાપ ન હોય.. અમારે પાપ ન હોય. એમ કરીને પુણ્યક્રિયા કરે. એ પુણ્યની ક્રિયાનું એને અભિમાન છે કે હું સારું કરું છું. એમ કહે છે અહીં. એઈ..! પેલો વિષય ભોગ ભોગવે છે સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા અને એ ખરાબ કહે. એ તો કહે અમારે તો હોય આ, અમારે તો હોય. ઓલો કહે, અમારે આ ન હોય, ઓલો કહે, આ અમારે હોય. અમારે ન હોય. પણ ન હોય એ ન હોય એ પણ ન હોય. અશુભ જેમ ન હોય, તેમ શુભ પણ ન હોય. વસ્તુના શરણમાં ચૈતન્યની દૃષ્ટિમાં એ વસ્તુ શરણભૂત નથી. શરણભૂત ચૈતન્ય સ્વરૂપ છે. બહુ આકરી વાત. મોટા પંડિતો ગોથા ખાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તડકેથી છાંયે...

ઉત્તર :- છાંયો જ કે દિ' હતો? એ બધો તડકો છે. મંદ અને તીવ્ર બેય તડકા છે. એ તો પછી એક દાખલો આપ્યો છે બીજો, શાસ્ત્રમાં સમાધિ શતકમાં આવે છે ને? અવ્રતમાં પાપનો છે, તડકે ઊભો છે. એ તો બીજી (વાત) છે. સમ્યગ્દર્શન છે અને એને જ્યારે આવા વ્રતાદિના શુભ પરિણામ છે તો એ સ્વર્ગમાં જશે, એમ કહે છે. એને .. આવ્યું. પણ છતાં એને વ્યવહારે પાપ કરતા સમ્યગ્દૃષ્ટિને શુભભાવના વ્રત તે ઠીક છે એમ બતાવીને ત્યાં છાંયો કીધો છે. ખરેખર તો છાંયો છે જ નહિ. સમાધિ શતકમાં આવે છે. ભલે એ દાખલો આપ્યો છે, એણે પણ ઈ આપ્યો છે. જુઓ! સમાધિ શતકમાં એમ કહ્યું છે કે બત્તીને તેલ મળતા અગ્નિ મળતા ભડકે છે. એમ ભગવાન પર છે એનું ધ્યાન કરતા ઘસાઈને નિર્જરા થઈ જાય છે. આવે છે ને? સમાધિ શતકમાં આવે છે. એ.. છોટાલાલભાઈ! બેય દાખલા છે. ઝાડના ઝાડનો. ઓલો દાખલો આપ્યો છે. ઝાડે ઝાડ ઘસાય અને પેલો પેલાને..

આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થાય એ ઝાડે ઝાડ ઘસાય. ભગવાનનું ધ્યાન કરે. પણ એ ભગવાનનું ધ્યાન પણ ક્યારે કહેવાય? દાખલા બધા એવા આપે અત્યારે બધા. જે જાણે અરિહંતનો દાખલો આપ્યો. જુઓ! આ અરિહંતને જાણે તેને મોહનો ક્ષય થાય. જુઓ! આ દેવને જાણે તો મોહનો ક્ષય થાય, પરદ્રવ્યને જાણે તો મોહનો ક્ષય થાય એમ લખ્યું છે શાસ્ત્રમાં. એમ નથી, સાંભળને. અરિહંતને જાણીને તેની દશા, તેની શક્તિ, તેનું દ્રવ્ય તારા આત્મા સાથે અંદરમાં મેળવ ત્યારે અંદર જ્ઞાન થાય ત્યારે અરિહંતને જાણ્યા એમ

કહેવામાં આવે. આહાહા..! ..મેળવ્યું છે ને. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય...

જુઓ! અરિહંતના દેવના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે તે અરિહંત છે. એને જાણે તો એનો મોહ નાશ થઈ જાય છે. એ શુભભાવથી તો મોહનો નાશ થાય છે. લ્યો. શુભભાવ પર ઉપર લક્ષ છે એ તો વિકલ્પ છે. એને અંતરમાં પોતાના ગુણને ગુણી સાથે મેળવે અને પર્યાયને ગુણમાં એકાગ્ર કરે ત્યારે જે અનુભવ થાય ત્યારે અનુભવમાં મિથ્યાત્વનો નાશ થાય છે. ત્યારે અરિહંતને જાણવાથી આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. વાદવિવાદે (પાર ન આવે). 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આ તો જેને દુઃખથી મુક્ત થવું હોય એની વાત છે. લહેર માનતો હોય આ પુણ્યના ફળમાં અને પુણ્યમાં, એની આ વાત નથી. ચારેય ગતિના દુઃખ દેખાય એને. ઈન્દ્રાણી પાસે ઊભો હોય અને જે રાગ થાય એ દુઃખી છે. ઓહોહો..! શરીર સુંદર, બરફના જેવું ઠંડુ માખણ જેવું અને રૂપાળું સૂર્યના તેજ જેવું. ઈન્દ્રાણીઓ કરોડો, એ વખતે તું એને સુખી માનતો હોય તો તને ભ્રમ છે. બાપુ! તે અશુભ રાગ છે, તે દુઃખ છે, અંગારાથી શેકાય છે. ભાઈ! અંગારાથી શેકાય છે. પુણ્યના ફળમાં એ વાસના આવી રીતે થાય છે. બાપુ! તને ખબર નથી. સમજાણું કાંઈ?

એ અનિત્યને, ઉપાધિને, દુઃખને સુખરૂપ માને એ જ તારો ભ્રમ મોટો છે. શુભભાવમાં સુખ છે, પુણ્ય બંધાય તો સુખ થશે, સામગ્રી મળશે તો સુખ થશે એ તારો ભ્રમ છે. શુભભાવમાં પણ સુખ નથી, પુણ્ય બંધાય એમાં પણ સુખ નથી અને બંધના ફળમાં પણ સુખ નથી. અબજો રૂપિયામાં સુખ નથી. સુખ તો તેનાથી રહિત તારામાં છે. એવી દૃષ્ટિ કર્યા વિના ક્યાંય સુખબુદ્ધિ માને, મૂઢ મિથ્યાદૃષ્ટિ છો, કહે છે.

સમ્યગ્દૃષ્ટિને પણ હોય છે આ બધું. હોય છે પણ એ માને છે દુઃખ. એ કર્મના ઉપાધિનો ભાવ શુભ કે અશુભ દુઃખરૂપ છે, આકુળતા છે, અનાકુળ શાંતિથી વિપરીત છે. એમાં જ્ઞાનીને મજા કેમ હોય? અજ્ઞાનીને શુભભાવમાં અને એના ફળમાં મજા (લાગે) છે. એના ફળમાં મીઠાશ દેખાય, એને કારણમાં એની મીઠાશ હોય જ. કહો, વજુભાઈ! ફેર કેટલો. એક આમ હિંડોળે હિંચકતો હોય. સોનાના કડા, સોનાના સાંકળા. ખમ્મા-ખમ્મા આમ કરતા હોય. એક હડ હડ થાય. દુઃખી, શરીર કાળા કુબડા, પગ સડેલા, રોટલો મળે નહિ. કહે છે કે બાપુ! આટલા ફેર છે કે નહિ આ સંયોગમાં? ના. કાંઈ ફેર નથી. આહાહા..! બહારના સંયોગો આવા એમાં આત્માને શું? એ તો બહારનો ભેખ જગતનો જડનો છે. એમ તારામાં પણ શુભભાવ અને અશુભભાવનો ભેખ તો બધો વિકારનો છે. કોને કહેવા સારા અને કોને કહેવા નરસા? ભ્રમ છે દૃષ્ટિનો. સમજાણું?

બ્રાહ્મણને બ્રાહ્મણની જાતના અભિમાન છે. છે તો ચંડાલણીનો દીકરો. એમ શુભ આચરણ

કરીને એને અભિમાન છે કે હું કાંઈક બીજા કરતા જુદો પડ્યો છું અને સારું કરું છું. કહે છે કે ભાઈ! તને અજ્ઞાનનું અભિમાન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જરીએ સારો નથી. કર્મના ચકરાવામાં પડ્યો છે. મોઢુ ફરીને પાપમાં નાખે, પાપમાં ફરીને પુણ્યમાં. ચકરાવો છે અનાદિનો. એક જ જાતનો ચકરાવો છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી બન્ને બંધરૂપ જ છે. વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે...**' જોયું! વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે '**તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી,...**' એક પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ, અમે જતિ છીએ, અમે સાધુ છીએ. અમે આમાંથી કલ્યાણ કરશું. એવું એના જ્ઞાનમાં અભિમાન છે. એમ કહે છે. ઓલાને ગૃહસ્થને વિષય ભોગ છે. પાપ છે એમાં એ કહે, ભલે અમારે તો એ જ હોય. અમારે તો બીજું શું હોય? એમ માને. બેયની પ્રવૃત્તિ જુદી જુદી ભાસે છે.

'**સારું અને ખરાબ-એમ બે પ્રકારે તેઓ દેખાય છે.**' વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે એમ કહ્યું. શુભ આચરણ અને અશુભ આચરણમાં વ્યવહાર દૃષ્ટિએ જુદી જુદી દેખાય છે. આ સારા આચરણ છે અને આ ખરાબ છે એ વ્યવહાર દૃષ્ટિએ ભ્રમને લઈને ભાસે છે. '**પરમાર્થદૃષ્ટિ તો તેમને એકરૂપ જ,...**' સ્વભાવ ચૈતન્યની દૃષ્ટિ ને પરમાર્થ દૃષ્ટિએ શુભ-અશુભભાવ '**એકરૂપ જ, બંધરૂપ જ,...**' ફળ એકરૂપ. '**એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ જાણે છે.**' અહીં તો શુભાશુભભાવને અશુભ જ કીધા છે. શુભ-અશુભભાવ પણ અશુભ છે. અને એનાથી રહિત આત્માને શુદ્ધભાવ તે શુભ છે. ખરેખર તો એને શુભ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એનો અર્થ ઊંધો લે છે એ લોકો. શુભ એટલે મોક્ષમાર્ગ અને અશુભ એટલે બંધમાર્ગ. જુઓ! આમાં લખ્યું.

'**હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :-**' .. આવશે.

**कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।**
**कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।**
**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને,**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.**

ભવ આપે એને સારો શેનો કહે છે તું? સંસારમાં દાખલ કરે છે. જુઓ!

'**ટીકા :- કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' એ વ્યવહારદૃષ્ટિવાળાનો પક્ષ છે કે મહારાજ! કર્મના પરિણામમાં હેતુમાં ફેર છે. એક પુણ્ય બંધાય છે એમાં શુભપરિણામ

કારણ છે. '**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' શુભ જીવપરિણામ. પુણ્ય બંધાય, શાતા બંધાય, ઉચ્ચ ગોત્ર બંધાય, જશ કીર્તિ બંધાય. એમાં તો શુભ પરિણામ નિમિત્ત છે. પરિણામમમાં ફેર છે. એમ વ્યવહારપક્ષવાળો કહે છે.

'**કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદ-તફાવત છે (અર્થાત્ કારણ જુદાં જુદાં છે);...**' અજ્ઞાનીની વ્યવહારપક્ષની આ દૃષ્ટિ છે. ભૂતાર્થ બોધ વિમુખા. સમજાણું કાંઈ? એક વાત કરી. શું કહે છે દલીલ એની વ્યવહાર દૃષ્ટિવાળાની? કેટલો ફેર દેખાય. મહારાજ! તમે એક જ માંડી છે બધી. ઓલા પુણ્ય બંધાય એમાં કારણ તો શુભભાવ હોય છે. અને પાપ બંધાય એના પરિણામ તો અશુભ હોય છે. આટલો બધો હેતુમાં ફેર છે. પૂજા કરે એનો ભાવ શુભ, અને ભગવાનનો અવિનય કરે એનો ભાવ અશુભ. આકરું કામ. કેટલો ફેર છે અમારા બંધનના પરિણામમમાં. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ખુલાસો કરીએ છીએ. પેલો ક્રિયા કરતો અને પેલો ... કરતો હોય. દાખલો. ભાઈ! એ શુભ અશુભ પરિણામ તો કર્મની જાતની અપેક્ષાએ એ પ્રકાર છે. ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિમાં તે એક જ છે. બે ભેદ છે નહિ. અજ્ઞાનીને બે ભ્રમથી ભાસે છે. અજ્ઞાનીને બે ભ્રમથી ભાસે છે. ભ્રમ નામ આત્મ સ્વભાવનું ભાન થતાં બે એકરૂપે ભાસે છે. સમજાણું કાંઈ? પછી વાંધા ઉઠાવે ને. ભાઈ! બાપુ! આ શ્રદ્ધા તો સત્ય કર. શ્રદ્ધાને તો સત્ય લાવ. એ સત્યના દોર વિના તારો આત્મા હાથ નહિ આવે. કારણ કે સત્ વસ્તુમાં શુભાશુભ પરિણામ નથી. જેમાં નથી એના વડે આત્મા હાથ આવે એ કેમ બને? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કર્મજન્ય ઉપાધિના ભાવથી તો રહિત છે. તો રહિત છે એને આ સહિતભાવથી રહિતપણું હાથ કેમ આવશે? શ્રદ્ધાની ગુલાંટ ખાધા વિના એને આનું માહાત્મ્ય આવતું નથી. આવું કરે છે ને.... આવું કરે છે ને... કાંઈક તો (સારું કરે છે). પેલા કહે, મિથ્યાદૃષ્ટિ વ્યવહાર ચારિત્ર કરશે તો નવમી ગ્રૈવેયકે જાશે, લ્યો! એમ ત્યાં સુધી લખે. એને લાભ છે. ધૂળમાંય લાભ નથી. સાંભળને! આહાહા..! સમજાણું કાંઈ? બોકડાને અડદ ખવરાવે સુપડા ભરી ભરીને. સમજાય છે? માંસ વધારવા માટે. ટાણું આવે ત્યારે કાપે ફડાક દઈને. બોકડા, બોકડા હોય ને? બોકડા. ગાય હતી અને ગાયનું વાછરડું હતું. એમાં એક બકરો હતો. ગાયને ઘાસ આપે સાધારણ. આને બકરાને અડદના સુપડા ભરી ભરીને આપે. ગાયનું વાછરડું કહે છે, માં! આપણે તો દૂધ દઈએ છીએ અને આ તો દૂધ પણ દેતો નથી અને આને અડદ આપે છે. બાપા! એના પરિણામ આકરા છે, ભાઈ! એ અડદ ખવડાવશે અને માંસ વધારીને ટાણે કાપશે એને. કટકા કરશે, આપણને કટકા નહિ કરે. એ આવે છે આમાં

ઉત્તરાધ્યયનમાં આવે છે. બોકડાનું અધ્યયન છે. વાછરડું છે ને... ખૂબ માંસ થાય. મહેમાન આવે છે અને છરો લઈને નીકળે છે. ત્યાં પેલુ વાછરડું ધ્રુજે છે. શું કરવા ધ્રુજે છે ભાઈ? આપણે કાંઈ અડદ નથી ખાધા. એણે તો વગર દૂધે અડદ ખાધા છે. આપણે દૂધ આપીએ અને ઘાસ ખાધા છે. આપણને કાંઈ વાંધો નથી. મુંઝાઈશ નહિ. સાંભળ્યું છે? માંગીરામજી! ઉત્તરાધ્યયનમાં આવે છે. નથી સાંભળ્યું? ઉત્તરાધ્યયનમાં આ અધ્યયન આવે છે. ત્યાં બધા વ્યાખ્યાન કરેલા ને. બધા વ્યાખ્યાન થઈ ગયેલા ઉત્તરાધ્યયનના. શ્વેતાંબરમાં. એક અધ્યયન આવે છે. બોકડાને ખવડાવે ખૂબ. ટાણું આવે ત્યારે માંસમાં ગૃદ્ધિ હોય ને.. વાછરડું ધ્રુજે છે. તું શું કરવા ધ્રુજે છે? આપણે ક્યાં અડદિયા ખાધા છે? આપણે તો દૂધ આપીએ અને આપણે ઘાસ ખાધું. આપણને ક્ષમા, આપણને વાંધો નથી. એમ પાપ કરી અને પોતે માને કે અમે સારું કરીએ છીએ.

અહીં કહે છે, પુણ્ય કરીને માને અમે સારું કરીએ છીએ. તો ચાર ગતિમાં પીડાવાનો છો. આહાહા..! દુનિયાની સાથે મેળ ખાય એવું નથી. જેને ચાર ગતિના દુઃખ લાગ્યા હોય. ચારેય ગતિના દુઃખ, હોં! ચારેય ગતિના દુઃખ. ક્યાં સુખની ગંધ નથી. એ સ્વર્ગના ઈન્દ્રો આકુળતામાં પડ્યા છે બિચારા, હોં! ઈન્દ્રાણી સામું જોઈને આકુળતામાં છે. આત્મા સામું જેટલું જોયું નથી અને બહાર ગયા એ બધા આકુળતામાં છે. આ ઈન્દ્રાણીઓ ભળાય, મોટા મહેલ ભરાય, બત્રીસ લાખ વિમાનનો લાડો છે એ શક્રેન્દ્ર. સુધર્મ ઈન્દ્ર એના બત્રીસ લાખ વિમાન છે એની નીચે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ. કેટલાકમાં સંખ્યાતા. એનો સાહેબો છે રાજા. અર્ધ લોકનો સ્વામી. પણ જેટલી એની નજર બહારમાં જાય એટલો એ દુઃખી છે. સમજાણું કાંઈ?

ચુડેલ છે. ગયા હમણાં? ચુડેલ આવે છે એક, ધર્મચંદભાઈને ઘરે. ખંડવા. ... ખાલી મકાન ને. .. એના ભાઈનું લખાણ આવ્યું છે. પ્રેમચંદભાઈનું. અમારે એવું પહેલું થયું હતું. પહેલા ગયેલા ને. (સંવત) ૧૯૫૯માં. પાલેજ. ૫૯ની સાલ. આસો મહિને ગયેલા. ૫૯માં. ... આસો સુદ પુનમ. દુકાને બેઠા હતા છોકરાઓ નાના. તેર, સાડા તેર વર્ષની (ઉંમર). છોડીયું બાયું ત્યાં રાસડા લેતી હતી. અત્યારે આ જીનમાં ઉતર્યા હતા ઈ, હોં! આપણા જીનમાં ઉતર્યા હતા ને? ભાઈ! ત્યાં રાસડા લેતી હતી. તેર, સાડા તેર વર્ષની ઉંમર. કીધું, કોણ આ ગાય છે? ઈ ચુડેલ કહેવાય છે. આપણે ત્યાં ન જવાય. આપણને શી ખબર. નાની ઉંમર. પછી તો દુકાનનો ધંધો, ધારધીર હતી એટલે ત્યાં અમારા ઘરાક રહેતા. ન્યાં જાતા. ઓલા રાતે કોણ કરે છે? રાતે તો બાયું નવરી હોય એ રાસડા લે છે. ચુડેલ-બુડેલ અહીં કેવી? એક કૂવો હતો, બૂરી દીધેલો. ... હતું. બધા પાયમાલ થઈ ગયા. ત્યાં ચુડેલ

હોય છે. આપણે છોકરાવને, જો બાલાવીએ અને હા પાડે તો વળગે, ન બોલાવીએ તો કાંઈ નહિ. એવું કહેતા એ લોકો. ચુડેલ કોઈ નથી. આ પુણ્ય-પાપને આદર દીધો એ ચુડેલ છે એમ કહે છે. વળગશે મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ?

એ તો એક કાગળ આવ્યો હતો ધર્મચંદભાઈને. એના મોટા ભાઈ છે ને? તારા ઘર ખાલી છે, ત્યાં એક ચુડેલ આવે છે. એનો છોકરો બ્રહ્મચારી રહેવાનો છે. મોટો, ડૉક્ટર છે. એ બ્રહ્મચારી. ... બેઠી હશે આમ. આમ આમ કર્યું. આવો, આવો એમ કર્યું. હોય એ ક્ષણિક કલ્પનાઓ. એ કહે કે, આમ આમ કર્યું પણ હું તો ગયો નહિ. એકદમ ભડકો થાય, છાલ બળે. છાલ હોય ને લાકડાની? ભડકો કર્યો. કોણ જાણે શું.. બધાને પાછું એવું હોય ચુડેલને, પગ આમ હોય, આમ મોઢા આગળ ન હોય, આમ હોય. બધાને એવું કેમ દેખાય? કોણ જાણે. આપણે પગ મોઢા આગળ હોય. એની પાની મોઢા આગળ હોય અને પગ પાછળ હોય. ચુડેલને. એવું કહે છે લોકો. એ તો એમ કહે કે ... પણ તેં ક્યાંથી ભાળ્યું? ... છે. ભ્રમણા છે જગતને.

અહીં કહે છે કે પુણ્ય અને પાપના પગ જ આડા છે. જો પકડ્યા એને... એ ચુડેલ નથી, આ ચુડેલ છે. સારું કરીને, સારું કરીને મિથ્યાત્વ વળગશે. શુભભાવ સારા, (એ ભાવમાં) મિથ્યાત્વના પરિણામ વળગશે. બેય ભાવ અશુભ છે એમાં એકેય સારું છે નહિ. વ્યવહાર .. દષ્ટિએ કહેવાય વળગશે. બેય ખરાબ-અશુભ છે, એમાં એકેય સારો છે નહિ. વ્યવહાર, સાધારણ વ્યવહારની દૃષ્ટિએ કહેવાય. એક માણસ ... વસ્તુ દૃષ્ટિમાં એમ નથી. સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન છે વ્યવહારપક્ષીનો કે મહારાજ! તમે આટલું બધું એક એક કરી નાખો છો પણ ક્યાં પુણ્ય બંધાય એના કારણ શુભભાવ અને પાપ બંધાય એના કારણ અશુભભાવ, કેટલો ફેર? આવા પરિણામમાં ફેર એને તમે એકમાં નાખી દયો. એવો એનો પક્ષ છે. ઉત્તર આપશે પછી.

બીજો. બીજો પ્રશ્ન ઉઠાવ્યો. '**કોઈ કર્મ શુભ પુદ્ગલપરિણામમય...**' મહારાજ! પેલું શાતા બંધાય શુભકર્મ પુદ્ગલમય. આમ શાતા બંધાય, જશો કીર્તિ બંધાય, ત્રસ નામ બંધાય, પંચેન્દ્રિય બંધાય. લ્યો! '**કોઈ કર્મ શુભ પુદ્ગલપરિણામમય અને કોઈ કર્મ અશુભ પુદ્ગલપરિણામમય...**' અશાતા બંધાય, અપર્યાપ્ત બંધાય, નામકર્મ શુભ-અશુભ, અનાબરૂ અપજશ કીર્તિ બંધાય. અરે..! આવા બંધાય એ પુદ્ગલમાં પણ બંધમાં ફેર છે. પરિણામમાં તો ફેર છે કારણમાં, પણ બંધાવામાં ફેર છે. અપજશ કીર્તિ બંધાય એવી ભૂંડી. જશ કીર્તિ બંધાય. આટલો બંધમાં પણ ફેર છે. એને તમે એક જ, એક જ (કહો છો). એક જ હાંડલે શાક બધાને? ઘરડા-ફરડાને કાંઈક બીજું જોઈએ. એને લેવું હોય તો .. લઈશ. પણ એક હાંડલે રંધાશે, સાંભળ!

'**કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય...**' ઓલા બંધાય એમાં ફેર. ઓલો શિષ્ય કહે છે. પુણ્ય બંધાય. ઓલામાં પાપના પુદ્‌ગલ થાય. માટે સ્વભાવમાં ભેદ છે. અમારે હિસાબે સ્વભાવમાં ભેદ છે. ઓલામાં પરિણામમાં ભેદ ગયો, આ સ્વભાવમાં ભેદ છે.

ત્રીજી વાત. '**કોઈ કર્મનો શુભ ફળરૂપે...**' આહાહા..! માખણ જેવા ગાદલે સૂતો હોય. હુકમ કરે ત્યાં પાણી અને મોસંબી આપે. આવા જેના ફળ શુભ કર્મના. માખણ જેવા છોકરા હોય તો પાંચ પાંચ હાથના લાંબા ઘોડા જેવા. બાપુજી! બાપુજી! આ પુણ્યના ફળમાં કેટલો ફેર! એય..! ન્યાલભાઈ! પેલા અજ્ઞાનીની દલીલ છે, હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તાઉજી, તાઉજી કરતો હોય. તાઉજી! પણ તમે મરવા અહીં આવ્યા તો કોઈ સામું લેવા પણ ન આવ્યા. સવારમાં એમ કીધું હતું. ક્યાં ગયા? કીધું. તાઉજી ક્યાં ગયા? ન્યાં માખણ ચોપડે બધા. પેલા કહે, મારી સ્થિતિ એવી લાગે છે. કોણ જાણે સપનું આવ્યું છે. કાળ કરી જાઉં તો? માટે હું જાઉં છું. પણ જાઉં છું તો કોઈ આવ્યું સાથે? ત્યાં જાશે તો આવ્યા બાપુજી. તાઉજી મોટા..

કહે છે કે '**કોઈ કર્મનો શુભ ફળરૂપે...**' આહાહા..! દીકરા કહ્યાગરા, બાયડી કહ્યાગરી, હાથી-ઘોડા પણ સુંવાળા ઘરે આવે, મકાન લે તો પાંચ લાખનું મકાન હોય તો ફટ પંદર દિ'એ દસ લાખ થાય એવા મકાન એને ઊપજે. લેનારને .. મળે અને દેનારને ... એવું ફળ આવે શુભકર્મનું. હવે તમે કહો છો કે શુભકર્મના ફળમાં ફેર નહિ. આટલો ફેર દેખાય. એકના કર્મમાં... જુઓ! '**અશુભ ફળરૂપે વિપાક...**' ચંડાળને ઘરે અવતાર, કાળા કુબડા શરીર, લાલ જુવારના રોટલા મળવા મુશ્કેલ, એ હાંડલા ફુટલા, એની છાશું ગંધાય એવી, એના બાજરાના રોટલા-બટકા. એય..! ન્યાલભાઈ! ઓલો કહે છે કે ફળમાં ફેર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના વતી દલીલ (કરે છે).

'**કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ છે;...**' પેલું તો હાય.. હાય! અર..ર..ર..! શરીરમાં રોગ, બાયડી અકહ્યાગરી, છોકરા નમાલા, કાળાકુબડા. આવું પાપનું ફળ. એકને પુણ્યના ફળ. મહારાજ! કેટલો ફેર છે. માટે અમને તો ફળમાં પણ ફેર (લાગે છે). પરિણામમાં ફેર, બંધમાં ફેર અને ફળમાં ફેર.

ચોથો બોલ. '**કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી...**' ઓલો કહે છે, જુઓ! મોક્ષમાર્ગને આશ્રયે પુણ્ય થાય, તીર્થંકરગોત્ર બાંધે, આહારક શરીર બંધાય તો મોક્ષમાર્ગમાં બંધાય છે. સમજાણું કે નહિ? પુરુષાર્થ સિદ્ધિમાં પણ આવશે ત્યાં. તીર્થંકર

પ્રકૃતિ બાંધે, આહારક બાંધે. પણ એ બંધ તો રાગનું ફળ છે. સાંભળ! રત્નત્રયનું ફળ એ ક્યાં છે?

'(સારા) **એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી અને કોઈ કર્મ અશુભ** (ખરાબ) **એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી...**' શુભભાવ તો મોક્ષમાર્ગમાં બંધાય અને અશુભ તો પાપમાર્ગમાં, બંધમાર્ગમાં બંધાય. મહારાજ! આશ્રયમાં ફેર છે. અજ્ઞાનીએ ચાર પ્રકાર લીધા. કર્મબંધન થાય તેના પુણ્યના બંધનમાં પરિણામમાં ફેર, પાપના બંધનમાં પરિણામમાં ફેર, બંધનમાં પુદ્‌ગલ પરિણામની બે જાત-એક શાતા અને એક અશાતા વગેરે વગેરે. એના ફળ તરીકે અનુકૂળ-પ્રતિકુળતામાં ફેર. અને એક શુભ તો મોક્ષમાર્ગમાં હોય. આ તીર્થંકરગોત્ર, આહારક શરીર એ ક્યાં હોય? મહારાજ! એટલું તો તમે વિચારો કે સર્વાર્થસિદ્ધિના ફળ ક્યાં હોય? મિથ્યાદષ્ટિમાં હોય? મોક્ષમાર્ગમાં બંધાય એ. એમ ઓલો કહે છે. સાંભળને! મોક્ષમાર્ગથી બંધાતા નથી.

'**જોકે (પરમાર્થે) કર્મ એક જ છે...**' હવે પોતે આચાર્ય કહે છે, હોં! કર્મ તો એક જ છે. '**તોપણ કેટલાકનો એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે.**' એ વ્યવહારના પક્ષમાં નિશ્ચયનો પક્ષ છે એ વિરોધ છે. અથવા તે પક્ષ પ્રતિપક્ષ સહિત છે. વ્યવહાર તે નિશ્ચયપક્ષથી વિરૂદ્ધ છે. '**તે પ્રતિપક્ષ (અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :-**'

'**શુભ કે અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે;...**' લ્યો! અજ્ઞાન એટલે શુભાશુભ પરિણામ એમાં જ્ઞાનનો ચૈતન્યનો અંકુરો નથી. એ બેય શુભ અને અશુભ અજ્ઞાન છે. એક કોર ચૈતન્યમૂર્તિ જ્ઞાન છે, શુભાશુભ પરિણામ અજ્ઞાન છે. બસ! આ કહ્યું. ઓલો કહે છે કે બંધના પરિણામમાં ફેર. એકમાં શુભ અને અશુભ. સાંભળ! શુભ અને અશુભ જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ, હોં! ચૈતન્યનો અંકુરો નથી. એ તો અંધારું છે. આહાહા..! શુભભાવ કે અશુભભાવ બધા અજ્ઞાન છે. અજ્ઞાન એટલે ચૈતન્ય સ્વરૂપથી વિપરીત ભાવ છે. ચૈતન્યસ્વરૂપ ચૈતન્ય સ્વભાવ છે. તો આનો અચેતન અજ્ઞાન સ્વભાવ છે. આહાહા..!

કહો, તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ, કહે છે કે અજ્ઞાનસ્વરૂપ છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ, હોં! ચૈતન્યના સ્વભાવનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? ચૈતન્યના નુર એવું જેનું પુર એથી ભરેલો ભરપુર. એવો જે ભગવાન એના ચૈતન્યના સૂર્યથી શુભ અને અશુભ પરિણામ જ્ઞાનસ્વરૂપથી વિપરીત અજ્ઞાન છે. એમાં આ સારા અને નરસા, આ પરિણામ તે સારા છે અને આ પરિણામ (ખરાબ છે એમ નથી). બેય અજ્ઞાન છે પછી એકને સારા અને

નરસા લાવ્યો ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ? આનો અર્થ પણ કોણ જાણે શું કરતા હશે?

અહીં તો પરિણામ અજ્ઞાનમય છે એ તો વાત કરવી છે. કેવળ અજ્ઞાનમય પરિણામ છે. '**શુભ કે અશુભ જીવપરિણામ...**' જુઓ! જીવના પરિણામ લીધા છે. પછી કાઢી નાખશે કે જીવમય નહિ. અહીં જીવપરિણામ કીધા પણ પછી એને પુદ્‌ગલમય કહેશે. સમજાણું કાંઈ? જુઓ! બંધમાર્ગ તો કેવળ પુદ્‌ગલમય છે, મોક્ષમાર્ગ જીવમય છે એમ કહેશે આગળ. અહીં એને જીવના પરિણામ કહ્યા. ઓલા સમજાવવું છે ને. પરિણામ કીધા છે ને એ રીતે એને સમજાવે છે. એણે કીધા ઈ. આહાહા..!

આગળ કહેશે, શુભ એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય છે. શુભ એટલે સારો શુદ્ધ. અને અશુભ ખરાબ એવો બંધમાર્ગ તો પુદ્‌ગલમય છે. અનેક છે એમ નથી. તદ્દન મોક્ષ અને બંધમાર્ગ બે અનેક છે. મોક્ષ અને બંધ બે અનેક છે. બેય એક નથી. એમ કહે છે. સમજાણું આમાં? એકેય વાતને પણ ઘડ બેસવા દે ત્યારે ને. અદ્ધરને અદ્ધર રાખે છે.

'**શુભ કે અશુભ જીવપરિણામ...**' જુઓ! અહીં જીવના પરિણામ લીધા છે. ઓલો મુંઝાય છે. જીવપરિણામ કીધા છે. જુઓ! ત્યાં કીધા. પણ ક્યાં? એ તો... ઓલો કહે છે કે અમારે જીવના પરિણામ.. માથે કહ્યું ને? કર્મને શુભ જીવપરિણામ કહ્યું હતું ને પેલાએ? પહેલે શબ્દે. '**કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' એવું કહ્યું હતું. એટલે એની અપેક્ષાએ જવાબ આપ્યો. નહિતર એ જીવમય પરિણામ... શુભ-અશુભ જીવમય છે જ નહિ. પુદ્‌ગલમય જ છે. આહાહા..! આવી વાત. સમજાણું કાંઈ?

'**તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...**' તું કહે કે, કર્મના કારણમાં એકમાં પુણ્ય બંધનમાં શુભ જીવપરિણામ, પાપમાં અશુભ જીવપરિણામ. અમે કહીએ છીએ કે બેય અજ્ઞાનમય (છે) માટે બંધના કારણમાં ફેર નથી. બંધના કારણમાં અજ્ઞાન જ એક છે. બંધના કારણમાં અજ્ઞાન એક જ છે. એક વળી શુભ અને અશુભ એવા બે ભેદ નથી. આહાહા..! કહો, વજુભાઈ! આવી વાત માણસને.. જુઓ! એમાં કહ્યું. શુભ તે મોક્ષમાર્ગ છે, અશુભ તે બંધમાર્ગ છે. જુઓ!! આમાં પાઠ છે.

'**શુભ કે અશુભ પુદ્‌ગલપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' જુઓ! હવે પુદ્‌ગલ નાખ્યું. ભલે શાતા બંધાય અને અશાતા બંધાય. એ બધું '**પુદ્‌ગલમયપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' બંધન-બંધન. પુદ્‌ગલ. '**તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે. શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' લ્યો! ચાહે તો સંયોગ ઈન્દ્રાણીનો હોય અને ચાહે તો સંયોગ સાતમી નરકનો હોય. લે! રોગ તે સડેલાનો હોય અને એક નિરોગતાનો

હોય, બધો એક જાતનો પુદ્‌ગલ છે, કહે છે. લ્યો. ઓહોહો..! અહીં તો ચાર ગતિનો નાશ કરવાનો ભાવ હોય, દુઃખ લાગતું હોય એને માટે છે આ. ક્યાંય પણ ગતિમાં સારું લાગે તો મર્યો છો, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ નથી;...**' એ બધો આકુળતાનો સ્વાદ છે બધાયમાં. લે. '**માટે કર્મ એક જ છે.**' હવે વાંધો અહીં (આવે છે). '**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...**' જુઓ! શુભ (એટલે) શુભ પરિણામની વાત નથી અહીંયાં. શુભ એટલે શુદ્ધ. શુભ એટલે સારો. એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી. એ તો શુદ્ધ પરિણામ ચૈતન્યના કેવળ શુદ્ધ જીવમય પરિણામ, તેને મોક્ષમાર્ગને સારો કહેવામાં આવે છે. આમાં વાંધા નાખ્યા છે ને. શુભાશુભો બંધ મોક્ષમાર્ગો. ટીકા. આ ત્રણ ટૂકડા નાખ્યા. ત્રણ. જુઓ! આમાં શુભાશુભો (કીધું). જયચંદ્ર પંડિતે શુભાશુભ કીધો. દિલ્હીમાં ઓલામાં શુભાશુભ કીધો. દિલ્હીનું છે ને એક (પુસ્તક)? અહીં શુભ એટલે? શુભ એટલે પુણ્ય-પાપના પરિણામ રહિત એવો શુભ મોક્ષમાર્ગ શુદ્ધને અહીં શુભ કહેવામાં આવ્યો છે. ભાઈ! સમજાણું કાંઈ? આવા વાંધા. હેતુ તો નકાર કરતા આવ્યા છે અને વળી શુભ પરિણામને પાછા મોક્ષમાર્ગમાં નાખે? આહાહા..! શું કરે? મિથ્યાદષ્ટિ તેથી આકરો. 'જાતિ અંધનો દોષ નહિ આકરો, તે જાણે નહિ અર્થ. મિથ્યાદષ્ટિ તેથી આકરો કરે અર્થના અનર્થ.' અહીં શુભ તો શુદ્ધને કહેવામાં આવે છે. અને જીવમય છે એ તો. કેવળ જીવમય છે. શુદ્ધ જીવમય છે. પરદ્રવ્યનો અંશ નથી સંબંધમાં.

'**અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ...**' અશુભ એટલે શુભાશુભ પરિણામ. એવો એકલો બંધમાર્ગ '**કેવળ પુદ્‌ગલમય હોવાથી...**' તેઓ અનેક છે, (એક) નથી. મોક્ષમાર્ગ અને બંધમાર્ગ એક નથી. મોક્ષમાર્ગના આશ્રયે પુણ્ય થતા નથી. પુણ્ય-પાપ અને બધા બંધમાર્ગને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગમાં શુદ્ધતા જ ઉત્પન્ન થાય છે. એને સારો કહેવામાં આવે છે. ઓલો કહે, શુભને અહીં મોક્ષમાર્ગ કીધો છે. ભગવાન! આ પહેલાં શું કીધું? આ શુભ જીવમય પરિણામ. આ બધું ખાણિયાની ચર્ચામાં આવ્યું હતું. સમજાણું કાંઈ?

'**તેઓ અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય...**' જોયું! '**કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ નથી;...**' કર્મ તો બંધમાર્ગના આશ્રયે પુણ્ય-પાપ ભાવ થાય છે. આત્માને આશ્રયે થતો નથી. આત્માને આશ્રયે તો શુદ્ધભાવ થાય તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧૦, શનિવાર તા. ૨૧-૦૧-૧૯૬૭**
**ગાથા-૧૪૫, પ્રવચન-૨૩૧**

શું કહે છે આમાં? કર્મનો પ્રકાર એક જ છે. તે બે ભેદ પાડે છે એ વ્યવહાર છે. એ વાસ્તવિકતા નથી. વ્યવહારપક્ષીનું એમ કહેવાનું છે કે જે કર્મ બંધાય છે તેમાં કેટલાક પુણ્ય બંધાય એના પરિણામનો હેતુ શુભ જીવના પરિણામ છે. પાપ બંધાય એના હેતુમાં અશુભ જીવના પરિણામ છે. માટે અમારે પરિણામમાં ભેદને કારણે કર્મના બે પ્રકાર દેખાય છે. એમ અજ્ઞાનીનો વ્યવહારનયવાળાનો પક્ષ છે. ખરેખર તો એ પુણ્ય અને પાપ પરિણામ બેય અજ્ઞાન છે, વિકાર છે, દુઃખરૂપ છે. એકેય પરિણામ આત્માને હિતકર નથી. સમજાણું કાંઈ? જુઓ!

‘**ભાવાર્થ :- કોઈ કર્મ તો અરિહંતાદિમાં ભક્તિ-...**’ અરિહંત સિદ્ધ ભગવાન, પંચ પરમેષ્ઠી દેવ-ગુરુ-શાસ્ત્ર એની ભક્તિ, એનો અનુરાગ એ શુભભાવ છે. શુભ પરિણામ છે, ધર્મ નહિ. શુભભાવ અને અશુભભાવ બે ધર્મ નહિ. કહે છે કે પંચ પરમેષ્ઠીની ભક્તિભાવ તેને શુભભાવ કહે છે. છે ને? ‘**જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ,...**’ બીજા જીવ પ્રત્યે દયાના, અનુકંપાના ભાવ એ પણ શુભભાવ જ છે. ‘**મંદ કષાયથી ચિત્તની ઉજ્વળતા...**’ એટલે તીવ્ર રાગ નહિ અને મંદ રાગમાં, મંદ રાગની-શુભરાગની ઉજ્વળતા. ‘**ઈત્યાદિ શુભ પરિણામોના નિમિત્તે...**’ શુભ પરિણામ છે એ બધા. એના નિમિત્તે થાય છે. કોણ? ‘**કોઈ કર્મ...**’ પહેલો શબ્દ છે એ. જે પુણ્ય બંધાય છે એમાં આવા શુભ પરિણામનો હેતુ છે. શિષ્યનો પ્રશ્ન છે કે જુઓ! કર્મમાં ફેર છે. એક કર્મ બંધાય છે પુણ્ય, એના પરિણામમાં ફેર છે. પંચ પરમેષ્ઠીની ભક્તિ, દયાના ભાવ, ચિત્તમાં રાગની મંદતા એવા પુણ્ય બંધનમાં શુભ પરિણામનો હેતુ છે.

બીજો. ‘**કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા,...**’ પાપ બંધાય એના કારણમાં તો તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ અને માઠી લેશ્યા એ પાપ બંધનમાં એ પરિણામ કારણ છે. એ અશુભ પરિણામ છે. ‘**નિર્દયપણું,...**’ બીજા જીવની દયાનો ભાવ નહિ, મારી નાખવાનો ભાવ, ક્રૂરભાવ એ પાપભાવ એ પાપ પરિણામ છે. ‘**વિષયાસક્તિ,...**’ વિષયની આસક્તિ તે પાપભાવ છે. ‘**દેવ-ગુરુ આદિ પૂજ્ય પુરુષો પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું...**’ દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યે અનાદર કરવો, અવિનય કરવો એ અશુભભાવ પાપભાવ છે. ‘**ઈત્યાદિ અશુભ પરિણામોના નિમિત્તથી થાય છે;...**’ પાપ કર્મ બંધાય છે. ... કે જો કર્મ બંધાય પુણ્ય એને આવા પરિણામ કારણ છે શુભ, પાપ બંધાય એમાં અશુભ પરિણામ કારણ છે.

માટે અમને તો કર્મના હેતુમાં અમને ભેદ અને ફેર લાગે છે. એમ વ્યવહારપક્ષવાળાનો પક્ષ છે. પછી ઉડાડશે. '**આમ હેતુનો ભેદ હોવાથી...**' હેતુ એટલે કારણ. નવા પુણ્ય બંધાય એમાં શુભપરિણામ હેતુ છે. પાપ બંધાય એમાં અશુભભાવ હેતુ છે. એવા '**હેતુનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે.**' અમને તો બે પ્રકાર કર્મના દેખાય છે. વ્યવહારપક્ષી કહે છે.

બીજી વાત. '**શાતાવેદનીય,...**' કર્મ બંધાય એ હવે (કહે છે). શુભ પરિણામથી શાતા વેદનીય બંધાય છે. એમાં છે. છે ને એમાં? ત્યાં સુધી એક બોલ થયો. ચાર બોલ કહેશે, ચાર. '**શાતાવેદનીય,...**' એ શુભ પરિણામથી શાતાવેદનીય બંધાય. '**શુભ-આયુ,...**' બંધાય. શુભભાવથી શુભ મનુષ્ય અને દેવાદિનું આયુષ્ય બંધાય. '**શુભનામ...**' યશોકીર્તિ આદિ શુભભાવથી યશોકીર્તિ નામ કર્મ બંધાય. અને '**શુભગોત્ર...**' બંધાય. '**એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ વગેરેમાં-)...**' પણ, કર્મની પ્રકૃતિમાં બંધનના ભાવમાં પણ કર્મોના '**ભેદ છે;...**' કહો, સમજાણું કાંઈ? ચાર ભેદ છે એટલું. એટલે પુણ્ય. એ પુણ્યના કર્મ કહેવાય બંધાણા એ. પરિણામ કીધા પહેલા શુભ. શુભથી બંધાણું કર્મ શુભ છે.

હવે બીજો બોલ. અશુભ પરિણામથી ચાર ઘાતિ બંધાય. ચાર ઘાતિ કર્મો. ચાર ઘાતિ એટલે પાપ કર્મ છે. નહોતું ઈ પહેલાં? પહેલેથી નથી. આ આખો સિદ્ધાંત છે મોટો. અજ્ઞાની કહે છે વ્યવહાર પક્ષવાળો કે મહારાજ! તમે કર્મ એક જ પ્રકારના કહો છો પણ અમને તો ભેદ લાગે છે, હોં! શુભભાવથી તો પુણ્ય બંધાય અને પુણ્ય બંધાય એમાં શાતા વેદનીય આદિનો ભેદ પડે છે. પાપ પરિણામથી અશાતા વેદનીય બંધાય, નીચ ગોત્ર બંધાય, નીચ આયુષ્ય બંધાય. એ કર્મના ભેદમાં ફેર પડે છે, એના હેતુમાં પણ અમને તો ભેદ, પરિણામમાં ફેર લાગે છે.

'**અશાતાવેદનીય,...**' પાપના પરિણામના ફળમાં અશાતા વેદનીય બંધાય. ઘાતિ કર્મ પછી. '**અશુભ-આયુ,...**' બંધાય. નારકી-ઢોરનું. '**અશુભનામ, અશુભગોત્ર-એ કર્મોના પરિણામ...**' કર્મના પરિણામ, કર્મની દશા, જડની દશા. '**(-પ્રકૃતિ વગેરેમાં-) ભેદ છે; આમ સ્વભાવનો ભેદ હોવાથી કર્મના શુભ ને અશુભ એવા બે ભેદ છે.**' એમ વ્યવહારનયવાળો એકમાં બે ભેદ પાડે છે.

ત્રીજી વાત. '**કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે...**' લ્યો, આ પૈસા મળે, અપ્સરાઓ મળે, આ હજીરા. હજીરા એટલે આ દસ-દસ લાખના, વીસ લાખના મકાન મળે મોટા. એઈ..! પોપટભાઈ! શું હશે? એના સાળાની પાસે દસ-દસ લાખના બે મોટા મકાન છે. દસ-દસ લાખના. ગોવામાં દસ-દસ લાખના બે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દાટવાના જ છે બધા ત્યાં. આત્માનું જ્યાં ભાન નથી અને એમાં સુખ માને છે એ મૂઢ મડદા છે એમ કહે છે અહીં તો. આત્મામાં આનંદ છે એમ જેની ખબર નથી અને આવામાં આનંદ માને છે એ બધા મડદા છે એમ કહે છે. સમજાણું કાંઈ? એને ધર્મની ખબર નથી. ધર્મ એટલે આત્મામાં આનંદ છે તે એનો સ્વભાવ છે. અને જ્યાં આનંદની પ્રતીતિનું ભાન થાય તેમાં આનંદ આવે એનું નામ ધર્મ છે. બહારમાં આને માને છે કે આમાં મને સુખ છે એ દૃષ્ટિ મિથ્યા છે, પાપદૃષ્ટિ છે. કહો, ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ... પાપ બંધાય?

ઉત્તર :- મિથ્યાત્વનું પાપ તીવ્ર બંધાય. ચાર ઘાતિ લીધા ને. જુઓને! પાપના પરિણામથી ઘાતિકર્મ આકરા બંધાય. જ્ઞાનાવરણીય આદિ. સમજાય છે?

ત્રીજી વાત. '**કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે...**' ઓલો અજ્ઞાની કહે છે, હોં! આહાહા..! મહારાજ! બધું કર્મ સરખું? તમારે તો... સમજ્યાને? એક ... એક કર્મ આમ પુણ્ય આવે તો અબજોપતિ માણસ કહેવાય, ખમ્મા-ખમ્મા થાય. મોટરું મળે. આહાહા..! હુકમ કરે તો આ શીખંડ, પુરી ને પતરવેલીયાના ભજીયા ઊના તાજા તાજા આવે. મૂઢ છે. કહે છે કે એમાં સુખ હતું કે દિ'? એ તો જડની દશા છે. અજ્ઞાની કહે છે કે અમને કર્મના ફળમાં સુખ અનુભવાય છે. એય.. સારા દિકરા, મકાન સારા, બાયડી સારી, ખાવા બેઠા હોય તો ..., હાથમાં પંખો લઈને બેસે. દાળમાં માખી ન પડે, મચ્છર ન પડે. ન્યાં કાંઈ લૂગડું પાથરીને ખાવા બેસે છે? સમજાણું? એવા બૈરા કહ્યાગરા હોય તો બહારમાં આમ દિવસે પણ મચ્છર ન આવે માટે પંખો લઈને બેસે જોડે. અને સોનાના વાડકા હોય એમાંથી સમજ્યાને? શીંખડ-પુરી ભર્યા હોય. આહાહા..! આવું સુખનું ફળ. અમને તો કાંઈક ફેર લાગે છે. ઓલો કહે છે. ...ભાઈ! વાત જે કહેવી હોય એ પૂરી બતાવવી જોઈએ ને. કલ્પના છે કહે છે. ઈ આગળ કહેશે હજી.

'**કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે અને કોઈ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે;...**' આમ દરિદ્ર. આહાહા..! નહોતું કીધું? એક ફેરી રાણપુરમાં ખાટલો ભરતો હતો ભંગીયો. ખાટલો ભરતો હતો. અપાસરાની સામે. અપસરાની સામે એક ખાટલો ભરતો હતો ભંગીયો એક. રાણપુરનો દાખલો નહોતો આપ્યો? વોરાની શેરીમાં. એ આટલી ખાટલી ઊંડી. બાયડી કાળી કુબડી, છોકરા એના કાળા. એ ભરતો હતો. એમાં રોટલો લાવ્યા હશે. ખાધા પછી .... રાજ બેઠા જાણ! શું છે? .... રાણપુરની (સંવત) ૧૯૮૪ની વાત છે. .. પાછી હોં! છાશ પણ ખાટી મળેલી. રોટલો પડલો બાજરાનો. એ રોટલો ખાતા હતા ભેગા થઈને

છોડી ને છોકરો ને બધા. કહે છે કે એ બધું.. આ તો વળી અનુકૂળ. પણ આ તો રોગ હોય શરીરમાં લ્યો ને. અને દીકરો માંદો, દીકરી રાંડે, દીકરો મરે. દીકરી રાંડે. દીકરી મરી જાય તો કાંઈ નહિ. આ તો દીકરી રાંડે, દીકરો મરે, ... જાય, શરીરમાં રોગ થાય. ત્યારે .. મહારાજ! આ અજ્ઞાની કહે છે, હોં! '**કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે;...**' એ વખતે તો દુઃખ લાગે. એ ફળમાં ફેર નથી લાગતો તમને? વ્યવહારવાળો કહે છે. '**આમ અનુભવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે.**'

ચોથી વાત. '**કોઈ કર્મ મોક્ષમાર્ગને આશ્રિત છે (અર્થાત્ મોક્ષમાર્ગમાં બંધાય છે)...**' મહારાજ! તીર્થંકર ગોત્ર, આહારક શરીર બધા મોક્ષમાર્ગમાં આવે ત્યારે બંધાય છે. સમજાણું કાંઈ? એમ પ્રશ્ન છે વ્યવહારવાળાનો. '**કોઈ કર્મ બંધમાર્ગના આશ્રયે છે;...**' બંધમાર્ગને આશ્રયે પાપ બંધાય એ બધું બંધરૂપ માર્ગ છે. '**આમ આશ્રયનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. આ પ્રમાણે હેતુ,...**' એટલે કર્મબંધનના પરિણામમાં ફેર કહે છે અજ્ઞાની, કર્મના સ્વભાવમાં ભેદ કહે છે પુણ્ય-પાપના બંધનમાં, એના ફળમાં સુખ-દુઃખનો ફેર કહે છે અને આશ્રયમાં મોક્ષમાર્ગમાં પુણ્ય બંધાય અને બંધમાર્ગમાં પાપ બંધાય. એમ કહે છે. '**એ ચાર પ્રકારે કર્મમાં ભેદ હોવાથી કોઈ કર્મ શુભ છે અને કોઈ અશુભ છે એમ કેટલાકનો પક્ષ છે.**' લ્યો. એ પક્ષ આખો કહ્યો. હવે એનો ખોટો પક્ષ બતાવશે સામે.

'**હવે એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે :-**' શું કહે છે હવે? જુઓ! '**જીવના શુભ અને અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય છે...**' હવે આ સિદ્ધાંત આવ્યો આપણે. પુણ્ય પરિણામ જે કહ્યા હતા અરિહંતાદિની ભક્તિનો શુભરાગ, જીવ પ્રત્યે દયાનો શુભરાગ, મંદ કષાય રાગ એ શુભ પરિણામ અને નિર્દય પરિણામ, વિષયાસક્તિ પરિણામ, તીવ્ર લેશ્યા પરિણામ, દેવ-ગુરુનો અનાદર એ શુભ-અશુભ પરિણામ બેય અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એ બે ભાવમાં ચૈતન્ય સ્વભાવ એનો આવતો નથી.

ભગવાન ચૈતન્યની મૂર્તિ આનંદનું તેજ જેમાં છે, એ ચૈતન્યના સ્વભાવથી વિરૂદ્ધ શુભ અને અશુભભાવ છે. માટે ભગવાને બેને અજ્ઞાન કહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શુભ હો કે અશુભ હો. બાપુ! એ બેય વિકાર પરિણામ છે. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ એનાથી વિરૂદ્ધ પરિણામ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યસૂર્ય એનાથી પુણ્ય અને પાપના પરિણામ વિપરીત (છે) માટે જ્ઞાન એમાં નથી, સમજ એમાં નથી, ચેતના એમાં નથી માટે શુભ-અશુભભાવને અમે અજ્ઞાન કહીએ છીએ. તું કહે છે કે શુભ સારા અને અશુભ ખરાબ. અમે તો કહીએ છીએ કે બેય અજ્ઞાન છે. ઝવેરચંદભાઈ! જરી ઝીણી વાત છે આ. બરાબર

આવ્યા છે આમાં. મુદ્દાની વાતમાં આવ્યા છે બરાબર સાંભળવા માટે. એ.. ન્યાલભાઈ! સાંભળ્યું ન હોય કોઈ દિ' ત્યાં. શેઠિયા માણસને બધા માખણ ચોપડે સરખી રીતે. તમને બહુ માન આપે. તમે ધર્મી છો ને ફલાણા છો. અહીં તો ના પાડે છે. દાનના પરિણામ શુભ છે. એ શુભ પણ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં ધર્મ નથી. એકેય દોકડો ધર્મ નથી. એમ કહે છે. જુઓ! આ શું કહે છે? પેલાએ દલીલ કરી હતી, મહારાજ! પંચ પરમેષ્ઠીની ભક્તિ, જીવ પ્રત્યે અનુકંપા, અને મંદ કષાયની ઉજ્વળતા તો શુભ પરિણામ છે. કર્મ પુણ્ય બંધાય એમાં શુભપરિણામ નિમિત્ત જુદું છે શુભપરિણામ. પાપ બંધાય એમાં અશુભપરિણામ છે. માટે આ પરિણામમાં ફેર છે ને. ગુરુ કહે છે કે બાપુ! એ બેય પરિણામ ચૈતન્યના શુદ્ધ સ્વભાવથી વિરૂદ્ધ છે. એય..! ન્યાલભાઈ! કહો, ભગવાનની ભક્તિ કરતા કરતા મુક્તિ થાય એ ના પાડે છે અહીં. ગુરુની ભક્તિ શુભભાવ છે.

આત્મા શુભાશુભ પરિણામ વિનાની વસ્તુ છે એની અંતરમાં દૃષ્ટિ સમ્યક્ કરે ત્યારે તેને ધર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ? માંગીરામજી! શું છે? આ દુકાને બેસે છે કે નહિ બધાને છોકરાઓને? આ તો કહે છે કે એકેન્દ્રિયની દયાના પરિણામ શુભ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે આત્માના ચૈતન્ય સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. આહાહા..! રાડ નાખી જાય એવું છે ને. ભાઈ! જે પરિણામ રાગવાળા છે તેને આત્માનો સ્વભાવ કેમ કહીએ? એ રાગ છે, વિકલ્પ ઉઠે છે. પરને ન મારું, દયા, દાન, ભક્તિ, પૂજા એ ભાવ હો. પણ એ ભાવ તે અજ્ઞાન (છે). અજ્ઞાન એટલે ચૈતન્ય સ્વરૂપ, ચૈતન્યસૂર્ય પ્રભુ એમાં એનો જ્ઞાતાપણાનો, જ્ઞાનપણાનો શુભ પરિણામમાં અભાવ છે. એમ અશુભભાવ હોય તો એમાં જ્ઞાનપણાનો અભાવ છે. માટે શુભ અને અશુભ પરિણામ બંને અજ્ઞાનમય છે. સંભળાય છે? ક્યાં ગયા? નથી આવ્યા? વાસુદેવભાઈ નથી આવ્યા. દુકાન-બુકાને હશે. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા ચૈતન્યનું દળ છે ને. ચૈતન્યસૂર્ય પ્રભુ છે આત્મા. એનામાં તો જ્ઞાયકતા, જાગૃતતા, આનંદતા, શાંતિ પડી છે. એવો જે આત્મા એનાથી આ શુભ અને અશુભ બેય ભાવ એ સ્વભાવથી વિરૂદ્ધ છે. આને ચૈતન્ય કહીએ તો આને અચેતન કહીએ, આને જીવ કહીએ તો શુભ-અશુભભાવને અજીવ કહીએ. આહાહા..! ચૈતન્યને ચૈતન્ય કહીએ તો આને અજ્ઞાન કહીએ. એમ કહે છે. સાંભળવા મળે નહિ, કે દિ' સમજે અને કે દિ' રુચિ કરે? બહારથી માનીને બેસી જાય. થઈ ગયો, ધર્મ કરીએ છીએ, ચાલો. થઈ ગયું પૂરું. અહીંથી મૂકીને જાય ચોર્યાસીમાં. સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની વીતરાગ પરમેશ્વર કહે છે કે ભાઈ! એ શુભ અને અશુભ બેય રાગ છે. એક પાપરાગ છે, એક પુણ્યરાગ છે. એ રાગ છે તે ચૈતન્યના

(વિરુદ્ધ વિષમભાવે છે). ચૈતન્ય જે છે એ જ્ઞાનસ્વરૂપ છે અને ચારિત્ર એટલે સમરસી વીતરાગ સ્વરૂપ આત્મા છે. એનાથી વિરૂદ્ધ શુભ-અશુભભાવ તે વિષમભાવ છે. તેથી ચૈતન્યની અપેક્ષાએ તેને અજ્ઞાનભાવ કહેવામાં આવે છે. આહાહા..! શું કરે? અનંત કાળે માંડ માણસપણું મળ્યું. માંડ નીકળ્યો છે. એમાંથી કાંઈક થોડું બિચારો કરવા જાય ત્યાં મળે આવા. આમાં તમારે ધર્મ છે, શુભભાવમાં ધર્મ છે. એમ કરતા કરતા થાશે. એય..! ન્યાલભાઈ! એમ જ છે? ભાઈ! તારી જીંદગી નકામી જશે, હોં! એ શુભ પરિણામ કે અશુભ એ તો ગતિને આપશે. ભવને નહિ ટાળે. સમજાણું કાંઈ?

ભગવાન વસ્તુ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ, ચૈતન્ય સતેજ, ચૈતન્ય સતેજ. આ તેજ લીધું હતું ઓલામાં નહિ? રત્નકરંડ શ્રાવકાચારમાં. ... ત્રણ રત્નનું તેજ છે. એવું લીધું હતું, હોં! એક ગાથામાં. રત્નકરંડ શ્રાવકાચારમાં. આત્મા એ પુણ્ય-પાપના પરિણામરહિત એવા શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, શુદ્ધનું જ્ઞાન અને શુદ્ધનું ચારિત્ર-રમણતા અંતર, એ ત્રણને ત્રણ રત્નના તેજ કહ્યા છે. એ આ પુણ્ય-પાપમાં તેજ નથી. સમજાણું? છે ખરું. રત્નકરંડ શ્રાવકાચાર. સમજાણું કાંઈ? આ તો માટી છે. એ તો અજીવ માટી, હાડકા, ચામડા આ તો જડ તત્ત્વ છે. પણ અંદર શુભભાવ અને અશુભભાવ થાય એ પણ ચૈતન્યના તેજ વિનાની ચીજ છે. અંધારું છે ઈ. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ અંધારું છે. ભગવાન આત્મા અંધારાથી પાર ચૈતન્યની જ્યોત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અજ્ઞાનીની દલીલ હતી કે, મહારાજ! તમે કર્મના એક પ્રકાર કહો છો. અમને તો બે પ્રકાર લાગે છે. એક કર્મ પુણ્ય બંધાય એના પરિણામમાં તો શુભભાવનું કારણ છે. એનો હેતુ તો શુભભાવ છે. પાપ બંધાય એનો હેતુ તો અશુભભાવ છે. અને એ બંધનના હેતુમાં ફેર છે. તો ફેર છે એ તો તમે કહો. કહે છે, ના, ના. ભાઈ! જે શુભભાવ અને અશુભભાવ બેય બંધના કારણ છે. તેથી તેને અમે આત્માના સ્વભાવથી ચૈતન્યના નૂરથી, ચૈતન્યના પૂરથી જ્ઞાનથી ભરેલો ભગવાન એનાથી વિરૂદ્ધ છે. માટે તેને અમે અજ્ઞાન કહીએ છીએ. સમજાણું કાંઈ? આ કેવળી પણ્ણંત્તો ધમ્મો. એ શુભ-અશુભ પરિણામ વિનાનો આત્મા તેની અંતર દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરવું, અંતરમાં નિર્મળ નિર્વિકારી, એનું નામ કેવળી પણ્ણંત્તો ધમ્મો. આ શુભપરિણામ પણ કેવળી પણ્ણંત્તો ધમ્મો નહિ. સમજાણું કાંઈ? રાડ નાખી જાય, હોં! વાડામાં તો ઊભા રહેવા ન દે. અહીં કાંઈ વાડો ન મળે. ચોખ્ખી વાત આ છે. માર્ગ પરમાત્માનો કહેલો આ છે. ન્યાલભાઈ! અહીં બધા ઘણાં વર્ષ થયા. ૮૪ વર્ષ થયા ડોસાને. બધે ઘણે ઠેકાણે મુંડાવ્યું છે. ઝવેરચંદભાઈ પૂછતા હતા, ભાઈ પૂછતા હતા. સમજાણું? ભાઈ! બાપુ! પહેલો શ્રદ્ધામાં સુધારો કર. કહે છે કે શુભ-અશુભભાવ ભાઈ! એકેય ધર્મરૂપ નથી,

હોં! એ પુણ્ય અને પાપના ભાવ બંને આત્માના શુદ્ધ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. એ પરિણામ એક જ જાતના છે. શુભ હો કે અશુભ હો. બંધના કારણમાં તેનો હેતુ એક જ પ્રકારનો અજ્ઞાન જ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

શું કીધું? '**જીવના શુભ અને અશુભ પરિણામ...**' છે એમાં? ક્યાં છે લાવો બતાવો. ... એ છે? વાંચો જોઈ.

મુમુક્ષુ :- ... જીવના શુભ અને અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય છે...

ઉત્તર :- બસ ઈ. '**બન્ને અજ્ઞાનમય છે...**' શુભ અને અશુભભાવ બેય અજ્ઞાન છે. આત્માનો સ્વભાવ નથી એમ કહે છે. દયાનો, દાનનો, પૂજાનો, પરોપકારનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો બેય ભાવ અજ્ઞાન છે. આત્માનો ભાવ નથી એમ કહે છે. પાકી કરાવવીને વાત. તમારે કરવી આ બધું... ... આહાહા..! કહો, સમજાણું આમાં?

'**તેથી કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે;...**' પહેલું એમ કહ્યું કે જીવના શુભ-અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય ભાષા હોં પાછી. અજ્ઞાનમય જ છે. બેય વિકારીભાવ હોવાથી ચૈતન્યના જ્ઞાનના પ્રકાશના તેજથી વિરૂદ્ધ હોવાથી તેને અજ્ઞાન કહ્યા છે. આહાહા..! કહો, માંગીરામજી! કાંઈ વંચાવો છો તમારા છોડીયું પાસે, છોકરા પાસે? એની પાછી બેસે છે કે નહિ એ વાત? દિલ્હીમાં સ્થાનકવાસીમાં મુખ્ય છે. દિલ્હીથી આવ્યા છે. કહો, સમજાય છે કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવનો દિવ્યધ્વનિનો અવાજ છે, ભગવાનની વાણીનો અવાજ છે કે હે આત્મા! જેના પુણ્ય બંધનના રજકણોમાં જે પરિણામ શુભ પરિણામ છે અને પાપ બંધનના રજકણના હેતુ પાપ પરિણામ છે. બેયને અમે તો અજ્ઞાન કહીએ છીએ. એ આત્માની ચૈતન્ય જાતથી તે વિરૂદ્ધ જાત છે. કેમ કે જે પરિણામ બંધનો હેતુ થાય છે. આત્મા અબંધ સ્વભાવી છે એના કારણમાં આ બંધ પરિણામ આવતા નથી. સમજાણું કાંઈ? એને સાંભળવા મળે નહિ, એ કે દિ' વિચારે અને કે દિ' રુચિ કરે? એમ ને એમ જિંદગી બફમમાં ને બફમમાં ચાલી જાય. અનંત કાળ ગયા. એને ચૈતન્યની જાત શું છે અને એનાથી વિરૂદ્ધ શું છે એની એણે શ્રદ્ધા કોઈ દિ' કરી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થઈ રહ્યું એટલે થઈ રહ્યું જાવ. ઈ જ કહે છે આ.

બાપુ! પૈસા પણ પૈસા તો જડ. તારા કે દિ' હતા? એમાં તું રાગ ઘટાડ કદાચ.. ધૂળમાંય નથી. મનુષ્યપણું લુટાઈ જશે તારું. એય..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેઠિયાઓ પાછા એને ... બનાવી દે. બાપા! તમારે શું? તમારે બે-પાંચ લાખની પેદાશ છે. તમે પચાસ-પચાસ હજાર, લાખ-લાખ બાર મહિને ખર્ચો. તમે ન્યાલ થઈ જશો. ધૂળમાંય નહિ થાય એમ કહે છે. એય..! આહાહા..!

ભાઈ! તને આત્મા શું છે (એની ખબર નથી). પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ આત્મા તો એને કહ્યો છે કે જે શુભ અને અશુભભાવ વિકાર છે પુણ્ય-પાપનું તત્ત્વ, એનાથી જુદું તત્ત્વ છે. એમ જુદાને જુદા તત્ત્વથી લાભ થાય એ માન્યતા મોટી મિથ્યાદર્શન, અજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઓલા વ્રત-બ્રત કરતા હોય. વિકલ્પ છે, અમે વ્રત પાળીએ. ધૂળેય વ્રત પણ નથી સાંભળને તારા, એ રાગની મંદતા છે. વ્રત તો ચૈતન્ય જ્ઞાનાનંદનું ભાન થઈ, શુદ્ધ સ્વભાવમાં રોકાઈ જવું, અંદર રમણતા કરવી એને ભગવાન સમ્યગ્દર્શન સહિતના વ્રત કહે છે. બાકી તો બધા અજ્ઞાનીના અજ્ઞાન વ્રત છે. અજ્ઞાનમય છે આ કીધું એ. શુભ પરિણામ તે અજ્ઞાનમય છે. કહો, સમજાણું આમાં?

તે '**બન્ને અજ્ઞાનમય છે તેથી કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે;...**' કહો. પહેલા કહ્યું કે, કર્મના હેતુના પરિણામ બે જુદા પડે છે. અને આ કહે છે કે બે અજ્ઞાનમય છે માટે કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે. આત્માનું જ્ઞાન એમાં આવતું નથી. સમજાણું કાંઈ? '**માટે કર્મ એક જ છે.**' લ્યો. એ એક બોલનો ખુલાસો કર્યો. બીજો. ઓલાએ એમ કહ્યું હતું કે, મહારાજ! પુદ્‌ગલના સ્વભાવમાં ભેદ છે ને. એક શાતા વેદનીય બંધાય, એક અશાતા વેદનીય બંધાય, એક યશોકીર્તિ બંધાય, એક અપયશકીર્તિ બંધાય, પંચેન્દ્રિયપણું બંધાય, એકેન્દ્રિયપણું બંધાય, આવા પુદ્‌ગલના કર્મના બંધમાં પણ ફેર (છે).

ત્યારે કહે છે, '**શુભ અને અશુભ પુદ્‌ગલપરિણામો બન્ને પુદ્‌ગલમય જ છે...**' ત્રીજી લીટી. એ બંધાણા પરમાણુ પુણ્યના કે પાપના એ બધા પુદ્‌ગલ છે. શુભાશુભભાવ તે અજ્ઞાન છે. અને પુદ્‌ગલ જે બંધાણા શાતા-અશાતાના એ બધા પુદ્‌ગલ જડ છે. એમાં આત્મા-ફાત્મા છે નહિ. એ કહેશે. પછી ગાથા કહેશે. પછી જ કહેશે. એ '**सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं बंधदि**' સોનાની બેડીએ બંધાય અને લોઢાની (બેડીએ બંધાય), બેય બંધાયેલા છે. એમાં એકેય બંધનરહિત નથી. સમજાણું કાંઈ? સોનાની બેડીએ. સોનાની બેડીમાં જોખમ મોટું હોય. મારી નાખે. સમજાણું કાંઈ? ... કહો, સમજાણું આમાં? .. સાંભળ્યા વિના રહે.. સમજાણું કાંઈ? શું કહે છે?

જે પુણ્ય પરિણામથી પુણ્ય બંધાય અને પાપ પરિણામથી જે પાપ બંધાય, બેય બંધાય તે પુદ્‌ગલ છે. એમાં પુદ્‌ગલ સિવાયની એકેય ચીજ બીજી છે નહિ. ચાહે તો શાતા બંધાય અને ચાહે તો અશાતા બંધાય. ચાહે તો જશકીર્તિ બંધાય અને ચાહે તો અપયશકીર્તિ બંધાય.

એ બધા પુદ્ગલ જડ માટી છે. એટલે પુદ્ગલમાં તું ફેર પાડે છો, એક શાતામાં બંધાય અને એકમાં અશાતા, અમે કહીએ છીએ બેય પુદ્ગલ છે. એમાં એકેય ફેર છે નહિ. સમજાણું કાંઈ?

'**તેથી કર્મનો સ્વભાવ એક પુદ્ગલપરિણામરૂપ જ છે;...**' લ્યો! '**બન્ને પુદ્ગલમય જ છે તેથી કર્મનો સ્વભાવ...**' પુદ્ગલ બંધાણા કર્મ જડ, તેનો '**એક પુદ્ગલપરિણામરૂપ જ છે;...**' એક પુદ્ગલ છે. બધા એક પુદ્ગલ પરિણામ જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલાં કર્મ બંધનના હેતુમાં ફેર પાડ્યો હતો. શુભ પરિણામ અને અશુભ પરિણામ. એ બેને અજ્ઞાનમય ગણીને એ અજ્ઞાન છે માટે કર્મનો હેતુ તે અજ્ઞાન જ છે એમ સિદ્ધ કર્યું. એમાં આત્મા છે નહિ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો કે હિંસા, જૂઠાના હો બેય પરિણામ અજ્ઞાન છે. ચૈતન્યની જાતથી વિરૂદ્ધ છે. માટે અજ્ઞાન હોવાથી કર્મના બંધનનો હેતુ એક અજ્ઞાન જ છે. કર્મબંધનનો હેતુ કોઈ દિ' જ્ઞાન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? તમે આ કર્યા ને? સેવા-બેવા કરી છે ને ..? .. સેવા કરે. આ તો સેવાના ભાવ હોય તો પણ પુણ્ય છે એમ કહે છે. એ કાંઈ ધર્મ નથી. ભારે જગતથી ઊંધું, ભાઈ!

બે વાત કરી. અજ્ઞાનીએ જ્યારે કર્મના જડ બંધનના હેતુમાં ફેર પાડ્યો કે એકનો હેતુ શુભભાવ છે અને એકનો હેતુ અશુભભાવ. આચાર્યે કહ્યું કે બાપુ! બેય પરિણામને અમે તો ચૈતન્યની જાતથી વિરૂદ્ધ ગણીને અજ્ઞાન કહીએ છીએ. એમાં એકેય આત્માની જાત શુભ-અશુભમાં છે નહિ. એના બંધનમાં ફેર પાડ્યો કે એક શુભ પરિણામથી શાતા વેદનીય આદિ પુણ્ય બંધાય, અશુભ પરિણામથી પાપ બંધાય અશાતા. એવા બે બંધનમાં ફેર છે ને? કહે છે, બાપુ! બેય પુદ્ગલની જાત છે. બંધન પડે શાતા-અશાતા બેય પુદ્ગલમય છે. એમાં એકેય આત્મા છે નહિ.

ત્રીજી વાત. અહીં તો સ્પષ્ટ વાત છે. હવે આમાં કાંઈ છાશ લેવા જવી અને દોણી સંતાડે એવું નથી આ. ..ભાઈ! આપણે કહે છે કે ને? ભાઈ! છાશ લેવા જાય ને દોણી શું સંતાડવી? ... મામા! આટલી છાશ જોઈએ છે. અમારે મહેમાન ઘરે આવ્યા છે. દરરોજ બે શેર લેતા હોય અને દસ શેર જોઈતી હોય તો બતાવવી પડે એને. .. આ છે. લાવો છાશ. અમારે થાતું હોં! અમારા ઘરની વાત છે. ... એ પછી અહીં જરી ઓલા હતા ને કાંઈક. સ્ત્રીઓને લોભ તો હોય ને. છાશ લેવા જાય તો થોડી આપે દરરોજ જોતી હોય એટલી. અને ઝાઝી જોઈતી હોય તો બતાવવી પડે બોઘડી મોટી કે જુઓ, આ લાવ્યા. લઈ જા, ભાઈ! ઉમરાળા. ઉમરાળામાં મોસાળ હતું ને. સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભાઈ! ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની એમ ફરમાવે છે કે જે કાંઈ બંધનમાં

શાતા-અશાતા, જશ-અપજશ કર્મ બંધાણા એ કર્મ બધા પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલની એક જાતના (છે). (એમાં) વળી એક પુણ્ય બંધાણું અને પાપ બંધાણું બે ફેર કેમ પાડ્યા તેં? એમાં ફેર છે નહિ. ત્રીજી વાત. **'સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે...'** ભાષા જુઓ. જરી ઝીણું છે. શું કહે છે? આ ધૂળ-પૈસા મળ્યા પાંચ કરોડ અને દસ કરોડ અને માટી. બાયડી મળી માખણના પીંડા જેવી અને મળ્યા .. સમજાય છે? દૂધપાક અને પતરવેલીયા તાજા ઘીમાં તળેલા. કહે છે, એનો અનુભવ જે છે એ પુદ્‌ગલમય છે. રાગ છે એ પુદ્‌ગલમય છે. ભાઈ! એમ કહ્યું અહીં તો. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન એનાથી ઊલટો એમાં જે તને રાગ આવે છે કે મને મજા પડે છે. એ રાગ બાપુ! પુદ્‌ગલ છે, ચૈતન્ય નહિ. આહાહા..! એય..! પોપટભાઈ! શું હશે આ? સાંભળવાનું .. થાય નહિ હોં! ચાલીસ કરોડ રૂપિયા .. દશાશ્રીમાળીમાં ચાલીસ કરોડ! રાજાને હોય. મોટા દેરાવાસીને હતા અમદાવાદમાં. ધૂળેય નથી, સાંભળને હવે.

કહે છે એ લાડવા, દાળ-ભાત, શાક, મકાન, હજીરા દસ-દસ લાખના અને મોટું પાંચ-પાંચ લાખની મોટરું મોટી લાંબી. શું કહેવાય? મુંબઈમાં હોય છે ને? પોપ પાસે તો મોટી મોટર હતી. પછી તો .. આપી ગયા. ... સંચા ઊંચા. સંચા ઊંચા એની કિંમત છે ને. બાકી તો .. કહે છે કે એનો અનુભવ તને પરિણામમાં દુઃખરૂપ છે. તને એમ લાગે છે કે હું સુખરૂપ અનુભવ કરું છું. ના, ના એ તો દુઃખના ભાવ, રાગના ભાવ, ક્લેશના ભાવ, અશુભભાવ, પાપભાવ, દુઃખરૂપ પુદ્‌ગલ છે. આહાહા..! એ આત્માના આનંદનો અનુભવ તેને આત્મા કહીએ. આ દુઃખનો અનુભવ તો પુદ્‌ગલ છે કહે છે. એય..! પૈસા માટે ... બે આમ લે છે. એ તો ખુરશીએ બેઠો હોય અને મખમલ નાખ્યા હોય. સમજ્યાને? ...માં પણ આ બધા પડ્યા હોય ઊંચા ઊંચા હીરા, માણેક ને આમ. કેમ છે? ભાઈ! શું આવ્યા છો તમે? શું છે પણ? એ કહે છે કે એ વખતની તારી કલ્પના છે કે હું સુખી છું એ પુદ્‌ગલ છે. ચૈતન્યની જાતથી વિરૂદ્ધ છે તારી (પુણ્ય-પાપની) જાત. આહાહા..! એ રાગને પુદ્‌ગલ ગણ્યા છે. આહાહા..!

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! તારી જાત અંદર ચૈતન્યના તેજ છે. એ આનંદનો ભંડાર ભગવાન અતીન્દ્રિય આનંદનું પુર આત્મા છે. ભાઈ! તને એની ખબર નથી. તને એ પુદ્‌ગલના અનુભવમાં જે હરખ આવે છે એ હરખને અમે તો પુદ્‌ગલ જ કહીએ છીએ. પુદ્‌ગલના લક્ષે ઉત્પન્ન થયેલો ભાવ તેને પુદ્‌ગલ કહીએ છીએ. એ પુદ્‌ગલનો અનુભવ, આત્માનો નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અને દુઃખનો અનુભવ. સાતમી નરકની પીડા. નારકી છે ને સાતમી? પીડા.. પીડા..

કહે છે કે એ વખતના દુઃખનો દ્વેષ છે, બાપુ! ઓહોહો...! વીંછી હજારો કરડે, હોં! સાતમી નરકે તો અનંત વાર ગયો છે દરેક જીવ. આત્મશ્રદ્ધા અને આત્મજ્ઞાન, સમકિત વિના આવા શુભાશુભ પરિણામ કરી અનંત વાર ભવ થયો. સાતમી નરકે એવો નારકી પાંચસો ધનુષ્યનો દેહ ઊંચો લાંબો. હજારો વીંછી કરડે. એક વીંછીના કરડ એ પણ સાકરીયો વીંછી આકરો હોય છે લાંબો હોય, આવડો થાય. એમાં ડંખ મારે માણસ બે ઘડીમાં મરી જાય. એવા એવા લાખો વીંછી (કરડે). ભાઈ! કહે છે કે એ અનુભવ વીંછીનો નથી. એ શરીરનો રોગ છે એનો અનુભવ નથી. તને અંદર દુઃખનો ભાવ થાય છે અણગમો, એ અનુભવ અણગમો દુઃખ તે પુદ્ગલમય છે. એ ચૈતન્યની જાતથી વિરૂદ્ધ છે. આહાહા..! સમજાય છે?

એક વખત અમે છોડીને ... નવી પરણ્યો હતો. લાઠીની બાઈ હતી. બે વર્ષનું પરણેતર. દાણે દાણે ઈયળુ પડી ગઈ. દાણે દાણે ઈયળ. બે વર્ષનું પરણતેર, જુવાન બાઈ. ડેલામાં હતી. એક કોર તળાઈમાં સુવાડી. આમ ફેરવે તો આમ ઈયળું હજારો આમ પડે. આમ ફેરવે તો આમ પડે. બા! એમ કહેતી. બા! આવા પાપ મેં આ ભવમાં કર્યા નથી. આ સહ્યું જાતું નથી. ... છે ને? ભાઈ ... એવી પીડા. એ પીડા એની નથી. એને અંતર ચૈતન્યને ગોઠતું નથી. દ્વેષ કરે છે. એ દ્વેષ છે એ પુદ્ગલના પરિણામ આત્માની જાતના નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અને ઓલા સુખના અનુભવ કીધા. આમ અપ્સરાઓ હજારો હોય. દેવનું શરીર વૈક્રયિક શરીર હોય. જેને આહારની જરૂર નહિ. કેમ કે હજારો વર્ષે ઈચ્છા થાય ત્યારે અમૃત ઝરે. પણ કહે છે કે બાપુ! એ સુખની જે કલ્પના છે ને? આ મને સુખ છે, એ પુદ્ગલની જાત છે, જડની જાત છે. ચૈતન્ય ભગવાનની જાત નથી. એ સુખની કલ્પના અને દુઃખની કલ્પના બેય પુદ્ગલની જાત, ચૈતન્યની જાત નથી. મોહનભાઈ! આહાહા..! અરે..! એણે કોઈ દિ' મારા સ્વભાવમાં શું છે? અને આ સ્વભાવ વિરૂદ્ધ શું થાય છે? એની એણે કોઈ દિ' શોધ કરી નથી. સમજાણું કાંઈ? એમ ને એમ આંખ્યું મીંચીને આંધળો થઈને ચાલ્યો જ ગયો છે. સમજાણું કાંઈ?

પરમેશ્વર કહે છે કે બાપુ! ભાઈ! તું ચૈતન્ય સ્વરૂપ છો ને ભાઈ! વસ્તુ છો ને? તો વસ્તુ છે એમાં વસ્તુની શક્તિઓ છે કે નહિ અનાદિની? જેવો અનાદિનો તું, એવા અનાદિના સ્વભાવો તારા અનાદિના છે અંદર. આનંદ, જ્ઞાન, શાંતિ અનાદિના છે. બાપુ! ઠસોઠસ ભરેલાં છે. પણ તેની તને ખબર નથી, તેની તને શ્રદ્ધા નથી, તને તેનો વિશ્વાસ નથી. એથી આ પુણ્ય અને પાપના સંયોગની ધૂળમાં, આ મને સુખી છું અત્યારે. મારા જેવો સુખી કોઈ નહિ. હું પહોળો ને શેરી સાંકડી. શેરી સાંકડી એટલે સમજાણું? કરોડ, બે કરોડ થાય

એટલે ... છોકરા ચાર છે. બંગલા જુદા છે. .. ઓલા કહે, બાપા! તમારી સફારશ પોગે વકીલાતમાં. અમારી ન પોગે, હોં! ભાઈ! અમને .. એવા ... કહે છે કે એવા પરિણામ ઓલાના જે દુઃખના છે એ પણ પુદ્ગલના છે. આ કલ્પના કરે, અમે સુખી છીએ એ પુદ્ગલ પરિણામ છે. ભગવાન આત્માની જાતથી તે પરિણામ વિરૂદ્ધ છે. ..લાલજી! આહાહા..!

૩૦ લાખની પેદાશ એક દિવસની. એક હતો નહિ? અઢી લાખની એક કલાકની પેદાશ. એક હતો ને રાજા? મરી ગયો ને, ઉઠાડી મૂક્યો. ક્યાંકનો રાજા હતો. રાજ નાનું પણ પેટ્રોલની પેદાશ મોટી છે. એક કલાકની અઢી લાખની પેદાશ. એક કલાકની અઢી લાખની. એને ઉઠાડી મૂક્યો, એના ભાઈના દીકરાએ એને ઉઠાડી મૂક્યો. ... પુણ્ય ... છે. હવે બેસે. કલાકના અઢી લાખ. .. ઉઠાડી મૂક્યો એને. નામ આવ્યું છે. આપણને બહુ ખબર નથી. ઈરાક. ઈરાક હશે કો'ક બધા દુઃખી પ્રાણી મૃગ જેવા બિચારા. આહાહા..!

ભાઈ! તારી ચૈતન્યની અનેરાઈ, એ ચૈતન્યની અનેરાઈની તને ખબર નથી. ભગવાન! તને આવી અનેરાઈ ... થાય છે કે હું સુખી છું. ભગવાન કહે છે કે તારા પરિણામ જે સુખના તું કહે છે એને અમે પુદ્ગલ કહીએ છીએ. જડ જેવો કહીએ છીએ, હોં! એ જડ થઈ ગયો છે. તારા ચૈતન્યની તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**બન્ને પુદ્ગલમય જ છે...**' આ સુખરૂપ બંને પુદ્ગલમય જ છે. ઓહોહો..! '**તેથી કર્મનો અનુભવ એક પુદ્ગલમય જ છે;...**' ચાહે તો શાતાના ગંજ પડ્યા હોય આમ. એક બોલે તો હાજર હજાર. સંયોગોનો પાર નહિ. એના પુણ્યનો એવો ક્ષયોપશમ કે .. પડ્યા હોય, પૈસા એટલા, આબરૂ એટલી, છોકરા એવા, છોકરી એવી. છોકરીને નાખે ત્યાં વેવાઈ પણ એવા મળે ઓહોહો..! ફાલ્યો ફૂલ્યો. ભગવાન કહે છે કે ભાઈ! એ બધી ચીજોમાં તને સુખ છે એવી કલ્પના (છે). પ્રભુ! અમે તો એને દુઃખ કહીએ છીએ. અને એને અમે પુદ્ગલ કહીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા..! ... માં.

ધર્મીને પુણ્યભાવના ભાવની ઈચ્છા નથી. કેમ કે શુભભાવ એ દુઃખરૂપ છે. દુઃખની કેમ ઈચ્છા હોય? આત્મા આનંદમય છે. આવે ખરો. .. આવે છે એને રાગ. મટાડવા માગે છે, રોગ આવ્યો એને દવાથી મટાડવા માગે છે. પણ રોગી રોગને અને દવાને ઈચ્છતો નથી કે રોગ અને દવા હોય તો ઠીક. એમ સમ્યગ્દષ્ટિને આત્મદર્શનની, આત્મશ્રદ્ધાના ભાનથી એને રાગ આવે અંદર નબળાઈનો, પણ એને ઈચ્છા નથી. આ નહિ, આ નહિ. સહન થતું નથી એટલે રાગમાં જોડાઈ જાય છે. ઉપચાર પણ કરે છે. પણ એ બધાને છોડવા માટે ભાવ છે. રાખવા માટે ભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

બાપુ! સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનના મોટા ફળ છે. સમ્યગ્દર્શનનું ફળ મોક્ષ છે અને

મિથ્યાદર્શન આદિ શ્રદ્ધાનું ફળ નરક અને નિગોદ છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યના ફળ એને ભોગવે ત્યારે કહે, અમે બહુ સુખી છીએ. અને પાપના ફળ ભોગવે ત્યારે કહે, અમે દુઃખી છીએ. અહીં તો કહે છે કે બેય સુખ-દુઃખની કલ્પના તેને અમે ચૈતન્યના આનંદસ્વરૂપની જાતથી વિરૂદ્ધ છે એ અપેક્ષાએ તેને અમે પુદ્‌ગલ કહીએ છીએ. પહેલા શુભ-અશુભ પરિણામને અજ્ઞાન કહ્યું હતું, ભાઈ! અને આ ભોગવવાના ભાવને પુદ્‌ગલ કહ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજીવ...

ઉત્તર :- ત્યાં અજીવ લીધું. અજ્ઞાન છે ને. પુદ્‌ગલ છે પણ છે અજ્ઞાન પણ ઓલા .. ભોગવે છે ને? આ. આ શીખંડ ને પૂરી ને બાયડી એના માંસ અને હાડકા એ તો હાડકું છે. એમાં લક્ષ કરીને આ ઠીક છે, એવો જે રાગ છે એને પુદ્‌ગલ કીધું છે. બાપુ! એ ચૈતન્ય નહિ. આહાહા..! ખરેખર અજ્ઞાનમાં ... એ અપેક્ષાએ. ખરેખર એ પુદ્‌ગલ છે આની અપેક્ષાએ. કહો, સમજાણું કાંઈ? ઓહો..! ચૈતન્યની જાતની ભાતની ખબર વિના એણે અનંત કાળ ગુમાવ્યો. પુણ્યના ફળમાં હોશું કરી, પાપના ફળમાં દિલગીરી કરી. બેય એક જાત છે.

'**સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે તેથી કર્મનો અનુભવ એક પુદ્‌ગલમય જ છે;...**' કર્મના ફળથી મળેલી સામગ્રી, સુખ અને દુઃખના સંયોગો, એમાં તારી કલ્પના થાય કે હું સુખી-દુઃખી એ બધી પુદ્‌ગલની જાત છે. આત્માની જાત ચૈતન્ય આનંદથી વિરૂદ્ધ છે. કહો, બરાબર હશે આ? '**માટે કર્મ એક જ છે.**' કર્મના બે પ્રકાર નથી. અનુભવ એક પ્રકારનો માટે કર્મ એક જ પ્રકારનું એમ કહે છે.

'**મોક્ષમાર્ગ અને બંધમાર્ગમાં,...**' હવે ચોથો બોલ લે છે-આશ્રય. પહેલો હેતુ લીધો, સ્વભાવ લીધો, અનુભવ લીધો. હવે આશ્રય. એક મોક્ષમાર્ગ છે, એક બંધમાર્ગ છે. '**મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે...**' સાંભળ! કહે છે, ભાઈ! મોક્ષનો માર્ગ તો કેવળ જીવના પરિણામમય (છે). ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એને પુણ્ય-પાપના રાગથી રહિત અંતર ચૈતન્યની શ્રદ્ધા સમ્યગ્દર્શન પરિણામ, આત્માના જ્ઞાનસ્વરૂપની અંદર સમ્યગ્જ્ઞાનના પરિણામ, આત્માના આનંદસ્વરૂપના જે સ્થિરતાના આનંદના પરિણામ, એ બધા જીવમય પરિણામ છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય પરિણામ જીવમય છે. એમાં રાગ આવતો નથી. આહા..! એને મોક્ષનો માર્ગ કહીએ.

ફરીને. મોક્ષનો માર્ગ... ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની ગાંગડી છે. ચૈતન્યનો ગાંગડો. એ ચૈતન્યનો ગાંગડો ઓગળે તો એમાં આનંદ છે એટલે આનંદ આવે. એમ કહે છે. ગોળનો

રવો હોય એ ગરમીમાં ગળે તો ગોળ ગળે. એમાંથી કાંઈ કાળીજીરી ન પડે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રવો છે. એવા ભગવાન આત્માની આ પુણ્ય-પાપના રાગ અને સુખ-દુ:ખની કલ્પનાથી રહિત આવા આત્માની શ્રદ્ધા થવી, સમ્યગ્દર્શન પરિણામ એ જીવમય પરિણામ છે. એવા આત્માનું જ્ઞાન. શાસ્ત્રાદિનું જ્ઞાન પણ નહિ. આત્મા જ્ઞાનમૂર્તિ એમ જ્ઞાનનું જ્ઞાન... જ્ઞાનનું જ્ઞાન... જ્ઞાનના જ્ઞેય તરીકે કરેલું જ્ઞાન એ જીવમય પરિણામ છે. અને જીવના સ્વરૂપમાં રમણતા, આનંદમાં રમણતાની આનંદની અતીન્દ્રિયની ચરવું, રમવું એ શાંતિ ચારિત્ર એ આત્માના જીવમય પરિણામ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મોક્ષમાર્ગ તો...**' આહા..! આ વાત કરે એમાં વ્યવહાર સમ્યગ્દર્શન ક્યાં આવ્યું? એઈ..! ભગવાન! શું કહે? બાપુ! આ કાળ એવો ... એમાં જો ઊંધે રસ્તે ચડી ગયો પંડિતાઈને નામે, શાસ્ત્રના ભણતરને નામે અને ક્રિયાકાંડને નામે. મરી જઈશ, બાપા! આ અવતાર નહિ મળે, ભાઈ! કહે છે, મોક્ષમાર્ગ તો ભગવાન એને કહે છે કે જે ઓલા પુણ્ય-પાપના ભાવ તો અજ્ઞાન કીધા. પુણ્ય-પાપના બંધનને પુદ્ગલ કીધા. એ પુદ્ગલના ફળ મળે અનુકૂળ-પ્રતિકુળ તેના અનુભવને પુદ્ગલ કીધા. જાત નીકળી ગઈ ત્રણેય. એનાથી રહિત ચૈતન્ય સ્વરૂપ જે પુર્ણાનંદનો નાથ આત્મા, એની અંતરમાં સન્મુખ થઈને, અંતરમાં પ્રતીત સ્વભાવનો અનુભવમાં સ્વીકાર, અને સ્વનું જ્ઞાન અને તેના સ્વરૂપમાં પુણ્ય-પાપના વિકલ્પરહિત પરિણામ એ સ્થિરતા, એવું જે ચારિત્ર એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો જીવના પરિણામ હોવાથી જીવમય છે. આહાહા..! હૈયામાં બેસવું (કઠણ પડે).

ભાઈ! તું એક મોટો બાદશાહ છો અંદર. ભાઈ! તને ખબર નથી. આહાહા..! તારામાં તો સિદ્ધપદની પર્યાયો અનંતી પડી છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય, શરીરના જડના માટીના રજકણો કર્મથી જુદો અને પુણ્ય-પાપના રાગ અને વિકલ્પ છે પરિણામ એનાથી જુદો. એવા આત્માની અંતરમાં શુદ્ધ શ્રદ્ધા ... સમ્યક્ આત્માનું એવા આત્માનું જ્ઞાન અને એવા આત્માની રમણતા, આનંદની લીનતા, ભગવાન! એ તો આત્માના પરિણામ છે. એથી એને જીવના પરિણામ માટે જીવમય કહ્યા છે. ઓલા પુણ્ય-પાપ પરિણામ અજ્ઞાન પુદ્ગલ કહ્યા. આત્માના શુદ્ધ ચૈતન્યની અંતર્મુખ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા આનંદની એ પરિણામને મોક્ષમાર્ગને જીવમય કહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? શુભભાવ કરે તો મોક્ષમાર્ગ થાશે. અહીં કહે છે, શુભભાવ તારા અજ્ઞાન છે. સાંભળને હવે. એય..! ...ચંદભાઈ! આવ્યા છે બરાબર સરખાઈના, હોં! આ અધિકારમાં આવ્યા. પુણ્ય-પાપનો અધિકાર છે.

ભાઈ! એકવાર સમજ, કહે છે. બાપુ! એ ભગવાન આત્મા જેની... 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં...' શ્રીમદ્‌માં આવે છે ને? અપૂર્વ અવસરમાં.

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

એ અમદાવાદમાં હમણાં કીધું ને? વાત નહોતી કરી? છેલ્લું વ્યાખ્યાન થયું ને? દિનેશ હોલમાં. દિનેશ હોલ છે ને? મણિભાઈના દીકરા. ગુજરી ગયા ને? ઓલા મણિલાલ જસવંત. એના દિકરા હતા ને? એનો દિકરો મરી ગયો ને. એના નામનું .. ચાલતું. ત્યાં વ્યાખ્યાન ... હજારો ... ભરાઈ ગયું. પાલેજથી આવ્યા હતા. .. મહારાજ! અહીં તો તમારે આત્મસિદ્ધિ અને અપૂર્વ અવસરના વ્યાખ્યાન કરવા. વાત સાચી, કીધું. ... મોટા વેપારી છે. કો'ક હતો. ...વાળો. .. માણસ બહુ.. ભાષા બહુ સહેલી કરી દે. બાપુ! ભાષા જ આ છે. બીજી સહેલી શી હોય? તમે સાંભળ્યું નથી એટલે? અમારા આ ગામમાં તો આત્મસિદ્ધિ અને અપૂર્વના વ્યાખ્યાન કરવા. કીધું, બાપુ! આજ છીએ, કાલ તો વયા જવાના. પણ એ તો બિચારા.. ગાયન આવે ને અંદર, ગાયન આવે એટલે લોકોને આહાહા..! બાપુ! આત્મા એવો અમે કહીએ કે સર્વજ્ઞે જોયો એ આત્મા જાણે આત્મા ત્યારે તેણે આત્મા જાણ્યો કહેવાય. સમજાય છે કાંઈ? એ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ નિર્વિકારી શુદ્ધ ચૈતન્યની જાત તેને ચૈતન્ય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગ તો કેવળ જીવના...'** ભાઈ! એમ લીધું છે. અંશે પણ એવો શુભરાગ એમાં નહિ આવે. અરે..! પ્રભુ! એ તારી પ્રભુતા, તારી પ્રભુતાની પર્યાયથી પકડાય એવી છે. બાકી રાગથી પકડાય એવી નથી. આ રાંકો છે, પામર છે. શુભરાગ તે પામર, ભિખારી રાંક છે. એનાથી ભિન્ન ચૈતન્ય ભગવાન નિરાળો આનંદકંદ છે એની સન્મુખની, સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા (થાય) એ વીતરાગી પર્યાય છે. નિર્વિકલ્પ દશા છે, શાંત દશા છે. એ મોક્ષનો માર્ગ એ તો જીવમય છે. જીવમય છે. પુણ્ય પરિણામનો અંશ પણ એમાં આવી શકે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

**'મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે અને બંધમાર્ગ કેવળ પુદ્ગલના પરિણામમય જ છે...'** જુઓ! ભાષા. ભાઈ! બંધમાર્ગ તો કેવળ પુદ્ગલના પરિણામમય જ છે. એ શુભ અને અશુભ બધા પુદ્ગલના પરિણામમય કીધા પાછા. એને અજ્ઞાન કીધું હતું પહેલું. એને ફેરવીને અહીં લીધું. ભાઈ! બંધમાર્ગ છે એ તો શુભ અને અશુભ બેય પરિણામ કેવળ પુદ્ગલ પરિણામ છે. કેવળ પુદ્ગલ પરિણામ છે. ભગવાન આત્માના સ્વભાવની

શ્રદ્ધા મોક્ષમાર્ગ કેવળ જીવમય છે. બે જાત જ જુદી છે. કહો, સમજાણું આમાં?

'**બંધમાર્ગ તો...**' એટલે? જેનાથી પુણ્ય અને પાપના પુદ્ગલો, રજકણો બંધાય એવો જે કારણભાવ એનો, એવો બંધમાર્ગ કેવળ પુદ્ગલ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવમય પરિણામ છે અને જે બંધના પરિણામ છે તે પરિણામને તદ્દન પુદ્ગલમય કહેવામાં આવ્યા છે. અહીં જીવમય છે, ત્યાં પુદ્ગલમય છે. માટે ઓલો કહે કે, ત્યાં ફેર છે બધામાં. ફેર નથી, બધું એક છે, સાંભળ! પુણ્ય-પાપની જાત અજ્ઞાન છે, બંધના પુદ્ગલ પરિણામ એક જાતના છે. અનુભવ પુદ્ગલનો પુદ્ગલમય છે. મોક્ષમાર્ગ તે જીવમય છે, બંધમાર્ગ તે પુદ્ગલમય છે. આહાહા..!

'**તેથી કર્મનો આશ્રય કેવળ બંધમાર્ગ જ છે (અર્થાત્ કર્મ એક બંધમાર્ગના આશ્રયે જ થાય છે-**' એમ ઓલો કહે ને? મોક્ષમાર્ગમાં .... અરે..! એ તો બંધમાર્ગમાં જાય. સાંભળને. '**મોક્ષમાર્ગમાં થતાં નથી.**' મોક્ષમાર્ગમાં બંધ પરિણામ હોતા નથી. '**માટે કર્મ એક જ છે.**' ભગવાન જુદો ચૈતન્યમૂર્તિ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કર, તો મોક્ષમાર્ગ થાય બાકી બધી વાતું અને થોથે થોથાં છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૯, ગુરુવાર તા. ૧-૦૫-૧૯૬૭**
**શ્લોક-૧૦૦-૧૦૧, ગાથા-૧૪૫, પ્રવચન-૨૩૩**

આ પુણ્ય-પાપ ત્રીજો અધિકાર. એનો પહેલો જયચંદ્ર પંડિતનો હિન્દી શ્લોક છે. પુણ્ય-પાપ અધિકાર.

**પુણ્ય-પાપ બન્ને કરમ, બંધરૂપ દુર માની;**
**શુદ્ધાત્મા જેણે લહ્યો, નમું ચરણ હિત જાણી.**

પુણ્ય અને પાપ બે ભાવ અથવા કર્મ બંધરૂપ છે. એને જેણે દૂર જાણ્યા, આત્માના શુદ્ધ સ્વભાવથી, પર્યાયબુદ્ધિમાં વિકાર અને કર્મને જે આત્મા સાથે એક માનતો હતો તેને અંતર સ્વભાવના આશ્રયે દૃષ્ટિ કરીને જેણે પુણ્ય-પાપના ભાવ અને કર્મને દૂર માન્યા. દૂર માની. એટલે અંતર સ્વભાવમાં એ છે નહિ.

‘**શુદ્ધાત્મા જેણે લહ્યો,...**’ એ પુણ્ય અને પાપના વિકલ્પો જે વર્તમાન પર્યાયદૃષ્ટિમાં બે રૂપ ભાસતા હતા એને જેણે અંતર જ્ઞાયક સ્વભાવદૃષ્ટિ દ્વારા એને દૂર કર્યા. એ મારામાં છે નહિ. ‘**શુદ્ધાત્મા જેણે લહ્યો,...**’ એ પુણ્ય-પાપના વિકલ્પો વર્તમાન બાહ્ય દૃષ્ટિમાં બે રૂપ ભાસતા હતા. એ અંતરમાં જ્ઞાન દૃષ્ટિ દ્વારા એને દૂર કરીને પોતાના શુદ્ધાત્માને પામ્યા. ‘**જેણે લહ્યો,...**’ એટલે કે પર્યાયમાં પુણ્ય-પાપને પ્રાપ્ત હતો, એ પુણ્ય-પાપના વિકલ્પરહિત શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરી અને જેણે શુદ્ધાત્માને પર્યાયમાં પ્રાપ્ત કર્યો. કહો, સમજાય છે? આવ્યા છે ને? ઓધવજીભાઈ આવ્યા છે? હિન્દી? ઓધવલાલ. છે? આવ્યા છે. હિન્દી છે હિન્દી? હિન્દી પુસ્તક છે? ઠીક.

જયચંદ્ર પંડિતે પ્રથમ મંગળિક તરીકે આ એક પુણ્ય-પાપની શરૂઆત કરતા આ કહ્યું છે. ‘**નમું ચરણ હિત જાણી.**’ જેણે પોતાના શુદ્ધાત્માને વર્તમાન પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિથી પાછો વાળી અને સ્વભાવ તરફમાં એકત્વ કરી અને શુદ્ધાત્માને ભાનમાં જેણે પામ્યો છે, જે પુણ્ય-પાપને પામતો હતો અનાદિકાળથી, એ પુણ્ય-પાપની લાગણી તરફની દૃષ્ટિ છોડી, એકરૂપ સ્વભાવની દૃષ્ટિ પામીને આત્મા પામ્યા, તેના ચરણને હિત જાણી નમસ્કાર કરું છું. તેના ચરણમાં હિતને જાણી નમસ્કાર કરું (છું). એ મંગળિક કર્યું. સમજાણું?

હવે પોતે ટીકાકાર કહે છે. ‘**પ્રથમ ટીકાકાર કહે છે કે હવે એક જ કર્મ બે પાત્રરૂપ થઈને પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે.**’ કર્મ તો એક જ છે. પુણ્ય હો કે પાપ હો. શુભભાવ હો કે અશુભ હો. બે એક જ પ્રકારનું કર્તવ્ય વિકાર છે. કર્મ પણ એક જ પ્રકારનું છે. પણ

એક પ્રકારનું કર્મ બે રૂપ ધારણ કરે છે. એક પુણ્યરૂપે અને પાપરૂપે, એક શુભરૂપે (અને) એક અશુભરૂપે. એ પુણ્ય-પાપરૂપે પ્રવેશ કરે છે. છે ને મૂળ પાઠમાં? '**अथैकमेव कर्म द्विपात्रीभूय पुण्यपापरूपेण प्रविशति**-' નાટકની ઉપમા આપી છે. નાટકની ઉપમા આપી છે માટે પ્રવેશ કરે છે અને એને જાણનારા જ્ઞાની જાણી જાય છે એમ કહે છે.

'**જેમ નૃત્યના અખાડામાં...**' નાચનારના સ્થાનમાં '**એક જ પુરુષ પોતાને બે રૂપે બતાવી...**' પોતે એક જ હોય અને ઘડીકમાં રાણી થાય અને ઘડીકમાં રાજા થાય. ઘડીકમાં નોકર થાય અને ઘડીકમાં શેઠ થાય. પડદામાં આવે છે ને નાટકમાં? એક જ પુરુષ હોય એ ઘડીકમાં નોકર થઈને આવે, શેઠની હાજરીમાં નોકર થઈને ન આવે એમ નહિ. કારણ કે એ હાજરીમાં તો શેઠ અને નોકર બે કાંઈ રૂપ ધારણ ન કરી શકે. પણ એ વારાફરતી એવા કોઈ પાત્ર હોય. નોકર થઈને ઘડીકમાં આવે અને ઘડીકમાં એનો એ શેઠ થઈને આવે. એક જ છે એ બે રૂપ ધારણ કરીને આવે.

'**અને નાચતો હોય તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે...**' યથાર્થ જાણનાર ઓળખી લે કે આ તો એનો એ છે આ. જે આ હમણાં નોકર થઈને આવ્યો હતો, એ આ પોતે અત્યારે વળી શેઠ થઈને આવ્યો છે. એ તો આદમી એનો એ છે. '**તેને યથાર્થ જાણનાર ઓળખી લે છે અને એક જ જાણે છે,...**' એ તો એક જ છે. કાંઈ બે છે નહિ. '**તેવી રીતે જોકે કર્મ એક જ છે...**' કર્મ પુણ્ય અને પાપના ભાવ અને પુણ્ય-પાપનું બંધન બધું એક જ પ્રકાર છે.

'**તોપણ પુણ્ય-પાપના ભેદે બે પ્રકારનાં રૂપ કરી નાચે છે...**' પુણ્ય બંધન અને પાપ બંધન, શુભભાવ અને અશુભભાવ છે તો એક જ મેલ બેય કર્મ. શુભ-અશુભભાવ. અને કર્મ પણ જડ જ એક પ્રકારના છે. પણ બે પ્રકારના રૂપ કરીને નાચે છે '**તેને, સમ્યગ્દષ્ટિનું જ્ઞાન...**' એટલે કે શુભ અને અશુભભાવ તેની રુચિ છોડીને, તેના પ્રત્યેનો આશ્રય છોડીને જેણે જ્ઞાયક ચૈતન્યભાવ તરફની દૃષ્ટિ કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન જેને યથાર્થ છે '**કે જે જ્ઞાન યથાર્થ છે...**' એમ કહે છે. સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે. એમ. '**તે એકરૂપ જાણી લે છે.**' શુભ-અશુભ રાગ બંધના જ કારણ છે અને આત્મ સ્વભાવ અબંધનું કારણ છે. કહો, સમજાણું આમાં? દેવચંદજી! આ બધી તકરાર છે તમારે. પુણ્યથી થાય.. પુણ્યથી થાય.. શુભોપયોગથી આ થાય. થાય છે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- થાય છે. એમ છે.

'**સમ્યગ્દષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ છે...**' એટલે કે પુણ્ય અને પાપના ભાવ જે એકરૂપ

છે એમ સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન સ્વભાવ તરફ વળેલું છે માટે પુણ્ય અને પાપના બે ભાવને એક તરીકે જાણે છે. '**તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે :-**'

**तदथ कर्म शुभाशुभभेदतो**
**द्वितयतां गतमैक्युमुपानयन्।**
**ग्लपितनिर्भरमोहरजा अयं**
**स्वयमुदेत्ववबोधसुधाप्लवः।।१००।।**

'**શ્લોકાર્થ :- હવે (કર્તાકર્મ અધિકાર પછી),...**' કર્તાકર્મનો અધિકાર પૂરો થઈ ગયો. '**શુભ અને અશુભના ભેદને લીધે બે-પણાને પામેલા...**' શુભ કર્મ કે અશુભ કર્મ. આ રતનજી કહે છે કે અહીં તો કર્મની જ વાત છે એમ કહે છે ઈ. શુભ-અશુભ કર્મની. પણ એ તો બે વાત છે કર્મની પહેલી. પણ પછી ટીકામાં તો બધો ખુલાસો લીધો છે ને. શુભાશુભ કર્મ જેનાથી બંધાય એવા શુભાશુભભાવ, એ કર્મનું ફળ, એ બધું એક જ પ્રકાર છે. એકલા શુભ-અશુભ કર્મ જ નિષેધ્યા છે એમ નથી. શુભાશુભભાવ બેય વિકલ્પ છે ને, ભેદ છે ને. અભેદ જ્ઞાનની દૃષ્ટિમાં પુણ્ય-પાપના બેય ભાવો એકરૂપે વિકાર છે તેમ જ્ઞાનીનું જ્ઞાન જાણી લે છે. સમજાણું કાંઈ?

'**તે કર્મને એકરૂપ કરતો,...**' એટલે કે સ્વભાવ તરફની દૃષ્ટિમાં શુભ-અશુભભાવને બંધભાવરૂપે ભિન્ન એકરૂપે રાખતો '**જેણે અત્યંત મોહરજને દૂર કરી છે...**' જેણે મિથ્યાત્વરૂપી અજ્ઞાન ભાવને દૂર કર્યા છે. દૂર રહ્યા, આવે છે ને? ૧૬૦ ભાઈ. ૧૬૦ ગાથામાં આવે છે. મોહરયેણ. પોતાના અપરાધને લઈને. એ મોહરયેણનો અર્થ મિથ્યાત્વ કર્યો છે. પોતાના સ્વરૂપના ભાન વિના એ પુણ્ય-પાપના બે ભાવ એને બે તરીકે જે જોતો એ મિથ્યાત્વભાવ હતો. એને જ્ઞાયકભાવની દૃષ્ટિમાં એનાથી ભિન્ન બેય છે માટે બેયનું રૂપ એક જ છે એમ જાણીને '**જેણે અત્યંત મોહરજને દૂર કરી છે...**' અત્યંત મિથ્યાત્વરૂપી મેલને જેણે દૂર કર્યો છે. સમજાણું કાંઈ? અત્યંત મોહરૂપી મેલને દૂર કર્યો છે, એમ. મેલ પુણ્ય અને પાપના વિકલ્પો એ મારું કર્તવ્ય છે અથવા પુણ્ય ઠીક અને પાપ અઠીક, એવો જે મિથ્યા-વિપરીત અભિપ્રાય હતો એને પોતાના જ્ઞાનસ્વભાવની એકતાની દૃષ્ટિ કરીને બેય ભાવ એક જ બંધના કારણ છે એમ દૂર રાખીને જેણે મિથ્યાત્વરૂપી રજને દૂર કર્યા છે. કહો, સમજાણું કાંઈ?

'**એવો આ...**' '**अयं**' શબ્દ છે ને? '**એવો આ (પ્રત્યક્ષ-અનુભવગોચર)...**' જુઓ! ચૈતન્ય તો પ્રત્યક્ષ અનુભવગમ્ય છે. એ પુણ્ય-પાપને ગમ્ય છે નહિ. એમ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે શુભ વિકલ્પ છે રાગ, એને ગમ્ય આત્મા નથી. એનાથી

જણાય એવો નથી. આ પુણ્ય-પાપનો અધિકાર છે ને? સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વભાવ અંતર જ્ઞાયકભાવ એમ અંતર જોતા, જાણતા પ્રત્યક્ષ અનુભવગમ્ય એવો આત્મા, એટલે કે એ પાપના વિકલ્પથી તો જણાય એવો નહિ, પણ રાગની મંદતાથી પણ તેનો અનુભવ થઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**अयं**' '**આ પ્રત્યક્ષ...**' એટલે. અહીં પુણ્ય-પાપનો અધિકાર છે એટલે પુણ્ય-પાપની અપેક્ષા અને અવલંબન લીધા વિના સીધો જ્ઞાયકભાવ પોતે પોતાથી અનુભવગમ્ય થાય છે '**એવો આ જ્ઞાન-સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા) સ્વયં ઉદય પામે છે.**' લ્યો. આટલી ભાષા. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવના અનુભવથી પ્રત્યક્ષ થતો, જેને રાગના વિકલ્પની અપેક્ષા, સહાય, મદદ બિલકુલ છે નહિ. કહો, સમજાણું? '**જ્ઞાન-સુધાંશુ (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા)...**' ચંદ્રમાની ઉપમા આપી છે. શીતળ... શીતળ... શીતળ... શાંત.. એ જ્ઞાન એવું છે કે શીતળ જ્ઞાન છે. પુણ્ય-પાપના વિકલ્પમાં એકત્વ થતું નથી. ત્યાં કષાય અને આકુળતાની અગ્નિ હતી. એ પુણ્ય અને પાપના વિકલ્પની લાગણીથી દૃષ્ટિ છોડી અને શુદ્ધ ચૈતન્યમૂર્તિનું જ્યાં જ્ઞાન થયું, એ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ સુધાંશુ ચંદ્રમા સ્વયં રાગની અપેક્ષા વિના, વ્યવહારના આશ્રય વિના સ્વયં પોતે પોતાથી પ્રત્યક્ષ અનુભવ થતો પ્રગટ થાય છે. કહો, હજી તો અહીંયાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી અહીં વાત કરે છે. સમજાણું કાંઈ? માંગીરામજી! આ લોકો રાડું પાડે, વ્યવહાર.. અહીં તો કહે છે કે આ ... છે ને?

'**स्वयमुदेत्ववबोधसुधाप्लवः अयं**' એમ લેવું. ત્રીજો છે ને? ત્રીજો. '**अयं स्वयमुदेत्ववबोधसुधाप्लवः**' ભગવાન આત્મા '**स्वयमुदेत्व**' જેને પુણ્યના વિકલ્પ અને વ્યવહારના રાગની અપેક્ષા વિના નિરપેક્ષપણે પ્રત્યક્ષ થઈને આત્મા પોતે પ્રગટ થાય છે. અહીં તો ઉદય પામે છે. અસ્ત થઈ ગયો હતો એ પ્રગટ થાય છે, કહે છે. આ સૂર્ય ઉદય પામે છે ને? આ તો આત્મા હવે ઉદય પામે છે. એ સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા ઉદય પામે છે. અનાદિ કાળથી પુણ્ય અને પાપનો અંધકાર એની એકત્વબુદ્ધિમાં અંધકાર ઉત્પન્ન થતો. એ અંધકારને દૂર કરી જ્ઞાયક સ્વરૂપને અવલંબી જ્ઞાનસુધા ચંદ્રમા શીતળસ્વરૂપ જ્ઞાનમાં શાંતિ આપતો, એ જ્ઞાનમાં શાંતરસ આપતો એવો શુદ્ધાત્મપ્લવ જ્ઞાન ઉદય નામ પ્રગટ થાય છે કે જે પ્રગટ થયો એ હવે કોઈ દિ' અસ્ત થાય નહિ. કેટલો શ્લોક સ્પષ્ટ છે! દેવચંદજી!

'**स्वयमुदेत्ववबोधसुधाप्लवः अयं मोहरजा ग्लपितनिर्भर**' છોડી દઈને. ભગવાન આત્મા એ શુભ-અશુભ રાગ એના તરફનું લક્ષ છોડી દઈને, પોતાના શુદ્ધ ચૈતન્યના સ્વભાવના લક્ષે સ્વયં અનુભવગમ્ય પ્રત્યક્ષ થયો થકો, પરની અપેક્ષા વિના જ્ઞાનચંદ્રમા એ પર્યાયમાં પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? પહેલા શ્લોકમાં જ કેટલું નાખી દીધું! મંગળાચરણમાં જ.

'**ભાવાર્થ :- અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું...**' એમ કહે છે. શુભ અને અશુભ રાગ અને બંધન એ અજ્ઞાનથી બે પ્રકારે ભ્રાંતિથી, ભ્રમથી માનતો હતો. શુભ અને અશુભ રાગ વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા સમરસી ચૈતન્ય સ્વભાવ શાંતરસ સ્વરૂપ, એનાથી વિરૂદ્ધ પુણ્ય અને પાપના બે ભાવ એક જ પ્રકારે હતા (અર્થાત્) આકુળતારૂપ હતા, અશાંતરૂપ હતા. એ '**બે પ્રકારનું દેખાતું હતું...**' એક જ આકુળતારૂપ (હતા) છતાં એક ઠીક પુણ્ય અને પાપ અઠીક એમ જે અજ્ઞાનમાં સ્વરૂપના બેભાનમાં અજ્ઞાન વડે શુભ-અશુભભાવ એક જ પ્રકારનું વિકાર અને ઉપાધિ ને આકુળતારૂપ હોવા છતાં સ્વભાવના બેભાને બે રૂપ દેખાતું હતું. સ્વભાવને બેભાને બે રૂપ દેખાતું હતું. બે પ્રકારનું. છે તો એક જ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... એ પુણ્ય-પાપ તો આસ્રવ છે. એ આસ્રવતત્ત્વથી જ્ઞાયક તત્ત્વ શુદ્ધ ચૈતન્ય જ્યોત તદ્દન ભિન્ન છે. એ ભિન્નને ભિન્નના ભાન વિના અજ્ઞાનપણાને લઈને વિકારની વૃત્તિ તો એક જ પ્રકારની શુભ-અશુભ હતી. છતાં તેને બે ભાગ એ પાડતો. સ્વભાવમાં એકત્વ નહોતો અને સ્વભાવનું ભાન નહોતું તેથી તે એકને બે પ્રકારે જાણતો. એકને બે પ્રકારે જાણતો. એક એટલે વિકારની એક જ પ્રકારની દશા-શુભાશુભ. એને બે પ્રકારે દેખતો હતો એ અજ્ઞાન હતું.

'**તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.**' જુઓ ભાષા! '**તેને જ્ઞાને...**' એટલે જ્ઞાનસ્વરૂપ આત્મામાં ઢળતાં એ બે પ્રકારનું જે અજ્ઞાનપણે દેખાતું હતું એ એક જ પ્રકારે મેલ છે, આકુળતા છે, અનાકુળ આત્માના લક્ષથી એ આકુળતા છે એમ એક પ્રકારે જણાણું. સમજાણું કાંઈ? છે હિન્દી છે કે નહિ તમારી પાસે? સ્પષ્ટ છે વાત. બહુ સ્પષ્ટ વાત છે. બે ને બે ચાર જેવી વાત છે. ઓધવલાલજી! ત્યાં તો જાલનાપાટણમાં તો બહુ પહેલા ક્રમબદ્ધની વાત કરતા હતા. જાલનાપાટણની નહોતી વાત કરી? હમણાં બે દિ' પહેલા ખબર પડી કે આ તો ઓધવલાલજી ઈ. જાલનાપાટણ ગયા હતા ને? ઓલા શેઠ લાલચંદ શેઠનું હતું મોટું. બંગલો અને .. ત્યાં ગયા હતા. રાત રહ્યા હતા. તો રાતે એમણે ચર્ચા કરી હતી. ક્રમબદ્ધ ને.. કીધું, જાલનાપાટણમાં આ ક્રમબદ્ધ અહીં ક્યાંથી આવ્યું? નહિ? એ ભાઈ હતા. હમણાં બે દિ' પહેલા ભાઈએ ઓળખાણ આપી. આહાહા..!

ભાઈ! આ તો આત્મા છે. અને આત્મા છે એ તો શુદ્ધ વીતરાગી સમસ્વભાવી રસકંદ છે. એમાંથી ઉત્પન્ન થયેલી વૃત્તિઓ ચાહે તો શુભ હો કે અશુભ હો. બેય એક જ પ્રકારની આકુળતારૂપ છે. અનાકુળતાને જાણનાર બેને બે તરીકે ન માનતા બેને એક તરીકે ભેદ પાડીને જાણે છે. પોતાથી જુદો રાખીને જાણે છે. સમજાણું કાંઈ?

‘**તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.**’ એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવના વલણમાં આવ્યો એથી એણે પુણ્ય-પાપની વૃત્તિના બે ભાગનું જે વલણ હતું એ વલણ છૂટ્યું. એ છૂટતાં જ્ઞાનસ્વરૂપ આત્મા જાગ્યો એટલે એ બેપણે માનતો તેને એક જ પ્રકારે મેલ બેય છે એમ એણે જાણ્યું. છે ખરા. સમજાણું કાંઈ? અહીં કાંઈ સિદ્ધની વાત નથી. સાધકની છે. સમજાણું કાંઈ? એ શુભ-અશુભભાવ છે એમ કહે છે. પણ એ બેને અહીં જ્ઞાનસ્વરૂપ એકરૂપે જ્યાં જાણ્યું ત્યાં અહીં એકરૂપે જાણ્યું ત્યાં એ બેને એકરૂપે મેલ છે એમ જાણ્યું. તેને જાણવામાં આવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**અજ્ઞાનથી એક જ કર્મ બે પ્રકારનું દેખાતું હતું તેને જ્ઞાને...**’ જ્ઞાનથી કહ્યું ને? પોતાના સ્વરૂપના અભાન વડે આ પુણ્યભાવ ઠીક અને પાપ અઠીક એવા બે પ્રકાર એકના રૂપ બે દેખાતા (હતા), એ જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ થતાં એ બેને એકરૂપે જાણ્યા. કહો, બરાબર છે? વ્રત, અવ્રત વિકલ્પ બેય એક પ્રકારના દુઃખરૂપ આકુળતા એમ માને છે. વ્રતનો વિકલ્પ પણ આકુળતા છે. આહાહા..! ‘**તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.**’ એટલે? હતું તો એક પ્રકારે. પણ સ્વરૂપના ભાન વિના તેના ઉપર દૃષ્ટિને લઈને ઘડીકમાં શુભ તે ઠીક અને વળી અશુભ તે અઠીક. એમ ક્રમ ભંગ પાડતો અજ્ઞાનમાં. એ આત્મા જ્ઞાનસ્વરૂપ, ચિદાનંદસ્વરૂપ છે એમ જ્યાં જાણ્યું ત્યારે તેનાથી વિરૂદ્ધ બે ભાવ એક જ પ્રકારના છે, એક જ પ્રકારનો વિરૂદ્ધ ભાવ છે એમ જાણ્યું ત્યારે સમ્યગ્જ્ઞાન એને મેલ તરીકે જોવે છે. સમજાણું કાંઈ? ‘**તેને જ્ઞાને એક પ્રકારનું બતાવ્યું.**’

‘**જ્ઞાનમાં મોહરૂપી રજ લાગી રહી હતી...**’ મિથ્યાત્વરૂપી મેલ લાગ્યો હતો, એને લઈને ભ્રમણાને લઈને એ વિકાર એક પ્રકારનો હોવા છતાં તેના બે ભાગ પાડતો ભ્રમણા તેને દૂર કરી. સ્વરૂપની દૃષ્ટિ જ્ઞાન ચૈતન્યમૂર્તિ હું છું એમ એકરૂપે આત્માને જાણતાં કર્મના બે પ્રકાર ન માનતા તે એક પ્રકારે છે એમ માનીને મિથ્યાત્વને દૂર કર્યું. ‘**તે દૂર કરવામાં આવી ત્યારે યથાર્થ જ્ઞાન થયું;...**’ શુભ ઠીક અને અશુભ અઠીક એવું જે અજ્ઞાન હતું એને સમ્યગ્જ્ઞાન દ્વારા જ્યારે ટળ્યું એટલે યથાર્થ જ્ઞાન થયું. કહો, સમજાણું આમાં?

આગ્રામાં એક પંડિત મળ્યો હતો. વ્યાખ્યાન પહેલું થયું ને. માણસ બહુ માણસ. કોણ? બાબુલાલ નહિ? બાબુરામ. આનંદ ભારે પણ કરવું-ધરવું કાંઈ નહિ. અરે.. ભાઈ! આહાહા..! શું કરવું અને શું ધરવું? શરીરને રાગને કરવું અને ધરવું છે? કે કાંઈ આત્મામાં કરવું અને ધરવું છે? એ તો કહે આમ કરવું અને ધરવું હોય ને તો એ ખરું. પછી બોલ્યો નહિ. આ પંડિત. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પો કરે અને કાંઈક ધારી રાખે વિકાર અને કાંઈક સંયોગોને મેળવે અને સંયોગોને પ્રતિકૂળને દૂર કરે, અનુકૂળને મેળવે તો કર્યું ધર્યું એમ કહેવામાં

આવે. કહો, દેવચંદજી! પછી તો મોઢું બતાવ્યું નહિ. આમાં કાંઈ ચાલે એવું નથી લાગતું.

**'જેમ ચંદ્રને વાદળાં તથા ધુમ્મસનું પટલ...'** ધુમ્મસ હોય છે ને ધુમ્મસ. **'વાદળાં તથા ધુમ્મસનું પટલ...'** પટલ એટલે પટ. **'આડું આવે ત્યારે...'** આડું સમજ્યા ને? **'યથાર્થ પ્રકાશ થતો નથી. પરંતુ આવરણ દૂર થતાં ચંદ્ર યથાર્થ પ્રકાશે છે, તેવી રીતે અહીં પણ જાણવું.'** જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પુણ્ય-પાપને બેને બે તરીકે માનતો ત્યારે એને મિથ્યાત્વનું આવરણ હતું. એકરૂપ છે એને બે તરીકે માનતો એ મિથ્યાત્વનું ઢાંકણ હતું. ચંદ્રમાસહિત એને સૂર્ય જાગતો નહોતો. એ બેને અંતરમાંથી એક મેલ છે એમ જાણી અંતર તરફ વળ્યો એટલે અહીંયા આત્માને એ પડળ મિથ્યાત્વના દૂર થઈ ગયા. મિથ્યાત્વરૂપી વાદળા, વિપરીત માન્યતારૂપી વાદળ અને મિથ્યાત્વ માન્યતારૂપી પટલ ધુમ્મસનું વિખાઈ ગયું. સૂર્યના કિરણો થાય એટલે ધુમ્મસ વિખાય જાય. એમ ચૈતન્ય ભગવાન આત્મા પોતાના જ્ઞાનની મર્યાદાના સ્વભાવમાં આવ્યો ત્યારે વિકારની વૃત્તિઓ બે પ્રકારે અજ્ઞાનમાં દેખાતી, તેને ભિન્ન પાડીને એકરૂપે જાણનાર જાગ્યો. ત્યારે ચંદ્રમા યથાર્થ પ્રકાશ્યો. આત્મારૂપી ચંદ્રમા શુદ્ધાપ્લવ જ્ઞાન યથાર્થ પ્રકાશ્યું. **'તેવી રીતે અહીં પણ જાણવું.'** કહો, સમજાણું કાંઈ?

**'હવે પુણ્ય-પાપના સ્વરૂપના દૃષ્ટાંતરૂપ કાવ્ય કહે છે :-'**

**एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना-**
**दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव।**
**द्वाप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः**
**शूद्रौ साक्षादपि च चरतो जातिभेदभ्रमेण।।१०१।।**

**'શ્લોકાર્થ :- (શૂદ્રાણીના એકીસાથે જન્મેલા બે પુત્રોમાંથી...'** ચંડાળણી. એને જન્મ્યા બે પુત્રો. જુઓ! દૃષ્ટાંત કેવો છે! **'એક બ્રાહ્મણને ત્યાં ઊછર્યો અને બીજો શૂદ્રના ઘેર જ રહ્યો.'** શૂદ્રના ઘેર જ રહ્યો. જ્યાં જન્મ્યો હતો ત્યાં રહ્યો. એક કોઈ બ્રાહ્મણ હતો એ લઈ ગયો. છોકરો-બોકરો નહોતો એટલે. **'એક તો હું બ્રાહ્મણ છું એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે...'** હું બ્રાહ્મણ છું. જાતના વંશને જાણ્યા વિના. મારી વંશ જાત તો ચંડાળની છે એમ એને ખબર નથી. પણ બ્રાહ્મણને ત્યાં લઈ ગયા એટલે હું બ્રાહ્મણ છું. એમ બ્રાહ્મણત્વ-બ્રાહ્મણપણાના અભિમાનને લીધે **'મદિરાને દૂરથી જ છોડે છે...'** મદિરાને દૂરથી.. મદિરા અમારે ખપે નહિ, દારૂ અમારે ખપે નહિ, દારૂને અમારે અડાય નહિ. એને **'દૂરથી છોડે અર્થાત્ સ્પર્શતો પણ નથી;...'**

મુમુક્ષુ :- સુધરેલા બ્રાહ્મણ...

ઉત્તર :- સુધરેલો બ્રાહ્મણ નહિ. વંશ છે ચંડાળ. સુધરેલો કે દિ' હતો? ચંડાળની જાત

છે. હવે અત્યારે કહે છે, જુઓ! એમાં ન્યાય ઉતારશે એમાં એ ઉતારશે. સમજાણું? એમ પુણ્ય-પાપને જાણવું એમ કહી દીધું છે ને?

એમ અજ્ઞાનમાં મિથ્યાદષ્ટિ આ વિષય અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ, આવું અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ. એવો શુભ વિકલ્પ કરે છે. છે તો એ ચંડાળણીનો પુત્ર. વિભાવ. અમારે .. ખપે નહિ, આ ખપે નહિ.. આ ખપે નહિ.. આ ખપે નહિ.. એવો ખપે-ખપે નહિ પણ ઓલો વિકલ્પ છે શુભ. એને એ પોતે ધર્મ માની રહ્યો છે. અમારે આ ખપે નહિ. આ ન ખપે. અમારા માટે આહાર કર્યો એ ખપે નહિ. ચામડાને અડે એ ખપે નહિ, ઢીકણાને અડે એ ખપે નહિ. ઓહો..! ભારે ત્યાગી લાગે છે ધર્મનો!! સમજાણું કાંઈ?

અહીં કહે છે ને કે '**હું બ્રાહ્મણ છું એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે મદિરાને દૂરથી જ છોડે છે અર્થાત્ સ્પર્શતો પણ નથી;...**' અમારે અડાય નહિ, અમારે એને અડાય નહિ. એમ આ શુભઉપયોગી મિથ્યાદષ્ટિ, શુભઉપયોગવાળો મિથ્યાદષ્ટિ. આ અમારે ખપે નહિ, આ અમારે ખપે નહિ, ચામડાના પહેરેલા ખપે નહિ, આમ ખપે નહિ, આમ ન ખપે. ઢીકણું નહિ. આવું ખપે નહિ, આમ લેવું, આ પાણી લેવું, આવું .. બહુ ચાલે છે તમારે એ. બહુ ચાલે છે? ઓલો બ્રાહ્મણ અભિમાન કરે છે કહે છે. એમ આ અજ્ઞાની આ અમારે ખપે નહિ, આમ ખપે નહિ. એમ શુભઉપયોગમાં અટકેલો એ પણ ચંડાળણીનો જ દીકરો છે. વિભાવની પરિણતિ વિકારની શુભ છે. એમાં કાંઈ ફેર જરીએ નથી. કહો, સમજાણું કાંઈ?

બ્રાહ્મણને ત્યાં ગયો તો અમારે આ ખપે નહિ, દારૂને અડાય નહિ, .. છોડી દે, છાંટો ઉડાડશો નહિ. ઠીક. એમ અજ્ઞાની એને દાખલે મિથ્યાદષ્ટિ છે, જેને સ્વભાવની દૃષ્ટિની ખબર નથી. પુણ્ય-પાપના બેય વિકલ્પો બંધના કારણ છે એની ખબર નથી. એ વિભાવના પુત્રો બેય છે. પણ શુભભાવમાં અટકેલો, અમારે આ ન ખપે, આ વિષય ન ખપે, પરસ્ત્રીને અડવું ન ખપે, આમ ન ખપે, ફલાણું ન ખપે, આવો આહાર લેવો ન ખપે, આવું હોય તો આમ સમજ્યાને? ચંડાળને અડી જાય તો પાણીથી ન્હાવું પડે, ફલાણું કરવું પડે. એવા વિભાવનો શુભરાગ એ ચંડાળણીનો જ પુત્ર વિકાર છે એ. ન ખપે, ન ખપે એવા વિકલ્પમાં પડ્યો છે એ મૂઢ મિથ્યાદષ્ટિ એને શુભઉપયોગમાં જ ધર્મ માની બેઠો છે. સમજાણું કાંઈ? છે તો એ વિભાવ. આ ન ખપે, આ ન ખપે એ શુભરાગમાં જ અટકીને પડ્યા છે. કહે છે કે એ ચંડાળણીનો જ દીકરો (છે). જેમ ઓલો બ્રાહ્મણને ત્યાં ઉછર્યો. ન ખપે, ન ખપે એમ કહે. અહીં કહે, વિભાવમાં આવ્યો શુભમાં ન ખપે, ન ખપે એમ કરે છે શુભભાવમાં આવીને.

પણ વસ્તુની એને ખબર નથી. સમજાણું કાંઈ? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. આ ખપે અને ન ખપે એવો વિકલ્પ જ એનામાં નથી. સમજાણું કાંઈ?

'**હું બ્રાહ્મણ છું એમ બ્રાહ્મણત્વના અભિમાનને લીધે...**' એ પાછળ એનો દાખલો આપ્યો છે ને. એ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું. આ તો દાખલો આપ્યો છે. એમ જાણવું એટલે શું? કે શુભભાવ થયો ત્યારે શુભભાવમાં એને આ મારે ખપે નહિ, આ ખપે નહિ, આ ખપે નહિ. બસ! એ ન ખપે, ન ખપેમાં રહી ગયો. પણ ખપે, ન ખપેના વિકલ્પ રહિત આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની ખબર રહી નહિ. ખરો બ્રાહ્મણ તો એ છે. આ તો ચંડાળણીનો દીકરો. બહારમાં આવીને કહે, સમજાણું કાંઈ? વિભાવના શુભરાગમાં આવી અને આ ન ખપે, ન ખપે એવા ગ્રહણ ત્યાગના વિકલ્પમાં અટક્યો છે, છે મિથ્યાદૃષ્ટિ. કહે છે કે એની દૃષ્ટિ જ પરના ત્યાગગ્રહણમાં પડી છે. એ શુભઉપયોગી મિથ્યાદૃષ્ટિ છે. બ્રાહ્મણને ત્યાં ઉછરેલો ચંડાળ છે. કહો, સમજાણું કાંઈ?

'**બીજો હું પોતે શૂદ્ર છું...**' જ્યાં જન્મ્યો હતો ત્યાં રહ્યો. '**એમ માનીને મદિરાથી જ નિત્ય સ્નાન કરે છે...**' એટલે કે એને મદિરા અડે તો પણ એને કાંઈ દરકાર નથી. એમ. '**તેને પવિત્ર ગણે છે.**' એટલે ગૃહસ્થ છે, અશુભઉપયોગી છે. સમજાણું? મુનિ નામ ધરાવે છે, શુભવિકલ્પી છે. આ ખપે, ન ખપેમાં પડ્યો એ મિથ્યાદૃષ્ટિ છે. શુભઉપયોગી. અને ગૃહસ્થી છે અશુભઉપયોગી. અમારે વિષય-કષાયમાં વાંધો નથી, અમારે ખાવા-પીવામાં વાંધો નથી. એવો અશુભઉપયોગી મિથ્યાદૃષ્ટિ એ છે ચંડાળનો પુત્ર. અમારે ખપે, અમારે ખપે, અમારે વાંધો નથી, અમારે વાંધો નથી. એમ માની મદિરાથી સ્નાન કરે તેને પવિત્ર ગણે છે. અમારે વાંધો નહિ, અમે તો ગૃહસ્થી કહેવાઈએ. અમે તો અમારે ખપે બધું, ભોગ ખપે, વિષય ખપે, ફલાણું ખપે, ખપે... ખપે.. ખપે.

'**આ બન્ને પુત્રો શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે...**' ખરેખર તો બેય પુત્રો શૂદ્રાણીના પેટથી એકસાથે જન્મ્યા છે એમ કહે છે. વારાફરતી નથી જન્મ્યા. એકસાથે જન્મ્યા છે. '**તેથી (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે,...**' સાક્ષાત્ શૂદ્ર જ છે. ભલે બ્રાહ્મણને ત્યાં ગયો પણ છે તો શૂદ્ર જ. બિલકુલ જાતમાં ફેર નથી. શુભભાવમાં આવ્યો અને આ ખપે, ન ખપે કરે પણ એ પણ ચંડાળીનો જ પુત્ર છે એ. શુભભાવ વિભાવનો જ પુત્ર છે. એક જ વિભાવના બે ભાગ છે. ચંડાળણીના પેટથી એકસાથે જન્મ્યા છે. એમ વિકાર-વિભાવમાંથી એકસાથે બે ભાવ છે. એમાં કાંઈ ફેર નથી. વિભાવમાંથી જન્મ્યા છે. '**સાક્ષાત્ શૂદ્ર છે,...**' એટલે કે બેય ચંડાળણીથી ઉત્પન્ન થયેલા છે એમ શુભ અને અશુભભાવ બેય વિભાવથી ઉત્પન્ન થયેલા છે.

મુમુક્ષુ :- તીવ્ર કષાય, એક મંદ કષાય.

ઉત્તર :- હા. પણ છતાં વિભાવ છે બેય. એ જ કહે છે અહીં. તીવ્ર-મંદની વાત જ ક્યાં છે અહીં. તીવ્ર અને મંદ બે ભેદ પાડે છે તેને આત્માના દૃષ્ટિથી વિરુદ્ધ દૃષ્ટિ છે. તીવ્ર અને મંદ બેય કષાય અને આકુળતા છે એમ જ્ઞાયક તરફની દૃષ્ટિ કરી, બેને એકરૂપે (જાણે), અંતર એક્તા થઈ એટલે એકરૂપે જાણે તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? તીવ્ર-મંદ ઈ જ કહે છે. અમારે મંદ કષાય છે. અમને આમ ખપે, અમે બિલકુલ અડીએ નહિ, અમને આમ ન કરીએ, આમ ન કરીએ. પણ એ બધો વિકાર છે, એ આકુળતા છે, એ કાંઈ ધર્મ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર ધર્મ છે.

ઉત્તર :- વ્યવહાર ધર્મ એટલે? ધર્મ નથી. એને વ્યવહારે કહે એટલે છે નહિ. ધૂળેય ધર્મ નથી. આમ ખપે.. આમ ખપે.. આટલા અમારે પૈસા ખપે, આટલા ફલાણું ખપે, વિશેષ ખપે નહિ. ઓલો શુભ વિકલ્પ આવ્યો ને એમાં જ એને ખપવું ન ખપવુંમાં ખતવાઈ ગયો.

મુમુક્ષુ :- બ્રાહ્મણ થઈ ગયો..

ઉત્તર :- બ્રાહ્મણ થઈ ગયો માન્યો છે. થયો ક્યાંથી? ધૂળમાં? બ્રાહ્મણ થઈ ગયો ને, કહે છે. ઓલો શુભભાવ આવ્યો ને? બહારથી ત્યાગી થયો. અમારે બાયડી ખપે નહિ, છોકરા ખપે નહિ, અમારે ઘર ખપે નહિ, વેપાર-ધંધો ખપે નહિ. બ્રાહ્મણ થઈ ગયો ને? ક્યાં થયો? વિભાવમાં પડ્યો હજી, ક્યાં બ્રાહ્મણ થયો? કહો, સમજાણું કાંઈ?

જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ એમાં આ ખપે, ન ખપેના વિકલ્પનો જ અભાવ છે. એવા વિકલ્પરહિત આત્મા છે એને ન જાણતો શુભઉપયોગી મિથ્યાદૃષ્ટિ ખપે, આ ન ખપે એમાં એ પડ્યો છે. અશુભઉપયોગી ગૃહસ્થ ભોગ અને વિષય ખપે એમાં પડ્યો છે. પણ બેય વિકારના પુત્ર છે. પૂતળા છે. આહાહા..! સમજાણું?

‘**બન્ને પુત્રો શૂદ્રાણીના ઉદરથી એકીસાથે જન્મ્યા છે...**’ એટલે વિભાવથી અહીં લેવું એમ. ‘**તેથી (પરમાર્થે) બન્ને સાક્ષાત્ શૂદ્ર છે,...**’ સાક્ષાત્ એટલે ખરેખર કર્યું. ‘**તોપણ જાતિભેદના ભ્રમ સહિત...**’ જાતિની જુદાઈની ભ્રમણાથી. જાતિ જુદી છે જ નહિ. જાતિ તો બધી શૂદ્ર જ છે બેય. ‘**જાતિભેદના ભ્રમસહિત તેઓ પ્રવર્તે છે-આચરણ કરે છે.**’ ઓલો બ્રાહ્મણનું બ્રાહ્મણ આચરણ કરે છે પણ છે તો તારી જાતિ ચંડાળ. હવે આચરણ બ્રાહ્મણનું કર તો પણ ચંડાળ છો. લે. એમ પુણ્યના આચરણ કરે છે. શુભ દયા, દાન, વ્રત, ભક્તિ પણ એ બધા વિભાવના જ આચરણ છે, એમાં કાંઈ આત્માનું જરીએ આચરણ નથી. કહો, સમજાણું આમાં?

'**(આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું.)**' લ્યો. માથે કીધું ને? ઓલો બ્રાહ્મણ છું. બ્રાહ્મણને ત્યાં અભિમાનને લઈને (રહે છે). એમ આ શુભભાવ હું શુભભાવ કરું છું, અમે આ અશુભ કરતા નથી. અમે ભોગ લેતા નથી, વિષય લેતા નથી, દુકાનના ધંધા કરતા નથી. એના અભિમાનમાં, શુભભાવના અભિમાનમાં એ પરથી વિષય કષાયના સંયોગથી દૂર ભાગે છે. પણ ભાવ તો વિકલ્પ તારો વિભાવ પડ્યો એમાંથી ક્યાં જઈશ તું? મુનિ છીએ અમે. અમારે આ ન ખપે, અમારા માટે કરેલું ન ખપે, ફલાણું થાય, ઢીંકણું થાય. આ તો અત્યારે ક્યાંય... એમ પરદ્રવ્યનો અંદરમાં શુભભાવથી ત્યાગ અમારે છે એમ માનીને શુભભાવને સેવે છે.

મુમુક્ષુ :- શુભભાવને ધર્મ જ માને છે.

ઉત્તર :- શુભભાવ એ જ અમારો ધર્મ છે એમ માને છે. એ શુભભાવને સેવે છે. આ જ છે અમારું કર્તવ્ય. આ કર્તવ્ય અમારું આ જ છે.

મુમુક્ષુ :- કરતા કરતા શુદ્ધ થાય.

ઉત્તર :- ધૂળેય થાતું નથી. કરતા કરતા થાતા હશે? લસણ ખાતા ખાતા કસ્તુરીના ઓડકાર આવતા હશે? દુર.. ન કીધું? પેલામાં એમ કીધું. સમજાણું? દૂર કરે તેથી ચંદ્રમાં સ્વયં ઉદય પામે છે. ઓલાને એકરૂપ જાણતો એમ કીધું ને? કર્મને એકરૂપ કરતો છે ને? એકરૂપ કરતો કીધું ને? પહેલામાં. એકરૂપ કરતો. કરે છે એકરૂપ. બેય એક છે. હું ચિદાનંદ એક ભિન્ન છું. શુભાશુભ વિકલ્પો બેય એક જ જાતના વિભાવના પુત્ર છે. મારા સ્વભાવની જાત છે નહિ. બહુ આકરો લાગે છે આ અધિકાર જગતને. પુણ્યનો અધિકાર ત્યાં ધર્મ થાય, આમ થાય.

'**(આ પ્રમાણે પુણ્ય-પાપનું પણ જાણવું)**.' પુણ્યના પાપભાવવાળા અમારે આ ખપે નહિ, આ ખપે નહિ એના અભિમાનમાં પુણ્યના પરિણામને પોતાનું કર્તવ્ય અને ધર્મ સ્વીકારે છે. પાપવાળા કહે અમારે ખપે વાંધો નહિ હવે. એમ કરીને પાપ કરીને ચાર ગતિમાં રખડ્યા કરે છે. એમ કહે છે.

'**ભાવાર્થ :- પુણ્ય-પાપ બન્ને વિભાવપરિણતિથી ઊપજ્યાં હોવાથી...**' લ્યો, વિકારી દશા છે. વિભાવ પરિણતિ છે. જુઓ! પરિણતિ લીધી. જોયું ને? '**બન્ને બંધરૂપ જ છે.**' જુઓ! '**વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે...**' વ્યવહારદૃષ્ટિએ ભ્રમને લીધે. એમ કહે છે. જોયું! બે ભાગ પાડ્યાને? કે આ પુણ્ય છે અને આ પાપ છે. એમ વ્યવહારદૃષ્ટિએ ભાગલા પાડ્યા. પણ ભ્રમ થઈ ગયો એને. '**તેમની પ્રવૃત્તિ જુદી જુદી ભાસવાથી,...**' શુભભાવવાળાની પ્રવૃત્તિ બીજી લાગે, અશુભભાવવાળાની બીજી લાગે. શુભભાવવાળાની પ્રવૃત્તિ એવી હોય

એકલો બેસે, આમ બેસે, કોઈને અડે નહિ,.. આહાહા..! એમાં ભગવાનની પૂજા કરવી હોય તો કેટલું.. અડે નહિ, અડવા દે નહિ, આવા લૂગડાથી અડાય નહિ, ફલાણું થાય, ઢીંકણું થાય. ઓહોહો..! એ પાછા પોતાને માને કે અમે ભારે ધર્મના રક્ષક છીએ. કેમ થયું?

મુમુક્ષુ :- પોણી કલાકે વાગે છે.

ઉત્તર :- પોણી કલાકે આ વાગે છે? કાંટામાં ફેર છે. કાંટો છે પોણે વાગ્યા ચાર. કાંટો ખોટો છે. આ પણ કાંટો ખોટો છે વ્યવહારદષ્ટિનો. પુણ્ય-પાપ બે પ્રકાર એને વ્યવહારવાળો બે છે એમ માને છે. છે એક એને બે માને છે.

'**વ્યવહારદષ્ટિએ ભ્રમને લીધે...**' ભગવાન આત્મા તદ્દન શુભ-અશુભ રાગથી રહિત એનું સ્વરૂપ જ છે. એવા સ્વરૂપને ન જાણતો, ન જોતો, ન માનતો શુભાશુભભાવને વ્યવહારદષ્ટિએ બે છે એમ ભ્રમણા કરે છે. છે બેય એક જ. વિકાર જ છે. એમાં કંઈ પણ આત્માને લાભનું કારણ નથી. બંધરૂપ છે તે આત્માને બંધરૂપનો ભાવ બતાવે. અબંધ કેમ બતાવે? આત્મા અબંધસ્વરૂપી છે તો અબંધભાવને બતાવે.

'**વ્યવહારદષ્ટિએ ભ્રમને લીધે તેમની પ્રવૃત્તિ...**' શુભ અને અશુભભાવવાળાની '**જુદી જુદી ભાસવાથી,...**' શુભભાવવાળાની પ્રવૃત્તિ આમ બીજી લાગે, આમ નિવૃત્તિ લઈ પૂજા કરતો, ભક્તિ કરતો હોય, નિવૃત્તિ લઈને બેસતો હોય બહાર. પણ છે તો શુભરાગ. અશુભવાળાની પ્રવૃત્તિ દુકાને બેસતો હોય અને ધંધો કરતો હોય. છે તો પણ અશુભરાગ. બેય વિકાર છે. '**ભાસવાથી સારું અને ખરાબ-એમ બે પ્રકારે તેઓ દેખાય છે.**' કોને લઈને? વ્યવહાર દષ્ટિએ ભ્રમને લીધે. તેમની પ્રવૃત્તિ જુદી જુદી દેખાય છે. '**जातिभेदभ्रमेण**' છે ને? '**जातिभेदभ्रमेण**' જાતિભેદ. ચંડાળીની જાતિ એક છતાં જાતિભેદ ભ્રમણા કરે. ઓલો કહે હું બ્રાહ્મણ અને ઓલો કહે હું શૂદ્ર. એમ શુભાશુભ પરિણામ એક જ જાતના વિકાર અજ્ઞાની જાતિભેદથી ભ્રમણા કરે છે. શુભ તે ઠીક અને અશુભ તે અઠીક.

હવે તો કેટલાક એવા કહે છે કે અત્યારે તો શુભઉપયોગ જ હોય એનો ઉપદેશ આપો, લ્યો. એનો ઉપદેશ આપો. અજીતકુમાર તો એમ લખે છે હમણાં બહુ. અત્યારે એ હોય. ક્યાં શુદ્ધઉપયોગ છે નહિ. આઠમું ગુણસ્થાન છે નહિ અત્યારે. શુભનો ઉપદેશ આપો. એ .. કરશે. એનાથી વધીને આગળ જાશે શુદ્ધઉપયોગમાં હળવે.. હળવે. શુભઉપયોગ તો અનંત વાર કર્યો, એવો તો અનંત વાર કર્યો. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે ખબર નથી એને?

મુમુક્ષુ :- તે દિ' કાળ એવો હતો ને. ધર્મ થાતો હતો.

ઉત્તર :- કાળ ફેરે ધર્મ થાતા હશે એમ હશે.

'**બે પ્રકારે તેઓ દેખાય છે.**' હોં! છે નહિ એમ કહે છે. વ્યવહારદષ્ટિએ ભ્રમને લીધે.

બે પ્રકાર કહ્યો ને? '**વ્યવહારદષ્ટિએ ભ્રમને લીધે...**' એ પુણ્ય અને પાપ બે એક જ જાતના હોવા છતાં બે પ્રકારે અજ્ઞાનમાં ભ્રમણાથી ભાળે છે.

'**પરમાર્થદષ્ટિ તો તેમને એકરૂપ જ...**' લ્યો! સમ્યગ્દર્શનરૂપી પરમાર્થ દષ્ટિ તો તે પુણ્ય અને પાપના ભાવ. બેય ભાવ. '**એકરૂપ જ, બંધરૂપ જ,...**' પાછા એમ. '**એકરૂપ જ, બંધરૂપ જ, ખરાબ જ...**' ત્રણ વાત કીધી. આહાહા..! '**પરમાર્થદષ્ટિ તો...**' ભગવાન ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, એની દષ્ટિ તો '**તેમને...**' એટલે શુભ-અશુભભાવને '**એકરૂપ જ,...**' એકરૂપ જ વિકાર છે. બંધરૂપ છે ભાવબંધરૂપ છે. ખરાબ જ છે. શુભ અને અશુભભાવ બેય ખરાબ છે. મૂળ આ શુભ અને અશુભમાં જ મોટો ઝઘડો છે અત્યારે. '**ખરાબ જ જાણે છે.**' કહો, સમજાણું?

'**હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છે :-**' આ તો પોતે કહ્યું અમૃતચંદ્રાચાર્યે. મંગળિક કરીને શ્લોક મૂક્યો અને પોતે જયચંદ્ર પંડિતે જરી ઉપોદ્‌ઘાત લખતા મંગળિક કર્યું. હવે કુંદકુંદાચાર્ય પોતે કહે છે હવે.

**कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं।**
**कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि।।१४५।।**
**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને,**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે? ૧૪૫.**

'**ટીકા :-**' વ્યવહારવાળાનો પક્ષ છે પહેલો. વ્યવહારવાળાનો પક્ષ છે પહેલો. '**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' શું કહે છે? વ્યવહારદષ્ટિવાળો કહે છે કે કર્મ જે બંધાય છે પુણ્યનું, એમાં શુભ જીવના પરિણામ નિમિત્ત છે પુણ્યમાં. ફેર છે. તમે એક જ એક જ કરો છો. પણ ફેર છે. એમ વ્યવહારદષ્ટિના પક્ષવાળાનો પ્રશ્ન છે કે જે પુણ્ય બંધાય એના પરિણામમાં ફેર છે. શું? '**શુભ જીવપરિણામ નિમિત્ત...**' છે એને. તમે કહો એક જ પ્રકારનું, એક જ પ્રકારનું કર્મ કરો પણ આ ફેર છે અમને દેખાય છે. કહો, સમજાણું કાંઈ? અજ્ઞાનીની દલીલ છે વ્યવહારપક્ષની. છે, અનાદિની દલીલ છે. એ કાંઈ નવી નથી. અત્યારે એ જ કરી રહ્યા છે.

'**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' શબ્દ ત્યાં ઓલા કર્મથી લીધો છે ને? પછી ઓલા નિમિત્ત લીધું. પણ ઓલા કોઈ કર્મને બે પ્રકાર કેમ પડ્યા? એમ પહેલેથી ઉપાડે ને. બાકી તો ચારેય બોલ લેશે. '**શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદ-તફાવત છે...**' એમ અજ્ઞાનીની વ્યવહારદષ્ટિની દલીલ છે. કહો, સમજાણું? '**(અર્થાત્ કારણ જુદાં જુદાં**

છે);...' આમાં તો આટલી વાત રાખી છે.

અજ્ઞાની એમ કહે છે કે જો ભાઈ, પુણ્ય બંધાય છે એમાં જીવના શુભ પરિણામ નિમિત્ત છે. પાપ બંધાય એમાં પાપના અશુભ પરિણામ નિમિત્ત છે. એટલે કર્મબંધનના કારણમાં પરિણામમાં ફેર છે. એમ અજ્ઞાનીની દલીલ છે. કહો, બરાબર છે? એની દલીલ બરાબર જાણવી તો જોઈએ ને કે એ શું કહે છે? અને પરિણામ. અરે..! સાંભળને. એ બેય પરિણામ અજ્ઞાન છે. સાંભળને. શુભ-અશુભ પરિણામ એકદમ અજ્ઞાન (છે). ચૈતન્યના જ્ઞાનસ્વભાવના વિરૂદ્ધના પરિણામ એ અજ્ઞાન છે, અજ્ઞાન છે. સમજાણું? એને વળી જ્ઞાન કેવું? શુભભાવમાં જ્ઞાન છે? જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એના ચૈતન્યનું કિરણ શુભભાવમાં આવ્યું છે? શુભભાવ તો જડ છે, અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. શુભ પરિણામમાં જ્ઞાન ચૈતન્યસ્વરૂપ, જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય એનો અભાવ છે. ચૈતન્યની દ્રવ્ય-ગુણ શક્તિ તો એમાં આવતી નથી પણ ચૈતન્યનો પર્યાય કિરણ જ્ઞાનનો શુભભાવમાં છે નહિ. માટે શુભભાવને અજ્ઞાન કહેવામાં આવે છે. ઓલો કહે કે શુભભાવ પરિણામથી પુણ્ય બંધાય એટલા પરિણામમાં ફેર છે અને કોઈ કર્મ.. છે ને?

**'અશુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી કર્મના કારણમાં ભેદ-તફાવત છે...'** ના. ફેર નથી જરીએ. કેમ? નીચે ઉત્તર છે એનો. **'શુભ કે અશુભ જીવપરિણામ...'** દેખો! ભાષા કીધી જીવપરિણામ. શુભ-અશુભ જીવપરિણામ. એ દયા, દાન, વ્રત, ભક્તિના શુભ પરિણામ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના પરિણામ. ભાષા એમ લીધી. શુભ-અશુભ જીવપરિણામ **'કેવળ અજ્ઞાનમય હોવાથી...'** કહો, સમજાણું કાંઈ? આમ લીધા જીવપરિણામ. ઓલો બોલ્યો ખરો ને, ઓલો બોલ્યોને કે જીવપરિણામ. એણે કહ્યું હતું ને જીવપરિણામમાં ફેર છે બંધનમાં. તો કહે છે કે જીવપરિણામ, એની ભાષાથી એને કહે છે.

તું કહે છો જે જીવપરિણામ એ **'કેવળ અજ્ઞાનમય હોવાથી...'** કેવળ અજ્ઞાન. અજ્ઞાન એટલે શુભ-અશુભભાવમાં બિલકુલ આત્માનું જ્ઞાન નથી. જ્ઞાનનો એક અંશ પણ એમાં નથી. જ્ઞાનનો એક અંશ એમાં નથી એ આત્માને લાભ કરતું હશે? સમજાણું કાંઈ? **'કેવળ...'** પાછું એટલી ભાષા એમ નથી. શુભ કે અશુભ જીવપરિણામ. કેવળ અજ્ઞાનય, એકલું અજ્ઞાનમય. એમ. કિંચિત્ પણ એમાં જ્ઞાનનો અંશ છે નહિ. એકાંત અજ્ઞાનમય એમ ભાષા છે. એવું એકાંત ન હોય શાસ્ત્રમાં, એમ કેટલાક કહે છે. સમજ્યાને? અનેકાંત હોય. અહીં તો કહે છે કે કેવળ અજ્ઞાનમય છે. લે. કેવળ એકાંતે પુણ્ય અને પાપ, પુણ્યના ભાવ, જીવના પરિણામ એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ ઉઠે તે, એકલો અજ્ઞાનમય છે. કિંચિત્ એમાં જ્ઞાનનો અંશ છે નહિ. કહો, સમજાણું કાંઈ? દેવચંદજી! એ અનેકાંત છે એમ કહે છે તમારા

ગામમાં. પણ જિનેશ્વરદાસ માથા ફોડે એવા છે. સમજાણું કાંઈ?

ભગવાન! અહીં જીવના પરિણામ ઓલાએ કહ્યું એટલે લીધું ખરું, કહ્યું ખરું. કે શુભ પરિણામ કે અશુભ પરિણામ એ જીવપરિણામ. ઓલો કહેતો હતો ને કે જીવપરિણામમાં ફેર છે. '**કેવળ અજ્ઞાનમય હોવાથી...**' સાંભળ. એકલા અજ્ઞાન હોવાથી '**એક છે;...**' એકલું અજ્ઞાન. ચૈતન્યબિંબ ભગવાન આત્મા એનાથી પુણ્ય અને પાપના બેય પરિણામ તદ્દન ભિન્ન જાતના છે. એ આત્માના જ્ઞાન જાતના નથી. આહાહા..! કેટલું સ્પષ્ટ છે! બહુ સ્પષ્ટ છે પણ માનતા નથી. સાધુ થાય તો ક્ષીરસમુદ્રમાં જાય. તમારાવાળા ફલાણે જાય, એમ કહે છે. ઓહોહો..! લોચ કરે ને ત્યારે વાળ નાખે. ક્ષીરસમુદ્રમાં સ્થાપના કરીને નાખે. અમારા વાળ આમ જાય, તમારા આમ જાય. એટલો ફેર છે અમારે ને તમારે. કહો, એય..! માંગીરામજી! માંગીરામજી સાથે ચર્ચા થઈ હતી. આવા ને આવા. વાળ ક્યાં તારા હતા? એમાંય ભગવાનનો લોચ કરે ત્યારે એ વાળ ઈન્દ્રો ક્ષીરસમુદ્રમાં નાખે છે. ભગવાન જ્યારે લોચ કરેને? તીર્થંકર દીક્ષા લે ત્યારે. એ વાળ હીરાના ડાબલામાં ઈન્દ્રો લઈ લે છે અને પછી ક્ષીરસમુદ્રમાં પઠવે છે. નાખે છે. એમ અમારા વાળ .. મુનિ થયા માટે જુઓ! ક્ષીરસમુદ્રની સ્થાપના કરીને નાખે ભલે. એમ કહે છે. અરે..! ભગવાન! ક્યાં તારે જાવું છે? એમ કરીને અમે લોચ કરીને મુનિ છીએ. અરે..! મુનિ ક્યાં? લોચની ક્રિયા જડની એમાં મુનિપણું ક્યાં આવ્યું? અને એમાં કદાચિત્ કોઈ રાગની મંદતાનો ભાવ હોય, સહનશીલતાનો હોય તો હોં! એ પણ અજ્ઞાનમય જીવના પરિણામ છે. કેવળ અજ્ઞાન પાછું. એમ પણ નથી કહ્યું.

'**જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી...**' કેવળ અજ્ઞાનમય હોવાથી બે '**એક છે;...**' શુભભાવ હો કે અશુભ બેય અજ્ઞાન છે. પુદ્ગલના પરિણામ ખરેખર છે. '**તે એક હોવાથી કર્મના કારણમાં ભેદ નથી;...**' લ્યો! શુભ અને અશુભ પરિણામ બેય અજ્ઞાનમય હોવાથી. શુભ અને અશુભ બેય અજ્ઞાન છે. ચૈતન્યનો સ્વભાવ એમાં નથી. માટે તેના કારણમાં ભેદ નથી. '**માટે કર્મ એક જ છે.**' તું કહે છે કે બે છે. અમે કહીએ છીએ કે આ કારણે એક છે. દૃષ્ટિની વિપર્યાસને કારણે તને બે ભાસે છે. બે છે નહિ. એક જ છે. ચૈતન્યમૂર્તિથી વિરૂદ્ધ છે માટે એક જ છે. એમ દૃષ્ટિ કર તો તને આત્માની દૃષ્ટિ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૦, શુક્રવાર તા. ૨-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૪૫, પ્રવચન-૨૩૪**

આ સમયસારની ૧૪૫મી ગાથા. પુણ્ય-પાપનો અધિકાર છે.

'**ટીકા :-**' કોઈ વ્યવહારપક્ષવાળા એમ કહે છે કે કર્મ જે બંધાય છે ને? એના પરિણામના કારણમાં ફેર છે માટે કર્મમાં ફેર છે. એમ દલીલ કરે છે. જુઓ! '**કોઈ કર્મને શુભ જીવપરિણામ નિમિત્ત હોવાથી...**' નવું જે કર્મ બંધાય પુણ્ય-પુણ્ય, એ પુણ્ય બંધાય એને શુભ જીવપરિણામ-જીવના શુભભાવ-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, પૂજા આદિ શુભભાવ, એ શુભ જીવપરિણામ કોને? નવા પુણ્યબંધનને નિમિત્ત છે.

'**અને કોઈ કર્મને અશુભ જીવપરિણામ...**' હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, કામ, ક્રોધ એ અશુભ પરિણામ-ભાવ અશુભ કર્મને નિમિત્ત છે. તેથી '**કર્મના કારણમાં ભેદ-તફાવત છે.**' તેથી કર્મને એક જ કહેવું એમ નહિ. કર્મ બે પ્રકારના છે. પુણ્ય અને પાપ. એમ દલીલ વ્યવહારપક્ષવાળાની છે. '**(અર્થાત્ કારણ જુદાં જુદાં છે);...**' એનો ઉત્તર નીચે બીજા પેરેગ્રાફમાં. છે નીચે ઉત્તર?

'**શુભ કે અશુભ જીવપરિણામ...**' નીચે બીજા પેરેગ્રાફમાં. શુભ-દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એવા શુભભાવ. કે અશુભ જીવપરિણામ કે અશુભ જીવ ભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના એ '**કેવળ અજ્ઞાનમય હોવાથી...**' બેય જ્ઞાન સ્વભાવથી વિરૂદ્ધ ભાવ અજ્ઞાનમય છે. કહો, દેવચંદજી! દયા, દાન, વ્રત, નિયમ એ પાળવાનો વિકલ્પ શુભભાવ છે એ કેવળ અજ્ઞાન છે. એમાં જ્ઞાનસ્વભાવ આત્મા નથી. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એનો એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં એ ચૈતન્યના જ્ઞાનનો અભાવ છે. માટે તે શુભ પરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી અને અશુભ પરિણામ પણ કેવળ અજ્ઞાનમય હોવાથી '**એક છે;...**' એમાં કાંઈ ફેર નથી. કહો, સમજાણું આમાં?

વ્રત, નિયમ પાળવા, દયા, દાન, વ્રત, ભક્તિ એ ભાવ જીવના શુભ પરિણામ કેવળ એકલાં અજ્ઞાનમય છે એમ કહે છે. કેમ કે એમાં ચૈતન્યના સ્વભાવનો અભાવ છે. સમજાણું? મિથ્યાત્વભાવ એમ નહિ. અજ્ઞાનમય ભાવ. એમાં જ્ઞાનસ્વરૂપ આત્મા એનો અભાવ છે. નહિતર કેટલાક કહે, લ્યો દયા, દાનને મિથ્યાત્વ કહે છે. વળી ઘણા એમ કહે છે. એમ નથી. દયા, દાનના પરિણામને પરમાર્થ ધર્મ માને તો મિથ્યાત્વ (છે). પણ એ પરિણામ પોતે છે એ જ્ઞાનસ્વભાવ, આત્મસ્વભાવથી વિરૂદ્ધ ભાવ એવો અજ્ઞાન ભાવ છે. માસ્તર! તો આ શું

બધા તમે તપસ્યા ને બપસ્યાને માને ને. તમારા ભાઈ તો સૂકાઈ જાય છે હમણાં. અઠ્ઠમ કરે છે. ખબર છે ને. એ મળ્યા હતા હોં! હમણાં ક્યાંક. અહીં આવ્યા હતા? આવ્યા હતા. બહુ અપવાસ કરે. તેરાપંથીની શ્રદ્ધા. કાંઈ ખબર ન પડે. મગનલાલ માસ્તર. એમના ભાઈ છે. મોટા નહિ તમારાથી? નાના. બહુ અપવાસ કરે, અપવાસ, તપસ્યા, તપસ્યા, તપસ્યા.

મુમુક્ષુ :- તપસા નિર્જરા

ઉત્તર :- કઈ તપસા નિર્જરા? એ તો સ્વરૂપમાં ઠરે અને આનંદ થાય ત્યારે એ બાહ્ય તપને નિમિત્ત તરીકે કહેવાય. બાકી તો વસ્તુ લાંઘણ છે. કહો, કાંતિભાઈ! શું આ બધું? આ બધા કરે છે ને? બાયું વર્ષીતપ કરે. અઠ્ઠમ કરે, મહિનાના અપવાસ કરે, અઠાઈ કરે. ક્યાં ભાન (છે)? આત્માના ભાન વિના એ બધા વિકલ્પ રાગની મંદતા (છે) અને એને માને ધર્મ એટલે મિથ્યાત્વ લાગે. મિથ્યાત્વનું મહાન પાપ લાગે.

મુમુક્ષુ :- કોઈ કરશે નહિ.

ઉત્તર :- કરે છે કોણ પણ? એ તો આવે. કહો, ન્યાલભાઈ! શું આ કહે છે? જુઓ! કહે છે, રસના ત્યાગનો ભાવ. કેરીના રસના ત્યાગનો ભાવ. આ કેરી ખાવી નહિ પચાસ વર્ષ સુધી. લીલોતરી ખાવી નહિ, કંદમૂળ ખાવું નહિ. એ આવ્યું હતું ને ઓલું ચંડાળણીમાં? આ મારે ખપે નહિ, આ મારે ખપે નહિ, એવો જે ભાવ એ શુભભાવ તે કેવળ અજ્ઞાનમય છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીની વાત છે ને.

ઉત્તર :- અહીં ક્યાં? અહીં તો વસ્તુ પોતે અજ્ઞાન છે એમ કહેવું છે. એ કંઈ આત્માનો જ્ઞાનસ્વભાવ અને ચૈતન્ય સ્વભાવ નથી. આહા..! એનાથી આત્માને કાંઈ લાભ નથી. નુકસાન છે એમ કહે છે. એય..! માંગીરામજી! માંગીરામજી તો ત્યાં દિલ્હીમાં ઘણો ભાગ.. એમને ત્યાં કીધેલું ને. સ્થાનકવાસી બહુ આવતા. બહુ સાંભળતા. એ કહેતા હતા. લોકો એકવાર મધ્યસ્થથી સાંભળે ને તો એને (સમજાય).

ભાઈ! તું આત્મા તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છો. એ તો એકલો ચૈતન્યપ્રકાશ, ચૈતન્યનો સૂર્ય. એમાં જે આ વિકલ્પ ઉઠે છે વૃત્તિ, એમાં ચૈતન્યના સ્વભાવના કિરણનો અભાવ છે. એ રાગભાવ છે. રાગ છે તે અંધકાર છે. અંધકાર છે તેથી એને અજ્ઞાનમય કહેવામાં આવે છે. આહાહા..! ભારે ગળે ઉતરવું.

મુમુક્ષુ :- આપણે...

ઉત્તર :- જેને સાચું સમજવું હોય એને ઉતારવું પડશે, બાપા! કહો. આહાહા..!

એ વિકલ્પ છે એક. આ કરવું, આ ન ખપે, આ મારે ન ખપે, આ મને ખપે. લ્યો! એ એક વૃત્તિ છે શુભ.

મુમુક્ષુ :- ખપે ઈ?

ઉત્તર :- ખપે એ પણ એક શુભ વિકલ્પ છે. આ મારે ખપે. એટલે નિર્દોષ આહાર મને ખપે, આવો આવો આહાર મને ખપે, આવું મને ખપે નહિ. આજે અપવાસ કરવો મારે કલ્પે, આહાર કરવો કલ્પે નહિ, એ બધી વૃત્તિ છે, એક શુભરાગ. સમજાણું કાંઈ? ભારે!

અહીં તો પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવનો વીતરાગધર્મ એ એવો છે કે એ વિકલ્પ જે ઉઠે છે એ ધર્મ નથી. એ અધર્મ છે એમ કહે છે. દેવચંદજી! તેથી કહ્યા. ઓલો કહે કે બે ફેર છે. આ કહે, અમે બેય પરિણામને અજ્ઞાનમાં નાખીએ છીએ. એ અજ્ઞાનમય હોવાથી કેવળ એક જ છે. આહાહા..! રાડ નાખી જાય એવું છે માણસને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મની વિરૂદ્ધ એટલે અહીં અજ્ઞાન કીધું. અજ્ઞાન કહો કે અધર્મ કહો. એમાં ફેર શું આવ્યો?

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એને હજી આત્મા શું ચીજ છે ને (એ ખબર નથી). એ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એમ આત્મા ચારિત્ર એટલે સમરસસ્વરૂપ છે. ચારિત્રસ્વરૂપ છે કે નહિ? ત્રિકાળ ચારિત્રસ્વરૂપ છે કે નહિ? ત્રિકાળ હોં! પર્યાય પ્રગટે એ નહિ. આત્મામાં જ્ઞાનગુણ છે તો જ્ઞાયક છે. ચારિત્ર ગુણ છે તો સમ-શાંત અવિકારી રસ છે. વીતરાગભાવ છે. તો એ જ્ઞાયકભાવ અને વીતરાગભાવ તે સ્વરૂપ છે. એનાથી વૃત્તિ જેટલી ઉઠે એ બધો વીતરાગભાવથી ઊલટો ભાવ છે. સમજાણું કાંઈ? એ ચારિત્ર જે આત્માનો સમરસ સ્વભાવ, અકષાય શાંતગુણ ત્રિકાળી, એનાથી આ દયા, દાન, વ્રત, ભક્તિની વૃત્તિ જે ઉઠે છે એ બધો જ્ઞાનસ્વભાવથી સમસ્વભાવી વીતરાગ સ્વરૂપથી એ વૃત્તિ એનાથી વિરૂદ્ધ છે. વિરૂદ્ધ છે એટલે આત્મા જ્ઞાનમય છે, સમસ્વભાવી છે તો આ અજ્ઞાનમય છે, વિષમભાવ છે. કહો, સમજાણું કાંઈ?

હવે લોકોને એ ગળે ઉતરતું નથી. ઓલા લાકડા નાખ્યા છે ને ઘણા વર્ષથી. અને પ્રરૂપણા પણ એવી એને મળી છે. એક તો એને બેઠી હોય, રોતી હોય અને પિયરીયા મળ્યા. એટલે મૂકે સરખાઈની. એમ તો જાણે ગોઠતી વાત અને બીજા ઉપદેશક એને મળે. જાવ તમારે આનાથી ધર્મ થશે.. આનાથી થશે. થઈ રહ્યું, ગાંઠ ગોઠવાઈ ગઈ. એનાથી ધર્મ થતો હોય તો અનંત કાળથી કેમ ન થયો? અનંત કાળમાં તો બધું કર્યું છે એવું. સમજાણું કાંઈ? છે ન્યાલચંદભાઈ? એમાં શું શબ્દ છે જોયો?

ઓલો કહે કે નવા કર્મ પુણ્ય-પાપના બંધનમાં, પુણ્યના બંધનમાં શુભ જીવના પરિણામ

કારણ છે અને પાપ નવા બંધાય તેમાં જીવના પાપ અશુભ પરિણામ કારણ છે. માટે કારણમાં ફેર છે, માટે કર્મમાં ફેર છે. એમ અજ્ઞાનીની અથવા વ્યવહારપક્ષવાળાની દલીલ છે.

મુમુક્ષુ :- બેય નય છે ને.

ઉત્તર :- નય શેનો પણ એ નય? નય જ ખોટો છે.

ત્યારે આચાર્ય જવાબ આપે છે. નિશ્ચયનયવાળો જવાબ આપે છે. એમ લ્યો અહીંયાં . પ્રતિપક્ષ છે ને? એનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ છે. પાઠમાં છે ને પ્રતિપક્ષ? પાઠમાં પ્રતિપક્ષ છે ટીકા. પ્રતિપક્ષનય વ્યવહારનયવાળો એકાંત વ્યવહારનયવાળો આમ જ્યારે કહે છે, ત્યારે નિશ્ચયનયવાળો સત્ય પક્ષકાર એમ કહે છે કે '**શુભ કે અશુભ જીવ...**' ભાવ. પરિણામ હોં! જીવના પરિણામ લીધા પાછા. તે '**કેવળ...**' એકલા '**અજ્ઞાનમય હોવાથી...**' બેય એકલા અજ્ઞાન છે. તેથી હોવાને કારણે તે '**એક છે;...**' કોણ એક છે? આ શુભ-અશુભ પરિણામમાં બે ભેદ નથી એમ પહેલું કહે છે. તે એક છે. કોણ એક છે? આ બે પરિણામ એક છે એમ કહે છે.

'**કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે; તે એક હોવાથી...**' હવે ઓલું કર્મમાં નાખે છે. '**તે એક હોવાથી...**' તે એક એટલે શુભ અને અશુભ પરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી તે બેય પરિણામ એક જાતના છે એમ કહે છે. એક જાતના હોવાથી એક જાતને કારણે '**કર્મના કારણમાં ભેદ નથી;...**' કેટલું સ્પષ્ટ કર્યું! સમજાય છે કાંઈ? જીવના શુભભાવ કે અશુભભાવ કેવળ અજ્ઞાન છે એટલે આત્માના જ્ઞાનની વિરૂદ્ધના ભાવ છે તેથી તે બે એક જ જાતના છે. બેની જાત જ એક છે. બેમાં બે પ્રકાર નથી. કેવળ અજ્ઞાનમય એમાં કો'ક કાંઈક જ્ઞાનમય અને કો'ક કાંઈક અજ્ઞાનમય એમ નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? ગોવિદંજી! આ સમજાય છે? થોડી થોડી ગુજરાતી શીખી લેવું હવે.

જુઓને! '**શુભ કે અશુભ જીવપરિણામ...**' ભાષા કેવી! જીવપરિણામ નાખ્યા પાછા એમ. તે કેવળ બેય ભાવ. કેવળ-એકલા અજ્ઞાનમય હોવાથી એક જ બેય છે. બે પરિણામમાં કાંઈ ફેર નથી. '**તે એક હોવાથી...**' ઓલામાં એક કીધું. હવે બે એક હોવાને કારણે '**કર્મના કારણમાં ભેદ નથી;...**' કારણમાં તું ભેદ માનતો હો તો અમે ભેદ કહેતા નથી. બીજો બોલ. '**માટે કર્મ એક જ છે.**' એમ. પહેલા એમ લીધું હતું. કેવળ અજ્ઞાન હોવાથી ઓલા પરિણામ એક છે એમ લીધું. અને કારણમાં ભેદ નથી માટે કર્મ એક જ છે. પહેલો એક બોલ થયો. સમજાણું કાંઈ?

બીજો બોલ. પહેલા શરૂઆતમાં ત્રીજી લીટી. વ્યવહારનયનો પક્ષકાર કહે છે કે '**કોઈ કર્મ શુભ પુદ્‌ગલપરિણામમય...**' પુણ્ય જે બંધાય છે, પુણ્ય બંધાય નવા એ કર્મ શુભ

પુદ્‌ગલપરિણામની જાત છે. શુભ પુદ્‌ગલપરિણામમય છે. એમ દલીલ છે વ્યવહારવાળાની. નવા જે પુણ્ય બંધાય ને પુણ્ય શાતા, ઉચ્ચ ગોત્ર એ બધા શુભ પુદ્‌ગલપરિણામ. એ પુદ્‌ગલ પરિણામને શુભ કીધા. ઓલો પક્ષકાર કહે છે. પુદ્‌ગલપરિણામમય '**અને કોઈ કર્મ અશુભ પુદ્‌ગલપરિણામમય...**' નવા પુદ્‌ગલ જે નવા બંધાય એ કોઈ કર્મ શુભ પરિણામમય છે અને કોઈ અશુભ પરિણામમય છે. તેથી '**કર્મના સ્વભાવમાં ભેદ છે;...**' તેથી અમને તો લાગે છે, કર્મના પ્રકૃતિના સ્વભાવમાં પુણ્ય અને પાપના બે સ્વભાવભેદ કર્મમાં અમને દેખાય છે. એમ અમે માનીએ છીએ. કહો, સમજાણું આમાં? સ્વભાવમાં ભેદ છે. તમે કહો છો કે એક (છે). એક નહિ. શુભ પુદ્‌ગલ બંધાય, શાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર. સમજાય છે? યશોકીર્તિ, વગેરે. દેવનું આયુષ્ય, મનુષ્યનું મોટું આયુષ્ય, જુગલિયાનું આયુષ્ય. એ તો બધા શુભ પુદ્‌ગલમય છે. બંધાય પુણ્ય એ. અને નરકગતિના બંધાય, ઢોરના બંધાય, અપજશના કર્મ બંધાય વગેરે એ અશુભ પુદ્‌ગલમય છે. '**અશુભ પુદ્‌ગલપરિણામય હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ છે;...**' બીજો બોલ થયો. એનો નીચે ઉત્તર.

'**શુભ કે અશુભ પુદ્‌ગલપરિણામ...**' નીચે ઉત્તર. ઓલો પહેલો બોલ થયો. આ બીજો છે ને? '**શુભ કે અશુભ પુદ્‌ગલપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે;...**' તું કહે છે કે બે ભેદ છે. કોઈ શુભ પુદ્‌ગલપરિણામમય પુણ્ય અને કોઈ અશુભ પુદ્‌ગલપરિણામમય (પાપ). અમે કહીએ છીએ કે શુભ અને અશુભ પુદ્‌ગલપરિણામ બેય છે. જડના રજકણો છે. કર્મ બંધાય, પુણ્ય બંધાય કે પાપ બેય પુદ્‌ગલ પરિણામ છે. '**કેવળ પુદ્‌ગલમય હોવાથી તે એક છે;...**' પુદ્‌ગલમય હોવાથી એક છે. શું એક છે? ઓલા પુદ્‌ગલ. અને '**તે એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી;...**' જુઓ! તે એક હોવાથી બંધનમાં પુણ્ય કે પાપ બંધાય, બેય પુદ્‌ગલ સ્વભાવ છે. એને કારણે બેય એક છે. એક હોવાને કારણે પુદ્‌ગલના સ્વભાવમાં ભેદ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દલીલ.

ઉત્તર :- દલીલ સારી લાગે છે લોકોને અજ્ઞાનીની.

અનેકાંત થાય. આ સારા છે નિશ્ચય અને વ્યવહાર એ સારા છે, તો અનેકાંત થાય. સારા છે જ નહિ. પુદ્‌ગલને સારા કેમ કહેવા? ચાહે તો શાતા બંધાય કે અશાતા બંધાય. બેય પુદ્‌ગલના સ્વભાવ છે એમ કહે છે. ઉચ્ચ ગોત્ર બંધાય કે નીચ ગોત્ર બંધાય એ કેવળ પુદ્‌ગલમય છે. પુદ્‌ગલના સ્વભાવ હોવાને કારણે એક છે. એને કારણે પુદ્‌ગલનો સ્વભાવ એક છે. કહો, સમજાણું કાંઈ આમાં?

'**શુભ કે અશુભ પુદ્‌ગલપરિણામ કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે; તે એક**

**હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી; માટે કર્મ એક જ છે.**' માટે કર્મ એક જ છે. કર્મના બે પ્રકાર નથી. કહો, બે બોલ થયા. પુણ્ય-પાપનો પક્ષકાર કહે છે કે પુણ્ય બંધાય એ પુદ્ગલ સારા, પાપ બંધાય એ પુદ્ગલ ખરાબ. બીજા બોલમાં, હોં! પહેલાં બોલમાં કહે, શુભભાવ એ સારા. કારણ કે બંધના કારણમાં શુભ પરિણામ હોય પુણ્યમાં અને પાપમાં અશુભ હોય. માટે શુભ એ સારા અને અશુભ એ ખરાબ એવા ભેદ પડે છે. ભેદ-બેદ કાંઈ નથી. બેય અજ્ઞાન છે, સાંભળ! બંધાય એમાં ભેદ નથી. બેય પુદ્ગલ છે, સાંભળ! આહાહા..! આવી વાત છે વીતરાગના ઘરમાં, પણ વીતરાગના વાડામાં જન્મ્યા એને બિચારાને કાને ન પડે. અને માની બેસે કે આપણે કાંઈક ધર્મ કરીએ છીએ. બે બોલ થયા.

ત્રીજો બોલ. પહેલામાં શરૂઆતમાં. '**કોઈ કર્મનો શુભ ફળરૂપે અને કોઈ કર્મનો અશુભ ફળરૂપે વિપાક થતો હોવાથી...**' જુઓ! કોઈ કર્મનો શુભ ફળ. એવા પુણ્ય બંધાણા હોય કે જેમાં શુભ ફળ આમ પૈસાના ઢગલા, બાયડી-છોકરા અનુકૂળ આવે, આમ દેવાંગના મળે, દેવ મળે. લ્યો, દેવની ગતિ મળે. કહો, ...ચંદભાઈ! મલૂકચંદભાઈ નથી થાતું, પુનમચંદ-પુનમચંદ થાય છે. આ બે બાપા બેઠા, જુઓ! એના બાપા.

મુમુક્ષુ :- દીકરાના..

ઉત્તર :- દીકરો કોનો? આત્માને દીકરો હોય?

મુમુક્ષુ :- આત્મા મલૂકચંદભાઈનો.

ઉત્તર :- મલૂકચંદભાઈનો આત્મા એમ કહેવાય. એમ. કહો, સમજાણું આમાં?

વ્યવહારનયવાળાનો પક્ષ છે, '**કોઈ કર્મનો શુભ ફળરૂપે...**' આહાહા..! પૈસાના ઢગલા (થાય). એક લાખ લાખ, બબ્બે લાખ રૂપિયા દરરોજની પેદાશ, લ્યો. ફાટી જાય કે નહિ પ્યાલો? એ ફળ સારું છે કે નહિ? ફળ દેખાય છે કે નહિ કંઈ? અને એકને બિચારાને.. શું કહે છે? જુઓ! '**અને કોઈ કર્મનો અશુભ...**' પચાસ રૂપિયા મળવા મુશ્કેલ પડે. બે ટંકનું એક ટંક ખાવું પડે. આ જુઓને મોંઘવારી. ઘણાં બિચારા કેટલાક ખાનદાન માણસો હોય, હાથ લાંબો કરી શકે નહિ અને ખાવાના સાધન પૂરા ન હોય. બે ટંકનું એક ટંક કરી બે-ચાર કોળિયા ઓછા ખાય અને માંડ માંડ નભાવે. કેટલાક એવા પણ છે અત્યારે, હોં! ત્યારે અશુભ કર્મનું ફળ કેવું? રોટલા મળે નહિ, આ મળે નહિ.. આ મળે નહિ. દરિદ્રતા આવે, નિર્ધનતા આવે, શરીરમાં રોગ આવે, અશુભ કર્મનું આવું ફળ.

'**કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ છે;...**' ઓલો અજ્ઞાની કહે છે, કર્મના સ્વાદમાં ભેદ છે. એક જણો કહે કે, પુણ્યના ફળ મીઠાં છે પહેલું કહો. પછી વાત કરજો આદરવા જેવું નથી. ...ભાઈ પહેલા કહેતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મૂક્યા ધૂળમાં. આહાહા..! વાહ રે વાહ! અજ્ઞાન છે. અજ્ઞાન જ્ઞાનની સમીપ મૂકી દે કેમ? મહા મિથ્યાત્વનું જોર છે ને એટલે આત્મતત્ત્વથી વિરૂદ્ધ ભાવની પ્રશંસા કરે છે.

કહે છે કે, શુભ અને અશુભ કર્મના સ્વભાવમાં ભેદ નથી. કેમ કે બેય પુદ્ગલ છે. શાતા હો કે અશાતાનું ફળ. બહારમાં શાતાના ફળમાં શું દેખાય? આ પૈસા, ધૂળ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપાર, ધંધો બહુ દેખાય. અશાતાના ઉદયમાં બહારની પ્રતિકૂળતા (દેખાય). પણ એમાં આત્માને શું? એ ચીજ તો બધી પુદ્ગલના કર્મફળ હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી. કહો, સમજાણું? એ ભેદ પાડે છે ઓલો. કર્મના અનુભવમાં સ્વાદભેદ છે. એનો ઉત્તર નીચે.

**'શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક...'** નીચે ઉત્તર. ત્રીજી બોલ. **'શુભ કે અશુભ ફળરૂપે થતો વિપાક કેવળ પુદ્ગલમય હોવાથી...'** લ્યો! એ પૈસા પાંચ, પચાસ કરોડ, લાખ કરોડ મળે અને જુઓ પુદ્ગલનો સ્વભાવ છે એને મળેલો. એમાં કાંઈ આત્માને છે નહિ. આહાહા..! **'શુભ કે અશુભ...'** ફળ બંધાય એનું કર્મ એનો વિપાક કેવળ પુદ્ગલ આપનારા છે. પુદ્ગલ હોય એ બધું પુદ્ગલ છે એમાં તો.

**'તે એક હોવાથી...'** શું કહે છે? કેવળ પુદ્ગલમય હોવાથી તે એક છે. પણ ફળ બધું પુદ્ગલમય જ છે એમાં. તેમ આત્માનું ફળ એમાં આવતું નથી. આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન એમાં ક્યાંય આવતું નથી, એમ કહે છે. ક્યાં મૂકે એને? મોટું અત્યારે શલ્ય. પંડિતો એ કહે, સાધુ એ કહે એટલે બિચારા એને પણ એ વાત બેસી ગઈ. શું થાય? વીતરાગમાર્ગ રહી ગયો દૂર. બહાર ક્રિયાકાંડે ધમાધમ ધર્મ માન્યો. વસ્તુ રહી ગઈ દૂર આઘી. એની શ્રદ્ધાની પણ ખબર ન મળે. કહો, આવા લખાણ ચોખ્ખા છે. ન્યાલચંદભાઈ! કહો, હવે આમાં શું? આ તો સ્પષ્ટ વાત છે. હજારો વર્ષથી આ વાત ચાલી આવે છે, અનંત કાળથી ચાલી આવે છે અને એ મુનિઓ અનંત કાળથી આમ જ કહેતા આવ્યા છે. અને એમ જ અનંત કાળ સુધી કહેશે. બાહ્ય જેટલી તને વૃત્તિ ઉઠે છે એના ફળરૂપે કર્મ બંધાય એ કર્મનું ફળ એક જ છે-સંયોગો. પ્રતિકૂળ અનુકૂળ સંયોગ પુદ્ગલ છે. એમાં કાંઈ આત્માને લાભ નથી. એમ કહે છે.

**'કેવળ પુદ્ગલમય હોવાથી એક છે; તે એક હોવાથી કર્મના અનુભવમાં (-સ્વાદમાં) ભેદ નથી;...'** એ એનો સ્વાદ કર્મનો તો નથી પણ એના સ્વાદમાં તો આકુળતા છે. **'માટે કર્મ એક જ છે.'** લ્યો! ત્રણ બોલ થયા. ભાષા કેવી કરી છે! (કેવળ પુદ્ગલમય) હોવાથી એક છે. એક હોવાથી કર્મના સ્વાદમાં ભેદ નથી, ભેદ નથી માટે તે કર્મ એક જ

છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આત્માનું જ્ઞાન કર. આ બધી ચીજો છે એ તો બહારના વિકલ્પો છે, વિકાર. એમાં કાંઈ આત્માને લાભ નથી.

ચોથો બોલ. '**કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી...**' એ હવે અહીં ગોટો છે મોટો. જુઓ! અહીં સુધી ના પાડે છે, જીવપરિણામ શુભ અને અશુભ અજ્ઞાન છે. વળી અહીં કહે કે શુભ પરિણામ એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી. શું કીધું? શુભ એટલે સારો. મોક્ષના માર્ગને શુભ કહે છે. એ આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ, એનું નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા વીતરાગી પરિણામ એને અહીંયાં શુભ કહેવામાં આવે છે. વીતરાગી ભાવને શુભ કહે છે. શુભરાગને તો અહીંયાં અજ્ઞાન અને અશુભ કહે છે. અશુભ કહે છે અશુભ. સમજાણું?

'**કોઈ કર્મ શુભ (સારા) એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી...**' આ હમણાં વાંચ્યું હતું. પાલેજ વાંચ્યું હતું, પાલેજ. અહીંથી જઈને વાંચ્યું હતું. પાલેજમાં. એક જણો આવ્યો. એક જણો (કહે), વાત તો સાચી લાગે છે. મારે આમાં ભળવું છે. કીધું, ભળવું-બળવું શું, આ સમજને. ભળે શું, સમજ તો ખરો. સમજ્યા વિના ક્યાં ભળવું છે? કહે છે, દલીલ છે વ્યવહારનયના પક્ષની કે '**શુભ એવા મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી...**' કોઈ કર્મ તો મોક્ષમાર્ગને આશ્રિત હોવાથી. શુભ. સારા એવા મોક્ષમાર્ગ. '**અને કોઈ કર્મ અશુભ (ખરાબ) એવા બંધમાર્ગને આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ છે.**' કર્મનો આશ્રય લેવામાં, શરણ લેવામાં ભેદ છે. એમ અજ્ઞાનીનો પક્ષ છે. આ તો અજ્ઞાનીના પક્ષની વાત કરે છે, હોં! પોતે ઉત્તર આપે છે, જુઓ! ભેદ છે.

'**માટે-જોકે (પરમાર્થે) કર્મ એક જ છે...**' હવે એ તો પોતે ઉત્તર આપે છે. '**તોપણ કેટલાકનો એવો પક્ષ છે કે કોઈ કર્મ શુભ છે અને કોઈ કર્મ અશુભ છે. પરંતુ તે (પક્ષ) પ્રતિપક્ષ સહિત છે.**' લ્યો! તે પક્ષની સામે એક નિશ્ચયનો સત્ય પક્ષ પણ ઉભો છે. એમ કહે છે. વ્યવહારના પક્ષવાળા આ પ્રકારે ચાર ભેદથી કર્મને જુદા માને છે. પણ નિશ્ચયનો પક્ષ એનાથી વિરૂદ્ધ છે. '**(અર્થાત્ વ્યવહારપક્ષનો નિષેધ કરનાર નિશ્ચયપક્ષ) આ પ્રમાણે છે :-**' કહો, ઓલા ત્રણ બોલ તો થઈ ગયા છે આપણે. જુઓ! હવે એનો ઉત્તર. ચોથા બોલનો ઉત્તર. ચોથાનો હોં!

'**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ...**' દેખો! એ શુભ એવો તો મોક્ષમાર્ગ '**તો કેવળ જીવમય હોવાથી...**' એમ છે. શુભ એવો તો મોક્ષમાર્ગ. તે ક્યો મોક્ષમાર્ગ? આત્મા દર્શન શુદ્ધ, જ્ઞાન શુદ્ધ, નિર્મળ શુદ્ધ. વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી પરિણામ. એને અહીંયાં સારો અને શુભ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**શુભ (સારો) એવો**

**મોક્ષમાર્ગ...**' લ્યો, આમાંથી કાઢે. શુભ એવો મોક્ષમાર્ગ એટલે પુણ્ય પરિણામ-શુભભાવ-શુભઉપયોગ તે મોક્ષમાર્ગ એમ કાઢે છે. ત્યાં વળી જીવમય ક્યાંથી આવ્યો? ઓલો તો કેવળ અજ્ઞાનમય કીધું. અહીં તો કીધું કેવળ અજ્ઞાનમય છે. વળી એમાંથી પાછો જીવમય ક્યાંથી થઈ ગયો? એય..! દેવચંદજી! એ તમારા ગામના લે છે આ. એવો અર્થ લે છે. એ લે છે, હોં! એ રતનચંદજી આમ અર્થ કરે છે આનો. છાપામાં આવી ગયું છે. શુભ એવો મોક્ષમાર્ગ. દેખો! મોક્ષમાર્ગ શુભભાવ, શુભઉપયોગ તે મોક્ષમાર્ગ એમ કરે છે. અરે..! પણ અહીં તારું શુભ-અશુભ જીવપરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે એમ તો પહેલી વાત કરી છે. એ આ શુભની વાત નથી. અહીં તો શુભ એટલે સારો. સારો એટલે વીતરાગી માર્ગ.

આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ નિર્મળ આનંદ, એની નિર્વિકલ્પ રાગના આશ્રય વિનાની, સ્વભાવને આશ્રયે થતી નિર્વિકલ્પ દૃષ્ટિ, રાગ વિનાનું સ્વસંવેદન, આત્મરૂપ. ત્રણેયને આત્મરૂપ કહ્યું છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં. ત્રણેયને આત્મરૂપ કહ્યું. દર્શનને આત્મરૂપ, જ્ઞાનને આત્મરૂપ, ચારિત્રને આત્મરૂપ ત્રણેય છે. આ પુરુષાર્થસિદ્ધિમાં આવશે. ૨૨, ૩૫, અને ૩૯. ૨૨માં સમ્યગ્દર્શનને આત્મરૂપ કહ્યું, ૩૫માં જ્ઞાનને આત્મરૂપ કહ્યું, ૩૯માં ચારિત્રને આત્મરૂપ કહીએ. વિકલ્પ એ ચારિત્ર નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ આત્મા શું વસ્તુને એનું કોઈ માહાત્મ્ય જ એને આવતું નથી. આ બધા વિકલ્પો ઉઠાવવા અને એ ચીજ. પણ ઓલો આખો ચૈતન્ય ભગવાન અનાદિ અનંત અનંત શાંતરસ ને વીતરાગ સ્વભાવનો કંદ આત્મા છે. એની અંતરમાં દૃષ્ટિ નિર્વિકલ્પ કરવી, રાગ વિનાની વીતરાગી દૃષ્ટિ. વીતરાગી જ્ઞાન સ્વસંવેદન. વીતરાગી શાંતિ-ચારિત્ર ત્રણેય આત્માનું રૂપ છે તેથી એને શુભ એવો મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. એને મોક્ષમાર્ગ કહ્યો છે. કહો, સમજાણું આમાં?

ઓલો શુભ શબ્દ પડ્યો છે ને? દેવચંદજી! એ શુભમાંથી શુભઉપયોગ કાઢે છે. પણ અહીં તો શુભઉપયોગના પરિણામ અજ્ઞાનમાં નાખ્યા છે. અહીં તો પહેલા કહી દીધા. કોણ જાણે શું કરે છે? એ વળી વકીલ છે. '**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી...**' દેખો! ઓલો કેવળ અજ્ઞાનમય કહ્યું હતું એની સામે. શુભ અને અશુભભાવ એ કેવળ અજ્ઞાનમય હોવાથી એક છે. અહીં કહ્યું છે કે શુદ્ધ એવો. અહીં શુભના અર્થમાં શુદ્ધના અર્થમાં શુભ છે. શુદ્ધના અર્થમાં શુભ છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાયકસ્વરૂપ એની અંતર સન્મુખની અંતર નિર્વિકલ્પ રાગ વિનાની શ્રદ્ધા, એને રાગ વિનાનું આત્માને અવલંબતું સ્વસંવેદનજ્ઞાન અને પંચ મહાવ્રતાદિ વિકલ્પ વિનાનું સ્વરૂપમાં રમણરૂપ, સ્થિરતારૂપ, શાંતિરૂપ, આનંદરૂપ એવું જે ચારિત્ર, તેને અહીંયાં શુભ કહેવામાં આવ્યું છે. એને અહીં શુભ કીધું છે. ઓલા શુભ-અશુભભાવ આની અપેક્ષાએ તો અશુભ કીધા

છે. જેને અહીંયાં કેવળ અજ્ઞાનમય કીધા, એને અહીં શુભની અપેક્ષાએ અશુભ કીધા. અહીં કીધા. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હો, તો એને અશુભ કીધો છે અહીં તો. જેને યોગસારમાં કહ્યું ને 'પાપ પાપ તો સહુ કહે પણ પુણ્યને અનુભવી જન પાપ કહે.' આ એ કહ્યું અહીં. અમૃતચંદ્રાચાર્યની ટીકામાં તો બધું ઘણું ભર્યું છે. કહો, ઓધવલાલજી! છે અહીંયાં? બિલકુલ છે. એ દસ વર્ષ પહેલા એને..

પહેલા પક્ષપાત વિના જે વસ્તુની સ્થિતિ છે એમ એણે નિર્ણય તો કરવો પડશે ને. નિર્ણય કર્યા વિના એ ઓલા એકલા દેવ-ગુરુ-શાસ્ત્રને માને કે શાસ્ત્રનો અભ્યાસ કર્યા કરે કે વ્રત પાળ્યા કરે એ સમ્યગ્દર્શનનો અધિકારી નથી. એ આવી ગયું છે નહિ? સાતમા અધ્યાયમાં. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે કે પંચ મહાવ્રત પાળે કે અપવાસ કરે તપસ્યા મહિના મહિનાની (કરે) કે શાસ્ત્રનો અભ્યાસ કરે પણ તે સમ્યગ્દર્શનનો અધિકારી નથી. તત્ત્વનો નિર્ણય કરનારો સમ્યગ્દર્શનનો અધિકારી છે. કહો, માંગીરામજી! ત્યાં તો એમ કહ્યું છે ભાઈએ ટોડરમલજીએ. સાંભળ્યું છે કે નહિ? ભાઈ! આવ્યું છે ને ત્યાં? અહીં મોક્ષમાર્ગ પ્રકાશક છે ને. આવ્યું નહોતું? જુઓ! અહીં છે.

'જુઓ તત્ત્વ વિચારનો મહિમા, તત્ત્વ વિચાર રહિત દેવાદિની પ્રતીતિ કરે...' દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિ કરે, તત્ત્વ વિચાર વિનાના. **'ઘણા શાસ્ત્રનો અભ્યાસ કરે...'** જુઓ! તત્ત્વના વિચાર વિના. તત્ત્વ વિચાર વિના. તત્ત્વનો વિચાર શું એનું કાંઈ ઠેકાણું નહિ. આપણે માનો દેવ-ગુરુ-શાસ્ત્રને. એ આપણને તારી દેશે. ન્યાલચંદભાઈ!

મુમુક્ષુ :- તો ગુરુ ધારવા શું કરવા?

ઉત્તર :- કોણ ગુરુ છે? નીચે આવી ગયું નહિ? પરમાત્મપ્રકાશમાં. એ ગાથાઓ સારામાં સારી લીધી હતી ત્યાં. રામજીભાઈ કહે, આવું? ઓલાએ ગાથાઓ જ એવી કાઢી હતી બધી. પરમાત્મપ્રકાશ અને સમયસાર ૧૧ ને ૨૩ ને ૪૩ ને ૬૪ ને ૬૫ ને ૬૬, ૬૭, ૬૮, ૮૮, ૯૨ અને ૯૩. એટલી તો પરમાત્મપ્રકાશની. અને આમાંથી ૭૫ ને ૭૩ પહેલી. ૭૩, ૭૫, ૧૧, ૧૪ અને ૧૨. એવી ગાથાઓ કાઢી હતી. એટલે પછી ગાથાના ભાવ હોય એ આવે ને ત્યાં. અહીં તો આપણે સળંગ બધું વાંચવું હોય. કહો, સમજાણું આમાં?

તત્ત્વ વિચારવાળો, તત્ત્વ વિચાર રહિત, જેને તત્ત્વના નિર્ણય કરવાનું ઠેકાણું ન મળે એ દેવ-ગુરુ-શાસ્ત્રને ભલે માને, ઘણાં શાસ્ત્રનો અભ્યાસ કરે, વ્રત તપ આદિ કરે છતાં તેને તો સમકિત થવાનો અધિકાર નથી. અને વ્રત, તપશ્ચરણ આદિ... સમજાય છે ને? તત્ત્વ વિચારવાળો એ વિના પણ.. એ વિના પણ.. એટલે કે દેવાદિની પ્રતીતિ વિનાનો હોય છતાં, ઘણાં શાસ્ત્રનો અભ્યાસ ન કરતો હોય છતાં, વ્રત-તપશ્ચરણાદિ ન હોય છતાં, તે તત્ત્વ

વિચારવાળો એ વિના પણ. કારણ કે એ નિર્ણયમાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને બધું આવી જાય છે. એ તત્ત્વ વિચારવાળો એ વિના સમકિતનો અધિકારી થાય છે. લ્યો! સમજાણું કાંઈ? આવ્યું હતું કે નહિ? ભાઈ! પ્રદીપ! ત્યાં આવ્યું હતું ને? ત્યાં આવ્યું હતું ને આપણે? રાજકોટ. આ તો આવ્યું હતું છેલ્લું.

શ્રીમદ્ પોતે કહે કે 'કર વિચાર તો પામ.' તો ઓલા કહે કે અમે ભક્તિ કરશું અને પામશું. એ કહે કે વિચાર કર તો પામ. આ કહે કે ભક્તિ કરશું તો પામશું. હવે એની શ્રદ્ધાના ઠેકાણા ક્યાં છે? ન્યાલચંદભાઈ! 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.' એમ કહ્યું. આ કહે, ના તમને અમે માનીએ એટલે થાશે.

મુમુક્ષુ :- એ પણ ભક્તિ કરતા કરતા સમજાય.

ઉત્તર :- કર્યા. તત્ત્વનો નિર્ણય કરતા કરતા નિર્ણય થાય. ભક્તિ કરતા કરતા નિર્ણય કોઈ દિ' ન થાય. ભક્તિ પરલક્ષી વસ્તુ વિકલ્પ છે એ તો. આહાહા..!

મહાવ્રતાદિ પાળે તો તત્ત્વના વિચાર વિનાનો અધિકારી સમકિતનો નથી એમ કહે છે. સમજાણું કે નહિ?

કહે છે, શુભ એવો તો મોક્ષમાર્ગ. આહાહા..! અહીં તો શુદ્ધને શુભના અર્થમાં લીધો છે. બસ, નિશ્ચય એક જ મોક્ષમાર્ગ. પાછો બીજો મોક્ષમાર્ગ બે એમ નહિ. શુદ્ધ એવો મોક્ષમાર્ગ એક જ પાછો એમ. વળી કોઈ શુભનો વિકલ્પનો મોક્ષમાર્ગ વ્યવહાર અને ફ્યવહાર એ વાત છે જ નહિ. આહાહા..! શુદ્ધ એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી. દેખો! ઓલો વ્યવહાર મોક્ષમાર્ગ તો વિકલ્પ છે અને વિકલ્પ તો અજ્ઞાનમય પરિણામ છે. અજ્ઞાનમય પરિણામ છે. એ મોક્ષમાર્ગ હોઈ શકે નહિ. વ્યવહાર મોક્ષમાર્ગના પરિણામ અજ્ઞાનમય છે. અજ્ઞાન એટલે જીવના પરિણામના જ્ઞાનથી વિરૂદ્ધ ભાવ છે. ભારે વાત, ભાઈ!

'**શુભ (સારો) એવો મોક્ષમાર્ગ...**' શુભ કોણ? આ શુભ પરિણામ તે. રવિન્દ્ર!

મુમુક્ષુ :- શુદ્ધના અર્થમાં.

ઉત્તર :- શુદ્ધના અર્થમાં. એ સારો અને એને શુભ કહેવાય. ઓલાને શુભ કહેવાય જ નહિ. શુભાશુભ પરિણામ એ શુભ જ નથી. બેય અશુભ છે. બેય અશુભ છે. આહાહા..!

'**(સારો) એવો મોક્ષમાર્ગ...**' ભાઈએ તો ખુલાસો મૂક્યો તેથી. '**કેવળ જીવમય...**' કેવળ જીવમય કોને કહીએ? કે જેમાં વિકલ્પ છે એ તો આસ્રવ આવ્યો. આત્માનો શુદ્ધ સ્વભાવ વીતરાગી પર્યાય અરાગી દશા વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગ સમ્યગ્દર્શન. લ્યો. કોઈ કહે, વીતરાગ સમ્યગ્દર્શન તો હોય આઠમે. અહીં તો કહે છે, ચોથે મોક્ષમાર્ગ પ્રગટ થાય ત્યાં વીતરાગ સમ્યગ્દર્શન હોય. સરાગ-ફરાગ સમ્યગ્દર્શન હોય નહિ. હવે સરાગ સમ્યગ્દર્શન,

સરાગ તો ચારિત્રમોહનો ઉદય છે. એની સાથે દર્શનને શું સંબંધ છે? સમજાણું કાંઈ?

**'શુભ (સારો) એવો મોક્ષમાર્ગ...'** શુદ્ધ એવો પરમાત્મા પોતાનો પવિત્ર સ્વભાવ, તેને આશ્રયે પ્રગટેલો નિર્મળભાવ શાંત સમાધિ, શાંતિ સ્વભાવની. નિર્વિકલ્પ રાગ વિનાની સમાધિ, શ્રદ્ધા-જ્ઞાનની શાંતિ, એવો જે શુદ્ધ એટલે કે શુભ. એ શુદ્ધને શુભ કીધો. એવો મોક્ષમાર્ગ તો **'કેવળ જીવમય હોવાથી...'** અનેકાંત કરો. થોડો પુદ્‌ગલમય અને થોડોક જીવમય. આમાં ક્યાંય એમ નથી આવ્યું. જુઓ! શુભ-અશુભ જીવના પરિણામ કેવળ અજ્ઞાનમય હોવાથી. ત્યાં એમ કહ્યું નથી કે કાંઈક એમાં જ્ઞાનમય છે અને કંઈક અજ્ઞાનમય છે. અજ્ઞાનમય છે અને જ્ઞાનમય નથી એમ અનેકાંત છે. ઓલા અનેકાંત તો (એમ કહે), આમ પણ હોય અને આ પણ હોય. એ અનેકાંતનો નિર્ધાર ક્યાં થયો? એમાં કોઈ નિર્ણય તો કાંઈ થયો નહિ. સમજાણું કાંઈ? જુઓ! પાઠ છે ને સામે? તમારી પાસે પાઠ પડ્યો છે. ન્યાલચંદભાઈ! પાઠ જોશે કે નહિ? પુસ્તક તો જોશે કે નહિ? ચોપડા તપાસે એના ઘરના.

**'કેવળ જીવમય..'** ભાષા તો જુઓ! એકાંત જીવમય એમ કેવળનો અર્થ. અનેકાંત નહિ જરીએ એમ કહે છે. કેવળ એટલે એકાંત જીવમય. ઠીક! ઓલા શુભાશુભ પરિણામ એકાંત અજ્ઞાનમય. એકાંત આવે છે. સમ્યક્ એકાંત એ જ વસ્તુ છે. આમેય હોય અને આમેય હોય, એ હોય? એ અનેકાંત કોણે કીધું? આહાહા..! જીવ પોતે જ્ઞાન, દર્શન અને આનંદરૂપ છે. એવા જીવના પરિણામ નિર્મળ શુદ્ધ અરાગી વિતરાગી પર્યાય તે કેવળ જીવમય હોવાથી. જોયું! અભેદ કીધું. જીવમય પરિણામ. આ પરિણામ છે ને અહીં તો મોક્ષમાર્ગ? મોક્ષમાર્ગ એ પરિણામ છે-પર્યાય છે. નિશ્ચય મોક્ષમાર્ગ, સાચો મોક્ષમાર્ગ-ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ એને સન્મુખ થઈને વીતરાગી દૃષ્ટિ થવી, વીતરાગી જ્ઞાન થવું, પરસત્તાવલંબી વિનાનું જ્ઞાન થવું, પોતાની સત્તાને અવલંબીને જ્ઞાન થવું, તેમાં ઠરવું એવો એક શુભ નામ શુદ્ધ એક જ માર્ગ કેવળ જીવમય છે. એમાં કિંચિત્ રાગ અને પરની અપેક્ષા છે નહિ. છે કે નહિ? દેવચંદજી! એમાં કેમ છે? સ્પષ્ટ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધ જ અહીંયાં છે. શુભનો અર્થ જ શુદ્ધ છે. શુદ્ધ જ શુભ છે. અને શુભાશુભ પરિણામ અશુભ છે. સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગ કેવળ જીવમય હોવાથી અને અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ...'** જુઓ! અને અશુભ એવો બંધમાર્ગ. શુભ અને અશુભભાવ બેય અશુભ છે, ખરાબ છે. દયા, દાન, વ્રત, ભક્તિના, ત્યાગના પરિણામ ઉઠ્યા એ વિકલ્પ તો બંધમાર્ગ છે અને તે અશુભ છે, ખરાબ છે. ભારે ભાઈ! હા પાડવી કઠણ પડે, ન્યાલચંદભાઈ! આટલા આટલા વર્ષથી ત્યાગ

કરતા હોય અને એમાંથી કાંઈ લાભ નહિ? કાંઈક અનેકાંત હશે કે એકાંત જ આવું હશે? શાંતિભાઈ! ૫૦-૫૦ વર્ષથી લુખ્ખા ખાય, ઊના પાણી પીવે. અમારે જેઠાભાઈ નથી. એને બહુ .. થોડું. હળવે હળવે. હળવે હળવે પચે એવું છે ને આ. ૫૦ વર્ષથી ઊના પાણી પીએ, એક ટાણા ખાઈએ, બે વખત છોડી દઈએ ખાવાનું, વળી વર્ષીતપ કરીએ, વળી વર્ષીતપમાં શિયળ પાળીએ, તોય કહે ધર્મ નહિ. પણ એ તો મિથ્યાત્વસહિત રાગની મંદતા હોય તો પુણ્ય પરિણામ છે. કેવળ અજ્ઞાનમય પરિણામ છે. આત્માના પરિણામ એમાં નથી. આત્માના કહો કે જીવમય કહો. જીવમય પરિણામમાં તો એ વિકલ્પ જે છે એ એમાં આવે જ નહિ. આહાહા..!

અને કેવળ શુદ્ધ માર્ગ જે મોક્ષનો તે જ કેવળ જીવમય છે અને તે જ કેવળ શુદ્ધ છે અને તે જ કેવળ એક મોક્ષમાર્ગ છે. એટલા એમાં ભેદ નીકળે છે. શુદ્ધને જ શુભ કહ્યો છે. શુદ્ધ જ મોક્ષનો માર્ગ એક જ છે. શુદ્ધ જ કેવળ જીવમય છે. એ સિવાય કોઈ જીવમય નથી, શુદ્ધ નથી અને બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમજાણું કાંઈ? એટલા શબ્દમાં તો ઘણું પડ્યું છે, લ્યો!

**'શુભ એવો...'** એટલે શુદ્ધ. **'એવો મોક્ષમાર્ગ...'** એવો મોક્ષમાર્ગ. ઓહો..! કેટલી અહીં (સ્પષ્ટ વાત કરી છે). એક જ શુદ્ધ એવો એક મોક્ષમાર્ગ. શુદ્ધઉપયોગ એક જ મોક્ષમાર્ગ છે એમ કહે છે. શુભ-અશુભભાવ અશુદ્ધઉપયોગ છે. અશુદ્ધઉપયોગ કેવળ અજ્ઞાનમય છે. આ કેવળ જ્ઞાનમય છે એટલે જીવમય છે મોક્ષમાર્ગ. મૂળ વાત સાંભળવા મળે નહિ એ કે દિ' નિર્ણય કરે? અને કે દિ' સત્યને (અનુભવે?) અહીં તો આમ ને આમ ઓઘે ચાલ્યો જાય છે અનાદિથી. અનંત કાળ થયો, પરમાત્મા કહે છે કે ભાઈ! તને તારા તત્ત્વના ભાન વિના આવું અનંત વાર બધું કર્યું અને ચાર ગતિમાં રખડ્યો. આહાહા..!

ભાષા! એ **'અશુભ (ખરાબ) એવો બંધમાર્ગ...'** એટલે જેનાથી બંધ થાય એવા ભાવને શુભ હો કે અશુભ હો, એને અશુભ કહીને ખરાબ કહેવામાં આવ્યો છે. છે એમાં? હિન્દી છે હિન્દી? અહીંયાં વ્રત, તપના વિકલ્પને અશુભ કહ્યો છે. અશુભ કહ્યો, કેવળ અજ્ઞાનમય કહ્યો. એકલો અજ્ઞાનમય કહ્યો, એકલો અશુભ કહ્યો, એકલો ખરાબ કહ્યો. કહો. સમજાણું? **'કેવળ પુદ્‌ગલમય હોવાથી...'** જોયું ભાષા પાછી! વાહ! ઓલો જીવમય છે અને શુભ અને અશુભભાવ, બંધમાર્ગ **'કેવળ પુદ્‌ગલમય હોવાથી...'** એ તો પુદ્‌ગલમય છે. પાછા પરિણામ નાખ્યા ત્યાં. સમજાણું કાંઈ?

શુભ અશુભભાવ ખરાબ એવો બંધમાર્ગ એ એકલો પુદ્‌ગલમય હોવાથી. કેવળ શબ્દ વાપરીને તદ્દન એકાંત (કહ્યું છે). એકાંતે શુભ અશુભ પરિણામ ખરાબ અને પુદ્‌ગલમય છે. આત્મમય

છે નહિ. છે? એમાંથી નીકળે છે કે નહિ? જુઓ! લ્યો, આ તો બહુ સરસ વાત આવી.

'**તેઓ અનેક (-જુદાં જુદાં, બે) છે;...**' કોણ? તેઓ અનેક એટલે બંધમાર્ગ અને મોક્ષમાર્ગ. કીધું ને પહેલું? શુભ એવો મોક્ષમાર્ગ તો કેવળ જીવમય હોવાથી. હોવાથી ત્યાં એક રાખ્યું. અને અશુભ એવો બંધમાર્ગ કેવળ પુદ્‌ગલમય હોવાથી, કારણે તેઓ અનેક છે. તે એક નથી. શુભ-અશુભ પરિણામ પુદ્‌ગલમય હોવાથી ખરાબ છે. મોક્ષનો માર્ગ તે શુદ્ધ હોવાથી તે ભલો અને સારો છે. તે અનેક છે. બે થઈને એક નથી. ઓલો બંધમાર્ગ જુદો અને મોક્ષમાર્ગ જુદો. કહો, સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? એય..! ગોવિંદજી! લ્યો, એમાં લખ્યું છે. પુદ્‌ગલમય છે. શુભ, અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ ઉઠે, અપવાસ કરું એ વિકલ્પ બધો પુદ્‌ગલમય છે એમ કહે છે. અને ખરાબ છે કહે છે, બંધમાર્ગ છે કહે છે, એકાંતે પુદ્‌ગલમય કહે છે, મોક્ષમાર્ગથી જુદો બીજો માર્ગ કહે છે. મોક્ષમાર્ગ ભિન્ન છે, બંધમાર્ગ ભિન્ન છે. માટે બે થઈને એક નહિ પણ બે થઈને અનેક છે. '**અનેક (-જુદાં જુદાં, બે) છે;...**' ઓહોહો..! કેટલું સ્પષ્ટ કર્યું છે!

'**તેઓ અનેક હોવા છતાં...**' હવે કહે છે. મોક્ષમાર્ગ તો આત્મા પરમાત્મસ્વરૂપ, એને આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ કેવળ જીવમય થાય અને અશુભ એવો પુણ્ય-પાપનો ભાવ પુદ્‌ગલમય હોવાથી બંધમાર્ગ છે એમ '**અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી...**' ઓલો કહેતો હતો ને કે મોક્ષમાર્ગને આશ્રિત થાય. શુભ એવા મોક્ષમાર્ગને આશ્રિત થાય. પહેલું કહ્યું હતું ને એણે? ના ના.

'**અનેક હોવા છતાં કર્મ તો કેવળ પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત હોવાથી...**' કર્મ તો કેવળ પુદ્‌ગલમય બંધમાર્ગને જ આશ્રિત પુદ્‌ગલ છે. '**કર્મના આશ્રયમાં ભેદ નથી;...**' કર્મના આધારમાં ભેદ નથી. ઓલો કહે, કર્મનો આધાર શુભભાવ છે. મોક્ષમાર્ગને આશ્રયે થાય. અશુભ છે એ બંધમાર્ગને આશ્રયે થાય. ના ના. બેય પુદ્‌ગલમય એવા બંધમાર્ગને જ આશ્રિત છે. આહાહા..! આવું સ્પષ્ટ છે. ટીકા સ્પષ્ટ, સંસ્કૃત સ્પષ્ટ. એની મેળાએ વાંચે તો પણ સ્પષ્ટ છે. દેખો! છે કે નહિ? '**प्रत्येकं केवलजीवपुद्गमयत्वादनेकौ, तदनेकत्वे सत्यपि केवलपुद्गलमयबन्धमार्गाश्रितत्वेनाश्रयाभेदादेकं कर्म।**' કર્મના આશ્રયમાં ભેદ નથી માટે કર્મ એક જ છે. કહો, ચારેય બોલનો ઉત્તર આપી દીધો. હવે એનો જરી જયચંદ્ર પંડિત... આ તો ટીકાનો અર્થ કર્યો. ભાવાર્થમાં પંડિતજી જરી ચાલતી ભાષામાં કહે છે. કહેલી ભાષા ટીકાકારની છે. હવે ચાલતી ભાષામાં એને જરી સ્પષ્ટ કરે છે.

'**ભાવાર્થ :- કોઈ કર્મ તો અરિહંતાદિમાં ભક્તિ-અનુરાગ...**' દેખો! અરિહંત, ગુરુ અને શાસ્ત્ર ત્રણે લેવા. દેવ-ગુરુ અને શાસ્ત્રની ભક્તિનો રાગ. સમજાણું? એવા પરિણામોના

નિમિત્તે કર્મ બંધાય છે. એવા પરિણામોના નિમિત્તે પુણ્ય બંધાય છે. **'કોઈ કર્મ તો અરિહંતાદિ...'** એટલે દેવ, ગુરુ અને શાસ્ત્ર. એની ભક્તિ, એનો અનુરાગ, એનાથી તો એ શુભ પરિણામોના નિમિત્ત છે. શુભ પરિણામ છે એ બધા. એના નિમિત્તે થાય. કહો. એને નિમિત્તે પુણ્ય થાય. એમ.

**'જીવો પ્રત્યે અનુકંપા...'** એ શુભ પુણ્ય બંધાય. જીવો પ્રત્યે અનુકંપા એ ધર્મ નહિ. શુભભાવ, શુભ પરિણામના નિમિત્તે પુણ્ય બંધાય, એમાં ધર્મ થાય નહિ. હાય.. હાય..! ભારે! જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ એ શુભભાવ છે. પુણ્ય બંધાય, ધર્મ નહિ. **'મંદ કષાયથી ચિત્તની ઉજ્જ્વળતા...'** એ મંદ કષાયથી મનની ઉજ્વળતા. ક્યાં છે? ક્યાં છે? સમજાણું? **'કોઈ કર્મ...'** એટલે પુણ્ય. અરિહંત, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી પુણ્ય બંધાય, જીવ પ્રત્યેની અનુકંપાથી પુણ્ય બંધાય, મંદ કષાયની ચિત્તની ઉજ્વળતા.ચિત્તની ઉજ્વળતા મંદ કષાયથી, હોં! **'ઇત્યાદિ શુભ પરિણામોના નિમિત્તે થાય છે. અને કોઈ કર્મ...'** ત્યાંથી લેવું. **'કોઈ કર્મ તો.. શુભ પરિણામોના નિમિત્તે થાય છે...'** બંધાય, નવું કર્મ બંધાય. એમાં ધર્મ થાય નહિ.

**'કોઈ કર્મ તીવ્ર ક્રોધાદિક અશુભ લેશ્યા,...'** લ્યો! પાપ. તીવ્ર ક્રોધ, માન, માયા એવી અશુભ લેશ્યા. એનાથી પાપ બંધાય. **'નિર્દયપણું,...'** એમાંથી પાપ બંધાય. **'વિષયાસક્તિ,...'** પાપ બંધાય. ઓલામાં અરિહંતાદિ લીધું હતું. **'દેવ-ગુરુ આદિ પૂજ્ય પુરુષો પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું...'** વિનયભાવે ભક્તિએ પ્રવર્તવું એ શુભ છે અને એના પ્રત્યે અવિનયભાવે પ્રવર્તવું તે અશુભ પરિણામ છે. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર એના પ્રત્યે અવિનય ભાવે પ્રવર્તવું તે અશુભભાવ છે.

**'ઇત્યાદિ અશુભપરિણામોના નિમિત્તથી થાય છે; આમ હેતુનો ભેદ હોવાથી...'** હેતુ એટલે કારણનો. કળશમાં હેતુ આવશે ખરો ને એટલે. કર્મના કારણમાં ભેદ હોવાથી. કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ છે. એમ વ્યવહારનયવાળો ભેદ પાડીને વાત કરે છે. સમજાણું કાંઈ?

હવે એના બંધનની વાત કરે છે. ઓલા બંધન થાય એ. ઓલા પરિણામની વાત કરી. હવે **'શાતાવેદનીય,...'** બંધાય. પુણ્ય પરિણામથી શાતાવેદનીય બંધાય. **'શુભ-આયુ,...'** બંધાય. કહો, મનુષ્યનું, દેવનું. પુદ્ગલ. **'શુભનામ...'** બંધાય યશોકીર્તિ **'અને શુભગોત્ર-'** લ્યો! શુભનામ આદિ યશોકીર્તિ આદિ વગેરે બંધાયને? શરીર સારું મળે. શુભ ગોત્ર મળે. **'એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ વગેરે)માં...'** કહો, સમજાણું? એમાં બંધાય. એ પુદ્ગલ છે એમ કહેવું છે. એ પુદ્ગલો છે. સમજાણું?

સ્વભાવમાં ભેદ હોવાથી કર્મમાં ભેદ છે એમ કહે છે ઓલો. શાતાવેદનીય શુભ નામગોત્ર કેવું બંધાય. આવા પ્રકૃતિના ભેદ છે એમ કહે છે. અને એક '**ચાર ઘાતિકર્મો,...**' બંધાય પાપ. પુદ્ગલ હોં! '**અશાતાવેદનીય...**' બંધાય પાપ. '**અશુભ-આયુ,...**' નારકીનું, ઢોરનું, હલકા ઢોરનું. '**અશુભનામ,...**' અપયશ કીર્તિ, અસુંદર શરીર વગેરે '**અશુભગોત્ર-એ કર્મોના પરિણામ (-પ્રકૃતિ વગેરે)માં ભેદ છે;...**' એ પરમાણુના પ્રકૃતિના સ્વભાવમાં ભેદ પડે છે એમ અજ્ઞાનીની દલીલ છે. પુદ્ગલમાં ભેદ પડે (છે). આમ શાતા બંધાય, ઓલામાં અશાતા બંધાય, ઓલામાં ઉચ્ચ ગોત્ર બંધાય, આમાં નીચગોત્ર અને અશુભ નામ બંધાય. પુદ્ગલમાં કેટલો ફેર બંધાવામાં? એમ વ્યવહારનયના પક્ષવાળો કહે છે. સમજાય છે?

'**આમ સ્વભાવનો ભેદ હોવાથી...**' કોનો? ઓલા કર્મનો સ્વભાવ. બંધાયેલા પુદ્ગલના ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ એવા બે ભેદ અમને દેખાય છે. '**કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે...**' લ્યો! એનો એ કહે છે. શાતા બંધાય છે આમ જુઓ તો ખમ્મા-ખમ્મા. પૈસા મળે, આબરૂ મળે, પાણી માગે ને મોસંબી મળે. ઓલો પાણી (માંગે) ને લાકડી પડે. ફળમાં ફેર છે કે નહિ? ના ના. ફેર નથી. સાંભળને! તને (ખબર નથી).

'**કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે અને કોઈ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપ છે;...**' આમ પ્રતિકુળ-પ્રતિકુળ. આમ બોલે તો ગોઠે નહિ બીજાને. નહિ, બોલીશ નહિ. બોલીશ નહિ. ના ભાષ્ય દેવા! શ્વેતાંબરમાં આવે છે. પાપ કરીને વિરાધક થઈને ગયા ને સ્વર્ગમાંને. સભા બેઠી હોય અને પેલો બોલવા ઉઠે તો ના ભાષ્ય દેવા. અને આરાધક થઈને ગયા હોય ને બેઠા હોય વિચારોમાં. અરે..! દેવો! અરે.. દેવ! કાંઈક બોલોને. કેમ બેઠા છો અમથા? કાંઈક બોલો બોલો. ઓલાને આદર થાય, ઓલાને આદર ન થાય. કર્મના ફળમાં ફેર છે એમ ઓલો અજ્ઞાની કહે છે. સમજાય છે? '**આમ અનુભવમાં ભેદ હોવાથી કર્મના શુભ ને અશુભ એવા બે ભેદ છે.**' હવે મોક્ષમાર્ગ-બંધમાર્ગ ચોથી વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૧, શનિવાર તા. ૩-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૦૨, ગાથા-૧૪૫ થી ૧૪૭, પ્રવચન-૨૩૫**

વ્યવહારનયવાળાનો પક્ષ છે. એમાં ત્રણ બોલ થઈ ગયા. વ્યવહારનયવાળો એમ કહે છે. ત્રણ બોલ થઈ ગયા એની થોડી વાત. કે જે અરિહંતની ભક્તિ, દેવ-ગુરુની ભક્તિ એવો જે રાગ એ પુણ્ય બંધનમાં કારણ છે. માટે બંધનના કારણોમાં પણ ફેર છે એમ વ્યવહારનયવાળાનો પક્ષ છે. એ બધા બોલ આવી ગયા છે. અને ક્રોધ, માન, માયા આદિ અશુભલેશ્યા આદિ પાપ બંધનું કારણ છે. તો પાપ બંધનના કારણમાં પણ ફેર છે એમ કહે છે. વળી એનું બંધન પણ થાય. કો'કમાં પુણ્ય પુદ્‌ગલ બંધાય, કો'કમાં પાપ. પુણ્યના પુદ્‌ગલો અને પાપના પુદ્‌ગલો ભિન્ન ભિન્ન જાતના હોય છે એમ વ્યવહારનયવાળાનો પક્ષ છે. ત્રીજો. એનું ફળ. આ ફળની વાત થઈને હમણાં? જુઓને! પુણ્યના ફળ કેવા લાગે માણસને, લ્યો. છોકરા પણ વખાણ કરતા. પુનમચંદ પુનમચંદ. કહે છે, અજ્ઞાની હોં! '**કર્મના ફળનો અનુભવ સુખરૂપ છે...**' લ્યો! પૈસા મળે, સુંદર શરીર મળે એમાં સુખરૂપ છે. અજ્ઞાની એમ કહે છે. અજ્ઞાનીની દલીલ છે. અને પાપના ઉદયમાં દુઃખનું ફળ થાય. દરિદ્રતા, વાંઝિયાપણું, વાઢાપણું વગેરે દુઃખો પ્રતિકૂળતાના. કહે છે કે એ દુઃખ છે. એમ કહે છે. અજ્ઞાની કહે છે, હોં!

મુમુક્ષુ :- અજ્ઞાની કહે છે...

ઉત્તર :- લોકો એમ કહે છે ને. આખી દુનિયા અત્યારે તો મોટો મોટો ..

હવે '**કોઈ કર્મ...**' અહીં ચોથો બોલ આવશે. છે ત્યાં આવ્યું? રમણીકભાઈને બતાવો. ક્યાં? ભાવાર્થમાં ચોથો બોલ. '**કોઈ કર્મ મોક્ષમાર્ગને આશ્રિત છે...**' એમ અજ્ઞાનીની દલીલ છે. કેમ કે મોક્ષમાર્ગ થાય ત્યારે તીર્થંકરગોત્ર બંધાય, આહારક શરીર બંધાય એ બધું મોક્ષમાર્ગમાં બંધાય છે. એ મોક્ષમાર્ગને લઈને બંધાય છે. સમજાણું? એમ અજ્ઞાનીનો પક્ષ છે. મોક્ષમાર્ગમાં બંધાય '**અને કોઈ કર્મ બંધમાર્ગના આશ્રયે છે;...**' કોઈ કર્મ છે એ બંધમાર્ગને આશ્રયે છે. માટે બેયમાં ફેર છે. '**આમ આશ્રયનો ભેદ હોવાથી કર્મનો શુભ અને અશુભ એવા બે ભેદ છે.**' એમ વ્યવહારપક્ષવાળાની એક આ દલીલ છે.

'**આ પ્રમાણે હેતુ,..**' એટલે પરિણામ, કર્મ બંધનના કારણ, કર્મનો '**સ્વભાવ, અનુભવ અને આશ્રય-એ ચાર પ્રકારે કર્મમાં ભેદ હોવાથી કોઈ કર્મ શુભ છે અને કોઈ અશુભ છે એમ કેટલાકનો પક્ષ છે.**' કહો, સમજાણું કાંઈ? એ વ્યવહારનયવાળા પુણ્યને

સ્થાપે છે કે જુઓ! ભગવાનની ભક્તિ, દેવ-ગુરુની ભક્તિ એમાં પુણ્ય થાય અને પુણ્યના પરિણામથી પુણ્ય બંધાય, અને પાપના પરિણામથી પાપ બંધાય માટે બંધનના કારણમાં ફેર છે. ફેર માનો. એમ કહે છે.

મુમુક્ષુ :- .. દેખાય છે.

ઉત્તર :- શું દેખાય? ક્યાં સુખ-દુઃખ? ધૂળમાંય હતું નહિ. કોણ કહે છે સુખ? પૈસા મળ્યા એમાં સુખ ક્યાં આવ્યું અને નિર્ધનતામાં દુઃખ ક્યાં આવ્યું? નિર્ધનતા કાંઈ દુઃખ નથી અને સધનતા એ સુખ નથી. નિર્ધનતામાં દીનતા એમ થાય એ દુઃખ છે. અને સધનતામાં અભિમાન કરે કે હું પૈસાવાળો એ અભિમાનનું એને દુઃખ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સુખ એને માને છે મૂઢ. ક્યાં હતું સુખ ત્યાં. ધૂળમાંય સુખ નથી. એક જાણો પણ એના બાપને કોણ .. જાય છે. એક વળી એમ કહેતો હતો. દીકરા છે.

શું કીધું? એ વ્યવહારનયના પક્ષવાળાઓ એમ દલીલ કરે છે કે.. એ પાઠમાં આવી ગયું છે. એ અહીં ભાવાર્થમાં ભર્યું છે કે ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરીએ તો એનાથી પુણ્ય બંધાય. બંધનના પરિણામમાં પુણ્યમાં ફેર છે. પાપના પરિણામ એ પાપના બંધનમાં કારણ છે. અને તે પુદ્ગલ પણ એકમાં પુણ્ય બંધાય અને એકમાં પાપ પુદ્ગલ બંધાય. પુદ્ગલમાં પણ ફેર છે અને એના ફળમાં ફેર છે. એકથી આમ અનુકૂળ સામગ્રી (મળે) અને એકમાં પ્રતિકૂળતાનો સંયોગ. એના ફળ, પુણ્યના ફળ મીઠા (આવે). કહો, દેવચંદજી! પુણ્યના ફળ મીઠા એવું આવે છે શ્વેતાંબરના શ્લોકમાં. પુણ્યના ફળ મીઠા. ધૂળમાંય મીઠા નથી, સાંભળને!

'**હવે એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે :-**' છે હવે? '**જીવના શુભ અને અશુભ પરિણામ બન્ને અજ્ઞાનમય છે...**' લ્યો! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ એ શુભ છે એ અજ્ઞાનમય છે. છે એમાં? ન્યાલચંદભાઈ! સામે છે કે નહિ? તમે તો બધું જોઈ આવ્યા છો હવે. શું કીધું? જુઓ! '**એ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે :- જીવના શુભ...**' ઓલાએ કીધું હતું ને? અરહંતાદિમાં ભક્તિનો અનુરાગ. અરિહંત આદિ એટલે ગુરુ, શાસ્ત્રની ભક્તિ. તો આ કહે છે કે જીવનો એ શુભભાવ કે અશુભભાવ-તીવ્ર ક્રોધાદિ '**બન્ને અજ્ઞાનમય છે...**' એ આત્માનું સ્વરૂપ છે નહિ. આહાહા..! સમજાય છે? રાગ છે. શુભ હો કે અશુભ બે રાગ છે. એમાં આત્માનું જ્ઞાન નથી તેથી અજ્ઞાન છે, અંધકાર છે. શુભ રાગ હો કે અશુભ બેય અંધકાર છે. ચૈતન્યનો પ્રકાશ તેમાં રુંધાય છે. પેલું તો ભક્તિ કરે તો જ્ઞાન થાય. ભક્તિ શું થાય રાગ? એ તો વિકલ્પ છે. વિકલ્પનો અભાવ કરીને...

મુમુક્ષુ :- પૂજામાં આવે છે. ભગવાનની ભક્તિ કરે એને ...

ઉત્તર :- શું આવે છે? થયા. એ તો નિમિત્તની વાત છે. વિકલ્પ તોડીને અંદરમાં ઉઘાડ કર્યો ત્યારે અવધિજ્ઞાન થયું. અવધિજ્ઞાન એમ થાતા હશે? ઈ તો અહીં કહે છે આચાર્ય.

'**શુભ અને અશુભ...**' પરિણામ. જુઓ! એ બન્ને અજ્ઞાન (મય છે). અજ્ઞાન એટલે ચૈતન્યનું સ્વરૂપ નહિ. બંધનું કારણ છે તેથી તે બેય ભાવને અજ્ઞાનમય કહે છે. આહાહા..! ત્રણ લોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય અને એની આમ મણિરત્નના દીવે, ફૂલડે, કલ્પવૃક્ષના ફૂલે પૂજા, ભક્તિ (કરે) એ ભાવ છે શુભ. એ રાગ છે. આત્માના ચૈતન્ય સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે એથી અહીં અજ્ઞાન કહેવામાં આવે છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. એના ચૈતન્યનો આત્મસ્વભાવ જ્ઞાનસૂર્ય છે, ચૈતન્યપ્રકાશ જ્ઞાનસ્વભાવ છે એનાથી વિરૂદ્ધ રાગ છે, માટે જ્ઞાનનો એમાં અભાવ એટલે અજ્ઞાન કહેવામાં આવે છે. એનાથી આત્માને ધર્મ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું? ભગવાનની ભક્તિથી સાચું જ્ઞાન ન થાય, સમકિત ન થાય એમ કહે છે.

મુમુક્ષુ :- સમકિત...

ઉત્તર :- લે કહો, એય..! જ્ઞાન ન થાય તો વળી સમકિત થાય?

સમ્યગ્દર્શન એ આત્માને અવલંબે નિર્વિકલ્પ દૃષ્ટિ થાય છે. એમાં શુભરાગ (થાય છે), એને કારણે સમ્યગ્દર્શન થાય નહિ. એમ કહે છે. મગનભાઈ! આ તમે વાંચ્યું છે કે નહિ આટલા વખતથી? આમાં છે. સામે લઈને બેસે. એ તો પાછા સંસ્કૃત ભણેલા છે. ત્યાં ભણાવતા કાંપમાં ઘણાંને, ઉઠા ઘણાં ઊંધા. કહો, સમજાણું આમાં? હવે ફર્યા છે. હવે તો એને લોકોને સોનગઢી પક્ષ છે એમ કહે છે વળી. સોનગઢની વાત નથી, આ તો તત્ત્વની વાત છે. સત્ય વાત છે. આમાં સોનગઢને શું છે? સોનગઢમાં ક્યાં ગરી ગયો હતો? સોનગઢ એ સોનગઢ છે. સોનગઢને નામે જાણે આહા..!

અરે..! ભગવાન! ભાઈ! એ સમયે શુભભાવ હોય. પણ તે શુભભાવ આત્માને સમ્યગ્દર્શનનું કારણ છે કે સમ્યગ્જ્ઞાનનું કારણ છે એ બિલકુલ નહિ. કારણ કે શુભરાગ એ વિકલ્પ છે, એ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. વિરૂદ્ધ ભાવ વડે સમ્યગ્દર્શન અવિરૂદ્ધ ભાવ થાય એમ કોઈ દિ' બને નહિ. શું કરે? સાંભળવાને મળતું નથી અને લોકો અટકીને પડ્યા એમાં અનાદિ કાળથી.

'**જીવના શુભ અને અશુભ પરિણામ...**' માથે કીધું હતું ને બધું? '**અરિહંતાદિમાં ભક્તિ-અનુરાગ, જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ,...**' લ્યો. જીવ પ્રત્યે અનુકંપા, દયાના ભાવ એ અજ્ઞાન છે એમ કહે છે. કારણ કે વિકલ્પ છે, રાગ. ઓલો કહે, દયાના પરિણામ એ કરુણા જીવનો સ્વભાવ છે એમ કહે છે. આજે આવ્યું છે. એ તો હર વખતે લખે છે.

વીરસેનસ્વામી દયાને જીવધર્મ કહે છે. અરે..! કઈ નિશ્ચય દયા કે વ્યવહાર દયા? જેમાં આત્મામાં રાગની ઉત્પત્તિ ન થાય, સ્વભાવની શાંતિ અરાગ દૃષ્ટિ થાય, અરાગી ભાવ ઉત્પન્ન થાય તેને કરુણા અને જીવનો સ્વભાવ હોય છે. આ જે પરની દયાનો ભાવ તો વિકલ્પ છે, એ તો શુભરાગ છે. એ તો માથે ન આવ્યું?

'**જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ...**' પહેલી લીટી ભાવાર્થની. આહાહા..! એ પરિણામ અજ્ઞાન છે એમ કહે છે. પણ વાંચે નહિ, સમજે નહિ. એમ ને એમ ધોખો પંથ કર્યા કરે. આહાહા..! રાગની મંદતા છે એ જુદી વાત છે. પણ બંધની અપેક્ષાએ તો બેય અજ્ઞાન જ છે. આત્માના સ્વભાવને બિલકુલ લાભદાયક નથી. મોક્ષમાર્ગને બિલકુલ લાભદાયક એ શુભ-અશુભ પરિણામ છે નહિ. કેમ કે જ્ઞાનસ્વરૂપી દર્શન, જ્ઞાનનું પરિણમન એવું દર્શન, જ્ઞાનનું પરિણમન એવું જ્ઞાન, જ્ઞાનનું પરિણમન એવું ચારિત્ર એનાથી આ વિરૂદ્ધ ભાવ છે. માટે તે મોક્ષમાર્ગમાં બિલકુલ કામના નથી. કહો, સમજાણું કાંઈ?

'**તેથી કર્મનો હેતુ એ અજ્ઞાન જ છે;...**' એમ કહ્યું જોયું! એ અજ્ઞાનમય છે તેથી કર્મનો હેતુ.. જુઓને! જયચંદ્ર પંડિત એવું સ્પષ્ટ લખે છે, લ્યો. '**એક અજ્ઞાન જ છે;...**' કર્મબંધનો હેતુ તો અજ્ઞાન જ છે. જ્ઞાન બંધનું કારણ હોઈ શકે નહિ. શુભાશુભભાવ બેય અજ્ઞાન છે. એ જ કર્મના કારણ છે. '**માટે કર્મ એક જ છે.**' લ્યો! માટે કર્મ તો એક જ જાતના છે. એક બોલનો ઉત્તર કીધો.

'**શુભ અને અશુભ પુદ્‌ગલપરિણામો...**' હવે પુદ્‌ગલ લીધા. એ શાતા, અશાતા બંધાય. શાતા એ પુદ્‌ગલ પરિણામ છે, અશાતા એ પુદ્‌ગલ પરિણામ છે. બંને પુદ્‌ગલમય છે. એમાં શાતા બંધાણી અને અશાતા બંધાણી એમાં આત્માને ક્યાં આવ્યું એમાં કાંઈ? '**તેથી કર્મનો સ્વભાવ એક પુદ્‌ગલપરિણામરૂપ જ છે;...**' .. કનુભાઈ નહોતા? કહો, સમજાણું? વ્યાખ્યાન યાદ આવ્યું, દિનેશના હોલમાં. કનુભાઈ નહોતા. શુભ અને અશુભ પુદ્‌ગલ પરિણામ. એ શાતા બંધાય કે અશાતા બંધાય. જશોકીર્તિ બંધાય કે અજશોકીર્તિ બંધાય. સમજાય છે? એ બધું પુદ્‌ગલ પરિણામ છે. એ '**બન્ને પુદ્‌ગલમય જ છે તેથી કર્મનો સ્વભાવ એક પુદ્‌ગલપરિણામરૂપ જ છે;...**' એમાં બે ભેદ છે નહિ. '**માટે કર્મ એક જ છે.**'

ત્રીજી વાત. '**સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે...**' એ અનુકૂળતા ધૂળ પૈસા મળ્યા બે-પાંચ કરોડનું સુખ કલ્પના એ પુદ્‌ગલમય છે. અશુભ રાગ છે, પાપ રાગ છે, પુદ્‌ગલ છે. કહો, સમજાણું કાંઈ? આ રાગ છે ને? વેદન રાગ-આ મને પૈસા મળ્યા એ તો રાગ છે, દુઃખ છે, પુદ્‌ગલ છે. એ રાગ કંઈ આત્મા છે? ભારે કામ. જગતને સત્ય વાત રુચતી નથી. પડખે ચડી ગયો છે ને. પાપથી ડરે છે અને પુણ્યની.. આહા..!

મીઠાશ મીઠાશ લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અટકે છે પોતે માટે અટકાવે કહેવાય છે. અટકાવનારો કોણ છે? કોઈ અટકાવનાર છે નહિ. એની પર્યાયનો એનો કાળ હોય ત્યારે પોતે કરે છે. એમાં કોણ કરે બીજો? જીવની એવી યોગ્યતા હોય એના પરિણામને કરે. ત્યારે કુગુરુ એને નિમિત્ત કહેવાય. એની યોગ્યતા તે સમયની હોય છે. એવો જ અભિપ્રાય પરિણમન જેનું થયું, એ પરિણમનને જ એ આત્મા માનતો હોય અને એ માનતો હોય એમાં શું કરે? ચીજની ખબર નથી.

'**સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે...**' લ્યો. શું? આ તો રહી ગયા. આ તમારા ભાઈ છે એ દુઃખરૂપ છે, કહે છે. આ તો બે કરોડ છે અને ઓલો તો ચાલીસ કરોડ છે. અનંતું દુઃખ છે. ધૂળમાંય કાંઈ નથી. ઘેરાઈ ગયા છે દુઃખમાં. કહો, સમજાણું આમાં? ૧૫-૧૫ લાખના બંગલા કરાવ્યા હમણાં નવા. એમ કહેતા હતા. ગોવામાં. ૧૦-૧૦ લાખના, ૧૫ લાખના. પોપટભાઈ કહેતા હતા. એના બનેવી ખરા ને. ઈ કહેતા હતા. અહીં આવ્યા હતા, રાજકોટ આવ્યા હતા. આહાહા..! ચાલીસ કરોડ રૂપિયા. એક લાખની પેદાશ એક દિવસની, કહે છે. આના મામાના દીકરા. ગોવા. શાંતિલાલ ખુશાલદાસ. કહો, એક અબજ રૂપિયાનું એલ્યુમિનિયમ નીકળ્યું હમણાં. એક અબજનું એલ્યુમિનિયમ. ૭૮ લાખ ખર્ચ્યા એમાં એક અબજ નીકળ્યા. સુખ હશે ને? એય..! રમણિકભાઈ!

મુમુક્ષુ :- દેખાય છે ને.

ઉત્તર :- ક્યાં દેખાય છે? ધૂળ દેખાય છે? આકુળતા છે એ તો. માને તો ગમે તે માને. કીધું હતું ને? અમારે ત્યાં ભાવસાર હતો એ નાકમાંથી ગુંગો કાઢીને સ્વાદ લેતો હોય. એને કહે પણ એ સ્વાદ ન કહેવાય. પણ સ્વાદ ન છોડું. નાકમાંથી ગુંગો કાઢી દાંત (વચ્ચે દબાવે). ઉમરાળામાં હતા. સુંદરજી રૂપા ભાવસાર. હવે એ માને મજા એટલે ગુંગાને ચાખીને. એમ આ પૈસા ઉપર લક્ષ કરીને, બાયડી અને છોકરા ઉપર લક્ષ કરીને રાગ થાય એને. પાપ રાગ છે, દુઃખરૂપ છે. અજ્ઞાની એને સુખ માને છે. મૂઢ છે એમ કહે છે અહીં તો. ઓહોહો..!

'**સુખરૂપ અને દુઃખરૂપ અનુભવ બન્ને પુદ્‌ગલમય જ છે તેથી કર્મનો અનુભવ એક પુદ્‌ગલમય જ છે;...**' જુઓ! કર્મનો અનુભવ, હોં! મળવું તો ઠીક પણ એનો અનુભવ કરવો એ પુદ્‌ગલમય છે. ભગવાન આત્મા અનાકુળ આનંદમૂર્તિ, એમાંથી ખસીને એ પૈસા, આબરૂ, કીર્તિના વિકલ્પમાં અટકવું એ જ મહા દુઃખરૂપ દશા છે. શું થાય? એને જ્યાં અંતરમાં બેસે નહિ ત્યાં સુધી એને કોણ બેસાડે? '**માટે કર્મ એક જ છે.**'

ચોથો બોલ. '**મોક્ષમાર્ગ અને બંધમાર્ગમાં, મોક્ષમાર્ગ તો કેવળ જીવના પરિણામમય જ છે...**' એ મોક્ષમાર્ગ તો કેવળ જીવની નિર્મળ દશા તે જીવના પરિણામ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ જીવના પરિણામ નથી એમ કીધા. એ તો પુદ્‌ગલના પરિણામ છે. શુભરાગ. આહાહા..! '**મોક્ષમાર્ગ તો કેવળ જીવ...**' જીવના પરિણામ. ઓલાને જીવના પરિણામ ન કહ્યા. એ વ્યવહાર મોક્ષમાર્ગ જીવના પરિણામ નથી એમ કહે છે. અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ જીવના પરિણામ નથી. નગ્નપણું તો ક્યાંય રહી ગયું. એ તો જડની દશા છે, આ તો માટીની.

'**મોક્ષમાર્ગ તો કેવળ...**' એકલા જીવના નિર્મળ. પરિણામ શબ્દે વીતરાગી પરિણામ તે મોક્ષમાર્ગ છે. '**અને બંધમાર્ગ કેવળ પુદ્‌ગલના પરિણામમય જ છે...**' લ્યો, એ પુણ્ય અને પાપ બધા બંધમાર્ગ છે. પુદ્‌ગલના પરિણામ જ છે. અહીં તો જ્ઞાન અને અજ્ઞાન બે જુદાં જ પાડવા છે. સમજાણું કાંઈ? '**તેથી કર્મનો આશ્રય કેવળ બંધમાર્ગ જ છે...**' તેથી કર્મના આશ્રયે એકલો બંધમાર્ગ જ છે. '**(અર્થાત્ કર્મ એક બંધમાર્ગના આશ્રયે જ થાય છે-મોક્ષમાર્ગમાં થતા નથી:;...**' મોક્ષમાર્ગમાં બંધન હોતું નથી. બંધનભાવ એ કર્મ પુદ્‌ગલને આશ્રયે છે. '**માટે કર્મ એક જ છે.**' લ્યો! આમાં કર્મના બે ભેદ પાડવા એ.. કર્મથી ઉપાડી છે વાત.

'**આ પ્રમાણે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી...**' જયચંદ્ર પંડિતે '**આ પ્રમાણે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી તેનો નિષેધ કર્યો;...**' ગૌણ કરીને નિષેધ કર્યો. '**કારણ કે અહીં અભેદપક્ષ પ્રધાન છે,...**' અહીં તો દૃષ્ટિ નિશ્ચય તે પ્રધાન છે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ અહીંયાં પ્રધાન છે. શુભાશુભ પરિણામની અહીંયાં ગણતરી નથી. '**અને અભેદ પક્ષથી જોવામાં આવે તો કર્મ એક જ છે-બે નથી.**' લ્યો.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**'

**हेतुस्वभावनुभवाश्रयाणां**
**सदाप्यभेदान्न हि कर्मभेदः।**
**तद्बन्धमार्गश्रितमेकमिष्टं**
**स्वयं समस्तं खलुं बन्धहेतुः।।१०२।।**

આટલું તો સ્પષ્ટ કરે છે કેટલી વાર. એક પાઠ બોલ્યા, પાછી ટીકા કરી, પાછો ભાવાર્થ કર્યો. કહો, પાછો એનો છેલ્લો કળશ મૂક્યો. એ ગૌણ કર્યું એટલે ઓલો વ્યવહાર વિકલ્પ હોય છે ને. એમ. દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ ગૌણ કરીને અભેદ પક્ષથી. એમ કહેવું છે.

સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- હેતુ,...**' એટલે કારણ. એ કર્મના કારણમાં ફેર નથી. એક જ પ્રકાર છે શુભાશુભ પરિણામ બે કર્મના બંધમાં કારણ અજ્ઞાન (છે). '**સ્વભાવ,...**' પુદ્‌ગલનો સ્વભાવ બંધાય તે. શાતા બંધાય કે અશાતા બંધાય એ બધું પુદ્‌ગલ છે. એક જણો કહેતો હતો બિચારો ક્યાંક નહિ? ક્યા ઠેકાણે? તીર્થંકર ગોત્ર બાંધે એમાં બે ભવ વધે. એ બાંધવામાં સારું ક્યાં છે? ઈન્દોરવાળા. વાત સાચી એની. કારણ કે એ પરિણામ છે એનાથી એક ભવમાં જાવું પડે અને બીજો ભવ તો કરવો જ પડે. બે ભવમાં તો જાવું જ પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું હતું ને? બોટાદમાં. વાત સાચી. ઓલા કહે કે એનાથી પરિણામથી લાભ થાય. અહીં પરિણામથી કહે એક પરિણામ તીર્થંકરગોત્રના આવ્યા એનાથી એ ભવે તો મોક્ષ જાય નહિ. એને સ્વર્ગમાં જાય અને તીર્થંકર... સમજ્યાને? અને ત્યાંથી એક મનુષ્યનો ભવ તો કરવો જ પડે.

મુમુક્ષુ :- નક્કી તો થઈ ગયું ભલેને ત્રણ ભવે જાય.

ઉત્તર :- એને લઈને નક્કી થયું છે? એ પરિણામ થયા એને લઈને નક્કી થયું છે? એને લઈને નક્કી થયું છે? બિલકુલ ખોટી વાત છે. સ્વભાવનો આશ્રય લઈને દૃષ્ટિ અને સ્થિરતા થઈ છે એને લઈને નક્કી થઈ ગયું છે કે હવે એક-બે ભવે મુક્તિ છે. એમ. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? દેવચંદજી! એ તીર્થંકરગોત્રના પરિણામ થયા ને કે નક્કી થઈ ગયું કે એને ત્રણ ભવે મુક્તિ થશે. એ પરિણામને કારણે. નહિ? પરિણામને કારણે હોય? એ તો રાગ છે. રાગને કારણે મુક્તિ ક્યાંથી થાય? ભારે વાત, ભાઈ! તીર્થંકર પ્રકૃતિ બંધાણી. નક્કી તો થઈ ગયું ને એને કે તીર્થંકર થવાના એટલે મોક્ષ થવાનું નક્કી થઈ ગયું કે નહિ? છાપ મારીને શુભભાવને લઈને? શુભભાવ તો પોતે ભવરૂપ છે. એમાં ભવના અભાવરૂપની છાપ ભવરૂપમાંથી ક્યાંથી આવી? ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

આ તો જેને ભાઈ ચાર ગતિના દુઃખ લાગ્યા હોય અને જેને તરવું હોય એને વાત છે. એકલી એમ ને એમ વાતું કરીને લહેર કરવી હોય જગતની (એના માટે આ વાત નથી). અરે..! ચોર્યાસીના અવતાર બાપા એના અવતારની.. આહાહા..! એનું જેને દુઃખ લાગ્યું હોય, એને જન્મ-મરણ ટાળવા હોય એને માટે આ વાત છે. બાકી તો ઠીક છે. કરે, શુભ આદિ હોય. આત્માના સ્વભાવમાં જન્મ-મરણ નથી, જન્મ-મરણના ભાવ પણ એનામાં નથી. એ અવતાર થાય પુણ્ય પરિણામથી એ ભાવ કાંઈ આત્મામાં નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ આત્મામાં નથી. આત્માનો સ્વભાવ નથી. કહો, એનાથી આત્માને લાભ નથી.

આરે..! રાડ નાખે. તીર્થંકર પ્રકૃતિ પરંપરાએ મોક્ષનું કારણ. અહીં કહે કે શુભપરિણામ લાભનું કારણ નથી. જુઓ! સમજાણું કાંઈ? અરે..! ભગવાન! ચૈતન્ય સ્વરૂપ આનંદમૂર્તિ એના આશ્રયે લાભ થાય કે પુણ્ય પરિણામને આશ્રયે લાભ થાય? સમજાણું કાંઈ? શુભભાવને આશ્રયે લાભ થાય ભવના અભાવનો? એ તો પોતે ઉદયભાવ છે. ઉદયભાવથી ભવના અભાવનો લાભ થાય? માંગીરામજી! આ શુભભાવથી તીર્થંકરગોત્ર બાંધે એનાથી આત્માને લાભ નહિ એમ કહે છે. આહાહા..! કહો, રવિન્દ્રજી! આમ કહે છે. પણ નક્કી તો થઈ ગયું કે નહિ? તીર્થંકર થવાના, એ મોક્ષ જવાના એ નક્કી તો થઈ ગયું કે નહિ?

મુમુક્ષુ :- એનાથી નથી થયું, એ તો સમ્યગ્દર્શનથી થયું.

ઉત્તર :- કોનાથી? તીર્થંકરપણું બંધાણું એમ નક્કી થયું. ભગવાને કીધું કે આ તીર્થંકર થવાના. ત્યારે નક્કી થયું. હવે તો આપણે એક ભવ રહ્યો, લ્યો. શ્રેણિક રાજાને નક્કી થઈ ગયું કે નહિ? શ્રેણિકરાજાને નક્કી થઈ ગયું કે આ નરકમાં છે. નેમિનાથ ભગવાને કહ્યું કૃષ્ણને. કૃષ્ણજી કહે, હે મહારાજ! એ જેવો તેવો પણ જાદવ કુળનો તમારો બંધવ કહેવાણો, નાથ! આ મરીને નરકે. અરે..! નાથ! આમ ન હોય. સમજાય છે? આવે છે કે નહિ? સજ્ઝાયમાં કહ્યું હતું એક ફેરી. આને સજ્ઝાય-બજ્ઝાય બોલતા હશે બહુ નવરા હશે ત્યારે. નેમિચંદ નેમિદાસભાઈ છે. આવે છે, હોં! શ્વેતાંબરમાં બહુ આવે છે. 'જેવો તેવો પણ જાદવ કુળનો તમ બંધવ કહેવાણો.' હે નાથ! અને હું આ અહીં જાવું હેઠે? 'નહિ જાઉં નહિ જાઉં પ્રભુજી નહિ જાઉં નરકે રે.' એમ બોલે છે. જો કે એ કાંઈ સમવસરણમાં ખેદ થાય અને હરખ થાય હોય એવું હોય નહિ. પણ એ લોકોએ એવી વાત લીધી છે. સમવસરણમાં ખેદ હોઈ શકે નહિ. એ લોકોએ એવી વાત લીધી છે. ભગવાન પાસે આમ કહે છે, મહારાજ! એ નરકગતિમાં હું ન જાઉં, હોં! આપનો બંધવ કહેવાઉં જેવો તેવો પણ.

પછી ભગવાન કહે છે કે હે કૃષ્ણ! તમે મારા જેવા તીર્થંકર થશો. એમ જ્યારે ભગવાને કહ્યું ત્યારે ત્યાં સિંહનાદ કર્યો. એવું આવે છે એમાં. એ ઓલું કહ્યું હતું ને શ્વેતાંબરમાં, આ બધી પ્રરૂપણા ચાલતી, આ બધી છે ને. એમાં લખેલું છે. સિંહનાદ કર્યો અંદર. આહા..! વાહ ભગવાન વાહ! ખરેખર સિંહનાદ પણ ન હોય અને ખેદ પણ ન હોય. વીતરાગમાર્ગમાં બેઠા છે ને સામે એમાં એ હોઈ શકે જ નહિ. એવી વાતું કરીને લોકોને બહારની વાત કેવી સારી લાગે છે. એને લઈને.. એને ખબર નહોતી? એ તો સમકિતી છે. સમજાણું કાંઈ? એને ખબર નથી કે હું તીર્થંકર થવાનો છું? ખબર છે. એય..!

મુમુક્ષુ :- તીર્થંકર થવાના હોય તો રાગ તો આવે ને.

ઉત્તર :- રાગ આવે એટલે? હું નહિ જાઉં.. નહિ જાઉં.. એમ કહે? નક્કી થઈ ગયું

ત્યાં એ નહિ જાઉં ક્યાંથી આવ્યું? નહિ જાઉં ક્યાં નહિ જાઉં? જ્યાં નિયત પર્યાય નક્કી થઈ ગઈ કે અહીં જશે જ. ત્યાં નહિ જાઉં ક્યાંથી આવ્યું? તમારા કુળે જન્મ્યો માટે આમ થયું. એનો અર્થ કુળે જન્મ્યાનો અર્થને સબંધ શું છે? એક માતાના પેટમાં બે આવે. એક જાય નરકે અને એક જાય મોક્ષ. કહો, એક પેટમાં બે એકસાથે જન્મ્યા હોય, લ્યો! એક જાય નરકે અને એક જાય મોક્ષમાં. એની સાથે સંબંધ શું છે? આહાહા..!

કહે છે.. ભાઈ! તત્ત્વની વાત એવી છે કે જરીક શાંતિથી બેસાડે ત્યારે (એને બેસે). નહિતર ક્યાંક જો શુભરાગમાં રહી ગયો તો એને શુદ્ધ સ્વભાવનો અનાદર છે. દેવચંદજી! મારગ તો એવો છે, ભાઈ! વીતરાગી બિંબ પ્રભુ આત્મા છે. એ તો સમરસનો કંદ છે. સમરસની મૂર્તિ છે આત્મા. શાંત.. શાંત. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' ઉપશમ રસ એટલે અકષાય સ્વભાવ, હોં! ઉપશમભાવનું અહીં કાંઈ નથી. આત્મા એટલે આખી વસ્તુ ચૈતન્યદળ, ચૈતન્યપિંડ, અકષાય સ્વભાવનો રસ છે ઈ. એમાં વિકલ્પ ઉઠે એ કષાય છે, એ તો દુઃખરૂપ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ છે. આનંદરૂપ નથી, વિકલ્પ છે, આસ્રવ છે. આસ્રવ દુઃખરૂપ છે. ઓહો..! વીતરાગ માર્ગ...

મુમુક્ષુ :- એનાથી સુખ મળે ને?

ઉત્તર :- એનાથી સુખ મળે છે ત્રણ કાળમાં? એનો અભાવ કરી કેવળ પામશે ત્યારે અનંત સુખ થશે. એ રાગને કારણે થશે નહિ. આહાહા..! કેટલું સ્પષ્ટ!

કુંદકુંદાચાર્ય સર્વજ્ઞના પંથના અનુયાયી ત્રિકાળ સત્યને પ્રસિદ્ધ કરે છે. ભાઈ! તારો સ્વભાવ તો શુદ્ધ રાગરહિત પરમશાંત રસની મૂર્તિ છે. શ્રીમદ્દે કહ્યું ને 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ.' વીતરાગ સ્વભાવ એ વીતરાગના વચનોમાં આવે છે. તારો સ્વભાવ વીતરાગ છે તેની દૃષ્ટિ કર અને જ્ઞાન કર. કહો, સમજાણું? 'વચનામૃત વીતરાગના પરમશાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકુળ.' કાયરના કાળજા સાંભળી શકે નહિ. અર..ર..! આવી વાત! અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખરૂપ? એય..! ન્યાલભાઈ! કહે છે, અન્યાલ છે શુભભાવમાં.

કહે છે, **'હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય-એ ચારનો (અર્થાત્ એ ચાર પ્રકારે) સદાય અભેદ હોવાથી...'** એ કર્મમાં કાંઈ ભેદ છે નહિ. આહાહા..! તીર્થંકરગોત્ર બંધાણું માટે સારું અને નરકગોત્રી બંધાણી એ ખરાબ એવું કાંઈ છે નહિ. બેય પુદ્ગલ પરિણામ છે એ બંધાણા. એમ કહે છે. અહીં તો એ નાખ્યું. આહાહા..! ગજબ કથની છે ને! વીતરાગની કથની છે આ. સમજાણું?

**'કર્મમાં નિશ્ચયથી ભેદ નથી; માટે સમસ્ત કર્મ પોતે નિશ્ચયથી બંધમાર્ગને આશ્રિત**

**હોવાથી...**' એ કર્મ જ બંધમાર્ગને આશ્રિત હોય. એ '**બંધનું કારણ હોવાથી,...**' પાછું એમ. ઠીક! એ બંધનું જ કારણ છે. '**કર્મ એક જ માનવામાં આવ્યું છે-એક જ માનવું યોગ્ય છે.**' લ્યો! એક જ કર્મ છે. એમાં કોઈ સારું-નરસું છે નહિ. આહાહા..!

'**હવે (શુભ-અશુભ) બન્ને કર્મો અવિશેષપણે (કાંઈ તફાવત વિના) બંધના કારણ છે એમ સિદ્ધ કરે છે :-**' આ ઓલા લખાણ ક્યાંક આવે, તીર્થંકર પ્રકૃતિ પરંપરાએ મોક્ષનું કારણ છે. જયસેનાચાર્યમાં આવે છે. એનો અર્થ શું થયો? બધે ઘણે ઠેકાણે આવે છે. આવે ને. આવે એટલે કે આને છોડીને કેવળજ્ઞાન પામશે. એટલે પરંપરા મોક્ષનું કારણ કહેવાણું. એને રાગ રાખીને મોક્ષને પામશે? અને બંધ પ્રકૃતિ પડી, એનો ઉદય આવશે માટે અહીં મોક્ષને પામશે? તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો તેરમે આવે છે. તેરમે ગુણસ્થાને આવે છે. અને કેવળજ્ઞાન પહેલું થાય ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવે. રાગનો અભાવ કરી, વીતરાગ શ્રેણિ માંડી કેવળજ્ઞાન થાય ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય વિપાક આવે. એમાં આત્માને લાભ એણે શું કર્યો?

મુમુક્ષુ :- નક્કી તો કર્યું ને.

ઉત્તર :- એણે નક્કી કર્યું? કે સ્વભાવે નક્કી કર્યું? સ્વભાવની ધારા જ આવી છે કે આ સ્વભાવ એક-બે ભવે પૂર્ણ થશે. એમ સ્વભાવની ધારાથી નક્કી થયું. સમજાણું કાંઈ? રાગથી નક્કી થાય છે? રાગ તો ચારિત્રનો દોષ છે. ચારિત્રના દોષથી નક્કી થાય કે ભવના અભાવનું કારણ આ થયું? દોષથી નક્કી થાતું હશે? એ તો ગુણથી નક્કી થાય. સમજાણું કાંઈ?

કહો, શુભભાવથી તીર્થંકરગોત્ર બંધાય તો એનાથી નક્કી થાય કે નહિ મને બે ભવ છે અને મોક્ષ નથી. બંધમાર્ગ ખડો નથી અને મોક્ષ છે. એ ભાવથી નક્કી થાય ને? કારણ કે નક્કી થઈ ગયું કે તીર્થંકર (ગોત્ર બંધાણું) એ તીર્થંકર થવાના જ ત્રીજે ભવે. એય..! માંગીરામજી! એ ભાવથી અને એના બંધનથી નહિ. ભાવ તો ભવરૂપ છે. અને ભવના અભાવસ્વભાવનું નક્કી થવું એ ભવને આશ્રયે-કારણે થાતું નથી. રાગના અભાવસ્વભાવરૂપ આત્મા, એને આશ્રયે નક્કી થયું કે મારે એક-બે ભવે હવે મુક્તિ છે. કહો, સમજાણું કાંઈ? ૧૪૬.

**सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं।**
**बंधदि एवं जीवं सुहमसुहं वा कंद कम्मं।।१४६।।**

નીચે હરિગીત.

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.**

'**ટીકા :- જેમ સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના પુરુષને બાંધે છે...**' ફેર હશે કાંઈ? સોનાની બેડી અને લોઢાની બેડીમાં ફેર (હશે)?

મુમુક્ષુ :- એક કિંમતવાળી છે.

ઉત્તર :- કિંમત કેવી? ધૂળની? બંધનમાં કિંમત કેવી? ઊલટી ભારે લાગે વધારે, હોં! લોઢા કરતા સોનું ભારે બહુ હોય.

મુમુક્ષુ :- તફાવત આવી ગયો.

ઉત્તર :- તફાવત આવી ગયો. બંધનમાં વધારે છે. અહીં તો બંધનની અપેક્ષાએ સરખા છે. સમજાણું? આહાહા..! પેલા કહે, નહિ, નહિ. સોનાની બેડી તો સારી. હવે આમ થાય. કેટલા વખાણ કરે. આહાહા..!

ભગવાન ચૈતન્ય સ્વભાવ એકલો નિર્વિકલ્પ આત્મતત્ત્વ, એનો અનાદર કરે ત્યારે તે શુભરાગને પ્રેમ તરીકે સ્વીકારે છે. સર્વજ્ઞ પરમાત્માનો પણ અનાદર કરે છે. કારણ કે સર્વજ્ઞપરમાત્મા દેવ અને શાસ્ત્ર, ગુરુ એમ કહે છે કે જે વિકલ્પ ભક્તિ આદિનો આવ્યો એ બંધનું કારણ છે, આત્માને લાભનું કારણ નથી. એમ ગુરુદેવ, શાસ્ત્ર અને તીર્થંકર એમ કહે અને એમ કહે કે તમે સાચા, તમને અમે માનીએ છીએ. બે વાત ક્યાં રહી? પોતાના સ્વચ્છંદને માને છે. સમજાણું? ભારે આકરી વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોડે કોણ? આ તો એનું સ્વરૂપ જણાવે છે કે આ છે. પર દયાનો ભાવ આવે, ભાવ આવ્યા વિના રહે નહિ. એ હોય છે. પણ છે બંધનું કારણ. આત્માને શાંતિ ને સમ્યગ્દર્શન અને જ્ઞાનનું કારણ નથી. આહાહા..! વીતરાગ માર્ગ એટલે વીતરાગ માર્ગને બતાવે. રાગી રાગવાળા તો રાગથી લાભ મનાવે. એ વીતરાગમાર્ગ નથી. પરમેશ્વરનો માર્ગ નથી. સમજાણું?

'**સુવર્ણની અને લોખંડની બેડી કાંઈ પણ તફાવત વિના...**' ઠીક! બાંધવાની અપેક્ષાએ. '**પુરુષને બાંધે છે. કારણ કે બંધનપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી,...**' બંધનપણાને કારણે એમાં કાંઈ પણ ભેદ છે નહિ. શુભ હો કે અશુભ હો. બેડી છે સોનાની અને લોઢાની. સોનું કહેવાય એમાં શું થયું? મારી નાખે તોડો પહેરીને નીકળ્યો હોય તો. સોનાના તોડા સમજો છો? ક્યાંક થયું હતું, નહિ? ક્યે ઠેકાણે? રાજા .. ભાવનગર દરબાર. નહિ? ગુજરી ગયા ત્યારે. સોનાનો તોડો કરવાનું કીધું. પછી વાર લાગે ત્યાં સુધી. સોનાનો તોડો પહેરાવે એ મૃત્યુ (પામેલાને) રાજા છે. પણ એમાં એને શું? રાજા ક્યાં રહ્યો? એ તો શરીર છે, જડ, માટી-ધૂળ મડદું છે. રાગ અને ઓલા પાછળવાળાને એમ કે ઓહો..!

અમારું પણ આવું કરશે પાછળ. એમાં એને શું? મડદાને સોનાનો તોડો પહેરાવો, એ તો જડ છે માટી, ધૂળ છે. ઓલો તો પોતાનો ભાવ થઈને ચાલ્યો ગયો ગતિએ ક્યાંક. જેવા ભાવ હતા એ ગતિ થઈ. હવે સોનાના તોડા પહેરાવે કે ઝવેરાતના પહેરાવે કે ખાસડાના પહેરાવે. આહાહા..!

અરે..! પ્રભુ! ચૈતન્ય જીવતી જ્યોત, એને તો જીવતા જાણ્યો નહિ અને પછી માથાકૂટ. આહાહા..! જે જીવની ચૈતન્યમૂર્તિ જેની કિંમત કરવી જોઈએ એ તો કિંમત કરી નહિ. આ બહારની કિંમતે આત્માની કિંમત માને છે. અનાદિનો છે એ ભાવ. આ બે પુસ્તકનું લખ્યું છે. ખાણિયાનું. જૈનમિત્રમાં. કે પુસ્તકમાં બેયની દલીલો પોતપોતાને માર્ગે સાચી છે. ઠીક! એ તે દિ' પહેલા પણ લખ્યું હતું એક ફેરી. જૈનમિત્રમાં પહેલું આવ્યું હતું. નહિ? બેયના પંથ-માર્ગની દલીલ સાચી છે. અને એ પુસ્તક બહાર નીકળ્યે. કાનજી સ્વામી હમણાં બહાર ફરી આવ્યા એથી વિરોધ ઢીલો પડતો જાય છે. એમ લખ્યું છે. પુસ્તકને કારણે. પુસ્તકમાં દલીલ છે ને. એમને સિદ્ધ કરવાની એમની સાચી વાત છે એમ. અને બહાર ફરી આવ્યા એટલે વિરોધ પક્ષ હવે ઢીલો પડતો જાય છે. એવું લખ્યું છે. જૈનમિત્રમાં એમ છે. જૈનમિત્રમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ભઈ! એ તો ન થયું. અને વિરોધ થાય પણ ખરો. એમાં શું? એ તો પર્યાય ભજવાની હોય એમ ભજે. એ કાંઈ આત્માને આધીન છે? એમ બન્યું તો એમ બન્યું, ન બન્યું તો ન બન્યું. એમાં એથી કરીને એમાં શું છે? સમજાણું? બહાર ન આવ્યો કોઈ એવો. આવી પણ જાય. થવાનું હોય તો એમાં શું થાય? કોઈની પરમાણુની પર્યાય બદલી શકે છે કોઈ? એના ક્રમમાં... ક્રમબદ્ધનો લેખ મોટો આવ્યો છે આજ. એ ભાઈ અમરચંદ છે ને? સ્થાનકવાસી. ક્રમબદ્ધ એ બરાબર છે. જૈનદર્શને ક્રમબદ્ધે જવાબ આપ્યો છે બધાનો. કેમ આ ન થયું? કે ક્રમબદ્ધમાં (નહોતું). પાછું કામ કરવું ખરું, પુરુષાર્થ કરવો. પછી એમાં ન સફળ થાય તો જાણવું કે થવાનો નહોતો. સફળ થાય તો પણ થવાનું હતું. અહંકાર ને દીનતા છોડી દેવી. કામ કરવું.

મુમુક્ષુ :- કરે કોણ?

ઉત્તર :- કોનું કરવું? ક્યું કરવું? કાંઈ ખુલાસો નહિ. ક્રમબદ્ધ શબ્દો બહુ વાપર્યા છે. અમરવાણી. ક્રમબદ્ધનું માન્ય રાખ્યું તમારું બધું, હોં! જૈનદર્શને ક્રમબદ્ધનો ઉત્તર આપ્યો છે. સમજાણું? સ્થાનકવાસી છે, સ્થાનકવાસી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો અગ્રેસર ઠીક. એ તો હોય ને, જેને તેના હોય ને. એ તો હોય ને

ગામમાં એક જણ. ગૃહસ્થમાં કોઈ અગ્રેસર હોય છે શ્રાવક, બાયુંમાં પણ કો'ક અગ્રેસર હોય ને કો'ક ખાસ ખાસ. એમ હોય. એમાં શું?

મુમુક્ષુ :- અગ્રેસર છે માટે ડાહ્યા છે એવો અર્થ નથી.

ઉત્તર :- એવું નથી. એવું એણે લખ્યું છે. બહુ ઘણાં પાના ભર્યા છે, હોં! સમજ્યાને? આમાં એક પ્રશ્ન લખ્યો છે કે પ્રકૃતિમાં ક્રમબદ્ધતા શું છે? ક્રમબદ્ધતા-ક્રમબદ્ધતા ખુબ નાખ્યું છે, હોં! તમારો શબ્દ આવ્યો હવે બહાર પ્રસિદ્ધિમાં. નિયતિવાદકી સાર્થકતા. એ ઉપર આખો લેખ મોટો (આવ્યો છે). પછી એમાં છેલ્લે એમ કહ્યું. પ્રકૃતિકે અનેક રૂપોં ઔર ઘટનાઓં પર જબ હમ દૃષ્ટિ લાતે હૈં, ઐસા લગતા હૈ કિ ઈસમે કુછ નિયતતા યા ક્રમબદ્ધતાસી હૈ. હમારે મસ્તિકમેં યહ ક્રમબદ્ધતાકા સિદ્ધાંત આલોકિતસા હો જાતા હૈ. જૈનદર્શનમેં ઈસ ક્રમબદ્ધતાકો ક્રમબદ્ધપર્યાય કહા હૈ. કે દિ' આવ્યું? તમારા સિવાય, હિંમતભાઈ સિવાય કોઈએ લખ્યું નહોતું. જૈનદર્શનને ઈસ ક્રમબદ્ધતાકો ક્રમબદ્ધપર્યાય કહા હૈ. એમ છે, ભાઈ! તમારો શબ્દે શબ્દ છે. તમારો શબ્દ અને ઓલો કહે કે જૈનદર્શને આપ્યો છે. ખુબ લખ્યું છે. કામ કરવું પણ સફળતા મળે તો અહંકાર ન કરવો. પણ સફળતા શેની? અહીં તો કહે છે કે પુણ્યના પરિણામ પણ સફળ નથી. હવે સફળતા કહેવી કોને? એવી ભાષાને લોકોને એમ લાગે, વાહ!

અહીં તો કહે છે કે બંધનની અપેક્ષાએ પુણ્ય અને પાપની બેડી બેય છે. એમનામાં કાંઈ તફાવત નથી. એ કર્મની વાત કરી ત્યાં. કર્મની જ વાત અહીં લીધી પહેલી. પછી કહેશે શુભ આચરણ, અશુભ આચરણ એ કર્મ છે એમ કહેશે.

'**તેવી રીતે શુભ અને અશુભ કર્મ કાંઈ પણ તફાવત વિના પુરુષને (-જીવને) બાંધે છે...**' લ્યો! બાંધે છે, બંધાય છે. અબંધ ક્યાં આવ્યું એમાં? દૃષ્ટિના સુધારમાં આવવું લોકોને કઠણ પડે છે. દૃષ્ટિનો સુધાર કરવો કે એ પુણ્ય અને પાપના બેય પરિણામ દુઃખરૂપ છે, મારો સ્વભાવ તે સુખરૂપ છે. એવી દૃષ્ટિ કરવી એ લોકોને પરસેવા ઉતરી જાય. કાંઈક કાંઈક ટેકા દ્યો, ટેકા દ્યો. ગુરુની ભક્તિ કરતાં કરતાં સમ્યગ્દર્શન થશે, દેવની ભક્તિ કરતાં કરતાં થશે. કારણ વળી એમ આપે. દેવ-ગુરુની ભક્તિ. એ તો નિમિત્તકારણ છે. તું કર તો થાય. ઈ વિના ક્યાં થતા હતા? બીજાથી ક્યાં થાય છે? બીજા પર લક્ષ છે ત્યાં સુધી રાગ છે.

અહીં તો કહે છે કે '**શુભ અને અશુભ કર્મ કાંઈ પણ તફાવત વિના પુરુષ (-જીવને) બાંધે છે કારણ કે બંધપણાની અપેક્ષાએ તેમનામાં તફાવત નથી.**' ચાહે તો શુભ બંધાય કે અશુભ બંધાય. એમાં કાંઈ આત્માને લાભ નથી. આહાહા..!

**'હવે બન્ને કર્મોનો નિષેધ કરે છે :-'** ૧૪૭.

**तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं।**
**साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण।।१४७।।**

**તેથી કરો નહિ રાગ કે સંસર્ગ કે કુશીલો તણો,**
**છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.**

કુંદકુંદાચાર્ય પોતે કર્મનો નિષેધ કરે છે.

**'ટીકા :- જેમ કુશીલ (ખરાબ) એવો મનોરમ અને અમનોરમ હાથણીરૂપ...'** એટલે જીવતી કોઈ મનોરમ અને અમનોરમ એટલે કાગળ આદિની ચીતરેલી **'કૂટણી સાથે રાગ અને સંસર્ગ...'** બેય સાથે રાગ અને પરિચય એનો બંધના કારણ થાય છે. હાંથીને બાંધે છે. એ હાથી હાથણી હોય એનો રાગ કરે તો બાંધશે. ખોટી હાથણી હોય. ઓલા કરે છે ને ખાડા? મોટા ખાડા કરીને નીચે ખાલી હોય અને માથે વાંસડા નાખે. ઉપર હાથણી આમ મોટી ચીતરામણ (કરેલી હોય). બેય હાથણીરૂપ કૂટણી છે. આત્માને બંધનનું કારણ છે. એ **'રાગ અને સંસર્ગ (હાથીને) બંધના કારણ થાય છે...'** હાથીને બાંધે છે. જીવતી હોય કે કાગળની એવી હોય.

**'તેવી રીતે કુશીલ એવાં શુભ અને અશુભ કર્મ સાથે રાગ...'** લ્યો ઠીક! હવે અહીં રાગ આવ્યો. જોયું! શુભનો રાગ કરીશ નહિ અને અશુભનો રાગ કરીશ નહિ. બેય બંધના કારણ છે. શુભ અને અશુભ કર્મ સાથે રાગ અને સંસર્ગ-પરિચય. એની આસક્તિ, એની પ્રીતિ, આ ઠીક છે, શુભકર્મ ઠીક છે, પુણ્ય બાંધશે એટલે ભગવાન પાસે દેવમાં જાશું. ત્યાંથી ભગવાન પાસે જાશું. લ્યો! કહે છે ને કેટલાક? કે અત્યારે પુણ્ય બાંધશું પછી જાશું દેવમાં. દેવમાં જઈને સાચા દેવ પાસે જાશું પુણ્ય હશે તો. પણ આ ભગવાન તો ના પાડે છે કે તું પુણ્યથી અમારી પાસે આવી શકીશ જ નહિ. અમારી પાસે તો રાગરહિત હશે એ આવી શકશે. અમારી પાસે બહારથી આવે એ ક્યાં ભગવાન પાસે ગયો હતો? સમજાણું કાંઈ? ભગવાન તો આત્મા છે વીતરાગસ્વરૂપ. એની પાસે જાય ત્યારે (ગયો કહેવાય). બહારમાં સમવસરણ અને બહાર ગયો એ કાંઈ ભગવાન પાસે ગયો છે? ભગવાન તો વીતરાગી કેવળજ્ઞાનનો કંદ આત્મા છે. એની સમીપે જાય એ કોણ જાય? રાગવાળો જાતો હશે? પુણ્યવાળો જાતો હશે? સમીપનો અર્થ એના સમવસરણમાં એમ નહિ. એના ભાવના સમીપમાં. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...અકૃત્રિમ ચૈત્યાલય...

ઉત્તર :- એથી શું થયું? અનંત વાર ગયો હતો. શું છે? અકૃત્રિમ ચૈત્યાલય નહિ પણ

આ અકૃત્રિમ ભગવાન બેઠા છે સમવસરણમાં. વળી એ લે ને. ત્યાં અનંત વાર ગયો સમવસરણમાં. શું થયું? ભગવાન ઉપર લક્ષ કરે ત્યાં સુધી એને રાગ છે. ભગવાન એમ કહે છે કે તું અમારું લક્ષ છોડીને તારા ઉપર જા તો તને લાભ થશે. ભગવાન એમ કહે છે. આ કહે ના, હું તમારું લક્ષ કરું અને મને લાભ થશે. કહો, સમજાણું કાંઈ? દિવ્યધ્વનિમાં એમ આવે. એ પરમાત્મપ્રકાશમાં આવ્યું હતું, ભાઈ! નહિ? દિવ્યધ્વનિવાળું. વાણી એમ કહે...

મુમુક્ષુ :- પહેલી ગાથા જ ઈ આવી હતી.

ઉત્તર :- હા, એ આવી હતી. પરમાત્મપ્રકાશમાં નિશ્ચય તીર્થ, નિશ્ચય ગુરુ એ આવે છે. એ બધું સાર સાર પૂછ્યું હતું ને એણે. રાજકોટ. સાર સાર પૂછ્યું. રામજીભાઈ કહે, ત્યાં હતું એવું. પણ ત્યાં એણે સાર સાર ગાથા પૂછી હતી. જે ગાથા ચાલતી હોય એનો અર્થ આવે ને. અહીં તો આપણે ક્રમસર બધું લેવું હોય. તમે તો આવ્યા નહોતા ત્યાં, નહિ? શું હતું? ઉનાળો? ગરમી? કહો, સમજાણું આમાં? ત્યાંના વ્યાખ્યાન બહુ ઊંચા હતા. એવા હતા કે એ બીજે ન વંચાય ત્યાં. એ રાજકોટમાં (ચાલે). અહીં ચાલે અને રાજકોટમાં. અહીં આવતા હોય ત્યારે અહીં ચાલે. બીજે એવો અર્થ ન ચાલે. દિલ્હી ને કલકત્તા ને.. ચાલે.

અહીં કહે છે કે શુભ અને અશુભ કર્મ સાથે રાગ ન કરવો મનથી અને પરિચય ન કરવો વાણી અને કાયાથી. સમજાણું કાંઈ? વચનથી પ્રશંસા ન કરવી.

મુમુક્ષુ :- શેની?

ઉત્તર :- એ શુભ કર્મની અને શુભ પુણ્યની.

મુમુક્ષુ :- .... ફલાણા આટલા કમાય છે,...

ઉત્તર :- કમાય એમાં ક્યાં પ્રશ્ન છે. એ તો જણાવ્યું એને. કમાણો એટલે કે એની પાસે પૈસા આવ્યા, એણે કરી મમતા. કહો, સમજાણું? કરી મમતા. એ મમતા કમાણો. આહાહા..!

અહીં તો કહે છે કે શુભરાગ સારો છે એમ મનથી કહીશ નહિ, અને વિચારમાં લાવીશ નહિ શુભરાગ. ભગવાન પ્રત્યેનો પ્રેમ થાય એ રાગ સારો છે એમ મનથી માનીશ નહિ, વાણીથી બોલીશ નહિ. આહાહા..! કાયાથી અને ચેષ્ટાથી આમ ઠીક-ઠીક એમ કહીશ નહિ. એમ કહે છે. ન્યાલચંદભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, બાપા! આ કાંઈ એમાં ચાલે નહિ. આહાહા..! એ અર્થ કર્યો છે એમાં. સમજ્યાને? જયસેનાચાર્યમાં અર્થ કર્યો છે. છે ને જયસેનાચાર્યનું? અહીંયાં છે. કેટલામી ગાથા છે? ઓલો દાખલો આપ્યો છે ૧૪૬માં હોં! એ આપણે વાંચ્યું હતું નહિ તે દિ? ચેલામાં વાંચ્યું હતું. સંપ્રદાયમાં. ચેલાના સંપ્રદાયમાં હતા ત્યારે આ વાંચ્યું હતું. '**व्रततपश्चरणदानपूजादि करोति सः पुरुष**' જે કોઈ પૂજા

લાભાદિ કારણે. સમજાણું? નિમિત્તં. ખ્યાતિ, પૂજા, લાભ આદિ નિમિત્તે '**व्रततपश्चरणदानपूजादि करोति सः पुरुष...**' એ છાશને માટે રતનને વેચનારા છે. છાશ સમજ્યા? મઠ્ઠા. સંસ્કૃત છે, હોં! ... ... કહો, એક રાખ જોઈતી હતી બાજરો ન બગડે (એને માટે અને) આ મગમાં.. એમાં રતન રાશિને બાળ્યા. રતનના ઢગલા હતા ઘરમાં સો-બસ્સો પાંચસો રતન. કરો રાખ. બાજરો ન બગડે એટલે. શું કહેવાય છે ને એને? કુંડાળામાં નાખે ને બાજરામાં રાખના. મગમાં રાખ નાખ. બહુ ગરમી હોય તો. એમ બાળ્યું.

એમ પુણ્યને માટે પુણ્ય કરીને એમાં લાભ માને એ બધા આવા વ્રત, તપ કરનારા, શુભને લાભ માનનારા. સમજાણું? ... એક દોરો જોતો હતો. એક કરોડનો હાર હતો એ તોડી નાખ્યો. દોરો જોતો હતો. લાવને પણ. અને ... કુદરા કુદરીયા, કોદરી જોઈતી હતી. પછી એ મોટું વન હતું. ચંદનનું વન. એ ચંદનના વનને બાળી મૂક્યા. કોદરા વાવ્યા. કોદરી કહે છે ને?

મુમુક્ષુ :- કો'ક દિ' કોદરી ખાવાના કામમાં આવે.

ઉત્તર :- ધૂળ? એ તો કહે છે કે આટલા ઊંચા ચંદન હોય તો એવી કોદરી તો લાખો મણ આવે. ઊંચું ચંદન આટલું હોય એના લાખો મણ કોદરી આવે. અત્યારે તો સાધારણ થઈ ગયું. ખરી ... હોય છે ને? બહુ ઊંચી. બહુ ઊંચી. એવી ઊંચી સાર સાર હોય. અહીં તો સાધારણ. મૂળ જે પાકતી હોય ત્યાં રાખનારા રાજા પાસે એની કિંમત મોટી હોય છે.

કહે છે, એ .. એ વ્રત અને તપમાં શુભભાવની આશા રાખે છે, એનાથી ફળ ઈચ્છે છે એ બધા નાશવાન, નાશ.. ... નિમિત્તરૂપે, હોં! ... પરંપરાએ મોક્ષ પામે છે. લ્યો! નિમિત્તરૂપે હોય છે પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી. પછી એનો અભાવ કરીને કેવળજ્ઞાન થશે. પરંપરાનો અર્થ ઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ રહી ગયું, નહિ? જુઓ! આવ્યું. ... જુઓ! .. શુભ પ્રત્યે ચિત્તમાં રાગ કરીશ નહિ.

મુમુક્ષુ :- મનમાં એવા વિચાર...

ઉત્તર :- હા, વિચારમાં લાવીશ નહિ કે આ શુભરાગ સારો છે. ... જુઓ! વચન અને કાયાથી ... ... લ્યો, સમજાણું? ખુલાસો કરે ને ઈ તો.

કહે છે, એ બંધના કારણ પુણ્ય અને પાપ અને એના ફળ કર્મ બંધના કારણ હોવાથી શુભાશુભ કર્મો સાથે. રાગ એટલે ચિત્‌ગત રાગ. મનમાં પણ એમ લાવીશ નહિ કે આ શુભરાગ ઠીક છે અને પુણ્ય બંધાય એ ઠીક છે. મરી જઈશ નહિતર મિથ્યાત્વમાં. એમ કહે છે. સમજાણું

કાંઈ? ભારે વાત, ભાઈ! વીતરાગ માર્ગ સાંભળવા મળ્યો નહિ બિચારાને. વાડામાં પડ્યા એને. અને એને એમ ને એમ માને રાગને અને માને વીતરાગ ધર્મ (માનીએ છીએ).

‘**રાગ અને સંસર્ગ...**’ વાણી અને કાયા દ્વારા કાંઈપણ પ્રેમ કરીશ નહિ. વાણીમાં પ્રશંસા કરીશ નહિ કે શુભરાગ આવો સારો. કહીશ નહિ. ‘**નિષેધ કરવામાં આવ્યો છે.**’ લ્યો! ભગવાને તો શુભ અને અશુભ કર્મ બેય નિષેધ્યા છે. અને નિષેધવા યોગ્ય છે એવું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ ગાથામાં કહેશે... લ્યો! (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૨, રવિવાર તા. ૪-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૪૭ થી ૧૫૦, શ્લોક-૧૦૩ પ્રવચન-૨૩૬**

આ સમયસાર શાસ્ત્ર છે. એમાં પુણ્ય-પાપનો અધિકાર ચાલે છે. ૧૪૮ અને ૧૪૯.

મુમુક્ષુ :- ૧૪૭ થઈ ગઈ?

ઉત્તર :- થઈ ગઈ કાલે. યાદ ન રહ્યું? ૧૪૭ થઈ ગઈ.

હવે કુંદકુંદાચાર્ય પોતે કહે છે.

**जह णाम को वि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता।**
**वज्जेदि तेण समयं संसग्गं रागकरणं च।।१४८।।**
**एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं।**
**वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरदा।।१४९।।**

નીચે હરિગીત.

**જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,**
**સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.**
**એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,**
**નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.**

'**ટીકા :- જેમ કોઈ કુશળ વન-હસ્તી...**' ડાહ્યો વનનો હાથી.

મુમુક્ષુ :- કુશળ શબ્દ છે.

ઉત્તર :- હા. કુશળ એટલે ડાહ્યો, ચતુર. સમજાણું? ચતુર કરશે અંદર અર્થમાં. કુશળ કહો કે ચતુર કહો.

'**જેમ કોઈ કુશળ વન-હસ્તી પોતાના બંધને માટે...**' પોતાને બંધાવા માટે. '**સમીપ આવતી...**' નજીકમાં આવતી '**સુંદર મુખવાળી મનોરમ...**' સારી હાથણી સુંદર મુખવાળી '**કે અમનોરમ હાથણીરૂપી...**' કે ખરાબ મુખવાળી અથવા એ ખાડામાં ઉપર રાખે છે હાથણીનું .. આદિ. એવી '**કૂટણીને...**' ખોટી હાથણી છે ખોટી. '**પરમાર્થે બૂરી જાણીને...**' બેય હાથણીને ખરેખર વનનો હાથી બૂરી જાણીને '**તેની સાથે રાગ...**' ચિત્તમાં રાગ અને '**તથા સંસર્ગ...**' કાયાથી પણ '**કરતો નથી,...**' આ તો દૃષ્ટાંત આપ્યો કુંદકુંદાચાર્યે. ડાહ્યો હોય તે હાથી. પરાધીન થવાને છે એ હાથી તો પરાધીન હાથણીમાં થઈ જાય છે.

ડાહ્યો હાથી સારી સુંદર હાથણી હોય કે અસુંદર હોય એને બાંધવા માટે આવે છે માટે

તેનામાં રાગ, ચિત્ત-મનમાં રાગ કરતો નથી, કાયાથી અનુકૂળપણે એના સમીપમાં જતો નથી.

**'તેવી રીતે...'** એ દૃષ્ટાંત થયો. **'આત્મા...'** ભગવાન આત્મા **'અરાગી જ્ઞાની થયો થકો...'** ભાષા જુઓ! **'અરાગી જ્ઞાની થયો થકો...'** **'किलात्माऽरागो ज्ञानी'** જેને પુણ્ય પરિણામમાં પ્રેમ છે એ મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય અને શુભ-અશુભભાવ જે છે એમાં જેને પ્રેમ છે તે અજ્ઞાની છે. જ્ઞાની અરાગી છે. ધર્મી તે પુણ્ય-પાપના પરિણામમાં પ્રેમ કરતો નથી. બહુ વાત એવી છે જરી. ઓહો..! કહો, સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ, એમાં અરાગી જ્ઞાની. ઓલામાં ચતુર હાથી. તો અહીં કહ્યું, અરાગી જ્ઞાની. જેને પુણ્ય અને પાપના વિકલ્પો છે એમાં પ્રેમ નથી. કેમ કે એ પ્રકૃતિનો સ્વભાવ છે. એ આત્માનો સ્વભાવ નથી. શુભ અને અશુભભાવ કર્મ પ્રકૃતિના સંગમાં ઉત્પન્ન થયેલો પ્રકૃતિ સ્વભાવ છે. ઓહોહો..!

કહે છે, **'તેવી રીતે આત્મા...'** પુણ્ય અને પાપના રાગ પ્રકૃતિ અને તેના ફળ. તેમાં ક્યાંય બંધાતો નથી. અરાગી છે. સમ્યગ્દૃષ્ટિ અરાગી છે અહીં તો ઈ સિદ્ધ કરવું છે. મિથ્યાદૃષ્ટિને રાગમાં રુચિ અને પ્રેમ છે. શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ શુભરાગ એમાં અજ્ઞાનીને પ્રેમ છે. એ કાંઈક મારું હિત છે અને એનાથી મારું કલ્યાણ થશે. તેથી તેને રાગી, મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. જ્ઞાની અરાગી છે. જુઓ! **'અરાગી જ્ઞાની થયો થકો...'** એમ. રાગના રુચિમાં નહિ આવતો, પુણ્ય-પાપના ભાવમાં પ્રેમ નહિ કરતો થકો **'પોતાના બંધને માટે સમીપ આવતી...'** આત્માને બંધનમાં કર્મની પ્રકૃતિનો ઉદય અને એમાં જોડાણ જે શુભ-અશુભભાવ થવો એ બંધના સમીપ આવતી **'મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ)...'** ભાવ.

મુમુક્ષુ :- એ પ્રકૃતિ છે ને.

ઉત્તર :- એ પ્રકૃતિનો અર્થ જ થયો એ. શુભ કે અશુભ. કહેશે અંદર ખુલાસો-આચરણ. શુભ-અશુભ આચરણનો નિષેધ છે. નીચે આવશે આ શ્લોકમાં. ઓલી કોર. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. એણે અનંત કાળમાં આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, સમરસી શાંતરસનો પિંડ તે આત્મા છે. એટલે ખરેખર તો આત્મા વીતરાગી સ્વભાવનો જ રસકંદ છે. એના પ્રેમમાં ધર્મીને શુભ-અશુભભાવનો પ્રેમ નથી. પ્રકૃતિનો સ્વભાવ સમીપ આવે છે એનામાં એ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- સ્વભાવનો રસ થાય એ ...

ઉત્તર :- હા. અરાગી એટલે જ્ઞાનની દૃષ્ટિ જ્યાં થઈ છે (કે) હું તો શુદ્ધ ચૈતન્ય છું. મારા સ્વભાવમાં પુણ્ય અને પાપના વિકલ્પો રાગ ત્રણ કાળમાં નથી. એવી આત્માની સ્વભાવદૃષ્ટિ

થઈ છે તેથી તેને અરાગી જ્ઞાની આત્મા કહેવામાં આવે છે.

**'પોતાના બંધને માટે સમીપ આવતી...'** જુઓ! આત્માને બંધનનું કારણ છે ઈ. શુભ-અશુભભાવ પ્રકૃતિનો સ્વભાવ, શુભ-અશુભભાવ પ્રકૃતિનો સ્વભાવ તે બંધનું કારણ છે. એવા બંધમાં (સમીપ) આવતી **'મનોરમ...'** નામ શુભ કે અશુભ **'બધીયે કર્મપ્રકૃતિને...'** એ કર્મપ્રકૃતિનો ઉદય એમાં જોડાણ એ બધી કર્મ પ્રકૃતિ જ છે. આત્માનો સ્વભાવ નહિ. આત્મા જ્ઞાન અને આનંદ સ્વભાવ છે. એની પ્રકૃતિ આત્માની આનંદ અને જ્ઞાનસ્વભાવ છે. ઓલી પ્રકૃતિનો રાગ અને દ્વેષ કરાવવું એ સ્વભાવ છે. કહો, દેવચંદજી!

સમ્યગ્દર્શન વિના અજ્ઞાનીને પુણ્ય અને પાપના પ્રેમ છૂટતા નથી. અને ત્યાં સુધી એને ધર્મ થતો નથી. એ માટે અહીં કહે છે કે ભાઈ! ચૈતન્ય ભગવાન શુદ્ધ સ્વરૂપ છે એની દૃષ્ટિ કર અને રુચિ કર. રુચિ કરનારો સ્વભાવ વીતરાગ છે તેની રુચિ છે તેથી તેને પુણ્ય અને પાપના પ્રકૃતિના ભાવરૂપ સ્વભાવ, તેનો તેને પ્રેમ હોતો નથી. ઓહોહો..! આવી વસ્તુ છે, ભાઈ! આ ભવ ચાલ્યો જાય છે. જુઓ! ઓલો બિચારો.. ગાય છે ને આપણે ચેતન? ભવ ચાલ્યો જાય. નહોતું ગાયું ત્યાં? કોલેજનો છોકરો જુવાન, આવું સાંભળીને વૈરાગ્ય થયો. ઘણા વર્ષથી સગપણ કરેલું. મા-બાપ કહે, પરણવું પડશે. આ કહે પણ અરરર..! મારે આહાહા..! અંતે લગનમાં નાખ્યો. અરેરે..! આ વસ્તુ આવો ભવ ચાલ્યો જાય છે મારે. એક સમય સમયની મારે.. એ બિચારો કહેતો હતો. લગન કરીને આવ્યો હતો પાછો. રાજકોટ. બિચારાને ખેદ લાગતો હતો. ઘણાં વર્ષે સગપણ કરેલું. ઓલા છોડે નહિ, આ છોડે નહિ. કાં લઈ લે બ્રહ્મચર્ય અને કાં પરણી જા. અધવચ નહિ ચાલે લાંબુ. મા-બાપે કહ્યું. આહાહા..! એ ગાતો વૈરાગ્યથી. અરે..! ભવ ચાલ્યો જાય છે. એક એક સમય ચાલ્યો જાય છે. વર્ષ ટૂંકા થઈ અને મરણના સમીપે આત્મા જાય છે. આહાહા..! એમાં આત્માનું ન કર્યું, આત્માની દૃષ્ટિ અને આત્માનું સાધન ન કર્યું એના અલેખે અવતાર ગયા. કારણ કે મુદ્દત જે છે એટલી મુદ્દત કાંઈ હવે વધવાની નથી. જે આયુષ્યની મુદત છે એ મુદ્દતે દેહ છૂટી જશે ફડાક દઈને. મોટા દેવ હોય કે ઈન્દ્ર હોય તો પણ કોઈ ત્યાં રાખવા સમર્થ નથી. આહાહા..!

અરે..! ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ. તારું સ્વરૂપ તો પ્રભુ શાંત અને આનંદ છે ને. એના જેને પ્રેમ લાગ્યા છે એવા ધર્મીને પુણ્ય-પાપની પ્રકૃતિના સ્વભાવનો પ્રેમ કેમ હોય? એમ કહે છે મૂળ તો. અબંધસ્વભાવી ભગવાન આત્મા એવા આત્માની જેને દૃષ્ટિ અને રુચિ થઈ છે એ બંધ પરિણામરૂપી પ્રકૃતિનો સ્વભાવ, એમાં એને પ્રેમ ન હોય. અરાગી...

**'પોતાના બંધને માટે સમીપ આવતી (ઉદયમાં આવતી) મનોરમ કે અમનોરમ (શુભ કે અશુભ)-બધીયે કર્મપ્રકૃતિને પરમાર્થે બૂરી જાણીને...'** ખરેખર એ શુભ અને

અશુભ પ્રકૃતિ કે શુભ-અશુભભાવ બધી બૂરી નામ ખરાબ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુભભાવ છે એ તો બુરી છે ને? પછી ભલે કહે એના ફળમાં થાય. એ તો આવે છે ને રત્નકરંડ શ્રાવકાચારમાં. સમ્યગ્દૃષ્ટિ આમ થાય. સમ્યગ્દૃષ્ટિને આત્મદૃષ્ટિ થઈ છે, પુણ્ય-પાપનો પ્રેમ ગયો છે. એવા આત્માના સ્વભાવની દૃષ્ટિવંત એવા પુણ્ય બાંધે કે સ્વર્ગમાં ઈન્દ્ર થાય. ત્યાંથી નીકળીને ચક્રી થાય, વળી કોઈ તીર્થંકર થાય એમ બધું આવે છે. રત્નકરંડ શ્રાવકાચાર, સમંતભદ્રાચાર્યમાં. આવે છે કે નહિ? આવે છે? એનું પુણ્ય બાકી રહે છે એટલે થાય. પણ એને રુચિ છે નહિ. એ આવે છે એમાં.

મુમુક્ષુ :- ઈ આવે છે એટલે તો બધા મુનિપણું લે છે.

ઉત્તર :- પણ એમાં ક્યાં આવ્યું મુનિપણું? મુનિપણું તો આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે, એની દૃષ્ટિ કરીને એમાં રમવું એનું નામ મુનિપણું છે. એ ભાવ તીર્થંકરપણાનો ભાવ છે એ તો પુણ્યનું કારણ છે. એ તો પૂર્ણ સ્વભાવ પ્રગટ્યો ન હોય ત્યારે સમ્યગ્દૃષ્ટિને રાગ હેય છે છતાં તેને એવો રાગ આવ્યા વિના રહેતો નથી. એના ફળ તરીકે બંધન છે એમ કહેવામાં આવે છે. સમજાણું?

એક શ્લોક તો એવો છે વળી બહુ.. દેવન્દ્ર. એવી ભાષા છે કાંઈક. સમજ્યાને? દેવેન્દ્ર, ઈન્દ્ર એવી બધી ઘણી નાખી છે. શું છે એ? સમકિતની ગાથા છે ને? સમકિતનું પૂરું થાય ત્યારે છે, હોં! (શ્લોક-૪૧).

**देवेन्द्रचक्रमहिमानममेयमानं राजेन्द्रचक्रमवनीन्द्रशिरोर्चनीयम्।**

**धर्मेन्द्रचक्रमधरीकृतसर्वलोकं लब्ध्वा शिवं च जिनभक्तिरूपैति भव्याः।।४१।।**

દર્શનનો જ છે છેલ્લો શ્લોક. '**જિનેન્દ્ર પરમાત્માકે સ્વરૂપમેં ભક્તિરૂપ અનુરાગ જિસે હોતા હૈ, વહ સમ્યગ્દૃષ્ટિ ભવ્ય હૈ. વહ સમ્યગ્દૃષ્ટિ ઈસ મનુષ્યભવસે જાકર સ્વર્ગલોકમેં અપ્રમાણ-અમાપ ઋદ્ધિ...**' અપ્રમાણ છે ને? '**अमेयमानं**'. '**ઋદ્ધિ સુખ વૈભવકે પ્રભાવવાલે દેવેન્દ્રોંકે સમૂહકી મહિમા પ્રાપ્ત કરકે, પશ્ચાત્ ઈસ પૃથ્વી પર આકર બત્તીસ હજાર રાજાઓંકે મસ્તક દ્વારા પૂજ્ય રાજેન્દ્ર...**' દેવેન્દ્ર, રાજેન્દ્ર, ધર્મેન્દ્ર. એમ શબ્દ મૂક્યા છે ત્રણ. '**ચક્રવર્તીકે ચક્રકો પ્રાપ્ત કરકે, ફિર અહમિન્દ્ર લોકકી મહિમાકો ભી પાકર...**' જુઓ! એ કીધું છે. '**राजेन्द्रचक्रमवनीन्द्रशिरोर्चनीयम्**'. લ્યો. '**ઐસે ભગવાન તીર્થંકરકા ધર્મચક્ર પ્રાપ્ત કરકે...**' ધર્મ ચક્ર પ્રાપ્ત કરે છે. સમ્યગદૃષ્ટિ, જેને રાગનો આદર નથી, હેય જાણે છે અને આત્માના શુદ્ધ સ્વરૂપનો આદર કરે છે એને આવા પુણ્ય બંધાય જાય છે. એમ કહે છે. સમજાણું? પછી '**નિર્વાણકો પ્રાપ્ત હોતા હૈ.**' એક શ્લોકમાં ઘણું

નાખી દીધું. આમાં ભાઈ ઓલું આવ્યું છે. '**અનંતાનુબંધી કર્મકે અભાવસે સમ્યગ્દૃષ્ટિકે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ હોતા હૈ.**' આમાં નાખ્યું છે. આ ગાથામાં નાખ્યું. પંડિત છે પણ કેટલા પંડિતને ખોટા ઠરવવા છે તમારે? આ શ્લોકમાં નાખ્યું છે.

કહે છે કે ભગવાન આત્મા પરમ શુદ્ધ વીતરાગી મૂર્તિ આત્મા છે. એની જેને અંદર દૃષ્ટિ અને રુચિ થઈ એને પુણ્યના પરિણામનો પ્રેમ અને રુચિ હોતી નથી. છતાં એને પુણ્ય એવા બંધાય જાય છે કે દેવેન્દ્ર થાય, શક્રેન્દ્ર થાય અને ધર્મેન્દ્ર થાય. દેવેન્દ્ર એટલે દેવનો ઈન્દ્ર, શક્રેન્દ્ર એટલે ચક્રવર્તી અને ધર્મેન્દ્ર એટલે તીર્થંકર. અને અહમિન્દ્ર. લ્યો, ચાર લીધું છે. દેવેન્દ્ર, શક્રેન્દ્ર, અહમિન્દ્ર પછી ધર્મેન્દ્ર. સમજાણું?

મુમુક્ષુ :- આ સમ્યગ્દર્શનકી મહિમા...

ઉત્તર :- સમ્યગ્દર્શનકી મહિમા. વાત ઈ છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એની જેને અંતર દૃષ્ટિનો આદર થઈને અનુભવ થયો એને પુણ્ય અને પાપના વિકલ્પનો પ્રેમ હોતો નથી. અને પ્રેમ હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે. તે સમ્યગ્દૃષ્ટિ નથી. છતાં એને આવા પુણ્ય બંધાયા વિના રહેતા નથી. એમ કહે છે. આહાહા..! દેવચંદજી! તેથી કહ્યું છે ને, સમ્યગ્દર્શન સમાન ત્રિલોકમાં કોઈ ઊંચી ચીજ નથી. એમ કહ્યું છે. અને મિથ્યાત્વ સમાન કોઈ જગતમાં નીચ ચીજ નથી. કહો, સમ્યગ્દર્શન સમાન ત્રણ લોકમાં કોઈ ઊંચી ચીજ નથી. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એણે જે આત્મા કહ્યો, સર્વજ્ઞે આત્મા કહ્યો. સમજાણું? ઘણું લખાણ છે. નામ છે છ-સાત કાંઈક. સર્વજ્ઞે કહેલું તત્ત્વ, સર્વજ્ઞે કહેલો આત્મા, સર્વજ્ઞે કહેલા છ દ્રવ્યો, ભગવાન પરમેશ્વરે કહેલા, એમણે કહેલો આત્મા એવો આત્મા શુદ્ધ અનંત ગુણનો પિંડ પ્રભુ, એની અંતરમાં જેણે દૃષ્ટિ કરી છે, અનુભવથી પ્રતીત કરી એને પુણ્ય અને વિકલ્પનો પ્રેમ હોતો નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એનો પ્રેમ હોતો નથી એમ કહે છે. આહાહા..! કહો, સુમેરચંદજી!

મુમુક્ષુ :- કેટલો બધો લાભ..

ઉત્તર :- લાભ, આત્માનો લાભ કે તીર્થંકરનો લાભ થયો એમાં? કહો, સમજાણું આમાં?

જુઓને! અહીં શું કહે છે? કર્મ પ્રકૃતિ પણ બૂરી જાણીને. શુભ કે અશુભ કર્મના ઉદયના સમીપમાં જાવું, શુભ હો કે અશુભ બધું ભૂંડું છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે પ્રભુ, ભાઈ! આ આત્મા છે એ તો જ્ઞાન અને આનંદની ખાણ છે. આત્મા જે છે એ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની ખાણ છે. એની જેને દૃષ્ટિ થઈ અને એનું જેને ભાન અને જ્ઞાન થયું એને કર્મની પ્રકૃતિ છે એ તો પુણ્ય-પાપના બંધનની ખાણ છે. એના સમીપમાં જવાની દૃષ્ટિ જ્ઞાનીને હોતી નથી. આમ કહે છે. કહો, સમજાણું આમાં?

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે, આ આત્મા એટલે કે અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ, પરમ આનંદ અને પરમ શાંતસ્વરૂપ, એને આત્મા કહીએ. એવા આત્માની જેને અંતર રુચિ અને દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દૃષ્ટિ ધર્મી કહેવામાં આવે છે. એ પુણ્ય અને પાપની પ્રકૃતિને પરમાર્થે બૂરી જાણી '**તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.**' ચિત્તગતમ રાગ નથી કરતો. આવ્યું હતું ને કાલે? મનમાં પણ શુભભાવ પ્રત્યે રુચિ કરતો નથી. ચિત્તગત- ચિત્તમાં પણ તેનો આદર નથી. કાયાથી તેનો સંસર્ગ પરિચય નથી કે આ રાગ ઠીક છે. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! વીતરાગમાર્ગમાં રાગ તે પરમાર્થે આદરણીય ન હોય. તો તો એ વીતરાગ માર્ગ જ રહ્યો નહિ. સમજાણું?

અહો..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપનો જ્ઞાનનો સાગર છે. આત્મા એટલે કેવળજ્ઞાનની ખાણ છે. એમાંથી કેવળજ્ઞાન પ્રગટે એવી એ ખાણ છે. અતીન્દ્રિય આનંદ પ્રગટે એવી ખાણ છે. એવા આત્માની જેને રુચિ અને દૃષ્ટિ થઈ એવા ધર્મીને પુણ્ય-પાપના પરિણામનો પ્રેમ, એના સમીપની એક્તા કરવી એવો ભાવ હોતો નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**બધીયે કર્મપ્રકૃતિને...**' બધીમાં તીર્થંકર પ્રકૃતિ ને બધું આવતું હશે કે નહિ એમાં? '**પરમાર્થે બૂરી જાણીને તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી.**' ભગવાન આત્મા અરાગી વીતરાગી ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે. વસ્તુ-વસ્તુ. એવી આત્મવસ્તુની પ્રીતિ અને પ્રેમમાં પ્રકૃતિનો પ્રેમ એને હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? જેટલી પ્રકૃતિ અને એના ફળેલા ભાવ. આ શરીર, સુંદરતા, ઈન્દ્રિયો, બહાર આબરૂ, જશ, કીર્તિ, અપજશ આદિ. બહારમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, સંયોગ, અનુકૂળ, પ્રતિકુળ એ બધા કર્મ પ્રકૃતિના ફળ છે. એમાં જ્ઞાનીને પ્રેમ હોતો નથી. આહાહા..! કર્મના ફળમાં પ્રેમ હોય તો એને આત્મ સ્વભાવમાં પ્રેમ છે નહિ. એમ વાત છે. એક મ્યાનમાં બે (તરવાર ન રહે). આહાહા..! જેને કર્મના નિમિત્તથી થયેલો જેટલો વૈભવ. શુભ-અશુભ પરિણામ, શરીર, સ્ત્રી, કુટુંબ, આબરૂ, ખાવા-પીવાના સાધનો કે મકાનના બેસવાના સૂવાના સુંવાળા કપડા, લાકડા. કપડા લાકડા આ બધું આમ એકલી ખાણ. કર્મની પ્રકૃતિનો જેટલો વૈભવ છે એ બધામાં ધર્મની રુચિવાળાને તે પર્યાયમાં એને પ્રેમ હોતો નથી. એમ કહે છે. કહો, શશીભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુખી આત્મામાં થાવું છે? ક્યાં બહારમાં ધૂળમાં સુખ છે? ધર્મ કરશે તે સુખી થશે. મરે ત્યારે લખે છે ને? એમ એ કહે છે. એ તો વાતું લખે છે. ધર્મ કરશે સુખી થશે આપણે કાંઈ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરિણામ થાય એની પર્યાયમાં, પણ એ બંધનું કારણ છેય એમ. આત્માની દશામાં, અવસ્થા એની. પણ છે એ બંધનું કારણ. એમ કહે છે. એ આત્માની દૃષ્ટિવાળો એનો આદર કરતો નથી. શું થયું હવે? પૈસા છે ને એના મામાના દિકરાને. ચાલીસ કરોડ. અંબાલાલભાઈ! સાંભળ્યું છે? એના મામાનો દીકરો છે શાંતિલાલ ખુશાલ, ગોવામાં. એના મામાના દિકરા છે સગા. ચાલીસ કરોડ. એક લાખની પેદાશ.

મુમુક્ષુ :- ચાલીસ અબજ હોય તો?

ઉત્તર :- ચાલીસ અબજ હોય તો પણ કાંકરા છે, ધૂળ છે. સુખી છે કે નહિ કાંઈ? એમ કહે છે કે બધા કેટલા સુખ છે. ચાલીસ કરોડ અને એક લાખની પેદાશ અને ૭૮ લાખની જમીન લીધી હમણાં. એમાં એક અબજનું એલ્યુમિનિયમ નીકળ્યું. એક અબજનું. દશાશ્રીમાળીમાં આટલા પૈસા તો કોઈ દિ' સાંભળ્યા નહોતા. સુખી હશે ને એ? મગનભાઈ!

મુમુક્ષુ :- થોડા હતા ત્યારે સુખી હતા ને.

ઉત્તર :- ધૂળમાંય સુખી (નથી). થોડામાં પણ નહોતો અને ઘણામાં પણ નથી. એમાં સુખ કે દિ' હતું. એ તો કર્મની પ્રકૃતિના બધા ભાવો. એ કોઈપણ કર્મની પ્રકૃતિનો અંદરનો ભાવ, બંધનો ભાવ કે ફળનો ભાવ એમાં ત્રણેમાં ક્યાંય જો પ્રીતિ (થાય તો) એ પર્યાય બુદ્ધિ થઈ. એમાં પ્રેમ અને રુચિ હોય એને ભગવાન આત્માના સ્વભાવની રુચિ નથી. એક વાત છે. એક મ્યાનમાં બે ન રહે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનમાં બધી રુચિ હોય?

ઉત્તર :- બધીયે એકેય રુચિ હોતી નથી પરની. એકલો આત્મા આનંદની એની રુચિ હોય છે. કહો, સમજાણું આમાં?

આવે છે ને? કેવા? ભરતજી ઘરમાં વૈરાગી. છન્નું હજાર સ્ત્રી અને મણિરત્નના સિંહાસન. મારી પ્રેમાળ ચીજ તો વસ્તુ આનંદ શુદ્ધ આત્મા છે. મારો પ્રેમ કોઈ લુંટી જાય એવી કોઈ જગતમાં ચીજ છે નહિ. એવા છ ખંડમાં પડ્યો, હોં! પડ્યો એમ કહેવાય. પડ્યો છે ક્યાં? પડ્યો છે તો આત્મામાં. પણ ભાષા શું કહે? આહાહા..! જેને આત્મા શુદ્ધ આત્માનો જ્યાં અંતર આદર થયો છે, એને જગતના કર્મના ફળરૂપે શુભ-અશુભભાવ, ભલે આત્માની દશામાં થાય, પણ એ વિકૃતભાવ અને તેના બંધરૂપે ભાવ અને તેના ફળરૂપે બાહ્ય. બહાર તો આમ ઢગલા દેખાય. ઓહોહો..! મારી નાખે ને પણ. બાપા! એ ઉદય આવે અને આમ ઢગલા દેખાય. ધૂળમાંય નથી કાંઈ, સાંભળને! તારો આત્મા ત્યાં લક્ષ કરે તો લુંટાય છે. એ પરમાં લક્ષ કરે ત્યાં લુંટાય છે. આહાહા..! પરવસ્તુનો આશ્રય કરે ત્યાં વિકલ્પ ઉઠે છે રાગ. રાગ એ દુઃખદાયક છે. શેઠિયા બધા દુઃખી, ધૂળમાંય કાંઈ સુખ નથી.

મુમુક્ષુ :- બીજા લોકો...

ઉત્તર :- દુનિયા કહે અજ્ઞાની બીજા એને. એમાં એના કાળજા જોવે તો એને ખદબદ ખદબદ થાતું હોય કંઈક. અંબાલાલભાઈ! અંબાલાલભાઈને બધી ખબર છે ને હવે તો. એણે તો ઘણું જોયું ને. ક્યાંય સખ ન મળે. પૈસાવાળાને સખ નહિ. બધા કલ્પનાની હોળીએ સળગતા હોય છે. આહાહા..!

એ જ કહે છે કે આહા..! જેને આત્મા રુચ્યો છે ભાઈ! એ આત્મા અનંત કેવળજ્ઞાનની ખાણ છે આત્મા. એ કેવળજ્ઞાન અને અનંત આનંદ પ્રગટે ક્યાંથી? બહારથી આવે છે. એ અંદરમાં સ્વભાવ પડ્યો છે. એકલો જ્ઞાન... એકલો જ્ઞાન... એકલો જ્ઞાન.. સ્વભાવનું સત્ત્વ. એકલો આનંદનું સત્ત્વ. સત્‌નું સત્ત્વ, એકલો આનંદનો રસ. પૂર્ણ એવા અનંત ગુણનો રસ સત્ત્વ એવો જે ભગવાન આત્મા એનો જેને અંતરમાં પ્રેમ છે, પ્રીતિ છે. આવે છે ને? નિર્જરા અધિકારમાં નથી આવતું? એમાં પ્રીતિ કર. નથી આવતું? નિર્જરા અધિકારમાં. તે દિ' વાંચ્યું હતું અને એ અમદાવાદમાં. (સંવત) ૨૦૧૩ની સાલમાં.

ભગવાન આત્મામાં પ્રીતિ કર, ભાઈ! પ્રીતિ કરવા જેવું જગતમાં કોઈ સ્થાન છે નહિ. તારો અંદર ભગવાન બિરાજે છે સચ્ચિદાનંદ પ્રભુ છે ને. ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા પણ જેની વ્યાખ્યા પૂરી કરી શકતા નથી. જે સ્વરૂપ.. આવે છે ને શ્રીમદ્‌માં? 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ પણ તે શ્રી...' આવે છે ને? અંબાલાલભાઈ! શું પણ ઈ વસ્તુ જ એવી અલૌકિક આત્મા.

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

કેવળજ્ઞાન પ્રગટ ક્યારે થશે? સમજાણું કાંઈ?

અરે..! ભગવાન આત્માની મહિમા નહિ અને એને જગતના પુણ્ય-પાપ અને એના ફળની મહિમા, એ લૂંટાઈ ગયો છે, ભાઈ! સમજાય છે કાંઈ? એ એને ચોર લૂંટે છે. એ શુભ-અશુભભાવ, એના બંધન અને એના ફળ બધા ચોર છે. એને મારા માનવા (એમાં) લૂંટાઈ જા છો, ભાઈ! તારી ઋદ્ધિ લુંટાઈ છે. આહાહા..! કહે છે કે અહીં અરાગી જ્ઞાની શબ્દ ઉપરથી આખું આ ચાલે છે અત્યારે. આહાહા..!

વસ્તુ ચિદાનંદ ભગવાન શુદ્ધ પ્રભુ, એનો જેને પ્રેમ અને એકાગ્ર દૃષ્ટિ થઈ છે, એવા

ધર્મીને અરાગી કહીએ છીએ. એને રાગ છે નહિ. શુભ-અશુભ હોવા છતાં નથી. કેમ કે એનો પ્રેમ નથી. પ્રેમ નથી માટે એના નથી, એ ભિન્ન રહી જાય છે. આહાહા..! શુભરાગ આવે, એ વ્યવહાર રત્નત્રય એનાથી દૃષ્ટિ નિશ્ચય ભિન્ન રહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એ કર્મ પ્રકૃતિ પરમાર્થે બધી હોં! પાછી બધી કીધી ને? કોઈપણ અંશ રાગનો કે પ્રકૃતિ કોઈ તીર્થંકર પ્રકૃતિ હોય તો એનું બાહ્ય ફળ, બધાય આત્માના સ્વભાવથી ઊંધા ઊલ્ટા છે. તેની સાથે રાગ એટલે ચિત્તમાં પ્રશંસા અને કાયાદિ વાણી દ્વારા સંસર્ગ કરે કે ઠીક છે, એવું જ્ઞાની કહેતો નથી, જ્ઞાની માનતો નથી. ભાઈ! આત્માના શાંત સ્વભાવ સિવાય. એ વીતરાગી આત્માનું સ્વરૂપ છે, ભાઈ! અંતર તારું સ્વરૂપ છે. એના સિવાય ક્યાંય પ્રેમ કરવા જેવો નથી. સમજાણું?

'**ભાવાર્થ :- હાથીને પકડવા હાથણી રાખવામાં આવે છે;...**' આ જંગલી હાથીને પકડવો હોય ને તો એ હાથણીને શીખવે કે આમ આમ જાવું. '**હાથી કામાંધ થયો થકો...**' કામાંધ. કામમાં આંધળો થયો થકો '**તે હાથણીરૂપી કૂટણી...**' કૂટણી છે એ કાંઈ સારી નથી. એને બાંધવા માટે આવે છે. ખરાબ છે. '**સાથે રાગ તથા સંસર્ગ કરે છે...**' કામાંધ થયો થકો. વળી ગુલ ગુલ ગુલ કરે ત્યાં એને થાય કે આહા..! એને શરીરના સ્પર્શ કરવા આંધળો થઈ જાય છે. '**તેથી પકડાઈ જઈને...**' ત્યાં પકડે છે માણસો એને. કાં ખાડામાં નાખે. મોટો ખાડો હોય એમાં વાંસડા હોય મોટા. ઉપર હાથણીનું ચિત્ર હોય. એને પકડવા જાય ત્યાં પડે ખાડામાં હેઠે. આહાહા..! એમ ભગવાન આત્મા... '**પરાધીન થઈને દુઃખ ભોગવે છે,...**' એ હાથી. ભાઈ! સમજાણું? '**અને જો ચતુર હાથી હોય...**' જુઓ! ડાહ્યો હાથી હોય '**તો તેની સાથે રાગ તથા સંસર્ગ કરતો નથી;...**' દૂરથી એની સામું જોતો જ નથી.

'**તેવી રીતે અજ્ઞાની જીવ...**' એ વાત કરી. પાઠમાં તો એકની વાત છે. એમાંથી સમજાવ્યું. સમજાવે તો ખરી ને. સમજાવે તો બેય વાત સમજાવે. '**અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિને સારી સમજીને...**' કંઈ પણ શુભ કરશું તો સારું બંધાશે અને એને લઈને સારું થશે. એમ અજ્ઞાની માને છે. '**કર્મપ્રકૃતિને સારી સમજીને તેની સાથે રાગ...**' ચિત્તમાં ભગવાન આત્માના જ્ઞાયક સ્વભાવને ભૂલી અને અજ્ઞાની એવા વિકલ્પમાં રાગ કરે છે અને સંસર્ગ નામ પરિચય કરે છે. વારંવાર તેની પ્રશંસા આદિમાં જોડાય છે.

'**તેથી બંધમાં પડી પરાધીન થઈને સંસારના દુઃખ ભોગવે છે,...**' તેથી બંધમાં પડી, ચાર ગતિના દુઃખો ભોગવે છે. '**અને જો જ્ઞાની હોય તો તેની સાથે રાગ તથા સંસર્ગ કદી કરતો નથી.**' કોની સાથે? કર્મ પ્રકૃતિની સાથે. ચાહે તો શુભ પ્રકૃતિઓનો

શુભભાવ થાવ કે અશુભભાવ (થાઓ), કોઈની સાથે સંસર્ગ અને પ્રેમ કરતો નથી. સમ્યગ્દષ્ટિ થયો ત્યારથી તેને પુણ્ય-પાપનો પ્રેમ રહેતો નથી. સમજાણું? બે પ્રેમ હોય? આત્માનો પ્રેમ અને પુણ્યનો પ્રેમ? બેય વિરોધ છે. એમ. મગનભાઈ! આહાહા..!

વીતરાગ માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલો સર્વજ્ઞદેવે, જગતને સાંભળવા મળે નહિ. એટલે સમજે ક્યાંથી? ઓહો..! ચૈતન્ય સ્વભાવ સાગર મોટો, અતીન્દ્રિય આનંદનો સાગર. અરૂપી છે ને, એમ જાણીને અરૂપી છે માટે કાંઈ નહિ. એ જ મૂળ છે. આ બધાને નક્કી કરનાર કોણ છે? આ શરીર છે, આ રાગ છે એને જાણનારો કોણ છે? જાણનાર તો પોતે છે મુખ્ય. સમજાણું? ઊર્ધ્વતાની વ્યાખ્યા કરી હતી ને ત્યાં આપણે રાજકોટ. ઊર્ધ્વતા. શ્રીમદ્ કહ્યું ને ઊર્ધ્વતા. 'સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ.' ઊર્ધ્વતાની વ્યાખ્યા બહુ સારી કરી છે શ્રીમદ્. બહુ સરસ કરી છે. જેમાં પોતાના અવિદ્યમાનપણામાં કોઈ ચીજ જાણવામાં આવી શકે નહિ. દરેક ચીજને જાણવામાં પોતાની હયાતી હોય તો જણાય. મુખ્યતા-ઊર્ધ્વતા આત્માની થઈ ગઈ કે આ રાગ છે કે આ શરીર છે, આ ફલાણું છે. એ બધી જ્ઞાનભૂમિકામાં જણાય છે. તો જ્ઞાનની અધિકતા અને મુખ્યતા થઈ ગઈ. એ ઊર્ધ્વતા એવો ભગવાન આત્માનો સ્વભાવ છે. દરેકથી ભિન્ન પોતાના જ્ઞાનની વિદ્યમાનતામાં બીજું જાણવામાં આવે. પણ બીજું જાણવામાં આવે એ બીજારૂપ જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વરૂપ એ રાગને જાણે અને આ રાગ છે એમ તો જ્ઞાનની વિદ્યમાનતામાં જણાણું. ખરેખર તો જ્ઞાનનું દ્વિ-રૂપ થયું. જ્ઞાને જ્ઞાનને જાણ્યું અને જ્ઞાને રાગને જાણ્યું. એ તો જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ. ત્યાં રાગની પ્રસિદ્ધિ નથી. આ રાગ છે, આ દ્વેષ છે. પણ એ રાગ-દ્વેષ છે એ કઈ ભૂમિકામાં જણાણો? કોની અસ્તિમાં? કોની મર્યાદામાં? એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન એના મર્યાદામાં એ ક્ષેત્રમાં જણાણો. એ ક્ષેત્રના એ ભાવમાં જણાણો કે આ રાગ. એ જાણનાર રાગરૂપ નથી. સમજાણું કાંઈ?

એથી જ્ઞાની હોય તે આત્માના સ્વભાવની શુદ્ધતાની જ્યાં દૃષ્ટિ છે, પોતાનો પવિત્ર ધર્મ સ્વભાવ એવો જ્યાં અંતરમાં આદર કર્યો છે, એને રાગ અને સંસર્ગ પુણ્ય-પાપ ઉપર હોતો નથી. કહો, સમજાણું આ? અમે આ કર્યું, અમને આનાથી સારું ફળ આવશે. શું કરે છે? ભાઈ! વિકલ્પ પણ જ્યાં રાગ છે એમાં કોને કરે અને કોણ બોલે? કોણ ચાલે? આહાહા..! એ જડ જડથી બોલે, જડ જડથી શરીર ચાલે. એને આત્મા જાણે. સમજાણું? એથી ધર્મી આત્માના સ્વભાવની શુદ્ધ શ્રદ્ધા રાખનાર એવો જે ધર્મી એ પુણ્ય-પાપમાં રાગ તથા સંસર્ગ કરતો નથી.

**'હવે, બન્ને કર્મો બંધના કારણ છે અને નિષેધવાયોગ્ય છે...'** એટલે શું કહે છે?

કે એ બંધના કારણ છે પણ નિષેધવા યોગ્ય છે કે નહિ? વર્જનશીલ છે કે નહિ? આવે છે ને ઓલામાં? કળશટીકામાં આવે છે. કોઈ કહે કે આ પ્રકૃતિ એમ કે.. .. કાંઈક આવે છે હોં! વર્જનશીલ છે, વર્જનશીલ છે. એવું આવે છે હોં. સમજાણું? ક્યાંક આવે છે કળશમાં. વર્જનશીલ છે, નિષેધવા યોગ્ય છે. શેમાં આવે છે? કળશટીકા છે ને આ? આ પણ કળશ કેટલામો છે આ? ૧૦૩. ૧૦૩માં હશે? હોય ઈ ખરું. ક્યાંક આવે છે ખરું. ૧૦૩. .. વર્જનશીલ છે? કે વર્જનશીલ છે. આવ્યું લ્યો. ૧૦૮માં છે હોં! ૧૦૮ કળશ છે ને.

'**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે...**' શુભ-અશુભ પરિણામ. કળશટીકા છે ભાઈ! બહુ ઊંચી ચીજ છે આ, મર્મ છે. રમણીકભાઈ! સમજાણું આ? ઊંચી એટલે સમ્યક્ સત્ય વાત. બાકી બધી ઉપચારિક વાતું. આ સમજ્યા વિના એને એકેય એકડો સાચો થવાનો નથી. જુઓ! કહે છે. '**શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ પ્રશ્ન કરે તો... ભાઈ! કળશ છે એમાં. મોક્ષહેતુ તિરોધાના છે ને?

'**ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...**' કડક છે. છે ૧૦૮ કળશ. પાનું-૯૩. એ આ પુણ્ય-પાપનો જ અધિકાર છે. એનો જ ૧૦૮ કળશ છે. શુભ અને અશુભભાવ એ કરવાયોગ્ય નથી. એ તો ઠીક. શુભાશુભભાવ રાગ તે કરવા યોગ્ય નથી. પણ વર્જવાયોગ્ય પણ નથી. એમ છે? કે ના, ના. વર્જવાયોગ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું...**' ભાષા જુઓ! જેટલા પંચ મહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના પરિણામ વિકલ્પ છે બધો. દયા, દાનના શુભ વિકલ્પ પરિણામ એ વ્યવહાર ચારિત્ર હોતું થકું એ '**દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે;...**' કહેતા હતા ને સવારમાં? ભાઈ જુવાન છે ને. પાંચ પાંચ લઈ લ્યો, પછી આપણને લક્ષ્મી વરી જશે મોક્ષની. એવું હતું આકરું. પણ છેલ્લે તો નક્કી કર્યું કે આપણે સમાધિમરણે મરવું. મિથ્યાદષ્ટિ સહિત. એ સવારમાં વાત બધી કરતા હતા. નગ્ન સાધુ થઈ જવાના હતા. દિગંબર. વળી રહી ગયા બિચારા. નહિતર પડત ત્યાં કૂવામાં.

મુમુક્ષુ :- આપે ઉગારી લીધો.

ઉત્તર :- આહા..! ભાઈ! એ મૂળ ચીજ જ્યાં દૃષ્ટિમાં આવી નથી ત્યાં રમવું ક્યાં એની ખબર ન મળે, ઠરવું ક્યાં એની ખબર ન મળે. અને કેમાં ઠરવાથી મને શાંતિ મળે અને મોક્ષ મળે એની ખબર વસ્તુની ન મળે.

અહીં કહે છે કે શુભ-અશુભભાવ હોં! એમ કીધું, જુઓ! '**કોઈ જાણશે કે શુભ-**

**અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર...**' એમ કહ્યું છે આમાં. એ આમાં પણ આવશે હમણાં કળશમાં. '**તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષેધ છે એમ કહે છે.**' '**तत् निषिध्यते**' '**શુભ-અશુભ કરતૂત નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. એવું હોવાથી નિષિદ્ધ છે? નિષ્કર્મ-અવસ્થા, તેનું કારણ છે જીવનું શુદ્ધરૂપ પરિણમન તેનું ઘાતક છે, તેથી કરતૂત નિષિદ્ધ છે.**' લ્યો! ઘણાં બોલ, બહુ સરસ અર્થ કર્યા છે. સત્ય અર્થ એવા ભર્યા છે. તેથી બનારસીદાસે કહ્યું ને? 'પાંડે રાજમલ જૈન ધર્મી, સમયસાર નાટકના મર્મી.' એવું લખ્યું છે. બનારસીદાસ, હોં!

કોઈ કહે છે ને? '**કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે, તે યતિપણામાં મગ્ન થાય છે કે-અમે મોક્ષમાર્ગ પામ્યા, જે કાંઈ કરવાનું હતું તે કર્યું; તેથી તે જીવોને સમજાવે છે કે યતિપણાનો ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવો.**' એ તારી યતિની ક્રિયા કાંઈ મોક્ષનું કારણ છે નહિ. મરી જાય અઠ્યાવીસ મૂળગુણ પાળી પાળીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો .. લખ્યું છે ને. કહો, ન્યાલચંદભાઈ!

સાધુ થઈ, નગ્ન થઈ અને અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ પાળે. અહિંસા, સત્ય. અને આચરણ કરે, મહિના મહિનાના અપવાસ કરે. મરી જાને યતિક્રિયા કરી કરીને, એ તો શુભરાગ છે. એમાં કાંઈ ધર્મ-બર્મ નથી. આહાહા..! કહો, એ ઝેર છે. આકરી વાત જગતને એવી પડે છે. એમાં તો એ મોક્ષનો માર્ગ છે એમ માને છે. એમાં તો રુચિનો પ્રેમ છે એને. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ સર્વજ્ઞ ભગવાને કહ્યો એનો પ્રેમ નહિ, અને આવા વિકારનો પ્રેમ. હવે એને સંસારથી મુક્ત થાવું છે. મનુષ્યદેહથી મુક્ત થઈને જાશે રખડવા. આહાહા..! જુઓ! હવે કહે છે. સમજ્યાને? ૧૫૦ છે ને?

**रत्तो बंधदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो।**
**एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज।।१५०।।**

ભગવાન પરમેશ્વરનો આમ ઉપદેશ છે. આહાહા..! કુંદકુંદાચાર્ય પણ, રાગ કરવા જેવો નથી એ વાતમાં ભગવાનનો ઉપદેશ છે એમ નાખે છે. ભગવાન આમ કહે છે ને. ભાઈ! ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ સો ઈન્દ્રના પૂજનીક એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જેને જ્ઞાન છે. એ ભગવાન તો આમ કહે છે, ભાઈ! એ શુભરાગ વિકલ્પ જે છે એ કરવા જેવો નથી.

નીચે હરિગીત.

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,**
**-એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે; ૧૫૦.**

વૈરાગ્યની વ્યાખ્યા બીજી, હોં! આ ઓલા લોકો વૈરાગ્ય કહે છે એ વૈરાગ્ય નહિ. આ તો શુભ-અશુભ પુણ્ય-પાપનો રાગ, એનાથી છૂટીને આત્માની દૃષ્ટિમાં સ્થિર થવું એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે આ બાયડી-છોકરા છોડીને કષાયમાં (બળે) એ વૈરાગ્ય નહિ. એવા વૈરાગ્ય તો અજ્ઞાન મોહગર્ભિત વૈરાગ્ય છે. એ કહેશે, જુઓ! 'એ જિન તણો ઉપદેશ'- અનંત વીતરાગ પરમેશ્વરનો ત્રિલોકનાથ તીર્થંકરદેવનો એ ઉપદેશ (છે). તેથી ન રાચ તુંકર્મો વિષે. તેથી તું શુભ અને અશુભ રાગમાં પ્રીતિ કર નહિ.

'**ટીકા :-**' એની ટીકા છે ને? '**રાગી અવશ્ય કર્મ બાંધે...**' એ પછી શુભ-અશુભ રાગ એની કાંઈ વિશેષતા નથી. શુભ કે અશુભ બેય વિકલ્પ અને રાગ છે. રાગી અવશ્ય કર્મ બાંધે. '**વિરક્ત અર્થાત્ વિરાગી જ કર્મથી છૂટે...**' વિરાગીની વ્યાખ્યા. શુભ અને અશુભ જે રાગ છે તેનાથી વિરાગ છે. તેનો જેને પ્રેમ નથી. જેને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો પ્રેમ છે એથી તેને પુણ્ય અને વિકલ્પનો પ્રેમ નથી તેને વૈરાગી કહેવામાં આવે છે. આહાહા..! આને વૈરાગી (કહે). ઓલા તો કહે, વૈરાગ્ય લીધો. શેમાં? ધૂળમાં વૈરાગ્ય? હજી તો પુણ્યના તો પ્રેમ છે. વૈરાગ્ય ક્યાંથી લાવ્યો? વૈરાગ એટલે રાગની રુચિ વિનાનો ભાવ તેને વૈરાગ્ય કહેવાય છે. સમજાણું કાંઈ? માંગીરામજી! પેલા કહે, વૈરાગી તો છે.. વૈરાગી તો છે. શેનો વૈરાગી પણ? જેને આત્મામાં થતાં શુભ અને અશુભભાવ, પુણ્ય-પાપનો શુભ-અશુભ આદિ વિકલ્પ, એનો જેને પ્રેમ નથી. ત્યાંથી ખસીને આત્માનો પ્રેમ કર્યો છે એને વૈરાગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી બધા વેરાગી કહેવાય. રખડનારા. આહાહા..!

કહે છે, '**રક્ત અર્થાત્ રાગી અવશ્ય કર્મ બાંધે અને વિરક્ત અર્થાત્ વિરાગી...**' જુઓ! વિરક્તની વ્યાખ્યા કરી. વિરક્ત-પુણ્યનો પ્રેમ નથી, પુણ્યથી વિરક્ત છે. આત્મામાં રક્ત છે અને પુણ્યથી વિરક્ત છે. એ '**વિરાગી જ કર્મથી છૂટે. એવું જે આગમવચન છે...**' ભગવાનનું વચન છે. એમ ઓલામાં જિનોક્તમાં કીધું હતું ને? જિનોક્ત ઉપદેશ. એ અહીં આગમ કહ્યું. એવું આગમનું વચન છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવનું આગમવચન આ છે કે શુભ અને અશુભ બેય રાગ બંધનના કારણ છે. એનાથી જરૂર કર્મ જ બંધાય છે. અને વિરક્ત તે કર્મથી છૂટે છે. શુભ અને અશુભ પરિણામથી વિરક્ત છે, જુદો થઈને આત્માના રુચિના પ્રેમમાં પડ્યો છે, એ જ કર્મથી છૂટે છે. બાકી કોઈ બંધનમાંથી છૂટતો નથી.

**'તે, સામાન્યપણે...'** શું સામાન્યપણે? આ રાગીપણાના નિમિત્તપણાને લીધે. કહે છે કે રાગથી બંધાય એ સામાન્યમાં બે શુભ-અશુભભાવ આવી જાય. એમાં વળી શુભ છે તે રાગ નથી અને અશુભ છે તે રાગ, એવું કાંઈ નથી. **'સામાન્યપણે...'** નામ સંક્ષેપમાં **'રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે...'** શુભ-અશુભ બેય કાર્યને સામાન્યપણે ભેદ પાડ્યા વિના. અવિશેષ એટલે ભેદ પાડ્યા વિના **'બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે.'** શુભ અને અશુભભાવ બેય બંધના કારણ તરીકે પરમેશ્વર ફરમાવે છે. આગમે કહ્યું, પરમેશ્વરની વાણીમાં આવ્યું, પરમેશ્વરે એમ જાણ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

**'સામાન્યપણે, રાગીપણાના...'** રાગી કીધું ત્યાં સામાન્યમાં શુભ અને અશુભ બેય આવી ગયા, એમ કહે છે. વળી શુભભાવ તે કાંઈક ધર્મ છે અને અશુભ તે પાપ છે એમ નહિ. શુભ તે પુણ્ય છે માટે કાંઈક ધર્મ છે, પાપનો અભાવ થયો અને શુભ થયો માટે ધર્મ છે એમ નહિ. બેય રાગ છે. આહાહા..! આકરી વાત જગતને. વીતરાગ માર્ગનું વચન સાંભળવું કઠણ પડે. કાયરને તો.. શ્રીમદ્દે કહ્યું ને, 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,...' જુઓ! એ શાંતરસનું નામ અકષાયભાવરૂપ. જેટલો પુણ્ય-પાપનો ભાવ બધો અશાંતરસ છે. 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ...' અકષાય સ્વભાવ, એને બતાવનારા છે. 'ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' આહાહા..! આ બધું પણ શુભ અને અશુભ બધો નિષેધ? પુરુષાર્થહિન નપુંસકને તો આમ એવું લાગે એને. કાયર-કાયર. કાયરને પ્રતિકૂળ લાગે. આવું તે હોય? આવો તે માર્ગ હોય કાંઈ?

મુમુક્ષુ :- જયસેનાચાર્ય...

ઉત્તર :- બધું કહ્યું, ... છે.

**'રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બન્ને કર્મને અવિશેષપણે...'** ભેદ પાડ્યા વિના કે શુભ અને અશુભ બેય રાગ છે. **'બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે...'** કોણ? ભગવાનનું વચન. વીતરાગનું વચન. તે વચન તે આગમ એમ છે. જિનોપદેશ આવ્યું હતું ને આમાં? જિનનો ઉપદેશ છે. વીતરાગભાવે જાણ્યું હતું તો જાણ્યું. પણ એનો ઉપદેશ જે વાણી નીકળી દિવ્યધ્વનિ ભગવાનની, એમાં એ આવ્યું હતું. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરની વાણીમાં એમ આવ્યું હતું. શુભ અને અશુભ બેય રાગ છે, એમાં કોઈ ફેર છે એમ છે નહિ. બેય સામાન્યપણે ફેર પડ્યા વિના બંધનનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ક્યાંય સૂઝ પડતી નથી. જાણે ક્યાં જાવું પણ આ છોડીને. એ કહેશે હોં! બધું કહેશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવી ગયું. એ કહે છે ને અહીં, એ કહે છે ને. શુભ પણ બંધ અને અશુભ પણ બંધ. બેય બંધ છે.

મુમુક્ષુ :- .. અશુભ બંધન તો આવી ગયું ને?

ઉત્તર :- અશુભ તો આવી ગયું નહિ. આ તો રાગ કીધો ત્યાં શુભભાવ પણ ભેગો આવી ગયો. એમ કહે છે. એમ કે અશુભરાગ તે જ રાગ એમ નહિ. શુભરાગ પણ (આવી ગયો). રાગ બંધનનું કારણ કહેતાં શુભરાગ અને અશુભરાગ બેય સામાન્યપણે એમાં આવી ગયા. શુભરાગ તે કાંઈક થોડું સંવર-નિર્જરાનું કારણ છે. શુભભાવ થોડો વિકલ્પ થોડો કાંઈક શુદ્ધનું કારણ છે અને અશુભ તે બંધનું કારણ એમ છે નહિ. એમ કહે છે. અત્યારે ચાલે છે ને બધું. શુભભાવને કાંઈક.. કાંઈક.. કાંઈક.. અંદર શુદ્ધિ થાય. આહાહા..! ધર્મીને શુભરાગ બંધનનું જ કારણ છે. .. કર્મવિરતી ત્યાં આવે છે. ત્યાં આસ્રવની વાત કરી.

જ્યાં સુધી રાગથી પૂર્ણ નિવૃત્તિને ન પામે ત્યાં સુધી જ્ઞાનીને જ્ઞાનધારા પણ હોય છે અને કર્મધારાના વિકલ્પ પણ હોય છે. જ્યાં સુધી કર્મવિરતી ત્યાં શબ્દ કર્મવિરતી પડ્યો છે. કર્મ શબ્દે રાગ છે. રાગની વિરતીને પૂર્ણ ન પામે ત્યાં સુધી એક સાથે બે રહેવામાં વિરોધ નથી. પણ જેટલે અંશે નિર્મળતા આનંદની પ્રગટી છે એટલે અંશે જ મુક્તિનું કારણ છે. જરીએ બંધનું કારણ એ નથી. અને જેટલે અંશે શુભરાગની કર્મની અવિરતી છે એટલે છૂટ્યો નથી એ બિલકુલ બંધનું કારણ છે, બિલકુલ સંવરનું કારણ નથી. બેને ભાગલા જુદા પાડ્યા છે. કહો, દેવચંદજી! સમ્યગ્દૃષ્ટિને. મુનિને પણ એમ. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યને અવલંબે જેટલો નિર્મળ આનંદ અને શાંતિ અરાગી દશા થઈ, બસ! એ જ્ઞાનદશા. એ જ મુક્તિનું કારણ. જેટલે અંશે પંચ મહાવ્રતનો વિકલ્પ આદિ ઉઠે એ કર્મ અવિરતી. કર્મની હજી નિવૃત્તિ થઈ નથી. એટલો રાગ છે. એ રાગ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- ... રુચિ નથી.

ઉત્તર :- રુચિ નથી પણ બંધનું કારણ છે.

ખરેખર તો એનામાં નથી, એની નથી પણ એ જ્યારે બતાવવું હોય, જ્યારે બતાવવું હોય કે હજી પૂર્ણ દશા થઈ નથી ત્યારે એમ બતાવે. જ્યાં સુધી કર્મની પૂર્ણ વિરતી થઈ નથી. કર્મ એટલે શુભાશુભ પરિણામ. શુભભાવથી પણ નિવૃત્તિ પામ્યો નથી ત્યાં સુધી એને શુભભાવ હોય, પણ છે એકાંત બંધનું કારણ. એકાંત બંધનું કારણ. એમાં જરીએ આત્માને શાંતિનું અને સમ્યગ્દર્શનું કારણ નથી. ભારે વાત. લુંટાઈ ગઈ. વીતરાગમાર્ગ લુંટી નાખ્યો. એ તો કાંઈ લુંટાતો નથી, હોં! એ તો છે ઈ છે.

એ આવ્યું હતું ને નહિ આપણે? અશક્ય. ઓલું નહોતું આવ્યું? રત્નકરંડ શ્રાવકાચારમાં નહોતું આવ્યું? જિનમાર્ગ તો જેમ છે એમ છે. અ.. જીવો વડે, એમ આવ્યું હતું ને? નહોતું આવ્યું આ? શું કહેવાય? કેટલામો આ બોલ નહોતો આવ્યો? રત્નકરંડ શ્રાવકાચારમાં આવ્યું હતું ને. જુઓ! ઉપગૂહન. 'મોક્ષમાર્ગ પોતે તો શુદ્ધ જ છે. તેની અશક્ત અને અજ્ઞાની જીવોને આશ્રયે થતી નિંદા.' એ તો છે એ છે. 'પણ અશક્ત અને અજ્ઞાની જીવોના આશ્રયે નિંદાને દૂર કરવી તેને ઉપગૂહન કહે છે.' એ રત્નકરંડ શ્રાવકાચાર.

મુમુક્ષુ :-

ઉત્તર :- ઉપગૂહન.

મોક્ષમાર્ગ તો ભગવાનનો છે એ છે. એને કોઈ હીણો કરી શકે એવું નથી. પણ અશક્ત અને અજ્ઞાની જીવો એવા માર્ગને બીજી રીતે ખતવતા હોય કે રાગની ક્રિયાથી શુભ કરતા કરતા થશે એવાઓને અજ્ઞાનીઓનું પડળ ખોલવા એણે સત્ય વાત એને કહેવી કે જો માર્ગ આ છે. ભાઈ! સમજાણું કાંઈ? એ સવારમાં આવ્યું હતું, નહિ? અજ્ઞાનનો ફેલાવ થતો હોય તો એને જેમ બને તેમ દૂર કરવો.

અહીં કહે છે, એ બન્ને કર્મને નિષેધે છે. આહાહા..! '**વિશેષપણે બંધના કારણ તરીકે સિદ્ધ કરે છે...**' બંધના કારણ તરીકે શુભાશુભને સિદ્ધ કરે છે '**અને તેથી બન્ને કર્મને નિષેધે છે.**' બન્ને શુભાશુભભાવ નિષેધવા લાયક છે. આદરવાલાયક છે નહિ. એ શ્લોક નથી. એ શ્લોક હવે આવ્યો ને? હવે આવ્યો, જુઓ!

**कर्म सर्वमपि सर्वविदो यद्**
**बन्धसाधनमुशन्त्यविशेषात्।**
**तेन सर्मपि तत्प्रिषिद्धं**
**ज्ञानमेव विहितंत शिवहेतुः।।१०३।।**

'**શ્લોકાર્થ :- કારણ કે સર્વજ્ઞદેવો...**' સર્વજ્ઞદેવ. ૧૦૩ કળશ. '**કારણ કે સર્વજ્ઞદેવો...**' પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન પરમેશ્વર પરમાત્માને છે. એ '**સમસ્ત (શુભ તેમ જ અશુભ) કર્મને...**' જુઓ! કર્મ શબ્દે આચરણ કરશે હોં! નીચે. '**અવિશેષપણે બંધનું સાધન કહે છે...**' શુભ-અશુભ બેય ભાવ વિકલ્પ, રાગ બેયને ભગવાન બંધનું કારણ કહે છે. આહાહા..! '**તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ) સમસ્ત કર્મને નિષેધ્યું છે...**' ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ શુભ કે અશુભ જેટલો વિકલ્પ અને રાગ હો, પ્રશસ્ત રાગ કે અપ્રશસ્ત રાગ, એ બધોય ભગવાને તો નિષેધ્યો છે. ન્યાલભાઈ! ભગવાન આમ કહે છે. વળી કહે કે ભગવાન સાચા વળી કહે. અને ભગવાનનું કહેલું માને નહિ.

તમેવ સત્યમ. હે મહારાજ! હે પ્રભુ! તમે કહો (એ સત્ય). પણ એ કહે છે કે શુભાશુભ પુણ્ય અને પાપના બેય (ભાવ) નિષેધ કરવા લાયક છે, આદરણીય નથી, બંધના કારણ છે એમ કહે છે. હા, મહારાજ! તમે કહેતા હો પણ છતાં અમને કાંઈક.. એ શુભભાવમાં કાંઈક લાભ, કાંઈક લાભ અમે માનીએ. વીતરાગથી વિરૂદ્ધ માનીએ. તમે ભલે એમ કહેતા હોય પણ અમે તો માનીએ.

'**સર્વજ્ઞદેવો સમસ્ત (શુભ તેમ જ અશુભ) કર્મને અવિશેષપણે...**' નામ સામાન્યપણે, વિશેષ નહિ ફેર પાડ્યા વિના '**બંધનું સાધન** (કારણ) **કહે છે તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ) સમસ્ત કર્મને નિષેધ્યું છે અને જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે.**' એ ચેતન્ય જ્ઞાનસ્વરૂપ અંદર એમાં એકાગ્ર થવું, જ્ઞાનમાં જ્ઞાનની શાંતિ અને એકાગ્ર થવું એ જ્ઞાનની એકાગ્રતા એક જ મોક્ષનું કારણ છે. જેટલો રાગાદિ વચમાં આવે એ બિલકુલ મોક્ષનું અને સંવર, નિર્જરાનું કારણ નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૨, સોમવાર તા. ૫-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૦૩-૧૦૪, ગાથા-૧૫૧, પ્રવચન-૨૩૭**

પુણ્ય-પાપ અધિકાર, સમયસાર. ૧૦૩ કળશ થઈ ગયા. '**જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે.**' છે ને ત્યાં સુધી? ૧૦૩. દર્શન અને ચારિત્ર ક્યાં ગયું? એય..! દીપચંદજી! છે? લખ્યું છે? શું લખ્યું છે? ક્યાં? નીચે હોય નહિ ક્યાંક. ૧૦૩ નીચે અર્થમાં. '**જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે.**' ગુજરાતી છે. હિન્દી નથી? હિન્દી નથી હાથ આવતું? અહીં જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. પછી દર્શન અને ચારિત્ર ક્યાં ગયા?

અહીં તો કહે છે કે આત્મામાં જેટલો શુભ અને અશુભ આચરણરૂપ ભાવ થાય એ બધો બંધનું કારણ છે. ધર્મનું કારણ નથી. વિકલ્પ જે શુભ આચરણરૂપ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા એ બધો વિકલ્પ શુભ આચરણ આત્માના જ્ઞાનસ્વરૂપ નથી. એટલે કે આત્માના સ્વભાવસ્વરૂપ નથી. સમજાણું? આ માણસને કઠણ પડે છે. નિમિત્ત અને વ્યવહાર બે બહુ નડે છે. નિમિત્તથી કાંઈક થાય નહિ અને વ્યવહારથી આત્માને લાભ થાય નહિ. હવે ત્યારે કરવું શું પણ? એ જ કહે છે, જુઓ!

'**સર્વજ્ઞદેવોએ સમસ્ત કર્મને નિષેધ્યું છે...**' કર્મ એટલે કાર્ય, હોં! શુભ-અશુભ પરિણામ. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ ચિંતવન, સ્મરણ એવો જે શુભરાગ, એ બધો શુભરાગ છે. એ બધા કાર્યોને આત્માના મોક્ષમાર્ગમાં નિષેધ્યું છે. '**જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે.**' એટલે કે જ્ઞાન એટલે કે આત્માનો જે શુદ્ધ સ્વભાવ એ જ્ઞાન શબ્દે રાગને નહિ. એમ. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની શુદ્ધતાની એકાગ્રતા, એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એની રમણતા એ જ્ઞાનસ્વભાવની દશા, ત્રણ જ્ઞાન સ્વભાવની દશા છે. જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની પ્રતીત અને જ્ઞાનની લીનતા એ આત્માના જ્ઞાનસ્વભાવની ત્રણ દશા છે. તે જ્ઞાનસ્વરૂપ જ છે. એ જ્ઞાનને જ મોક્ષનું કારણ ભગવાને ફરમાવ્યું છે. કહો, સમજાણું? એ જ્ઞાન શબ્દે એમાં દર્શન-ચારિત્ર ત્રણે આવી ગયા. પણ કયું દર્શન-ચારિત્ર? કે આત્મા શુદ્ધ સ્વભાવ (છે) એનું અંતર જ્ઞાન, એની શ્રદ્ધા અને એની રમણતા એ ત્રણે જ્ઞાનની દશા છે. દશા એટલે આત્માના સ્વભાવની દશા છે. એ રાગની દશા નથી. એમ.

મુમુક્ષુ :- જ્ઞાનમાં દર્શન-ચારિત્ર આવી ગયું.

ઉત્તર :- બધું આવી ગયું. અંદર સ્વરૂપમાં એકાગ્રતા (થઈ) એમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણે (આવી ગયા). નિર્વિકલ્પ જ્ઞાનનું વેદન, જ્ઞાનની પ્રતીત અને જ્ઞાનની લીનતા એ ત્રણે

જ્ઞાનદશા છે. ભારે કઠણ પડે છે લોકોને. સમજાણું? શરણ એ છે. એ સિવાય કોઈ શરણ નથી. **'જો સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું...'** પછી કરવું શું ત્યારે? હવે જે કરવાનું છે એનો તો તમે નિષેધ કર્યો. એનો તો નિષેધ કર્યો. વ્રત કરવા, તપ કરવું, આમ કરવું, દયા પાળવી, શાસ્ત્રાભ્યાસ કરવો, લ્યો. એ શાસ્ત્ર અભ્યાસ છે ને. એ તો વિકલ્પ છે. શાસ્ત્ર અભ્યાસ વિકલ્પ છે. શાસ્ત્રમાં જાતી બુદ્ધિ વ્યભિચારણી છે. તો અમારે કરવું શું ત્યારે? સમજાણું કાંઈ?

ભાઈ! **'સમસ્ત કર્મ નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને...'** લીધું છે. અને ભાઈએ તો બેય લીધા છે. સમયસાર નાટક. બનારસીદાસે. દેશવિરતિ અને મુનિ. બેયના જ્યારે વિકલ્પોનો ત્યાગ તમે કહો છો, એ ધર્મ નહિ ત્યારે એને શરણ શું? શ્રાવકને શરણ શું? શ્રાવકે શું કરવું? એમ. સમજાય છે? આ શ્લોકના અર્થમાં બનારસીદાસે લીધું છે. આ હવે આવશે એ, હોં! શરણ કોનું? **'હવેના કળશમાં કહે છે :-'** ૧૦૪.

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं**
**स्वयं विन्दन्त्येते परमममृतं तत्र निरताः।।१०४।।**

**'શ્લોકાર્થ :- શુભ આચરણરૂપ કર્મ...'** છે પુસ્તક? આપજો સમયસાર. ૧૦૪ કળશનો અર્થ. શું કહ્યું? **'શુભ આચરણરૂપ કર્મ...'** કર્મ એટલે કાર્ય. જુઓ! શબ્દ ચોખ્ખો લીધો છે-આચરણ. દયા, દાન, વ્રત, પૂજા, તપ, સંયમ એવો જે વિકલ્પ. આ કરવું... આ કરવું... આ કરવું... એ બધો શુભ આચરણરૂપ કર્મ નામ રાગભાવ છે. સમજાણું? **'અને અશુભ આચરણરૂપ કર્મ-'** હિંસા, જૂઠું, ચોરી, વિષય, કામ, ક્રોધના પરિણામ એ બધા અશુભ આચરણરૂપ કાર્ય વિકાર છે. **'એવા સમસ્ત કર્મોનો નિષેધ કરવામાં આવતાં...'** મહારાજ! આપે બધા કાર્યોનો નિષેધ કર્યો કે એ ધર્મ નહિ... ધર્મ નહિ... ધર્મ નહિ... ધર્મ નહિ. શુભ દયાનો ભાવ કે ધર્મ નહિ, કોમળતાનો ભાવ તો ધર્મ નહિ. એઈ..! જુગરાજજી! આ સેવા કરવાનો ભાવ તે ધર્મ નહિ.

મુમુક્ષુ :- કોની સેવા?

ઉત્તર :- આ માણસની સેવા. આ બધા નીકળ્યા હોય ને કાર્યકર્તાઓ. એ ભાવ, હોં! સેવા કરી શકે એ પ્રશ્ન નથી અહીં.

મુમુક્ષુ :- એ આચરણ...

ઉત્તર :- એ આચરણ શુભભાવ. સમજાણું કાંઈ? વાત એમ છે, જ્ઞાનસ્વરૂપ આત્મા,

જ્ઞાનસ્વભાવ વસ્તુ જ છે. એમાં જેટલી વૃત્તિનું ઉત્થાન થાય આ કરું.. આ કરું.. દયા પાળું, ભક્તિ કરું, હિંસા ન કરું, કોઈને દુઃખ ન દઉં, સુખ દઉં, હિંસા ન કરું, અહિંસા (પાળું), એ બધા વિકલ્પો શુભરાગની વૃત્તિ છે. એ આત્મઆચરણ નથી. સમજાણું? રાગ છે. વિભાવરૂપ, વિભાવરૂપ આચરણ છે. એનો નિષેધ કર્યો પણ ત્યારે અહીં પાછુ અવલંબન બતાવશે.

બીજા તો કહે છે. કહ્યું હતું ને? ભાઈ! આ વિકલ્પ ન કરું... ન કરું. પણ અવલંબન કોનું લેવું? વસ્તુ શું? આ રજનીશનું. એ અહીં બતાવે છે. એમ ને એમ વિકલ્પ નાશ કરવો એમ નહિ. અંદર વસ્તુ એક સમયમાં અખંડાનંદ પૂર્ણ ચૈતન્ય અહીં હોં! આખું. બધા થઈને નહિ. દેવચંદજી! વિકલ્પ તોડો, વિકલ્પ તોડો. પણ વિકલ્પ તોડો કોના અસ્તિત્વમાં રહીને? કોના અવલંબનમાં રહીને? એ જેનું અવલંબન લે એ વસ્તુ શું? એનું ક્ષેત્ર કેટલું? એનો ભાવ કેટલો? એની શક્તિઓ કેટલી? એનું ટકવું ત્રિકાળ કેટલું? એવું કાંઈક વસ્તુ નિર્ણય થાય તો એનું અવલંબન લઈ અને ટકી શકે. તો વિકલ્પ તૂટે. તો અહીં કહે, વિકલ્પ તોડો. પણ જાવું ક્યાં પણ ત્યારે? કોઈ ચીજ છે કે નહિ અંદર? સમજાણું કાંઈ?

વિકલ્પ ન કરો. હું આત્મા છું એ વિકલ્પ ન કરો. દેવ-ગુરુ-શાસ્ત્રને પણ ભૂલી જાવ. પણ ભૂલીને પછી જાવું ક્યાં? સમજ્યા? એ ખુલાસો આમાં કરે છે કે શુભનું આચરણ વિકલ્પો હું આવો છું... હું આવો છું... હું આવો છું... એ છોડી દે. છોડી દેનો અર્થ કે એ વિકલ્પ છે, એ રાગ છે, એ આચરણ છે. છે તો એની પર્યાયનું આચરણ હોં પાછું. કો'કનું નથી. એની દશામાં થતું વિકલ્પનું, વિભાવનું આચરણ છે. એને પણ અહીં સિદ્ધ કરે છે. સિદ્ધ કરીને એનો નિષેધ કરે છે.

**'અશુભ આચરણરૂપ કર્મ-એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં,...'** જુઓ! એ રીતે નિષ્કર્મ. નિષ્કર્મ એટલે પુણ્ય-પાપના વિકલ્પરહિત, વિકલ્પોને કર્મ કહ્યું અહીંયાં-કાર્ય, તેના રહિત નિષ્કર્મ, રાગરહિત, પુણ્યરહિત, વિકલ્પના શુભાશુભ વેપારરહિત અવસ્થા તેને નિષ્કર્મ અવસ્થા કહે છે. સમજાણું કાંઈ? આસક્તિ ન રાખવી અને નિષ્કામ કરવું. એમ નથી અહીં તો. પરનું કરવું પણ આસક્તિ ન કરવી. એ દશા જ મૂઢ માન્યતા છે. પરનું કરી શકતો જ નથી. એની અહીં વાત છે નહિ. અહીંયાં તો એની પર્યાયમાં શુભાદિ જે વિકલ્પ ઉઠે છે એ રાગ અને મેલ અને બંધનું કારણ છે. તેથી તેનો નિષેધ કરીને નિષ્કર્મ અવસ્થા પ્રગટ કરવા અહીંયાં આદેશ આપે છે. પહેલેથી હોં! સમ્યગ્દર્શનથી.

**'નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતા...'** દેખો! જ્યારે રાગનું આચરણ જ રહ્યું નહિ, દાન, વ્રત આ કરવું.. આ કરવું.. ભક્તિ, પૂજા, શાસ્ત્ર અભ્યાસ વગેરે. એવું વિકલ્પનું કાર્ય જ

ન રહ્યું ત્યારે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, રાગરહિત દશા થતાં, આત્મામાં રાગરહિત દશા થતાં એને કોઈ આશ્રય આધાર છે કે નહિ? આ આધાર ગયો ત્યારે રહ્યું શું એને? એમ. આમ કરું, વાંચુ, શાસ્ત્ર ભણું, તપ કરું, અપવાસ કરું, આ રસ છોડું, આહાર છોડું, લીલોતરી છોડું, કંદમૂળ છોડું, પૂજા કરું, ભગવાનની ભક્તિ કરું, જાત્રા કરું. એ તો બધો વિકલ્પ છે એમ કહે છે. એમાં વિકલ્પની વૃત્તિ ઉઠી છે. એ બધું રાગનું આચરણ છે. ન્યાલચંદભાઈ! શું કરવું આમાં? ઈ કહે છે. જુઓ!

એ રીતે નિષ્કર્મ એટલે ઓલા શુભ વિકલ્પનો જે રાગ હતો એ કર્મ અવસ્થા હતી. કર્મ એટલે વિકાર. હવે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં મુનિઓ કાંઈ અશરણ નથી. છે અંદર? ક્યાં? મુનિઓ અહીંયાં લીધા છે પણ શ્રાવક પણ અશરણ નથી, હોં! એમ લીધું છે. જુઓ! આમાં તે દિ' કહ્યું હતું. આમાં છે. સમજ્યાને? ૧૦૪ છે ને? પુણ્ય-પાપનો અધિકાર. જુઓ! '**निषिद्धे सर्वस्मिन्**' અહીં પાંચમો શ્લોક છે પુણ્ય-પાપનો. આમાં કેટલામો છે? સળંગ-સળંગ. સળંગ ૧૦૪ છે. ૧૦૨થી શરૂ થયું છે. નહિ? ૧૦૦થી. પાંચમો થયો. જુઓ!

એક તો પહેલું ઓલાનો ખુલાસો કર્યો. '**कर्म सर्वमपि सर्वविदा**' એનો.

**સીલ તપ સંજમ વિરતિ દાન પૂજાદિક,**
**અથવા અસંજમ કષાય વિષૈભોગ હૈ.**
**કોઉ સુભરૂપ કોઉ અસુભ સ્વરૂપ મૂલ,**
**વસ્તુકે વિચારત દુવિધ કર્મરોગ હૈ.**

બેય કર્મનો રોગ છે.

**ઐસી બંધ પદ્ધતિ બખાની વીતરાગ દેવ,**
**આતમ ધરમમૈં કરમ ત્યાગ-જોગ હૈ.**

આત્મધર્મ કરનારને વિકલ્પનો ત્યાગ હોય છે.

**ભૌ-જલ-તરૈયા રાગ-દ્વેષકૌ હરૈયા મહા,**
**મોખકો કરૈયા એક સુદ્ધઉપયોગ હૈ. ૭.**

લ્યો, આમાં શુદ્ધ ઉપયોગ મૂક્યો, ભાઈ! ઠીક! એય..! ઓલા શુભ-અશુભ હતા ને, એટલે આણે ખુલાસો કર્યો. શુદ્ધઉપયોગ એક શરણ છે. શુભ-અશુભ વિકલ્પ નહિ.

હવે આપણે ગાથા ચાલે એનું. '**निषिद्धे**'નું આવે. ઓલું તો પહેલાનું આવ્યું.

**શિષ્ય-ગુરુ કા પ્રશ્નોઉત્તર :**

**સિષ્ય કહૈ સ્વામી તુમ કરની અસુભ સુભ,**
**કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ.**

તમે તો બેય નિષેધ કર્યો, મહારાજ! મને સંશય થાય છે. સમજાણું?

**મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનીસ,**
**તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ.**

મહારાજ! સમ્યગ્દૃષ્ટિ અથવા દેશવિરતી શ્રાવક, મુનિ, એની નિરાલંબ દશા નથી અને તમે જે આલંબન હતું એ તો તમે છોડાવ્યું. જે દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, સ્મરણ, શાસ્ત્ર અભ્યાસ, એ નહિ. એ બધું બંધનું કારણ છે... એ બધું બંધનું કારણ.. એ બધું બંધનું કારણ. દેવચંદજી! ભારે વાત જગતને. આહાહા..! આખો ભગવાન ચૈતન્ય સ્વરૂપ,.. કહે છે...

**મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનીસ,**
**તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ.**
**કહૈ ગુરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ,**

એ શુભ-અશુભ વિકલ્પ એનો નાશ થઈ અને સ્વરૂપ તરફનો શુદ્ધોપયોગ, અનુભવ અભ્યાસ

**ઐસો અવલંબ ઉનહીકૌ ઉન પાંહી હૈ.**

એનું અવલંબન. અંદર ચૈતન્ય અભેદ અખંડ આનંદ, એનું અવલંબન શુદ્ધઉપયોગમાં છે. સમજાણું કાંઈ? જુઓ! આ અસ્તિપણું સ્થાપ્યું. પેલી બધી નાસ્તિની વાતું (હતી). અત્યારે નિશ્ચય બહુ વાત આવી ને. એટલે હવે બધા વેદાંતી ને બધા રજનીશ ને બધી વાતું કરવા માડ્યા. બીજાને અહીંના માણસને એમ લાગે હા.. આ તો સોનગઢ જેવું લાગે છે, હોં! ના. તમે નહિ, હોં! બીજા અહીંયાં એક મોરબીના આપણા હતા ભાઈ. કેવા? ચંદુભાઈ! એ ત્યાં જઈને કહેતા. એક આપણા જયંતિભાઈ તમારા ભાઈ કુંડલાવાળા. એ ત્યાં જઈને કહે, આહા..! આ તો મહારાજ જેવું. એના બૈરાંને કહે, આપણે કાનજીસ્વામી જેવું છે. બૈરાં કહે, હું એમ માનું નહિ. મહારાજ પાસે જઈને કબુલ કરાવો. બૈરાં કહે, હું એમ ન માનું. મહારાજ પાસે જઈને કબુલાત કરાવો. એમના જેવું છે કે નહિ? લ્યો, અહીંના કેટલા ભણેલા, વાંચેલા અને કેટલી વાર... કાંઈ ખબર ન મળે. આમ કરીને વાત કરે. શ્રદ્ધા-શ્રદ્ધા ભૂલી જાવ. બસ. દ્વૈત છે એ શ્રદ્ધા. ભૂલી જાવ. શ્રદ્ધા-અશ્રદ્ધા ભૂલી જાવ. ઓહો..! આપણા જેવી વાત કરતા લાગે છે. કહે છે,

**કહૈ ગુરુ કરમકૌ નાસ અનુભૌ અભ્યાસ,**
**ઐસૌ અવલંબ ઉનહીકૌ ઉન પાંહી હૈ.**
**નિરુપાધિ આતમ સમાધિ સોઈ સિવરુપ,**
**ઔર દૌર ધૂપ પુદ્‌ગલ પરછાંહી હૈ. ૮.**

લ્યો. અંદર અર્થમાં પણ કર્યું છે, હોં! '**ક્યોંકિ મોક્ષમાર્ગી જ્ઞાની અણુવ્રતી શ્રાવક યા મહાવ્રતી મુનિ...**' જુઓ! પાંચમા ગુણસ્થાનવાળાને પણ અવલંબન ધ્રુવ શુદ્ધ છે એનું છે. એના અવલંબે પ્રગટેલી નિષ્કર્મ દશા જેટલી વીતરાગી ઉપયોગ પરિણતિ એટલો ધર્મ છે. સમજાણું? આવે છે ને પ્રવચનસારમાં? આવે છે ને છેલ્લું? શુભોપયોગ તો એનો ધર્મ છે. ગૃહસ્થને તો એ ધર્મ છે શુભોપયોગ. એ તો નિમિત્તનું કથન કરીને અશુભભાવ હતો એટલે વાત કરી છે. અહીં તો ના પાડે છે. તેથી બનારસીદાસ ખટકે છે કેટલાકને. અહીં તો કહે છે, શ્રાવકને પણ એ શુભઉપયોગ ધર્મ છે નહિ. વર્તમાન પણ નથી અને પરંપરાએ નથી એમાંથી, કહે લે. ક્યાંક કથન આવે (તો કહે), આચાર્યનું અમારે માનવું કે (બીજાનું માનવું?) હવે સાંભળને! આચાર્યની અપેક્ષા એ તો વ્યવહારનયનું સ્થાપન છે ત્યાં. એને ઘણો અશુભભાવ હોય છે એ છેદવા એવો ભાવ એને હોય. એથી પરંપરાએ એને છેદીને, આગળ વધીને શુદ્ધોપયોગ કરશે.

અહીં તો (કહે છે), '**મહાવ્રતી મુનિ તો નિરાલંબન નાહિ હોતે...**' અણુવ્રતી શ્રાવક અને મુનિ બેય. '**અર્થાત્ દાન, સમિતિ, સંયમ આદિ શુભ ક્રિયા કરતે હી હૈં. ઈસપર શ્રીગુરુ ઉત્તર દેતે હૈં કિ કર્મનિર્જરા અનુભવકે અભ્યાસસે હૈં...**' કર્મનિર્જરા અનુભવકે અભ્યાસસે (હૈં). એ કાંઈ દાન, સમિતિ, સંયમ આદિથી નિર્જરા-બિર્જરા નથી. '**સો વે અપને હી જ્ઞાનમેં સ્વાત્માનુભવ કરતે હૈં.**' દેખો! શ્રાવક હો કે મુનિ હો, અંતર શુદ્ધઉપયોગની રમણતા સ્વાનુભવ એ જ મોક્ષમાર્ગ છે. આહાહા..! ગૃહસ્થને. લોકો રાડ પાડે. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? વ્યવહારથી કાંઈ થાય નહિ, નિમિત્તથી કાંઈ થાય નહિ. સાંભળને ભાઈ! ભગવાન આખો પડ્યો છે ને પ્રભુ, મહાસ્વભાવનો સાગર છે, ભાઈ! જેમાં અનંત અનંત શાંતિ, આનંદ બેહદ સ્વભાવનું સ્વરૂપ જે આખું ચૈતન્ય છે. આ તો વિકલ્પ તો એક કૃત્રિમ એક ચારિત્ર આદિ ગુણની એક વિકૃત અવસ્થા છે. એક ગુણની અવસ્થા છે. કોઈ આનંદની,... આખું સ્વરૂપ જે અનંત ગુણનો પિંડ વસ્તુ છે, એવો જે આત્મા તેના અવલંબનમાં, તેના અવલંબે નિષ્કર્મદશા થાય એ નિષ્કર્મદશાને દ્રવ્યનું આલંબન છે. સમજાણું કાંઈ? શું થાય? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને આલંબન છે દ્રવ્યનું. એમ. એમ ક્હે છે, શુભભાવનું આલંબન છે કે નહિ એને? એ ક્યાં છે? આ છૂટું કરાવે તો આલંબન કોનું? વસ્તુનું છે અંદર. વિકલ્પરહિત ચિદાનંદ ભગવાન. શુદ્ધ ધ્રુવ સ્વભાવ, એનું અવલંબન એની દૃષ્ટિમાં લઈને નિષ્કર્મદશા થાય છે. શુભ વિકલ્પથી નિષ્કર્મદશા ધર્મ-બર્મ થતો નથી. કહો, સમજાણું આમાં? ચોથે ગુણસ્થાનથી

એમ છે. સમજ્યાને? એ તો બે-ત્રણ બોલ નાખ્યા છે મૂળમાં તો. જ્ઞાની, અણુવ્રતી અને શ્રાવક. અણુવ્રતી શ્રાવક અને મહાવ્રતી મુનિ. શુભાશુભ જ્યારે છોડી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્ર અભ્યાસનો વિકલ્પ છોડાવો ત્યારે હવે એને સમકિતીનું શરણ શું? આખી વસ્તુ છે ઈ. ભાઈ! મહાઅસ્તિત્વ જેનું છે, મહાપદાર્થ મોટો પ્રભુ, જેના સ્વભાવમાં પૂર્ણતા એક એક ગુણના પૂર્ણ સામર્થ્યવાળો ગુણ, એવા અનંત સામર્થ્યવાળું તત્ત્વ છે. એનો આશ્રય (છે), સમકિતમાં એનો આશ્રય છે. સમકિતને એનો આધાર છે, સમકિતને એનું આલંબન છે. નિષ્કર્મદશા, સમ્યગ્દર્શનની નિષ્કર્મ દશા છે. સમ્યગ્દર્શન એ નિષ્કર્મ અવસ્થા છે. વ્યવહાર સમકિત-ફમકિતની વાત અહીં છે જ નહિ. સમજાણું કાંઈ?

એ તો સવારમાં પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં જુઓને, સમકિતની વાત આવી તો એકલા નિશ્ચયની લીધી છે. ભાઈ! ફક્ત વ્યવહાર ક્યાં નાખ્યો? જે આઠ આચાર લીધા એમાં ચાર આચાર પછીનામાં વ્યવહાર નાખ્યો. નિઃશંક, નિઃકાંક્ષ,... પછી ત્યાં નાખ્યો કે સ્વપરનું ..., સ્વપરની સ્થિતિ આ, સ્વપરનું વાત્સલ્ય.. જણાવ્યું. સમજાણું? પહેલી તો એકલી વસ્તુ જ જણાવી. વસ્તુ. સમજાણું? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. અમૃતચંદ્રાચાર્ય, લ્યો. એકલો '**असमाहितोऽपि**' એમ કહ્યું ને? રાગ-દ્વેષના વિકલ્પથી રહિત છે તો પણ સહિત જેને ભાસે છે તે અજ્ઞાની છે. અને રાગ-દ્વેષના વિકલ્પો જે છે એનાથી રહિત છે, એવો આત્મા, એને લીધો ત્યાં દૃષ્ટિમાં. જુઓ! સમજાણું? દર્શનની વ્યાખ્યામાં ત્યાં વ્યવહાર નાખ્યો નથી. અહીં પાધરી શરૂઆત કરી દીધી જ્ઞાનમાં. ... રાખીને, દર્શન શુદ્ધ છે ને સાથે. એની સાથે વ્યવહારનું સમકિત હોય છે. ... સમજ્યાને? ત્યાં નાખ્યું પછી. જ્ઞાન તો અહીં થયું છે હવે એને જ્ઞાન જુદું ... વ્યવહાર છે ને વિકલ્પ આવે છે ને? નિર્વિકલ્પ ક્યાં રહી શકે છે? જ્ઞાન માટે આવો વિકલ્પ એને હોય છે. સમજાણું? પણ એ વિકલ્પ શરણ નથી. વચ્ચે આવ્યા વિના રહેતો નથી. નિશ્ચય મોક્ષમાર્ગ દશામાં પૂર્ણ થયા પહેલાં એ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. એથી વ્યવહાર કરે, વ્યવહારનયનો અધિકાર એમ આવે. એ કરે... આમ કરે... આમ કરે એમ આવે. બધું આવે. એનો અર્થ કે આવે છે એને જણાવે છે. વાત તો એમ છે.

જેને આ બહારની મીઠાશ છે ને એને આ વાત ગોઠે નહિ. બીજાને કહે, અરરર..! થઈ રહ્યું. હવે ત્યારે અમારે આ જે કાંઈ કરવાનું છે એ તો ના પાડે છે કે એ ધર્મ નથી. લ્યો! અરે.. ભગવાન! શાસ્ત્ર અભ્યાસ કરીએ, કાંઈક દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરીએ, કાંઈક દાન-દયા કરીએ, પૂજા-ભક્તિ કરીએ, જાત્રા કાઢીએ બે-પાંચ-દસ લાખ ખર્ચીને. જાત્રા શું કરવા ગયા હતા ત્યારે તમે? ધર્મ ન થાતો હોય તો.

મુમુક્ષુ :- એ તો ...

ઉત્તર :- કોણ પૂછે ત્યાં? એટલું તો .. કુદરતે એવું પુણ્ય કે ઓલા વિરોધવાળા કેટલાક હતા એની હાજરી નહોતી. કો'ક સાધારણ હશે એ બોલી શકે એવું નહોતું. એવું કુદરતે એ ભજી ગયું એ પર્યાય એની. આહાહા..! કેમ તમે તો અહીં આવ્યા? ... ભાઈ! તો પછી આ મંદિર શું કરવા કરાવો છો? તમે કહો છો કે મંદિર કરી શકાય નહિ અને વળી કરાવો. અને વળી ભગવાનના દર્શન થાય તો શુભભાવ થાય એમ બતાવો. વળી મોટા મોટા ૧૬-૧૬ લાખના ખર્ચ. મોટા ઓહોહો..! કેમ અમૃતલાલ ઝાટકિયા! જયપુરમાં વખત મળ્યો નહોતો ને? આવી શકાય નહિ. નોકરી હોય. પણ એ તો બહારની પર્યાય ભજવાની હોય એવી ભજી છે. કરે કોણ? ગોદિકાએ કરી નથી અને રૂપિયાએ કરી નથી. અને તે થઈ છે. એમાં એને શુભભાવ હોય કે આમ બધું (થાય). એ શુભભાવ છે એ પુણ્યબંધનું કારણ છે. પરાશ્રયભાવ છે. સ્વઆશ્રય થયા વિના સંવર, નિર્જરા અને મોક્ષમાર્ગ છે નહિ. આમ વાત છે.

મુમુક્ષુ :- પરંપરા મોક્ષનું કારણ.

ઉત્તર :- પરંપરા ધૂળમાંય નથી. રાગ તે પરંપરા (કારણ) થાતો હશે? પરંપરા અનર્થનું કારણ છે, મિથ્યાદૃષ્ટિને. સમકિતીને રાગ બંધનું જ કારણ સાક્ષાત્ છે.

મુમુક્ષુ :- પરંપરા...

ઉત્તર :- પરંપરા એટલે કે એનો અભાવ કરશે એનું નામ પરંપરા. પરંપરા એ ક્યાં સાધન છે?

મુમુક્ષુ :- નય બે છે ને.

ઉત્તર :- બે નય એટલે વ્યવહારનય એમ કહે. એનાથી થતું નથી એને એ કહે કે પરંપરાએ થશે. એનાથી થતું નથી એને વ્યવહાર કહે કે એનાથી થશે. એ વ્યવહાર કથન. અરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું માહાત્મ્ય દેખાય? આમાં બહારમાં ક્યાં આવ્યું?

અહીં કહે છે કે કર્મનિર્જરાના અનુભવનો અભ્યાસ. '**શ્રીગુરુ ઉત્તર દેતે હૈં કિ કર્મનિર્જરા અનુભવકે અભ્યાસસે હૈં, સો વે અપને હી જ્ઞાનમેં સ્વાત્માનુભવ કરતે હૈં. રાગદ્વેષમોહ રહિત નિર્વિકલ્પ આત્મધ્યાન હી મોક્ષરૂપ હૈ, ઈસકે બિના ઔર સબ ભટકના પુદ્‌ગલ જનિત હૈ.**' લ્યો! ભાવાર્થમાં કહ્યું, જુઓ! '**શુભક્રિયા સમિતિ વ્રત આદિ આસ્રવ હી હૈં,...**' આ ક્યાં પહેલાનું કથન આ તો ચાલ્યું આવે છે. દેખો! '**સમિતિ, વ્રત, મહાવ્રત...**' તમે કહેતા હતા ને કે આપણે મહાવ્રત લઈ લઈએ. પછી મુક્તિને ભેટી દેશું. ધૂળમાંય મુક્તો નથી ત્યાં. '**શુભક્રિયા સમિતિ વ્રત આદિ આસ્રવ હી હૈં. ઈનસે સાધુ યા શ્રાવકકી કર્મ-નિર્જરા નહીં હોતી. નિર્જરા તો આત્માનુભવસે હોતી હૈ.**' ધૂળમાંય (નિર્જરા)

નથી. શાસ્ત્રનો અભ્યાસ કરવો, લખવા, મૂકવા બધો વિકલ્પ છે, બધું આચરણ બંધનું કારણ છે. બિલકુલ એમાં સંવર-નિર્જરા નથી. કહો, સમજાણું કાંઈ? એનો ખુલાસો કર્યો છે અહીંયાં.

મુમુક્ષુ :- બંધ અધિકારમાં...

ઉત્તર :- બનારસીદાસ. સમયસાર નાટક. આ બનારસીદાસનું છે ને. એમાંથી કાઢ્યું છે કળશટીકામાંથી. પાંડે રાજમલજીમાંથી કાઢ્યું છે બનારસીદાસે. કેટલાને ખોટા કહેશે? આહાહા..!

કહે છે કે જ્યારે શુભ આચરણરૂપી કાર્ય અને અશુભ આચારણરૂપી દશા બેયને જ્યારે આપ નિષેધ કરો છો તો શરણ કોનું? મુનિઓ કાંઈ અશરણ નથી. ભગવાન વજ્રનો સ્તંભ ધ્રુવ પડ્યો છે ચૈતન્ય. એને વળગે છે એમ કહે છે. અહીંથી ખસી જાય છે એટલે હવે કાંઈ શરણ નથી. શરણ તો ખરું ઈ શરણ છે. ચેતનજી! આહા..! શું થાય? એને આખો આત્મા પોતે છે ધ્રુવ આનંદનો કંદ, જેમાંથી અનંત આનંદના ઝરણા ઝરે, અતીન્દ્રિય આનંદના ઝરણા-ઝરણા. ઝરણા સમજો છો? ડુંગરમાંથી પાણી નીકળે.

જેનો સ્વભાવ છે. સ્વભાવની શક્તિનું સામર્થ્યનું માપ શું? એવો જે અતીન્દ્રિય આનંદ સ્વભાવ, અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવ, અતીન્દ્રિય શ્રદ્ધાસ્વભાવ, અતીન્દ્રિય શાંત-ચારિત્રસ્વભાવ, અતીન્દ્રિય સ્વચ્છભાવ, અતીન્દ્રિય પુરુષાર્થ, પ્રભુત્વસ્વભાવ. એવો ભગવાન આત્મા ધ્રુવસ્વરૂપ જે છે એ વિકલ્પને છોડનારને ધ્રુવ શરણ છે. એટલે કે નિષ્કર્મ દશામાં આત્માનું શરણ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચાર શરણ...

ઉત્તર :- એ આ શરણ. ચાર શરણ. અરિહંત શરણ, સિદ્ધ શરણ આવે છે ને? સાધુ શરણ, કેવળી પણ્ણંતો ધમ્મો શરણ. એ શરણ આત્મા એક જ શરણ છે. અરિહંતે કીધું એવું અહીં જો અને તું આત્મા અરિહંત શરણ. ખરો અરિહંત તો આત્મા છે. એમાં અરિહંત થવાની શક્તિ ત્રિકાળ પડી છે. એનું અવલંબન લઈને શરણ કરે એને અરિહંતનું શરણ કહેવાય છે. લ્યો, કહો.

એ તત્ત્વાનુશાસનમાં કહ્યું નહિ? આવી ગયું છે. અરિહંતપણું અંદરમાં પડેલું છે. આત્મામાં ત્રિકાળ શક્તિરૂપ પડ્યું છે તો અરિહંતનું ધ્યાન કરનાર અરિહંત જેવો થઈ જાય છે. એટલે અરિહંત સ્વરૂપ પોતે છે, એના શરણને અરિહંતનું શરણ કહેવામાં આવે છે. બાહ્ય અરિહંતનું શરણ તો વિકલ્પ છે. એમ સિદ્ધનું શરણ એ. પોતામાં સિદ્ધ શક્તિ જે પડી છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં સિદ્ધ શક્તિ (પડી છે) એનો આશ્રય લઈને ધ્યાન કરે એને સિદ્ધનું શરણ કહેવામાં આવે છે. એમ આચાર્ય. આચાર્ય એટલે વીતરાગી અવસ્થા. આચાર્ય સંત છે એને કહીએ કે જેની વીતરાગી દશા, ત્રણ કષાયના અભાવની દશારૂપ આચાર્યપદ છે. એવી દશા આત્મામાં પડી

છે. સમજાણું? સતરૂપે ન હોય તો પ્રગટ ક્યાંથી થાય? કહો, સમજાણું આમાં?

માટીનો દાખલો આપ્યો હતો ને? કે માટીમાં ઘડો થવાની વર્તમાન પર્યાય નથી પણ એમાં શક્તિ સતરૂપે સત્ પડ્યું છે. સત્ ન હોય તો નવું આવે નહિ. ઘડો થવાની તાકાત માટીમાં વર્તમાનમાં સતરૂપે છે તો એમાંથી માટીની અવસ્થાનો ઘડો થાય છે. એમ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. સાધુ પણ અરાગી વીતરાગી દશા, શુદ્ધોપયોગ ઈ સાધુ છે. એ શુદ્ધઉપયોગ, અરાગી પર્યાય આત્મામાં પડી છે. એનું શરણ કરે એને અરિહંત સિદ્ધ, સાધુ અને કેવળીનું શરણ કહેવામાં આવે છે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એ કેવળીએ કહેલો ધર્મ નિષ્કર્મ દશા, એના શરણમાં આત્મા આધાર છે. આમ છે. કહો, સમજાણું આમાં? પોપટભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ફેર છે. વાત તો એમ છે. આહાહા..!

અરે..! સ્વ સિવાય પણ બીજું શું એને શરણ હોય? આહાહા..! જે દશા પ્રગટ કરવા માગે તે દશાનું સત્‌માં સત્ત્વ ન હોય, સત્‌માં સત્ત્વ, એ વસ્તુ (કેવી?). કહો, માંગીરામજી! શું છે આ ચાર શરણ? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એણે જે કહેલો આત્મા એ શરણ છે. આહાહા..!

મુમુક્ષુ :- મંગળિક..

ઉત્તર :- એ જ મહામંગળિક છે. મહામંગળ. આહા..! પાપને ગાળે અને પવિત્રતાને લાવે. લ્યો, બધું એ તો એક થયું. મં-પાપ ગાળે. મિથ્યાત્વ, રાગ-દ્વેષને ગાળે. સ્વભાવનો આશ્રય અને પૂર્ણ પવિત્રતાને લાવે. એ આત્મા પોતે દ્રવ્યસ્વરૂપ વસ્તુ એ મહામંગળિક છે. આહાહા..! પણ એ વાત એને (ભરોસે આવતી નથી). એ ઓશિયાળો ભિખારી થઈ ગયો છે ને. ન્યાલચંદભાઈ! અંતર સ્વભાવ આખો મોટો એનું એને માહાત્મ્ય આવતું નથી. એથી જાણે ક્યાંક બહારથી આવશે એમ માનીને ભટક્યા ભટક કર્યા કરે છે વિકલ્પની જાળમાં.

કહે છે, મુનિઓ કાંઈ અશરણ નથી. '**(કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ-અવસ્થા)...**' જુઓ! પુણ્ય-પાપના વિકલ્પ શુભરાગ. ખરેખર તો શુભની અહીં વાત છે. અશુભ તો મુનિને છે નહિ. એ નિવૃત્તિ અવસ્થા '**પ્રવર્તે છે...**' જ્યારે આત્મામાં એ શુભ આચરણના અભાવસ્વભાવરૂપ નિવૃત્તિ આચરણરૂપ જ્યારે પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું, એ જ્ઞાનમાં આચરણ કરતું, રમણ કરતું ... જ્ઞાન જ તે મુનિઓને શરણ છે. જ્ઞાન એટલે શુદ્ધાત્મા. શુદ્ધ આત્મા ધ્રુવ દ્રવ્ય સ્વરૂપ એકરૂપ ત્રિકાળ. એ જ્ઞાનમાત્ર .. એટલે આત્મા આત્મામાં આચરણ કરતું,... પોતાનું શરણ છે. આમ છે.

ભગવાન આત્મા પોતાના સ્વભાવમાં આચરણ કરતો આત્મા. એટલે જ્ઞાન શબ્દ લીધો છે ને? રાગ નહિ. એમ. વિકલ્પ નહિ દયા, દાનનો. એ વિકલ્પનું આચરણ આત્માને બંધનું કારણ છે. એટલે જ્ઞાનસ્વભાવ એવો આત્મા, એમાં રમણ કરતું, એટલે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા જ્ઞાનરૂપે થતો એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિરૂપે થતો, જે રાગરૂપે થતો એ શાંતિરૂપે થતો, થતો તો હતો-રાગરૂપે થતો હતો, એ થવાનું બીજી રીતે થયું. આ આચરણ બદલ્યું. બસ. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા જ્યારે વિકલ્પના નિષેધમાં ગયો... નિષેધનું તો કથન છે. નિષેધ કરવો છે ક્યાં? એ જ્યારે આચરણ નથી એટલે અહીંયાં ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ તેના આચરણરૂપી નિષ્કર્મદશા, એમાં રમતું આત્મસ્વરૂપ, '**આચરણ કરતું-પરિણમતું...**' જુઓ જુઓ! રાગરૂપે પરિણમતો હતો એ અરાગપણે જ્ઞાનના સ્વભાવના અવલંબે થતું જ્ઞાન જ તે સમકિતીને, મુનિઓને, શ્રાવકને શરણ છે. એ આત્મા જ એને શરણ છે. આહાહા..! સમજાણું?

ત્યારે કહે છે, શરણ મળ્યું એમાં થયું શું? રાગના આચરણમાં તો રાગની આકુળતા હતી, વિકલ્પના આચરણમાં આકુળતા હતી, આ આચરણ થયું એટલે થયું શું? કાંઈ થયું કે? આધાર મળ્યો એનો દ્રવ્યનો. એમાં રમ્યો. પણ ત્યારે થયું શું હવે એમાં? '**તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા પરમ અમૃતને પોતે અનુભવે છે-આસ્વાદે છે.**' આહા..! વિકલ્પ શુભરાગથી ખસી અને સ્વભાવ સન્મુખની દૃષ્ટિ અને એકાગ્રતા કરતાં અતીન્દ્રિય આનંદના અમૃતનું શરણ અને એનો સ્વાદ લે છે. એ અતીન્દ્રિય આનંદના અમૃતનો સ્વાદ લેવો એનું નામ સંવર અને નિર્જરા છે. ભારે બહુ. આહાહા..! ઓલા કહે, વ્યવહારની તો વાતું જ કરતા નથી. વ્યવહાર આવ્યો ને, ભાઈ! છે, વ્યવહાર છે. પણ જેટલો વ્યવહાર છે એટલો છોડ્યે છૂટકો છે. છોડે લાભ થાય એમ છે. રહે લાભ થાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં મકાન શરણ, બાયડી શરણ. સરખું હોય તો બધી સેવા કરનાર હોય. નિરોગી શરીર હોય તો કાંઈક ઠીક પડે. માળો પણ ક્યાંનો ક્યાં સલવાણો ને. ક્યાંનો ક્યાં સલવાણો અમારી કાઠિયાવાડી ભાષા છે. સલવાણો સમજ્યા? ફસાણો. આ હોય તો ઠીક, મકાન હોય સારું. ઠામ-ઠીકરું સારું હોય ને તો ઠીક પડે, લ્યો. ઠીકરું એટલે આ વાસણ, ઠામ એટલે રહેવાનું મકાન. ખાલી ઓટલો હોય તો નાગા-ભૂખ્યા વિના પડ્યા રહીએ. પણ ઓટલા વિના? એમ કરીને મકાન કરવાનો ભાવ થાય. મકાન હોય તો પડ્યા રહીએ. જુઓને! પડ્યા રહે છે કે નહિ ત્યાં? નાગા-ભૂખ્યા ઈ પછી એમ કહે, એટલે શું રોટલો ભલે ન હોય પણ જો મકાન હોય ને ઘરનું કે આ એક પાંચ હજારનું મકાન કરાવીએ. આહાહા..!

મુમુક્ષુ :- પંખી પણ માળા કરે છે.

ઉત્તર :- પંખી પણ માળા કરે છે તો આપણે તો હોય ને. અરે..! ભગવાન! ક્યાં ગોતવા ગયો તું? શરણ ક્યાં ગોતવા ગયો? એમ કે આ પૈસા એટલા સંઘરી રાખવા. આપણે વૃદ્ધાવસ્થા થાય ને, પછી કોઈ આપણને આધાર ન આપે, છોકરા ન પૂછે, બાયું ન પૂછે વહુરુંય ન પૂછે. પૈસા ન હોય તો ટંકમાં પથરા ભરીને રાખવા અને કુંચી રાખવી હાથમાં. દાદા પાસે કાંઈક લાગે છે. એમ કરીને સેવા કરે. તો સેવા કરે. પણ ક્યાં ગોતવા જાય છે પણ આ. આહાહા..!

મુમુક્ષુ :- બને છે એવું.

ઉત્તર :- એમાં કાંઈ બનતું નથી. મફતનો માને આકુળતા.. આકુળતા.. આકુળતા.

અહીં તો કહે છે કે શુભ વિકલ્પ મહાવ્રતનો ઉઠાવવો એ પણ તને શરણ નથી, ભાઈ! એ સ્વભાવમાંથી નીકળીને વિભાવ થવું એ આચરણ છે? એ કાંઈ આત્માનું આચરણ છે? અનાચરણ છે. આહાહા..! કહો, ..ભાઈ! બહુ આકરું. શ્વેતાંબરમાં તો .. આ તો નિમિત્ત અને વ્યવહારને ઉડાવી દે છે. વ્યવહાર અને નિમિત્ત તો જાણે કાંઈ નહિ. અવ્યવહારુ ધર્મ એનો, અવ્યવહારુ ધર્મ. ઠીક ભાઈ, સાચી વાત છે. અવ્યવહારુ ધર્મ છે. ધર્મ કોઈ વ્યવહાર ... મૂકી શકાય નહિ. વ્યવહાર એટલે શું પણ તારો? આહાહા..!

'**તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા...**' એટલે જે રાગમાં લીન થતાં એ હવે સ્વભાવમાં લીન થયા. લીનની ક્રિયા કાંઈ ગઈ નથી. કહો, સમજાણું કાંઈ? સ્વભાવ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય મહાન પદાર્થ મોટો પ્રભુ, એમાં એકાગ્ર થઈ અને જ્ઞાનનું શરણ લઈને '**પરમ અમૃતને...**' એટલે કે ઓલામાં આકુળતા હતી. ધર્મ દશા થતાં પરમ શાંત અનાકુળ દશા અમૃતને પોતે આસ્વાદે છે. એ અમૃતને વેદે છે. આનંદને અનુભવે છે, આનંદને વેદે-ભોગવે છે. એ આનંદનો ભોગવટો એમાં શરણ વસ્તુનું છે. એનું કોઈ આલંબન નથી માટે દુઃખ છે એમ નથી. ત્યાં અમૃતનો-આનંદનો અનુભવ છે એમ કહે છે. આહાહા..!

'**ભાવાર્થ :- સુકૃત કે દુષ્કૃત બન્નેનો નિષેધ કરવામાં આવ્યો છે...**' જોયું! સુકૃત પાછા એમ લે છે. છે ખરોને એટલે શબ્દ લીધો. '**सुकृतदुरिते कर्मणि किल प्रवृत्ते**' શુભ આચરણરૂપી કર્મ. પહેલેથી ઉપાડ્યું ભલે જડકર્મ. પણ એમાં ભેગું બધું છે. એક જ વસ્તુ છે. ભાવકર્મ, જડકર્મ, બાહ્ય ક્રિયા બધું એકમાં જાય છે, બધું પુદ્‌ગલમાં જાય છે. રાગનો ભાગ, કર્મનો ભાગ, બંધનો ભાગ અને બહારનો ભાગ એ બધો પુદ્‌ગલમાં જાય છે. એ આત્મા નહિ. અજ્ઞાનભાવમાં જાય. અજ્ઞાન એટલે જેમાં જ્ઞાન નથી એ બધા પુદ્‌ગલ.

'**સુકૃત કે દુષ્કૃત બન્નેનો નિષેધ કરવામાં આવ્યો છે તો પછી મુનિઓને કંઈ**

**પણ કરવાનું નહિ રહેવાથી...**' કરવાનું જે હતું એને તો તમે કહો ના. પૂજા કરવી, ઓલું શું કહેવાય? પડિલહન કરવું મોરપીંછીથી. મોરપીંછી હોય ને મોરપીંછી? શરીરને આમ કરવું.. આમ કરવું... પ્રતિક્રમણ કરવું. સાંજ સવારે પ્રતિક્રમણ કરવું. બધી દિશા તરફ પશ્ચિમ, પૂર્વ આવે ને સામાયિક કરવામાં? આમ કરવું.. આમ કરવું... એ તો વિકલ્પ છે. એ બધા વિકલ્પ. '**તો પછી મુનિઓને કંઈપણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે, શા આલંબન વડે પાળી શકે?**' આ મુનિપણું તો આવે... તમે જે કાંઈ પાળવાનું હતું એ તો કાઢી નાખ્યું. આહાહા..!

મુમુક્ષુ :- આ મુનિ કહે છે?

ઉત્તર :- હા, પ્રશ્ન કરે છે. આ બધું કર્યું ત્યારે શું એને કરવું? પાળવું શું ત્યારે? મહાવ્રત પાળવા કહો, દયાઓ પાળવી, અપવાસ કરવા, ઉણોદરી કરવી, વૃત્તિસંક્ષેપ કરવો, આમ કાયોત્સર્ગ લગાવવો, ઊભા ઊભા રહેવું. આવું જે કરવાની વાત (હતી) એ તો તમે કહો કે એ બધો વિકલ્પ છે.. બધો વિકલ્પ છે, હવે કરવાનું કાંઈ નહિ રહ્યું એને. દેવચંદજી! આહાહા..! એને આખો ભગવાન અંદર પડ્યો છે એની એને ખબર નથી.

કહે છે, '**મુનિઓને કંઈ પણ કરવાનું નહિ રહેવાથી...**' લ્યો. .. કરે ને સવાર-સાંજ કલાક કલાક જાય. એય મગનભાઈ! કપડા ધોવામાં ને. ખબર છે ને? રજોણાની એક શું કહેવાય એની? દશી. દશી-દશીને આમ આમ (કરીને જોવું) અંદર કોઈ માકડ ગરી ગયો હોય ને. વચ્ચે ગરી ગયો હોય. દશી દશીનો એક એક તાણો તાણો (તપાસે). પડિલહણ કરવામાં સવાર સાંજ જાય. કલાક કલાક તો એમાં જાય. કપડા પાછા જોવા જાય. એક એક કપડું આમથી આમ. કપડાવાળાને હોં! મુનિને તો કપડા હોતા નથી. પણ આ તો આ બધા .. અને આ બધી ક્રિયા છે એમ માને. એય..! માંગીરામજી!

મુનિને તો દ્રવ્યલિંગ નગ્ન જ હોય. એને તો કપડા હોતા નથી. એક મોરપીંછી ને કમંડળ (હોય). એ પણ ક્રિયા પરની છે. શરીર આમ થાય એ જડની. વિકલ્પ આવે છે એ શુભ છ આવશ્યક માહ્યલો, એ શુભ વિકલ્પને પણ તમે કહો છો કે કરવા જેવો નથી. ત્યારે હવે ત્યારે કરવું શું પણ એને? જે કાંઈ કરવાનું છે એ વાત તો તમે કહો ના, એ નહિ.. એ નહિ... એ નહિ. નિષેધ... નિષેધ.. નિષેધ. ભાળે છે, ભાસે છે, દેખાય પોતાને કાંઈક કરીએ છીએ. બીજાને દેખાય કે આ નિવર્ત્યો, બેઠો નિવર્તીને, લૂગડા ફેરવીને, નગ્ન થઈને, કે આ સામાયિક કરવા બેઠો. મને બોલાવશો નહિ હમણાં બે ઘડી. સામાયિક કરવા બેઠો હોય તો બોલાવશો નહિ, કોઈ શાક-બાક પૂછવા આવશો નહિ. પૂછી લો પહેલા પૂછવું હોય તો. મલૂકચંદભાઈ! નવ વાગે સામાયિક કરવી હોય ત્યારે પાછા દસ વાગે ઉઠીશ હું. તો

તમારે શાક પૂછી લો પહેલું. ભલે હું લેવા ન જાઉં પણ શું કરવું છે એ પૂછી લો. આ નિવર્તીને બેસે છે. એ પણ વિકલ્પ છે, સાંભળને! શું છે આમાં? નેમિદાસભાઈ!

**'કંઈ પણ કરવાનું નહિ રહેવાથી તેઓ મુનિપણું શાના આશ્રયે,...'** શું ત્યારે પાળવું શું એને? તમે કહો કે આ નહિ.. આ નહિ.. આ નહિ.. પણ ત્યારે એને પાળવું શું? એને કરવું શું? એય..! ન્યાલચંદભાઈ! પ્રશ્ન તો બરાબર છે કે નહિ? **'એમ કોઈને શંકા થાય તો તેનું સમાધાન આચાર્યદેવે કહ્યું છે કે :- સર્વ કર્મનો ત્યાગ થયે...'** વિકલ્પ શુભાદિનો ત્યાગ થયે. જુઓ! એનો ત્યાગ થયે **'જ્ઞાનનું મહા શરણ છે.'** રાગનો ત્યાગ થયે ભગવાન રાગ વિનાનો સ્વભાવ છે એવા આત્માનું ધર્મીને સમ્યગ્દૃષ્ટિને, શ્રાવકને અને મુનિને શરણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પાપના વિકલ્પો તો ઠીક. હિંસા કરતો હોય, જૂઠું બોલતો હોય, દુકાને બેઠો હોય, તોળતો હોય, કપડા આપતો હોય લ્યોને કપડાના ગજ કરીને. આમ થયું લ્યો. પાંચ હાથ આ, દસ હાથ આ. હવે એ મૂકીને બેઠો હોય એક કોર. ન્યાલચંદભાઈ! પછી વિકલ્પમાં નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં... શ્રાવકાય ઠાણેણં.. ત્યાં વિકલ્પ આવ્યો એને પણ તમે છોડાવો. ત્યારે કરવું શું એને? શરીર આમ કરી શકે નહિ કહે છે, લ્યો. આ વિકલ્પ આવ્યો કે હું આમ કરું. તો એ વિકલ્પ પુણ્યનું કારણ છે. એ તમારે છોડવો. ત્યારે હવે રહ્યું શું? કરવાનું શું? શરીરનું તો કામ કરી શકે નહિ, વિકલ્પ આવે તો કે એ પુણ્યનું કારણ છે, બંધ છે. જયચંદભાઈ! સ્પષ્ટ તો કરવું જોઈએને? એય..! દેવચંદભાઈ! એ પાછા હતા એમાં પૂરા. ક્યાં ગયા? ધર્મચંદભાઈ! પૂરા હતા એ વખતે હોં! સામાયિક-બામાયિકમાં ને પડિકમણા બરાબર. .. ભાઈની હતી ને. ચોવિહાર-બોવિહાર કરતા એ વખતે. એમાં ધર્મ મળતો હોય. આ મહારાજ વળી કહે, એમાં કંઈ ધર્મ ન થાય, એમાં ધર્મ ન થાય. આ કેવો ધર્મ? આવો કેવો ધર્મ કાઢ્યો ભગવાનનો આવો? (સંવત) ૧૯૯૯માં ત્યાં પણ જાતા અને અહીં આવતા. એમ બેય થાતું. ખબર છે ને? ધર્મચંદભાઈને ખબર નહિ હોય. ૯૯માં નહિ ઓલા હનુમાનમાં ઉતર્યા હતા. આવે દર્શન કરવા આવે. વ્યાખ્યાન સાંભળવા ત્યાં જાય ઓલા બેઠા ત્યાં. પણ હળવે હળવે ઠર્યા હવે.

ત્યારે ઓલા કેટલાક કહે છે કે બિચારા કેટલાક કરતા હતા એને છોડાવ્યું. ભાઈ! એમ કહે છે. પણ સાંભળને બાપા! શું છોડાવ્યું? એ તો વિકલ્પ કાંઈ કરતો હતો અને એને માનતો હતો ધર્મ. એ દૃષ્ટિ છોડાવવાની વાત છે. અને બીજી જાતના વિકલ્પો અત્યારે (આવે કે), સાચું શ્રવણ કરવું આદિ એ જાતના વિકલ્પ છે. કહો, છોડાવવું શું પણ એને? શ્રવણ કરવું, સત્ય આ છે, માર્ગ આ છે, માર્ગ આ નથી. એ શ્રવણ કરવું એ પણ એક વિકલ્પ

છે ને? ઓલો વિકલ્પ ફરીને આ આવ્યો. પણ એ વિકલ્પ પણ આદરવા જેવો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નથી ભળાતું એ જ પોતે નક્કી કરનારો ભળાય છે. લ્યો. નક્કી કરનારની ભૂમિકામાં એ પોતે નક્કી કરે છે કે હું ભળાતો નથી. બસ, એટલું તો એણે નક્કી થઈને ભાળ્યું. દેવચંદજી!

**'એમ કોઈ શંકા થાય તો તેનું સમાધાન આચાર્યદેવે કહ્યું છે કે :- સર્વ કર્મનો ત્યાગ થયે જ્ઞાનનું મહા શરણ છે. તે જ્ઞાનમાં લીન થતાં સર્વ આકુળતા રહિત પરમાનંદનો ભોગવટો હોય છે-'** શુભ-અશુભ વિકલ્પ છે એ તો દુઃખરૂપ છે, આકુળતા છે. એવું જેને જ્ઞાન નથી ને એને એમ થાય કે આ તે પણ છૂટીને ક્યાં જાવું? ભાઈ! આખી ચીજ છે ને. એ જ્ઞાનનો પરમાનંદનો ભોગવટો હોય છે. **'જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે.'** જોયું! અજ્ઞાનીને પત્તો નથી. ઓલા રાગના વિકલ્પનું જ વેદન અને એને જ માની રહ્યો છે કે આ બધું કાંઈક છે, કાંઈક કરીએ છીએ. **'જેનો સ્વાદ જ્ઞાની જ જાણે છે.'** 'જ' છે. અજ્ઞાનીને પત્તો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં નમૂનો કીધો ને. અંદર જાય ત્યારે નમૂનો મળે ને. પણ એની દુકાને જાય ત્યારે ને? વસ્તુ સ્વભાવ છે એની દુકાને જાય તો એનો નમૂનો મળે. એ દુકાન એનામાં છે કે બહાર છે?

**'અજ્ઞાની કષાયી જીવ...'** શું કહે છે? ઓલા રાગને કરનારા અજ્ઞાની એ **'કર્મને જ સર્વસ્વ જાણી...'** એ રાગને, પુણ્યને, વિકલ્પને સર્વસ્વ જાણી **'તેમાં લીન થઈ રહ્યો છે, જ્ઞાનાનંદનો સ્વાદ નથી જાણતો.'** શુદ્ધ ચૈતન્ય ભગવાન રાગરહિત નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય છે, એના સ્વાદને, વેદનને જાણતો નથી. એથી એમ થઈ જાય છે કે આ તે પણ શું હશે એમાં? બહુ સરસ શ્લોક હતો આ.

**'હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છે :-'** ૧૫૧. ભજનમાં પણ આવે છે, નહિ? 'ઓધવજી અબળા તે સાધન શું કરે?' એવું આવે છે અન્યમતિમાં. આ ઓધવલાલજીને લઈને યાદ આવી ગયું. સાંભળ્યું છે? અહીં તો બધું ઘણું સાંભળેલું ને. એમાં આવે છે, નહિ? 'ઓધવજી, ઓધવજી અબળા તે સાધન શું કરે?' એનું પછી ભૂલી ગયા. એના પછી પદ હતું. અજ્ઞાની નબળાઈવાળા કહે છે કે અરે..! અમારે સાધન શું કરવું? ભાઈ! સાધન તો ભગવાન છે ને અંદર. તારી ખાણમાં તો પરમાત્મા અનંતા બિરાજે છે,

તારા સ્વભાવમાં તો અનંતા સિદ્ધ બિરાજે છે. અત્યારે. શું? અનંતા સિદ્ધ બિરાજે છે તારા આત્મામાં. અત્યારે. તારા સિદ્ધપદની દશા તારામાં અનંતી ભરી છે અત્યારે.

મુમુક્ષુ :- એક સિદ્ધ તો...

ઉત્તર :- એક નહિ, અનંતા સિદ્ધ છે એ. જાય ત્યારે ને પણ. આહાહા..! કારણ કે સિદ્ધની દશા તો સમયની અવસ્થા છે. અવસ્થા છે ને? પર્યાય છે. સમજાય છે? સિદ્ધ દશા તો એક સમયની પર્યાય છે. તો એવી અનંતી અનંતી પર્યાય પ્રગટ થાય છે સાદિઅનંત, તો બધી પર્યાયની ખાણ તો આત્મા છે. આ આત્મામાં અનંત સિદ્ધપદ, પોતાની પર્યાયમાં સિદ્ધપદ પડ્યું છે. શું કરે? પૂર્ણ વીતરાગદશા, આચાર્યપદ આદિ ઠીક પણ પૂર્ણ એવી સાદિઅનંત દશા એવો સ્વભાવનું સત્ છે. સત્‌નું સત્ત્વ છે. સમજાય છે? ભવન. ભવન એટલે સત્ત્વ. એમ શબ્દ છે. કળશટીકામાં એવો અર્થ કર્યો છે. ભવન એટલે સત્ત્વ એવો શબ્દ આવે છે. સત્‌નું સત્ત્વ થવું, પરિણમવું. આહાહા..! એ વાત પણ જ્યાં સાંભળી જ્યાં ગોઠે નહિ એ અંદરમાં ઉતરવા કેમ જાય. આકરું લાગે.

ચિત્ત્ પ્રસન્નથી ચૈતન્ય સ્વરૂપ આત્માની વાત પણ એણે સાંભળી નથી. સાંભળે એને મુક્તિ થયા વિના રહે નહિ. એમ કહે છે. આહાહા..! ચૈતન્ય સ્વરૂપ છે કે રાગસ્વરૂપ છે પુણ્ય સ્વરૂપ છે આત્મા? ચૈતન્ય સ્વભાવ, એમાં અનંત આનંદ આદિ ચૈતન્ય સ્વભાવ એવો ભગવાન, એનું એને શરણ છે. કહો, સમજાણું કાંઈ?

હવે ૧૫૧.

**परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।**
**तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।।१५१।।**

જુઓ! ઓલા નિશ્ચયને આશ્રયે મુનિવરો (નિર્વાણને) પામે છે. ઓલામાં કીધું કે વ્યવહારનો નિષેધ કરીને વિદ્વજનો... આવશે ને ત્યાં? વિદ્વજનો ભૂતાર્થ... એમાં આવશે ને. જોયું! ઓલા નિશ્ચયને આશ્રિત મોક્ષ છે. અહીં એ કીધું, **'तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं'** નીચે હરિગીત.

**પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

આહાહા..! રાજના કુંવર, જેણે ક્યાંય આમ તડકો ભાળ્યો ન હોય. સમજાય છે? આમ આઠ આઠ વર્ષના રાજકુમારો પણ આ વાત સાંભળી અંદરથી ઠરી જાય છે. અરે..! ક્યાંય શરણ નથી. શરણ તો હું અંદર છું. એ વનવાસમાં ચાલ્યા જાય છે. આહાહા..! વનવાસમાં નથી આત્મા. પણ જેના બહારના પગરવ પણ ગોઠતા નથી. પગરવ ગોઠતો નથી. એ અંદર

શાંત શાંત સ્વરૂપમાં જવું છે. એકાંત.. એકાંત.. કોઈ માનો કે ઓળખો કે ન ઓળખો, જેને કંઈ પડી નથી. આહાહા..! એ કોણ સંભાળે? આઠ વર્ષના બાળક હોય તો કેટલા નોકર હોય એની સંભાળવામાં. સુંવાળા શરીર. ક્યારે કપડું જોઈએ, ક્યારે પાણી જોવે, ક્યારે ટાઢ વાતી હોય. એ હાલી નીકળ્યા. આહાહા..! એક કમંડળ અને મોરપીંછી બે, હાથમાં. એક વિકલ્પ હોય છે. ઠર અંદર ઠર. આહાહા..! વાઘ અને વરુની વચ્ચે જઈ લગાવે શરણમાં આનંદમાં. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં...' આવે છે ને?

વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો.
અડોળ આસન અને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

આહાહા..! જેના આનંદમાં ઝુલવા માટે જંગલમાં જઈ ઠર્યા પડ્યા છે. કોઈ વાઘના ત્રાડું સાંભળે. ઓલા સિંહની ત્રાડું નહોતું હમણાં આવ્યું હતું ને? ભાઈ! ત્યાં સર્કસ, નહિ? સિંહ રાડ પાડતો હતો. રાજકોટમાં ત્યાં. એને માંસ મળતું નથી પૂરું. માટે .. કરે છે. રાડ સાંભળીને ભાગે માણસ એવી સિંહની ત્રાડ હોય. એવો ભગવાન આત્મા સિંહની ગર્જનાએ જ્યારે અંદરથી જાગે, રાગ અને દ્વેષ તો ભાગીને જાય પૂંછડાવીને.. આહાહા..! એ ક્યાંય જાય. એવો ભગવાન આત્મા જેને અંતરમાં શરણ છે એને આત્મા જ્ઞાન જ શરણ (છે), બીજું રાગાદિ શરણ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૩, મંગળવાર તા. ૬-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૫૧, પ્રવચન-૨૩૮**

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર. ૧૫૧ ગાથા ફરીને.

**परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी।**
**तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं।।१५१।।**
**પરમાર્થ છે નક્કી, સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

શું કહે છે? પુણ્ય-પાપનો અધિકાર છે. એટલે કે પુણ્ય અને પાપના વિકલ્પો જે ભાવ છે એ આત્માને મોક્ષનું કારણ નથી.

'**ટીકા :- જ્ઞાન મોક્ષનું કારણ છે,...**' જ્ઞાન શબ્દે આત્મા. એ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે એનું જ્ઞાનનું પરિણમન શુભ-અશુભ રાગરહિત તે જ્ઞાનનું પરિણમવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ્ઞાનની દશા છે એ મોક્ષનું કારણ છે. કહો, સમજાય છે? '**જ્ઞાન મોક્ષનું કારણ છે,...**' એટલે કે પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો જે વિકલ્પ શુભરાગ, એ મોક્ષનું કારણ નથી ત્યારે આ કારણ છે એમ અહીં સિદ્ધ કરવું છે.

શરીરાદિ એ તો પરવસ્તુ છે. શરીરાદિ એ પરવસ્તુ, એની શોભા-વિભૂતિ એ બધી પરવસ્તુ છે. અહીં તો કહે છે કે પુણ્ય અને પાપના ભાવ એની શોભા એ પર છે. આત્માની શોભા નથી. એની શોભા, ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ એનું થવું પરિણમન. જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય, એના ઉપર દૃષ્ટિ કરવાથી જે આત્મા એટલે જ્ઞાનસ્વભાવી વસ્તુ, એનું પરિણમવું એટલે અવસ્થા જ્ઞાનનું થવું એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્રની અરાગી દશા થવી એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? એટલે કે સંવર-નિર્જરારૂપ એ છે. એમ છે, લ્યો. બીજી રીતે કહીએ તો. '**મોક્ષનું કારણ છે,..**' એમ કહ્યું છે ને?

ભગવાન આત્મા અનંત શાંત આનંદ આદિ વિભૂતિથી ભરેલો વિભુ ભગવાન છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત વિભૂતિરૂપી સંપદાથી ભરેલો વિભુ-પ્રભુ છે. એવો આત્મા અંતરમાં દૃષ્ટિ કરીને, પુણ્ય-પાપના રાગના ભાવથી ખસીને એ ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં જે ચૈતન્યનું જ્ઞાનરૂપ પરિણમન, શ્રદ્ધારૂપ પરિણમન, સ્થિરતારૂપ પરિણમન (થાય) એ ત્રણેને અહીંયાં જ્ઞાનનું પરિણમન કહેવામાં આવે છે. એ મોક્ષનું કારણ છે. એટલે એ જ સંવર અને નિર્જરારૂપ દશા છે. સમજાણું કાંઈ?

અરે..! એણે અનંત કાળના પરિભ્રમણમાં ક્યાંય કોઈ દિ' પોતાની સંપદા અને વિભૂતિનું શરણ લીધું નહિ. કોણ છું? ક્યાં છું? કેમ છું? ક્યાંય આને સંબંધ ન મળે. શરીર માટી જડ. આહાહા..! સમજાણું? સવારમાં એક નીકળ્યા હતા તે આખું 'પડકુ' પડ્યું હતું મોટું ધોળું-રૂપાળું. આટલું દોઢ હાથનું. કાંઈક ચગદાઈ ગયેલું. ચક.. ચક.. ચક.. ચામડી કરતી હતી, લ્યો. ઓહો..! ભગવાન કેવો અંદર હતો. મારાપણે માની અને જન્મ્યો હતો, મારાપણે માનીને વસ્તુ .. ગઈ. આહાહા..! ક્યાં દેહ અને ક્યાં આત્મા! બેયને કાંઈ સંબંધ છે? એને તો સંબંધ નથી પણ અહીં તો પુણ્ય અને પાપ જે ભાવ થાય છે એને અને આત્મસ્વભાવને કાંઈ સંબંધ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આનો તો સંબંધ અજીવ છે એટલે નથી. પણ એનામાં થતાં શુભ-અશુભભાવ જે આસ્રવતત્ત્વ છે, એને અને સ્વભાવને કાંઈ સંબંધ નથી. એ સ્વભાવની શાંતિ માટે શુભ-અશુભ ફળ પરિણામ એના સ્વભાવમાં નથી એટલે સ્વભાવને પ્રગટ કરવામાં બિલકુલ સહાયક નથી.

'**જ્ઞાન મોક્ષનું કારણ છે,...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ અને આત્મા બે તો એક જ વસ્તુ (છે). જ્ઞાન કહો, આત્મા કહો, આત્મસ્વભાવ ઈ જ્ઞાનસ્વભાવ. જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન. એમ અંદર પરિણમવું, હોં! '**કેમ કે જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી...**' જુઓ! વસ્તુ સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ એ શુભાશુભ બંધનું કારણ નથી. એમાં શુભાશુભ ભાવ જ નથી એટલે શુભાશુભભાવનું બંધનું કારણ એ જ્ઞાનસ્વભાવ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ એનું પરિણમન એમાં શુભાશુભભાવ છે જ નહિ. એથી જ્ઞાનની અવસ્થા એ શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી. નિષેધ કરીને અસ્તિ કહે છે. '**તેને એ રીતે મોક્ષનું કારણપણું બને છે.**' એમ કહે છે. શું કીધું? આ તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સ્વભાવ એની જાત. એ જાતના અંતરના પરિણમનમાં એને એ જ્ઞાન શુભાશુભભાવવાળું નથી તેથી તે શુભાશુભ કર્મબંધનનું એ કારણ નથી. સમજાય છે કાંઈ?

એક તો આ બહારની શરીરાદિની વિભૂતિની શોભાની સુંદરતા ટળવી દૃષ્ટિમાંથી. અધિકપણે આમ ભાસે કાંઈક શરીર સારું.. આ સારું.. એને આત્મા એનાથી ભિન્ન છે એ નહિ ભાસે. અને આગળ જતાં જેને શુભ-અશુભ પરિણામની વિશેષતા, અધિકતા, શોભા ઠીક લાગતી હોય એને એનાથી રહિત આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એ ઠીક નહિ લાગે. સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન આત્મા એકલો જ્ઞાનની શક્તિ અને આનંદના સ્વભાવથી ભરેલો પદાર્થ, એવા આત્માનું જ્ઞાન એટલે એની શ્રદ્ધા અને સ્થિરતાની અવસ્થારૂપ દશા, એમાં શુભાશુભભાવનો

અભાવ છે. તેથી તે દશા શુભાશુભ કર્મબંધનનું કારણ નથી. કહો, સમજાણું કાંઈ?

**'એ રીતે મોક્ષનું કારણ પણ બને છે.'** કહો, ન્યાય સમજાય છે આમાં? આહાહા..! આમ ૨૦-૨૦ વર્ષના રાજકુમારો આ તત્ત્વને સાંભળી, ઉદાસ થઈ જંગલમાં ચાલ્યા ગયા. આ ભાન કરીને, હોં! આમ તો ચાલ્યા જાય છે બધા નાગા થઈને એ કાંઈ નહિ. અંદરમાંથી કે અરે..! આ આત્મા મારું હિત ક્યાં થયું? ક્યાંય ન થયું મારું હિત. હિત કરવાના કાળ આવ્યા મનુષ્યદેહ. અરે..! આમાં હું રોકાઈ જઈશ? એમ જ્યાં પરમાત્મા અને સંતોની વાણી સાંભળે છે ને ત્યાં અંતરમાં ઉતરતા આ વસ્તુ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, એની દશાની અવસ્થા થવી એ જ મને હિતનું કારણ છે. સમજાણું કાંઈ? શુભાશુભભાવ પણ મને હિતનું કારણ નથી. આહાહા..! એ અંતરની શ્રદ્ધા એ આત્માના સ્વભાવને શુદ્ધતાને ઝીલી, આ જ્ઞાનસ્વરૂપ હું આત્મા એનું જે ઝરણું, પરિણમવું, વસ્તુ જે જ્ઞાન અને આત્મા અને આત્મા ને જ્ઞાન એનું જ્ઞાનરૂપે એટલે શ્રદ્ધારૂપે, શાંતિરૂપે અરાગની અવસ્થારૂપે જ્ઞાનનું થવું એ રાગના પરિણમનથી બંધ થાય એવું એનામાં નથી. એમ કહ્યું ને? સમજાણું? જુઓ! પહેલો સાધારણ શબ્દ વાપર્યો. **'જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમ કે...'** કારણ કે **'જ્ઞાન શુભાશુભ કર્મોના બંધનું કારણ નહિ હોવાથી...'** બંધનું કારણ નથી તેથી તે મોક્ષનું કારણ છે. એમ કહ્યું. આહાહા..! માંગીરામજી! અરે..! ક્યાં આમાં તકરાર અને આમાં ઝઘડા ને વાદવિવાદ ક્યાં છે? કોને મોળા પાડવા અને કોનાથી અધિકપણું આમાં છે ક્યાં?

આ ચીજને આ રીતે જાણ્યા અને અનુભવ્યા વિના એના હિતનો રસ્તો કોઈ બીજે છે નહિ. એમ નક્કી કર્યા વિના એ આત્માના સન્મુખ એનું વીર્ય કામ નહિ કરે. સમજાણું કાંઈ? એ અટકશે કે આનાથી થશે.. આનાથી થશે... આનાથી થશે. કાંઈક રાગની ક્રિયા કરીએ, મંદ ક્રિયા કરીએ એટલે એનાથી થશે. એટલે એનું વીર્ય જે બંધનું કારણ છે એમાંથી નહિ ખસે. આત્મા જ આનંદકંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ જ મને મારી દશા નિર્મળ, મારા પૂર્ણ શુદ્ધતાનું કારણ છે. પુણ્યનો વિકલ્પ પણ મને શુદ્ધતાનું કારણ નથી. બંધનું કારણ છે. અને મારી દશા એ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? કેટલી વાત કરી, જુઓ! પછી ઉતારશે પરમાર્થને, હોં! આ તો પહેલી વસ્તુ સિદ્ધ કરે છે. એ જ જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અવસ્થારૂપે થાય એમાં અશુદ્ધતારૂપી પુણ્ય-પાપ નથી માટે તે બંધનું કારણ નથી. તેથી તે મુક્તિ નામ પૂર્ણ શુદ્ધનું કારણરૂપ નિર્જરારૂપ દશા એની એ છે. કહો, સમજાણું આમાં?

**'તે જ્ઞાન, સમસ્ત કર્મ આદિ અન્ય જાતિઓથી ભિન્ન...'** ભગવાન આત્મા ચૈતન્ય જાત છે, ચૈતન્ય સ્વરૂપ છે, જાણન-દેખન સ્વભાવની જાત આત્મા છે. એ **'સમસ્ત કર્મ**

**આદિ...**' પુણ્ય-પાપ આદિ અને કર્મ આદિ '**અન્ય જાતિઓથી ભિન્ન...**' વિપરીત જાત છે. એ '**આદિ અન્ય જાતિઓથી ભિન્ન ચૈતન્ય-...**' સ્વરૂપ છે. કર્મ, શરીર અને પુણ્ય-પાપના વિકલ્પો જે છે એની જાતથી ભગવાન આત્માની જાત તદ્દન જુદી છે. આહાહા..! સમજાય છે? હવે તો થોડી થોડી ગુજરાતી સમજવી. આહાહા..!

આમ નિલમણીની પાટુ હેઠે હોય બંગલામાં. શું કહેવાય આ? લાદી. એ રાજકુમાર... આ નિલમણિની નીચે પાટુ હોય. પચ્ચીસ વર્ષના જુવાન હજારો રાણી પદમણી જેવી. જ્યાં અંતરથી ભાન થઈને વૈરાગ્ય થઈ જાય છે ને. માતા! મને ક્યાંય રુચતું નથી. મારા આત્મસ્વભાવ સિવાય ક્યાંય મારું મન ઠરતું નથી. આહાહા..! મા! મને રજા દે, હોં! તું રો એક વાર કદાચિત. પણ હવે બીજી મા નહિ કરું હોં! મા. બીજી મા નહિ કરું હવે. મારો આ અવતાર.. આહાહા..! અવતાર કલંક (છે), માતા! મારો નિષ્કલંક સાધવા માતા! મને રજા દે. આહાહા..! અમે આત્મા વનમાં એકાગ્રપણે આત્માને સાધશું. આહાહા..! અમારી કોઈ સંભાળ લેનાર, અમારી સંભાળ લેનાર બીજો કોઈ નથી. અમે અમારી સંભાળ લેશું. આહાહા..! સમજાણું? એ ચૈતન્યના ભાન થયા છે ને. અને એ ભાનમાં રમણતા કરવા માટે એ અંદરમાંથી નિવૃત્તિના પોકાર કરે છે. એનું નામ અંદર સાધુપણું છે. આહાહા..!

એ વિકલ્પ ઉઠે એ પ્રભુ! મને ન હો. મારી શોભાને લૂંટે છે. મારો આનંદસ્વભાવ, મારો જ્ઞાનસ્વભાવ, હું જ્ઞાનસ્વરૂપ છું, એની પરિણતિ દશા થવી એ મારું સાધન મારા હિતનું છે. બીજું કોઈ હિતનું સાધન છે નહિ. સમજાય છે? કેમ કે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી પ્રભુ, આનંદસ્વભાવી તત્ત્વ, શુદ્ધ સંપદા સ્વરૂપ આત્મા પોતે એ '**કર્મ આદિ અન્ય જાતિઓથી...**' અહીં જાત એની સિદ્ધ કરે છે. ઓલું '**परमट्ठ**' કહેવું છે ને? '**परमट्ठ**' એમ શબ્દ છે ને પહેલો? '**परमट्ठो**' શબ્દ છે. એની વ્યાખ્યા કરે છે. '**परमट्ठो**' પરમ પદાર્થ એટલે અન્ય જાતથી જુદી જાતવાળો પરમ પદાર્થ છે એમ કહે છે. કેવો છે ભગવાન આત્મા? અંદર હું શુદ્ધ શીતળ, શાંત, શિલા તત્ત્વ, એ પરમાર્થ, પરમ પદાર્થ (છે). એ પુણ્ય-પાપ અને અન્ય જાતિ કર્માદિની જાતથી જુદી જાતનો પરમ પદાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ પુણ્ય-પાપની જાતથી જુદો પરમપદાર્થ છે એમ કહે છે. પુણ્ય-પાપનો અધિકાર છે ને? ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વરૂપ જાત છે. ચૈતન્ય સ્વરૂપ તે પરમાર્થ. કેમ? કે એના સ્વભાવથી અન્ય જાતિઓથી તે ભિન્ન પદાર્થ છે. દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે તેથી પણ આત્માની જાત અન્ય જાત છે. એ ચૈતન્ય જાત છે. એ રાગાદિની વસ્તુથી... સમજાણું? '**ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર...**' એ તો ચૈતન્ય જાતિમાત્ર છે. જાણન, દેખન આદિ સ્વભાવ સ્વરૂપ તે આત્મા '**પરમાર્થ (-પરમ પદાર્થ) છે-**' એને આત્મા કહેવામાં આવે છે. કહો,

પુણ્યનો વિકલ્પ તે આત્માની જાત નહિ અને એની જાત એ આત્મા નહિ. જાત જુદી પાડી. સમજાણું કાંઈ? ભાઈ! આ તો આત્માની વાત છે. એને માટે તો એણે બહુ ધીરજથી એકાગ્ર થઈને સમજે તો સમજાય એવી વાત છે. આ કાંઈ ભણીને વાંચી લેવું છે, કહી દેવું છે, કરવું છે એવી ચીજ નથી આ. સમજાણું આમાં?

કહે છે કે પરમાર્થ આત્મા કેમ છે? પરમપદાર્થ કેમ છે? છે ને? જુઓને! '**सकलकर्मादिजात्यन्तरम**' '**जात्यन्तरम**' છે. જુઓ.! જાતિથી જુદો. જાત્યાંતર. '**विविक्तचिज्जातिमात्रः परमार्थ आत्मेति यावत्।**' આહાહા..! ભગવાન આત્મા એ પુણ્યનો વિકલ્પ જે ઉઠે છે વૃત્તિ, એ રાગની વૃત્તિની જાતથી જાત્યાંતર એનાથી અનેરી જાતવાળું ચૈતન્યતત્ત્વ છે. પુણ્ય-પાપનો અધિકાર છે એટલે પુણ્યના વિકલ્પની જાતથી અનેરી જાતવાળું તત્ત્વ છે. કહો, ભારે (કઠણ પડે) માણસને. એની અંતરની સંપદા ઉપર નજર જવી અને એને અધિકપણે સમજવો (એમાં) ઘણો પુરુષાર્થ (જોઈએ). પુરુષાર્થ અનંત કાળનો ઊંધો કર્યો છે ને એટલે આ સવળો સૂઝવો એને કઠણ પડે છે. સમજાણું? આ સૂઝે એનો છૂટકો છે. બાકી ક્યાંય શાંતિ જગતમાં કોઈ પદાર્થમાં છે નહિ. આહાહા..! જુઓને! પાંચસો-પાંચસો મુનિઓને ઘાણીમાં પીલ્યા. આહાહા..! ટોડરમલજી તો હમણાં (થઈ ગયા). રાજાનો ન્યાય. પીલો જાવ હાથીની નીચે. એ વળી કોઈ ફાંસી-બાંસી ન કરી. હાથી હેઠે પીલ્યા. એ બનવાનું હોય ને. હાથી આવ્યો. પોતે સૂઈ ગયા. ખબર છે કે આ દગો છે. કોને કહે? કોને કહે? એને દુઃખ થશે. એને દુઃખ થાશે. આપણા જગતમાં વેરી કોઈ નથી. આહાહા..! કોઈએ મારો વેર કર્યો જ નથી. કોને હું કહું? .. પૂર્વના કર્મની સ્થિતિ જ એવી આવી કે આ સંયોગ બને છે. બનો. મારી આત્મજાતને કોઈ ભાત બીજી પાડે એવી તાકાત નથી. આહાહા..! હાથી પગ નહોતો મૂકતો કચરવામાં. રાજાએ હુકમ કર્યો. હે ગજરાજ! રાજના ઓલામાં ન્યાય નથી. બસ! એટલું કહ્યું એણે. ગજરાજ તને પગ મૂકવામાં શું છે? ફરજ બજાવ. આહાહા..! એ દેહ છૂટવાના કાળ એ વખતે આમ પોકાર કરે છે.

ભાઈ! તું આત્મા કોને કહેવો તને? કે તું એક પુણ્ય-પાપની જાતથી પણ બીજી જાતવાળું ચૈતન્ય જાતવાળું તત્ત્વ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય જાતિમાત્ર પરમાર્થ પરમપદાર્થ છે એને આત્મા કહીએ. આ શરીર, વાણી, મન તો જડ પર છે. પુણ્ય, દયા, દાન, વ્રત અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવની જાતથી આત્મા જુદો છે એમ કહે છે. જાત્યાંતર છે. આહાહા..! દેવચંદજી! અરે..! ભગવાન! તારી જાત જ જુદી છે, કહે છે. એ પુણ્યની જાત અને તારી જાત બે જુદી તદ્દન છે. એવો ભગવાન આત્મા પુણ્યના વિકલ્પની જાતથી અને કર્મ તો ક્યાંય રહી ગયું. એ આદિ જાતિઓથી, એ આદિ જાતિઓથી, એની જાતથી

જુદો. વિવિક્ત છે ને શબ્દ? વિવિક્ત.

**'ભિન્ન ચૈતન્ય-જાતિમાત્ર...'** ભગવાન! તું તો ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા છો ને. એને લઈને અમે પરમ અર્થ એને કહીએ છીએ. એ જ પરમપદાર્થ છે. રાગની જાતથી જુદો ભગવાન એને અહીં પરમપદાર્થ કહેવામાં આવે છે. આહાહા..! જે ભાવે સર્વાર્થસિદ્ધનો બંધ પડે, જે ભાવે આહારક શરીરનો બંધ પડે, જે ભાવે તીર્થંકરનો બંધ પડે, કહે છે કે ભગવાન! એ ભાવની જાતથી તારો પદાર્થ ભિન્ન છે, હોં ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એવો એને આત્મા છે એમ કહીએ છીએ. અને એ આત્માની અંતર દૃષ્ટિ થઈને જે પરિણમન થાય તે પરિણમન મોક્ષનું કારણ છે. આહાહા..! કહો, ચીમનભાઈ!

આ પણ દુનિયાની હોંશું ટળી જાય આમાં. દુનિયાની હોંશ ટળી જાય. પૈસાવાળા છીએ. એ કહે છે કે એ બધી જાતથી તારો જ્ઞાનવાળો આત્મા ભિન્ન જાતિ છે. પૈસાવાળો ક્યાંથી આવ્યો તું? આબરૂવાળો, પૈસાવાળો, શરીરવાળો, સુંદર શરીરવાળો, રૂપાળો, વાણી મીઠી અને કંઠ આમ કોયલ જેવો કંઠ અને મોર જેવો અવાજ. ભાઈ! એ વાળો નથી, ભાઈ! એની જાતથી તારી જાત જુદી છે. એની જાતથી તારી ભાત તદ્દન જુદી છે. આહાહા..! અને એમાં પુણ્યનો વિકલ્પ ઉઠે પંચ મહાવ્રતનો એની જાતથી ભગવાન તારી જાત જુદી છે. કારણ કે તું ચૈતન્ય જાત છો એ બધા અચેતન જાત જડ છે. સમજાણું?

એવા અચેતન જાતથી તારી જાત જુદી એવો ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા બસ, એ આત્મા દૃષ્ટિમાં આવો જાત લીધો એવું એનું જે પરિણમન થયું એ જ મોક્ષનું કારણ છે. આત્માની દશા તે મોક્ષનું કારણ છે. એ આત્મા મોક્ષનું કારણ કહો કે એની દશા મોક્ષનું કારણ કહો. સમજાણું કાંઈ? એ આગળ લેશે, પરિણમન લેશે. સમજાય છે? આમાં તો ઉપાદાન નાખશે. પણ લેશેને. કેટલામી છે આ? એ આવશે, જુઓ! ભાવાર્થમાં આવશે ને. ૧૫૩માં આવે છે. એ પછી જ્ઞાનીના કહેલા તપ એ ૫૩નો ભાવાર્થ. જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે. ભાવાર્થ છે ને ૫૩નો.

મુમુક્ષુ :- ૧૫૫માં છે.

ઉત્તર :- નહિ આ તો ૧૫૩માં. આ તો ૧૫૩ની અંદર છે. પહેલી તરત આવે છે. ભાવાર્થ આવે છે. ૫૩ ગાથાનો ભાવાર્થ. જ્ઞાનનું પરિણમન મોક્ષનું કારણ છે અને અજ્ઞાનનું પરિણમન એમ કરીને ત્યાં ખુલાસો કરી નાખ્યો.

અહીં તો સિદ્ધ એ કરવું છે કે આત્મા એટલે કોણ? કે જે પુણ્ય-પાપના વિકલ્પો, અહીં તો ખરેખર તો ઓલો શુભ વિકલ્પથી જુદી જાત છે એ સિદ્ધ કરવું છે. સમજાણું? જે કાંઈ વ્રત ને દયા ને દાન ને ભક્તિ ને પૂજાની વૃત્તિ ઉઠે છે, એ જાતથી તારો ચૈતન્ય

સ્વરૂપ આત્મા પરમાર્થ પદાર્થ ભિન્ન છે. પોપટભાઈ! આહાહા..! એ શુભ-અશુભ રાગ છે એ જાત છે અચેતન. અને ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ આત્મા છે એ આત્મા મોક્ષનું કારણ છે. સમજાણું? એટલો આત્મા પરમાર્થ-પરમ અર્થ (છે). એ એક શબ્દની વ્યાખ્યા કરી.

હવે સમયની વ્યાખ્યા કરે છે. કેમ કે ઓલો પુણ્ય-પાપથી ભિન્ન છે એ શું છે એનું અહીં વર્ણન કરે છે કે એ સમય છે આત્મા. '**તે (આત્મા) એકીસાથે (યુગપદ્) એકીભાવે (એકત્વપૂર્વક) પ્રવર્તતાં એવા જે જ્ઞાન અને ગમન (પરિણમન) તે-સ્વરૂપ હોવાથી સમય છે,...**' જુઓ! એ આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ જ્ઞાનમાં પ્રવર્તવું એકી સાથે પ્રવર્તવું. જ્ઞાન અને પરિણમન. જ્ઞાનરૂપે જ્ઞાન થાય, રાગરૂપે નહિ, પુણ્યરૂપે નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપી એ જ્ઞાનરૂપે થાય અને જ્ઞાનરૂપે પરિણમે. એ પરિણમે માટે તેને સમય કહેવામાં આવે છે. એ સમય-આત્મા મોક્ષનું કારણ છે. રાગરૂપે પરિણમન કરે એ આત્મા નહિ. એ આત્મા નહિ. પુણ્યરૂપે પરિણમે તે આત્મા નહિ. ભારે વાત, ભાઈ!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાન, શાંત, દર્શન, આનંદસ્વરૂપ છે. એવો આત્મા સમ્યક્ જ્ઞાનપણે રહીને જ્ઞાનનું પરિણમન કરે. એકી સાથે એકરૂપે પ્રવર્તતા એવા જ્ઞાન અને પરિણમન બે. જ્ઞાનનું જ્ઞાનરૂપે રહીને, જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન. '**તે-સ્વરૂપ હોવાથી સમય છે,...**' લ્યો, અહીં સમયની વ્યાખ્યા આવી. સમય કેમ કહ્યો? બાપુ! સમય તો આમ છે. હવે મોટી વિદ્વતાથી વાતું કરવી હોય તો એકકોર રહો. સમજાણું? એ સમય કહ્યો એને. સમ્યક્ પ્રકારે એકીભાવે એકાગ્ર થઈને એક સાથે જ્ઞાનનું થવું અને જ્ઞાનનું પરિણમવું. એમ કે જ્ઞાનનું રહેવું અને જ્ઞાનનું પરિણમવું. એવી જે જ્ઞાનની દશા તેને સમય કહેવામાં આવે છે અને એ સમયની દશા તે મુક્તિનું કારણ છે. રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પો થાય તે રૂપ આત્મા નથી. એને સમય ન કહેવાય, માટે તે કાંઈ મુક્તિનું કારણ નથી. આહાહા..! ઓલા તો રાડ પાડે. અરે..! આ તો કાનજીસ્વામી તો નિમિત્ત અને વ્યવહારને ઉડાવી દીધા. ભાઈ! અમારી વાત ક્યાં છે? આ તો વસ્તુના ઘરની વાત છે. ઘરનું કહ્યું છે આ કલ્પનાનું? છે ઘરનું પણ કાંઈક કલ્પનાનું છે? એય..! એમ રાડું પાડે છે. એકલી અવ્યવહારું વાત. વ્યવહારની વાત ન મળે ત્યાં. પણ કહે છે ને વ્યવહારનો જે વિકલ્પ છે એ તારી જાત નથી. પછી શું તારે કહેવું છે?

જે કાંઈ આત્મામાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ થાય, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના શ્રદ્ધામાં રાગનો ત્યાગ થાય એવો જે વિકલ્પ, એવી જે વૃત્તિ. સમજાણું? કે દયા-દાન, ભક્તિ, વ્રત, પૂજાની જે વૃત્તિ ઉઠે એ રૂપે પરિણમે તેને આત્મા કહેતા નથી અહીં. સમયની વ્યાખ્યા

છે ને અહીં? સમજાણું? એ તો અણાત્મા છે. આહાહા..! એ દયા, દાન, વ્રતના વિકલ્પરૂપે પરિણમે તે અણાત્મા છે. એય..! ન્યાલચંદભાઈ! ભારે વાત ભાઈ આ તો. આમ ત્યાગ કરતા હોય માણસ. સો માણસ સાથે બેઠા હોય ને કેરીનો રસ અને સમજ્યાને ઓલો શું કહેવાય? પૂરી, ઘીની તળેલી પૂરી ખાતા હોય અને પતરવેલીયા ખાતા હોય. ઓલો કહે કે નહિ.

મુમુક્ષુ :- એ તો રાગ છે.

ઉત્તર :- રાગ પણ કાંઈક છોડ્યું કે નહિ એણે? બધા ખાતા હતા સાથે લ્યો. એને દેવાની તૈયારી ટોપલામાં નીકળી પોલી ને મોટું સમજ્યાને? રસનું નીકળ્યું... શું કહે? તપેલું. મારે ખપે નહિ. કહો, કાંઈક ત્યાગ છે કે નહિ એમાં? કાંઈક. એય..! ના ના. એ તો જરી વિકલ્પ ઉઠ્યો છે એ પુણ્ય છે. આત્મા નહિ, એ ધર્મ નહિ. આહાહા..! આત્માના રસના આનંદ વિના એ રસનો ત્યાગ તે સાચો ત્યાગ નથી. વ્યવહારે, હોં! સદ્ભુત વ્યવહારે પણ એ ત્યાગ છે નહિ. આહાહા..! આકરી વાત વીતરાગ માર્ગની. ઓહોહો..!

મુમુક્ષુ :- દાખલો આવે ત્યારે વિરોધ ઊભો થાય.

ઉત્તર :- દાખલો આવે ત્યારે વિરોધ ઊભો થાય છે. દાખલો આવે ત્યારે બરાબર પકડાય ત્યાં. સ્પષ્ટ થાય ને ન્યાય. અમે આ છતી કન્યા મળતી હતી ને લગન ન કર્યા. અમે છોડી દીધો. ભાઈ! તેં શું કર્યું? ભાઈ! એમાં શું થઈ ગયું? બહુ તો એ જાતનો શુભ વિકલ્પ ઉઠ્યો. સમજાણું કાંઈ? એમાં કાંઈ આત્મા નથી આવ્યો. આહાહા..! એય..! દેવચંદજી! ભારે ગજબ વાત છે ને. આમ છતી કન્યા મળતી હતી. ૨૫-૨૦ વર્ષની યુવાન અવસ્થા. સામે દેવા આવતા. વળી કાંઈક પાંચ-દસ હજાર રૂપિયા ભેગા આપશું. તમે અમારું ઘરે .. આ કહે કે નહિ. એણે કાંઈક ધર્મ કર્યો કે નહિ? કહે છે. એના ભાવમાં શુભવૃત્તિ આવી. શુભવૃત્તિ. બસ, એટલી એની મર્યાદા. એ ધર્મસ્વરૂપ નથી. એણે ધર્મ કર્યો એમ નથી. આહાહા..!

કહે છે કે ભાઈ! જ્યાં જ્ઞાનમાં વૃત્તિ ઉઠે છે એ આત્મા જ નહિ. સમજાણું કાંઈ? એ અણાત્માપણે પરિણમે અને એમ કહે કે મને ધર્મ થયો. ના. કહે છે. એ સમય એને કહેવાય જ નહિ. સમય તો આત્મા જ્ઞાનપણે રહે અને ટકે, પરિણમે. એ જ્ઞાનરૂપે રહી અને જ્ઞાનપણે (પરિણમે). રાગરૂપે છે નહિ તો રાગરૂપે પરિણમે ક્યાંથી? સમજાણું કાંઈ? એ ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત, ચૈતન્યસૂર્ય. ચૈતન્યસૂર્યના કિરણો તો ચૈતન્યના પ્રકાશના નીકળે. રાગ તો અંધકારરૂપ છે. એ રાગનું પરિણામ કંઈક ઠર્યું અને અશુભ ને શુભ જ્યાં સંયોગો બદલ્યા બહારના એટલે એને એમ થઈ ગયું કે હું કાંઈક ધર્મમાં આવ્યો. એ મોટો ભ્રમ પડે છે એને. સમજાણું કાંઈ?

કહે છે, આત્મા પોતે એકસાથે એકરૂપે.. અય છે ને સમ્યક્ પ્રકારે? '**પ્રવર્તતા એવાં જે જ્ઞાન અને ગમન (પરિણમન)**...' જ્ઞાનનું એટલે શ્રદ્ધાનું, જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનની એકાગ્રતા એ. એ બધું જ્ઞાન, એનું પરિણમન. તે સ્વરૂપ હોવાથી, તે તે સ્વરૂપે આત્મા હોવાથી તે આત્મા સમય છે. રાગરૂપે થવું, વિકલ્પરૂપે પરિણમવું એ રૂપે આત્મા નથી. આહાહા..! આ પુણ્ય-પાપના અધિકારમાં આ નાખવાનો હેતુ છે કે વિકલ્પનું પરિણમન એ આત્માનું નહિ. સમજાણું કાંઈ?

આ કહેવાનો આશય શું છે? કે આત્મા જ્ઞાનસ્વરૂપે એકસાથે જ્ઞાનરૂપે થાય અને પરિણમે. એવી દશા તે આત્માની અને તે મોક્ષનું કારણ છે. એમાં વળી ભેગો રાગરૂપે થાય, વિકલ્પરૂપે થાય અને આ રૂપે થાય એવી બે વાત નથી. સમજાણું કાંઈ? આ તો મોક્ષના માર્ગની વાતું ચાલે છે, ભાઈ! મોક્ષસ્વરૂપ આત્મા છે એમાંથી માર્ગ આવે ને? મોક્ષસ્વરૂપ છે એમાંથી આવે. રાગ છે એ મોક્ષસ્વરૂપ છે? એ કહેશે આગળ. એ તો બંધસ્વરૂપ છે. રાગ પોતે બંધસ્વરૂપ છે એમાંથી વળી મોક્ષમાર્ગ ક્યાંથી આવતો હતો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ શરણ છે.

જ્યાં નજરમાં નિધાન ચૈતન્યપ્રભુ, જેણે અંતર દૃષ્ટિએ લીધો લક્ષમાં, એનું જે જ્ઞાનનું પરિણમન થવું બસ, એ શરણ છે, એ હિતકર છે. બાકી બધું સમજવા જેવી વાત છે. જાણવા જેવી તો હોય ને બધી. આહાહા..! સર્પને મરેલો જોયો ને સવારમાં પડખું. દોઢ હાથનું લાંબુ. પૂછ્યું પછી, મરણ આવા કર્યા હશે જીવે? ઓલા શીખે છે ને અહીંયાં? અહીં સાંભળે એટલે કહ્યું, અનંત વાર. અનંત વાર આવા મરણ કર્યા, અનંત વાર, તો આત્માને ત્રિકાળી અંદર નક્કી કર્યો અનંત કાળનો છે અને એ અનંત વાર આવા અવતાર કર્યા, ત્યારે અનંત વાર જેણે કર્યા આવા અને રહેનારો આ, એને એમાંથી દૃષ્ટિ હટવી જોઈએ. આહાહા..! આવા આત્માએ આવા અવતાર! કીડીના, કાગડાના. શું ચાલે? ખટારો. ખટારો ચાલે છે વચ્ચે. કચ્ચરઘાણ, કાકીડા કંઈક મરેલા દેખાય છે રસ્તામાં. છુંદો. એવા અનંત શરીરની હયાતીમાં આવી સ્થિતિમાં તારી હયાતી અંદર હતીને ભિન્ન? એવી ભિન્ન ચીજને આવું થયું? અજ્ઞાન અને આકુળતા હોં ત્યાં. એ વસ્તુમાં રહેનારું ત્રિકાળી તત્ત્વ, એ અજ્ઞાન અને આકુળતાથી રહિત છે. ત્યારે એણે અનંતા ભવ કર્યા એવો એનો સાચો ખ્યાલ આવે. સમજાણું કાંઈ?

કહે છે કે સમય કોને કહીએ? એટલે કે આત્મા કોને કહીએ? આને આત્મા કહીએ. રાગનું પરિણમન થવું એને સમય ન કહેવાય એટલે કે આત્મા ન કહેવાય. એમ અહીં સિદ્ધ કરવા માગે છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામપણે પરિણમે તેને સમય કહેવાય નહિ.

તેને આત્મા ન કહેવાય પહેલું કહ્યું, તેને સમય ન કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

ઊંડી લોઢાની કોઠી હોય પચ્ચીસ હાથની લાંબી. એક માણસ ઊભો હોય એવી પહોળી. એમાં જીવતો નાખ્યો હોય. પવન-બવન આવવાનું કાંઈ ઠેકાણું ન હોય, પગ-બગ હલાવી શકે નહિ. જીવતો એમાં નાખે ને આમ ને આમ હાય.. હાય! હવે? ત્યાં ને ત્યાં મર. નીકળવાનું નથી. લોઢાની હોય ને ગોળ આવે. એક માણસ સમાય એવી. પચ્ચીસ હાથની લાંબી અને ચાર હાથની પહોળી. અંદર નાખ્યો હોય ... હવે? કે ત્યાં ને ત્યાં સૂકાઈને મર. કાઢવાના નથી. હાય હાય એને કેટલું થાય? કોઠી સમજ્યાને? લોઢાની હોય છે ને? કોઠીને શું કહે છે? નથી સમજતા? ભુંગળા મોટા લોઢાના. આ નથી આવતા? મીલમાં ભુંગળા નથી હોતા? મીલના ભુંગળા હોય છે ને. ભુંગળા નથી કહેતા? ભાષા ... આ તો આવડી જ, માણસની પહોળાઈ જેટલી. આમ નજર કરે તો અંધારું દેખાય. હાથ ફરે નહિ. હવે એમાંથી એને છૂટવાનો રસ્તો ક્યો? એને છૂટવાનો રસ્તો આત્મા અખંડાનંદ છે, રાગના બંધનમાં નથી એવી દૃષ્ટિ કરે તો છૂટેલો પડ્યો છે ત્યાં. સમજાણું કાંઈ? હું તો એક આત્મા છું. કોઠીમાં નથી, શરીરમાં નથી, રાગમાં નથી. આહાહા..!

મુમુક્ષુ :- એણે કોઈએ પૂર્યો છે?

ઉત્તર :- પૂર્યો નથી. કોઈ પૂરે કોણ? ક્યાં પણ પૂરે? રાગમાં નથી તો પછી કોઠીમાં અને શરીરમાં ક્યાંથી આવ્યો? રાગનું થવું એ આત્મા નથી. આહાહા..! એ ભગવાન આત્મા હું ચૈતન્ય શુદ્ધ મુક્તસ્વરૂપ, એનું જ્ઞાન અને શ્રદ્ધા અને સ્થિરતા નિર્મળ થઈ, એને અહીંયાં સમય કહેવામાં આવે છે. રાગને અહીં સમય કહેતા નથી.

હવે કેવળી કહે છે. શુદ્ધ. શુદ્ધ આવે છે ને? શુદ્ધ. એને શુદ્ધ કેમ કહેવામાં આવે છે? કહે છે. ઓલા પુણ્ય પરિણામ છે તે અશુદ્ધ છે. '**સકળ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે,...**' નયપક્ષ. એટલે હું અબદ્ધ છું, શુદ્ધ છું એવો જે વિકલ્પ. સમજાણું? એ પણ આત્મા નહિ. અહીં પુણ્યને નિષેધ કરવો છે ને? વિકલ્પ કે હું અબદ્ધ છું, શુદ્ધ છું, અભેદ છું. એવો વિકલ્પ નહિ. એ આત્મા નહિ.

'**સકલ નયપક્ષોથી અમિલિત (અમિશ્રિત) એવા એક જ્ઞાનસ્વરૂપ...**' એક જ્ઞાનસ્વરૂપ. આ હું અબદ્ધ છું, અભેદ છું, એવો વિકલ્પસ્વરૂપી આત્મા નહિ. સમજાણું કાંઈ? કર્તા કર્મ આવી ગયું છે ને આ તો? પુણ્ય-પાપનો અધિકાર છે ને? આમાં એમ વિકલ્પ ઉઠે કે આ શુદ્ધ છે, અબદ્ધ છે, એક છે. કહે છે કે ના. એને આત્મા કહેતા નથી. કારણ કે વિકલ્પ છે એ પુણ્યનું કારણ છે. પુણ્યનું પરિણમન એ આત્માનું પરિણમન નથી. એ જ્ઞાનનું મોક્ષનું કારણ નથી. એ વિકલ્પનું જે થવું એ મોક્ષનું કારણ નથી. ઓહોહો..!

વ્યવહારનો વિકલ્પ કે હું બંધાયેલો છું, રાગવાળો છું એ તો ઠીક બંધનું કારણ (છે). પણ આ અબદ્ધ છું, એક છું, શુદ્ધ છું, આ છું એવો વિકલ્પ. એનાથી નહિ મળેલું તત્ત્વ તેને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કઈ શૈલીએ નાખ્યું! ટીકા પણ કેવી બનાવી છે, જુઓને! એ શુદ્ધમાં નયપક્ષથી રહિત નાખ્યું. નયપક્ષથી સહિત વિકલ્પનો પક્ષ હોય છે એ આત્મા નહિ. આહાહા..! કારણ કે પુણ્ય વિકલ્પ એ પુણ્ય છે, એ આત્મા નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનની ચૈતન્ય જ્યોત પ્રભુ, એ નયપક્ષથી નહિ મળેલો એટલે એના પક્ષમાં રોકાયેલો વિકલ્પ એમાં નહિ મળેલો. પુણ્ય અને પાપનો નિષેધ કરવો છે ને? એટલે નયપક્ષનો વિકલ્પ પણ પુણ્ય છે. એ આત્મા નહિ અને આત્મામાં એ આવતું નથી. એથી શુદ્ધ કેમ કહેવામાં આવે છે? કે નયપક્ષમાં વિકલ્પથી નહિ મળેલો નિરપેક્ષ જ્ઞાનના સ્વરૂપનું પરિણમન થવું એને શુદ્ધ કહેવામાં આવે છે. અને તે શુદ્ધનું પરિણમન તે સંવર અને નિર્જરા અને મોક્ષનું કારણ છે. અબદ્ધ છું, શુદ્ધ છું એવો વિકલ્પ પણ બંધનું કારણ છે. એ આત્મા નહિ અને એ સંવર-નિર્જરા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આ પુણ્યના અધિકારમાં એ નાખ્યું. નયપક્ષનો પક્ષ છે એ વિકલ્પ છે એ પુણ્ય છે. એ પુણ્ય તે આત્મા નહિ અને તે સંવર, નિર્જરા નહિ.

‘**સકળ નયપક્ષોથી...**’ નહિ મળેલો. ભગવાન આચાર્યે તો શુદ્ધ શબ્દ વાપર્યો. એનો અર્થ પોતે અમૃતચંદ્રાચાર્યે ખોલ્યો. ઓહોહો..! જ્યાં સુધી એના વિચારના સંકલ્પમાં પણ શુદ્ધ છું, અબદ્ધ છું, એવો વિકલ્પ વર્તે છે, તે આત્મા તેમાં મિશ્રિત થયેલો નથી. એને આત્મા કહેવાતો નથી. વિકલ્પની મિશ્રિતપણા રહિત એકલો જ્ઞાયકસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણમન થવું એને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. નયના પક્ષનો વિકલ્પ મોક્ષનું કારણ નથી એમ કહે છે. કારણ કે એ પુણ્યભાવ છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

માર્ગ બાપા! આહાહા..! એના પણ ફળ પણ એવા હોય છે ને. માર્ગ એવો એના ફળ પણ અનંત આનંદ, અનંત જ્ઞાન જેને સાદિઅનંત પ્રગટે. એનો માર્ગ પણ ભગવાન આત્માને આશ્રયે પ્રગટે એ માર્ગ છે. આહાહા..! સમજાણું કાંઈ? સકળ નયપક્ષ એમ ભાષા લીધી છે ને? ‘**सकलनयपक्षासङ्कीर्णैकज्ञानतया**’ કોઈપણ નયનો પક્ષ નથી. પૂર્ણ છું, મુક્ત છું. સમજ્યાને? એવો જે નયનો પક્ષ એનાથી નહિ મિલિત-નહિ આવેલો ભેગો, ભિન્ન રહેલું તત્ત્વ, તે જ્ઞાનનું શુદ્ધ પરિણમન વિકલ્પ વિનાનું. તેને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. અને એ શુદ્ધપણું તે જ મોક્ષનું કારણ છે. એ નયનો વિકલ્પ પણ મોક્ષનું કારણ નથી અહીં તો કહે. પુણ્ય, દયા, દાન, વ્રત તો ક્યાંય રહી ગયા. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નયનો વિકલ્પ શું કરે પછી?

ઉત્તર :- આ હું અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું. વ્યવહારની .. એવી વૃત્તિ ઉઠે એને નયપક્ષ કહેવામાં આવે છે. એ વિકલ્પના પક્ષ વિનાની ચીજ છે એને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. ભારે વાત. પુણ્ય-પાપનો અધિકાર છે એટલે જેટલા વિકલ્પોની જાત છે એનાથી ભિન્ન છે, એવો આત્મા તે મોક્ષનું કારણ છે, એમ સિદ્ધ કરવું છે ને અહીંયાં? આહાહા..! હવે એને અહીં વ્રત ને નિયમ ને બહારના વિકલ્પ ઉઠે એને અહીંયાં મોક્ષનું કારણ ઠરાવવું છે જગતને. જેમ હશે તેમ રહેશે. કાંઈક બીજું કરવા માગશે શ્રદ્ધાથી કાંઈ બીજું થાય એવું નથી. એ કહે છે, જુઓ!

'**શુદ્ધ છે,...**' ઓલા પુણ્યના પરિણામ તે અશુદ્ધ છે. નયનો વિકલ્પ એ અબદ્ધ શુદ્ધ છું એવો વિકલ્પ પણ અશુદ્ધ છે. અશુદ્ધ છે તે મોક્ષનો માર્ગ હોઈ શકે નહિ. હવે કેવળી છે. આત્મા કેવળી છે. કેવળીનો અર્થ કેવળજ્ઞાન પર્યાય નહિ. '**કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી કેવળી છે,...**' એકલો જ્ઞાનમાત્ર હોવાથી એને કેવળી કહેવામાં આવે છે. રાગનો જેમાં ભાગ નથી. એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ આત્મા એને અહીં કેવળી કહેવામાં (આવે છે). ઓલી કેવળીની વાત નથી. કેવળ એટલે એકલો. એકલો રાગના સંબંધ વિનાનો પુણ્ય-વ્યવહાર રત્નત્રયના રાગના સંબંધ વિનાનો એકલો જ્ઞાનમાત્ર તેને અહીંયાં કેવળી કહેવામાં આવે છે. આહાહા..! કેવળી એટલે કેવળજ્ઞાનની પર્યાય એમ નહિ અહીં. સમજાણું કાંઈ? કેવળી એટલે કે રાગના આશ્રય વિનાનો. એકલો ચૈતન્યમાત્ર ભગવાન આત્મા તેનો આશ્રય કરવાથી જે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ પરિણમે એ પોતે સંવર-નિર્જરારૂપ અને મોક્ષનું કારણ છે. કેવળ એકલો. એમાં બેકલાનો ભાગ નહિ. આહાહા..! ભારે વાત કરી. એક એક શબ્દમાં ભિન્ન-ભિન્ન રીતે પ્રસિદ્ધ કર્યો છે. આત્મખ્યાતિ છે ને? કેવળી છે.

એ એકલો કેવળ. માણસ નથી કહેતા? ગધેડો છો? કેવળ ગધેડો છો, એમ નથી કહેતા? કેવળ એટલે એકલો ગધેડો. એમ એકલું જ્ઞાનસ્વરૂપ ચિન્માત્ર જ્યોતિ. જ્ઞાનમાત્ર જ્યોતિ જેમાં રાગનો કંઈ સંબંધ નથી. પુણ્યનો-વિકલ્પનો કંઈ સંબંધ નથી. એવું કેવળ જ્ઞાનમય, એકલો જ્ઞાનમાત્ર આત્મા, એવો જ્ઞાનમાત્ર આત્મા તે જ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? વ્યવહાર કરતાં કરતાં થાય. એય..! માંગીરામજી! લોકોનો એ પ્રશ્ન બહુ. ભગવાન! વ્યવહાર છે એ એકલા જ્ઞાનમાં આવતો નથી, એકલા જ્ઞાનમાં એ આવતો નથી તો એ જ્ઞાનમાં આવતો નથી તો એ મોક્ષનું કારણ કેમ થાય? આહાહા..!

'**ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર) ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે,...**' એ આત્મા મુનિ છે. એ જ્ઞાનરૂપે જ્ઞાનનું પરિણમવું, જ્ઞાનનું મુનિપણું થવું. સમજાય છે? મનન. મનન. મનન

એટલે જ્ઞાનની અંદર એકાગ્રતા. જ્ઞાન સ્વરૂપની એકાગ્રતા. મૌનપણું વિકલ્પથી રહિત મૌનપણું, રાગ પુણ્યથી રહિત મૌનપણું, જ્ઞાનના મનનનું પરિણમન, એથી તે મોક્ષનું કારણ છે અને તેને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! જ્ઞાનનું પરિણમન એકલું આનંદ અને શાંતિનું નિર્વિકલ્પ પરિણમન તેને મુનિ કહેવામાં આવે છે. ઓલા અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ તે આત્મા અને તે મુનિ નથી એમ કહે છે અહીં. એય..! આહાહા..!

કહે છે કે '**ફક્ત મનનમાત્ર...**' એમ. એકલું જ્ઞાનનું જ મનન, જ્ઞાન આનંદની એકાગ્રતા. એમ. એવું જે મનનમાત્ર '**(જ્ઞાનમાત્ર)...**' મનન એટલે જ્ઞાનમાત્ર. '**ભાવસ્વરૂપ...**' એકલો જ્ઞાન જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવા સ્વભાવનું એકાગ્રપણું, એવું '**હોવાથી મુનિ છે,...**' એ આત્મા જ મુનિ છે અને એ મુનિપણાની આ નિર્વિકલ્પ દશા એ જ મોક્ષનું કારણ છે. કારણ કે મુનિપણાની દશા જ મનન જ્ઞાનનું એકાગ્ર એ મુનિપણાની દશા, એ જ આત્મા, અને એ આત્મા મોક્ષનું કારણ છે. કહો, એમાં વ્યવહારના અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો અને એ બધા મોક્ષના કારણ નથી. જાતથી બીજી જાતનો છે એ તો પહેલેથી કહેતા આવ્યા છે. આહાહા..!

પણ કાંઈ સાધન ખરું? એમ પ્રશ્ન હતો. એય..! ન્યલચંદભાઈ! અગાસમાં બપોરે એક કલાક ચર્ચા થઈ ને. પછી રાતે એક મારવાડી આવ્યો. મારવાડી કોઈ ડોસો હતો. એ બધું (ખરું) પણ સાધન ખરું? એમાં સાધન આ. સાધન એ અંતર્મુખમાં જાવું એ સાધન. આહાહા..! કઠણ માણસને નિરાલંબી માર્ગ. એમ કે સાધન આ ભક્તિ કરીએ, આ કરીએ, પૂજા કરીએ આ બધું કરીએ એ બધું સાધન કહેવાય. 'ત્યાર વૈરાગ્ય ન ચિત્તમાં ન થાય તેને જ્ઞાન.' એ ત્યાં આવ્યા. પણ પાછા 'અટકે તો ત્યાં ભૂલે નિજ ભાન.' ચિત્તમાં રાગની મંદતા આવી અને ત્યાં અટક્યો એ આત્માને ભૂલ્યો. આત્મા એવો નથી.

મુમુક્ષુ :- કરતા કરતા .. નથી થતું.

ઉત્તર :- કરતા કરતા થાય તો અણાત્મા કરતા કરતા આત્મા થાય એમ થયું. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે. એમ થાય છે? કહે છે કે, જ્ઞાન, ફક્ત જ્ઞાન. દેખો! અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ, દયા, દાનનો વિકલ્પ બિલકુલ નહિ. ફક્ત જ્ઞાન મનનમાત્ર. એકલું જ્ઞાનમાત્ર સ્વરૂપ ભગવાન. એનું ભાવસ્વરૂપ એનું હોવાથી, એ પોતે આત્મા જ એની નિર્મળ દશાવાળો એને અહીંયાં મુનિ કહેવામાં આવે છે. એને મુનિપણું કહે છે. નગ્ન દશા ક્યાંય રહી ગઈ અને વિકલ્પ તો ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ક્યાંય રહી ગયું. વિકલ્પ ન રહ્યા પછી નગ્ન દશા, અને નગ્ન થયા

છીએ... વ્યક્તિની માટે નથી, હોં! આ તો વસ્તુનું સ્વરૂપ છે. વ્યક્તિ તો એની જવાબદારીએ સૌ કામ લે છે. સૌના પરિણામની જવાબદારી એને સૌને છે, ભાઈ! કોઈ કહે કે એની કાંઈ ઓલી કરવાની આ વાત નથી. જે જેની યોગ્યતાના પરિણામ છે તે તે પરિણામની જવાબદારી તો એના આત્માને છે. બીજો કાંઈ કરી શકે છે કે બીજાનો ફેરફાર કરે? સમજાય છે? એથી કોઈ વ્યક્તિનો વેર કે વિરોધ કરવાનું છે નહિ. એ તો વસ્તુની સ્થિતિ પ્રમાણે એનું પરિણમન છે ને. આ ન બેસે તો શું થાય? સમજાય છે?

કહે છે કે એ મુનિ છે. એ આત્માને મનન. એ વિકલ્પને ઉઠાવવો નહિ એવી જ્ઞાનની પરિણમન દશા એનું નામ મૌનપણું, એનું નામ મુનિપણું અને એનું નામ મોક્ષનો માર્ગ. આહાહા..! સમજાણું આમાં? **'પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...'** જ્ઞાનીનો અર્થ કે વિકલ્પથી શાસ્ત્રના ભણતર કર્યા કે એ જ્ઞાની નહિ. એમ નિષેધ કરવા જાય છે. પોતે જ્ઞાનસ્વરૂપ હોવાથી, જ્ઞાનસ્વરૂપ જ હોવાથી એનું જ્ઞાન થયું તો એ પોતે જ્ઞાની છે. એ શાસ્ત્રના વિકલ્પના ભણતરથી જ્ઞાની છે આત્મા, એમ નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? દેવચંદજી! આહાહા..! શું પણ કુંદકુંદાચાર્યે પણ ગજબ કામ કર્યા છે ને! પંચમઆરામાં તીર્થંકરના કામ કર્યા છે!!

કહે છે કે **'પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...'** આવ્યું હતું ને મુનિનું? મુનિ. જ્ઞાની એ આત્મા જ્ઞાની છે. એટલે? કે ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા છે એનું જ્ઞાન અંતરમાંથી જ્ઞાનને અવલંબે થઈને જે પરિણમ્યું એને જ્ઞાની કહીએ. કાંઈ શાસ્ત્રથી વિકલ્પ ઉઠ્યો શાસ્ત્રનો માટે અહીં જ્ઞાન થયું અને જ્ઞાની છે એમ નહિ. એમ નિષેધ કરે છે. પુણ્યના વિકલ્પના નિષેધની રીતના પડખા ભિન્ન ભિન્ન જાતના લીધા છે, ભાઈ! આહાહા..! ગજબ વાત કરી છે!

કુંદકુંદાચાર્યની ગાથા ચાલી હતી ત્યાં. પુણ્યના વિકલ્પ વિનાની ચીજ એ સિદ્ધ કરવા, મોક્ષનો માર્ગ આ છે એ સિદ્ધ કરવા આવા ભિન્ન-ભિન્ન બોલો લીધા છે. જ્ઞાની કેમ કહ્યો? કે શાસ્ત્રનો ભણ્યો છે, અગિયાર અંગ નવ પૂર્વ માટે? ના. એ તો પોતે જ્ઞાનસ્વરૂપ છે એવું જે ભાન થઈને સ્વનું જ્ઞાન થયું એને અહીંયાં જ્ઞાની કહેવામાં આવે છે. બાકી જ્ઞાની કહેતા નથી. એ જ્ઞાની મોક્ષના માર્ગમાં છે અને મોક્ષનો માર્ગ એમાં છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૧૪, બુધવાર તા. ૭-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૫૧ થી ૧૫૩, પ્રવચન-૨૩૯**

૧૫૧ ગાથા ચાલે છે. પુણ્ય-પાપ અધિકાર. ત્યાં સુધી આવ્યું, જુઓ! '**પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...**' એ શું કરવા એમ કહ્યું અહીંયાં? પુણ્ય-પાપના અધિકારમાં પોતે જ્ઞાની છે એમ કહેવાનો આશય શું છે અહીંયાં? કે આત્મા પોતે આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાન સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા જે જ્ઞાનરૂપ છે તેથી તે જ્ઞાની છે. ઓલા પુણ્યના વિકલ્પો છે વ્યવહાર સમકિત આદિના માટે એ જ્ઞાની છે એમ નથી. એમ સિદ્ધ કરવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? પુણ્ય છે ને? પુણ્ય એટલે વ્યવહાર વિકલ્પ, વ્યવહાર રત્નત્રયનો વ્યવહાર સમકિત એટલે વિકલ્પ રાગ, વ્યવહાર જ્ઞાન એટલે શાસ્ત્ર સંબંધીનો વિકલ્પ, વ્યવહાર ચારિત્ર એટલે મહાવ્રત વિકલ્પ. એ વિકલ્પ છે એ પુણ્ય છે. તો પુણ્ય છે તે આત્મા નથી અને પુણ્ય છે તે મોક્ષમાર્ગ નથી. એમ અહીં સિદ્ધ કરવા આ વાત લીધી છે. સમજાણું કાંઈ? દરેક વસ્તુમાં એમ ઉતારી છે. એક એક શબ્દ ઉતાર્યો છે એનો હેતુ આ છે.

'**પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે,...**' એટલે કે આત્મા જ રાગ અને વ્યવહાર વિકલ્પ જે અહીં પુણ્ય છે તેની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાયક સ્વરૂપ પોતે છે, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતારૂપ દશા એ જ્ઞાનની જ્ઞાનદશા (છે) એથી એ જ્ઞાની છે. રાગ છે ને પુણ્ય છે ને વ્યવહાર છે માટે જ્ઞાની છે એમ નથી. એનું જ્ઞાન કરે તે જ્ઞાની એમ પણ અહીં તો લેવું નથી. સમજાણું કાંઈ? શું કીધું? આ ગાથામાં દરેક શબ્દ જે ભિન્ન ભિન્ન કહ્યો છે એમાં હેતુ છે દરેકમાં.

મુનિ કહ્યા. જુઓ! '**મનનમાત્ર ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે.**' એનો અર્થ કે વ્યવહાર જે અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે કે શાસ્ત્રનું જે જ્ઞાન છે એ મુનિપણું નથી. કારણ કે એવા રાગની અપેક્ષા વિનાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એને અવલંબે થયેલી શ્રદ્ધા, એનું જ્ઞાન આત્માનું અને એમાં સ્થિરતારૂપ ચારિત્ર એ બધું જ્ઞાનનું મનન, એ જ્ઞાન સ્વભાવનું મનન છે-એકાગ્રતા. એને મુનિ કહેવામાં આવે છે. એમાં વ્યવહાર વિકલ્પ છે એની અપેક્ષા રાખ્યા વિના આને મુનિ કહેવામાં આવે છે. એમ કહે છે. પુણ્ય-પાપના અધિકારમાં મૂક્યું છે એનો હેતુ આ છે. દેવચંદજી! સમજાય છે કાંઈ?

વ્યવહાર એ વ્યવહાર એ છે એ વ્યવહાર મુનિપણામાં એ વ્યવહાર નથી, જ્ઞાનીપણામાં એ વ્યવહાર નથી, પરમાર્થ પદાર્થમાં એ વ્યવહાર નથી અને નયના વિકલ્પ રહિત જે શુદ્ધ

છે એમાં એ વ્યવહાર નથી. આહાહા..! શું થાય? વાતને ઢીલી કરીને.. ભાઈએ તો બહુ મૂક્યું હતું, લાલબહાદુરે. આપણે અત્યાર સુધી (એમ માનતા હતા કે) મોક્ષમાર્ગમાં આમ છે, સમકિત બે પ્રકારના વ્યવહાર નિશ્ચય. પંડિતજી તો એકલું નિશ્ચય સમકિતને સમકિત કહે છે. એ પાછું કોણ જાણે શું કહ્યું? પણ વસ્તુસ્થિતિ તો સ્પષ્ટ થવી જોઈએ ને. કાંઈક કહેવાનો.. જ્ઞાનમાં આ વસ્તુ હોય, આ ન હોય એમ ભાસ થવો જોઈએ ને. ભાસ વિના એમ ને એમ માનવું એનો અર્થ શું? પહેલેથી શરૂઆતથી, હોં! સમજાણું?

અહીં કહે છે કે મુનિપણું કોને કહીએ? કે જ્ઞાન ફક્ત મનનમાત્ર ભાવસ્વરૂપ. એકલો જ્ઞાનસ્વભાવ ભગવાન, એ જ્ઞાનનું મનન કહ્યું છે ને? અહીં એકાગ્રતા લેવી છે ને? ત્રિકાળીની વાત નથી લેવી. એવો જે જ્ઞાનસ્વભાવ આત્મા એનું જે થવું, અંતર્મુખ એકાગ્રતા એવું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે જ્ઞાનની જ પર્યાય છે. જ્ઞાનની એટલે રાગની પર્યાય નથી. એને અહીંયાં મુનિ કહેવામાં આવે છે. એમ. ઓલો રાગ જોડે છે પંચ મહાવ્રતનો કે અઠ્યાવીશ મૂળગુણનો માટે મુનિ છે એમ છે જ નહિ. કારણ કે એ નિશ્ચયમાં વ્યવહાર છે જ નહિ. સમજાણું કાંઈ? વસ્તુ આવી છે. વસ્તુ એવી છે. એ વિના કોઈ રીતે એમાં ક્યાંય મેળ ખાય એવું નથી. મેળ ન્યાયથી અંદર મળવું જોઈએને અંદરમાં? એય..! મોહનભાઈ!

મુમુક્ષુ :- તમે તો મળી ગયા છો ને.

ઉત્તર :- એ તો માનતા હશે. મળે નહિ એમ જ કહે છે. બિચારા ભલામણ કરે છે, હોં! અમે ત્યાં ગયા હતા ખરા ને. તમે આ કરો, તમને આસ્થા નથી, આસ્થા કરો, સુધારો. કેટલા વર્ષથી રાડુ પાડે છે. ત્યાં કોઈ સામે આવ્યું નહિ. એ વળી ખાનગી કહેતો હતો કો'કને કે એક કલાક, સ્વામીજી એક કલાક આપે. મને કહ્યું નહોતું. મને તો બિલકુલ કહ્યું નહિ. બીજાને કહ્યું હતું. મેં સાંભળ્યું આમ કહે છે આ. કીધું, અહીં વખત અમારે ક્યાં છે? અહીં ચર્ચા કરીએ છીએ કીધું, કોની સાથે ચર્ચા કરવી? વાતે વાતે ફેર. વ્યાખ્યાનમાં તો આવી ગયું હતું ઘણું. કલાક વ્યાખ્યાનમાં. ૭૨મી ગાથા.

મુમુક્ષુ :- ઈ માનતા હતા એમ ન આવ્યું.

ઉત્તર :- એનાથી વિરૂદ્ધ હતું બધું. રાગ દુઃખરૂપ છે, રાગ સાધન નથી. દુઃખ સાધન હોય નહિ. બધા બેઠા હતા. કૃષ્ણાબાઈ બેઠી હતી, ઓલી બેઠી હતી કોણ? કમળાબાઈ. આહાહા..! કોણ જાણે શું હશે આ? એને આમ અંતર આશ્રય ચીજ, પરાશ્રય વિનાનો ભાવ, એને મોક્ષમાર્ગ કહેવો એ આમ ગોઠતું નથી. કાંઈક પરાશ્રયવાળો હોય અને એનાથી કાંઈક આત્માને સ્વઆશ્રય લાભ થાય તો એને સંતોષ લાગે છે કે આ સાચું લાગે છે. અનેકાંત લાગે, નહિતર એકાંત છે. અહીં શું કહ્યું? જુઓ! એક એક શબ્દમાં એમ કહ્યું, જુઓ! સમજાણું?

પહેલામાં એમ કહ્યું. આત્મા પરમપદાર્થ છે ને? એમાં એમ કહ્યું કે અન્ય જાતિના પુણ્યનો જે વિકલ્પ છે વ્યવહારરત્નત્રયનો એના જાતથી આ ચૈતન્ય જાતિ જ જુદી છે. એ ચૈતન્ય જાતિનું જાત્યાંતરપણું (છે), રાગના વિકલ્પથી જાત્યાંતર છે. એવો જે આત્મા, જ્ઞાનસ્વરૂપ આત્મા, એની એકાગ્રતા તે જ આત્માનો મોક્ષમાર્ગ છે. સમજાણું? રાગ તો જાત્યાંતર છે. અહીં તો ઓલાનીથી જાત્યાંતર અહીં કહ્યું છે. પણ આ જાતિથી રાગ જાત્યાંતર-અનેરી જાત છે. અહીં તો ભલે આમ કહ્યું છે આની કોરથી. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ છે. એ જ્ઞાનની મૂર્તિ જ્ઞાનપણાના પરિણમનપણે વિકલ્પની જાતથી અનેરી જાત જ્ઞાનના પરિણમનની છે, માટે તેને ચૈતન્ય સ્વભાવ આત્માને એના પરિણમન સહિત આત્માને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું થાય પણ હવે આમાં?

પછી કહ્યું કે સમય (છે). લ્યોને. એકી સાથે જ્ઞાન પોતે જ્ઞાનરૂપ જ્ઞાન કરે અને જ્ઞાનનું પરિણમન કરે. એમાં રાગ કરે અને રાગનું પરિણમન કરે એમાં નથી આવતું એ. સમજાય છે? વ્યવહારનો રાગ કરે અને રાગનું પરિણમન કરે અને એ રાગનું જ્ઞાન કરે એમ પણ અહીં તો નથી લેવું. અહીં તો પોતાનું જ્ઞાન જ્ઞાનપણે પરિણમે છે, સમય એકી સાથે ગમન કરીને પરિણમે છે એને સમય કહેવામાં આવે છે. એટલે એ જ મોક્ષનો માર્ગ પોતાના જ્ઞાનસ્વરૂપની એકાગ્રતા જેમાં રાગની અપેક્ષા નથી, જેને વ્યવહાર પુણ્ય.. અહીં તો પુણ્ય અધિકાર છે ને? એ પુણ્યભાવ છે વ્યવહાર, એની અપેક્ષા વિનાનો જે સમય છે એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે અથવા સમય કહેવામાં આવે છે.

‘**સકળ નયપક્ષોથી અમિલિત...**’ લ્યો! જુઓ! હું અબદ્ધ છું, શુદ્ધ છું એવો જે પક્ષ વિકલ્પ છે એ પુણ્ય છે, એ વ્યવહાર છે. એનાથી રહિત તેને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. એટલે શુદ્ધ સ્વરૂપ જ એ આત્મા છે. પર્યાયમાં શુદ્ધપણે પરિણમ્યો એ આત્મા શુદ્ધ છે. વિકલ્પની જેને અપેક્ષા નથી. કારણ કે વિકલ્પ પુણ્યમાં જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ તો એમ છે. બીજી રીતે પણ વસ્તુ કઈ રીતે સિદ્ધ થાય? જે નિશ્ચયની જાત છે, વ્યવહારની જાતથી નિશ્ચયની જાત જ પરિણમન જુદું છે. અને નિશ્ચયની જાતથી વ્યવહારની જાત જુદી છે. હવે જાત જુદીથી જાત જુદીને લાભ થાય એમ કેમ બને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈ રીતે નિશ્ચય-વ્યવહારને મેળ ખરો કે નહિ?

ઉત્તર :- મેળ? ભિન્ન છે એમ. બે જુદા છે એ મેળ. કહો, સમજાણું કાંઈ?

અહીં તો આ ગાથા જે લીધી છે કુંદકુંદાચાર્યે એનો સ્પષ્ટ અર્થ કેટલો કર્યો અમૃતચંદ્રાચાર્યે. નહિ અહીં તો પુણ્ય-પાપનો અધિકાર (છે). હવે તમારે અહીં શું કહેવું છે? પરિણમ્યો તો નિષેધ કરો. હવે ‘**परमट्ठो समओ सुद्धो केवली मुणी**’ આટલું બધું કામ? કે એનું કારણ

છે દરેકમાં. આત્મા જે જ્ઞાનમૂર્તિ અને અનંત ગુણનો પિંડ શુદ્ધ સ્વભાવ એનું અંતરમાં નયના વિકલ્પથી રહિત એકલું શુદ્ધ પરિણમન જે થાય, વિકલ્પની અપેક્ષા વિનાનું, તેને શુદ્ધ કહેવામાં આવે છે. એ શુદ્ધનું પરિણમન તે શુદ્ધ તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એની સાથે ઓલો પુણ્યનો વિકલ્પ છે એ અહીં વાત લીધી જ નથી. લેવી નથી. અસ્તિપણે શુદ્ધનું પરિણમન થાય તેને શુદ્ધ કહે છે. બસ, ખલાસ થઈ ગઈ વાત. સમજાણું કાંઈ? વ્યવહાર છે એનું જ્ઞાન પણ નહિ, વ્યવહાર આમાં નથી એવી નાસ્તિ એમ પણ નહિ. એ છે આ પ્રમાણે અસ્તિપણે તો એવું નથી એવું એ જ્ઞાનરૂપે જ્ઞાન પરિણમે જ છે. રાગરૂપે વસ્તુ નથી અને શુદ્ધરૂપે છે એમ જે જ્ઞાનનું પરિણમન થાય તે પરિણમનને રાગની અને વ્યવહારની અપેક્ષા નથી. એની જાતથી જુદી જાત એવા ભાવને શુદ્ધ કહેવામાં આવે છે. દેવચંદજી! આ તો બે ને બે ચાર જેવી વાત છે. પણ હવે... વ્યવહાર કહ્યો છે. ... સાંભળને હવે વ્યવહાર, વ્યવહાર એ ધર્મની જાત જ નથી, લે. મોક્ષમાર્ગની જાત નથી, ધર્મની જાત નથી, આત્માની જાત નથી. એ શુદ્ધની જાતમાં એ ભળતા નથી. આહાહા..!

અરે..! ભગવાન! તને તારી મોટપનો ભાસ ન થાય અને પરની મોટપ હોય તો અહીં મોટપ આવે, એની અધિકતાને લઈને અહીં કાંઈક થાય એવી નબળાઈવાળો આત્માને માનવો એણે આત્માને માન્યો જ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પછી કહે છે, '**સ્વના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે...**' લ્યો! સ્વના ભવનમાત્ર. જુઓ! શું કહ્યું? '**तम्हि ट्ठिदा**' શબ્દ છે ને? '**ट्ठिदा सहावे**' એમાંથી '**सहावे**'માંથી બે કાઢ્યા, '**सहावे**'માંથી બે કાઢ્યા. સ્વના ભવનમાત્રસ્વરૂપ. શું કહે છે? કે આત્મા સ્વ કોણ? કે જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ આનંદસ્વરૂપ. એનું ભવન. ભવવું એટલે થવું, પરિણમવું. શુદ્ધ ચૈતન્યનું પરિણમવું, જ્ઞાન આનંદનું થવું તેને અહીંયાં સ્વભાવ કહેવામાં આવે છે. કહો, પુણ્યના પરિણામ આદિ એ સ્વભાવ નથી. એ વિભાવ છે. એ વિભાવ નથી એમ પણ અહીં નથી લેવું. અહીં તો અસ્તિથી વાત કરતા આવો (છે) તેને આત્મા અને મોક્ષમાર્ગ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**સ્વના ભવનમાત્રસ્વરૂપ...**' સ્વ નામ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ વિનાની ચીજ, એનું અંતરમાં સ્વનું, શુદ્ધ નિર્મળ જ્ઞાન અને આનંદનું ભવન, ભવન નામ થવું. અનાકુળતાનું થવું, જ્ઞાનનું થવું, શ્રદ્ધાનું થવું, વીતરાગી અવસ્થાનું થવું તેને અહીંયાં સ્વભાવ કહેવામાં આવે છે. એ સ્વભાવ તે મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! આ સ્વભાવ છે. આવડો મોટો સ્વભાવ! પણ મોટી ચીજ છે ને પ્રભુ અહીં. એની અંદરમાં તો અનંતા સિદ્ધ સ્વભાવ પડ્યા છે. એક સમયના જ્ઞાનગુણમાં અનંતા કેવળજ્ઞાનની પર્યાય

પડી છે. એક સમયના આનંદમાં અનંતા અનંત ચતુષ્ટય પ્રગટે અનંતો આનંદ એવા અનંતો અનંત અનંત આનંદ એક આનંદ ગુણમાં પડ્યો છે. વસ્તુ કોને.. વસ્તુ કોને કહે?

ક્ષાયિક સમકિતની પર્યાય જે પ્રગટ થઈ જે સાદિઅનંત કાળ રહેશે પલટતી પલટતી. એ બધી પર્યાય એક શ્રદ્ધાગુણમાં એ બધી પર્યાય પડી છે. પણ એવું ન હોય તો એ પર્યાય આવે ક્યાંથી? અને પર્યાયનું સ્થળ સ્થાન ખાણ કોણ? અને એ ગુણ જે છે શ્રદ્ધા નામનો, એમાં એ ક્ષાયિક સમકિતની અનંતી પર્યાય એમાં પડી છે. સમજાણું? એ આત્મા પોતે શ્રદ્ધાગુણની પર્યાયપણે જે શક્તિરૂપે છે એની શ્રદ્ધાગુણની પર્યાયપણે, સમ્યગ્દર્શનપણે પરિણમે એ જ્ઞાનમાં જે કેવળજ્ઞાનાદિ શક્તિ એ જ્ઞાન જ્ઞાનરૂપે થાય, ચારિત્રગુણ જે શાંત ચારિત્ર જે યથાખ્યાત, સ્થિર, પૂર્ણ એ અવસ્થાઓ સાદિઅનંત એવો જે ચારિત્રગુણ છે સમરસ અનંત અંદર, એમાં અનંતું પડ્યું છે. એ સમરસપણે પર્યાય પરિણમે એ સ્વનું ભવન અને એને સ્વભાવ કહેવામાં આવે છે. અહીં તો સ્વભાવ છે એ સ્વભાવપણે પરિણમે તેને અહીંયાં સ્વભાવ કહે છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ન્યાલચંદભાઈ! બહુ આ તો... આ તો વીતરાગના માર્ગની વાત છે, ભાઈ!

કહે છે, સ્વનું ભવનમાત્ર. ભવનમાત્ર. ભાષા જોઈ! સમજાણું? ઓલામાં એમ કહ્યું, મનનમાત્ર. જ્ઞાનનું મનનમાત્ર, અહીં પણ સ્વનું ભવનમાત્ર. એમાં રાગનો, પુણ્યનો, અહીં પુણ્ય-પાપ અધિકાર છે એટલે પુણ્યના વિકલ્પનું થવું એ વાત જ અહીંયાં નથી. વસ્તુના સ્વભાવમાં એ છે નહિ. ખરેખર તો એ વિકલ્પ પરદ્રવ્યમાં જાય છે. આહાહા..! સમજાણું? એ ભગવાન આત્મા આમ જ્ઞાનનો પિંડલો, શ્રદ્ધાનો સાગર, ચારિત્રનો પૂર્ણ સ્વભાવ, આનંદનો પોતે મોટો દરિયો, એવો જે આત્માનો સ્વભાવ કાયમ, એ સ્વભાવ વર્તમાન પર્યાયપણે સ્વભાવપણે પરિણમે તેને સ્વભાવ કહેવામાં આવે છે. એને અહીંયાં મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કહો, રવિભાઈ! સમજાણું આમાં? આ બધાએ શીખવું પડશે હોં! બધા જુવાનોએ. સામે મોટી જુંબ છે જુંબ. શું કહેવાય એ? ઝુંબેશ. હુમલો કરે છે અંદર. અહીં આવ્યા પછી. ત્યાં તો કાંઈ નહોતું. કોઈ સામું પણ જોતું નહોતું. પૂછતું પણ નહોતું કોઈ ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેવો એનો સ્વભાવ છે ને અસ્તિ. અસ્તિ કાય એટલે અસંખ્ય પ્રદેશ. હવે અસંખ્ય પ્રદેશમાં અસ્તિ જ્ઞાન અનંત સામર્થ્યવાળું છે, દર્શન અનંત સામર્થ્યવાળો સ્વભાવ, આનંદ અનંત સામર્થ્યવાળો સ્વભાવ, ચારિત્ર અનંત સામર્થ્યવાળો સ્વભાવ, એમ એક એક ગુણ અનંત સ્વભાવવાળું સામર્થ્ય એવો જે સ્વભાવ આત્માનો, એ સ્વભાવ સ્વભાવપણે પર્યાયમાં પરિણમે એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ?

આહાહા..!

વસ્તુ આખી પૂર્ણ છે. એકલો સ્વભાવ. આત્મા એટલે એકલો જ્ઞાનસ્વભાવ, એકલો આનંદ સ્વભાવ, એકલો શ્રદ્ધાસ્વભાવ, એકલો શાંત એટલે વીતરાગ સ્વભાવ, સમરસ સ્વભાવ. એકલો સ્વચ્છ સ્વભાવ, એકલો પરમ પુરુષાર્થ, પરમેશ્વર પ્રભુતા સ્વભાવ. એવો સ્વભાવ.. સ્વભાવ... સ્વભાવ... એ સ્વભાવ પોતે પર્યાયમાં જેવો સ્વભાવ છે એ સ્વભાવરૂપે પરિણમન થવું, એમાં રાગની કોઈ અપેક્ષા નહિ, પુણ્યની અપેક્ષા નહિ, વ્યવહારની અપેક્ષા નહિ એને-સ્વભાવ પરિણમનને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત કરી. ઓહોહો..! કુંદકુંદાચાર્યે પણ ગજબ વાતું કરી છે ને! એક એક શબ્દમાં કેટલું ભર્યું! જુઓ!

'**સ્વના ભવનમાત્રસ્વરૂપ...**' ભગવાન આત્મા જ્ઞાન અને શાંતિનો સ્વભાવ સાગર એવો પ્રભુ, પોતાનો જે સ્વભાવ છે એ રૂપે વર્તમાન દશામાં પરિણમન સ્વભાવનું થવું નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગી પર્યાયનું થવું એ એનો સ્વભાવ છે અને એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. કહો, એમાં નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર આવે છે, વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી આવતું લ્યો એમાંથી. એય..! જ્યોતિ! '**સ્વના ભવનમાત્રસ્વરૂપ હોવાથી સ્વભાવ છે...**' એમાં વિકલ્પ અને વ્યવહાર આવતો નથી. કહો, એ જાત જુદી પહેલામાં આવી ગઈ. અહીં તો પાછો સ્વભાવ સિદ્ધ કરવો છે ને. '**सहावे**' '**द्विदा सहावे**' તો સ્વભાવ શું? કે આ જ્ઞાન-આનંદ આદિ સ્વભાવ છે. એનું પરિણમન '**द्विदा**' એટલે એમાં ઠર્યો એનું પરિણમન થવું, એનું નામ મોક્ષનો માર્ગ છે. પુણ્યના પરિણામ અંદર જો હોય એ મોક્ષનો માર્ગ નથી. અહીં તો નથી. અહીં અસ્તિ તરીકે એકની સિદ્ધિ કરી છે. આહાહા..!

'**અથવા...**' બીજો બોલ કાઢે છે એમાંથી ને એમાંથી. '**सहावे**' છે ને '**सहावे**'. સદ્‌ભાવ કાઢ્યું એમાંથી. '**सहावे**' પહેલો સ્વભાવ કાઢ્યો, હવે સદ્‌ભાવ કાઢે છે. સદ્‌ભાવ. '**સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી...**' ચૈતન્યના હોવામાત્ર સ્વરૂપ હોવાથી '**સદ્‌ભાવ છે...**' સદ્‌ભાવ છે.. સદ્‌ભાવ છે. શું કહે છે? ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાયક સ્વભાવ, એમાં અનંત સ્વભાવસ્વરૂપ, એનું જે હોવાપણું, એનું પરિણનમમાં હોવાપણું, સદ્‌ભાવ. સદ્‌ભાવ છે ને? સત્‌ભાવ.. સત્‌ભાવ. એ અપેક્ષાએ પુણ્યાદિ ભાવ સદ્‌ભાવ નથી. વ્યવહાર રત્નત્રય એ અપેક્ષાએ સદ્‌ભાવ નથી. જેમ સ્વભાવ નથી એમ એ સદ્‌ભાવ નથી. આહાહા..! વાહ રે વાહ!

એવો ભગવાન આત્મા... કહે છે કે સ્વના-ચૈતન્યના. સ્વતઃ એટલે સ્વતઃ. એને સ્વતઃ સમજાય છે? '**(કારણ કે જે સ્વતઃ હોય તે સત્‌-સ્વરૂપ જ હોય).**' એમ પાછો ખુલાસો કર્યો છે ને. જે સ્વતઃ હોય તે સત્‌-સ્વરૂપ હોય. એટલે એ જ્ઞાનાનંદ સ્વરૂપ છે

એની પર્યાયનું સ્વતઃ પરિણમન થાય છે. સ્વતઃ પરિણમન થાય છે. સમજાય છે? શું કીધું? જે આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે એનું પર્યાયમાં સ્વતઃ, સત્‌ભાવે સદ્‌ભાવરૂપ એ સદ્‌ભાવરૂપ જે સ્વતઃ હોય તે સત્‌સ્વરૂપ જ હોય. એ સ્વતઃ પરિણમન તે સત્‌સ્વરૂપ છે. સત્‌ને કોઈ હેતુ-ફેતુ હોઈ શકે નહિ. એમ. સમજાણું કાંઈ? છે કે નહિ? સામે પુસ્તક છે કે નહિ? એય..! શું અરૂણ નામ ને શું? અરૂણ. ભૂલી જઈએ છીએ નામ. એને પૂછયું હતું, હોં! બધા અલગ છે તો બધા શું ધારે છે આ? ત્યાં જવાબ આપે, અહીં જવાબ આપે છે કે નહિ? અમારી પાસે આવતા. ઓલા નથી, હોં! ત્યાં જઈશું તો પૂછશે કાંઈક. કેટલાક મોઢા આગળ બેસવું, મોઢા આગળ બેસીએ તો વળી કાંઈક જવાબ દેવો પડશે. આ તો ભાઈ તત્ત્વની વાત છે. આટલા વર્ષથી સાંભળે તો શું ધારે છે એ કાંઈક નક્કી થવું જોઈએ કે નહિ? સમજાણું?

'**સ્વતઃ (પોતાથી જ) ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી...**' જોયું! ચૈતન્યના ભવનમાત્ર. એટલે જ્ઞાયકભાવ જે સદ્‌ભાવ છે એનું જ પરિણમનરૂપ થવું તે સદ્‌ભાવરૂપ પરિણમન છે. એ પરિણમન સદ્‌ભાવ છે. એ છતો ભાવ, તે સમયનો છતો સદ્‌ભાવ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રપણે જ્ઞાન પરિણમે છે એ એનો સ્વતઃ સ્વતઃ (સ્વભાવ છે). સ્વતઃ છે તે સત્‌ હોય અને સત્‌ હોય એને બીજાની અપેક્ષા ન હોય. સમજાય છે?

'**સ્વતઃ ચૈતન્યના ભવનમાત્ર...**' ભવન હોં એકલું. ત્રિકાળી ભાવ નથી લેવો. '**સ્વતઃ ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ...**' ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી સ્વભાવી એની અંતર નજર નાખતાં એ પોતે જેવો સ્વતઃ સ્વભાવ છે એવો જ પર્યાયમાં સદ્‌ભાવ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવ પર્યાય એ સદ્‌ભાવ છે. એ પર્યાય સદ્‌ભાવ છે. સ્વતઃ સદ્‌ભાવ છે. સ્વતઃ સદ્‌ભાવ છે. સ્વતઃ હોય તે સત્‌ હોય અને સત્‌ હોય એને પરની અપેક્ષા હોય નહિ. પોપટભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માર્ગ તો બાપા એવો જ હોય ને. કહો, દેવચંદજી! કહો, એમાં છે કે નહિ એમાં? દેખો. કેટલી વાત છે! આહાહા..! કેવી શૈલીથી વાત કરી છે! ગજબ વાત કરી છે! કેવળજ્ઞાનને ઊભું રાખ્યું છે આમ!! ઓહોહો..!

પુણ્ય-પાપના અધિકારમાં ભગવાન! આપ નિષેધ તો કરો છો પણ હવે આટલી બધી વાત! ભાઈ! જેમાં પુણ્યની અપેક્ષા જ નથી. પર જાત છે એની અપેક્ષા (નથી). સદ્‌ભાવ એને કહીએ કે જેને ઓલો વ્યવહાર વિકલ્પ છે એની અપેક્ષા વિના જ્ઞાન, પોતાની શ્રદ્ધા જ્ઞાન અને શાંતિપણે પરિણમે છે, એ સદ્‌ભાવ ભવનરૂપ સદ્‌ભાવ પોતાથી પરિણમ્યું છે.

સદ્ભાવ પોતાથી. જરીએ વિકલ્પની અપેક્ષા અને એ હતું માટે થયું એમ છે નહિ. આહાહા..! ઓલો હતો ત્રિકાળ માટે સદ્ભાવ સદ્ભાવપણે થયો. કહો, આહાહા..! સમજાણું કાંઈ?

આવો આત્મા છે એવું એને માહાત્મ્ય બેસતું નથી. એક વસ્તુ આવી (છે). બીજાની વાત બેસે એને. પરમાણુ આવો થઈ ગયો, આમ જાય, રોકેટ આમ ઉડ્યું, ફલાણું આ થયું, ઢીંકણું આમ થયું, ચંદ્રમામાં ગયા. હવે આવે ત્યારે વાત. પણ આ તો સાંભળને. આ નક્કી કર ને. ઓલા મારા વિસ્મય કરી નાખે. ત્યાં ગયા છે અને પછી આમ જશે. ગયા પછી થશે એ બધી વાત. આહાહા..! આત્મા શું છે એનું તો કર. એનું જ્ઞાન વ્યવહારું પણ નિશ્ચયજ્ઞાન થાય ત્યારે તેને વ્યવહારજ્ઞાન તરીકે જાણવામાં આવે છે. પણ સાચો તું થયા વિના બીજાનું જ્ઞાન વ્યવહારે તને સાચું થશે શી રીતે? સમજાણું કાંઈ?

'**(કારણ કે જે સ્વતઃ હોય તે સત્-સ્વરૂપ જ હોય).**' એ પર્યાય, હોં! વર્તમાન ભવન. એ શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા વર્તમાન જ્ઞાન-દર્શન-ચારિત્ર અને આનંદપણે, જ્ઞાનપણે એટલે સ્વતઃ ચૈતન્યભાવ (પણે પરિણમે). પણ એ ચૈતન્યભાવ છે. ઓલો રાગ છે ને એ ચૈતન્યભાવ નથી. વ્યવહારરત્નત્રય એ ચૈતન્યભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સ્વતઃ ચૈતન્યના ભવનમાત્રસ્વરૂપ હોવાથી '**(કારણ કે જે સ્વતઃ હોય તે સત્-સ્વરૂપ જ હોય).**' જે સ્વતઃ સદ્ભાવ છે એ સત્ સ્વરૂપ છે. એને કોઈની અપેક્ષા છે નહિ. એ મોક્ષમાર્ગની સ્વતઃ પર્યાય તેને કોઈની અપેક્ષા નથી, એમ કહે છે. આહાહા..!

'**આ પ્રમાણે શબ્દભેદ હોવા છતાં...**' કેટલા શબ્દ કીધાને બધા? પરમાર્થ ને, સમજાણું? સમય, કેવળી, જ્ઞાની, મુનિ. સમજાણું? સ્વભાવ, સદ્ભાવ એ '**શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી-**' એ બધી ભિન્ન ભિન્ન અપેક્ષાએ વીતરાગી પર્યાયનું સદ્ભાવપણું વર્તે છે એને ભિન્ન-ભિન્ન અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. વસ્તુ તો એકની એક છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે.**' કહો, મોક્ષનું ઉપાદાન રાગ છે? વિકલ્પ છે? શરીર છે? નિમિત્ત છે? એ વાંધા ઓલાને. ઉપાદાન.. પણ સાંભળને હવે. શુદ્ધ ઉપાદાનમાં નિમિત્તેય નથી કાંઈ, સાંભળને! આહાહા..! ખરેખર તો એ પર્યાય પોતે શુદ્ધ પરિણમે છે ને? એ જ મોક્ષનું નિમિત્ત છે. શુદ્ધ પરિણમન એ મોક્ષનું નિમિત્ત છે. ખરું શુદ્ધનું ઉપાદાન ત્રિકાળી ઉપાદાન તો તે ઉપાદાન છે. અહીં તો વર્તમાન પર્યાયની વાત કરવી છે, હોં! ત્યાં વાત થઈ હતી ઘણી, રાજકોટ. શુદ્ધ ધ્રુવ સ્વભાવ તે ખરું ઉપાદાન છે. મોક્ષને માટે. એની નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય પણ મોક્ષને માટે નિમિત્ત છે. નિમિત્ત કહો કે વ્યવહાર કહો. આહાહા..! સમજાણું કાંઈ?

'**મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે. વળી પરમાર્થે આત્માનો જ્ઞાનસ્વભાવ છે;...**'

આત્મા છે એ તો જ્ઞાનસ્વભાવ છે. એ કાંઈ રાગ સ્વભાવ નથી. એમ કહેવું છે, હોં! જ્ઞાનસ્વભાવ સાથે બધા ગુણો છે ભલે અવિનાભાવે, પણ એ રાગ ને પુણ્ય ને વિકલ્પ ને વ્યવહાર સ્વરૂપ એમાં છે જ નહિ. '**જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે.**' લ્યો. '**માટે જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે.**' માટે જ્ઞાનની નિર્મળ દશાને, જ્ઞાનની નિર્મળ દશાને મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે. રાગ અને પુણ્યને મોક્ષનું કારણ કહેવું એ વ્યાજબી નથી.

'**હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છે :**' ૧૫૨.

**परमट्ठम्मि दु अठिदो जो कुणदि तवं वदं च धारेदि।**
**तं सव्वं बालतवं बालवदं वेंति सव्वण्हू।।१५२।।**
**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.**

કહો, દીપચંદજી! ચારિત્ર લઈ લ્યો.. ચારિત્ર લઈ લ્યો.. મહાવ્રત લઈ લ્યો. અજ્ઞાન લઈ લ્યો. માંગીરામજી! આ મહાવ્રત લઈ લ્યો, મહાવ્રત ઝટ. એ મહાવ્રત થઈ ગયું ચારિત્ર. પણ મહાવ્રત વસ્તુના સ્વરૂપમાં જ નથી ત્યાં મહાવ્રત કેવું એને? વસ્તુના સ્વરૂપમાં જ એ વિકલ્પ નથી. તેથી કહે છે, '**પરમાર્થમાં અણસ્થિત...**' પરમાર્થ. પહેલો શબ્દ આવ્યો હતો ને ઓલામાં? '**परमट्ठो**' પહેલો આવ્યો હતો ને મૂળ? '**परमट्ठो खलु समओ**' એમ અહીંયાં પરમાર્થમાં અણસ્થિત '**જે તપને કરે,...**' એ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા તેમાં જ્યાં એકાગ્ર થયો નથી, અંદર વસ્તુનો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એમાં એકાગ્ર થયો નથી, એમાં ઠર્યો નથી, એમાં આવ્યો નથી, એમાં જામ્યો નથી. એવા તપને કરે '**વ્રતને ધરે, સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે.**' વીતરાગદેવ તે વ્રત અને તપને બાળ અને મૂર્ખાઈ ભરેલા વ્રત ને તપ કહે છે. એ.. ન્યાલચંદભાઈ!

મુમુક્ષુ :- એ વ્રત ને તપને કીધું, ભક્તિને નથી કહ્યું.

ઉત્તર :- એ તો પણ વ્રત અને તપમાં શું બાકી રહી ગયું? અણશણ, ઉણોદરી, વ્રત, સજ્ઝાય બધું આવી જાય એમાં. અનશન, ઉણોદરી, વૃત્તિ.. રસ પરિત્યાગ, વિનય, પ્રાયશ્ચિત, વિનય વયાવચ્ચ બધું એમાં આવી જાય વિકલ્પવાળા. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? સર્વજ્ઞો કહે છે એમ તો પાઠ લીધો છે. '**सव्वण्हू**'.

'**ટીકા :- આગમમાં પણ...**' ભગવાનની વાણીમાં, ભગવાનની દિવ્યધ્વનિમાં અને એ દિવ્યધ્વનિના રચેલા શાસ્ત્રોમાં પણ '**આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે...**' જુઓ! અહીં તો આગમમાં જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું. વ્યવહારરત્નત્રય વિકલ્પ

છે તેને મોક્ષમાર્ગ ફરમાવ્યું નથી. એમ કહે છે. આહાહા..! અરે..! ભગવાન! ક્યાંય મેળ ખાતો નથી. ધીરા થઈને જરી વિચારે ને થોડું ધીરા થઈને. પણ આ તો ધારેલી ધારણા છે ને, એનાથી વિરૂદ્ધ (આવે એટલે) એ એકાંત છે.. એ.. આ છે.

મુમુક્ષુ :- લોકો વાંચતા નથી...

ઉત્તર :- વાંચતા નથી? વાંચે તો પોતાની દષ્ટિથી વાંચે. બસ, ઈ વાત છે. પોતાની દષ્ટિથી વાંચે તો એમાંથી કાઢે કે એ તો બરાબર નિશ્ચયની વાત છે. પણ વ્યવહાર સાધન છે ને બીજું? સાધનથી સાધ્ય થાય કે નહિ? કે એ વિના થાય? એમ કહે છે. અહીં તો કહે, સાધન-ફાધન છે નહિ. ઉપચારથી કહ્યું. સાધન તો તારો સ્વભાવ તે સાધન, સાંભળને. ઉપચારથી વ્યવહારથી નિમિત્ત દેખીને વાત કરી છે વ્યવહારથી. એમ નથી. વ્યવહાર એ સાધન-ફાધન નથી. વસ્તુમાં નથી એ સાધન શી રીતે આવ્યું? આહાહા..!

'**આગમમાં પણ...**' એ ત્રિલોકનાથ ભગવાનની વાણીમાં અને ચાર જ્ઞાનના ધરનાર ગણધરોએ આગમ ગૂંથ્યા, એમાં ચારેય આગમમાં, ચારેય અનુયોગમાં એ જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. વળી કોઈક કહે કે કથાનુયોગમાં કાંઈક કહ્યું, ફલાણા અનુયોગમાં કાંઈક કહ્યું. તો આગમ છે કે નહિ ચાર? સમજાણું કાંઈ? ચારેય અનુયોગરૂપ આગમ, એમાં પણ જ્ઞાન એટલે આત્મા, જ્ઞાન એટલે આત્મા (કહ્યું છે). રાગ નહિ એમ સિદ્ધ કરવું છે. પુણ્ય-પાપ અધિકાર છે કે નહિ? એટલે પુણ્યનો વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ એ નહિ, એમ સિદ્ધ કરવા આગમમાં જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે.

અરે..! એને શ્રદ્ધા કરવી પણ મુશ્કેલ પડે, એને અનુભવ ક્યારે થાય? અને શ્રદ્ધાનો આ જાતનો પક્ષ કર્યા વિના સ્વસન્મુખ તરફ વીર્ય કોઈ દિ' ઢળે નહિ. સમજાણું? ઓલા કહે, આગમમાં આમ લખ્યું છે. પણ આ આગમ નથી આ? આ શું કહે છે? ત્યાં પણ એમ કહ્યું છે. ત્યાં પણ એમ કહે, જ્ઞાન જ મોક્ષનું કારણ, આત્માની દશા નિર્મળ તે મોક્ષનું કારણ છે. વ્યવહાર જે સાધન કહ્યું છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું. એ સાધન-ફાધન છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જે પોતાના દોષ જોવા નથી માગતા, એ કહે છે કે, કુંદકુંદાચાર્ય તો આચાર્ય હતા, ત્યાગી હતા, મહાવ્રતી હતા, એમણે કેમ...

ઉત્તર :- આ લખ્યું ને. આગમજ્ઞાન છે એમ લખ્યું કુંદકુંદાચાર્યે. કુંદકુંદાચાર્ય એમ કહે છે. જુઓ! એ કુંદકુંદાચાર્ય કહે છે કે આગમમાં પણ જ્ઞાનને મોક્ષનું કારણ કહ્યું છે. લ્યો. એમ કુંદકુંદાચાર્ય કહે છે. મહાવ્રતને મોક્ષમાર્ગ કહ્યો નથી એમ કુંદકુંદાચાર્ય અહીં કહે છે. '**परमट्ठम्हि दु अठिदो**' એમ પોતે તો કહે છે. સર્વજ્ઞનો આશ્રય લઈને હોં! ભાઈ! ત્રણ કાળનું જ્ઞાન

જેને છે, જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું છે, એ પરમેશ્વર જ્ઞાનના પરિણમનથી જ્ઞાનની પર્યાય પૂર્ણ પામ્યા તો એ પરમેશ્વર એમ કહે છે કે જ્ઞાનથી જ મોક્ષનો માર્ગ છે. જ્ઞાનના પરિણમનથી. જ્ઞાનનું પરિણમન એટલે? એ સમ્યગ્દર્શન-ચારિત્ર-શાંતિ-આનંદ એ બધું જ્ઞાનનું પરિણમન છે, રાગનું નહિ. આગમમાં આને કહ્યું છે. સમજાણું? '**विहितम्**' આવશે ને? '**अनुभूतिः विहितम्**' કહીને કહેશે. ૧૦૫માં કહેશે. '**अनुभूतिः विहितम्**' એના કળશમાં કહેશે પછી. ૫૨ ચાલશે, પછી ૫૩ ચાલશે. પછી કહેશે કળશમાં. આહાહા..! શાંતિથી, ધીમેથી પોતાની વાતના આગ્રહ છોડી દઈને કેમ સત્ય છે એમ સત્યનો બરાબર નિર્ણય કરવો જોઈએ.

'**(એમ સિદ્ધ થાય છે);...**' લ્યો. '**આગમમાં પણ...**' આત્માનો સ્વભાવ શુદ્ધરૂપી થાય તેને જ મોક્ષનું કારણ એટલે નિશ્ચયમોક્ષમાર્ગ જે છે તે જ્ઞાનનું જ પરિણમન છે, તેને જ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. કારણ કહ્યું છે ને મોક્ષનું? કારણ કહો કે માર્ગ કહો, મોક્ષનું કારણ એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ. ઓલો વ્યવહાર મોક્ષનો માર્ગ એમ ફરમાવ્યું નથી આગમમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાંક સાધન કહ્યું હોય તો પણ એ નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. સમજાણું કાંઈ?

'**આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ...**' એટલે? માર્ગ. મોક્ષનો માર્ગ. એ જ્ઞાનને જ મોક્ષનો માર્ગ ફરમાવ્યું છે. '**(એમ સિદ્ધ થાય છે);...**' કહો, સમજાણું કાંઈ? આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ. એનું જે પરિણમન થાય તે બધું જ્ઞાનસ્વરૂપ, શ્રદ્ધાસ્વરૂપ, આનંદસ્વરૂપ, નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ, એ વીતરાગી પર્યાયસ્વરૂપ તે જ્ઞાનનું થવું છે. એ આત્માનું થવું છે, એ રાગનું થવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**આગમમાં પણ જ્ઞાનને...**' એટલે આત્માના શુદ્ધ સ્વભાવના પરિણમનને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આત્મા એ જ્ઞાનની પરિણમન દશા, એ જ્ઞાનનું શ્રદ્ધારૂપે, શાંતિરૂપે, જ્ઞાનરૂપે પરિણમવું એને ભગવાને મોક્ષનો માર્ગ કહ્યો છે. મોક્ષનો માર્ગ. કારણ કહો કે માર્ગ કહો. વ્યવહાર મોક્ષમાર્ગ આગમમાં કહ્યો જ નથી એમ કહે છે અહીં. ઓલો કહે કે વ્યવહારને સાધન કહ્યો છે.

મુમુક્ષુ :- શ્રદ્ધારૂપ, ચારિત્રરૂપ એ જ્ઞાનનું પરિણમન...?

ઉત્તર :- એ બધું જ્ઞાનનું પરિણમન છે. આત્માનું પરિણમન છે ને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય મોક્ષમાર્ગ એ આત્માનું-જ્ઞાનનું પરિણમન છે. જ્ઞાન એટલે આત્માનું એમ. એ રાગનું નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? જ્ઞાન જ્ઞાનરૂપે, શ્રદ્ધારૂપે પરિણમે, જ્ઞાન જ્ઞાનરૂપે જ્ઞાનરૂપે પરિણમે, વેદન. જ્ઞાન જ્ઞાનરૂપે સ્થિર થઈને પરિણમે એ બધી જ્ઞાનની દશા ત્રણેય છે. એ રાગની દશા નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**કારણ કે...**' જુઓ હવે. હવે '**परमट्ठम्हि दु अठिदो**' છે ને? '**જે જીવ પરમાર્થભૂત**

**જ્ઞાનથી રહિત છે...**' જે જીવ પરમાર્થભૂત એવો જે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, શુદ્ધ પવિત્ર, નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપ (છે) એના જ્ઞાનથી રહિત છે, એનું જેને જ્ઞાન નથી એટલે કે એની જેને શ્રદ્ધા નથી, એનું જેને જ્ઞાન નથી, એમાં જેની એકાગ્રતાનું પરિણમન નથી. સમજાણું કાંઈ? '**તેના, અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં...**' લ્યો ઠીક! અજ્ઞાનપૂર્વક. વસ્તુનું જ્ઞાન નથી. વસ્તુ જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છે એનું જેને જ્ઞાન નથી, એની જેને શ્રદ્ધા નથી, એમાં જેની એકાગ્રતા નથી એવા અજ્ઞાનીઓ '**અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલાં વ્રત,...**' એ દયા, અહિંસા, સત્ય ને દત્ત ને પરિગ્રહનો ત્યાગ ને એવા જે વિકલ્પો એવા જે વ્રત અને તપ. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ અને દેવ-ગુરુનો વિનય. એ દેવ-ગુરુનો વિનય એ બધો તપમાં જાય વ્યવહાર. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય અને એવો જે વિકલ્પ એ વસ્તુના સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાનના ભાન વિના આવા જે તપ અને વ્રતમાં જે થઈ ગયા છે, '**તપ આદિ કર્મો...**' કર્મ એટલે કાર્ય વિકલ્પ. પ્રાયશ્ચિત ને વિનય ને વૈયાવચ્ચ ને દેવ-ગુરુ-શાસ્ત્રનો (વિનય), મુનિઓની સેવા કરવાનો વિકલ્પ ને એ બધો આત્માના સ્વભાવમાં અસ્થિર દૃષ્ટિ જેની છે, સ્થિર થઈ નથી, એને ઓળખ્યો નથી, એને જાણ્યો નથી, એવા જીવો આવા જે વિકલ્પો કરે છે એ બધા '**બંધના કારણ હોવાને લીધે...**' સમજાણું કાંઈ? એ આત્માના અંતર જ્ઞાન સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનના ભાન વિના આવા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, વિનય, વૈયાવચ્ચ, પ્રાયશ્ચિત લે એ બધા વિકલ્પો બંધના કારણ છે. આહાહા..! બહુ આકરું.

ઓલો કહે કે ભાઈ! ભગવાનની ભક્તિ કરતાં ભક્તિથી જ્ઞાન થાશે. કહો. ભક્તિ વિના જ્ઞાન નહિ. એક પત્ર છે શ્રીમદ્‌નો. એક જણો બહુ વિનય ન કરે. જ્ઞાન જ્ઞાન બહુ પૂછ્યા કરતો હતો એને કીધું, જ્ઞાનીની ભક્તિ વિના જ્ઞાન પરિણમશે નહિ. ત્યારે ઓલે કહે.. એય..! આવે છે કે નહિ? આવે. ક્યા પ્રકારે? પણ તું એકલો જ્ઞાન-જ્ઞાન કરવા માગે છે. પણ જે જ્ઞાનીને જે પ્રમાણે ઓળખવો જોઈએ બહુમાન એ તો તું કરતો નથી, એ તો તને ખબર નથી. અને તને એકદમ જ્ઞાનમાં જ્ઞાન લઈ જવું છે, ક્યાંથી જ્ઞાન આવી જશે?

અહીં તો કહે છે કે સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ પોતાનું છે. એ પુણ્ય-પાપના રાગ વિનાનો સ્વભાવ છે. એવા સ્વભાવમાં જે દૃષ્ટિ નથી, સ્થિર નથી, ઠર્યો નથી, આવ્યો નથી એવા જીવો વ્રત અને તપાદિ કર્મો, કર્મ એટલે કાર્ય. જુઓ! અહીં '**વ્રત, તપ આદિ કર્મો...**' લીધા છે. ઓલું કર્મ જે હતું ને પહેલું બાહ્ય કર્મ જડ? (એની) અહીં ચોખવટ કરી નાખી છે. '**अठिदो जो कुणदि तवं वदं**' કહે છે ને અહીં તો હવે. શુભ વિકલ્પ જે છે અપવાસનો, સોળ અપવાસ કર્યા અને મહિનાના અપવાસ કર્યા એ બધો જે વિકલ્પ છે, એ સ્વરૂપની અંતર દૃષ્ટિના એકાગ્રતા વિના અજ્ઞાનીના કરેલા બધા બંધના

કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**તપાદિ કર્મો બંધના કારણ હોવાને લીધે તે કર્મોને...**' એટલે તે કાર્યને. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવના અનુભવ અને દૃષ્ટિ વિના જે કાંઈ વ્રત અને તપના ભાવ અણશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ. રસ પરિત્યાગ એમાં આવે છે હોં ન્યાલચંદભાઈ! બાર અપવાસમાં આવે. ઓલામાં આવે છે, સાંભળ્યું છે? અણશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ... સ્પષ્ટ થાય ને બરાબર. કેરીનો રસ ખાધો નથી ચાલીસ વર્ષથી. રસપરિત્યાગનો કાંઈક તો લાભ હશે કે નહિ એમાં? કે એકાંતે લાભ જ નહિ? તો પછી ત્યાગ શું કરી કરીને મરી ગયા અત્યાર સુધી તો શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કીધું ને આ તપમાં. રસપરિત્યાગ. આ રસ ન ખાવો. મારે આ ખાવું. એવો વિકલ્પ છે એ વિકલ્પ આત્માની દૃષ્ટિ વિના એ બધા વિકલ્પો એકલા બંધના જ કારણ છે. ભારે વાત. એય..! દેવચંદજી! આકરું માણસને એવું લાગેને અત્યારે. આવો માર્ગ.. આવો માર્ગ..? બાપા! પણ માર્ગ એવો જ હોય. નહિતર એ માર્ગ અપૂર્વ માર્ગ કોને કહે? અનંત કાળમાં એણે કર્યો નથી એ માર્ગ કોઈ અપૂર્વ અને અચિંત્ય છે.

એકલો સ્વભાવ, એકલો સ્વભાવ. એક સમયનો વિકલ્પ છે ઉદય એ વસ્તુમાં છે નહિ. એવો જેનો સ્વભાવ ભગવાન આત્મા એ સ્વભાવમાં જે દૃષ્ટિ નથી એટલે એવા સ્વભાવનું જેને જ્ઞાન નથી, એવા અજ્ઞાનીના અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલા. એમ કીધું છે ને? બેભાનપૂર્વક કરવામાં આવેલા, સ્વભાવના ભાન વિના કરવામાં આવેલા. '**વ્રત, તપ આદિ કર્મો...**' ઓહો..! એમાં તો વિનય આવ્યો. ભગવાનની પૂજા અને સમ્મેદશિખરની જાત્રા પણ આવી. અણશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ.. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ કર્યું, લ્યો. બરાબર રક્ષા કેમ થાય, સમ્મેદશિખરનું આમ થાય. સજ્ઝાય કરે, સજ્ઝાય કરે. આત્માના જ્ઞાનમાં દૃષ્ટિ કર્યા વિના અજ્ઞાનીઓ સ્વાધ્યાય શાસ્ત્રની કરે, અગિયાર અંગ અને નવ પૂર્વને ભણે એ બધા ભાવ તેને બંધના કારણ છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- જ્ઞાનીની અપેક્ષાએ બરાબર પણ સંસારની અપેક્ષાએ?

ઉત્તર :- સંસારની અપેક્ષાએ સંસાર રખડે. સંસાર એટલે રખડવું.

મુમુક્ષુ :- સારી ગતિ તો મળે.

ઉત્તર :- ગતો કોને કહેવો સારો? એની પર્યાયમાં સારું થયા વિના બહાર ભેખ બદલ્યા શરીર એમાં થયું શું એમાં? અહીં માણસ હતો ત્યાં દેવ થયો કદાચ, લ્યો. પણ એમાં અંદર આત્મા ક્યાં બદલ્યો? સમુકુ ત્યાં વૈભવ દેખીને આહાહા..! હું આવો થયો.. હું આવો થયો. કારણ કે અહીં માનીને ગયો છે હું પુણ્ય છું, પુણ્યથી ધર્મ (છે). આ વૈભવ (મળ્યો). મેં

પુણ્ય કર્યા હતા (તો) વૈભવ (મળ્યો). એની બહારની વિભૂતિની પર્યાયમાં અહંપણું આવ્યા વિના એને રહેશે નહિ. અહીં અહંપણું જામ્યું નથી. જ્યાં ત્યાં અહંપણું આવ્યા વિના રહેશે જ નહિ. બીજા કરતા મોટો, આ દેવની સ્થિતિ થોડી, મારે દેવની સ્થિતિ મોટી, હું બે સાગરમાં આવ્યો. આમ આવ્યો, ધૂળ આવ્યો. આવ્યો નથી ક્યાંય, સાંભળને! અંતરના ભાન વિના અહીં આવી સ્થિતિમાં આવ્યો. આવી સ્થિતિ. એ સ્થિતિમાં તું આવ્યો ત્યાં? એ આત્મા છે? કહો, દેવચંદજી! નવમી ગ્રૈવેયકે (ગયો), નવમી ગ્રૈવેયક. માખી ઊંચી ઉડીને ગઈ ત્યાં માથે લાકડે. માખી. મોટી થઈ ગઈ માખી?

મુમુક્ષુ :- કાંઈ માખીની સાથે મુકાબલો થાય?

ઉત્તર :- માખી (શું) પશુ સાથે મુકાબલો કર્યો છે. એકાંતવાદીને પશુ સાથે મુકાબલો કર્યો છે. એકાંતવાદ એટલે એ પુણ્ય અને વિકલ્પથી ધર્મ માનનાર એકાંત માનનારા છે. અનેકાંત સ્વરૂપ જે આત્મામાં છે એનાથી મોક્ષ થાય અને રાગથી મોક્ષ ન થાય, એમ અનેકાંત માને તેને અનેકાંતી કહેવામાં આવે છે. આનાથી થાય અને આનાથી થાય એમ અનેકાંતી કોણે કીધા તને?

મુમુક્ષુ :- બેયના ભાગલા પાડ્યા.

ઉત્તર :- ભાગ બે... વસ્તુ જ બે છે ત્યાં પછી, જેમ છે તેમ છે. બે એક થાય કે દિ'?

તેથી કહે છે, અજ્ઞાનીના એવા શુભભાવને, એ શુભભાવને વ્રત ને તપના શુભભાવને, આ વર્ષીતપમાં બિચારા શુભભાવ કરે, એ કરે શુભભાવ, માન માટે નહિ. પર્યુષણમાં આઠ-આઠ દસ-દસ અપવાસ કરે. કહો, તપસી. તપસીએ મહિના મહિના અપવાસ કર્યા હતા, લ્યો. ૩૦ દિવસના. વરઘોડા ચડે. અને.. ઓહોહો..! શું તપસી! શું તપસી! બહારમાં આવું કહેવાય, લ્યો! કહે છે કે એ બધા વ્રતને '**બાળ એવી સંજ્ઞા આપીને...**' બાળ એવી સંજ્ઞા આપીને '**નિષેધ્યાં હોવાથી...**' ભગવાને તો એને નિષેધ્યા છે. લ્યો. એ મોક્ષમાર્ગમાં છે નહિ. એકલો બંધમાર્ગ છે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ પ્રભુ, એમાં અંતર દૃષ્ટિ દીધા વિના, એમાં ઠર્યા વિના જે કાંઈ વિકલ્પો કરવામાં આવે, ચાહે તો શુક્લલેશ્યા જેવા પરિણામ (હો), વ્રતના, તપના, વિનયના, ભક્તિના, દાનના... સમજાણું? ભગવાનને નામે વિરૂદ્ધ કોઈ કરતા હોય (તો) ખપી જાય શરીર... સમજાણું કાંઈ? મરી જાય ધર્મને માટે. પણ કહે છે કે એ વિકલ્પ છે. ભગવાન આત્મા નિર્વિકલ્પની દૃષ્ટિ નથી (તો) એ તારા બધા કાર્યોને.. કહે છે ને શું કહેવાય તમારે? શહીદ થાય છે, નથી થતા? શું કહેવાય? શહીદ. શહીદ થાય. ભગવાનને નામે શહીદ થાય. લ્યો, ભગવાનને નામે. નહિ, માર્ગ આવો

હોય. મરશું અમે, બીજી રીતે (કહેશો તો). ઝંડા ઊંચા રહે હમારા. શું કહે છે? બોલ્યા હતા ને? (સંવત) ૧૯૯૯માં. ઝંડા ઊંચા રહે હમારા. ઠીક ભાઈ! ૯૯માં. વઢવાણ. હતા તમે? ઓલાપણે ઉતર્યા નહોતા? કેવા કહેવાય એ?

મુમુક્ષુ :- ભુદરભાઈ

ઉત્તર :- ભુદરભાઈ. કેવા કહેવાય એ? નાતે કેવા છે એ? ચુનીભાઈની નાત શું કહેવાય એ? આ પથરાના કામ કરે છે ને મોટા મોટા. સોમપુરા. સોમપુરા. એ સોમપુરામાં ગયા હતા ને ત્યારે ઓલા નીકળે. ઝંડા ઊંચા રહે હમારા. ઠીક બાપા, લ્યો. ઝાઝા માણસ નીકળે. ઝાઝા માણસને અને ઝંડા. ઝાઝા હોય કે થોડા. કીડીઓ ઘણી હોય તો શું થયું?

કહે છે, **'બાળ એવી સંજ્ઞા આપીને નિષેધ્યાં...'** એમ કહે છે પાછા, હોં! આહાહા..! **'જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે.'** ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે જેને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એની અંતર દૃષ્ટિ નથી, પરમાર્થ ભગવાન આત્માને જેણે જાણ્યો નથી એવા અજ્ઞાનીઓ જેટલા વ્રત અને તપ કરે એ બધાને અજ્ઞાનીના બાળવ્રત કહેવામાં આવે છે. આહાહા..! એમ કહીને **'નિષેધ્યાં હોવાથી...'** છોડ દૃષ્ટિ એના ઉપરથી. એમ કહે છે. **'જ્ઞાન જ મોક્ષનું કારણ ઠરે છે.'** જ્ઞાન જ. અહીં તો પાછું એમ થઈ ગયું. આત્માનો સ્વભાવ પણ મોક્ષનું કારણ અને રાગની મંદતા પણ એક મોક્ષનું કારણ. બે હોય તો અનેકાંત કહેવાય. સ્યાદ્વાદ એને કહેવાય. અહીં તો ના પાડે છે. જ્ઞાન જ મોક્ષનું કારણ. એકલો આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જ્ઞાનસ્વભાવ એક જ મોક્ષનું કારણ, રાગ-બાગ મોક્ષનું કારણ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જ્ઞાન વિના કરાયેલાં તપ તથા વ્રતને સર્વજ્ઞદેવે બાળતપ અને બાળવ્રત (અર્થાત્ અજ્ઞાનતપ તથા અજ્ઞાનવ્રત) કહ્યાં છે,..'** અજ્ઞાનવ્રત અને અજ્ઞાનતપ.

મુમુક્ષુ :- વ્રત, તપ નથી જ એમ નહિ, છે તો ખરા...

ઉત્તર :- અજ્ઞાન, છે ખરા, અજ્ઞાન.

મુમુક્ષુ :- અજ્ઞાન વ્રત તો હોય.

ઉત્તર :- પણ એનો અર્થ શું કે જ્ઞાનવ્રત નથી એટલે અજ્ઞાનવ્રત. નામ આપ્યું નામ. એ વ્રત-બ્રત છે જ નહિ. એનો અર્થ જ એ વ્રત નથી. અજ્ઞાન તપ અને અજ્ઞાન વ્રત મૂઢતાના ભાવ, મૂઢતાના વ્રત (છે), એમ કહે છે લ્યો.

**'માટે મોક્ષનું કારણ જ્ઞાન જ છે.'** ભગવાન આત્મા રાગ વિનાનો સ્વભાવ ભગવાન આત્માનો તે સ્વભાવ તે જ મોક્ષનું કારણ છે. રાગ ક્રિયાકાંડ બધો વિકલ્પ એ મોક્ષનું કારણ અજ્ઞાનીને તો નથી, પણ જ્ઞાનીને એવો જે વિકલ્પ આવે એ પણ મોક્ષનું કારણ નથી. આત્મામાં

ઠર્યા વિના અજ્ઞાનીઓ આવા કરે એને મોક્ષનું કારણ નથી અને આ જ્ઞાની જ્ઞાનમાં ઠરે એને પણ આવા વિકલ્પ હોય પણ એ પણ મોક્ષનું કારણ નથી. બંધના જ કારણ છે.

'**જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છે :-**' ૧૫૩.

**वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता।**
**परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति।।१५३।।**

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.**

'**ટીકા :- જ્ઞાન જ મોક્ષનો હેતુ છે;...**' જ્ઞાન એટલે આત્મા. આત્માનો સ્વભાવ અને એની શુદ્ધ સ્વભાવની દશા-અવસ્થા જે કીધી એ. '**જ્ઞાન જ મોક્ષનો હેતુ છે;...**' દેખો! મોક્ષનું કારણ, મોક્ષનો માર્ગ. ત્યાં કારણ કહ્યું હતું, અહીં હેતુ કહ્યો સમજાણું? ટીકામાં કારણ કહ્યું હતું ને? શું શબ્દ છે? મોક્ષહેતુત્વા. બરાબર છે. અહીં પણ એમ કહ્યું.

જ્ઞાન, જ્ઞાન એટલે કે આત્મા શુદ્ધ સ્વભાવ પવિત્ર છે તેનું પવિત્રપણે પરિણમવું તેનું નામ જ્ઞાન. રાગપણે ન થવું અને સ્વભાવપણે થવું એનું નામ જ્ઞાન. જ્ઞાન જ મોક્ષનું કારણ છે. ત્યારે કોઈ કહે કે જ્ઞાન મોક્ષનું કારણ પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યાં ગયું? અહીં ત્રણ કીધા છે ને? પણ એમાં આવી ગયું. એ જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા એનું જ્ઞાન, એની શ્રદ્ધા અને એની એકાગ્રતા એ બધું જ્ઞાન જ કહેવામાં આવે છે. જ્ઞાનના અનુભવમાં ત્રણે ભેગા આવી જાય છે.

'**કારણ કે તેના (-જ્ઞાનના) અભાવમાં,...**' એ આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાનના ભાન વિના '**પોતે જ અજ્ઞાનરૂપ થયેલા...**' લ્યો ઠીક! પોતે જ ભાન વિનાનો અજ્ઞાન અને રાગરૂપ થયેલો '**અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત,...**' જુઓ! અંતરંગમાં વ્રત, હોં! અહીં શુભભાવની વાત લે છે. બરાબર પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ બરાબર ચોખ્ખા (પાળે). અત્યારે તો છે નહિ એવું. '**અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત,...**' શુભ પરિણામ. અહિંસા, દયા, સત્ય બોલવું વગેરે. '**નિયમ,...**' નિયમ લીધેલા હોય કોઈ મારે જાવજીવ ખપે નહિ, કેરી ખપે નહિ, ફલાણું ખપે નહિ, આમ ખપે નહિ એવું. એ નિયમ કહેવાય જાવજીવનો. એવો તો વિકલ્પ. '**શીલ,...**' રૂડો સ્વભાવ. કષાય મંદતા, ઓછું બોલવું, શાંત એવી કષાયની મંદતા. '**તપ,...**' અનશન, ઉણોદરી, વિનય, દેવ-ગુરુ-શાસ્ત્રનો વગેરે. '**શુભ...**' પરિણામ. શુભ કર્મો એટલે પરિણામ. જોયું! એ શુભ પરિણામ.

એવો '**સદ્ભાવ હોવા છતાં...**' શુભ પરિણામની હયાતી હોવા છતાં. એવા શુભભાવની

મોજૂદગી હોવા છતાં '**મોક્ષનો અભાવ છે.**' અજ્ઞાનીને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ હોવા છતાં મોક્ષનો અભાવ છે. બંધનો ભાવ છે એ. છે? ૧૫૩-૫૩. '**અજ્ઞાન જ બંધનો હેતુ છે;...**' લ્યો. અજ્ઞાન એટલે જે રાગભાવ છે, સ્વરૂપનું અભાન થઈ અને રાગને જ પોતાનું સ્વરૂપ માન્યું છે. એ વિકલ્પને પોતે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ વિકલ્પને પોતાનું સ્વરૂપ માન્યું છે એવો જે અજ્ઞાનભાવ જ બંધનો હેતુ છે.

'**કારણ કે તેના અભાવમાં,...**' એ અજ્ઞાનના અભાવમાં. '**પોતે જ જ્ઞાનરૂપ થયેલા...**' ધર્મી જ્ઞાનસ્વરૂપે, શુદ્ધ આનંદસ્વરૂપે, પવિત્રસ્વરૂપે (થયેલા) '**જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્‌ભાવ હોવા છતાં...**' એને ઓલો વિકલ્પ શુભભાવ જે વ્રતાદિ છે એનો અભાવ હોવા છતાં '**મોક્ષનો સદ્‌ભાવ છે.**' સમજાણું કાંઈ? ધર્મીને જ્ઞાનસ્વરૂપના પરિણમનમાં, શુદ્ધ આનંદના પરિણમનમાં, શુદ્ધ સ્વભાવના પરિણમનમાં એને બાહ્ય વ્રત એટલે વિકલ્પ ઓલો નથી પંચ મહાવ્રત આદિનો. સમજાણું? નિયમ (લીધો હોય કે) જાવજીવનો કે આ ખપે, આ ન ખપે, એ નથી. શીલ રાગની મંદતા, તપ વગેરે શુભ કાર્યનો અસદ્‌ભાવ. એટલે વિકલ્પ જ જ્યાં નથી ત્યાં. એમ કહે છે. '**મોક્ષનો સદ્‌ભાવ છે.**' એને આત્માની પૂર્ણ દશાની પ્રાપ્તિ, સ્વભાવની પરિણતિએ થાય છે. ઓલા વિકલ્પ નથી થતાં એને મોક્ષ થાય છે. અને ઓલાને વિકલ્પ છે પણ અજ્ઞાની છે તો એનાથી એકલો બંધ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૦)), ગુરુવાર તા. ૮-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૦૫, ગાથા-૧૫૩-૧૫૪, પ્રવચન-૨૪૦**

સમયસાર. પુણ્ય-પાપ અધિકાર, ૧૫૩ ગાથા. એનો ભાવાર્થ. ભાવાર્થ છે ને?

'**ભાવાર્થ :- જ્ઞાનરૂપ પરિણમન જ મોક્ષનું કારણ છે...**' ટીકા છે ને એ પ્રમાણે અર્થ કર્યો છે. ઓલાએ બીજું કર્યું છે. શું કીધું? આત્મા તે જ્ઞાનસ્વરૂપ જાણક સ્વભાવ એનો ધ્રુવ સ્વભાવ છે જ્ઞાન. એ જ્ઞાનસ્વભાવનું પરિણમન, એનું જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એવો જે આત્મસ્વભાવ તે સ્વભાવનું સ્વભાવરૂપે થવું એ મોક્ષનું કારણ છે.

'**અને અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે;...**' અજ્ઞાન એટલે શુભ-અશુભ જે રાગ થાય છે એ બધું અજ્ઞાન છે. એમાં જ્ઞાનસ્વભાવ નથી. વ્રત, તપ, શીલ એ બધો વિકલ્પ છે એ અજ્ઞાન છે. એમાં જ્ઞાનભાવ નથી. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ એ અજ્ઞાન છે એમ કહે છે. જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ, ચૈતન્યસૂર્ય એનું ચૈતન્યનું ચૈતન્યપણે પરિણમવું, વસ્તુનો સ્વભાવ ધ્રુવ છે એનું પર્યાયપણે, શુદ્ધપણે પરિણમવું તે મોક્ષનું કારણ છે. અને રાગાદિ જે વિકલ્પ ઊઠે છે એ બધો જ્ઞાનના પરિણમનથી ભિન્ન જાત અજ્ઞાન છે. અજ્ઞાનરૂપ પરિણમન જ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિને ને?

ઉત્તર :- બધાને. સમ્યગ્દષ્ટિને કે.. અહીં તો એ ના પાડે. સમકિતદષ્ટિને એ વ્રતાદિના વિકલ્પ નથી અને ઠરીને મોક્ષ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અજ્ઞાનરૂપ પરિણમન...**' એટલે કે પુણ્યના વિકલ્પ જે ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો ભાવ થાય એ શુભરાગ છે. એ શુભરાગ છે એમાં ચૈતન્યના જ્ઞાનસ્વભાવનો-સ્વરૂપનો અભાવ છે. એવો જે ભાવ તે બંધરૂપ છે. બંધનું કારણ છે. પછી તો બંધરૂપે કહેશે એને. સમજાણું કાંઈ? '**વ્રત,...**' પંચ મહાવ્રતના ભાવ, બાર વ્રતના ભાવ, નિયમના ભાવ એટલે આમ મારે ખપે, આમ ન ખપે એવો જે અભિગ્રહ ધારણ કરે છે ને? એવો જે વિકલ્પ શીલ, રાગની મંદતા. '**તપ,...**' વિનય, વૈયાવચ્ચ, પરની સેવા આદિનો જે વિકલ્પ '**આદિ શુભભાવરૂપ શુભ કર્મો...**' આદિ શુભભાવરૂપ શુભકર્મો '**કાંઈ મોક્ષના કારણ નથી,...**'

મુમુક્ષુ :- સહકારી થાય છે.

ઉત્તર :- સહાકારીનો અર્થ શું? હોય છે નિમિત્ત તરીકે પણ એ કારણ નથી. કારણ તો એક જ છે. કારણ બે હોઈ શકતા નથી. બે કારણનું કથન છે, પ્રરૂપણ છે. વસ્તુ બે કારણે કાર્ય થાય છે એમ છે જ નહિ. વસ્તુની સ્થિતિમાં એમ નથી. પોતે જ વસ્તુ ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવમય જે અનંત ગુણ શુદ્ધ, તેનું અંતરમાં પરિણમન થવું એનું નામ જ મોક્ષનું કારણ અને સંવર, નિર્જરા છે. આ શુભભાવ... જુઓ! શુભભાવ અહીં તો લીધો છે ને. એ વાત કહેવી છે ને. ઓલા અશુભની તો વાત પણ ક્યાં છે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેટલો નક્કી કરી રહ્યો હતો ખોટો એને અહીં ઉડાવે છે. ખોટો નક્કી કરી રાખ્યો હતો કે આ દયા, વ્રત, ભક્તિ.. ન્યાલચંદભાઈ! આ તમારે કહે છે કે જેટલો નક્કી કરી રાખ્યો હતો એને અહીં ખોટો ઠરાવે છે. શું કરવા કહે છે? એની કાંઈક ભૂલ છે એ ટાળવા કહે છે ને. તો ટાળવાનું તો આ કહે છે.

'**વ્રત, નિયમ, શીલ, તપ આદિ શુભ ભાવરૂપ...**' બધો વિનય, વૈયાવચ્ચ, ભક્તિ જેટલા વિકલ્પ ઉઠે એ બધો વિકલ્પ તે શુભકર્મો મોક્ષનું કારણ, આત્માને હિતનું કારણ જરીએ નથી. કહો, સમજાણું કાંઈ? કહો, માંગીરામજી! જુઓ! કર્મો કાંઈ મોક્ષનું કારણ નથી એમ છે ને અંદર? એટલે જરી વજન આપ્યું.

મુમુક્ષુ :- ... બહાર બોલાય...

ઉત્તર :- બહાર બધું બોલાતું હતું. ન્યાં ક્યાં.. આ બધા બોલીને આવ્યા નહિ બહાર? બધે કહેતા હતા, એમાં ક્યાં.

મુમુક્ષુ :- શુભ-અશુભ બેય ભાવ બંધના કારણ છે.

ઉત્તર :- બેય બંધના કારણ છે, મોક્ષનું કારણ ભિન્ન છે. પુણ્ય બંધનું કારણ છે, આત્માના મોક્ષનું કારણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એ ચાલતું હતું બધે ગામોગામ. આહાહા..! પણ આ કોઈને કહેવાનું ક્યાં છે? વસ્તુ આમ છે એમ પોતાને માનવાનું છે કે કહેવાનું છે? માનવાનું કરે. લોકો માને અને માને... છૂટવું છે એને બંધનથી છૂટવું છે એને જાણવાનું છે ને?

'**વ્રત, નિયમ, શીલ, તપ...**' જેટલા ક્રિયાકાંડના વિકલ્પો ઉઠે એ બધો '**શુભભાવરૂપ કર્મો કાંઈ મોક્ષનાં કારણ નથી,...**' એમ શબ્દ છે ને? કાંઈ એટલે જરીએ. જરીએ આત્માને હિતરૂપ નથી. કહો, દેવચંદજી! અહીં તો એકલા મહાવ્રત (લઈ લે). હજી તો ભાન વિનાના સમ્યગ્દર્શન વિનાના, મહાવ્રત ને આ ને આ મહાવ્રત લઈ લીધા. મહાવ્રત છે? મહા અવ્રત

છે. આ કીધું ને અજ્ઞાન છે. કીધું શું અહીં? અજ્ઞાનનું પરિણમન છે ઈ. શુભ વિકલ્પ એ આત્માની જાતથી બીજી જાતનો ભાવ છે તે અજ્ઞાનરૂપ છે. મિથ્યાત્વરૂપ એમ નહિ, હોં! અજ્ઞાન. મિથ્યાત્વ એમ નહિ. એનો ચૈતન્યનો સ્વભાવ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય, એની જાતથી વિરૂદ્ધ, ક્ષણિક, અનિત્ય ઉપાધિનો ભાવ છે. અહીં તો પુણ્ય-પાપ અધિકાર ચાલે છે ને? એમાં પણ ખરો તો પુણ્યભાવ તે અજ્ઞાનભાવ છે, બંધનું કારણ (છે). ત્યાં અટકેલો (છે). પાપને તો લોકો હજી એમ કહે.

મુમુક્ષુ :- અજ્ઞાન મિથ્યાત્વનો પ્રકાર...

ઉત્તર :- ના ના. અજ્ઞાન મિથ્યાત્વનો પ્રકાર નહિ. નહિ, નહિ. ગોટા એમ નહિ. એમ નહિ. મિથ્યાત્વનો પ્રકાર નથી. એ સ્વરૂપનો અભાવ છે માટે અજ્ઞાન કહ્યું. મિથ્યાત્વ નહિ. મિથ્યાત્વ તો રાગને ધર્મ માને તો મિથ્યાત્વ છે.

અહીં તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જે છે એનું પરિણમન થવું એ જ્ઞાનરૂપ થાય છે. એ જ્ઞાનથી વિરૂદ્ધ રાગનું પરિણમન તે અજ્ઞાન. એમ. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ. કારણ કે એવું પરિણન તો સમ્યગ્દષ્ટિને પણ હોય છે. જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન હોય ત્યાં સુધી જ્ઞાન પરિણમન અને રાગ પરિણમન, જ્ઞાનધારા અને કર્મધારા બે હોય છે. એ અજ્ઞાન એટલે રાગમાં જ્ઞાનસ્વરૂપ નથી એટલે એને કર્મધારા કીધી. મિથ્યાત્વ એમ નહિ. સમજાણું કાંઈ? મિથ્યાત્વનો અંશ એમ પણ નહિ. ગડબડ અહીં તો ભારે. પ્રવિણભાઈ! ભારે વાત આકરી.

આમ વસ્તુ છે, પદાર્થ છે કે નહિ ચૈતન્ય? અરૂપી સ્વતઃ સ્વભાવથી ભરેલો પદાર્થ અનાદિઅનંત. એનો એક સમયનો વિકૃત ભાવ એને દૂર કરીને જુઓ તો એ ચૈતન્યસ્વરૂપ એકલો જ્ઞાનની મૂર્તિ છે. તો એ જ્ઞાનસ્વરૂપ અંતરદષ્ટિ આપતા એ જ્ઞાનરૂપે પરિણમે-થાય, જ્ઞાનરૂપ અને જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની એકાગ્રતા, જ્ઞાનનો આનંદ એ બધી દશા જ્ઞાનરૂપ છે. જ્ઞાનરૂપ છે તે મોક્ષનું કારણ છે. એટલે મોક્ષનો એ માર્ગ છે. પણ એનાથી વિરૂદ્ધનો વિકલ્પ છે એ પછી ચાહે સો મહાવ્રતનો હો કે અજ્ઞાન એટલે જ્ઞાનનો એમાં અભાવ છે માટે બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

‘**જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાનીને...**’ જુઓ! ચૈતન્ય સ્વભાવમાં દૃષ્ટિ પડી અને એનાથી સ્થિરતા જામી, એવા જ્ઞાનરૂપે થયેલા ધર્મીને, જુઓ! જ્ઞાનરૂપે પરિણમેલા. રાગરૂપે નહિ. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અંતરમાં એનો આશ્રય લઈ જે જ્ઞાનરૂપે થયો, જ્ઞાન શબ્દે આત્મસ્વભાવ, સ્વભાવરૂપે થયો એ ‘**જ્ઞાનીને તે શુભ કર્મો ન હોવા છતાં...**’ એ વખતે એને વિકલ્પ વ્રતાદિનો ન હોવા છતાં તે મોક્ષને પામે છે. વ્રતના વિકલ્પ છૂટી ગયા પહેલા હતા એ. એટલે એની હયાતી વિકલ્પની છે એ બંધનું કારણ છે. એના રહિત જ્યારે જ્ઞાનના પરિણમનમાં

એકાકાર થયો ત્યારે તે મોક્ષને પામે. માટે તે વ્રતાદિના વિકલ્પો મોક્ષમાં કારણ છે નહિ. કહો, સમજાણું આમાં? પોપટભાઈ! ભારે વાત ભાઈ! આહાહા..! કેટલો બચાવ કરવા માટે ઓલા ભાવસંગ્રહનો દાખલો આપીને કહે, આમ છે ને તેમ છે. અરે..! ચોથે ગુણસ્થાને તો ઉપચાર ધર્મધ્યાન, પાંચમે ભદ્ર ધર્મધ્યાન, છઠ્ઠા સુધી આમ, ફલાણું ધર્મધ્યાન. સાતમે પછી ધ્યાન. આ શું ગપ મારે છે ને. ધર્મ એટલે આત્માનો સ્વભાવ. એ સ્વભાવનું એકાગ્રપણું તે ધર્મધ્યાન. એ ચોથે ગુણસ્થાનથી શરૂ થાય છે. આ એ જ કહે છે. અહીં શું કહે છે?

'**જ્ઞાનરૂપે પરિણમે...**' એ ધર્મધ્યાનરૂપે પરિણમેલો. ધર્મ એટલે આત્માનો સ્વભાવ. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ અને રુચિ અને આશ્રય છોડી ચૈતન્ય સ્વભાવના આશ્રયે જ્ઞાનનું પરિણમન થયું તે '**જ્ઞાનીને તે શુભ કર્મો ન હોવા છતાં...**' મોક્ષના કારણમાં એ વિકલ્પો ન હોવા છતાં નિર્વિકલ્પ જ્ઞાનના પરિણમનથી જ આત્માને મોક્ષ થાય છે. સમજાણું? છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ મહાવ્રતના હોય છે. પણ એને છૂટી જાય ને સાતમે જાય ત્યારે શુદ્ધતા વધે છે. ઓલી શુદ્ધતા ઓછી હતી તેથી અશુદ્ધતા વચમાં હતી. એ વિકલ્પ છૂટીને સાતમે ગયો, નિર્વિકલ્પ થયો તો વધારે શુદ્ધતા થઈ, એનો અભાવ કર્યો ત્યારે શુદ્ધતા થઈ. એ પોતે શુદ્ધતાનું કારણ છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

મૂળ વાત એક આત્મા વસ્તુ છે એની ઉપર ઉપર વિકલ્પ ઉઠે છે. એના અંતરમાં છે નહિ. એટલે અંતર એનો સ્વભાવ જે મુક્તસ્વરૂપ જ્ઞાન, આનંદ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જે વસ્તુ છે, એ વસ્તુ છે તે વસ્તુનું વસ્તુપણે પરિણમવું, તેના ઉપર દૃષ્ટિ પડતાં, તેનો આશ્રય લેતા જે પર્યાય પ્રગટી એને આશ્રય દ્રવ્યનો થતાં તે પર્યાય જેવો સ્વભાવ છે એવી શુદ્ધરૂપે થઈ. શુદ્ધરૂપે થાય તે મોક્ષનું કારણ છે. ઓછી શુદ્ધતા વખતે ભલે અશુદ્ધતા હો, પણ એ અશુદ્ધતા મોક્ષનું કારણ નથી. એમ કહે છે. એ અશુદ્ધતા છૂટીને શુદ્ધતાનું ઉગ્ર પરિણમન થશે ત્યારે તેને મોક્ષ થશે. બરાબર છે? પ્રવિણભાઈ! ભારે ઝીણું આમાં. આહાહા..!

'**અજ્ઞાનરૂપે પરિણમેલા અજ્ઞાનીને...**' અહીં તો બે ભાગ જ કર્યા છે ને? શુભ વિકલ્પપણે પરિણમ્યો છે, રાગપણે, શુભરાગપણે થયો એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાનનો સ્વભાવ નહિ. એ રૂપે પરિણમેલા અજ્ઞાનીને '**તે શુભકર્મો હોવા છતાં...**' દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ હોવા છતાં '**તે બંધને પામે છે.**' તે ભાવ બંધનું કારણ (છે) માટે બંધનને પામે છે. કહો, સમજાણું?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૧૦૫.

**यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं**
**शिवस्यायं हेतुं स्वयमपि यतस्तच्छिव इति।**

**अतोऽन्यद्बन्धस्य स्वयमपि यतो बन्ध इति तत्**
**ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्।।१०५।।**

એ શ્લોક. હવે એનો અર્થ નીચે.

'**શ્લોકાર્થ :- જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એ '**ધ્રુવપણે...**' છે. એ તો ધ્રુવ છે. પુણ્યના વિકલ્પો તો અધ્રુવ ઉપાધિ છે. આ ભગવાન જ્ઞાનસ્વભાવ જાણક સ્વભાવ, જાણક સ્વભાવ એવો આત્મા તે ધ્રુવપણે છે '**અને અચળપણે...**' (છે). એ ધ્રુવપણે છે તે '**અચળપણે જ્ઞાનસ્વરૂપે થતો-પરિણમતો...**' ધ્રુવપણે અને અચળપણે. પોતાની ધ્રુવતામાં અચળપણે પરિણમતો થકો '**પરિણમતો ભાસે છે...**' એમ છે ભાષા. સમજાણું? '**आभाति**' છે ને? પરિણમતો આસ્વાદમાં ભાસે છે, આનંદના વેદનમાં જે આત્મા ભાસે છે તે જ મોક્ષનો હેતુ છે. સમજાણું કાંઈ?

આ જ્ઞાન. એમ લીધું ને? '**આ...**' '**જે આ...**' જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા '**ધ્રુવપણે...**' સ્થિર અને એની સ્થિરતાપણે અને અચળપણે ન ચળે તે રીતે જ્ઞાનસ્વરૂપે એટલે આત્માના સ્વભાવસ્વરૂપે, રાગરૂપે નહિ, એ સ્વભાવસ્વરૂપે પરિણમતો થતો ભાસે છે. એટલે પોતાની પર્યાયમાં એની શુદ્ધતાના આનંદના સ્વાદરૂપે ભાસે છે '**તે જ મોક્ષનો હેતુ છે...**' સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનને તો લોકોએ તો એવું કરી નાખ્યું જાણે સાધારણ શ્રદ્ધા છે અને દેવ-ગુરુની શ્રદ્ધા જાવ થઈ ગયું. અને ભક્તિ કરે અને વ્રત પાળે એટલે થઈ ગયું ચારિત્ર. આહાહા..! સમજાણું કે નહિ? મરી જાત ત્યાં નગ્ન સાધુ થઈને. સાધુ થવાના હતા દિગંબર. લૂગડા કાઢી નાખવામાં કાંઈ પૈસા બેસે છે?

મુમુક્ષુ :- ઊલટા પૈસા બચે છે.

ઉત્તર :- પૈસા બચે લ્યો, ભાઈ! એને તો ક્યાં પછી.. અને બ્રહ્મચર્ય પાળવું. .. માણસ આપણે કાંઈ કરવું નહિ. પણ કયું બ્રહ્મચર્ય?

બ્રહ્મ નામ આત્મા, એના આનંદમાં ચરવું એને બ્રહ્મચર્ય કહે છે. શરીરથી બ્રહ્મચર્ય એ તો શુભ વિકલ્પની એક જાત શુભરાગ છે. એ ખરું વ્રત નથી. આહાહા..! બ્રહ્માનંદ ભગવાન આત્મા. જુઓ! એ જ કહે છે, જુઓ! જ્ઞાનસ્વરૂપ નામ આનંદસ્વરૂપ એવો આત્મા ધ્રુવપણે ટકતો અચળપણે ઠરે, અસ્થિર ન થાય એ રીતે સ્વરૂપપણે પરિણમતો જ્ઞાનાનંદ સ્વભાવ પરિણમતો, આનંદપણે, શાંતિપણે, જ્ઞાનપણે આસ્વાદમાં ભાસતો, આસ્વાદમાં (આવતો કે) આ આત્મા છે. રાગાદિ આત્મા નથી.

'**તે જ...**' એ પરિણમતો, થતો શાંતરૂપે, આનંદરૂપે થતો, પુણ્ય વિકલ્પ છે એ આકુળતારૂપ છે. દયા, દાન, ભક્તિ આદિના વિકલ્પ છે એ આકુળતારૂપ છે. આ પોતે એના રહિત જ્ઞાનસ્વરૂપે

થતો, પરિણમતો ભાસે છે એટલે ખ્યાલમાં આવે છે, ખ્યાલમાં આવે છે કે આ વસ્તુ આ રીતે પરિણમે છે. એવું જે જ્ઞાન થાય અને એનો સ્વાદ આવે છે '**તે જ મોક્ષનો હેતુ છે...**' ભારે ઝીણી! કહો, દેવચંદજી! આહાહા..! આમાં તકરાર કોની સાથે કરે? વાદવિવાદ. મફતના... પોતાના ઘરને સંભાળવા જતા નથી અને મફતની (તકરાર કરે). અનંત કાળે આવો અવસર મળ્યો છે. નિગોદના બારણામાંથી નીકળ્યો છે માંડ. મોટી ખાણ તો એ છે ને? આ જો (મનુષ્યભવ) ખલાસ થઈ જશે, એની સ્થિતિ પૂરી થઈ જશે (તો) ક્યાં જાવું? કયે ઠેકાણે જાવું? એવા જેને અંદરમાં નિર્ણય જ પ્રગટ્યા નથી, આત્માનું ભાન જ પ્રગટ્યું નથી એને ક્યાં જાવુ? આહાહા..! આમ પથારીએ પડ્યો હોય રેશમના ગાદલા લ્યોને. હીરાના આમ. મકાન મોટા હજીરા હોય, પાંચ-દસ લાખ, વીસ લાખના. મરીને ક્યાં જાવું?

મુમુક્ષુ :- એને તો બધા પડખે ઊભા હોયને.

ઉત્તર :- બધા ઊભા હોય એ શું કરે? ટગ ટગ જોવે. ઊભા હોય તો શું કરે? બાયડી ઊભી ઊભી જોવે, હાય.. હાય..! 'એક રે દિવસ એવો આવશે, ..જી સાલેજી, એક રે દિવસ એવો આવશે, સગી નારી રે તારી કામિની ઊભી ટગ ટગ જોવે રે. આરે કાયામાં..' નાડ જોવો ને, ભાઈ! નાડ જોવો ને. નાડ ગઈ હવે. હાથ નથી આવતી. 'આરે કાયામાં હવે કાંઈ નથી, એ ઊભી ટગ ટગ રોવે જી.' અહીં તો પછી આ રોવે. ઓલો તો વયો ગયો દુર્ગતિમાં. આહાહા..! આ તે કાંઈ જીવન કહેવાય? ભાઈ! પછી ભલે સાધુના જીવન વ્રતધારીના વિકલ્પના, એ પણ બધા બાળમરણના જીવન છે, ભાઈ! આહાહા..! એના ક્યાંય આરા ભવના નથી. કેવે ઠેકાણે જશે? એકાદ કોઈ શુભભાવ હોય તો વળી સ્વર્ગમાં જાય એકાદ ભવ. પછી ભાઈ! લાંબો કાળ તો નિગોદનો છે. આમ લાંબો કાળ તો મોક્ષનો છે.

અહીં ટકતો આત્મા છે ને? કીધું છે ને? ધ્રુવ ભગવાન. એને અચળપણે, ધ્રુવપણે આત્માની અંતર દશાનું થવું, બસ! એ જ મોક્ષનું કારણ છે. આહાહા..! ભગવાન.. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન.. કરે વિકલ્પ, એ તો બધો વિકલ્પ છે, કહે છે. આહાહા..! પોતાના પરમેશ્વરને જેણે જોયો નથી, પોતાના પરમેશ્વરની જેને પ્રતીત આવી નથી, પરમ ઋદ્ધિનો ધણી ભગવાન આત્મા એના જેને અંતરમાં વિશ્વાસ-ભરોસા આવ્યા નથી એ ક્યાં જશે? કહે છે કે બંધમાં જશે.

'**કારણ કે તે પોતે પણ મોક્ષસ્વરૂપ છે;...**' શું કહે છે? એ આત્મા જે જ્ઞાનસ્વરૂપ શુદ્ધ છે, વસ્તુએ મોક્ષસ્વરૂપ જ છે. અને એનું પરિણમન થવું એ પણ મુક્તસ્વરૂપ છે રાગરહિત. સમજાણું કાંઈ? જે આત્મા પુણ્યના વિકલ્પરહિત શુદ્ધ સ્વરૂપ છે વસ્તુ એ મુક્તસ્વરૂપ છે. અને મુક્તસ્વરૂપનું પરિણમન થવું, પરિણમન થવું શુદ્ધપણાનું એ પોતે મુક્તસ્વરૂપ છે. એટલે

મુક્તસ્વરૂપ છે એ મુક્તનું કારણ થાય. એ હેતુ પોતે પણ મોક્ષસ્વરૂપ છે.

**'તેના સિવાય જે અન્ય કાંઈ છે તે બંધનો હેતુ છે...'** કેમ કે પોતે બંધસ્વરૂપ છે એમ પાછું અહીં તો (કહ્યું છે). અહીંયાં તો એમ કહેવું છે કે વસ્તુ જે છે, વસ્તુ જે છે આમ ચૈતન્ય જ્ઞાયકભાવ, સ્વભાવ એ પોતે મોક્ષસ્વરૂપ છે પણ એની દૃષ્ટિ આપતા, એની પર્યાયમાં-અવસ્થામાં નિર્મળ રાગ વિનાની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન થાય એ મોક્ષસ્વરૂપ છે, પોતે મુક્તસ્વરૂપ છે, રાગના એકત્વવાળું નથી. એથી મોક્ષસ્વરૂપ તે મોક્ષનું કારણ થાય. અને પુણ્યનો વિકલ્પ જે ઉઠે છે, દયા-દાન-ભક્તિ આદિ, એ પોતે બંધસ્વરૂપ છે. બંધનો હેતુ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- પેલી સ્વભાવના ઘરની ચીજ છે અને આ સ્વભાવની ઘરની નથી.

ઉત્તર :- આ વિકલ્પ છે, બીજી ચીજ છે, ભાઈ!

ભગવાન આત્મા એના ઘરમાં મહા પુંજી પડી છે એની એને ખબર નથી. એ આખો ચૈતન્ય આનંદ અને કેવળજ્ઞાન લક્ષ્મીનો પિંડ પડ્યો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદની લક્ષ્મીનું નૂર એ આત્મા છે. એવા આત્માની દૃષ્ટિ કરતાં એ પોતે મોક્ષસ્વરૂપ છે અને એનું પરિણમન થવું તે મોક્ષસ્વરૂપ છે. માટે મોક્ષસ્વરૂપ છે તે મોક્ષનું કારણ થાય છે. સમજાણું કાંઈ? બંધપરિણામ રહિત અબંધ પરિણામ પ્રગટ્યા એ મોક્ષસ્વરૂપ છે એમ કહેવું છે. અને એ મોક્ષનું કારણ થાય છે. થોડી થોડી ભાષા સમજો છો ને? આ ગુજરાતી ભાષા છે ને. પણ આ સાદી ભાષા છે. બહુ એમાં હિન્દી જેવું નથી. આહાહા..! એ વીતરાગના ઘરના માર્ગ છે, ભાઈ! એ પરમેશ્વરને ઘરે પહોંચવાના પંથ છે આ. સમજાણું કાંઈ? અને ઓલા નિગોદને ઘરે પહોંચવાના ઘર છે.

કહે છે કે, **'તેના સિવાય...'** એટલે ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ અનંત ગુણનું પવિત્ર ધામ, એની દૃષ્ટિ કરીને જે કાંઈ એમાંથી પરિણમન શુદ્ધ થયું તે મોક્ષનો હેતુ છે. કેમ કે એ રાગના બંધથી રહિત થયેલો ભાવ છે. રાગના બંધભાવથી રહિત થયેલો એ ભાવ છે માટે મોક્ષ છે, માટે મોક્ષનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? અબંધ પરિણામ છે કહો કે મોક્ષ પરિણામ છે કહો. ઓલા બંધ પરિણામ છે, બંધ હેતુ છે તો બંધ હેતુ છે તો બંધસ્વરૂપ જ છે. કહો, સમજાણું આમાં?

**'માટે જ્ઞાનસ્વરૂપ થવાનું...'** ભગવાન પરમેશ્વરે કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્માએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે **'જ્ઞાનસ્વરૂપ થવાનું (-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.'** આહાહા...! કહો, સમજાણું? શું કહે છે? છે ભાઈ એમાં? શું કહે છે? કે જ્ઞાનસ્વરૂપ. વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ

છે એ ચૈતન્ય સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપનો અનુભવ, અનુભવ-અનુભૂતિ, રાગ, દયા, દાન, વિકલ્પ એનાથી રહિત, આત્માના સ્વભાવની અનુભૂતિ, જે સ્વભાવ ધ્રુવ છે એને અનુસરીને શુદ્ધ નિર્મળ દશાનો અનુભવ થવો એ '(**-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે અનુભૂતિ કરવાનું જ...**' ભગવાનના આગમમાં વિધાન-ફરમાન છે. ત્રિલોકનાથની આગમની અંદર ઇન્દ્રોની ઉપસ્થિતિમાં, ગણધરોની રચનાકાળમાં ભગવાને આ ફરમાવ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! આ આજ્ઞા ફરમાવી કહે છે. આગમમાં આ કથન છે. સમજાય છે કાંઈ? વ્રત ને નિયમ ને તપ ને એ બધો ભાવ છે એ વિકલ્પ શુભરાગ છે. એ શુભરાગનું વિધાન ભગવાનની આજ્ઞામાં નથી આવ્યું એમ કહે છે. એય..! ન્યાલચંદભાઈ! ભારે વાત. ભગવાનના આગમમાં એટલે દિવ્યધ્વનિમાં એમ આવ્યું અને એની રચના થઈ ગણધરોએ આગમ (રચ્યા) એના આગમમાં આ આવ્યું. જે કરી શકાય છે સત્યરૂપે છે, ત્રિકાળ નિત્યાનંદ ભગવાન છે એની અંતર દૃષ્ટિ દઈને શુદ્ધપણાનો અનુભવ કરવો, અનુભવ કરવો એ અનુભવને ભગવાને ફરમાન કર્યું કે એ અનુભવ મોક્ષનો માર્ગ છે. અનુભવ સિવાયના વિકલ્પો જેટલા ઉઠે એ બધા મોક્ષના કારણ નથી, બંધના કારણ છે.

કહો, હવે અહીં તો મોક્ષનો માર્ગ એક કહ્યો-અનુભવ. વ્યવહાર મોક્ષનો માર્ગ છે, નિશ્ચય મોક્ષનો માર્ગ છે એમ બે માર્ગ છે એમ કહેતા નથી. કહો, સમજાણું આમાં? અરે..! ભગવાન! ક્યાં તારે લઈ જવું છે? આહાહા..! આખો મોડ બદલી નાખ્યો. વીતરાગ માર્ગ જે સ્વભાવ સન્મુખ થઈ અને શુદ્ધપણે થવું, અનુભવ કરવો એ જ મોક્ષનો માર્ગ છે ત્રણ કાળ ત્રણ લોકમાં. તીર્થંકરોની મહા ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં અને આગમમાં આમ ફરમાન કરવામાં આવ્યું છે.

આમ કહે કે અમે વીતરાગને માનીએ છીએ. ભગવાન તમે સાચા. પણ ભગવાન કહે છે કે અમે સાચા ક્યારે તને કહેવાઈએ? કે તારો આત્મા શુદ્ધ આનંદ તેનો અનુભવ એ મોક્ષનું કારણ એવું તને બેસે ત્યારે અમે સાચા તને કહેવાઈએ. આહાહા..! જ્યાં સુધી એને બેસે કે આ રાગ પણ મને મોક્ષનું કારણ થાય. પણ ભગવાન કહે છે કે અમે કહીએ કાંઈક અને તું માન કાંઈક. આહાહા..!

મુમુક્ષુ :- સાચા માન્યા એટલું તો કામ આવ્યું ને.

ઉત્તર :- ક્યાં આવ્યું પણ? સાચો કોને કહેવો? એણે કહ્યું કે સત્યસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત જ્ઞાનની મૂર્તિ, અનાકુળ આનંદનો પિંડ આત્મા છે. એનો અનુભવ કરવો. એ આત્મા પવિત્ર શુદ્ધ છે એને અનુસરીને થવું, એને અનુસરીને અનુભવવું, નિર્મળ દશાનું. આ

પુણ્ય-પાપ અધિકાર છે ને? પુણ્યના પરિણામ વિનાના સ્વભાવના શુદ્ધઉપયોગરૂપે પરિણમવું, એ શુદ્ધઉપયોગરૂપે થવું, અનુભૂતિ તે મોક્ષમાર્ગ એમ ભગવાને ફરમાવ્યો છે. આહાહા..! કહો, અહીં તો કોને મુનિને હજી નીચલી દશાવાળાને કહે છે કે કેવળીને માટે આ વાત છે? પહેલો વ્યવહાર થાય, નિશ્ચય પછી થાય આઠમેથી. એમ કહે છે. પહેલો વ્યવહાર કરે ત્યારે (થાય). પણ વ્યવહાર પોતે બંધનું કારણ છે એ અબંધના કારણમાં કારણ કેમ થાય? સમજાણું કાંઈ? ઓહોહો..!

મુમુક્ષુ :- પહેલું કારણ તો ખરું ને?

ઉત્તર :- કારણ ખરું બંધમાં. પહેલું એટલે શું? અનાદિનું છે. પહેલું ક્યાંથી આવ્યું એને? અનાદિનું બંધસ્થાન છે. શુભરાગની વૃત્તિ ઉઠે છે જેટલી દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા એ બધું બંધસ્થાનમાં અનાદિનું છે. એમાં પહેલું કે પછી કાંઈ નથી. એ તો કીધું છે ૪૧૩માં કે એલા! એને વ્યવહાર કહે છે તું, તો વ્યવહાર ક્યાંથી આવ્યો? કારણ કે એ જ તારે સર્વસ્વ છે તો વ્યવહારમાં મૂઢ થઈ ગયો છો. વ્યવહારમૂઢ છે. કહો. વ્યવહારથી વિકલ્પથી છૂટી સ્વભાવ ચૈતન્યની દૃષ્ટિ કરી, નિર્વિકલ્પ દશા અનુભવ કરે, ત્યારે બાકી રહેલો રાગ એને વ્યવહાર કહેવામાં આવે છે. કારણ કે જાણનારો જાગ્યો છે અને જાણનારો જાગ્યા વિના વ્યવહાર તો મૂઢ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**માટે જ્ઞાનસ્વરૂપ થવાનું (-જ્ઞાનસ્વરૂપ પરિણમવાનું) એટલે કે...**’ શુદ્ધ સ્વભાવના શુદ્ધઉપયોગે અનુભવપણે પરિણમવાનું, એટલે કે ‘**અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.**’ પાઠ છે, દેખો! ‘**भवनमनुभूतिर्हि विहितम्**’ હવે ઓલું પંચાસ્તિકાયમાં ને જ્યાં આવે ને ઓલું કે વ્યવહાર સાધક છે, નિશ્ચય સાધ્ય છે. એ શ્લોક મૂક્યા છે. ભાઈ! એ તો વ્યવહારનયનું કથન છે. ત્યાં આવો વ્યવહાર વિકલ્પની જાત નિશ્ચય દૃષ્ટિનો અનુભવ હોય ત્યાં એને દેવ-ગુરુ-શાસ્ત્ર સાચાનો વિકલ્પ હોય એને પંચ મહાવ્રતનો, અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પની જાત હોય, એ જાત એવી જ હોય બીજી કષાયની જાત એને ન હોય એમ કહીને તેને સાધનારો સાધે છે સ્વભાવને, પણ એમાં આવું નિમિત્ત એને વ્યવહાર સાધન (કહ્યું છે). કેમ કે એ સાધન આવા સાધનને વિઘ્ન કરતું નથી. વર્તમાન વિઘ્ન કરતું નથી. આમ અસ્થિરતાનું કારણ નુક્સાન એ છે. પણ સ્વભાવ સાધન છે એમાં આવું નિમિત્તપણું વ્યવહાર છે એને સ્વભાવના સાધનને રોકતું નથી. એથી એને આવું નિમિત્ત હોય એમ ગણીને સાધન કહેવામાં આવ્યું. એ ખરેખર સાધન છે નહિ. હવે શું થાય? કોઈ રીતે... વસ્તુ જ આવી છે ત્યાં એમાં કોઈ રીતે અર્થ બીજા કરવા જાય તો કાંઈ બેસે? અને એ કાંઈ વાદવિવાદનો વિષય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિઘ્ન કરતું એટલે? સ્વરૂપની વર્તમાન દશાના સ્થિરતાના ભાવને તે રોકતું નથી. વિશેષ સ્થિરતાને રોકે પણ એટલી વર્તમાન સ્થિરતા જે છે એમાં વિરોધ કરે છે? દેવ-ગુરુ-શાસ્ત્રની ખોટી શ્રદ્ધા આદિ હોય તો એનો પણ વિરોધ કરે છે. એમ. સમજાણું કે નહિ? વ્યવહારે અનુકૂળ નિમિત્ત દેખીને તેને સાધન કહ્યું છે. નિમિત્તનો અર્થ શું? અનુકૂળ. અનુકૂળનો અર્થ શું?

મુમુક્ષુ :- એવા નિમિત્તો લાવે.

ઉત્તર :- એવા હોય. લાવે કોણ? લાવવાની વાત ક્યાં અહીં હતી? એવા ત્યાં હોય. એવી જ જાતનો વિકલ્પ હોય. એટલું જણાવવા તેને વ્યવહાર સાધન કહ્યું છે. એ અહીંયાં સાધે છે સ્વભાવને અંતર્મુખ, ત્યારે આટલો ભાગ તેને એ રોકતો નથી એટલે તેની પ્રતિકૂળતા નથી. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા કે અવ્રત આદિનો ભાવ ત્યાં પ્રતિકૂળ છે. સમજાણું કાંઈ? મુનિને છઠ્ઠે ગુણસ્થાને વસ્ત્ર-પાત્રનો ભાવ કે વિકલ્પ એ પ્રતિકૂળ છે. એ દશાને ઉત્પન્ન કરવા દેતું નથી. અને આવો ભાવ ત્યાં વ્યવહારે અનુકૂળ ગણીને, વ્યવહારે હોં! નિશ્ચયથી પ્રતિકૂળ છે. આહાહા..! નિમિત્ત તરીકે તેને સાધન કહેવામાં આવે છે. એટલે કે તે સાધન નથી પણ અહીં સ્વરૂપનું સાધન શુદ્ધ ચૈતન્યનું કરે છે ત્યાં એવા વિકલ્પની મંદતાની જાતને બીજા કરતા બીજી જાતની જાત દેખીને એને વ્યવહાર તરીકે કહેવામાં આવે છે. આમ છે. આથી કાંઈ આઘુ-પાછું જાઈશ તો ક્યાંય મેળ ખાય એવો નથી. કહો, ઝાટકીયાજી!

મુમુક્ષુ :- આવું તત્ત્વ ગુપ્ત કેમ છે?

ઉત્તર :- ગુપ્ત ક્યાં? છે જ, બધું પડ્યું જ છે. ગોત્યું નથી એટલે. એ કહે છે કે આ બહાર કેમ નહોતું આવ્યું? એમ કહે છે. આહાહા..! કહો, ભગવાનભાઈ! આ બહાર કેમ નહોતું આવ્યું? અત્યાર સુધી આ બધું સાંભળ્યું ૪૦-૫૦ વર્ષ ત્યાં.

મુમુક્ષુ :- બધુ ઊંધું સાંભળ્યું હતું.

ઉત્તર :- ઊંધું સાંભળ્યું હતું, કહે છે. આહાહા..!

ભગવાન તારા સ્વભાવની મોટપની તને વાત કરે અને એ ન રુચે અને બીજાની તું મોટપ દે રાગની ત્યારે ઠીક પડે એ તે કાંઈ લક્ષણ છે? સમજાય છે? ચૈતન્યનું લક્ષણ જ્ઞાન, શ્રદ્ધા આદિ એના લક્ષણે તે સિદ્ધ થઈ શકે. જ્ઞાન લક્ષણ એ લક્ષણે એનું લક્ષ થાય. પણ આ રાગને લક્ષણે એનું લક્ષ થાય? સમજાણું કાંઈ?

એટલે જુઓને, ત્રણ બોલ મૂક્યા કે જ્ઞાનસ્વરૂપ ભગવાન અચળપણે પરિણમે, ભાસે તે મોક્ષનો હેતુ. કેમ? કે એ મુક્તસ્વરૂપ છે, અબંધ પરિણામ છે, પરિણામ જ અબંધ છે.

મોક્ષસ્વરૂપ છે. અને તે સિવાય (જે) કાંઈ છે, વિકલ્પ જેટલો છે, તીર્થંકર ગોત્રના ભાવનો ભાવ એ બંધનો હેતુ પોતે બંધસ્વરૂપ છે. એ પણ બંધસ્વરૂપ છે. ષોડશકારણ ભાવના એ બંધસ્વરૂપ છે. કહો, મલૂકચંદભાઈ! આહાહા..!

માટે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપે થાય, દૃષ્ટિએ, જ્ઞાને અને રમણતાએ પોતાના શુદ્ધ સ્વરૂપે થાય એ જ અનુભૂતિ કરવાનું જ, કરવાનું જ પાછું એમ છે. છે ને? '**भवनमनुभूतिर्हि**' એમ છે ને? '**हि विहितम्**' આમ એકાંત કરો છો, એકાંત થઈ જાય. એ '**हि**' સમ્યક્ એકાંત છે, સમ્યક્ એકાંત છે. સમજાય છે? એ કહે છે કે નહિ, આમ પણ થાય અને આમ (પણ થાય) તો અનેકાંત (કહેવાય). એમ છે જ નહિ અનેકાંત. ફૂદડીવાદને અનેકાંત ઠરાવે છે? આહાહા..! ભાઈ! તને અંતર વળવું બહુ મુશ્કેલ પડશે. બહારના ભાવથી લાભ થાય એવી માન્યતા તને અંતર વળવા નહિ દે. નુકસાન કરશે, ભાઈ! તને અંતર નુકસાન કરશે. સમજાણું કાંઈ? આહાહા..!

જેને એ શુભરાગના ઉપરનું કાંઈ પણ લાભ થાય એમ રહેશે એનું વીર્ય પરમાં રોકાઈને આત્માને રૂંધન કરી દેશે. એને અંતર માર્ગ અંદર જવાનો માર્ગ સૂઝશે જ નહિ. કારણ કે એનો નકાર કરે છે. આ લાભદાયક.. આ લાભદાયક... આ લાભદાયક. સ્વભાવ લાભદાયક છે એમ દૃષ્ટિ કર્યા વિના સ્વભાવનું પરિણમન મુક્તનો ભાવ અબંધ પરિણામ કોઈ દિ' પ્રગટે નહિ. આહાહા..! અહીં તો દુકાન ઉઠાડવી છે કે નહિ તારે સંસારની? એમ કહે છે. દીપચંદજી! દુકાન ઉઠાડવી છે કે નહિ? દુકાન ઉઠાડી નાખ. દૃષ્ટિમાંથી દુકાન ઉઠાડી નાખ. ભગવાન આત્મા...

મુમુક્ષુ :- પહેલું પગ મૂકવાનું નક્કી તો કરે...

ઉત્તર :- પગ મૂકવાનું નક્કી કર કે આ શુદ્ધ ધ્રુવ છું પગ મૂકવાનું નક્કી કર. ઉઠાડ. પડ્યો છે ને કીધું ને. ધ્રુવ અચળપણે પ્રભુ પરિણમે. આ વસ્તુ અસ્તિ... અસ્તિ... અસ્તિ.

એક સ્વભાવરૂપ ચૈતન્ય સ્વભાવ સદશ્સ્વરૂપ સામાન્ય જેનું રૂપ ત્રિકાળ વસ્તુ એમાં દૃષ્ટિ દે. એ પગ મૂક્યો ત્યાં. અહીંથી ઉઠ્યો. રાગના વિકલ્પથી રુચિ ગઈ અને ત્યાં રુચિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ બધા સ્મશાનના બંગલા ને એ લાડવા, સ્મશાનના લાડવા હોય છે ને? આહાહા..! એય..! મોહનભાઈ! ખાવા બેસે ને પાંચ-દસ માણસ. આ છોકરા સારા (હોય) અને પાંચ-દસ લાખની મૂડી પચ્ચીસ લાખ-પચાસ લાખની હોય અને પછી શીખંડ ને પુરી (ખાતો હોય), એ સ્મશાનના લાડવા છે, બાપા! અરે..! ભગવાન આત્માના આનંદના લાડવા છોડીને આ ક્યાં ગયો? એમાં તેં મઝા માણીને શું કરે છે તું આ? સ્મશાન સમજો છો? સ્મશાન. આહાહા..! તારો સ્વભાવ જ્યાં લૂંટાઈ છે ને, પ્રભુ! અને લૂંટાઈ છે ત્યાં તને મોજ આવે છે?

ત્યાં ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, જ્ઞાનનો કંદ પ્રભુ છે. એની મોજને મૂકીને આ રાગ અને પરમાં મોજ (માને છો), પ્રભુ! તું લુંટાય છે ને બહુ સારી વાત છે.. બહુ સારી વાત છે. ઠીક! ચોર આવે ને કો'ક લુંટે તો (એમ કહે), બહુ સારું કરે છે, હોં! તું લુંટે છે તે. એમ કહેતો હશે એને? અહીં કહે છે. આહાહા..! રાગ થાય છે ને? એમાં જ આપણને હિત છે. અશુભરાગ આપણે ક્યાં કર્યો છે? આપણે શુભરાગ કર્યો છે કે નહિ? પ્રશસ્ત રાગ શું કરવા કહેવાય એને? એય..! પ્રશસ્ત રાગ કહેવાય કે નહિ એને? હા. તો પ્રશસ્ત રાગ કાંઈક લાભદાયક હોય તો પ્રશસ્ત કહેવાય, નહિતર અપ્રશસ્ત ન કહે એને? આહાહા..! એ પ્રશસ્ત-અપ્રશસ્ત એ તો અશુભની અપેક્ષાએ કહ્યો. એ ઝેર છે. સાંભળને! પ્રશસ્ત કેવા? શુભરાગ આત્માના અમૃતસ્વરૂપ ભગવાન આત્મા એને લૂંટીને ઊભો થાય એને અમૃત કહેવાય કેમ? આહાહા..! છોકરાનું માથુ કાપીને આવ્યો તો લ્યો, આ માથુ. બહુ સારું કર્યું બાપુ, તેં, હોં! એમ કહેતો હશે એનો બાપ?

મુમુક્ષુ :- પાછળ અનુભવ કરાવેને.

ઉત્તર :- પાછળ અનુભવ થાતો હશે. ઝેર પીને પછી ઓડકાર આવતો હશે. લસણ ખાઈને. લસણ સમજો છો? લસણ ખાય પછી કસ્તુરીનો ઓડકાર આવે? રાગ તો વિકાર ઝેર-ઝેર (છે). બાપુ! દ્વેષને માટે નહિ, હોં! અમૃતસ્વરૂપથી વિરુદ્ધ માટે ઝેર છે. દ્વેષ કરવા જેવો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? આહાહા..! સંતોએ માર્ગને એટલો સીધો અને સરળ કરી નાખ્યો છે. એ માણસને આકરો લાગે છે. એ... વ્યવહારનો લોપ થઈ જાય છે. પણ હવે વ્યવહાર લોપ થાય તો નિશ્ચય પ્રગટશે. સાંભળને! વ્યવહારને રાખીને તને ધર્મ થાય એમ ત્રણ કાળમાં થાતું નથી. એમ કહે છે અહીં.

**'જ્ઞાનસ્વરૂપ થવાનું એટલે કે અનુભૂતિ કરવાનું જ...'** આહાહા..! **'આગમમાં...'** એ ચારેય અનુયોગમાં એ ભગવાનની વાણીમાં, એ અર્ધલોકના સ્વામી ઊભા હતા સમવસરણમાં, એની સામે ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. ત્રિલોકનાથ પરમેશ્વરની ધ્વનિમાં એમ આવ્યું છે. અર્ધલોકના એ દક્ષિણ અને ઊત્તરાર્ધ. બેના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર. અઠ્યાવીશ લાખ વૈમાનનો સ્વામી ઓલો ઈશાન ઈન્દ્ર. બત્રીસ લાખનો (વિમાનનો સ્વામી) શક્રેન્દ્ર. એકાવતારી છે. એક ભવે મોક્ષ જનારા. સમવસરણમાં ભગવાનની વાણીમાં એમ આવ્યું. અનુભૂતિ તે જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! અરે..! આ ઈન્દ્રાણીઓ અને આ વૈભવમાં પડ્યો છે એને આમ કહેવું? આવો વૈભવ બત્રીસ લાખ વિમાન, એક એક વિમાનમાં કેટલાકમાં તો અસંખ્ય દેવ, કોઈમાં વળી થોડા સંખ્યાત હોય. સમજાણું કાંઈ? અસંખ્ય-અસંખ્ય દેવ, હોં! ઓહોહો..! આખા અઢી દ્વીપમાં માણસ સંખ્યાતા. ઓલા તો એક વિમાનમાં અસંખ્યાતા

દેવ. એક એક વિમાન (એવા) કેટલા? બત્રીસ લાખ. એનો નાયક આમ ઊભો હોય સમવસરણમાં.

ભગવાનની વાણીમાં એમ આવે છે, હે ઈન્દ્ર! આત્માનો અનુભવ કરવો એ આગમમાં ફરમાન અમે વાણીમાં કરીએ છીએ. અમારા કેવળજ્ઞાનમાં એમ ભાસ્યું છે કે એ અનુભૂતિ કરે આત્માની તો એને મોક્ષ થાય. એ વિના મોક્ષ છે નહિ. એટલે કે સંવર, નિર્જરા નથી. એમ. આહાહા..! કહો, દીપચંદજી! દીપચંદજી શું છે? આહાહા..! એને વીર્યના એ ઉલ્લાસીત વીર્યે આવો સ્વભાવ છે એવું નક્કી કર્યા વિના એને ક્યાંય શરણ બહારમાં ક્યાંય છે નહિ. શું કહ્યું?

'**ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम्**' એમ. આત્માના સ્વભાવરૂપે થવું એવો જે અનુભવ. એમ. 'અનુભવ રત્ન ચિંતામણિ અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' ઈ આ. આહાહા..! કહો, આ તો ધબ્બો મારે ને આયુષ્ય થઈ જાય. એ ભાઈ કાલે વાત કરતા હતા. એના એક યોગીરાજ છે ને સ્વામિનારાયણના? આપણા રતિલાલ ડોક્ટર ગયા હતા. ધબ્બો મારે એનો રોગ મટી જાય.

મુમુક્ષુ :- પોતે કેમ મરી ગયા?

ઉત્તર :- પોતે મરી ગયા ને. રતિલાલ મરાવવા ગયા હતા. રતિલાલ ડૉક્ટર ત્યાં યોગીરાજ પાસે ગયા હતા. મરી ગયા. પણ કહે એને સાચા ભાવથી નહિ માર્યો હોય ધબ્બો. આવા પણ પાખંડ છે ને જગતમાં? આહાહા..! એનું આયુષ્ય વધારી જાય, એનો રોગ મટી જાય. અરે..! ત્રણ કાળમાં પરની પર્યાય પરથી મટે આ ભ્રમણા પાખંડ ક્યાંથી લાવ્યો? પાખંડ ચલાવે એને કહે, અમે ધર્મ ચલાવીએ છીએ. એય..! આને લઈને રોગ મટે, પરદ્રવ્યના આશીર્વાદથી રોગ મટે, એનો હાથ ફરે ત્યાં રોગ મટે. ધૂળમાંય નથી, સાંભળને! આવા પાખંડ ક્યાંથી લાવ્યો? આહાહા..! એની પર્યાય ત્યાં પરિણમવાની હોય તે પરિણમ્યા જ કરે છે. એમાં કોઈ ભગવાન આવે તો ત્યાં પરિણમાવી શકે છે પરરૂપે? આહાહા..! અહીં તો તું પરિણમ અનુભૂતિપણે (તો) તને મોક્ષ થાય, બાકી બીજી વાતુંના થોથા છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ દેવાધિદેવ, એને માનનારાઓને ભગવાને એમ ફરમાવ્યું કે અમને તું માનતો હો તો અમે તને એમ કહીએ છીએ કે તારા શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર તે તને મૂક્તિનું કારણ છે. અમારા સામું જોઈને અમારી ભક્તિ કર એ પણ મુક્તિનું કારણ નથી. અમારા સામું જોઈને આમ મણિરતનના દીવા, કલ્પવૃક્ષના ફૂલ (લઈને તૂ પૂજા કર તો) ભગવાન ફરમાવે છે કે અમારા તરફનો આવો જે શુભ વિકલ્પ

એ પણ તને બંધનું કારણ છે. એ.. ન્યાલભાઈ! એ વીતરાગ કહે. આહાહા..! અમે તારે માટે પરદ્રવ્ય છીએ, અને પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જાય છે. રાગી છો એટલે રાગ થયા વિના રહેશે નહિ. એનાથી અરાગપણાના પરિણામ થાય એ બને જ નહિ. આહાહા..! આ તે કાંઈ વાત! પ્રભુ! પણ તમારે મોક્ષમાર્ગ ચલવવો છે કે નહિ? વીતરાગ માર્ગ જૈનશાસન ચલવવું છે કે નહિ? ના. કોણ ચલવે? અમે તો અમારામાં છીએ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આત્મસ્વરૂપ થવાનું એટલે અનુભૂતિ કરવાનું જ. લ્યો, કરવાનું સમજાણું? '**भवनम**' સત્ત્વપણે થવું એવું લખ્યું છે પેલામાં. ભવન શબ્દ છે ને? બે ઠેકાણે ભવન આવે છે ને? '**ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि**'.

મુમુક્ષુ :- એક પહેલો શબ્દ અને એક છેલ્લો શબ્દ

ઉત્તર :- હા ભવનમ. બસ. બે ઠેકાણે છે. '**ध्रुवमचलमाभाति भवनं**' અને અહીં '**भवनम**' ભવવું એટલે થવું એટલે સત્ જેવું સ્વરૂપ છે એવું એનું સત્ત્વરૂપે પરિણમન થવું, ભવવું. જેવો એ સત્ સ્વભાવ છે, એ વસ્તુ સત્ છે. અને સત્નું જેવું ત્રિકાળી શુદ્ધ સત્ત્વ છે એવા શુદ્ધ સત્ત્વપણે પર્યાયમાં સત્ત્વપણે થવું એ જ અનુભૂતિ અને એક જ મોક્ષનો માર્ગ છે. જે જેના સત્ત્વનું રહસ્ય ગર્ભમાં પડ્યું છે એવું જ સત્ત્વ પર્યાયમાં પરિણમન થાય એ સત્નું સત્ત્વ જે પરિણમન થાય એને રાગાદિ એ સત્નું સત્ત્વ નથી. સમજાય છે કાંઈ? દયા, દાન કે તીર્થંકરગોત્રનો ભાવ એ સત્નું સત્ત્વ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**એટલે કે અનુભૂતિ કરવાનું જ આગમમાં વિધાન અર્થાત્ ફરમાન છે.**' લ્યો! એ અનુભવ જ એક મોક્ષનો માર્ગ છે. એ જ સંવર-નિર્જરા છે, એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. બાકી બધા વિકલ્પ-ફિકલ્પ એ કોઈ મોક્ષમાર્ગ નથી, અનુભૂતિ નથી અને મોક્ષનો માર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્રમાંથી એકેય નથી. આહાહા..! અરે..! પણ આ વ્યવહાર પહેલો અને પછી નિશ્ચય. એમ કહે છે. અરે..! ભગવાન શું કરે છે? ભાઈ! શ્રીમદ્ કહ્યું, 'નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ, એકાંતે વ્યવહારની બંને...' ન્યાલચંદભાઈ! બધા સાથે રહે છે એમ પોતે કહ્યું છે પાછું. વળી પાછા ઓલા અર્થ કાઢે. પહેલું આમ હોય તો આ થાય. પણ ક્યાંથી લાવ્યો પહેલો-પછી? એ અગાસમાં કહ્યું હતું આ કડી. ગયા ત્યારે. રાતે એક આવ્યો, એ બધું (ખરું) પણ એનું સાધન (શું)? અરે..! સાધન તું તારું સાધન, સાંભળને હવે. આખો દિ' ભક્તિ કરવી અને ટોકરા વગાડવા અને આ વાંચવું, ગાવું ને ... વહેલા ઉઠ્યા હોય તો જરી ... આ ભક્તિ અને એનાથી ધર્મ થાય. આહાહા..! એ ૧૫૩ થઈ.

૧૫૪. '**હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે**

છે :-' પુણ્ય કર્મના પક્ષપાતી. જોયું! ચોખ્ખો ખુલાસો અમૃતચંદ્રાચાર્યનો.

પુણ્યકર્મ અહીં વાત એની છે ઓલા વ્યવહાર વિકલ્પ-ફિકલ્પ, અશુભની તો વાત છે જ નહિ. આ તો શુભ વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરતા કરતા અંદર સમ્યગ્દર્શન થશે, સમ્યગ્જ્ઞાન થશે, અનુભવ થશે એવો જેને પક્ષપાત પુણ્યના વિકલ્પનો શુભરાગનો છે એને '**प्रतिबोधनायोपक्षिपति**' લ્યો. એને સમજાવવા માટે તેનો દોષ બતાવે છે.

**परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।**
**संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।**

નીચે હરિગીત. નીચે એનું હરિગીત.

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

અજ્ઞાનથી વ્યવહારરત્નત્રય ઈચ્છે તે સંસારનો હેતુ છે. આહાહા..! ઓલા ચોખ્ખું લખે છે, પુણ્ય જ ધર્મ છે પહેલો. પુણ્ય જ ધર્મ છે અને શુભઉપયોગ ધર્મ છે અને વ્યવહારરત્નત્રય એ પહેલું પુણ્ય જ છે. આહાહા..! ભગવાન! એની રગડતા કઠણ પડશે, ભાઈ! જેટલું અહીં તો વજન સ્વભાવથી વિરૂદ્ધમાં લાભ માટે જા છો એટલું તને નુકસાન થશે અંદર. સ્વભાવનું અંદર તીવ્ર આવરણ આવશે. પર્યાયમાં ભાવઆવરણ, હોં!

અહીં તો પુણ્યના પક્ષપાતીને, પુણ્યના વિકલ્પના પક્ષપાતીને સમજાવે છે. ભાઈ! તારો પુણ્ય પરિણામ બંધનું કારણ છે. એને છોડીને શુદ્ધમાં ન આવ ત્યાં સુધી તને ધર્મ છે નહિ.

'**ટીકા :- સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ...**' જુઓ! મોક્ષ. પુણ્ય અને પાપના વિકલ્પના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ '**(નિજ સ્વરૂપની પ્રાપ્તિ)...**' એ નિજ સ્વરૂપની પ્રાપ્તિ એટલે મોક્ષ. સમજાણું? '**आत्मलाभं मोक्षभिलषन्तोऽपि**' '**સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ તે આત્મલાભસ્વરૂપ મોક્ષને...**' તે આત્મલાભસ્વરૂપ મોક્ષને '**આ જગતમાં કેટલાક જીવો ઈચ્છતા હોવા છતાં,...**' દેખો! એવા મોક્ષની ઈચ્છા કરતા હોવા છતાં. '**આ જગતમાં કેટલાક જીવો ઈચ્છતા હોવા છતાં,...**' કેટલાક કહે, પણ મોક્ષની ઈચ્છા થાય એને મોક્ષ થાય જ. એમ નથી સાંભળને હવે. મોક્ષની ઈચ્છા કરી પણ તને ભાન નથી શેનો થાતો હવે મોક્ષ? અમારે તો મોક્ષની ઈચ્છા છે.

કહે છે કે '**સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી ઊપજતો...**' ભગવાન આત્માનો પૂર્ણ મોક્ષ લાભ '**તે આત્મલાભસ્વરૂપ મોક્ષને આ જગતમાં કેટલાક જીવો...**' દેખો! '**ઈચ્છતા હોવા છતાં,...**' આવી ઈચ્છા હોવા છતાં, એમ. અમારે તો મોક્ષની ઈચ્છા છે.

ભગવાનની ભક્તિ કરીએ (એમાં) અમારે ક્યાં રાગની ઈચ્છા છે? અમારે તો મોક્ષની જ ઈચ્છા છે. પણ હવે ત્યાં રાગ થયો... નેમચંદભાઈ કહેતા ને ત્યાં? (સંવત) ૧૯૯૬માં જૂનાગઢ. દેરાવાસી હતા. જાત્રા કરવા ગયા હતા. મેં કીધું, ભાઈ જુઓ! ભગવાનની ભક્તિનો ભાવ એ શુભરાગ છે. પણ અમારે ક્યાં રાગનું કામ છે? અમારે તો મોક્ષ જોઈએ છે. પણ તું આમ પર ઉપર ભક્તિનો વિકલ્પ પોતે રાગ છે તારો મોક્ષ ક્યાંથી થતો હતો તને? એનાથી થાય છે? મોક્ષ આમ ભગવાનની સામું જોયા કરે અને વિકલ્પ ઉઠે એમાંથી મોક્ષ થતા હશે? મોક્ષનો એટલે મિથ્યાત્વનો નાશ અને સમ્યક્ત્વનું ઉત્પન્ન થવું. અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનું થવું, રાગનો નાશ અને અરાગનું થવું. સમજાણું કાંઈ? એ વળી એમ કહે, અમારે તો ભગવાનની ભક્તિથી મુક્તિનું કામ છે. અમારે ભક્તિમાં રાગ-બાગ જોતો નથી. પણ એ ભક્તિ પોતે જ રાગ છે, સાંભળને હવે. આહાહા..! પણ આવું કહેશે તો કરશે નહિ કોઈ પાછા માણસ. એમ કહે. શું કરશે નહિ? એને આવ્યા વિના (રહેશે નહિ). જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી બહુમાન અને વિકલ્પ આવ્યા વિના રહે નહિ. પણ એ છે બંધનું કારણ. એનો અભાવ કરીને મુક્તિ થશે પણ એને રાખીને મદદ કરતાં મુક્તિ થશે એમ છે નહિ. વાત એવી છે, ભાઈ! એને અંદર ગળે ઉતાર્યે છૂટકો છે. સત્યનું શરણ જોઈતું હોય તો. સમજાણું? એ વિશેષ વાત કરશે લ્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૧, શુક્રવાર તા. ૯-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૫૪, પ્રવચન-૨૪૧**

... પરિણામ.. એનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ '**(-નિજ સ્વરૂપની પ્રાપ્તિ) તે આત્મલાભસ્વરૂપ મોક્ષ...**' મોક્ષની વ્યાખ્યા કરી. 'સમસ્ત કર્મના પક્ષનો નાશ કરવાથી.' એટલે કે શુભરાગ એ ચીજ છે કે અશુભ એ અઠીક છે એમ નહિ. શુભ અને અશુભ બેય વિકલ્પો, એનો પક્ષ, એનો નાશ કરવાથી ઊપજતો જે આત્મલાભ. આત્મસ્વરૂપ આત્મલાભસ્વરૂપ મોક્ષ, એને '**આ જગતમાં કેટલાક જીવો ઈચ્છતા હોવા છતાં,...**' જુઓ! આમ વ્યાખ્યા છે. ભઈ, અમારે તો મોક્ષ જોઈએ છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ પૂર્ણ એ જોઈએ છે. એવી ઈચ્છા રાખતા છતાં '**મોક્ષના કારણભૂત સામાયિકની-**' દેખો! મોક્ષ એટલે પરમ શુદ્ધ આનંદ રાગ-દ્વેષરહિત દશા, એની કારણભૂત સામાયિક. જુઓ! સામાયિક આવી. '**કે જે સામાયિક...**' હવે સામાયિક કેવી છે? આત્માના પૂર્ણશુદ્ધની પ્રાપ્તિ એવો આત્મલાભરૂપ મોક્ષ, એનું કારણ એવી જે સામાયિક. એ સામાયિક એ મોક્ષના કારણરૂપ પર્યાય છે. મોક્ષના કારણરૂપ, હોં!

'**જે સામાયિક...**' કેવી છે? કે '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**' સામાયિક તો એને કહીએ કે જે આત્માનું શુદ્ધ સ્વરૂપ પરમાનંદ એનું જ્ઞાનરૂપે પરિણમન થઈને પ્રતીત, એના જ્ઞાનરૂપે થઈને... ઓલો વિકલ્પ નહિ, જ્ઞાનનું જ્ઞાનરૂપે વેદન થઈને સમ્યગ્જ્ઞાનનું થવું અને જ્ઞાનમાં રમણતારૂપ-આત્મસ્વભાવમાં રમણતારૂપ ચારિત્ર, એવા '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાન...**' એટલે આત્મા.

એવો ચૈતન્ય સ્વભાવ જે પરમાર્થભૂત સામાયિક, એનું ભવનમાત્ર. એકલું જ્ઞાનનું પરિણમવું. સમજાણું કાંઈ? શુભભાવ છે એ પાંચ ભાવમાં ક્યો ભાવ હશે? ઉદયભાવ. મોટી તકરાર આવી છે. આત્મધર્મમાં શુભભાવને ઉદયભાવ કહ્યો છે. નહિ. શુભભાવ ચારિત્ર છે. ચારિત્ર એ ક્ષયોપશમભાવ છે. ખૂબ લખે છે બિચારા. જૈનદર્શનમાં આવ્યું છે.

અહીં કહે છે કે સામાયિક એને કહીએ કે જે રાગ એ ઉદયભાવ છે, વિકલ્પ. એનાથી રહિત આત્માનો શુદ્ધ સ્વભાવ એ શુદ્ધ રૂપે શ્રદ્ધામાં, જ્ઞાનમાં અને ચારિત્રરૂપે એ જ્ઞાનસ્વરૂપ સ્વભાવસ્વરૂપનું પરિણમન જે ક્ષયોપશમ કે ક્ષાયિકભાવે હોય ઉપશમભાવે... સમજાણું કાંઈ? એવું જે '**પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર છે,...**' એટલે જ્ઞાનનું થવું, જ્ઞાનનું પરિણમન એને સામાયિક કહે છે. કહો, સમજાણું આમાં? સામાયિક આને કહે છે. જે આત્મા શુદ્ધ

ચૈતન્ય આનંદસ્વરૂપ એનું જ્ઞાનરૂપે પરિણમવું એટલે રાગ અને વિકલ્પરૂપે નહિ. શુભરાગ છે ને? ... એ વિકલ્પનો સાવદ્યનો ત્યાગ પણ નિર્વદ્યનો વિકલ્પ છે એ ચારિત્ર નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ શ્રાવકની સામાયિક. દેશસામાયિક દેશ ભાગ શ્રાવકનો અને આખો ભાગ મુનિનો. શ્રાવકની સામાયિક કોઈ શુભભાવવાળી છે એમ નથી. એ તો રાગ છે. શુભભાવ પોતે રાગ છે, વિકલ્પ ઉદયભાવ છે. મહાવ્રતનો અણુવ્રત આદિનો વિકલ્પ છે એ બધો ઉદયભાવ છે. દોષ છે. એ ચારિત્ર નથી. ચારિત્ર તો આત્મામાં જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન થઈને તેમાં ચરવું, જ્ઞાનનું પરિણમવું, આત્માના શુદ્ધરૂપ અવસ્થારૂપ થવું, વીતરાગભાવરૂપે આત્માનું પરિણમવું એવી જે સામાયિક કે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભવનમાત્ર છે. એવું જ્ઞાનના થવામાત્ર છે. જુઓ! આ સામાયિક. માણસ કહે છે ને સામાયિક કોને કહેવી?

મુમુક્ષુ :- મુનિની સામાયિકની વાત છે.

ઉત્તર :- મુનિની ઉત્કૃષ્ટ સામાયિકની વાત છે. નીચલાની સામાયિક એ છે. શ્રાવકને તે સામાયિક એને કહીએ કે આત્માના શુદ્ધ સ્વરૂપના દર્શન, શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન અને શુદ્ધમાં અંશે શાંતિની રમણતા એને શ્રાવકની એકદેશ વિરતી સામાયિક કહીએ. વિકલ્પ ઉઠે એ શુભ છે. કહો, સમજાણું?

અહીં સાક્ષાત્ મોક્ષના કારણની સામાયિકની વ્યાખ્યા કરી છે. ઉત્કૃષ્ટ વાત કહેવી છે ને? જાત તો એ હોય ને. દેશ સામાયિક હોય તો પણ જાત તો એની જ હોય. આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે જ્ઞાનસ્વભાવનું પરિણમવું, જ્ઞાનનું થવું, જ્ઞાન એવો આત્મા, જ્ઞાનસ્વભાવ એવો આત્મા, જ્ઞાનસ્વભાવરૂપે અંશે પણ દર્શન-જ્ઞાન સહિત સ્થિરતાની શાંતિરૂપે પરિણમે, જ્ઞાન જ્ઞાનરૂપે થાય એને એકદેશ ત્યાગરૂપ સામાયિક કહે છે. આ સર્વવિરતીની સામાયિક છે. કહો, સમજાણું આમાં?

‘**જે સામાયિક મોક્ષના કારણભૂત...**’ છે. એ કેવી સામાયિક છે? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળો જ્ઞાનભાવ. એવો પરમાર્થભૂત જ્ઞાનનું ભવનમાત્ર છે. એક બોલ લીધો. ‘**એકાગ્રતાલક્ષણવાળું છે...**’ લ્યો! એ સ્વભાવ ચૈતન્ય આનંદ અને જ્ઞાનની મૂર્તિ, સ્વભાવ પિંડ, એમાં એકાગ્રતા લક્ષણવાળું છે. એમાં એકાગ્રતા લક્ષણ (છે). રાગાદિમાં એકાગ્રતા એ કાંઈ સામાયિક નથી. શુભ વિકલ્પ છે એ સામાયિક નથી, શુભરાગ છે એ સામાયિક નથી, એ ચારિત્ર નથી. સમજાણું? એ તો વચમાં દોષરૂપ છે. માણસોને આ સામાયિક કરીએ છીએ ને એ માંહ્યલો સામાયિક છે એ ક્ષયોપશમભાવે છે એ મોક્ષનું કારણ છે એમ સિદ્ધ

કરીને સૌને લઈ જવા છે હેઠે. આહાહા..! ભાઈ! એ તારા માર્ગ.. બાપુ! અહીં કહેશે હમણાં.

ભાઈ! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જેમાં શુભ-અશુભ વિકલ્પનો અભાવ છે. એવો ભગવાન આત્મા પોતામાં શુદ્ધ સ્વભાવનો અંતર આદર કરી અને શુદ્ધ સ્વભાવ પવિત્ર અખંડાનંદ એની અનુભૂતિ થઈને એમાં પ્રતીત થઈ અને એમાં રમણતા થાય, એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળું જ્ઞાનનું ભવનમાત્ર છે એ સામાયિક છે. પરમાર્થભૂત એમ લીધું છે ને? એકાગ્રતાલક્ષણ. આત્મામાં સ્વભાવ શુદ્ધ એકાગ્રતા. એક-અગ્ર. આત્માને શુદ્ધને એકને લક્ષમાં-દૃષ્ટિમાં લઈ એમાં ઠર્યો છે... ઠર્યો છે... જામ્યો છે.. શાંત.. શાંત.. શાંત... સમજાણું કાંઈ?

**'એકાગ્રતાલક્ષણવાળું...'** એક અગ્ર. જેની દૃષ્ટિમાં એક જ મુખ્ય આત્મા વર્તે છે એમાં જે ઠરે છે એવી એકાગ્રતા લક્ષણવાળી દશાને સામાયિક કહેવામાં આવે છે. શુદ્ધાત્મતત્ત્વ.. આવે છે ને? પ્રવચનસાર મોક્ષમાર્ગ. એકાગ્રતાલક્ષણ. આહાહા..! એમ કહે છે, લડ્ડુ ખાના અને મોક્ષ જાના. આવી સામાયિક, પોષા ને પડિક્કમણા અને અપવાસ કરવાની એ ના પાડે છે. શું કરવા? કે ખાવો, પીવો ને લહેર કરો. અરે..! ભગવાન! શું તું કહે છે? ભાઈ! કેમ? કહે છે કે નહિ? આહાહા..! ભાઈ! એમ કે આ બધી તપસ્યાઓ અને વ્રત ને એ કરવા એ મહાકઠણ પડે છે. અને એમ કે.. પણ એ વ્રત એટલે શું? એ તો વિકલ્પ છે, રાગની મંદતા. સમજાણું?

આત્માના અંતર શુદ્ધ સ્વભાવને અવલંબીને જે કાંઈ શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતાની રમણતારૂપ થાય, એ જ્ઞાન એટલે આત્માના સ્વભાવનું પરિણમવું થાય. વિકલ્પ એ આત્મસ્વભાવ નથી. એથી તેને એકાગ્રતાલક્ષણવાળું જ્ઞાનભવનમાત્રને સામાયિક કહેવામાં આવે છે. એ સામાયિક મોક્ષનું કારણ છે. કહો, ન્યાલચંદભાઈ! આપણે સામાયિક ન છોડવી. હંમેશા કરતા હોઈએ ઈ. એમ કહે. નહિતર પછી ટેવ છૂટી જશે. એમ વળી કહેતા. સમજ્યાને? વીરજીભાઈ કહેતા પહેલા (સંવત) ૧૯૮૬ની સાલમાં. મેં કીધું, કઈ સામાયિક પણ? પહેલા શરૂઆતમાં. હમેશા બે ઘડીની સામાયિક કરીએને સવાર-સાંજ એની ટેવ હમેશાં રાખવી. કઈ પણ સામાયિક? પાઠ બોલીને બેઠા અને શુભભાવ રહ્યો એ સામાયિક?

મુમુક્ષુ :- ૬૦ મિનિટવાળી સાચી અને ૪૦ મિનિટવાળી ખોટી.

ઉત્તર :- ખોટી. લ્યો. ૬૦ મિનિટવાળી સાચી. ૬૦ મિનિટ શું એકેય મિનિટ સાચી હતી કે દિ' એની?

અહીં તો ભગવાન આત્મા ચૈતન્ય સરોવર શાંત પ્રભુ, એના ઉપર મીટ માંડી, દૃષ્ટિ કરી અને એમાં ઠરે અને વીતરાગતાની દશાનું એકાગ્રતા લક્ષણ પરિણમન થાય તેને સામાયિક અને તેને મોક્ષનું કારણ કહે છે. એને સમયસાર ત્રીજો શબ્દ લીધો. તેને સમયસાર કહીએ.

**'જ્ઞાનના ભવનમાત્ર છે, એકાગ્રતાલક્ષણવાળું છે અને સમયસારસ્વરૂપ છે...'** એ પર્યાયને સમયસાર સ્વરૂપ લીધી છે હોં અહીંયાં. આત્માના શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતા એવું જે નિર્મળ વીતરાગી પરિણામ એને અહીંયાં સમયસાર સ્વરૂપ કહે છે. એ સમયસાર સ્વરૂપ વીતરાગી દશા એને સામાયિક કહે છે. કહો, માંગીરામજી! કેટલી સામાયિકું આમાં તો કેટલી કરી હવે મોટા વૃદ્ધ થઈને. આ તો સાંભળી પણ ન હોય આવી સામાયિક છે ઈ.

મુમુક્ષુ :- કેટલી થઈ ઈ ગણવાની.

ઉત્તર :- ન હોય એને ગણવાની.

હવે કહે છે, **'તેની-પ્રતિજ્ઞા લઈને પણ,...'** જુઓ! શું કહે છે? મુનિ મોક્ષને માટે સામાયિકની પ્રતિજ્ઞા લે છે કે મારે સર્વ કર્મ રહિત પુણ્ય-પાપના પક્ષ વિનાની જે વીતરાગી દશા, એવો જે મોક્ષભાવ-આત્મલાભ તે મારે જોઈએ. એમ **'તેની-પ્રતિજ્ઞા લઈને પણ,...'** જોયું! પ્રતિજ્ઞા લે છે તો પણ **'દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...'** દુરંત કર્મચક્ર. અશુભ છે એ પણ કર્મચક્ર છે અને શુભવિકલ્પ છે, શુભવિકલ્પ છે અંદરમાં-ભક્તિ, દાન, વિચાર કરે ગુણ-ગુણીના ભેદનો આદિ વિકલ્પ (કરે) એ બધો શુભરાગ છે. અત્યંત સ્થૂળ પરિણામ છે. એવા દુરંત કર્મચક્ર. શુભ-અશુભ બેય પરિણામ કર્મચક્ર છે. શુભ-અશુભ રાગ બેય કર્મચક્ર છે, એ આત્મધર્મ ચક્ર નથી. સમજાણું કાંઈ?

દુરંત નામ જેનો અંત લાવવો મુશ્કેલ (છે) શુભરહિત થવાનો, એવા **'કર્મચક્રને પાર ઊતરવાની...'** શુભરાગથી પાર ઉતરવાની, શુભ વિકલ્પથી ખસીને પાર ઉતરવાની **'નામર્દાઈને લીધે...'** એ નપુંસકપણાને લીધે એમ લીધું છે. એમ નથી લીધું કે એને કર્મનું જોર છે દર્શનમોહનું, માટે તે શુદ્ધ પરિણામને પામતો નથી. શું કીધું સમજાણું આમાં? અહીં તો નામર્દાઈને લીધે કહ્યું છે. નપુંસકપણાને લીધે પાઠમાં છે. **'क्लीब'** **'क्लीब'** છે? **'क्लीब'** એટલે નપુંસક. જેને શુભભાવથી છૂટીને શુદ્ધમાં (ન) આવવું એવી એની ક્લીબતા છે, નામર્દાઈ છે, નપુંસકતા છે કહે છે. આહાહા..!

કર્મને કારણે શુભને છોડતો નથી અને સામાયિક શુદ્ધ કરતો નથી એમ નથી લીધું. સમજાણું? એમ હોતું નથી. કેમ નથી લીધું શું? એય..! દેવચંદજી! ઘણાં કહે કે નહિ કર્મ ખસે તો શુદ્ધતા આવે. પણ શી રીતે ખસે? તું ત્યાંથી ખસ ત્યારે ખસે કે એ વિના ખસે? કોણ ખસે? એ તો ખસેલું જ પડ્યું છે. પર છે. એમાં ક્યાં તને નડે છે. અહીં તો કહે છે કે શુભ-અશુભ જે ભાવ છે વિકલ્પ, એવા કર્મચક્રને પાર ઉતરવું, એનાથી ખસીને સ્વરૂપમાં શુદ્ધતામાં રમણતારૂપ થવું, એની નામર્દાઈને લઈને, નામર્દ નામ ક્લીબ છે, નપુંસક છે, વીર્યની ગતિ શુભથી છૂટીને શુદ્ધમાં આવવી જોઈએ, એવું કરતો નથી માટે તે નામર્દ છે. આહાહા..!

સમજાણું કાંઈ? '**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે)...**' એમ કહ્યું. ક્લીબ ક્લીબ થઈ ગયો છે. આહાહા..! એની પ્રભુતાની શક્તિને ક્લીબ રોકીને નપુંસક શુભભાવથી હટીને.. આહાહા..! શુદ્ધમાં નથી આવતો એ એની નપુંસકતા, ક્લીબતા, નાસમર્થતાઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર : એમ છે એમ. .. વાપરે છે એમ નહિ, વસ્તુ એમ છે.

ભાઈ! આમ ચૈતન્યના તેજ પડ્યા છે ને. બાપુ! આહાહા..! શુદ્ધ સ્વભાવનું પૂર છે ને આત્મા. એમાં જવા માટે નામર્દ. અશુભથી છૂટ્યો પણ શુભને છોડવા માટે નામર્દાઈ એથી તને શુદ્ધનું પરિણમન થતું નથી. એમ કહે છે. એમ નથી કહ્યું કે કર્મનું ત્યાં જોર છે માટે શુદ્ધ થતું નથી. અરે..! રાડે રાડ પાડે માણસ કોણ જાણે. ભાઈ! તને ખબર નથી. અશુદ્ધ શુભના પરિણામમાં રહે તો એ તારું વીર્ય એવું છે. કર્મને લઈને શુભ પરિણામ, કર્મ ખસે તો શુભ પરિણામ છૂટીને સ્થિરતા થાય એમ નથી. સમજાણું કાંઈ? કર્મને લઈને એમ કે.. ઘણા નિયમોમાં એક આનો નિયમ મૂક્યો સોનગઢવાળાએ. કર્મથી વિકાર માનતા નથી, પોતાથી વિકાર થાય એમ માને છે. એ બધા દોષોમાં એક દોષ મૂક્યો છે. સ્પષ્ટ તો કરે. જાહેરાત તો કરે એની. આહાહા..! કહો, માંગીરામજી! સોનગઢનો એ દોષ છે.

કહે છે કે એ શુભભાવથી છૂટવું એ તો કર્મ છૂટે તો થાય. તમે કહો કે લ્યો, એ તો કર્મનું કાંઈ નહિ, કર્મનું કાંઈ નહિ. વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય અને અવિકારી પુરુષાર્થ કરે તો છૂટવું એની મેળાએ છૂટ્યું એને પણ નિમિત્ત કહે. એનાથી કાંઈ અહીં થાય નહિ અને અહીંથી કાંઈ એમાં થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભણી ભણીને મોટા ભણ્યા પણ મૂળ તો ભણ્યા નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ રાગથી જુદું પડવું એ પોતાના પુરુષાર્થથી છે અને રાગથી એકત્વ થવું એ પણ પુરુષાર્થથી છે કે બીજી રીતે છે? રાગને પરલક્ષી ભાવને સ્વભાવમાં એકપણે માનવો એ પણ તારો જ ભાવ છે ઊંધો. અને રાગથી છૂટું પડી શુદ્ધમાં રમવું એ પણ તારો જ સવળો પુરુષાર્થ છે. એમાં કર્મની કાંઈ પણ ગંધની જરૂર નથી. પણ એને કર્મ થોડું નાખે તો હખ આવે છે. કર્મ.. આહાહા..! ઓલા ઈશ્વર કર્તા થયા, આ જૈનને કર્મ કર્તા થયા. ઓલો ઈશ્વર તો ચૈતન્ય વળી અને આને જડ પરમાત્મા. એ જડ બિચારો આમ ખસે તો આને કાંઈક થાય અને જડ જો જોર કરે તો આને વિકાર થાય. અરે..! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કર્મ આવીને એની પરિણતિ કરાવે ઊંધી. તો કર્મ માન્યું કહેવાય. નહિતર કર્મ માન્યું શેનું કહેવાય? ભગવાન! કર્મ તેં માન્યું નથી. કર્મને એમ માન્યું કહેવાય. શુદ્ધ પરિણમન કરતો નથી માટે ત્યાં કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. શુદ્ધ પરિણમન તું કર તો તે નિમિત્ત પણ તેને કારણે ત્યાં ખસી ગયેલું હોય છે. ઉદય ખસી જઈને અકર્મ પર્યાય થઈ ગયેલી હોય છે. અહીં તું અકર્મ પર્યાય પ્રગટ કર-શુદ્ધ પરિણમન, એટલે ત્યાં પરમાણુની પર્યાય પણ ત્યાં કર્મની એ જાતની ખસીને અકર્મરૂપ દશા થાય જ. એવો જ કોઈ સંબંધ છે. આહાહા..!

મુમુક્ષુ :- જૈન ધર્મની મહત્તા...

ઉત્તર :- જૈનધર્મની મહત્તા આત્માના આનંદના પુરુષાર્થના સ્વભાવથી છે. જીતે, અજ્ઞાન અને રાગને જીતે એ જૈન ધર્મની મહત્તા છે. જૈન ધર્મની મહત્તા આ કર્મને લઈને થાય એ જૈનધર્મની મહત્તા? નાખ્યા લાકડા એવા. આપણે તો કર્મ છે, આપણે તો કર્મ છે. હવે જવાનો ભાવ છે આપણે ગતિમાં? કર્મ લઈ જાય. ધૂળેય લઈ જતો નથી, સાંભળને હવે. તારી તે તે સમયની યોગ્યતાને કારણે અહીંથી ઘસીને ગતિમાં જાય છે. કર્મ તો બીજી ચીજ છે. એ તો નિમિત્તમાત્ર છે. કર્મ તને અહીંથી ખસેડીને લઈ જાય છે?

પાંગળું. આવ્યું હતું નહિ પ્રવચનસારમાં? પરમાત્મપ્રકાશ. પંગુ. એ દાખલો આપ્યો હતો. લ્યો. ન્યાલભાઈએ એ જ પૂછયું હતું. ભાઈ! આ ગાથા કરો. આત્મા પંગુ છે. આવ્યું હતું? રાજકોટ. કેમ કે કર્મ લઈ જાય. એનો અર્થ એ કે આત્મ દ્રવ્યસ્વભાવ એ શુદ્ધ પોતે ક્યાં રાગમાં આવે છે? એ દ્રવ્ય પોતે શુદ્ધ છે. એને લઈને વસ્તુમાં રાગ થવો અને કર્મ બધું એક ચીજ છે. એટલે વસ્તુ પાંગળી છે. પોતાના સ્વભાવમાંથી ખસીને બહાર આવવું એવો એનો સ્વભાવ નથી. ગતિમાં જવું એવો એનો સ્વભાવ છે? આહાહા..! હતા કે નહિ? ન્યાલચંદભાઈ! આ રાજકોટ. પરમાત્મપ્રકાશ. પાંગળુ. ગાથા આવી હતી. ૬૭-૬૭ કે નહિ? ૬૭ ગાથા આવી હતી. સમજાણું?

અહીં કહે છે કે ભાઈ! નામર્દ છો, ભાઈ! આહાહા..! અરે..! અશુભને તેં કદાચિત ન કર્યું અને શુભને કરીને ત્યાં રોકાણો, શુભથી હઠીને શુદ્ધમાં નથી આવતો એ તારી ક્લીબતા, નપુંસકતા, નામર્દાઈ છે. આહાહા..! છે? પ્રવિણભાઈ! નામર્દાઈ. આહાહા..! વીર્ય તો એને કહીએ કે જે સ્વરૂપની રચના કરે. વીર્ય એને ન કહીએ કે શુભની રચનામાં રોકાઈ જાય. એ વીર્ય જ નથી આત્માનું. સમજાણું?

કહે છે, આવા સમયસારસ્વરૂપ જે મોક્ષના કારણરૂપ દશા એને મારે કરવી છે એમ પ્રતિજ્ઞા લે છે સાધુ નામ ધરાવી આદિ. સમજાણું? પણ શુભભાવથી હઠવાની નામર્દાઈને લઈને

**'પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક...'** પરમાર્થભૂત આત્મા જ્ઞાનરૂપે પરિણમીને શાંત... શાંત... શાંત.. જેમાં શુભ વિકલ્પનો પણ જેમાં અભાવ છે, શુભરાગનો પણ જેમાં અભાવ છે એવી જે જ્ઞાનની રમણતારૂપ દશા એના પરમાર્થભૂત જ્ઞાનનું અનુભવનમાત્ર. જ્ઞાનનો જ અનુભવ, રાગનો બિલકુલ નહિ.

**'જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...'** એવી જે સામાયિક તે સામાયિક સ્વરૂપ આત્મસ્વભાવ, તેવી જે સામાયિક, એવો સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવ એને નહિ પામતા થકા. પ્રતિજ્ઞા આવી લે છે. મારે મોક્ષ જોઈએ. સર્વ કર્મના પક્ષપાત રહિત. અને તે મોક્ષનું કારણ સામાયિક. આવી સામાયિકની પ્રતિજ્ઞા લઈને પણ અશુભભાવથી હઠે છે પણ શુભભાવથી હઠતો નથી. એને સાચી સામાયિક થતી નથી. સમજાણું કાંઈ?

**'પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર...'** ઓહોહો..! ચૈતન્ય સ્વભાવ શુદ્ધ પવિત્ર આનંદધામ, તેનું અનુભવન, આત્માનું અનુભવન, આત્માની અનુભૂતિ એવી **'જે સામાયિક...'** જુઓ! જ્ઞાનના અનુભવનમાત્ર. માત્ર માત્ર બધે બહુ આવે છે, જોયું ને? ઓલામાં ભવનમાત્ર, અનુભવનમાત્ર. વિકલ્પનો પક્ષ બિલકુલ નહિ. **'જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા,...'** એવું સામાયિકનું સ્વરૂપ, વીતરાગભાવમાં ડોલતો, ઝુલતો, હલતો. આનંદની દશાના ઝુલે ઝુલતો. એવા આત્મસ્વભાવને નહિ પામતો થકો. એ પોતે ને પોતે એમ છે. ઓલા શુભનું કર્મચક્ર છે, એનું પાર પામવું નથી. કેમ કે નામર્દાઈને લઈને અને આત્મસ્વભાવને નહિ પામતો. પોતે પોતાના ઊલટા પુરુષાર્થથી આત્મસ્વભાવને નહિ પામતા થકા. આમાં તો કર્મની વાત પણ કરી નથી ક્યાંય.

ગોમ્મટસારમાં લખ્યું છે બહુ. આખો ગોમ્મટસાર આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તીનો કરેલો, એને ખોટું ઠરાવે છે. આસ્થા જ નથી એમની. આહાહા..! આસ્થા તો ક્યારે કહેવાય? કર્મથી થાય એમ માને તો આસ્થા કહેવાય? પોતાથી થાય ત્યારે કર્મ છે એક ચીજ છે. બસ. પુરુષાર્થથી સ્વભાવમાં ઠરે ત્યારે કર્મની પર્યાય પણ એને કાળે, કર્મને કારણે, એને કાળે, એને કારણે એ કર્મની પર્યાયનો વ્યય થઈને અકર્મરૂપ થવાને લાયક આવે છે. આણે આવું કર્યું સામાયિક શુદ્ધ, માટે ત્યાં અકર્મરૂપ થવાની પર્યાય છે એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધપણે પરિણમતો નથી તેથી તેને કર્મના નિમિત્તનો ઉદયભાવ ત્યાં આગળ દેખવામાં આવે છે. શુદ્ધપણે પરિણમતા એને શુભભાવ હોતો નથી. પણ એને નથી પામતો થકો.

**'જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે...'** જોયું! કર્મ એટલે એ શુભ પરિણામને જ, અશુભભાવને જ કર્મ અહીં કહ્યું. સમજાણું? અત્યંત સ્થૂળ. હિંસાના,

જૂઠાના, ચોરીના, વિષયની વાસનાના પરિણામ સંક્લેશ અત્યંત સ્થૂળ, એનાથી નિવૃત્ત થયો છે. અશુભ પરિણામથી છૂટ્યો છે. એ વ્યવહારથી કહે છે હોં અંદર. છે તો મિથ્યાદૃષ્ટિ એનાથી .. આવ્યો નથી પણ છૂટ્યો છે એમ વર્તમાન પર્યાયમાં અશુભ એને નથી એમ કહે છે. ખરેખર તો શુદ્ધ પરિણમન વિના અશુભથી નિવર્ત્યો એવો વ્યવહાર પણ એને લાગુ પડતો નથી. પણ અહીં એને સમજાવવું છે ને કે એના પરિણામમાં અશુભથી હટ્યો છે. શુભમાંથી હટીને આમ જવું જોઈએ એ હઠ્યો નથી. એમ સિદ્ધ કરવા માટે. શુભથી હટ્યો નથી એમ સિદ્ધ કરવા માટે.

**'અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો...'** અશુભ મલિન પરિણામરૂપી કાર્ય તે **'નિવૃત્ત થયાં છે...'** એમાંથી હટી ગયો છે. **'અને અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...'** બેયને અત્યંત સ્થૂળ શબ્દ વાપર્યો છે. દયા, દાન, વ્રત, ભક્તિ, અહિંસા, સત્ય, દત્ત એવા જે વિકલ્પ છે એ અત્યંત સ્થૂળ વિશુદ્ધ છે. અત્યંત જાડા.. જાડા... જાડા. આહાહા..! શુભભાવ અત્યંત સ્થૂળ છે. ભગવાન આત્માના પરિણામ અત્યંત સૂક્ષ્મ છે. સામાયિક પરિણામ મહા સૂક્ષ્મ. આ અત્યંત વિશુદ્ધ પરિણામ એ મહાસ્થૂળ છે. જોયું! કેટલા શબ્દો વાપર્યા છે!

પોતે પાર થવાને દુરંત (કર્મચક્રને) પાર થવાની નામર્દાઈને લઈને એમ કહ્યું ત્યાં કર્મનું કાંઈ લીધું નહિ અને આત્મસ્વભાવને નહિ પામતો થકો, પોતે નહિ પામતો થકો, કર્મને કારણે નહિ પામતો થકો એમ નહિ. **'અને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થતાં છે અને અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...'** શુભભાવમાં પ્રવર્તે છે. દયા, દાન, ભક્તિ, વિકલ્પ શુભભાવમાં પ્રવર્તે છે.

**'એવા તેઓ,...'** કહો, સમજાણું આમાં? છે ને પુસ્તક સામે? જુઓને! આ શબ્દનો એક એકનો શું અર્થ છે ઈ. મેળવવું તો પડશે ને એને. આહા..! સમ્યગ્દર્શન સામાયિક છે, સમ્યગ્જ્ઞાન સામાયિક છે. આ વિરતીરૂપ સામાયિકની વાત ચાલે છે. ચારિત્રની. સમજાણું કાંઈ? કહે છે કે જે અશુભભાવથી નિવર્ત્યો છે. હિંસા, જૂઠું, ચોરી, .. કામકાજનો વિકલ્પ છે નહિ, પણ આ વિકલ્પ શુભ છે એમાં પ્રવર્તે છે. પ્રવર્તે છે એમ લખ્યું છે, હોં!

કર્મો, કર્મ એટલે શુભ. **'અત્યંત સ્થૂલ વિશુદ્ધ પરિણામરૂપ કર્મો...'** એટલે શુભોપયોગ, શુભ રાગ, કષાયની મંદતારૂપ શુભ પરિણામ, એમાં પ્રવર્તે છે. પોતે જાતે પુરુષાર્થથી-ઊલટા પુરુષાર્થથી તેમાં પ્રવર્તે છે. કર્મ તેને શુભમાં પ્રવર્તાવે છે અને એમાંથી હઠવા દેતું નથી એમ છે નહિ. સમજાણું કાંઈ? **'તેઓ, કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી...'** લ્યો! કેવા છે એ? કે શુભ-અશુભ પરિણામનો જે અનુભવ, એમાં અશુભ પરિણામ તે ગુરુ અને શુભ પરિણામ તે લઘુ. એ કર્મના પરિણામમાં ગુરુ અને લઘુની અપેક્ષાએ પ્રવર્તતા થકા

અશુભ પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, રળવું, કમાવું એ પાપભાવ એ ગુરુ. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કષાય મંદ ભાવ લઘુ. ઓલા અશુભની અપેક્ષાએ.

કહે છે કે '**ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી...**' બસ એ. ગુરુમાંથી લઘુમાં આવ્યો એ પ્રાપ્તિમાંથી '**જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...**' બસ! આપણે કાંઈક સામાયિક કરીએ છીએ. આપણે ધર્મ કરીએ છીએ. આપણે ચારિત્ર પાળીએ છીએ. એમ '**સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...**' આહાહા..! પુણ્ય-પાપના અધિકારમાં (આ નાખ્યું). સમજાણું કાંઈ? નવ તત્ત્વમાં એનો નિર્ણય આવે છે કે નહિ? કે શુભ વિકલ્પ છે એ આસ્રવતત્ત્વ છે અને એનાથી નિવૃત્ત થઈને ઠરે તે સંવરતત્ત્વ છે. તો એ સંવરતત્ત્વ આસ્રવતત્ત્વની એની જેમ છે એમ શ્રદ્ધા તો કરવી પડશે કે નહિ? આસ્રવને સંવર માને, સંવરને ન જાણે. સમજાણું કાંઈ? એ તો મિથ્યાત્વભાવ છે. ૨૪-૨૪ કલાક બેસે. ૩૦ સામાયિક કરીને. ૩૦ થાય ને? એક કલાકની સવા સમાયિક. ૨૪ કલાકની ૩૦ સામાયિક. એ માસખમણું કહેવાય સામાયિકનું. ૩૦ સામાયિક થાય છે કે નહિ? માંગીરામજી! તમારે ત્યાં થાય છે? ઠીક. થયા કરે. અત્યારે પણ થયા કરે છે. પહેલા પણ થતી હતી અને અત્યારે પણ થાય છે. એ તો અમારે અહીં થાતી. બોટાદમાં થાતી. એક જણે ૩૦ નહિ, એનાથી વધારે કરી હતી. એક પથરણે. પોપટલાલ હતા ને? ચાર વાગ્યેથી તે બીજા દિવસના ૮-૯ વાગ્યા સુધી વ્યાખ્યાન પછી. પાંચ કલાક એથી. ૩૦ થઈ અને પાછી પાંચ એટલા ૩૬-૩૮ સામાયિક કહેવાય. ૩૬ સામાયિક કરી. ૩૬ સામાયિક. એક પથરણે ૩૬ સામાયિક. રાતે બેસે. જાગે. નોકાર ગણે. માળા ગણે. સૂવે નહિ. ઝોલું કોઈ આવી ગયું હોય તો જુદી વાત. કો'ક આવે, અવસ્થા હોય ને. પણ એને સૂવાનું એમ ન હોય. ભાવ નહિ. નમો અરિહંતાણં.. માળા ગણે. માળા લે અદ્ધરથી. એને હાથે. બાર કલાક. સાંજથી તે સવાર. ચાર વાગ્યાથી આવે પહેલે દિવસે. એમ કે પાખીનો અપવાસ કરે ને એ લોકો પાખીનો. એટલે ચૌદશની રાતે ચાર વાગે આવે તે આખી પાખી દિવસ. બે રાત જાગી ન શકે એટલે એ ચારથી તે વ્યાખ્યાન સુધી નવ કલાક થાય ત્યાંથી નવથી પાછા બીજા ૨૪ કલાક. ૨૯ કલાક સુધી થાય. ૩૬ સામાયિક. વાહ! વાહ! એમ કરે પાછા. ભારે સામાયિક કરી. એક પથરણે બેસવું. સૂવું નહિ, વાંસો ઢાળવાનો નહિ. વાંસો સમજો છો? વાંસો નથી સમજતા? શરીર. વાંસો આમ ન ઢાળવો. બેસવું એક પથરણે, ઓઠિકણ વિના બાપુ! વેળુના કોળિયા છે. ધૂળેય નથી, સાંભળને! એમ વાતું કરે એને. તમારે થાતી હશે કે નહિ સામાયિક? નાગનેશમાં. અપાસરો ટાઠો છે ત્યાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વેળુના કોળિયા છે, બાપુ! દુઃખ છે એમ. અમે ધર્મ કરીએ છીએ એ દુઃખ છે. પ્રત્યક્ષ કહે છે, દુઃખ છે. ભાઈ! ધર્મમાં તો અતીન્દ્રિય આનંદનું વેદન આવે એને ધર્મ કહેવાય. આ તો કષ્ટ છે, એ કષ્ટ પડ્યું એ તો આર્તધ્યાન છે. શુભ પરિણામના પણ ઠેકાણા નથી.

અહીં તો અશુભ પરિણામથી નિવર્ત્યો છે એમ કહે છે. અને એક બરાબર લગની, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં,.. આત્માના ગુણનો વિચાર, ગુણીનો વિચાર એમાં વિકલ્પમાં રોકાય બરાબર. અશુભથી નિવર્ત્યો પણ શુભથી નિવર્ત્યો નહિ. કર્મના અનુભવ એટલે એ તો શુભાશુભ પરિણામનો જ અનુભવ છે. ચાહે તો અશુભમાં હો કે ચાહે શુભમાં હો, એ કર્મનો જ અનુભવ છે. એ કાંઈ આત્માનો અનુભવ નથી. સમજાણું કાંઈ?

**'કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી...'** બસ, અશુભભાવ ન હોય અને શુભભાવ હોય એવું લઘુપણું થયું, હળવાપણું થયું. હળવું કર્મી બાપા! એ તો હળુકર્મી છે. દીક્ષા લે. ૮-૮ વર્ષના રાજકુમાર જેવા છોકરાવ, લ્યો ને લાખોપતિ મોટા. છતી ઋદ્ધિએ દીક્ષા લે, પંચ મહાવ્રત પાળે, ઉઘાડે પગે ચાલે, ઊના પાણી પીવે, રાતે આહાર ન કરે. બાપુ! કાંઈ ઓછી વાત નથી. કહે છે કે એ કર્મનો અનુભવ છે તને. શુભભાવનો. એમાં કાંઈ આત્માનો અનુભવ આવ્યો નહિ. આહાહા..! સમજાણું?

**'ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી...'** એટલે કે ગુરુપણામાંથી લઘુપણામાં જે આવ્યો. અપેક્ષાની વાત છે, હોં! ઓલા અશુભની અપેક્ષાએ, અશુભની અપેક્ષાએ શુભને લઘુ કહ્યો છે. **'સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...' 'પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા,...'** પાછા એમાં આનંદ માને. સંતોષ (માને). ઓહોહો..! બાપુ! પંચમકાળને માટે તો બહુ કહેવાય. અઠમ અપવાસ, સોળભટા અપવાસ કરે. કેમ? વર્ષીતપ કરે ઘરે બૈરા. એક દિ' ખાવું અને એક દિ' ન ખાવું. બીજા ખાતા હોય દાળ-ભાત, લાડુ ઉડાડતા હોય અને આ બિચારા એક દિ' ન ખાય. કહે છે કે બધો કાયક્લેશ છે. આહાહા..! શુભભાવમાં આવ્યો એની વાત છે, હોં! અશુભમાં રહે એની તો વાત છે જ નહિ. પણ શુભભાવ એ લઘુભાવ ઓલા અશુભની તીવ્રતાની (અપેક્ષાએ). એમાં કર્મમાત્રને સંતોષ છે. એમાં આત્મા આવ્યો નહિ ક્યાંય. એમાં સંતોષ છે કે આપણે કર્યું ને. બાપા! શું કર્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં એની પણ ખબર હતી કે પરિણામ શુભ આને કહેવાય કે ધર્મ આને કહેવાય. એ તો નિવૃત્તિ લઈને બહારથી બેઠો હોય, એટલે બસ છે, થઈ રહ્યું.

મુમુક્ષુ :- જીવના પરિણામ...

ઉત્તર :- બસ, સારા છે. જીવના પરિણામ હતા કેવા એ એણે જોયું છે ક્યાં ચોવીસ કલાક. પોષો કરીને બેસતા બધા, .. આવીને. રાણપુર. બધા આવતા ને. એનાથી નાના બધા આવતા મનસુખ ને ચીમનભાઈ ને બધા ક્યાં ગયા? (સંવત) ૧૯૮૪માં. આહાહા..!

કહે છે, કર્મના અનુભવના ગુરુપણા અને લઘુપણાની. '**कर्मानुभवगुरुलाघवप्रतिपत्तिमात्र–सन्तुष्टचेतसः**' '**સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, (પોતે) સ્થૂલ લક્ષ્યવાળા હોઈને...**' જુઓ! સ્થૂળ લક્ષ છે કહે છે. જે શુભ પરિણામમમાં વર્તે. સ્થૂળ લક્ષ (છે), તારી દૃષ્ટિ સ્થૂળ છે. આહાહા..! એક તો અત્યંત સ્થૂળ વિશુદ્ધ પરિણામ કહ્યા, અત્યંત સ્થૂળ સંક્લેશ પરિણામ કહ્યા અને અહીં સ્થૂળ દૃષ્ટિવાળો કહ્યો. આહાહા..! સ્થૂળ લક્ષવાળા છે. શુભભાવમાં કષાયની મંદતા દયા, વ્રત, ભક્તિ આદિ પરિણામમમાં રહ્યો. અમે કાંઈક કહ્યું નથી. જાવ લીલોતરી કરજો, શાક કરજો એમ કહ્યું છે ચોવીસ કલાકમાં? પાપ કાંઈ સેવ્યું છે મેં? છોકરો આવ્યો હતો પૂછવા કે કેમ બાપા! શાકનું શું કરવું? અમારાથી બોલાય નહિ કાંઈ. પણ આ મહેમાન આવ્યા અને અમારે શું કરવું? અમને ખબર પડતી નથી. તમે અહીં આવીને બેઠા ત્યાં મહેમાન આવ્યા નવ વાગે દસ જણા. હવે અમારે શું કરવું? વળી કો'ક તો એમ કહે, મને ખબર ન પડે. જા જા, મોટાભાઈને પૂછ. અમારાથી કહેવાય નહિ. મોટાભાઈને પૂછ. બાપુજીને પૂછ એમ કહે વળી કોક હોયને બીજો. મોટા બાપુજીને જા પૂછ. કહે છે કે એ પણ ન બોલે, એમ કહે છે. ભાવ એવો પણ ન કરે. સમજ્યાને? અહીં તો અશુભભાવથી નિવૃત્તે છે અને શુભભાવમાં પ્રવર્તે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો અશુભથી નિવર્ત્યો નથી. અહીં તો અશુભથી પરિણામથી નિવર્ત્યો છે એની વાત છે. અને શુભમાં વળગ્યો છે, પ્રવર્તે છે.

'**સ્થૂળ લક્ષ્યવાળા હોઈને...**' લક્ષ સ્થૂળ છે. ભગવાન સૂક્ષ્મ રાગ પુણ્યથી ભિન્ન. જુઓ! અહીં પુણ્ય-પાપનો અધિકાર છે. પુણ્ય પરિણામનું લક્ષ છે તે સ્થૂળ લક્ષ છે. પુણ્ય પરિણામ અત્યંત સ્થૂળ છે. એના લક્ષમાં રહ્યો છે તે અત્યંત સ્થૂળ લક્ષવાળો છે. ભગવાન આત્મા વિકલ્પથી પાર ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે એવો સૂક્ષ્મ સ્વભાવ તેને દૃષ્ટિમાં લેતો નથી. એનું લક્ષ જ ત્યાં છે. આમ આવ્યો નથી. અંતર સ્વભાવ તરફ વળ્યો જ નથી. એ એમાં ને એમાં બાહ્ય અશુભ-શુભ, અશુભ-શુભ એમાં જ તે પડ્યો છે. ઓહોહો..!

'**(સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં)...**' અશુભભાવને છોડતા હોવા છતાં. સામાયિકની અંદર. નામધારી સામાયિક. '**(સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.**' પણ વિકલ્પ જે રાગ છે એ કર્મકાંડ છે. કર્મકાંડ એ

જ્ઞાનકાંડ નથી. એ કર્મના કાર્ય છે બધા. એટલે રાગનું કાર્ય છે એ બધું. એવા કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી. એ શુભરાગને મૂળમાંથી છેદતા નથી. ત્યાં પણ એમ કહ્યું છે. એમ નથી કે ઓલા કર્મને લઈને ઉખડતું નથી. આહાહા..! સમજાણું?

શુભભાવમાંથી ખસી અને સ્વરૂપમાં નથી આવતા એટલે શુભને મૂળમાંથી ઉખેડતા નથી. કાંઈક... કાંઈક.. લાભ થાય. એનાથી લાભ માને એમાંથી ખસે શી રીતે? સમજાણું? જે શુભભાવ વિકલ્પ હોય, રાગ મંદ (એમાં) લાભ માને. જેમાં લાભ માને એ (ત્યાંથી) ખસે શી રીતે? અલાભ માને એનાથી તો એમાંથી ખસીને સ્વભાવ ઉપર આવે. એથી સ્થૂળ દૃષ્ટિવાળા **'સમસ્ત કર્મકાંડને...'** બધા કર્મ એટલે પુણ્ય પરિણામરૂપી કાર્યને **'મૂળથી ઉખેડતા નથી.'** અશુભ છોડ્યું છે પણ આ શુભ છોડતો નથી. એમ. સમસ્ત એટલે અશુભ છોડ્યું છે.

**'આ રીતે તેઓ પોતે પોતાના અજ્ઞાનથી...'** જોયું! અહીં તો અજ્ઞાનની જ વાત છે ને. **'આ રીતે તેઓ પોતે પોતાના અજ્ઞાનથી...'** પોતે પોતાના અજ્ઞાનથી. એમાં ક્યાંય કર્મને કારણે એ શુભથી નથી છૂટતો અને સામાયિક ન થઈ શાંતિની એમ છે નહિ. છે કે નહિ એમાં? પોતે એટલે પોતાના અજ્ઞાનથી, પોતાના અજ્ઞાનથી. **'કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને,...'** અશુભ કર્મ એટલે કાર્ય, સંક્લેશ પરિણામ. હિંસા, જૂઠું, ચોરી આદિ ભાવ એ કર્મબંધન છે. એમ કેવળ સ્થૂળ લક્ષવાળા ચૈતન્યના સૂક્ષ્મ સ્વભાવ પ્રત્યેની પ્રાપ્તિ વિનાના. સમજાણું?

**'અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...'** લ્યો, અહીં તો એ લીધું ચોખ્ખું. એ પાંચ વ્રતના વિકલ્પો એ શુભરાગ. નિયમ. અભિગ્રહ ધારણ કરે. બહાર એવા અભિગ્રહ ધારણ કરે, આટલું ખપે, આમ ન ખપે. ઓહોહો..! આ જાણે કે આ શું પણ ત્યાગ! જ્યાં વહોરવા જઈએ ત્યાં એ કેરી સાત હોય એમાં વચમાં મોટી હોય, ચાર બાજુ નાની હોય, એવી થાળીમાં ગોઠવેલી હોય તો આહાર લેવો, નહિતર આહાર ન લેવો. એને ઓલાને ખબર શી રીતે પડે? પછી કેટલા દિ' એ ફરતા.. ફરતા.. ફરતા.. મહિનો પંદર દિ' થાય અને ખબર પડે. ઓલાને ગોઠવ્યું હોય કે આ ગોઠવ્યું એક શ્રીફળ ગોઠવ્યું આ ગોઠવ્યું કરતાં.. કરતાં... કરતાં કેરી ગોઠવાઈ ગઈ. આજ અભિગ્રહ ફળ્યો. પણ એ બધો વિકલ્પ છે, કહે છે. ત્યાં ક્યાં ધર્મ હતો? સમજાણું?

**'પોતે પોતાના અજ્ઞાનથી...'** પોતે પોતાના અજ્ઞાનથી. પોતાના સ્વરૂપના ભાન વિનાના **'કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ,...'** કષાય મંદ, ઓછું બોલવું, શાંતપણે રહેવું, ઘણો વખત મૌન રહેવું, સંગ કરે નહિ બીજાનો. એકાંત-એકાંતમાં રહે. ક્યા એકાંતમાં? બહાર સ્થાનની અપેક્ષાએ. એવો સ્વભાવ ઘણો જ કષાય

મંદ. શીલ નામ જેનો સ્વભાવ જ કોઈ રૂડો હોય. કષાય મંદતાનો રૂડો. અને તપ, મુનિપણું વ્યવહારું જેટલી ક્રિયાઓ છે ને બધી. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ બધા ભાવ લેવા. વિનય, વૈયાવચ્ચ એ બધા શુભ પરિણામ છે. શુભ કર્મો છે. એ આત્માના પરિણામ નથી. બંધના પરિણામ છે. એ આત્મપરિણામ નથી. સમજાણું કાંઈ?

**'વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મો પણ બંધના કારણ હોવા છતાં...'** હવે અહીં તો આમ વાત છે ચોખ્ખી, લ્યો. એમ કહે અજ્ઞાની. અમે છીએ જ્ઞાની અનેકાંત શ્રદ્ધાવાળો. અરે..! સાંભળને હવે. જ્ઞાનીને એ વ્રતનો વિકલ્પ કર્મના બંધનું કારણ છે, ભાઈ! પરના સંગે થયેલો ભાવ તે કાંઈ સ્વભાવભાવ છે? છે એના ઊલટા પુરુષાર્થનો ભાવ પણ સંગે થયેલો છે ને? શુભ-અશુભ પરના સંગે થયેલો છે, પોતાના શુદ્ધ સ્વભાવના સંગે એ ભાવ શુભ થાય? એ બધો વ્રત, નિયમ, શીલ, તપ એવા વગેરે શુભ પરિણામો કે શુભ કાર્યો, શુભ કર્તવ્યો. કાર્ય કહે છે ને? ભાઈ! શુભ કાર્યો કર્યા, શુભ કાર્યો કર્યા ઘણાં. શુભ કાર્યો. શું કહેવાય આ પૈસા આપે એને? દાનમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. એ નહિ. આ શુભ કામ. દાન નોંધાવે ને પોષામાં, નહિ? એવી કાંઈક ભાષા છે તમારી. શુભ ધર્મમાં. શુભ ખાતા. શું કાંઈક કહે છે ને? શુભ ખાતે પૈસા લો. શુભ ખાતે. એમ કહે છે. એ શુભ ખાતામાં પૈસા નોંધાવો. ધર્મ ખાતે નોંધાવો. ધર્મના ખાતા શુભ ખાતામાં, ભાઈ! એ શુભ ખાતા કહેવાય, શુભ ખાતા. પાંજરાપોળ ઓલું હોય, બોકડાને અનાજ નાખવું સમજ્યાને? ગાયને ખડ નાખવું. પંખીને પાણી નાખવા. ઉનાળામાં મોટા પરબ બાંધવા એક એક માઈલને છેટે. તૃષા બહુ લાગે માણસને બિચારાને. ખાઈને નીકળ્યા રોટલાને. એવા પરબ બાંધવા. એવા શુભ પરિણામ એને એ બંધના કારણ છે. કહો, સમજાણું આમાં?

આ નાતુનાં બંધારણમાં ઊભા રહે ને, આ બધા જુઓને! હુશિયાર માણસ કહેવાય ને. દશાશ્રીમાળીની નાતમાં આમ કરવું, ફલાણામાં આમ કરવું, આપણે આટલો કર ઘટાડવો, લોકો બિચારા હેરાન થાય છે, આટલા પૈસા લેવા, આટલા ન લેવા. આટલા સાડલા લેવા, આટલા ન કરવું એ બધા પાપના પરિણામ છે. ત્રિભુવનભાઈ! પણ કહે છે કે એ પાપ પરિણામથી છૂટ્યો છે એવાની અહીં વાત છે. સમજાણું? પછી અહીંયા આવ્યો. આમ કરો ને આમ કરો ને, દેરાસર કરો, આમ કરો, આમ કરો. અમે ધર્મખાતામાં કામ કરીએ છીએ. આ ધર્મ ખાતામાં કામ કર્યું. ઓલા સંસાર ખાતે કામ. ધર્મ ખાતાનો એ વિકલ્પ બધો શુભરાગ છે, એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? શુભ ખાતુ શુભ ખાતુ કહે છે. શુભ ખાતુ કહે છે

ને? શુભ ખાતે ખર્ચો.. શુભ ખાતે ખર્ચો. કાંઈક ભાઈ! પાપને ખાતે તો ઘણા ખર્ચો છો તમારા છોકરા માટે. કાંઈક ધર્મ કરો, ધર્મ કરો. અહીં કહે છે કે એ શુભ વિકલ્પ આવ્યો એ બંધનું કારણ છે. લે.

મુમુક્ષુ :- બંધનું ભલે કારણ હોય, પણ ધર્મ તો થાય ને.

ઉત્તર :- બંધનું કારણ વળી ધર્મ ક્યાંથી થતો હતો? ધર્મના પરિણામે બંધ નહિ અને બંધના પરિણામે ધર્મ નહિ. હોય ભલે પણ એ છે બંધનું કારણ.

'**તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા,...**' જુઓ! એમ છે. એ શુભભાવને બંધનું કારણ નહિ જાણતા થકા. એ પોતાનો દોષ છે. છે બંધના કારણ હોવા છતાં. વ્રત, નિયમ, શીલ, તપ એ બધો શુભરાગ. સમજાણું કાંઈ? આ અનાજ બે મણ નાખતા હોય તો અધમણ નાખજો વધારે ગરીબ માણસને દેવા. એ જાણે કે આપણે કાંઈક ધર્મ કરીએ છીએ. ધર્મ કરીએ ધર્મ. આપણે ઘરનું નહિ પણ કો'કનું ખર્ચાતું હોય તો ખરચીએને, લાભ તો થાય આપણને. કદાચિત કુણા પરિણામ હોય તો માન ખાતર હોય કે બીજા પાસે કરાવીને અમે આવા દયાવાળા છીએ અને આ લોકો તો દયાવાળા નથી અને અમે દયાવાળા છીએ. એમ કહેવરાવવા હોય તો એ બધા પાપ પરિણામ છે. અહીં તો એ પાપ પરિણામથી છૂટયો છે અને ઓલા વિકલ્પ શુભ છે સામાયિક આદિમાં બેઠો એનાથી નિવર્તતો નથી. એને બંધનું કારણ જાણતો જ નથી એમ કહે છે. શુભ વિકલ્પ છે એ બંધનું કારણ છે. એમ માનતો નથી. નહિ જાણતા થકા '**મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે-**' હવે આવી તો વાત છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, તપ, શીલ વિકલ્પ જે ઉઠે એ બધું બંધનું કારણ છે. એને મોક્ષનું કારણ માનતા થકા. હવે આવી ખુલાસો વાત આ પુણ્ય-પાપના અધિકારમાં. આમાં ક્યા જોવા જાવું છે. નહિ. એ તો વ્રત પાળે તે બધા વ્રત છે એ ચારિત્ર છે. ભગવાને જુઓ, ચારિત્રના બે પ્રકાર અષ્ટપાહુડમાં કહ્યા. દેશચારિત્ર, સર્વદેશ ચારિત્ર. દેશ ચારિત્રના અણુવ્રત આદિ શીલવ્રત, ગુણવ્રત એના ભંગ છે. સર્વવિરતીના પંચ મહાવ્રત અઠ્યાવીસ મૂળગુણ છે એ બધા ચારિત્ર છે.

મુમુક્ષુ :- પરંપરા છે.

ઉત્તર :- પરંપરા. પછી છેવટે પરંપરા મિથ્યાત્વનું થાશે. પરંપરા મિથ્યાત્વ થઈને હેઠે જાશે. આત્માને ઢંકાવાના પરિણામ કરે છે. વાત તો આવી છે. એ કાંઈ કોઈની સિફારીશ કામ આવે એમ છે? ભગવાન! તમારે માટે અમે આ બધું કર્યું હતું. લ્યો. તમારો જૈન ધર્મ, તમારો જૈન ધર્મ કેમ રહે એ માટે આ બધા અમે વિકલ્પ કર્યા હતા. અમે કાંઈક સારું કર્યું છે, ખરાબ નથી કર્યું. ભગવાન કહે છે કે તેં સારું કર્યું જ નથી. લે, સાંભળ! જૈન ધર્મનો

પ્રચાર થાય, આમ થાય, પુસ્તકો ઝાઝા થાય, પુસ્તકો ખપે, કેટલા ખપે છે. જુઓને! કેટલા ગાડા ભરીને આવે છે અને ગાડા ભરીને જાય છે. એ કાંઈક ધર્મનો વેપાર હશે ત્યારે આ બધું કરતા હશે ને આ બધા? કહે છે, સાંભળને ભાઈ! એ તો શુભવિકલ્પ પુણ્યનો હોય છે. એ બંધનું કારણ છે. આત્માને બિલકુલ લાભનું કારણ છે નહિ. આહાહા..! કહો.

કો'ક કહેતું હતું. એક જણો વળી કહેતો હતો, આંકડે આંકડો હમણાં ફરવા ગયા હતા પરમ દિ', નહિ? એય..! હિંમત! ચોસઠ હજાર રૂપિયાના આટલા રૂપિયાના પુસ્તક છે. ઠીક, મેં કીધું, આંકડો લાવ્યો લાગે છે આ. કહેતો હતો ને કાંઈક. ચોસઠ હજારના પુસ્તક. અત્યારે અત્યારે ચોસઠ હજાર રૂપિયાનાને? પુસ્તક. સંખ્યા. એ કાંઈક કહેતો હતો. પણ આમાં આટલા હિન્દી અને આટલા ગુજરાતી એમ બે ભાગ પાડતો હતો નહિ? પરમ દિ' સાંજે. માંડી છે. ગાડાના ગાડા આવે અને ગાડાના ગાડા જાય. કાંઈક ધર્મ માટે કરતા હશે કે નહિ? ભાઈ! એ તો થવાની ક્રિયા તે થવા કાળે થાય છે. એ કોઈથી થતી નથી. કોઈથી થતી નથી. ફક્ત એને શુભરાગ હોય એ બંધનું કારણ છે. એને આત્માને માટે બિલકુલ મદદગાર શાંતિ માટે નથી. આહાહા..!

કહે છે, શુભ પરિણામને બંધના કારણ હોવા છતાં એ બંધના કારણ તરીકે નહિ જાણતા અને મોક્ષના કારણ તરીકે. જુઓ! આ અનેકાંત કરે છે આમ. '**તેમને અંગીકાર કરે છે–મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.**' એ શુભ પરિણામ આપણે કરીએ તો મોક્ષનું કારણ થાય. ધીમે ધીમે થાય. હળવે હળવે થાય. એમ ને એમ એલ.એલ.બી. ભણાતા હશે કાંઈ? એમ અજ્ઞાની મોક્ષના કારણ તરીકે શુભ વિકલ્પનો આશ્રય કરે છે. એને કાંઈ આત્માનો લાભ છે નહિ. કાંઈ જન્મ-મરણના અંતનો લાભ પણ નથી. મરશે (ત્યારે) અસમાધિ મરણે મરશે. સમજાણું કાંઈ? ભગવાન.. ભગવાન કરીને મરે પછી. ભગવાન! ભગવાન! કાંઈક બોલ્યો, બાપુ! અજ્ઞાનમરણે, બાળમરણે મરી અનંતા ભવ કરશે. એ શુભ પરિણામમાં મોક્ષનું કારણ માને છે માટે. તે સમજાવવા માટે આ વાત લીધી. સામાયિક મોક્ષના કારણમાં શુભભાવ હોઈ શકે નહિ. અંતરનું શુદ્ધ પરિણમન તે મોક્ષનું કારણ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૨, શનિવાર તા. ૧૦-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૫૪-૧૫૫, પ્રવચન-૨૪૨**

આ સમયસાર શાસ્ત્ર, પુણ્ય-પાપ અધિકાર છે. ૧૫૪ ગાથાનો ભાવાર્થ. પુણ્ય-પાપનો અધિકાર છે એટલે પાપના પરિણામ અને પુણ્યના પરિણામ બેય બંધના કારણ છે. મોક્ષનું કારણ નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે.

'**ભાવાર્થ :- કેટલાક અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે...**' સાધુ થાય ત્યારે '**સામાયિકની પ્રતિજ્ઞા લે છે...**' ચારિત્રની પ્રતિજ્ઞા લે છે. '**પરંતુ સૂક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી...**' શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદ સ્વરૂપ એકલો જ્ઞાનસ્વભાવ એવો જે આ સૂક્ષ્મ સ્વભાવ, એવા આત્માની શ્રદ્ધા, એવા આત્માનું લક્ષ નામ જ્ઞાન અને આત્માનો અનુભવ '**નહિ કરી શકવાથી,...**' એ ક્રિયાકાંડમાં રોકાઈ ગયેલા હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મમાં...

ઉત્તર :- ધર્મમાં આત્મામાં શુદ્ધ કીધું ને આ. શુદ્ધ આત્મસ્વભાવ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં અનુભવ એ ક્રિયા. એ ધર્મ ક્રિયા. એમાં પંચ મહાવ્રતના પરિણામ, અહિંસા આદિના ભાવ એ બધા રાગભાવ છે, પુણ્યભાવ છે, એ ધર્મભાવ નથી. કહો, સમજાણું આમાં?

અનંત કાળથી એણે એના આત્માના સ્વભાવની દૃષ્ટિ કરી નથી. ફક્ત ઓલા સ્થૂળ લક્ષવાળા હોવાથી '**તે જીવો સ્થૂલ સંક્લેશપરિણામોને છોડીને...**' સંક્લેશ એટલે હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના આદિ ભાવ એને અશુભને છોડે '**એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં...**' જેવા અત્યંત સંક્લેશ પરિણામ સ્થૂળ છે એવા જ પર જીવને ન મારવો, અહિંસાનો વિકલ્પ, સત્ય બોલવાનો ભાવ, ચોરી નહિ કરવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ વિકલ્પ શુભ, એ બધા અત્યંત સ્થૂળ શુભભાવ છે. સમજાય છે કાંઈ? '**સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો...**' આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ વીતરાગ સમરસ પ્રભુ, એવું સૂક્ષ્મ સ્વરૂપ જે શુભ અને અશુભ વિકલ્પ રાગથી ભિન્ન છે એની દૃષ્ટિ-શ્રદ્ધા અને જ્ઞાન કર્યા વિના ફક્ત સ્થૂળ લક્ષવાળા હોઈને વર્તમાન અશુભ સંક્લેશ પરિણામને છોડે છે. પણ '**એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં...**' જેવા સંક્લેશ અશુભ પરિણામ સ્થૂળ છે એવા જ સ્થૂળ વિશુદ્ધ પરિણામ છે.

મુમુક્ષુ :- એવા જ.

ઉત્તર :- એવા છે, જુઓને! '**એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામ...**' બંધના કારણ તરીકે જેવો હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના ભાવ પાપનો સ્થૂલ સંક્લેશ પરિણામ (છે), એવા જ દયા, અહિંસા, સત્ય, દત્, બ્રહ્મચર્ય આદિનો ભાવ એ શુભરાગ સંક્લેશ જેવો જ સ્થૂળ લક્ષવાળા હોઈને '**સ્થૂલ વિશુદ્ધ પરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે.**' કહો, સમજાણું આમાં? '**(સંક્લેશપરિણામો તેમ જ વિશુદ્ધપરિણામો બન્ને અત્યંત સ્થૂલ છે;...**' અશુભભાવ હો કે શુભભાવ હો. અશુભરાગ હો કે શુભ વિકલ્પ દયા, અહિંસા, સત્ય હો, બેય સ્થૂળ ભાવ છે. અત્યંત સ્થૂળ. કર્મના સંગે, સ્વભાવના સંગને ભૂલી ઉત્પન્ન થયેલો બેય વિકારી પરિણામ છે.

'**આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે.**' એ અહિંસા, સત્ય, બ્રહ્મચર્યના રાગથી ભિન્ન એવો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ એ જ સૂક્ષ્મ છે. એ સૂક્ષ્મની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ નહિ કરીને, નહિ કરી શકવાથી. એમ છે. સમજાણું? '**આ રીતે તેઓ-જોકે વાસ્તવિક રીતે સર્વકર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે...**' ખરેખર તો પુણ્ય અને પાપના બેય ભાવ રહિત જ આત્માનો જે સ્વભાવ (છે), એનું જે અનુભવન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ મોક્ષનું કારણ છે.

'**તોપણ-કર્માનુભવના બહુપણા-થોડાપણાને જ...**' પણ તે અશુભ પરિણમવું, એ અશુભભાવ એ ઘણાં બંધનું કારણ છે અને શુભ પરિણામ તે થોડું-હળવું પરિણામ છે માટે મોક્ષનું કારણ છે એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ? ખરેખર તો સર્વ કર્મ રહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે. એ શુભઉપયોગ કે અશુભઉપયોગ બેય બંધનું કારણ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો વિકલ્પ-ભાવ છે એ શુભ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ અશુભ છે. બેય બંધના કારણ છે. પણ બેયમાં એમ ન માનતા કર્મના અનુભવના બહુપણા અને થોડાપણા. બહુપણું તે સંક્લેશ પરિણામ બંધનું કારણ, થોડાપણું તે વિશદ્ધ પરિણામ મોક્ષનું કારણ એમ અજ્ઞાની માને છે. કેમ કે અંતર દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી. બહિર્દૃષ્ટિએ રાગ અને પુણ્ય પરિણામ ઉપર લક્ષ અને દૃષ્ટિ છે. અંતર સ્વભાવ જે સૂક્ષ્મ ચૈતન્ય સમરસ વીતરાગસ્વરૂપ છે આત્મા, એના ઉપર શ્રદ્ધા-જ્ઞાન અને લક્ષ નથી અંતર્મુખ (અને) બહિર્મુખથી ઉત્પન્ન થયેલા વિશુદ્ધ પરિણામ શુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ અત્યંત સ્થૂલ વિશુદ્ધ છે, બંધનું જ કારણ છે એને અજ્ઞાની મોક્ષનું કારણ માનીને '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો...**' છે. શુભભાવ છે બધા. એ વ્રતનો ભાવ એ શુભ છે, અભિગ્રહ નિયમનો ભાવ એ શુભ છે, કષાય મંદતાનો રૂડો સ્વભાવ રાખવો પ્રશસ્ત રાગ અને તપ-અપવાસ કરવો આદિ આ

કરવું એ બધો વિકલ્પ શુભરાગ છે. એ બધા શુભકર્મ છે. શુભકર્મ એટલે શુભભાવ. એનો **'મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે.'** અજ્ઞાની મોક્ષના હેતુ તરીકે, એનાથી મારો મોક્ષ થશે. એટલે અંતર દૃષ્ટિ કરતો નથી. બાહ્ય ભાવથી મુક્તિ થશે એટલે અંતર ભાવ ઉપર જતો નથી. એવી રીતે અનાદિથી અજ્ઞાની ધર્મને નામે-બહાને પણ પુણ્ય પરિણામને મોક્ષનું કારણ માની રખડે છે. કહો, સમજાણું આમાં? માંગીરામજી!

આમ ચૈતન્ય ભગવાન વીતરાગ પરમેશ્વરે સર્વજ્ઞદેવે આત્મા અનંત જ્ઞાન-દર્શન-આનંદનું પૂર ભરેલો ભગવાન આત્મા છે (એમ જોયું છે). એવો સ્વભાવ સૂક્ષ્મ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવન નહિ કરી શકવાથી. નામર્દાઈ લીધી છે ખરી ને? પોતાની નપુંસકતાને લઈને, વીર્યની ઊંધાઈને લઈને પોતાના સ્વભાવ તરફનું દર્શન-જ્ઞાન અને લીનતા નહિ કરી શકવાને કારણે એ શુભ પરિણામમાં મોક્ષનું કારણ માની અને શુભભાવ કરે છે. કહો.

મુમુક્ષુ :- એટલો તો અશુભથી બચ્યો.

ઉત્તર :- અશુભથી બચ્યો શું, એને શુભ પુણ્ય થાય. એમાં આત્માને, આત્માના પરિણામમાં આત્માના પરિણામ ક્યાં આવ્યા? એ તો વિકારી પરિણામમાં મંદ-તીવ્ર, મંદ-તીવ્ર થયું. સમજાણું કાંઈ? એય..! દેવાનુપ્રિયા! દીપચંદજી! શું છે? આહાહા..!

મુમુક્ષુ :- સારા નિમિત્તોને કાંઈ મૂકી દેવાય?

ઉત્તર :- સારા નિમિત્તમાં તો નિમિત્ત તરફ લક્ષ જાય તો રાગ થાય. એમાં આત્માને શું? દેવલોકમાં જાય લ્યો ને ત્યાંથી. એવા પરિણામ થયા હોય તો કોઈ. એમાં કરતાં કદાચિત્ વળી ભગવાનનું સમવસરણ (હોય) ત્યાં જાય. પણ એથી શું? એ તો પરવસ્તુ છે. પરના લક્ષે કાંઈ આત્માનું કલ્યાણ થાય એવું ત્રણ કાળમાં છે નહિ.

પોતાનો ભગવાન સૂક્ષ્મ સ્વભાવથી ભરેલો છે. ચૈતન્ય પિંડ બેહદ એક એક ગુણની શક્તિથી આખું સત્ત્વ સત્‌નું છે. એની અંતર દૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પ-રાગ રહિત શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા ન કરે ત્યાં સુધી એને બંધન ટૂટે નહિ અને મુક્તિનો ઉપાય હાથ આવે નહિ. એવી વાત છે. ભાઈ! દુનિયાથી તો ઊંધી છે. દુનિયા ચાલે છે એનાથી તો આ વાત વીતરાગની તદ્દન જુદી છે. સંપ્રદાયમાં પણ આને તરછોડી નાખે છે. આહાહા..!

ભાઈ! તારો માર્ગ બહિર્મુખના ઉત્પન્ન થયેલા વિકલ્પથી કાંઈ અંતર્મુખ જવામાં કારણ આવે? બેય દિશા ફેર છે. અહિંસા, સત્ય આદિ બાર વ્રત શ્રાવકના કે મુનિના એ વ્રતનો વિકલ્પ એ બહિર્લક્ષી ઉત્પન્ન થાય છે. એ કાંઈ અંતર સ્વરૂપ ચિદાનંદ છે એના લક્ષે થતો નથી. સમજાણું? અને એવો શુદ્ધ ભગવાન આત્મા, એને અંતરમાં લક્ષ, દૃષ્ટિ અને સ્થિરતા કર્યા વિના એ વસ્તુ સ્વભાવમાં વસ્તુ સ્વભાવનું જ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતા કર્યા વિના એને

કોઈ રીતે સંવર અને નિર્જરા થતી નથી. છતાં અજ્ઞાની એ વ્રત, નિયમ, શીલ, તપ એ શુભભાવ છે બધા, કર્મ એટલે કાર્ય-શુભકાર્ય છે, શુભ કાર્ય, એને મોક્ષના હેતુ તરીકે અજ્ઞાની આશ્રય કરે છે મિથ્યાદષ્ટિ. એને મોક્ષનો હેતુ માને છે. એને લઈને અનંત સંસારમાં એમ ને એમ રખડ્યા કરે છે. સમજાણું કાંઈ?

**'હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ (ખરું મોક્ષનું કારણ) બતાવે છે :'** જીવાદિ શબ્દ આવ્યો ને? અહીંયાં પરમાર્થ માથે છે ને? એટલે પૂછેલું એણે ભાઈ! આ ગાથા. ૧૫૫. આ દિલ્હી-દિલ્હી. જીવાદિ (કેમ લખ્યું છે)? સમજી ગયો. કીધું, આને કોઈ રીતે (એમ મનાવવું છે કે) નવ તત્ત્વની શ્રદ્ધા સાચી છે એટલે થઈ ગયું (સમકિત). જાઓ! દિલ્હીમાં, દિલ્હીમાં. હતા કોણ સાથે હતું? કોઈ નહોતું? તમે જ હતા એકલા, નહિ? શાહૂજી હતા ને શાહૂજી? શાહૂ શાંતિપ્રસાદ, દિલ્હી. ચાલીસ કરોડ. ઈ નહોતા. ત્યાં હતા પણ ઈ? વિદ્યાનંદજી પાસે? અમે ગયા હતા એની પાસે. પાંચ, દસ મિનિટ, પા કલાક ગયા હતા. બધાને બહાર કાઢ્યા હતા ને. શાહૂજી સાથે હતા. તમે સાથે હતા, નહિ? શાહૂજીને ... છે બધાને. એના મકાનમાં ઉતરેલા. શાહૂ શાંતિપ્રસાદ. ચાલીસ કરોડ રૂપિયા છે ને? એને બિચારાને પ્રેમ... ફૂલચંદજીને ને બધાને... આપણે ત્યાં જઈએ. છેલ્લો દિ' છે પાંચમો, જઈએ લોકમાં જરી ... ભાવ શેઠનો ખરો એવો ભાવ. પ્રયાસ કર્યો. આ ફૂલચંદજી ને બધા.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પ્રેમચંદજી. હા એણે. એ સાધારણ. બહારમાં સારું લાગે એમ. આ પ્રશ્ન ખાનગી આ કર્યો હતો. બધા બેઠા હતા ને બધાને કાઢ્યા. જિનેન્દ્ર ભગત ભાઈ! હતાને? ક્ષુલ્લક. બધાને બહાર કાઢ્યા. ૩૦-૪૦ માણસોને બધાને. ૧૫૫ ગાથા.

મુમુક્ષુ :- એને પરમાર્થ કારણ કહ્યું છે માટે ...

ઉત્તર :- બસ, વાત ઈ અહીં છે. પરમાર્થ કારણ કહ્યું છે ને, જુઓને! **'परमार्थमोक्षहेतुं तेषां दर्शयति'**.

**जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं।**
**रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो।।१५५।।**

નીચે હરિગીત.

**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.**

જીવાદિ શબ્દ આવ્યો ને? (એટલે) કહે છે કે જુઓ! જીવ શબ્દે જ્ઞાયક સ્વરૂપ નિર્વિકલ્પ છે, એના સ્વભાવ સન્મુખ થઈ અને નિર્વિકલ્પ દૃષ્ટિ કરી અને આત્માને માનવો એને અહીં

સમ્યગ્દર્શન કહે છે. પણ આ આદિ પડ્યું છે ને? એ તો એણે નહોતું પૂછ્યું હતું. આદિમાં એ કે અજીવ અને બંધ આદિ એનામાં નથી એમ આત્માની દૃષ્ટિ થતાં એમાં નથી એવી શ્રદ્ધા થાય છે. એનું નામ સમ્યગ્દર્શન છે. આમ નવ તત્ત્વને માનવા એ સમ્યગ્દર્શન નથી.

'**ટીકા :-**' ૧૫૫ ગાથાની ટીકા. '**મોક્ષનું કારણ...**' આત્માનું પવિત્ર પદ જે સિદ્ધપદ એનું કારણ '**ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ. આવે છે ને. મોક્ષહેતુ. '**मोक्षहेतुः किल सम्यग्दर्शनज्ञानचारित्राणि**'. સંસ્કૃત (છે). મોક્ષનું કારણ '**મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' હવે એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. સમ્યગ્દર્શન એટલે શું? '**તેમાં સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું...**' જીવનો સ્વભાવ, અજીવનો સ્વભાવ, પુણ્ય-પાપનો સ્વભાવ, બંધનો સ્વભાવ, સંવર-નિર્જરા અને મોક્ષનો સ્વભાવ એ આદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે. પહેલો તો આત્માનો સ્વભાવ. છે ને? '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...**' એમ એક એકમાં લેવું. '**જીવ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...**' જ્ઞાયકભાવ એ તો છે. ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ અખંડ અભેદ. એકરૂપ અનંત ગુણનો પિંડ એવો આત્મા, એ જીવ પદાર્થ છે. અને એ પદાર્થના શ્રદ્ધાનસ્વભાવે, એના શ્રદ્ધાનસ્વભાવે જે જ્ઞાનનું થવું. રાગનું, વિકલ્પનું થવું એ નહિ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનરૂપે પરિણમે, સ્વભાવરૂપે પરિણમે. એ ત્રિકાળી જ્ઞાયકભાવ છે એની નિર્વિકલ્પ દૃષ્ટિ કરી અને જ્ઞાનરૂપે, શ્રદ્ધારૂપે, શાંતિરૂપે પરિણમે. અત્યારે એકલી શ્રદ્ધાની વાત છે.

'**શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે સમ્યગ્દર્શન છે;...**' કહો, સમજાણું આમાં? '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું...**' એટલે જીવ જ્ઞાયકસ્વરૂપ છે એમ અંતર્મુખ દૃષ્ટિ કરી, અજીવ એમાં નથી. અજીવનો સ્વભાવ જીવમાં નથી. અને પુણ્ય અને પાપનો સ્વભાવ બંધનો અબંધ સ્વભાવીમાં-વસ્તુમાં નથી. આમ જે પદાર્થનો સ્વભાવ, તેના શ્રદ્ધા સ્વભાવે પોતાના આત્માનું જ્ઞાનસ્વરૂપ જે છે એ જ્ઞાનનું થવું, એટલે જ્ઞાનનું પરિણમવું, એવી શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું આમાં?

વસ્તુ જે ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવ પરમેશ્વરે જે જીવ જોયો, જે ભગવાને પુણ્ય-પાપનો સ્વભાવ જોયો, ભગવાને જે મુક્ત સ્વભાવ પૂર્ણ શુદ્ધ જોયો, ભગવાને જે સંવર-નિર્જરાનો શુદ્ધ સ્વભાવ જોયો, બંધ સ્વભાવ જોયો અટકેલો, વિકાર આદિ. એવો જે જેનો સ્વભાવ (છે) તેના શ્રદ્ધાનસ્વભાવે, તે સ્વભાવના શ્રદ્ધાનસ્વભાવે તેનું શ્રદ્ધારૂપ થઈને જ્ઞાનનું પરિણમવું થવું, જ્ઞાયક આત્મા જે જ્ઞાનસ્વરૂપી, એનું જ્ઞાનરૂપે પરિણમવું એને સમ્યગ્દર્શન કહે છે. ભારે ભાઈ! કહો, દેવચંદજી! છે કે નહિ એમાં? જુઓ!

અહીં તો પરમાર્થ મોક્ષ કારણ. જીવોને પરમાર્થ મોક્ષ કારણ. એક કોર જીવનો સ્વભાવ

અનુભવવો એ મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, અહીં વળી જીવાદિના સ્વભાવનું સમ્યગ્દર્શન તે મોક્ષનું કારણ. એમ. બેય એક જ વાત છે. સમજાણું? ભગવાન આત્મા જેવો એનો શુદ્ધ, જ્ઞાન, દર્શન, આનંદ, સમરસ સ્વભાવ, વસ્તુ સ્વભાવ આત્માનો છે તેના શ્રદ્ધાનસ્વભાવે, તેના શ્રદ્ધાનસ્વભાવે. એમ અજીવનો જેવો સ્વભાવ છે એવા અજીવના શ્રદ્ધાનસ્વભાવે. એમ પુણ્યના પરિણામનો બંધ સ્વભાવ છે, પાપના પરિણામનો બંધ સ્વભાવ છે એવા પદાર્થના શ્રદ્ધાનસ્વભાવે. સંવર-નિર્જરાનો શુદ્ધ પરિણતિ સ્વભાવ છે, એવા પદાર્થનો શ્રદ્ધાનસ્વભાવે અને પૂર્ણ મોક્ષ કેવળજ્ઞાનાદિ પૂર્ણ નિર્મળ દશા, એના એ પદાર્થના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું, આત્માના જ્ઞાનસ્વરૂપનું પરિણમવું તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાય છે આમાં?

અહીં તો જીવ અને અજીવ નવ તત્ત્વને માને તો સમ્યગ્દર્શન. લ્યો. એ નવ તત્ત્વ એમ નહિ. તું માન, કહે છે એમ નહિ. અહીં તો પરમેશ્વર કેવળજ્ઞાનીએ જેવો જીવસ્વભાવ, વસ્તુ... વસ્તુ... વસ્તુ.. અને અજીવ સ્વભાવ અજીવ સ્વભાવ, જેમાં ચૈતન્યનો અંશ સ્વભાવ નથી. અને પુણ્ય-પાપનો પર્યાય જે છે ને વિકારી? એનો સ્વભાવ બંધભાવ છે. એવા સ્વભાવની શ્રદ્ધા સ્વભાવે. આ જુઓને! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? હિન્દી છે હિન્દી? ઠીક!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નવ તત્ત્વ આમ નવ તત્ત્વ, આમ નવ તત્ત્વ નહિ. એમાંથી જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવ, વસ્તુ તદ્દન નિર્વિકલ્પ નામ ભેદ વિનાની, એવો જે જ્ઞાયકભાવ, તેની અંતર સન્મુખ થઈને, તેના શ્રદ્ધાસ્વભાવે આત્માના જ્ઞાનનું પરિણમવું એનું નામ સમ્યગ્દર્શન. પછી એની સાથે અજીવ, પુણ્ય અને પાપ, સંવર, નિર્જરા, મોક્ષનો જેવો ભાવ છે.. એવો સંવર-નિર્જરાનો એક સમય પર્યાય છે, મોક્ષ એક સમયનો છે, પુણ્ય-પાપનો બંધ સ્વભાવ છે અને અજીવનો પરસ્વભાવ છે, એવું એનામાં નથી એવી શ્રદ્ધાસ્વભાવે જ્ઞાનનું પરિણમવું તેને સમ્યગ્દર્શન કહે છે.

મુમુક્ષુ :- અમે તો અત્યાર સુધી પિત્તળને સોનું માનતા હતા.

ઉત્તર :- પિત્તળને સોનું માનતા હતા. માને. શું કરે?

એક દાખલો આવે છે ને? દાખલો-દૃષ્ટાંત આવે છે ને? એક કાકો અને ભત્રીજો હતા. સમજો છો? કાકો હતો અને ભત્રીજો હતો. તો ભત્રીજાની મા મરી ગઈ. કાકા ઝવેરી હતા ઝવેરી. એની માં વિધવા છોકરાની. પછી કહે, જુદા હતા. આમાં શું કરવું હવે અમારે? અમારા પિતાજી ગયા દુકાને. અમારી પાસે ભાગ નથી. થોડા નંગ પડ્યા હશે પાંચેક. ત્રણ નંગ હતા ત્રણ. પેટીમાં. એ નંગ લઈને ગયો કાકા પાસે. કે કાકા આને વેચી દયો હવે.

અમારે આજીવિકા શી રીતે કરવી? કાકો કહે, આ જો નંગનું એમ અત્યારે કહીશ કે આ નંગ ખોટા છે તો એને એમ થાશે કે અરે..! એનો બાપ ગયો અને આ વિધવા, છોકરા નાના, આ છેતરવા માગે છે. છેતરવું સમજો છો? ઠગે છે.

બેટા! ભાઈ! તું દુકાને આવતો જા. એ રતન રાખ તારી પાસે. પેટીમાં રાખ. હમણાં ચાર-છ મહિના દુકાને આવતો રહેજે. તારે જે મહિને જોઈતું હોય એ ખર્ચ દુકાનેથી ઉપાડી લેજે. તું ચિંતા કરીશ નહિ. છએક મહિના થયા ત્યાં બરાબર આવડી ગઈ રતનની કિંમત કરતાં. છ મહિના થયા પછી કહ્યું, ભાઈ! તું તે દિ' નહોતો લાવ્યો રતન? આપણે લઈ આવ જા. વેચી નાખજે તું સારો ઘરાક આવે તો. જ્યાં અંદર જોવે, ત્યાં ઉઘાડ્યો પટારો. અને હાથમાં જ્યાં લીધા... ઓહોહો..! આ તો કાકાને પણ ખબર લાગતી નથી. આ તો કાચના કટકા છે. આ રતન નથી. એ કાકાને ખબર નહિ. ઘરે જઈને નાખી દીધા ત્યાંથી. કાકા! તે દિ' હું લાવ્યો હતો, તમે કહેતા હતા લાવજે. પણ ભાઈ! તને તે દિ' કહું તો તું માન નહિ. તને ત્રાસ થાય. તને બેસે નહિ. ભાઈ! તને ત્રાસ થાય, તારી મા વિધવા, તારો બાપ જુદા રહેતા હતા. આપણે ભાગમાં એટલે મારે .. કેમ કહેવાય? કહો, મલૂકચંદભાઈ! તેં હવે પરીક્ષા કરીને જોયા કે આ તો ખોટા (છે). માટે હવે સાચું તારા માટે. કહો, ભગવાનભાઈ! એમ ને એમ કહે, ત્યાં સાંભળતા હોય ચાલીસ વર્ષથી અને તમારી આ શ્રદ્ધા ખોટી અને તમારું આ (ખોટું છે), બેસે ઝટ દઈને? એય..! ભગવાનભાઈ! તમે આ સામાયિક-બામાયિક કરો છો એ મિથ્યાત્વની છે, ખોટી છે. દાસ કહેતા હતા. દાસ કહેતા હતા. વેવાઈ છે ને આવે તો ઠીક. આવે, પ્રેમ બતાવે પણ પાછા ત્યાં જાય એટલે એ સાચું. (એમ) કરતા કરતા અહીં હવે સાંભળ્યું ત્યારે થયું કે ઓય.. માળું આ તો બધું ખોટું હતું આ. આહાહા..!

જ્યાં સુધી એનું જેને જ્ઞાન નથી એ ચીજનું (કે) જીવ કોને કહેવો? પુણ્ય-પાપના પરિણામ કોને કહેવા? અને સંવર નિર્જરાના શુદ્ધ પરિણામ કોને કહેવા? એની ખબર ન મળે જેને. સંસારના કારણરૂપ ભાવ શું છે? મોક્ષના કારણરૂપ ભાવ શું છે? સંસાર પોતે શું છે? અને મોક્ષ પોતે શું છે? સમજાણું કાંઈ?

કહે છે કે '**મોક્ષનું કારણ ખરેખર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.**' એમ પહેલી વ્યાખ્યા કરી. '**તેમાં સમ્યગ્દર્શન...**' એને કહેવું. એને સમ્યગ્દર્શન કહેવાય કે જે '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે...**' જુઓ! વિકલ્પ નહિ અહીંયાં. એના શ્રદ્ધાનસ્વભાવે '**જ્ઞાનનું થવું-પરિણમવું...**' આત્મા જ્ઞાનમૂર્તિ છે, એ ચૈતન્યબ્રહ્મ આત્મા છે. એના શ્રદ્ધાસ્વભાવે જ્ઞાનનું થવું, રાગનું થવું કે પુણ્યનું થવું એ નહિ. પુણ્યનું થવાના શ્રદ્ધાસ્વભાવે, પુણ્યના થવાના શ્રદ્ધાનસ્વભાવે, પાપના ભાવના શ્રદ્ધાનસ્વભાવે, એ પાપ-પુણ્ય આદિ જ્ઞાનમાં જણાણું.

સમજાણું? આ વસ્તુ જ્ઞાયકમૂર્તિ છે એમાં એ પુણ્ય-પાપના પરિણામ નથી. આ આનંદ છે, આ દુઃખ છે. એમાં એ નથી. એમ જે એ એના પદાર્થના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું તેને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણુ આમાં?

નવ તત્ત્વો રાગથી ભેદથી માને એ તો વિકલ્પ છે-રાગ છે. એમાં સમ્યગ્દર્શન કોને કહેવું એની વ્યાખ્યા છે. મોક્ષનું કારણ તો ત્રણ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી. હવે એનું પહેલું સમ્યગ્દર્શન કોને કહેવું? કે આત્મા જે જ્ઞાયકસ્વભાવ છે વસ્તુ, એના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું, અજીવ સ્વભાવ છે એ અજીવરૂપે જે છે એના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું અને પુણ્ય-પાપના પરિણામ છે એ વિકારી દુઃખરૂપ છે, એના શ્રદ્ધાસ્વભાવે જ્ઞાનનું થવું. આત્મા આનંદ સ્વભાવી છે અને પ્રગટ થાય સંવર-નિર્જરા એ આનંદરૂપ છે એવી દશાના શ્રદ્ધાસ્વભાવે પરિણમવું. અને પૂર્ણ આનંદ પ્રગટ થાય તે મોક્ષ છે. એવા પદાર્થના શ્રદ્ધાસ્વભાવે પરિણમવું, જ્ઞાનનું થવું, તેને સમ્યગ્દર્શન કહે છે. પ્રવિણભાઈ! ઝીણું બહુ ચાલ્યું. માથાકૂટ કરીને મરી ગયા બહારમાં. નમો અરિહંતાણં... રામ... રામ... રામ... કરો. રામ કરતાં કરતાં રામનું સ્મરણ લાગી જાય છે ને જાવ, સાક્ષાત્કાર થઈ જશે. ધૂળેય નહિ થાય, સાંભળને! મરી જઈશ એમાં ને એમાં બફમમાં.

આતમરામ ભગવાન એવો જે પ્રભુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું પૂર, એવો આત્મા, તેના તેના શ્રદ્ધાનસ્વભાવે. એટલે શ્રદ્ધારૂપ સ્વભાવે. એમ કીધું છે ને? પાછું રાગરૂપે, વિકલ્પરૂપે એમ નહિ. શ્રદ્ધાસ્વભાવે જ્ઞાનનું પરિણમવું એટલું. થવું કહો કે પરિણમવું એ તો એનો અર્થ છે. જ્ઞાન એટલે આત્મા જે જ્ઞાયકસ્વરૂપ છે એનું અંતર્મુખ થઈને, એનો જે સ્વભાવ આત્માનો છે, અજીવ-પુણ્ય-પાપનો છે, સંવર-નિર્જરા, મોક્ષનો, એવા સ્વભાવે, શ્રદ્ધાનસ્વભાવે એની શ્રદ્ધાના સ્વભાવરૂપે જ્ઞાનનું પરિણમવું '**તે છે;...**' સમ્યગ્દર્શન. હજી તો એની વ્યાખ્યા પણ શું સમ્યગ્દર્શનની એ ખબર ન હોય. કહો, સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવે છે. કહો. એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા થઈ. દેવ-ગુરુ-શાસ્ત્રને માને તો સમ્યગ્દર્શન એ બરાબર છે. ભાઈ! એ આપ્ત, આગમ આવ્યું છે ને? રત્નકરંડ શ્રાવકાચારમાં. એ આપ્ત, આગમ અને ધર્મ એનો જે સ્વભાવ. આપ્તનો સ્વભાવ, ધર્મનો સ્વભાવ, ગુરુનો જે સ્વભાવ એ સ્વભાવનું અંતર થવું એને સમ્યગ્દર્શન કહે. એ છે નિશ્ચય સમ્યગ્દર્શન. કારણ કે બીજી વ્યાખ્યા તો આમાં આવી જ નથી. કોઈ એકલો જ વ્યવહાર માને તો બીજી આવી નથી. પરમાત્મપ્રકાશમાં પણ લીધું છે. ૨૨૬ કે ૨૨૮ પાને.

જે દેવ છે એનું વાસ્તવિક આત્માનું સ્વરૂપ જાણે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. ગુરુનું પણ વાસ્તવિક સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ એવા જે ગુરુ. એનું વાસ્તવિક સ્વરૂપ

જાણે તો સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. એ શૈલી લીધી છે ત્યાં. સમજાણું? એટલે આપ્ત, આગમ આવે છે ને? ચાર બોલ નાખ્યા છે. એમાં વ્યવહાર નાખ્યો વળી. પણ આ એક નાખ્યું છે. દેવ-ગુરુનું આવે છે ને પાછળ નવમા અધ્યયનમાં? ત્યાં મૂક્યા છે પાના.

'અરિહંતનું મહાનપણું બહાર સ્થિતિએ માને છે. પણ જે જીવના વિશેષણો છે, તેને યથાવત ન જાણતાં એ વડે અર્હંતદેવનું મહાનપણું માત્ર આજ્ઞાનુસાર માને છે અથવા અન્યથા પણ માને છે. જો જીવના યથાવત વિશેષણો જાણે તો મિથ્યાદષ્ટિ રહે નહિ.' અરિહંતના હોં! અરિહંતના આત્માના. અરિહંતનો આત્મા જેમ કેવળજ્ઞાન પર્યાય પૂર્ણ પ્રગટી, એનું જે વિશેષણ, એનું વસ્તુનું સ્વરૂપ, એના વિશેષણો, યથાવત્ વિશેષણો જાણે તો મિથ્યાદષ્ટિ રહે નહિ. લ્યો, અરિહંતની શ્રદ્ધામાં એ આવ્યું અને ગુરુમાં આમ આવ્યું છે, જુઓ!

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ એ જ મુનિનું સાચું લક્ષણ છે. તેને ઓળખતો નથી. જો એ ઓળખાણ થાય તો તે મિથ્યાદષ્ટિ રહે જ નહિ.' સમજાણું કાંઈ? કારણ કે એનો જે સંવર-નિર્જરાનો સ્વભાવનો જે ભાવ, તેનો સ્વભાવ એ પ્રમાણે શ્રદ્ધા સ્વભાવમાં આવે તો મિથ્યાદષ્ટિ રહે નહિ. એમ અરિહંતનો જે મોક્ષ સ્વભાવ એને એ રીતે આવે શ્રદ્ધામાં તો મિથ્યાદષ્ટિ રહે નહિ. સમજાણું? અને પછી ભગવાનની વાણી ને એમ કહે છે ને? પણ કહે છે અહીંયાં તો 'અનેકાંત સ્વરૂપ સાચા જીવાદિ (તત્ત્વનું) નિરૂપણ છે. સાચો રત્નત્રય મોક્ષમાર્ગ દર્શાવ્યો છે. તેથી જૈનશાસનની ઉત્કૃષ્ટતા છે. તેને ઓળખતો નથી. જો એ ઓળાખાણ થાય, જે ઓળખાણ અનેકાંત આત્મા શુદ્ધ સ્વરૂપે છે, અશુદ્ધે નથી, સંવરની એક સમયની પર્યાયપણે છે, આખા દ્રવ્યપણે નથી. અજીવ અજીવપણે છે જીવસ્વભાવમાં નથી. જીવસ્વભાવપણે છે જીવમાં અજીવ સ્વભાવ નથી, એમ જો ઓળખાણ થાય તો તે મિથ્યાદષ્ટિ રહે નહિ. તે પ્રમાણે શાસ્ત્ર ભક્તિનું સ્વરૂપ કહ્યું.' લ્યો. એણે નાખ્યું છે, હોં! ઓલામાં એમ છે ને? પાછળ નવમાં આવે છે ને? (મોક્ષમાર્ગ પ્રકાશક) નવમા (અધિકારમાં) આવે છે ને? બધા દેવ-ગુરુનું નાખ્યું છે ને? હેઠે લખ્યું છે. એને મેળવ્યા છે ને જ્યાં? ત્યાં લખ્યું છે ક્યાંક. એ પાના લખ્યા હતા તે દિ'. એ અહીં. ૩૨૬ પાને.

એમ કહ્યું છે કે '**જેને તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તેને સાચા અરહંતાદિકના સ્વરૂપનું શ્રદ્ધાન અવશ્ય હોય જ. તત્ત્વાર્થશ્રદ્ધાન વિના અરહંતાદિકનું શ્રદ્ધાન પક્ષથી કરે તોપણ યથાવત્ સ્વરૂપની ઓળખાણ સહિત શ્રદ્ધાન થાય નહિ, તથા જેને સાચા અરહંતાદિકના સ્વરૂપનું....**' અર્હંત આદિ. દેવ-ગુરુ-શાસ્ત્ર. ૨૬-૨૭-૨૮ નાખ્યું. દેવ-ગુરુ-શાસ્ત્ર. '**અરહંતાદિકના સ્વરૂપનું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ. કારણ કે અર્હંતાદિના સ્વરૂપને ઓળખતા જીવ-અજીવ-આસ્રવાદિની ઓળખાણ થાય છે.**

**એ પ્રમાણે તેને પરસ્પર અવિનાભાવી જાણી કોઈ ઠેકાણે અર્હંતાદિના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે.**' બહુ મહેનત કરી છે. ખુલાસા બહુ કર્યા છે એમણે. ટોડરમલજીએ બહુ ખુલાસા કર્યા છે. એકે એક વાતને લક્ષમાં લીધી છે. પણ જે લખાણી છે એટલી. બાકી તો બાકી ઘણું રહ્યું એ જુદી વાત છે. તો પણ આ આવ્યું એટલું ઘણું આવ્યું છે. કહો, સમજાણું આમાં? હોલ તો ખુલ્લો થયો છે હવે ત્યાં. ફાગણ સુદ બીજ. એને બે મહિના થયા? કેટલા થયા? ત્રણ મહિના થયા. નહિ? આ બીજે ત્રણ મહિના થઈ ગયા. ફાગણ સુદ બીજનું ઉદ્‌ઘાટન હતું. પાંચ લાખનો હોલ. જયપુર. આ ફાગણ સુદ બીજનું. વરઘોડો હતો, પાંચ હાથી (હતા). બે પ્રસંગ જુદા. ઓલો ...નો જ્યારે પ્રસંગ થઈ ગયો ત્યારે તો ગામમાં વ્યાખ્યાન થયું. ત્યારે પાંચમ હતી. અઢાર હાથી અને વરઘોડો મોટો. આ તો બીજનું વ્યાખ્યાન. જ્યારે ઉદ્‌ઘાટન થયું, ભગવાનને પધરાવ્યા. ત્યાં ઓલા ગામમાં જ્યાં ટોડરમલજી વાંચતા હતા ને મંદિરમાં? જૂના મંદિર ઉપર સોનાના કળશ ચડાવ્યા. ત્રણે એક દિ'. ત્યાં વ્યાખ્યાન ચાલ્યું હતું ને તે દિ' ગામમાં. બહુ માણસ, દસ હજાર માણસ. પણ બિચારા સાધારણ માનતાને પ્રેમ ખરો બહુ. પણ એનો પાછો ઓલા ગયા કાળમાં સાંભળેલું હોય ને એની સાથે મેળવવું ભારે કઠણ. ઘણું સાંભળવાનું ઓલું મળે, હવે આ કો'ક દિ' મળે, સારું લાગે વાહ! વાત તો સાચી લાગે છે કાંઈક. પણ ટકે નહિ. અટકી જાય. બહુ માણસ હતું. મંદિરમાં છેક સુધી અને બેય બાજુ. બહુ માણસ. લોકો કહે, જુઓ! મેં કીધું હોય ને. ગામમાં તો ત્યાં ૧૪૪ની કલમ હતી એટલે ન આવી શક્યા. તો અહીં તો આવે જ ને હવે. બીજને દિ', હોં! પાછી કલમ ખરી ઓલી કોર. પણ અહીં ગામમાં નહોતો વાંધો. આપણે એટલું થઈ રહ્યું. ધર્મને માટે ભેગા થવામાં વાંધો નહોતો. પછી બીજે દિવસે ત્રીજ, ચોથ, પાંચમ.

જુઓ! આ વ્યાખ્યા છે, ભાઈ! એ સમ્યગ્દર્શનનું આ સ્વરૂપ છે જૈનશાસનમાં-વીતરાગમાર્ગમાં. એ સિવાય બીજે ક્યાંય હોતું નથી. પરમેશ્વર સર્વજ્ઞ વિના ક્યાંય દર્શન સમ્યક્ અને ક્યાંય ધર્મ-બર્મ ત્રણ કાળમાં ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ જૈનશાસનમાં સમ્યગ્દર્શનની આ વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પહેલી ક્રિયા એ. ઓધવલાલજી! આ ધર્મની પહેલી ક્રિયા.

હવે જ્ઞાન કોને કહેવું? કે જે મોક્ષના કારણ તરીકે ખરેખર જ્ઞાન છે એ ખરેખર જ્ઞાન કોને કહેવું? મોક્ષના કારણ તરીકે ખરેખર સમ્યગ્દર્શન છે એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા કીધી. હવે મોક્ષના કારણ તરીકે ખરેખર જ્ઞાન જે છે એ જ્ઞાન કોને કહેવું? આહાહા..! '**જીવાદિ**

**પદાર્થોના જ્ઞાનસ્વભાવે...**' જોયું! ઓલું શ્રદ્ધાનસ્વભાવે હતું. સમ્યગ્દર્શન હતું ને? (એટલે) શ્રદ્ધાનસ્વભાવે. '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે...**' સાત પદાર્થ. જીવ સ્વભાવનું જ્ઞાનસ્વભાવે, અજીવનું અજીવસ્વભાવે જ્ઞાન, હોં! જ્ઞાનસ્વભાવ એનું જ્ઞાન થવું. જ્ઞાન થવું. જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે. ઓલું શ્રદ્ધાનસ્વભાવ સમ્યગ્દર્શન હતું ને? '**જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-**' ઓલા '**જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું થવું...**' એમ. અહીં જીવાદિ જે જીવ આખો જ્ઞાયકભાવ છે, પુણ્ય-પાપના ભાવ વિકારરૂપ દુઃખરૂપ છે, અજીવ વસ્તુ સ્વભાવ છે, આમાં નથી. એવી રીતે '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું- પરિણમવું તે જ્ઞાન છે;...**' કહો, આમાં કેટલું ભણ્યો એમ નથી આવ્યું ક્યાંય આમાં.

મુમુક્ષુ :- પંચેન્દ્રિય તો આવ્યું.

ઉત્તર :- પંચેન્દ્રિય નહિ. ભણ્યો શાસ્ત્ર કેટલું એનું જ્ઞાન પણ નહિ. પંચેન્દ્રિય તો ક્યાંય રહી ગઈ ધૂળમાં. મન દ્વારા વિકલ્પથી જ્ઞાન (થાય) એ જ્ઞાન નહિ.

અહીં તો '**જીવાદિ પદાર્થોના...**' શ્રદ્ધાનસ્વભાવે સમકિત હતું જ્ઞાનનું થવું. આ જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું પરિણમવું. કહો, સમજાણું આમાં? તે જ્ઞાન છે. એને જ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞાનની વ્યાખ્યા. મોક્ષના કારણ તરીકે ખરેખર જ્ઞાન. એ જ્ઞાન શું? '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-...**' જ્ઞાન સ્વભાવે જ્ઞાનનું પરિણમવું એટલે આત્માનું પરિણમવું. કહો, સમજાણું આ? ગાથા ભાઈ! બહુ સરસ ઊંચી છે આ. આહાહા..!

પરમાર્થ મોક્ષનું કારણ. ખરેખર મોક્ષનું કારણ એમ પછી આવ્યું ને. એ જ્ઞાન. આટલું શાસ્ત્રનું ભણ્યો હોય તો એ જ્ઞાનનું પરિણમવું એને જ્ઞાન કહેવું એમ નથી કહ્યું. એમ નથી કહ્યું ને એમ હોતું નથી. નથી કહ્યું એટલે હોય તો કહે ને? ભઈ, અગિયાર અંગ ભણ્યો હોય, બાર અંગ ભણ્યો હોય, જીવના ઘણા પ્રકાર ભણ્યો હોય, ૫૬૩, ૫૬૦ ને.. આ પ્રકાર ને ફલાણું. તો એનું એ જાણપણું તેને જ્ઞાન કહેવું એમ કહ્યું નથી. એટલે એમ હોઈ શકતું નથી. કહો, જગજીવનભાઈ! આહાહા..!

ભગવાન આત્મા, એને જીવાદિ-જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એનું જ્ઞાન. એનું જ્ઞાન. ઓલું શ્રદ્ધા હતું. એના જ્ઞાનસ્વભાવે પરિણમવું. સમજાય છે? જ્ઞાનનું થવું. વિકલ્પ નહિ. શાસ્ત્ર ભણવાનો વિકલ્પ નહિ અને એ કંઈ નહિ. આહાહા..! સમજાણું? ભાઈ! આને અગિયાર અંગનું જ્ઞાન હોય, નવ પૂર્વનું હોય... સમજાય છે ને? કે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું હોય, લ્યોને. થોડામાં થોડુંક હોય છે ને. એમ કીધું છે કે નહિ? એમ નથી કીધું અહીં.

અહીં તો જીવાદિ-જીવ-અજીવ આદિ પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ, એનો જે સ્વભાવ

તેના જ્ઞાનસ્વભાવે, તેના જ્ઞાનસ્વભાવે. તેનું જે જ્ઞાન એના સ્વભાવે આત્માના જ્ઞાનનું પરિણમવું એને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, આ પ્રશ્નોત્તર કરતા આવડે અને ઓલા પ્રશ્નોત્તર દેતા ન આવડે તો જ્ઞાન નથી એમ નહિ. એ જ્ઞાનની વ્યાખ્યા જ છે જ નહિ એમ કહે છે. એય..! મોહનભાઈ! આહાહા..!

આત્મા જે સ્વભાવે છે તેના જ્ઞાનસ્વભાવે. અજીવ જે સ્વભાવે છે તેના જ્ઞાનસ્વભાવે, પુણ્ય-પાપ જે રીતે છે તેના જ્ઞાનસ્વભાવે, સંવર-નિર્જરા મોક્ષાદિ. તેના જ્ઞાનસ્વભાવે, તેના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું, આત્માનું પરિણમવું તેને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, આ તો હળવે હળવે લેવાય છે. કાંઈ બહુ ઉતાવળ થાતી નથી કે આ બધું બહુ ઝીણું પડે અને અમને પકડાય નહિ. હળવે હળવે વિચાર કરવાનો વખત રહે છે કે નહિ? આ ટાણે નહિ કરે તો એ કરશે કે દિ'? આહાહા..! ઘડીકમાં વયા જાય જુઓને માણસ બિચારા. આહાહા..! ઓલો અઢાર વર્ષનો છોકરો નથી આવતો? એ મરી ગયો કહે છે. અહીંયાં રસોડામાં હતો. બે દિ' પહેલા લઈ ગયા હતા. મરી ગયો ત્યાં જઈને. ભાવનગર જઈને. કહો, ઓહોહો..! કઈ આશા હશે? .. લૂગડા નવા, કો'કના લગનમાં જાતો હશે. લગનમાં જાતા પણ મરી જતા હશે? એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- લગનમાં જતાં શું લગ્નમાં ફેરા ફરતા હોય ને મરી જાય.

ઉત્તર :- ફેરા ફરતા હોય ત્યાં .. ત્રીજો ફેરો ફર્યો, ગયો ફેરો ચોર્યાશીનો.

આ હમણાં પરણ્યોને આ ચેતન? ત્યાં. પરણ્યા પછી આ ગાયું એણે. 'ચેતનજી ચેત્યા વિના કેમ ચાલશે?' વહુને કહે ને? ... વિના કેમ ચાલશે? એમ કહે ને? આ આ બોલ્યો પરણીને તરત. 'હે ચેતનજી ચેત્યા વિના કેમ ચાલશે રે,...' એય..! આહાહા..! ઓલામાં ચેતન વિના. એ કાંઈક બીજા શબ્દો બોલ્યા હતા નહિ? બે-ત્રણ. એ ચેતનભાઈ, ચેતનજી એમ કાંઈ ઘણું બોલતો હતો. અમથું બોલતો હતો. લગન થઈને ઓલા બધા વાટ જોતા હતા કે આ પરણશે કે નહિ? શું કહેવાય? ચોરી. બરાબર થયું, પરણવા ગયો, ઓલામાં ગયો. પછી સૌ બેઠા અને બોલ્યો આ. આના વિના કેમ ચાલશે રે? કન્યાને કહે ને તારા બાપ વિના કેમ ચાલશે? તારી મા વિના કેમ ચાલશે? હવે જાશે ઘરે. આ કહે, ચેત્યા વિના કેમ ચાલશે? સાંભળને હવે. એ તો લાકડા ગરી ગયા મોટા. આહાહા..! 'દાદુ દુનિયા બાવરી, ખોટા કરે ગલ, ગાડે બેસાડીને હેલ લાવ્યા ને જીત્યા ટોડરમલ.' દાદુભાઈ થઈ ગયા એક. 'દાદુ દુનિયા બાવરી, ખોટા કરે ગલ,...' ખોટાના મજા કરે છે. 'ગાડે બેસાડીને લાવ્યો હેલ.' લાવ્યોને કન્યા? કન્યા નથી સમજતા? આ લગન કર્યા ને એ. ગાડે બેસાડીને. ગાડું સમજો છો કો નહિ? ગાડા નથી સમજતા? બૈલગાડીમાં લાવે છે ને. ગાડે બેસાડીને હેલ લાવ્યો.

આ કેદમાં પડ્યો. એય..! હવે આમ કરવું પડશે... તમારે આમ કરવું પડશે... તમારે આમ કરવું પડશે... મારી નાખ્યા. અને 'જીત્યા ટોડરમલ'. જાણે કે બાયડી પરણ્યા એટલે જાણે ટોડરમલ જીત્યા. એય..! અરૂણ. એ બધા તમારા હાલ એવા ને એવા થવાના છે, હોં! લક્કડના લાડુ છે એ. આ લાકડાના લાડવા હોય ને સરખાયના ચુરમાના એવા કરેલા. મહુવામાં બહુ કરે છે, મહુવામાં નહિ? મહુવામાં શેરડી ને.. એ એવું નથી કરતા? એ આબેહુબ દેખાય, ખવાય નહિ. દ્રાક્ષ કરે છે, નહિ? દ્રાક્ષ ને શેરડી ને ઓલી કેરીયું ને. આમ દેખાય એવા. બધું તરબુચ કરે. ફર્સ્ટક્લાસ આમ જોઈએ તો. લાકડાના. ખાય ત્યારે દાંત ભાંગે. ન ખાય તો કહે કેવા હશે? અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ..પેટ ભરાઈ ગયું.

ઉત્તર :- પેટ ભરાઈ ગયું. એમ આ જગતના વિષય-વાસનાના ભોગો જાણે ન ભોગવે ત્યાં સુધી જાણે કે આહાહા..! કેવું હશે? જાય તો, ઓય.! આ તો રાગના ચૂંથણા. મારી નાખ્યા આ તો. આહાહા..! એવો વિકલ્પ જ્ઞાનીને હોય છતાં તેના સ્વભાવનું ભાન કરીને જ્ઞાનસ્વભાવે પરિણમવું એનું નામ જ્ઞાન છે. સમજાણું કાંઈ? હોય, હોય તો છે ને તત્ત્વ છે ને નવ? જે સ્થાનમાં જ્યાં હોય તે પ્રકારે (જાણે).

ભગવાન આત્મા '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે જ્ઞાન છે;...**' તે જ્ઞાન છે. આહાહા..! વ્યાખ્યા તે પણ વ્યાખ્યા! કહો, ચીમનભાઈ! કેટલું બોલતા આવડે. બોલતા બહુ આવડે ત્યાં. જ્યાં હોય ત્યાં આમ પૈસા આવ્યા, આ પૈસા (ગયા), એ જ્ઞાન નહિ એમ કહે છે અહીં તો. એને બેસાડો, કહે. ક્યાં ક્યાક નહિ? હવે આવ્યા ચીમનભાઈ એને બોલાવો. શું ક્યા હતું? બોટાદ. હા, સાચી વાત. બોટાદ. ઓલો બોલતો હતો ને? કામદાર. ના, કામદાર નહિ, ગાંધી. ગાંધી કાંતિલાલ બોલતો હશે, એને કાંઈ કોઈ ટેવ નહિ બિચારાને. બધાએ સોંપેલું એ. ગાંધી કુટુંબમાં.. આ આવ્યા. તો કહે, આ લ્યો મારે માથે બોજો ગયો. એને જાણપણું એ જાતનું બોલવાનું. એ જ્ઞાન હશે કે નહિ? આહાહા..! '**જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું થવું-**' જીવાદિ પદાર્થોના શ્રદ્ધાનસ્વભાવે જ્ઞાનનું પરિણમવું. જ્ઞાનનું કહીને શું કહે છે? રાગપણે ન પરિણમવું. એમ. રાગપણે ન થવું. એમ.

હવે ચારિત્ર. ચારિત્ર કોને કહેવું? જે ચારિત્ર ખરેખર મોક્ષનું કારણ છે. જે ચારિત્ર ખરેખર પરમાત્મા કેવળજ્ઞાની ત્રિલોકનાથે મોક્ષનું કારણ જોયું છે.

મુમુક્ષુ :- બન્નેમાં ખરેખર લગાડો છો.

ઉત્તર :- બેય પરમાર્થ છે ને. માથે પરમાર્થ છે અને અંદર ખરેખર છે. '**किल**' છે ને '**किल**'? '**किल**'. '**किल**' '**मोक्षहेतुः किल**' '**किल**' કહો કે ખરેખર કહો. '**किल**'

શબ્દ પડ્યો છે, જુઓ સંસ્કૃતમાં. '**मोक्षहेतुः किल सम्यग्दर्शनज्ञानचारित्राणी।**' '**एसो दु**' છે ને? '**चरणं एसो दु मोक्खपहो॥**' આહાહા..! ભગવાન! તારા રાહ તો અંતરમાં હોય છે. વસ્તુ આખી શુદ્ધ ચૈતન્ય એના ઉપર જ્ઞાનનું પરિણમવું, વસ્તુનો સ્વભાવ છે તે રીતે તેના જ્ઞાનસ્વભાવે થવું તે જ્ઞાન (છે).

હવે ચારિત્ર કોને કહે છે? '**રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું...**' ઠીક! જુઓ! ત્રીજો બોલ ફર્યો. પુણ્યનો વિકલ્પ જે ઉઠે રાગાદિ દયા, દાન, વ્રત, એવા રાગ-દ્વેષાદિના ત્યાગસ્વભાવે-અભાવસ્વભાવે જ્ઞાનનું થવું. આહાહા..! ભગવાન આત્મા રાગનો વિકલ્પ જે શુભ-અશુભ, પુણ્ય-પાપનો અધિકાર છે ને આ? એટલે પુણ્યના વિકલ્પરૂપ રાગ, એના ત્યાગસ્વભાવે. એટલે અભાવસ્વભાવે. સમજાણું? શુભરાગ-અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિનો રાગ એ રાગના અભાવસ્વભાવે જ્ઞાનનું પરિણમવું, આત્માના જ્ઞાનનું થવું તે ચારિત્ર છે. જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા. કહો, આમાં પંચ મહાવ્રતના પરિણામ તે ચારિત્ર છે એમ ન આવ્યું. માંગીરામજી! અઠ્યાવીશ મૂળગુણ પાળે પંચ મહાવ્રત એ ચારિત્ર નથી. એ તો વિકલ્પ છે, વૃત્તિ ઉઠે છે, રાગ છે. એ રાગના અભાવસ્વભાવે, વિકલ્પના ત્યાગસ્વભાવે. એટલે એનો ત્યાગ થયો એટલે અભાવ. એ સ્વભાવે જ્ઞાનનું પરિણમવું, શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાનનું થવું હતું એમાં શુદ્ધ સ્વભાવ ઉપર રાગના અભાવસ્વભાવરૂપ ચારિત્રનું પરિણમવું થાય જ્ઞાનનું, એમાં વિકલ્પ ન આવે. નિર્વિકલ્પ જ્ઞાનનું જ્ઞાનરૂપે ઠરીને પરિણમવું તે ચારિત્ર છે. તે ચારિત્ર છે. એ સિવાય ચારિત્ર બીજું હોતું નથી. કહો, સમજાણું આમાં? જુઓ! આ ચારિત્રની વ્યાખ્યા.

મુમુક્ષુ :- સવારે બીજી આવી હતી.

ઉત્તર :- સવારે એ જ હતી. પણ જરી વ્યવહારથી વાત આવે. નિશ્ચયમાં તો એ જ ચારિત્ર છે. વ્યવહારમાં એમ કહેવાય કે પંચ મહાવ્રતમાં લાગેલો છે, બહારથી લાગેલો છે. એમાં ... એમ લાગ્યો છે નિશ્ચયમાં. સમજાણું કાંઈ? એ ભૂમિકા પ્રમાણમાં એને વિકલ્પ હોય છે એટલે વ્યવહારથી એને કથંચિત્ ચારિત્ર કહેવાય છે. ખરું ચારિત્ર નહિ. ખરું ચારિત્ર તો આ છે. જેટલા સ્વભાવમાં રાગના અભાવસ્વભાવરૂપ શુદ્ધ દર્શન-જ્ઞાન સહિતમાં આત્માનું એટલે જ્ઞાનનું, જ્ઞાનસ્વરૂપનું સ્થિરતારૂપ પરિણમવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. જુઓને! તે તે શબ્દ વપરાય છે ને બધે? '**પરિણમવું તે છે;...**' સમ્યગ્દર્શન. '**પરિણમવું તે જ્ઞાન છે;...**' અને આ રીતે '**પરિણમવું તે ચારિત્ર છે.**' લ્યો.

વીતરાગ માર્ગમાં સાચા જ્ઞાન-દર્શન અને ચારિત્ર આને કહેવામાં આવે છે. ત્રિલોકનાથ પરમેશ્વરની ઉપસ્થિતિમાં ભગવાને આમ કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ? ઇન્દ્રો અને ગણધરોની

ઉપસ્થિતિમાં ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. જ્યાં છ ખંડના ધણી ચક્રવર્તી બેઠા હોય છે સભામાં. આમ દક્ષિણના સ્વામી અર્ધ અને ઉત્તરના ઈન્દ્રો જ્યાં ઉભા હોય. ઓહોહો..! સિંહ. સિંહ-સિંહ. જંગલના સિંહ સેંકડો આવીને બેઠા હોય સભામાં. ભગવાનની સભામાં, હોં! પરમેશ્વર અત્યારે બિરાજે છે. સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં. તીર્થંકરદેવ ત્રિલોકનાથની ઉપસ્થિતિ હાજરી બિરાજમાન છે. ત્યાં આવી રીતે ઈન્દ્રો જ્યારે જાય છે... ભગવાનની દિવ્યધ્વનિમાં એમ આવ્યું હતું. ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં-ધ્વનિમાં એમ આવ્યું.

ભાઈ! જીવાદિના શ્રદ્ધાન સ્વભાવે આત્માનું પરિણમવું તે સમ્યગ્દર્શન છે. છે પર્યાય. પરિણમવું છે ને? ત્રિકાળી વસ્તુની વાત નથી આ. પર્યાયની વાત છે ને. જુઓ! આમાં કેટલાક કહે છે, સમ્યગ્દર્શન એ ગુણ છે. અરે..! પણ તને ભાન ન મળે. આ તો જ્ઞાનનું પરિણમવું તે શ્રદ્ધા, જ્ઞાનનું પરિણમવું તે જ્ઞાન. એ પર્યાય છે એની વર્તમાન. આહાહા..! સમજાણું? આહાહા..! એ દૃષ્ટિના ભાનવાળા ગણધરો, સંતો જ્યારે આ વાણી સાંભળતા હશે. આહાહા..! પોતાના ભાવને પ્રગટ કરે છે. પેઢી ધમધોકાર ધુરંધર. શું આવ્યું છે એય તમારે? શું આવ્યું છે? ધોરી ધર્મ ધરુંધરા. ધર્મ ધુરંધર આવ્યું છે? ધુરંધર આવ્યું છે? ... ધોરી ધર્મ પ્રવર્તકા. ભગવાન આમ ત્રિકાળ .. છે. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. વર્તમાન બિરાજે છે. એમની સભામાં મોટા આભના થોભ જેવા ઈન્દ્રો અને રાજાઓ, ચક્રવર્તીઓ સાંભળે છે. આહાહા..! એ આઠ વર્ષની બાલિકાને પણ એમ કહે છે અને તિર્યંચને એમ કહે છે. એમ થયું ને ભાઈ આમાં? બધાને એમ કહેતા હશે ભગવાન?

ભાઈ! આહાહા..! તારો આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એ આવા તત્ત્વોના પદાર્થોના શ્રદ્ધાસ્વભાવે, જીવનું-જ્ઞાનનું થવું તેને સમ્યગ્દર્શન કહે છે. જીવાદિ શ્રદ્ધા, જીવાદિ પદાર્થો, એમાં એના જ્ઞાનસ્વભાવે પરિણમવું જ્ઞાનનું તેને જ્ઞાન કહે છે. આહાહા..! અહંકાર ઊડી જાય ફડાક દઈને. ભણ્યા હતા અગિયાર અંગ ને. અને રાગાદિના અભાવસ્વભાવ સ્વરૂપ. ત્યાગસ્વરૂપ એનો અર્થ એ ત્યાં આગળ. વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિનો છે એના અભાવસ્વભાવરૂપ જ્ઞાનનું પરિણમવું તે ચારિત્ર છે. તે ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એ ચારિત્રના ધરનારા ચારિત્રવાન.. આહાહા..! એને સાચા ચારિત્રવંત કહે છે. આહાહા..! આ તો હજી દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહેવા, વ્યવહાર કોને કહેવા એની સરખાઈ ન મળે. નિશ્ચયની તો એક કોર વાત રહી ગઈ. આહાહા..! કહો, ત્રણ વ્યાખ્યા થઈ.

'**તેથી એ રીતે એમ ફલિત થયું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એકલું જ્ઞાનનું ભવન...**' જોયું! ઓલું જ્ઞાન-જ્ઞાન કહ્યું હતું ને? સમ્યગ્દર્શન-જ્ઞાન એ ત્રણેય એકલું જ્ઞાનનું ભવન છે. એકલું જ્ઞાન એટલે જ્ઞાનસ્વભાવનું થવું છે. એમાં ક્યાંય રાગનું થવું છે

નહિ, એમ કહેવું છે. '**એકલું જ્ઞાનનું ભવન (-પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.**' આહાહા..! એનો સરવાળો લઈને ફળ લાવ્યા. આહાહા..! લ્યો, વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

હું પરમાત્મા છું એમ નક્કી કર.
હું પરમાત્મા છું એમ નિર્ણય કર.
હું પરમાત્મા છું એમ અનુભવ કર.